ખુબસુરત મક્કાર!

(એક વાર્તા.)

લખનાર,

ડોશાભાઈ ફરાંમજી લંગરાના

'રશીક'　　　　મુંબઇ.

પ્રગટ કરનાર,

એરવદ દોરાબ રૂ. જા. દસ્તુર મેહેરજી રાણા.

મુંબઇ.

આ પુસ્તક અમદાવાદ મધે સલાપોસરોડ ઉપર ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે એરવદ દોરાબ રૂ. જા. દસ્તુર મેહેરજી રાણા માટે છાપ્યું છે અને ના. ૫૦-૬૨ કંટ્રાકટર બીલ્ડીંગ_કારવાર સ્ટ્રીટ, ફ્રીયરરોડ કોટ મુંબઇ મધે એરવદ દોરાબ રૂ. જા. દસ્તુરે પ્રગટ કીધું છે.

મુંબઇ.

આવૃત્તિ ૧ લી　　　પ્રત ૧૨૫૦

૧૯૧૬.

કિં. રૂ. ૨-૦-૦

બેહસ્તનશીન

દાતાર શેઠજી બેહેરામજી નસરવાનજી શીરવાઇ જે. પી.

જેવણે રૂ. ૨ લાખની જુદી જુદી સખાવતો કીધાથી
ગાયકવાડ સરકાર તરફથી
'દાતાર મંડળ' ના
સોનાના ચાંદનું માન, અને પોશાકનું બહુ માન મેળવ્યું છે;
જેવણે મુંબઇ કારપોરેશનના જુના મેમ્બર લેખે; તથા
બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વેના કૉન્ટ્રાકટર હોઇ
ફર્સ્ટ કલાસની "સીલ્વર પાસ" ધરાવવાનું
અનુપમ માન મેળવનાર લેખે,
પારસી કોમમાં કીર્તિ કરી છે;
અને
નવસારીમાં "શીરવાઇ પાર્ક" ના સ્થાપક તરીકે;
જુદાં જુદાં શહેરોમાં અનેક ધર્મખાતાંઓ સ્થાપનાર તરીકે;
તથા એક આગેવાન ધર્મી શેઠિયા તરીકે;
પોતાનું અમર નામ જીવતી જીંદગીમાં મેળવી,
બેહેસ્ત મુકામી થવા બાદ

બાઇ સાહેબ ડોસીબાઇ આદરજી કોટવાલની

સખાવતથી

નવસારીની ધી ર. ફ. ઠાણુ પારસી જેનરલ ઑસ્પીટલ,

જેને માટેજ 'ફીરદોસ' પોતાનો પ્રકાશ પાથરે છે,
તે ઑસ્પીટલ સારૂ "શીરવાઈ બીલ્ડીંગ" બંધાવા પામે છે;
એવા એક પરોપકારી નરની ગંભીર યાદમાં
આ પુસ્તક અર્પણ કરૂં છું.

મરહુમ દાતાર શેઠ બેહરામજી નશરવાનજી શીરવાઇ,, જે.પી.



જન્મ—તા૦ ૨૪-૬-૧૮૨૪ ઇ.સ. મરણ—તા૦ ૨૬-૫-૧૯૧૪ ઇ.સ.

રોજ ૨૫-૯-૧૧૯૩ ય.જ. રોજ ૧૭-૯-૧૨૮૩ ય.જ.

પ્રસ્તાવના.

હું ધારૂં છું અને ઘણા ખરા બધા વાર્તા લખનારા સાહેબો મારાં મત સાથે મળતા થશે કે એક વાર્તા લખનાર માટે તેની વાર્તાને બંધબેસ્તું નામ આપવાની મુઝવણ ઘણી મોટી રહે છે. બીજી મારી વાર્તાઓનાં બાબમાં તેમ બન્યું હોય, મગર, મારી આ વાર્તાના સંબંધમાં ઉપલાં નામની સુચના થતાં કશી વાર લાગી નથી, અને એનું શું નામ આપવું એવો વિચાર કરતાંજ મારાં મોંહોમાંથી આ બે શબ્દો નીકળી પડતાંજ તે મને તદ્દન અનુકુલ લાગવાથી તે પસંદ કરવા મને ઝાઝો વિચાર કરવો પડયો નથી. સુભાગ્યે આ બે શબ્દોમાં મારી આ વાર્તાની તમામ મતલબ સમાઇ જાય છે અને એ બે શબ્દોની ભેગી મદદથી બનેલું મારી આ વાર્તાનું નામ પોતેજ એવું અર્થસૂચક છે કે મારી આ વાર્તામાં સમાયલી બાબદ માટે હંમેશ મુજબ લંબાણથી બોલવામાંથી હું અને તે વાંચવાના કંટાળામાંથી મારાં સુગ્ન વાંચનારાંઓ બચી જવા પામ્યાં છે. આ એક ઘણું જોરાવર ઇગ્રેજી સંસારી ચિત્ર છે અને મેં તે મારીથી બની શકતી ઇબારતમાં એમનું એમજ રજુ કીધું છે. તે વાંચ્યા પછી કાંઇક પરિક્ષકો કદાચ એમબી માને કે એ પ્લોટ ઉપર એકાદ પારસી સંસારી વાર્તા સારી રીતે રચાતે અને એ વાર્તા હાથમાં લીધા અગાઉ મારો પણ એવો કાંઇક વિચાર હતો, મગર તેમ કરવાને મારૂં દીલ લલચાયું નથી જેને માટે આજે મારે ખુશી થઇ સંતોષ લેવો કે દીલગીર થઇ પસ્તાવું તેનો નિર્ણય કરવાનું મારાં વાંચનારાંઓને હાથ સોંપું છું.

મારી આ વાર્તાના સંબંધમાં મારે માટે જે એક ખુશી થવા

જોગ બનાવ છે તે એ કે એ વાર્તાનું આ પુસ્તક એક અતી શુભ ખાતાંના ટેકામાં બહાર પડતાં ચોપાન્યાં ' ફિરદોસ 'ને વધુ પગભર બનાવવાના ઇરાદાથી પ્રગટ કરવામાં આવે છે, અને તેથીજ મારી એ વાર્તાનો એ રીતે ઉપયોગ કરવાની તેના પ્રગટ કરનારને મારી પરવાનગી આપતી વખતે મેં કશું બાકુતી તત્વ ધ્યાનમાં રાખ્યું નથી.

આ તકે આ મારી ચોપડીના પ્રગટ કરનાર ભાઇ દોરાબજી રૂસ્તમજી દસ્તુરને માટે બે બોલ લખવાની મને લાલચ થાય છે, અગર જે લાગણીથી મેં તેમને જ્યાં મારે માટે બે બોલ લખતાં અટકાવ્યા છે તેજ લાગણીને આધીન થઇ હું તેમને માટે પણ ' કાંઇક ' લખતાં અટક્યો છું.

સેવટે, હું માત્ર એટલુંજ ચાહીને રૂખસદ લઇશ કે જે ઉમેદથી એ ગરીબ અથોરનાનજાદાએ આ પુસ્તક પ્રગટ કરવાનો ખર્ચ માથે ઉઠાવ્યો છે તે તેવણની ઉમેદ સફલ થાય અને એ પ્રગટ કરી ' ફિરદોસ 'નાં સંબંધમાં જે તેવણે આશા રાખી છે તે પાર પડશે તો એક શુભ કામમાં મને મારો એકાદ તનાપુર ફાળો આપેલો સમજી મને સંતોષ હાંસલ થશે.

સ્ટેટ ડાક બંગલો કોટાહ સ્ટેટ. તા. ૬-૧૨-૧૫.	લી. સેવક. ' રફીક '

ખુલાસાના બે બોલ.

મી. 'રફીક'ની જાણીતી કલમથી લખાયલી આ વાર્તા મારાં 'ફિરદોસ'નાં ગ્રાહકોની સેવામાં ભેટ તરીકે રજુ કરતાં મને ખુશાલી ઉપજે છે.

જ્યારે એક પુસ્તક પ્રગટ કરવામાં આવે છે ત્યારે તેનો કર્તા અને પ્રગટ કરનાર જો જુદા જુદા હોય છે તો તે પુસ્તકના કર્તાની ઓળખ પોતાનાં વાંચનારાંઓ સાથ કરાવવાની ફરજ તેના પ્રગટ કરનારને માથે આવી પડે છે અને તેવી ફરજ આજે મારે માથે આવી પડી છે; પણ આવી ફરજ બજાવવામાં ઘણાઓ જ્યારે મોટાઇ અને મોજ સમજે છે ત્યારે મારા જેવા બીજાઓને તે એક ગુંચવાડા ભર્યું કુખ્યાણું થઇ પડે છે.

જે દિવસથી 'ફિરદોસ' માસીક મેં હાથમાં લીધું છે તે દિવસથી મેં નિયમ રાખ્યો છે કે તે માસીકમાં તેને પોતાને માટે, મારે પોતાને માટે, કે તેનાં લખનારાંઓને માટે બનતાં સુધી મારે કાંઇ પણ બોલવું નહીં; અને તેજ નિયમ અનુસાર હું ચાલતો આવ્યો છું. મારાં વાંચનારાંઓએ વારંવાર જોયું હશે કે જાહેર પત્રોમાં, માસીકોમાં અને ચોપડીઓમાં 'અમો એમ કરીશું અને અમો તેમ કરીશું' એવાં મોટાં મોટાં વાંચનારાંઓને લલચાવનારાં બાકાં ફુંકવામાં આવે છે પણ પરીણામમાં તો અંતે મોટું જેવું ૦ હોય છે! અને તેથી મોટે મોઢે બોલીને નહીં પણ મુંગે મોઢે ખરેખર કાંઇ બજાવીને દેખાડવાનો મેં નિયમ અખત્યાર કીધો છે. અને જ્યાં આવોજ નિયમ અખત્યાર કરવામાં આવ્યો હોય ત્યાં પોતાના લખ-

નાર ,સાથ પોતાનાં વાંચનારાંઓને ઓળખાંણુ કરાવાનું ગુંચવાડા ભર્યું થઇ પડે તેમાં કાંઇ નવાઇ છે ?

વધારે તો એટલા માટે કે આજનાં વખતમાં વાર્તાની ચોપડીઓ પ્રગટ કરવાવાળાઓ પોતાનાં સ્વાર્થને ખાતર—પોતાનાં લખનારને પંપાલવાને ખાતર—તે લખનારને એટલો તો સાતમે આસમાને ચઢાવે છે કે જાણે આખી પારસી કોમમાંજ નહીં પણ આખા હિન્દમાં પણ તેના જેવો બીજો કોઇ લખનાર હોયજ નહીંની ! પણ આજનો વાંચક વર્ગ અજાડી નથી એટલે એ બધું શું છે તે તે સમજી જઇ માત્ર મુછમાં હસીને બેસી રહે છે.

પોતાનાં વાંચનારાંઓ સાથ તે પુસ્તકનાં કર્તાની ઓળખાણુ કરાવવાની તેનાં પ્રગટ કરનારની અલબતાં ફરજ છે પણ તે ફરજ ઘટતી હદમાં રહીને બજાવવાની છે. તેવી ફરજ બજાવતાં તેવા જાણીતા લખનારાઓની ઘટતી હદમાં રહીને તારીફ કરી તેની કદર બુઝવામાં આવે તો તેમાં કાંઇ પણ ખોટું નથી; પણ હાલમાં કેટલેક ઠેકાણે તેવા લખનારાઓ માટે જે અતેરૂં થાય છે તે જેમ તે પુસ્તકનાં પ્રગટ કરનારને તેમ તેનાં કર્તાને બંનેને શોભા આપનારૂં હોતું નથી. આજનો ચંચલ વાંચક વર્ગ આવાં અતેરાંની કીંમત બરાબર પીછાણે છે, અને તેથી કેટલીક વખત તો ગરીબ બીચારો કર્તા સામો જાહેરમાં લોકોની ઠીઠીઠાઠા અને મશ્કેરીમાં આવી પડે છે !

આ વાર્તા—**ખુબસુરત મક્કાર !**—નાં લેખક મી. "રશીક"ની કલમ આજ વર્ષોથી..............(મારાં આ લખાણુની કોપી ભાઇ 'રશીક' આગળ તે છાપવાની તેમની પરવાનગી લેવાની મારી ફરજ સમજી મુકતાં તેવણું મારે તદન ઘટતી હદમાં રહીને કીધેલો ઇસારો વકીલ, મારી ગમે એટલી સમજાવટ અને આજીજી છતાં, છેકી નાંખ્યો છે માટે લાચાર છેઉં.)

આ પુસ્તક–ખુબસુરત મક્કાર !–" ફિરદોસ " માસીક મારી હાથમાં આવ્યા પછીનાં પેહેલાં વર્ષની પેહેલી ભેટનું છે. મારાં વાંચનારાંઓ જાણે છે તેમ મજકુર માસીક એક પરમાર્થી પરદુ:ખભંજન ખાતાંને–નવસારી પારસી જેનરલ હોસ્પીટલને મદદ કરવાની શુભ નેમ ધ્યાનમાં રાખીનેજ મેં પ્રગટ કરવા માંડયું છે અને આ પહેલાંજ વર્ષમાં રૂા. ૫૦૧ તે ખાતાંને સ્વાધીન કરવાને અને તે ઉપરાંત મારાં ગ્રાહકોની હજુરમાં આ નજીવી ભેટ ધરવાને હું સામર્થવાન થયો છું તે સઘળાં રૂડાં વાનાં મારાં મેહેરબાન ગ્રાહકો અને જાહેર ખબર આપનારાઓનાંજ છે. પહેલી નજરે કોઈક સાહેબોને કદાચ આ રૂા. ૫૦૧ની રકમ નજીવી લાગતી હશે, પણ નવેમ્બરનાં " ફિરદોસ " અંકમાં એ રૂપીઆ જાહેર કીધા પછી છાપાની લાઇનનો અનુભવ ધરાવનારા જે સંખ્યાબંધ ગ્રહસ્થો તરફથી મને કેટલાંક પત્રો મળ્યાં છે તે વળી તેથી ઉલટોજ અભીપ્રાય દર્શાવે છે। કેટલાક સાહેબો તો શંકાથી ડોકુ ધુણાવી લખી જણાવે છે કે 'જ્યાં છે ત્યાં તમે કાંઈક ગાંઠનાં ગોપીચંદ કીધા છે, કારણ ત્યાં વગર આટલા રૂપીઆ સાથ આવી ભેટ તમો આપી શકો નહીં.' પણ એ સાહેબોની એ માન્યતા તદન ભુલ ભરેલી છે. 'માંગો અને મળશે' 'શોધો અને જડશે' 'ઠોકો અને ઉઘડશે' એ નિયમ સાથ પ્રમાણીક નિષ્ટા ધારણ કીધી હોય તો તે સાહેબ સાહે થયા વગર રહે નહીં.

છતાં મારે કહેવું જોઇએ કે આ ભેટને માટે હું મી. 'રફીક' નો કાંઈ થોડો ઉપકારી નથી. 'ફિરદોસ'ની શરૂઆતથીજ એવણ ભાઈ મને કીંમતી મદદ કરતા આવેલા છે અને એ ભાઈ મારાં આ બીનસ્વાર્થી કામ તરફ એટલી તો દીલસોજી ધરાવે છે કે જરથી નહીં તો પોતાની કલમનાં જોરથી બહુ કીમતી મદદ એ ભાઇએ મારા કામમાં કીધી છે અને પોતાની રોકાણ છતાં કરે છે, જે પોતાનાં દુ:ખી દર્દી ભાઈ બહેનો તરફની એવણની ભલી લાગણીજ બતાવી આપે છે. અને જો મી. 'રફીક' મને માફ કરે તો હું જણાવીશ કે 'કરને જો અહીંઆંજ છે' અને ખુદરતે પોતે પણ તેવણની એ લાગણીની કદર ઘણું છુટે હાથે પીછાણી છે !

આ પુસ્તક મેં એક એવા નરને અર્પણ કીધુ છે કે જે નરનું નામ

'ફિરદોસ' જે ખાતાંને મદદ કરવા પ્રગટ કરવામાં આવે છે તે સાથ હવે પછી સદાનું જોડાયલું રહેશે. મરહુમ શેઠ બેહેરામજી નસરવાનજી સીરવાઇ એક નોશાકરા અથોરનાન છે અને તેવણુની સખાવતનો જુમલે લગભગ રૂ. બે લાખ સૂધી થવા જાય છે, જેમાંનો મોટો ભાગ ખુદ નવસારીનેજ ફાળે આવ્યો છે, અને નવસારીનાં સ્ટેશનપરથી ગામમાં દાખલ થતાંજ તે મરહુમ નરને નામનું એક ગંજાવર કેળવણીનું ધામ તે મરહુમની યાદ આપતું ત્યાં ઉભું છે અને તેટલું જાણે થોડું હોય તેમ બાઈ ડોસીબાઈ આદરજી કોઠવાળે શેઠ બેહેરામજીની હયાતી બાદ તે મરહુમની યાદ તેવણુનાં વહાલાં વતનમાં વધુ યાદગાર રાખવા નવસારી પારસી જેનરલ હોસ્પીટલ માટે એક વધારાનું મકાન બાંધવા રૂ. ૨૫ હજારની બાદશાહી રકમ કાઢી આપી છે કે જે મકાન 'મરહુમ શેઠ બહેરાંમજી નસરવાનજી શીરવાઇ બીલ્ડીંગ'ને નામે ઓળખાશે.

નવસારીની મજકુર હોસ્પીટલનું પહેલું મકાન, જે પણ એક અથોરનાન ગ્રહસ્થ–મરહુમ એરવદ એદલજી બરજોરજી મુલ્લાં–તરફથી ભેટ મલ્યું હતું તે અતી ન્હાનું પડતું હોવાથી તેને વધારાનાં એક બીજા મોટાં મકાનની અતી ઘણી જરૂર હતી, અને બાઇ ડોશીબાઈએ એકે તડાકે ઉપલી નાદર રકમ કાઢી આપી ત્યારે મને ખુદરતી જે લાગણી થઈ તે એકે આ પુસ્તક અને 'ફિરદોસ' માસીક પણ મજકૂર હોસ્પીટલ સાથ સંબંધ ધરાવતું હોવાથી, મારાં દુઃખી દર્દી ભાઇ બહેનો તરફ જે માયાકુલ લાગણી બાઇ ડોશીબાઇ તરફથી બતાવવામાં આવી છે તેની એક અદનાં ઇધાંણી દાખલ એ માસીકનાં પહેલાં વર્ષની ભેટનું પુસ્તક તે મરહુમ નરની અશોયાદને અર્પણ કરી તે સાથ તે મરહુમ નરનું નામ કાયમ જોડવું!

અને હવે બસ! લાંબુ લચ ઘણું થયું છે પણ હું કાંઇ એક કલમ કશ નથી કે ટુંકાં ને ટચમાં આટોપી શકું અને તેથી તે માટે મારાં વાંચનારાંઓની દરગુજર ચાહી હું રજા લઇશ.

લી. આપનો દુવાગીર સેવક.

દોરાબ રૂ. જા. દસ્તુર મેહેરજી રાણા.

ખુબસુરત મક્કાર!

પ્રકરણ ૧ લું.

તેલબોટ ઉડલી જવાન હતો, ખુબસુરત હતો, એટલુંજ નહિ પણ તે એક ધનવાન બારોનેટનો વડો દીકરો એટલે વારસ હતો, અને તેના બાપનો તે લાડકો હતો. પોતાના બચ્ચાંઓને છગાવી બગાડી મૂકવાં તે સારૂં નથી અને તેમ કરવાની મુર્ખાઈ તેલબોટ ઉડલીના દાખલામાં જણાઈ આવતી હતી. તેના બાપે તેને ઠીચોઠીચ પૈસાથી ભરેલાં ગજવાં સાથે ઇટનની સ્કુલમાં શીખવા મોકલ્યો હતો, અને જેમ જેમ તે ત્યાં શીખીને કલાસો ચઢતો ગયો તેમ તેમ તેને મળતું લવાજમ તેનો બાપ આંખ વીંચી વધારતોજ ગયો હતો; ઇટનથી તે ઓકસફર્ડ—જે મોટાં ધનાઢયોના બેટાઓની કેળવણીનું પાળણું કહેવાય છે ત્યાં આવ્યો, જ્યાંથી પોતાના મોંહમાં તેને જન્મથી મળેલો સોનાના ચમચાનો વારસો રાખીને સોસાયટીમાં તેણે ઝીપલાવ્યું; લંડનની સોસાયટીએ તેના બાપને પગલે ચાલી તેને પુરો છગાવી બહેકાવી મુકયો. પરણવા લાયક દીકરીઓની માયો તેની ઉપરથી ઓઢઈ પંથરાઇ ગઇ, જવાન અને ઘરડા તીસ્મારખાંઓ તેની દોસ્તી શોધતા આવ્યા અને તેને—કહો કે તેના પૈસાને—ચીટકાને તેઓ બેઠા. સોસાયટીને લગતાં પેપરોમાં તેનું નામ અને તેણે કીધેલાં કામોની નોંધ આવતી, જે નોંધો જવાન તેલબોટ શરતમાં શું હાર્યો અને શું જીત્યો તેને લગતી મુખ્ય હતી એમ અમારા કહ્યા વગર વાંચનારે સમજી લેવું.

ઑલબની નામના મોટે ખાંચરેના લત્તાપર ભારે દમામ અને ઠાઠમાઠથી તે રહેતો હતો. પૈસાના જોરથી જેવા સુંદર અને મોંઘા ઘોડા ખરીદી શકાય તેવા ઘોડા તે વાપરતો હતો; લોકચર્ચાને જન્મ આપે તેવાં ખાણાંઓના તે મેળાવડાઓ કરતો હતો. ટુંકમાં તેલબોટ ઉબ્લી પોતાના વખતનો એક સઉથી ફાસ્ટ જવાન હતો અને અ-જબ તો એ કે તેનો બાપ તેને તેથી ઘણો વખાણતો હતો ! તેને મનસે તેની બીશીયાર દોલત ખાઇ ખરચી જાણનાર તે બેટો પુર-વાર થયો હતો.

આટલે સુધી ઓરત જાતના સમાગમમાં આવ્યા સીવાયની બધી મોજ તે ભોગવી ચૂકયો હતો, અને જો ખરૂં પૂછો તો તે કોઇ ભલી અબલાના સમાગમમાં આવી તેણે પરણેલી જીંદગી, અખત્યાર કીધી હતે તો તે ઘણો બચી જતે, અને આ વારતા લખાતેજ નહિ, પણ તેલબોટને લગ્ન જેવી ગંભીર અને ખરાં મહત્વની બાબત પર વિચાર કરવાને ફુરસદજ કયાં હતી ? અને વળી આજ સુધી તેની નજરે પડેલી સેંકડો ઓરતોના ચહેરામાંથી કોઇબી તેનું ધ્યાન ખેંચ-વાને ફતેહમંદ નીવડયો નહતો. તેની ઉમરજ હતી બાવીસ વર્ષની એટલે પરણીને પરવારી જવા જેવું ડહાપણ હજી તેનામાં આવ્યું ન હતું અને પોતે જાણતો હતો કે તે ડહાપણ તેને સુઝ પડતાં તે જો એકાદ મોહક જંજીરમાં સપડાયો તો તે જે હાલ મોજભરી જીંદગી ભોગવતો હતો તેને છેલ્લી સલામ તેને કરવી પડવાની અને તેથી તે વખત આવી લાગે તેટલાં ફુલપાવર લગામ છુટીજ મુકવાનો તેણે વીચાર રાખ્યો પણ આપણા બાપદાદાથી ચાલતી આવેલી કહેવત "ઇનિશાન ચાહેછ શું અને ખુદા કરેછ શું ?" તે કાંઇ ખોટી છે ?

એક રાતે તેણે પોતેજ એક મોટાં અને તેથી મોંઘાં હોટેલમાં આપેલાં ખાણાંની પેટભરતી મોજ ભોગવી પોતાને ઘરે તે ચાલતોજ

જતો હતો, તે વખતે તેની નજર એક એવા ચહેરાપર પડી કે જે ચહેરો તેની પોતાનીજ નહિ પણ તેની પછી આવનારાંઓની જીંદગીમાં મોટો—ઘણો મોટો ફેરફાર કરનાર પાછળથી નીવડયો.

તે રાત ઘણી સુંદર હતી એટલે સુંદર મિષ્ટાનોની મજાહ ચાખ્યા બાદ ચાલતાંજ પોતાની કલબમાં જવાની લાલચ તે થોભાવી શકયો નહિ અને તેથી મોંહમાં પકડેલી શીગરેટ ફુંકતો મજેહેથી તે પોતાનો રસ્તો કાપતો હતો તેટલામાં પુનમના ચાંદ જેવા ચહેરાની એક જવાન અબલા એક ઘરમાંથી બહાર પડી, જે તરફ તે જતો હતો તે તરફ ચાલતી થઇ. તેણીએ પહેરેલા મોટા ઓવરકોટમાં તેણીનો સાદો ફ્રોક જણાતો નહિ હતો અને તેણીના એક હાથમાં મયુઝીકના પાનાંઓનું ગોલ બંડલ પકડેલું હતું. તે ખરેખર ખુબસુરત ચહેરો જોતાંજ તે ચોંકયો અને તે ચહેરો બે ત્રણ વાર જોવાની તેને કુદરતી ફરજ પડી તો ત્રીજી વાર તેણીની તરફ જોતાં તે બેઉની આંખો એક થઈ અને તેલબોટે જરા મોંહ મલકાવતાં તેણી શરમાઇ ગઈ અને નીચું જોઇને તેણીએ ચાલવા માંડયું અને તેણી એમ ચાલ્યાજ કરતે અને તેલબોટને ઇનસાફ આપવા અમારે કહેવું જોઇએ કે તેલબોટ તેને જરાબી છેડયા વગર તેને રસ્તે તેને જવાજ દેતે, પણ (આય વળી નખ્ખોદ ગીયો ‘પણ’ આવ્યો, જોયો કેની?) તેજ વખતે ઉડલી ખાનદાનનું કીસ્મત આડું પડયું. તેઓ બંને જે તરફ જતાં હતાં તેની સામી બાજુએથી ગાયનું એક ટોળું ફુટી નીકળ્યું અને તેઓની પુઠે એક કુતરો ભોં ભોં કરતો કેડેથી નીકળી આવી દોડયો એટલે તે ટોળાંમાં કુદરતી ગભરાટ ફેલાયો અને તે ગરીબ જાનવરોએ પોતાની પુંછડી ઉંચકી નાસવા માંડયું. તેઓને પોતાની સામેજ ધસી આવતાં જોઇ તે જવાન અબલા એક ચીચારી પાડી બાજુ થવા ગઈ પણ તેટલામાં તેણીનો પગ કશાંપરથી સડી ગયો અને

તે રસ્તાના ભરચોગાણુમાં પડી ગઈ અને જો તેજ વખતે તેલબોટ કુદીને કહો કે ઉડીને તેણી આગળ આવી તેણીને બાજુએ ન ખેંચી લેતે તો પેલી ગભરાઇને દોડી આવતી ગાયોમાંની એક બેના પગ તળે તે કાંવળું બદન જરૂરજ કચડાઈ–ભચડાઈ જતે.

આપણી જવાન કોમળાંગીઓના બાબમાં બને છે, અને આવા કેસમાં તો જરૂરજ બને છે તેમ તે અબલા કાંઇ બેશુદ્ધ તો નહિજ થઇ ગઇ પણ ગભરાઈ ઘણી ગઈ, અને તેણીને એક બાજુએ ઉભી રાખી તેણીના હાથમાંથી ગબડી પડેલું મ્યુઝીકનું રોલ તેલબોટે જ્યારે તેણીને લાવી આપ્યું ત્યારે તેણીને સહીસલામત ઘેર મુકી આવવાની તેણે તેણીની રજા પુછી અને તેણે કીધેલી તે ઓફર તેણીએ ઘણા ઘણા ઉપકાર સાથે જેવી કબુલ રાખી કે તુરત એક ગાડી બોલાવી અને તેણીને તે ઘેર લઈ ગયો.

રસ્તામાં જે તેણીએ પોતાને લગતી હકીકત તેને કહી, તે ઉપરથી તેણે જાણ્યું કે તે બાળા માયબાપ વનાની હતી, અને ઘણીજ ગરીબ હાલતમાં હોવાથી લોકોને ત્યાં તે મ્યુઝીક શીખવવા અને મેળાવડાઓમાં ગાવા જઇ પોતાના પેટ પુરતું તે પેદા કરતી હતી; હમણાબી એવાજ એક મોટે ઘેરના 'એટ–હોમ'માંથી તે ગાઇ વજાડીનેજ પોતાને ઘેર જતી હતી.

અમે આગળ કહ્યું તેમ તે ઘણી ખુબસુરત હતી અને તેલબોટ ખુબસુરતીનો પરસતાર હતો એટલે—

ટુંકમાંજ કહીએ તો તે તેણીને ત્યાં તે પછીથી આવતો જતો થયો; તેણીને બહાર ફરવા લઇ જતો થયો; તેણીની સાથે તે હોટેલોમાં ખાવા જતો; હોડીમાં બેસી દરિયાની મજાહ તે કરતો અને તેણીને કરાવતો અને તે ગરીબ પણ ખુબસુરત ઇવ ગાર્નેરની સોસાયટીમાં તે એટલો પળોટાઇ ગયો કે જરા વારમાં તેણે પોતાના દોસ્તોને

વા પર વખાતા કરી મુકયા. તેલબોટ જેવો એક ' ફ્રાસ્ટ '' જવાન ક્લબમાં એક યા બે દહાડા ન આવે તે સમજયા પણ જયારે તેની હાજરી દહાડાના દહાડા નહીં જણાયી—જ્યારે તેનાં ગજવાંપર જીવનારાંઓને તેનાં ડીનરનાં તેડાં એક–બે–નહીં પણ કાંઇક દીવસો વીટી ગયા છતાં ગયાં નહીં ત્યારે સોસાયટીમાં મોટી ચકચાર જાગી અને તેઓએ કહેવાય નહીં તેવી અછાડપછાડ કરી મુકી.

તેલબોટે પોતાને મળેલી આ નવી ' મજાહ 'નું સાંધણુ છુપું રાખવાની ઘણીબી તજવીજ કીધી પણ એ વાત કાંઈ છુપી રહે? તમને તાપ આવે તે કદાચ તમે છુપાવી શકો—તમારૂં માથું દુઃખે તે કદાચ તમો છુપાવી શકો પણ તમને નજલાનું કફોડું દુઃખ થયું હોય તો તે કેમ છુપાવી શકો? ત્યારે એ વાત આખરે તેલબોટના બાપને કાને આવી ખરી. તેના બાપને માલમ પડયું કે તેના દીકરાનું નામ સોસાયટી પેપરોમાં આગળની માફક વારંવાર આવતું નહતું, તેમજ તેણે પોતાના દીકરા જોગ લખેલા કાગળોના જવાબો પણ આગળની માફક નીયમસર ફરી વળતા નહતા અને તેની ઉપર વારંવાર પૈસાની જે માંગણી થતી હતી તેજ એક બાબત તેના બાપને સધયારો આપતી હતી કે તેનો દીકરો હઇયાત હતો.

હવે તેના બાપે તેની ખબર કાઢવા માંડી અને તે કામ તેણે તેલબોટના એક પીત્રાઇનેજ સોંપ્યું અને એવાં કામોમાં વારસ બેટાના ભુખરીબારસ પીત્રાઇઓ કેવા કામ લાગે છે અને કેવા ભાગ ભજી બતાવે છે તે તો તમો જાણો છો એટલે તેલબોટ અને ઇવ ગાર્નરનો પત્તો તે પીત્રાઇ મેળવી શકયો.

પીત્રાઇને મોંઢેથી બધી હકીકત સાંભળી તેનો બાપ જો કે ઘણો ગુસ્સે થયો પણ અજબ નહિ થયો, કેમકે તે પોતે જવાનીમાં લાડથી બગડી બેહેકી ગયેલો એક દુકતો હતો.

"ત્યારે તે મુર્ખો તેને પરણુવાનો કે ?"

"હું નહિ ધારતો તો જો કે તેઓને ત્યાં એક પુચી છે ખરી."

"એમ ? ત્યારે તો મુર્ખો નહિ પણ ગધેડો, ગધેડોજ નહિ પણ લાંબા કાનનો ગધેડો. જો સાંભળ, તેઓને છુટાં પાડવાનો હું તુંને હુકમ આપુંછ. તારે ગમે તે રીત તેમ કરવાને વાપર; તે માટે તુંને પૈસા જોઇશેની ? કેટલા આપું ?"

તે પીત્રાઈ જે ખરેખર ભુખરીબારસ હતો તેણે મોટોજ ભુક ભર્યો.

"સાહેબ, તે ખુબસુરત તો ઘણીજ છે એટલે તેણે તેને પરણુ-વાનું વચન તો આપ્યુંજ હોશે."

એરોનેટે તેને 'ફુલ પાવર' આપ્યો અને તે ભત્રીજો કામે મંડયો.

તે હવે તેલબોટને મળ્યો અને તેના પેટમાં ભરાયો અને ઇવિ ગાર્નરનોબી તે જરાવારમાં વીશ્વાસ જીતી શકયો. આ ટાંકણે જેમ દરેક પ્યારાં જીગરોના બાબતમાં બને છે તેમ તેઓના પ્રેમની પહેલી ગરમી ઓછી થઈ હતી અને તેઓ બન્ને જરાક એકમેકથી કંટા-ળવા લાગ્યાં હતાં. ઇવિને બસ મોજમજાહ અને સુખ સગવડ વહલાં થઇ પડયાં હતાં અને તેલબોટ તો તમો જાણોછ કેની કેવો હતો તે ? તે ચળીત મનનો, સહેજમાં કંટાળી જાય તેવો અને જરામાં થાકીને અળગ થઇ જવા માંગે તેમાંનો હતો. જો કે ઇવની તરફ તે બેવફા નહિ હતો યા તેને કાંઇ નુકશાન કરવાનો તેનો ઇરાદો જરાએ ન હતો, પણ લગનની વાત આવતાંજ તે એરંડીયું પીધા જેવું મોંહ કરતો અને ભડકતો !

પેલો પીત્રાઇ જે જો નાટકના ધંધામાં પડયો હતે તો કસ-રેવજનો ભાગ ઘણો આસાનીથી બજાવી શકતે તેણે હવે નવી નવી મીત્રાચારી મેળવી આપી તે બંને વ્હાલાંઓને તેઓના એકાંતવાસમાં સહોવાવાનું સાધન કરી આપ્યું.

ઇવ રફતે રફતે તેલબોટને પૈસે મોટી બીજબાનીઓ આપવા લાગી અને તે પીત્રાઇની બરકતથી તેઓની સાંજો કયાં પસાર થતી ગઇ તે તેઓને માલમ ન પડવા લાગી. ત્યારબાદ એકાએક તેણેજ તેના ઓરડામાં ધસી આવી તેલબોટના પગ પાસે બોંબગોળો નાંખ્યો! તે ખબર લાવ્યો કે તેલબોટના બાપને આ બધું માલમ પડી આવ્યું હતું અને તેથી તો તેવણ એટલા છેડાયા હતા કે જો તેલબોટ ઇવિ સાથનો સંબંધ ન છોડે તો તેને પોતાના વારસામાંથી રદબાતલ કરવાના તેવણે સોગંદ લીધા હતા.

આબાદ તેજ ટાંકણે પોતાના બાપનું છુટે હાથનું લવાજમ ખાઇ ખર્ચ્યા ઉપરાંત તેલબોટને વાળેવાળ કરજ થયું હતું, એટલે તે ઇંચે ઇંચ પોતાના બાપને આશરે અને તેનો ઓશિયાળો હતો. તેના પીત્રાઇએ તેને દુર દેશાવર ન્હાસી જવાની સલાહ આપી અને તેના ગયા બાદ ઇવ આગળ તે વાત છેડવાનું તેણે પોતાને માથે લીધું.

તેલબોટનું હૈયું ડંખ્યું.

"નહિ, ગમે તે થાય હું તો તેને પરણુશ." તે બોલ્યો.

"ને તું ખુહાર થશે?" તેના પીત્રાઇએ તેની સાથે તકરાર કીધી "મારા વહાલા તેલબોટ, તારા એક સગા તરીકે તું મને જો સલાહ આપવાની રજા આપે તો હું કહુંછ કે તું મુર્ખ ના બન, ઇવ કાંઇ લગનને વાસ્તેજ જબરદસ્તી કરતી નથી. તેને સારૂં લવાજમ બાંધી આપ ને તે કરતાં જોઇયે તો એક મોટો ઉંચકો આપ ને—"

"પણ તે લાવું કયા ચુલ્હુલામાંથી?"

"તે તું મેહેરબાની કરી મારી ઉપર છોડ; આપણાં ખાનદાનની નોક અને તેના નામને ખાતર મારાથી બનતી સારી ગોઠવણ તે માટે હું કરસ, બસ, એટલું હું તારી પાસે માંગી લેઉંછ કે ઇવને હવે મળતોજ ના—મારૂં માને તો અત્યારે હમણાંજ તું કયે ઉપડી જવાની તૈયારી કર."

અને તેલબોટ સઘળું પોતાના પીત્રાઇને સોંપી તેજ સાંજે આફ્રિકા જવા ઉપડી ગયો. તેલબોટને સ્ટીમરપર સલામત મુકી આવી પેલા નેકનામ ભત્રીજાજી ઇવને હવે મળ્યા. ઇવ તો તેવણુની વાત સાંભળી રડી તતરી અને તેણીએ તો તોફાન મચાવ્યું, અને કરારનો ભંગ કરવાની ફર્યાદી માંડવાની ધમકી બતાવી. પેલો ભત્રીજો જે આવાં કામ કરતાં એક એલચીખાતાને દીપાવવાને વધારે લાયક હતો તેણે કળાકુનેહ અને સમજાવટ પટાવટથી તેણીને કેથે દુર દેશાવર મોકલી દીધી. આ બે કામ હાર પાડતાં તેને અલબત ખરચ તો ઘણો થયો પણ તે કરતાંબી તે પીત્રાઈ પોતાની જીંદગી સુધી ફુર ફુર ખાયા કરે તેટલી બાકી વધી.

એ રીતે ઇવ ગાર્નર અને તેણીની નાની બુચી બન્ને ત્યાંથી ગુમ થયાં. તેણીએ અબલત કાગળો ઘણાં લખ્યાં, પણ પેલા ભત્રીજાનીજ મેહેરબાનીથી તે તેલબોટને મળ્યાંજ નહિ, કે જેને વળી તેણે એમ સમજાવી લીધો કે "જોયું કેની ? ઓરતની જાત એ કાંઇ થડ પકડીને બેસી રહે ?"

વર્ષો એમ ગબડી ગયાં. તેલબોટના બાપને સંતોષ એ થયો કે તેના દીકરાને ગળેથી તોક ગઇ અને તે પીત્રાઇને જે મોટો સંતોષ હાંસલ થયો તે એ હતો કે તે જરાક સરખાં કામથી તેનું ગજવું તર થયું હતું; જ્યારે તેલબોટના જીવને સંતોષ એ હતો કે તે ઇવને ભુલી જવામાં રફતે રફતે ફત્તેહ પામ્યો હતો. તે હવે લાંબી મુસાફરીએ નીકળ્યો. તે ઇટલી ગયો, ઇજીપ્ત ગયો, સુડાનના રણમાં ફર્યો અને હિંદુસ્થાનમાં વટીક એક હેર્યું લઇ શાનશૌકતનો થઇને તે ઇંગલંડ પાછો ફર્યો; તેજ વખતે તેનો બેરોનેટ બાપ મરણ પામ્યો અને "રાજા ગુજરી ગયો છે, ખુદા રાજાને સલામત રાખે !" તે મુજબ તેની ગાદીએ આપણો તેલબોટ આવ્યો.

અમે એક ઠેકાણે કહી ગયા કે તે ઇવ ગાર્નરને ભુલી ગયો હતો, પણ અમે ધાર્યેછ કે અમે તેમ કહેવામાં તેને કાંઇક ગેરઇન-સાફ કીધો છે, કેમકે પોતાના બાપની ગાદીએ આવતાંજ તેણે તે વહાલીને માટે પેલા ભત્રીજાથી પુછપરછ કીધી. તે ભત્રીજો જે હાલ સફેદ વાળવાળો એક આબરૂદાર મેજીસ્ત્રેટ થઇ ગયો હતો, તેણે પોતાનું માથું ધુણાવ્યું અને બોલ્યો, "મારા વહાલા તેલબોટ! કોણ જાણે તે ક્યાંબી હશે? તેનો હવે શું પત્તો લાગે?"

તેલબોટ ત્યારે ઉડલી ખાતે ઠરીઠામ થયો અને કેટલોક વખત સુધી તે કુંવારોજ રહ્યો, 'પણ' (આય પાછો પણ આવ્યો તે જોયો કેની? વાર્તાઓને માટે તમો તેના લખનારાઓને નહિ પણ આય બુચુકલા બે અક્ષરી બોલને આભારી થઈ શકો—કેમકે એ બોલ જો ન હોય તો વાર્તા કેમ હોય?)

આખરે તેને મોહબતનો કાતીલ તીર લાગ્યો અને મીસ ન્યુબોલ્ડ નામની એક જવાન ખુબસુરત અબલા સાથે તે પ્યારમાં પડયો અને પરણીબી ગયો. એ ન્યુબોલ્ડવાલાંઓ પૈસે ગરીબ હતાં અને તેલબોટ ઉડલી ખાનદાનનો વડો હતો એટલે એ સાટું બંધબેસ્તાં વખત લાગ્યો નહિ.

સર તેલબોટ ખરેખર પોતાને સુખીજ માનવા—મનાવવા લાગ્યો. તેની પરણેતર અને પોતાનાં બચ્ચાંપર તે ઘણુંજ હેત કરતો હતો અને ઉડલી હોલમાં હસી ખુશી અને વાજગાજની ધુમચકરી થઇ રહી હતી. જો ઇવ ગાર્નર અને તેની બુચી હજીબી કોઇ કોઇવાર સર તેલબોટને યાદ આવ્યા કીધી હોય તો ખાત્રીથી માનજો કે હવે તો તે બંનેને તે તદનજ ભુલી ગયો હતો. અલબત તેને ત્યાં પહેલી બુચીને બદલે એક બુચાએ જન્મ લીધો હતે તો તેની આય ખુશાલીનો પાર રહેતે નહિ. ઉડલી હોલમાં રોજની પાર્ટીઓ અને નાચ-

રંગ જામવા લાગ્યાં અને તે દમામદાર મેહેલ પરોણાઓથી ધમધમી રહ્યો. ત્યાં સર અને લેડી તેલબોટના ઈજનને માન આપી એકઠાં થયેલાં પરોણામાં સર તેલબોટનો એક દોસ્ત અને લેડી તેલબોટનો એક સગો નામે રેવલ બ્રાંન્ડ હતો. એ રેવલ બ્રાંન્ડ, લેડી તેલબોટ પુરણી આવી તે અગાઉ તેણીનો આશક હતો. અને મીસ ન્યુબોલ્ડ જેવી એક ખુદરતની ખરી ખુબસુરતીના હાથથી એ રીતે તે બેનસીબ રહેવા છતાં જેમ હમેશ બનેછ તેમ તે તે વર બઇયરનો દુશમન નહિ પણ દોસ્ત થઈ રહ્યો હતો. લેડી ઉડલીને તે ગમતો હતો અને સર તેલબોટના પેલા ભત્રીજા કરતાં પોતાને ત્યાં તે બ્રાંન્ડ વધુ આવ જા કરે તે તેણીને પસંદ હતું. પણ ત્યારે તે વાત પેલા ભત્રીજાને પસંદ નહિ હતી. તે બ્રાંન્ડનો અદેખો બન્યો હતો અને આપણે જાણ્યેછ કે તે એક ખરાબ માણસ હતો એટલે સર તેલબોટના મગજમાં વહેમનું ઝેર ઉત્પન્ન કરવાની તેણે કોશેશો કરવા માંડી. બુરાઓ પોતાની બુરાઇમાં ફાવે છે એમ આપણે જોતા આવ્યા છીયે એટલે સર તેલબોટના કાન ભંભેરવામાં તે ફતેહ પામ્યો.

સર તેલબોટને વિચાર થયો કે ફેનસી ડ્રેસ બોલનો પોતાને ત્યાં એક મેળાવડો કરવો અને તેને લગતી કાંઇ ગોઠવણની સુજગુજ કરતાં લેડી ઉડલી અને બ્રાંન્ડ મેહેલના બગીચામાંની કનઝરવેટરીમાં બેઠાં હતાં. પેલા પીત્રાઇએ કાંઈ ફુંક મારી કે સર તેલબોટ ઉશ્કેરાયલો તેઓ આગળ જઇ લાગ્યો અને તે બંને ઉપર ગલીચ તોહમતો મુકી તેઓને હડધુત કીધાં અને લેડી તેલબોટ પોતાની સાથે પોતાની બુચીને લઇ તે આલીશાન મકાન છોડી ચાલતી થઇ.

તેણીના ગયા પછી ત્યાં બધુ ઉજડ વેરાન થઇ ગયું. રેવલ બ્રાંન્ડ સાથે તેલબોટ ડયુઅલ રમ્યો અને બ્રાંન્ડ તેમાં જખમી થઇ મરી ગયો. તે કામ પુરૂં થયું કે તે પાછો દુનિયાની સંપાટી ઉપર

રવડતો થયો; તે વખતે તેને પેલી છવ ગાર્નર અને તેની પુત્રી યાદ આવ્યાં હશે? હોયબી, પણ હાલ તુરત તે ઉડલી હોલ અને તેને લગતું બધું બંધબસ્ત કરી તે સઘળું એક સ્ટુઅર્ડને સોંપી ત્યાંથી તે ચાલતો થયો, અને કાંઈક વરસો સુધી તે એમ ગેરહાજર રહી એકદમ એકાએક એક વખત તે ફુટી નીકળ્યો અને અહિંયાં હવે આપણી વાર્તાની ખરી શરૂઆત થાય છે.

પ્રકરણ ૨ જું.

જુલાઇ મહીનાની એક રાત્રે એકાએક ઉડલી હોલની એકેએક બારી અને બારણામાંથી બતીઓનો ઉજાસ પ્રકાશી રહ્યો હતો. મેહેલમાં પુગવાને માટેના વીશાળ રસ્તા ઉપર અસંખ્ય ગાડીઓના પૈડાંના કાપ પડેલા નજરે પડતા હતા અને ખુદ મેહેલમાંથી નીકળતા બેંડના સરોદથી તેને લગતું ગામડું અને તેનું લોક હળમળી રહ્યું હતું. કમ્પાઉંડમાંનાં ઝાડોની ડાળીએ ડાળી રંગબેરંગી ફાનસો ટાંગી દેવામાં આવ્યાં હતાં.

તે મહેલના રીસેપશન રૂમો ત્યાં આવેલા મેહેમાનોથી ઠીચોઠીચ ભરાઇ ગયા હતા, જ્યાં આજે રાત્રે એવાં ઘણાંક હતાં કે જેઓને તે મેહેલનો ઉંબર વટીક ઓળંગવાની ઓવધ હતી; કેટલાંકો વળી એવાંબી ત્યાં એકઠાં મળ્યાં હતાં કે જેઓએ તે મેહેલના ધનાઢય માલેકને કોઇ દીવસે જોયો વટીક નહતો; ત્યારે ત્યાં કેટલાંકો એવાંબી તે મોટે ખાંચરેના મોટા અમીરનાં ઇજનને માન આપી આવ્યાં હતાં કે જેઓએ તેને 'માથાં ફેરાવન ઉડલી' તરીકે માત્ર જોયો અને જાણ્યો હતો અને તેથી તેને પાછો આજે તેની બાપીકી મીલકતોના માલેક અને તે ઓપે ઉતરી આવેલી જાહોજલાલીના શેઠીયા

તરીકે જોવાને અને ઓળખવાને વધુ ખુશીથી ત્યાં આવ્યાં હતાં.

તેઓ ત્યારે તેનામાં કાંઇ મોટો અને અજબ જેવો ફેરફાર થયલો જોવાની આશા ઉપર આવ્યાં હોય તો તેઓને તેમાં ખચીતજ નીરાશી મળેલી હોવી જોઇએ, કેમકે, તે જેવો અગાઉ હતો તેવો ઉંચો સીધો સરોવર જેવો અને એકવર્ગોજ હતો. બાકી તેની બલુ આંખ અને ઉંચી પેશાની તેની તેજ હતી એમ જયારે તે પોતાના મેહેમાનોને આવકાર દેતો હસ્તે ચહેરે ત્યાં ઉભો હતો તે વખતે તેના તે પરાણાઓને જોઇ લેવાનું અને જાણવાનું બની આવ્યું હતું. વળી તે બધાં તેને ચાહીને ત્યાં આવનારાંઓમાં જેઓને તેણે તેનાં આગલાં ઓળખીતાં તરીકે પીછાણ્યાં ત્યારે તે પોતાની આગલી જવાનીની કારકીર્દીને લીધે તેઓને હાલ જોઇને જરાબી ઓસકાયો કે શરમાયો નહિ, પણ મજેહથી હસ્તે ચેહેરે પોતાના ભત્રીજા હેરોલ્ડ જેના માનમાંજ આજે તેણે આય પાર્ટી આપી હતી, તેના એક હાથપર ટેકીને પોતાના બધા પરોણાઓનો આદરસત્કાર કરતો તે એમ તેમ ફરતો રહ્યો હતો.

હેરોલ્ડ ઉડલી ત્યાં એકઠા મળેલા બધાઓનું એક સરખું ધ્યાન ખેંચી રહ્યો હતો. અમે ઉપર કહ્યું તેમ એ જવાનને તે ઘરનાં સબ્બ-ળાંઓ સાથે ઓળખાણ કરાવવાના ઇરાદાથી સર તેલબોટે આ પાર્ટી આપી હતી. તેબી ઉડલી ખાનદાનના બધા થઇ ગયલા મરદોના જેવો ઉંચો, સીધો, કદાવર અને ખુબસુરત જવાન હતો. જેટલો સર તેલબોટ તે તરફના હાલના લોકને અજાણ્યો હતો તેટલોજ આ હેરોલ્ડબી પરાયોજ હતો. તેઓ ફક્ત એટલું જાણતાં હતાં કે સર તેલબોટનો એક ભત્રીજો છે, જે ઉડલી એસ્ટેટનો વારસ થશે, પણ કોઇએ તેને જોયો નહિ હતો. તે બચપણમાં ઉડલી હોલમાં આવતો જતો હતો, પણ તે પછીથી તેની મુલાકાતો ઘણી કમી થવા લાગી

અને આખરે તે બંધ પડી હતી, કેમકે મોટો થતાં તે કોલેજમાં અભ્યાસ કરતો હતો અને તે પુરો થતાંજ બહારગામ તે સફરે નીકળ્યો હતો. તેને તેના ઉદાર દીલના કાકાએ ઉછેર્યો હતો અને તેને શીખવ્યોબી તેના એ કાકાએજ હતો અને સફરેબી કાકાના કહેવાથીજ અને તેવણુનીજ ઉદાર દીલે તેને અપાતી થયેલી પૈસાની મદદથીજ તે નીકળ્યો હતો.

તે પાર્ટીની શરૂઆત જરા સુસ્ત ગઇ અને તેમ થઇ તેમાં નવાઇ ન હતી, કેમકે, જે આલીશાન મકાન વીસ વર્ષ સુધી બંધ રહેલું અને જેના ધનેતર માલેકને તેટલી લાંબી મુદત સુધી કોઇએ જોયલો નહિ એટલે ત્યાં ભેગાં મળેલાંઓને એ બેનો પરીચય પાડતાં કાંઇક ઓસીકું લાગ્યું હોય એ બનવા જોગ હતું, પણ પછી જેમ જેમ લોકોને તે વાતનો સહવાસ પડતો ગયો, તેમ તેમ અરસપરસની મજાહ વધતી ચાલી અને તેમાં રાતનો એક કયાં વાગ્યો તેની કોઇને ખબર વટીક પડી નહિ.

"બધાં ખુબ ગેલમાં ઉતર્યાંછ, સાહેબ" લગભગ છેક એક વાગી ગયા પછી હેરોલ્ડે સર તેલબોટ આગળ આવી તેવણુને ખબર આપી. "તેમાં ડચેસ તો કહેછ કે આય આપણી પાર્ટી ચાલુ મોસમની એક ફતેહજ પુરવાર થઇ છે."

સર તેલબોટ તેની તરફ જોઇને હસ્યો.

"ડચેસની ઘણી મેહેરબાની છે, હેરોલ્ડ" એમ કરતાં ત્રણ વાગે પરોણાઓએ વીખરાવવા માંડયું. ત્યાંથી રૂખસદ લેવાનું પહેલાં ડચસે પોતાના મોભાની રૂહે મંડાણ કીધું અને તેણીની પાછળ ગરોગર બધાં પરોણાંઓએ ચાલવા માંડયું અને જરાવારમાં તે વિશાળ બોલ રૂમમાં હેરોલ્ડ ઉસ્કેરાયલી અને થાકેલી હાલતે, ત્યાં બતી બુજાવવાનાં કામમાં રોકાયલા નોકરોનું તે કામ જોતો ઉભો. અડધોક કલાક બીજે એમ

જતાં હવે તેને તેના બાપ તોલના કાકાજી યાદ આવ્યા. "હવે હમણાં તેવણુ તો પોતાના રૂમમાં ગયા હશે, હુંબી હવે સુઇ જઉં" એમ વીચાર કરી અવાચીપર અવાચી ખાતો તે તે ઓરડામાંથી નીકળી ચાલ્યો.

ઉડલી હોલના તે બોલ રૂમમાંથી તે મેહેલમાં દાખલ થવાના આગલા હોલમાં નીકળાતું હતું અને ત્યાં ગોઠવેલા મોટા પહોળા દાદર મારફતે ઉપરના ઓરડાઓમાં જવાતું હતું. હેરોલ્ડ પોતાના કોટના ખીસામાં હાથ નાંખી મજેહથી ડોલતો ડોલતો તે દાદર ચઢી ગયો અને પોતાના ઓરડા તરફ જવા તે ફરતો હતો તેટલામાં તેને શીગારની મોજ યાદ આવી કે તે પાછો ફર્યો અને ચાલ ઓળંગી પીકચર ગેલરી જ્યાં હંમેશાં બીડી ફુંકવા દેવામાં આવતી હતી તે તરફ ગયો.

સર તેલબોટ પોતે તો બીડીની અડાસે જતો નહતો અને જેને તેની આદત હોય તેને તેની મજાહ ઓરડે ઓરડે ચાખવાની મનાઇ હતી અને તેટલા માટે પીકચર ગેલેરીને એલાહેદી રાખવામાં આવી હતી કે જેથી જેને જોઇએ તે ત્યાં જઇને બીડી પીતો બેસે. સર તેલબોટને તંબાકુ તરફ ધિક્કાર હતો, પણ પોતાને ત્યાં આવતા જતા કે ત્યાં રહેલાઓને તેની મનાઈ ફરમાવી તેઓપર તે જાતનો જુલમ કરવાનું તેને પસંદ નહતું અને તેથીજ બીડી પીનારાઓ માટે તેણે પીકચર ગેલેરી એલાહેદી રખાવી હતી. જેણે એ શોખ પુરો પાડવો હોય તે બેલાશક પીકચર ગેલેરીમાં તેમ કરે—બીજા કોઇબી ઓરડામાં નહિ એવો તેવણુનો સાફ મનાઈ હુકમ હતો, એટલે હેરોલ્ડ શીગાર પીવા છેક પીકચર ગેલેરીમાં કાંય જવા નીકળ્યો તે સહેજમાં સમજી શકાશે.

હેરોલ્ડે તે ગેલરીનું અળગું બંધ બારણું ઉઘાડયું; એક બતીનો ઝાંખો ઉજાસ ત્યાં પડતો હતો જેની મદદથી તે એક કબાટ જ્યાં શીગારો રાખવામાં આવતી હતી ત્યાં તે ગયો તો તે ગેલેરીને પેલે નાકેથી કોઇના કાંઇ બડબડવાનો અવાજ તેને કાને આવ્યો. તેણે

તે સર તેલબોટના અવાજ તરીકે તરત પીછાણ્યો.

"હેરોલ્ડ!" તેવણુ બોલ્યા "એ તું છે કે?"

"હા, સાહેબ, હું છેઉં—હું શીગરેટને માટે અહીં આવ્યો પણ મને ખબર નહિ કે તમો સાહેબ અહીં છેવો."

સર તેલબોટનો આકાર તે અડધા અંધારામાંથી તેની તરફ આવ્યો અને હેરોલ્ડે જોયું કે તેવણુ હજી પોતાના જેના તેજ પોષાકમાં હતા, અને તેવણુને ત્યાં જોઇ તે કશી વાતે અજબ તો થયો નહિ, પણ તેવણુનો તે વખતનો ચહેરો જોઇ તે ચોંક્યો ખરો. તેવણુનો ચહેરો જે નીચે પાર્ટીની ધધુંખરમાં શાંત અને હસ્તો હતો તે હાલ તેને કઠોર, કરચલીવાલો અને કરડો લાગ્યો.

"હું જાણું કે સાહેબ તમો પોઢી ગયા હશો. હુંબી સુવાજ જતો હતો પણ તેટલામાં શીગારની તલબ થઈ—"

"લે—જા—તારે ગમે તો અહિં મારી હાજરીમાં પી, મને અડચણ નથી."

"નહિ સાહેબ, કાંઇ નહિ, નહિ પીવસ તો મને ચાલશે."

સર તેલબોટ એક યા બે મીનીટ સુધી તેની સામે અદબવાળી તેને ટીકતો ઉભો અને પછી તેના ખભાંપર પોતાનો જમણો હાથ મુકી તેને પાસેનીજ એક ટેબલપર તેણે બેસાડયો અને બોલ્યો:—

"હેરોલ્ડ, હું તુંને મળવાજ માંગતો હતો અને સારૂં કીધું કે તુ અહિ આવી લાગ્યો" એમ બોલી તે એકાદ બે ફેરા તે રૂમમાં ફર્યો અને પાછો તેજ ઢપે હેરોલ્ડની સામો આવી ઉભો. "હેરોલ્ડ, તું જાણેછ કે તુંને મારા વારસ તરીકે જાહેર કરવા મેં મારો આય મહેલ એકવાર ફરીથા ખુલ્લો મુકી પરોણાઓને આવતાં જતાં કીધાંછ?"

જવાબમાં હેરોલ્ડ તેવણુના ચહેરા તરફ ટીકતો બેઠો, પછી બોલ્યો—

"સાહેબ, હું નગુણો તો નથી એમ તમે જાણોછ કેની?"

"હું આપણી તરફની આય દુનિયાને જણાવવાજ માગતો હતો કે મારી પછી મારા ખેતાબનો અને મારી બેશુમાર દોલત જે આજે પા સદી થઇ વપરાયા વગર પડી પડીને બીશયાર વધી ગઇછિ તે બધાંનો તુ એકલો હક્કદાર વારસ છે. ફક્ત એજ સબબને ખાતર મેં મારો એકાંતવાસ તજયો છે અને ત્યાં ફરીથી કદીબી પગ નહિ મુકવાના મેં લીધેલા કસમ તોડયા છે. ઉડલી હોલનો ધનવાન વારસ ભરાતો સંતાતો આવીને પોતાનો ચાર્જ લેય તે મને લાયક નહિ લાગ્યું. મેં તે સંબંધી મારી ફરજ બજાવી છે. મેં તુંને મારી કુલ અસ્કેયામતનો આજે વારસ જાહેર કીધો છે. એ શું તે તું સમજયો? એક અમીરના સંબંધમાં આપણો ઇંગ્લાંડનો કાયદો છે કે તેનો ખેતાબ તેના વડા બેટાને—વડો બેટો બાપની હઇયાતીમાં મરણ પામ્યો હોય તો તેથી નાનાને પછી તેના વડા બેટાને એમ ઉતરી આવવો જોઇયે. જો તે અમીર, બેટાની બક્ષેસથી બાકાત રહ્યો હોય તો તેનાજ લોહીથી ઉતરી આવેલા કોઇબી મરદ વારસને તે મળે છે, પણ તેની જે દોલત હોય તે તે કોઇનેબી આપી જઇ શકે છે. તેપર પોતાના વારસનો કશો હક્ક રહેતો નથી. હવે, તુંને આ ફક્ત મારો બેરોનેટનો ખેતાબ આપું અને થોડીક જમીન તારા નામપર કરૂં તો તારી હાલત એક ભીખારી કરતાં કાંઇ ઘણી સારી ન કહેવાય અને ત્યારે પૈસા વગરનો બેરોનેટ શા ખપનો? વળી હું જો ચાહું તો મારી બધી દોલત એક હોસ્પીતાલના ફંડમાં યા તો ફક્ત રસ્તે ચાલતા ભીખારીને આપી જાઉં, પણ નહિ, મેં તેમ ચાહ્યું નથી અને ચાહતોબી નથી. હું તુંને મારો પુરેપુરો વારસ નેમું છું પણ તે ફક્ત એકજ શરતે."

આ શુખન સાંભળતાંજ હેરોલ્ડે તેની તરફ ચોંકીને જોયું અને સર તેલબોટે તેની આંખોમાં ઉડલી ખાનદાનમાં ચાલતી આવેલી મગરૂરીનો ઉજાસ પ્રગટ જોયો.

"ચુપ, નહિ તો બાજી બગડશે. શરતો કાંઈ ઘણી નથી. ફક્ત શરત એક છે." એટલું બોલી તે હેરોલ્ડ તરફ ટીકતો ઉભોજ રહ્યો. બંનેએ એકમેક સામે જોયા કીધું પછી હેરોલ્ડે ચુપકીદી તોડી.

"અને તે શરત શું છે, સાહેબ ?"

જવાબમાં સર તેલબોટે ત્યાં ટેબલપર મુકેલી કેનડલ સ્ટીક ઉપાડી અને તેને પોતાની પાછળ આવવાની ઈશારત કરી તેણે પોતે ચાલવા માંડયું. હેરોલ્ડે તેવણના ઇશારાને માન આપીને જે ટેબલપર તે ટેકીને બેઠો હતો ત્યાંથી ઝડપથી તે ઉઠયો અને સર તેલબોટની પાછળ પાછળ ગયો તેમ કરતાં તેઓ ઉડલી ખાનદાનના થઈ ગયલા વડવાઓની ત્યાં ભીંતે ગોઠવી મુકેલી છબીઓ એક પછી એક પસાર કરી ગયા અને પોતાની જવાનીના વખતની તેની છબી આગલ આવી કે સર તેલબોટ થોભ્યો. ત્યાં તેણે પોતાના હાથમાંની મીણબતી છેક ઉંચી પકડી અને હેરોલ્ડની નજર ત્યાં ટાંગેલી એક નાની કેબીનેટ ઉપર પડી. તેણે તે ઘણીવાર જોઈ હતી અને તે જાણતોબી હતો કે તે નાની કબાટ રોકી બંધ ફ્રેમમાં કોઇની છબી હતી પણ તે કોણની હતી તેની તેને ખબર નહિ હતી.

ત્યાં સર તેલબોટે પોતાના હાથમાંની બત્તી એક ઠેકાણે મૂકી અને પોતાનાં ગજવાંમાંથી એક નાની કુંચી કાઢી તે કેબીનેટનાં તાળાંને લગાડી તે ઉઘાડયું અને પછી તે ફ્રેમના બેઉ બારણાં જાણે તે કોઈ મૂર્તિનું મંદીર હોય તેવાં માનથી તેણે ઉઘાડયાં તો તે બેઉની નજર એક અબલાના અતી ખુબસુરત ચહેરા ઉપર પડી.

તે જોઇ હેરોલ્ડ સર તેલબોટને કાંઈ સવાલ પુછવા જતો હતો, પણ તેણે તેને અટકાવ્યો અને તેણે પોતેજ ખુલાસો કીધો કે—"આય મારી પરણેતરની છબી છે. તુ પુછશે કે આવા દીલકશ મ્હોંડાંને એમ

ઢાંકી રાખવાનું કારણ શું ? તો તે કારણ એમ કે તે મને છોડીને ચાલતી થઈ હતી !"

ત્યાં હેરોલ્ડની નજર કુદરતી સર તેલબોટના ચહેરાપર ગઈ અને તે જોઇને ચોંક્યો કે તેનો ચહેરો ઉજળો પુણી જેવો હતો.

"પચીસ વર્ષની વાતપર એ લેડી ઉડલીને, હું પરણ્યો હતો; તે વખતે મને બધાં ભેજાં ફેરાવણ ઉડલી કરીને કહેતાં હતાં; તે એક સ્કવાયરની દીકરી હતી. ઘણીજ જવાન હતી તેથી દુનિયાના અનુભવથી બેખબર હતી. લગભગ પાંચ વર્ષ સુધી આયજ હોલમાં પારકાંઓની સંગત તજી અમો બંને એકમેકનાં સુખમાં રહ્યાં હતાં. પાંચમે વર્ષે સેતાન ચોઘડચે અમારાં તેડાંને માન આપી મારો એક દોસ્ત અને તેણીનો એક સગો અમારે ત્યાં પરોણા દાખલ આવ્યો. અમો બંને બચગીના દોસ્ત હતા અને અમારી તે દોસ્તી અમારી મોટી ઉંમરમાં પણ ટકી રહી હતી; જાણે અમે એક માય અને એક બાપના બે દીકરાજ હતા. મારા કરતાં તે જુવાન અને ખુબસુરત હતો. જુલાઈ મહિનાની એક રાત્રે આયજ હોલના કમ્પાઉંડમાંની કન્ઝરવેટરીમાં તે બેઉનો મેલાપ મેં પકડયો; તે વખતે લેડી ઉડલી એક ઝાડની ડાંખલી ઉપર બેઠી હતી અને તે તેણીની આગળ ગુંઠણ મરડયે પડયો હતો. બીજે દહાડે સ્હવારે અમે ઇંગલીશ ચેનલ ઓળંગી બેઉ જન ફ્રાન્સના કેલે શેહેરમાં ગયા, કેમકે ત્યાં આપણા દેશમાં પીસ્તોલબાજી તો રમાય નહિ. ત્યાં અમે 'ડયુઅલ' રમ્યા, જેમાં તે મૂઓ અને હું હઇયાત રહી ત્યાં પાછો ફર્યો. ત્યાં આવીને જોઉં છ તો મારૂં ઘર ખાલી હતું. લેડી ઉડલી જતી રહી હતી. એટલે મને તેણીનાં પાપની કોઈ સાબેતી જોઇતી હોય તો તે તેણીનાં ગુમ થવામાં મળી શકશે—"

"પણુ—પણુ, ઓ ખુદા ! સાહેબ—" હેરોલ્ડ વચ્ચે બોલી ઉઠયો.

"ચુપ, મારૂં બધું ધીરજથી સાંભળ, હેરોલ્ડ" તેને અટકાવી સર તેલમોટે પોતાની વાત આગળ ચલાવી. "મેં તુરતજ એકાંતવાસ અખત્યાર કીધો, કોઇની આગળ કશો ખુલાસો મેં કીધો નહિ અને મુંગે મ્હોંડે બધું ખમ્યા કીધું. એમને એમ દશ વર્ષ નીકળી ગયાં અને એક દહાડે ફરતાં ફરતાં હું તેણીના ઓરડામાં જઇ લાગ્યો: તે ઓરડો, જે રાત્રે તેણી જ્યાંથી જતી રહી હતી તે વખતે જેવી હાલતમાં મેં તેને બંધ કીધો હતો તેવોજ હતો; મેં ત્યાં દાખલ થઇ કશાબી વીચાર કે કશીબી મતલબ વગર તેણીની ટેબલપરની ચીજો ઉથલપાથલ કરવા માંડી, જેમ કરતાં તેણીનો જુવેલ બૉકસ મેં ખસેડયો તો તેની તળેથી મને એક કાગજ મલ્યું; તે ઉપર મારૂં સીરનામું હતું અને તે મેં ઉખેડીને વાંચતાં બે મીનીટમાં તેણીનું નિર્દોષપણું જાહેર થઈ ગયું. તેણી જે રાત્રે ત્યાંથી ચાલી ગઇ તેજ રાતે તેણીએ તે લખેલું હતું અને તે થોડીક લીટીઓ મારફતે તેણીએ પોતાનું આખું હૈયું જાણે મારી આગળ ઉઘાડીને મૂકયું હતું, જે હૈયું સફેદ દુધ જેવું મને માલમ પડયુંઃ ત્યાર પછી હું દિવાના જેવો થઇ ગયો, મેં ચોતરફ તપાસ માટે માણસો રવાના કીધાં અને મરવા પડેલો આદમી જેમ પોતાને જીવાડવાનું સાધન શોધે તેમ મેં તેણીની શોધમાં તરફડીયાં માર્યાં, પણ ફોકટ. બાદ, જે ઘરને મેં મારે હાથે ઉજ્જડ બનાવેલું ત્યાં હું આવ્યો અને પાછો એકાંતવાસ મેં ધર્યો."

આટલે સુધી હેરોલ્ડ કશુંજ બોલ્યો નહિ અને તેણે બોલવા માગ્યુંબી નહિ. તે તે વર બધયરની આ કમનસીબ કહાંણી સાંભળી એટલો દુઃખી થયો હતો કે તેથી તેને થયલાં અગાધ દુઃખનું માપ તેની આંખોમાં ઝળઝળી રહેલાં આંસુઓનાં ટીપાંથી થઈ શકે તેમ હતું.

"તેં હજી બધું સાંભળ્યું નથી હેરોલ્ડ; એ રીતે મારી પરણેતર કાંઈ એકલીજ ચાલી ગઈ ન હતી, તે પોતાની સાથે પોતાનાં બચ્ચાંને—

મારાં બચ્ચાંને—લઇને ગઇ હતી."

"હા, એકજ રાતમાં મેં મારી બૈરી અને બુચ્ચી બેઉને જાણે નસાડયાં; મારી બુચ્ચીને તે લેતી ગઈ અને મને જાણે ડબલ શીક્ષા કરતી ગઇ."

હેરોલ્ડ હવે તે જ્યાં ઉભો હતો ત્યાંથી ખસીને સર તેલબોટ આગળ આવ્યો અને બોલ્યો—

"ખુદા ખાતર બસ કરો સાહેબ, મને હવે વધુ કાંઇજ કહો ના—ગમે તો તે કોઈ બીજા વખત સારૂ મુલતવી રાખો."

"નહિ, મારે હજી તુંને ઘણું કહેવાનું છે, અને તે બધું તું સાંભળે એ ઘણું જરૂરનું છે. હવે મારે તારે માટે અને મારી સાથનાં તારાં સગપણ માટે બોલવું છે. તું જ્યારે પ્હેલો અહીં આવ્યો તે વખત તુંને ખબર છે કેની? તેજ વખતે મેં તુંને કહ્યું હતું કે મારો વિચાર તુંને મારો વારસ નિમવાનો છે. મેં મારો બોલ પાળ્યો છે અને મારા વારસ તરીકે આજે મેં તુંને બાપુકાર જાહેર કીધો છે. તું જાણે નહિ તેમ મેં તારી ઉપર ખુબ દેખરેખ રાખી હતી અને તારી ચાલચલણુથી હું સંતોષ પામ્યો છું; તું મારાંજ ખાનદાનનો હુબહુ છે. તારામાં અમારાં ઉડલીનું લોહી દોડે છે, માત્ર એટલું છે કે તું ઉડલીના ઉતરતા આવેલા જવાનો જેવો ભેજાં ફાટેલ અને ઉડાઉ નથી. મારો પ્યાર જેની ઉપર અલબત તારો હક્ક છે, તે હું તુંને આપી શકયો નથી, કેમકે તે પેલાં બેઉ મારી પાસેથી ક્યારનો છીનવી લઇ ગયાં છે. બાકી બધું મેં તુંને આપ્યું છે. જેના બદલામાં મારે તારી પાસે કાંઇ માગવાનું છે."

"એ બધી મહેરબાનીના બદલામાં એવું તે શું છે કે જે હું તમને આપી શકું? પણ તે જાણ્યા વગર તમને સાહેબ ખાતરી આપુંછ કે તે તમારૂંજ છે."

વળી પાછું સર તેલબોટે હેરોલ્ડ તરફ ટીકીટીકીને જોયું અને પછી તે તેની સામે ઉભેલા ભત્રીજા તરફ ધસી આવી તેને બાજુમાંથી પકડી બોલ્યો, "હેરોલ્ડ, તે બેઉનો પત્તો લાગ્યો છે!"

"તેઓ બેઉ મળ્યાંછ—મારી પરણેતરની કબર કોઇ દુર દેશમાં ચણાઇછે તે મને માલમ પડયુંછ અને મારી પુત્રી હજી હૈયાત છે એવી મને ખબર મળીછ."

"વારૂ પછી?" એમ બોલી તેણે સર તેલબોટ જે અત્યાર સુધી ઉભો રહીનેજ બધું બોલતો હતો તેને હળવેથી ખભામાંથી પકડી એક ખુરસી તેની તરફ ખેંચી તેને બેસાડયો—"બેસો, સાહેબ, અહીં બેસો અને ધીરજથી મને બધું કહો."

સર તેલબોટ થાક ખાવા જરા થોભ્યો અને બોલ્યો—

"મારાં તે વ્હાલાંઓની શોધમાં મેં રોકેલા એજન્ટોમાંથી એકે મને એક અઠવાડિયાંની વાતપર લખી જણાવ્યું છે કે અમેરીકાના એક નવાં વસાયેલાં શહેરમાં લેડી ઉડલીનો પત્તો લાગ્યો છે. ત્યાં તેણી કોઈ બીઝેજ નામે રહેતી હતી અને મારીજ માફક તેણીએ એકાંતવાસ શોધ્યો હતો. ન્યુયોર્કમાં તેને આ વાતની ખબર પડી અને તુરતજ તે તે શહેરમાં દોડી પહોંચ્યો તો તેને માલમ પડયું કે લેડી ઉડલી મરણ પામી હતી અને તેની છોકરી ત્યાંથી ચાલી ગઇ હતી; તે ક્યાં ગઇ હતી તેની કોઇને ખબર નહતી. કાંઇક દીવસોના દીવસો તેણે તેની ભાળ કાઢવામાં ગાળ્યા અને તે ગુમ થયેલી દીકરીનો જ્યારે તેને કશોજ પત્તો ન લાગ્યો ત્યારે એ બાબતની ખબર કરનારો આખરે તેણે મને તાર કીધો.

"ત્યારબાદ તેણે મને લખ્યું કે લી નામની એક છોકરીનો તેને પત્તો લાગ્યો છે, જે છોકરી લેડી ઉડલીનીજ છોકરી હોવી જોઇએ એમ તેની ખાતરી છે, કેમકે લેડી ઉડલી મીસીસ લીનાં ધારણ કી-

પેલાં નામ હેઠળ તે તરફ રહેતી હતી એમ તેને માલમ પડયું છે, અને વળી તે લખે છે કે તેણીના મળેલા પત્તાની તે પુંઠે લાગ્યો છે અને તેને આશા છે કે હવે તેને તે હાથ લાગશે: કદાચ તે બે વ્હાલાંઓ તરફ મેં ગુજારેલી જાસ્તીની મને ભોગવવી પડતી સજા સંપૂર્ણ કરવા તે મારી દીકરીની હૈયાતી ખુદા ન કરે ને કદાચ ખતમભી થાય—પણ નહિ, મને કાંઈ છુપી બસારત થાય છે કે થોડાંક અઠવાડિયાં યા થોડાક મહીનામાં મને તે આવીને મળશેજ."

"ઓ ખુદા! ત્યારે તમે અહીં બેસીજ રહ્યા છો?" હેરોલ્ડ ઉશ્કેરાઇને બોલી ઉઠયો "જયારે એકેએક પળ કીંમતી છે, ત્યારે તે ખોહોવાની શું મતલબ? તમારી તે દીકરીને નહિ તો પેલા તેણીની શોધમાં પુંઠે પડનારને કાંઇ અડચણ પ્હોંચી તો? તેનાં પરિણામની વાટ જોતા તમે અહીં બેસીજ રહેશો?"

હેરોલ્ડની આ ઉલટ અને ઉશ્કેરણી તેવણને ગમી હોય તેમ તેવણ જરા હસ્યા અને બોલ્યા:—

"તારે ગમે તો તું મને વ્હેમી ગણ પણ મને એમ ધખારો થાયચ કે જો અહીંથી એક ડગલુંભી હું બહાર કાઢસ તો તેને હું સદાની ખોહી દેવસ! મને એ ધખારો નથી ગમ્યો અને તે સમાવી દેવા મેં જીવતોડ મેહેનત કીધીછ, પણ ફોકટ!"

આ સાંભળી હેરોલ્ડની આંખ્યોમાં કાંઈ અજબ ચમકાટ પ્રકાશી રહ્યો અને તે બોલ્યો—

"ત્યારે, મને જવા દેવો સાહેબ!"

સર તેલબોટે તેની તરફ ટગર ટગર જોયા કીધું અને તેવણના ચહેરામાં અજબ ફેરફાર થઈ રહ્યો.

"મને જવા દેવો, એક કરતાં બે ભલા—વખતે તમારો પેલો એજંટ મરીભી જાય અને તેની શોધ જયાંની ત્યાંજ રહી જાય—કાણુ

જાણે ! હું જવાન છેઉં, મજબુત છેઉં, એટલે—"

ત્યાં સર તેલ્લબોટે તે જવાનનો હાથ જોરમાં પકડયો અને બોલ્યો—

"ખુદા તારૂં ભલું કરે, હેરોલ્ડ ! હેરોલ્ડ, તુ મને તેની સાથે મેળવ—તું મેળવ."

"ખચીતજ ! જો તમારી દીકરી હૈયાત હશે તો જાઓ એમજ સમજો કે તે તમને મળી !"

"આહા મને મારી દીકરી મળશે ને તુને તારી બઇરી !"

"હા, મને મારી બઇરી. હું સમજ્યો સાહેબ, ત્યારે તમારી એ શરત—ઠીક તે મારે કબુલ છે; હું તમારી દીકરી અને ભવિષ્યની મારી પરણેતરને શોધવા જાઉં છું."

પ્રકરણ ૩ જું.

જે વખતે ઈંગ્લાંડના ઉડલી હોલમાં પરોણાઓ આવવાની ધમાલ ચાલી રહી હતી તેજ વખતે સેંટ ફ્રાન્સીસ્કોની એક આગેવાન થીએટરમાં એક ભરચક ઓડીયન્સ 'ઓવરચર'નું મ્યુઝીક સાંભળતુ બેઠું હતું. તે ચોક્કસ રાતે તે હાઉસ ઠીચોઠીચ ભરાઇ ગયું હતું જે ઉપરથી ધારવામાં આવતું હતું કે ત્યાં આજે કોઈ અસાધારણ નાટક રજુ થવાનો હોવો જોઇયે. થીયેટરબી હતી પેહેલે વાંત્રેની, આજે લાઇટબી હતી વધુ અને વધારે ઝમકદાર, ઓડયન્સબી આજે હતું મોટે ખાંચ-રેનું, કુલ સ્ટીંગ બેંડ ત્યાં આજે હાજર હતું, સ્ટોલ્સમાં વધારાની ખુરસીઓ મુકવી પડી હતી, અને બોકસો ચીકાર ભરાઇ ગયલા હતા, જ્યાં બેઠેલાં શ્રોતાજનો જરા જરામાં સ્ટેજ તરફ ડોળા તાણ્યાં કરતાં હતાં, અને એ બધાં ઉપરથી આમે ઉપર કહ્યું તેમ કોઇનેબી જોવાને અને જાણવાને બની આવતું હતું કે તે ચોક્કસ દીવસે ત્યાં કાંઇ અસા-

ધારણુ ખેલ રજુ થનાર હતો. અમે આગળ કહ્યું કે બધા બોક્સો ચીકાર ભરાઇ ગયા હતા, પણ એક બોકસમાંની વચ્ચોવચ્ચનીજ એક ખુરસી ખાલી હતી જ્યારે તે ધણી વગરની ખાલી બેઠકની આજુ-બાજુ અને પાછળ કેટલાક જવાનો બેસી યા ઉભા રહીને ટાહેલું કરતા હતા.

"સ્લેડને આજે લેટ થયું ?"

"હા," બીજો બોલ્યો "ઘણું અજબ છે, કેમકે હંમેશાં તે તે ઓવરચર શરૂ થયાની આગમજ આવી ત્યાં ગોઠવાઈ જતો હતો."

"હું ધારૂંછ" ત્રીજાએ અટકળ કીધી "આજે રાત્રે પેલીનો પાર્ટ છે તેની તેને ખબર નહિ હશે."

"તેને ખબર નહિ ? કાંઈ ઘેલો બેલો થયોછ ?" તે પહેલો જેણે સ્લેડની વાત છેડી હતી તે બોલ્યો.

"હમણાં સુધી એક રાત તે ચૂકયો નથી અને આજે પેલીની જ્યારે છેલ્લીજ રાત છે ત્યારે તે અહીં આવવાને કદી ચુકે નહિ. પણ મને લાગેછ કે પેલી કાંઇ તેને મચક આપવાની નથી. જોઇએ તો તે માથું ફોડીને લોહી કાઢે પણ તેનું કાંઈ વળવાનું નથી. એ પેલી હજાર પાઉંડની શરત ખોહી બેસવાનો."

"તે શું બાઇ ? એ હજાર પાઉંડની શરતની શું વાત છે ?" તેજ વખતે ત્યાં એક નવા આવનારે સવાલ કીધો.

"પેલા ડોસન સ્લેડે એક હજાર પાઉંડની શરત બકીછ કે આય અઠવાડયું પુરૂં થાય તે અગાઉ હીલ્ડા સાથે પાર્કમાં તે ફરવા જશે. પાંચ દહાડા તો ગયા, ને હજી તે જ્યાંનો ત્યાં છે."

"હીલ્ડા ફેન ? તમે લોક તેને વાસ્તે જોઇયે તે કરતાં વધારે ફસ કરોછ, એમ હું ધારૂંછ." તે નવો આવેલો બોલ્યો "એનામાં બર્યુંછ શું ? તે કોણ છે ને કયાંથી આવીછ તે કોઇ જાણતું નથી ને

કોઇ વખત કેઠે તેનું નામ વટીક કોઇએ સાંભળ્યું નથી."

"તે બરાબર છે. ફક્ત એ અઠવાડીયાંને માટે તેને આય થાયેટરમાં રોકવામાં આવી હતી. પહેલી નાઇટ કોરીજ ગઇ, બીજી રાત્રે બમપર હાઉસ માર્યું ને આજ સુધી તેમજ ચાલ્યુંછ."

"ને તે છતાં તેને વીષે કોઇ કાંઈ જાણતું નથી?"

"કોઇ બી કાંઇ જાણતું હોય તો તે એટલુંજ છે કે થોડોજ વખત થયો તેણી બાહાર પડી છે ને જ્યાં તે ગેઈછ ત્યાં તેણે કમાલ કીધી છે."

"ત્યારે તો કોઇ નાટકવાળી હોસે એટલે તમારા દોસ્તે પોતાની શરત સ્હેજમાં જીતવી જોઇયે. એવીઓ મરદ સાથે ભટકવાને કયાં શરમાય એમ છે?"

"નહિ, તું એને વાસ્તે એમ ધારશે તો સુઝમાં રોજા ખોલશે. આજે ત્રણ ત્રણ દહાડા થયા તેની ઉપર જુદે જુદે ઠેકાણેથી તેડાંઓનો વર્ષાદ વર્ષેછ, ને તેબી મોટે મોતબર ખાંચરેથી પણ એ બધાઓને એકજ જવાબ. શું? 'મીસ ફ્રેન સલામ સાથે જણાવે છે કે તેણીને મળેલું ઘણું માયાળુ ઇજણ તેણી કબુલ રાખી શકતી નથી.' નથી તે કેથે જતી કે નથી તે કોઇને મળતી."

"અરે, ત્યારે તો સમજ્યો! એબી એક જાહેર ખબર. લોકને ઉસ્કેરવાની એબી એક તદબીર. જોની એમ છે તોજ તેની આપણે આજે વાત કર્યેછ કેની? હું શરત લેવા તૈયાર છું કે એકટીંગમાં કાંઇ ઝાઝી તે નામીચી નહિ હોશે."

"ત્યારે તો તમે હારશોજ કેમકે મેંબી ઘણી નામીચી એકટ્રેસો જોઈછ, પણ એના જેવું એકટીંગ મેં કેથે નથી જોયું. અલો, લેવો સ્લેડ આવ્યો."

અંને તે બોલનાર એક તરફ ફરીને હસ્યો અને તે તરફથી જરા બારમાં ભીડમાંથી પોતાનો રસ્તો મુસ્કેલીએ કરતો ત્યાં એક

જવાન ખુબસુરત ઇંગ્રેજ આવી પોતાની પેલી ખાલી રહેલી ખુરસીપર ગોઠવાયો.

એ કોણ હશે તેને માટે આજે ત્રણ ત્રણ મહીના થયા પુછપરછ થતી હતી, અને આજેબી તેને વિષે કોઇને પુરી માહિતી હતી નહિ; તે એક ઇંગ્રેજ જવાન–અને સારાં ખાનદાનનો હતો એમ તેના ચ્હેરા અને તેની રીતભાત પરથીજ જણાઇ આવતું હતું. કોઈ કહેતું કે તે ગંજાવર મોટી દોલતનો વારસ હતો અને શોખને ખાતર બધેબધ ફરતો હતો, તો કોઈ વળી ફેંકતું કે તે માત્ર એક ધપધપ્યો જવાન હતો જેનામાં સંગીન કરતાં બધું પોકળ વધારે હતું, અને તે છતાં તેની ઉપર બધાં ઓવરાઈ પોવરાઈ જતાં હતાં અને તેને પોતાને ત્યાં તેડવાને પોતપોતાના વચ્ચે હરીફાઇ કરતાં હતાં.

ત્યાંબી જેવો તે આવીને પોતાની સીટપર બેઠો કે તેની તરફ ઓપેરા ગલાસો ટીકાયા, તે છતાં તે તરફ તે જાણે ઝાંખીનેબી જોતો નહિ હોય તેમ માત્ર કોઇ કોઇ તરફ ડોકું હીલવી તે સલામ કરતો હસ્તે ચ્હેરે ત્યાં બેસી રહ્યો !

"અલો, સ્લેડ, આજે લેટ થયું ?" પેલો કે જેણે તેણે લીધેલી શરતની વાત ત્યાં પેલા નવા આવનાર આગળ કહી સંભળાવી હતી તેણે તેને પૂછયું. "અમે જાણ્યે કે તું નહિ આવશે."

"થેંકયું મને લેટ થયું એ ખરી વાત છે; ઓવરચર હમણાંજ પુરો થયો, નહિ ? બ્રીટીશ કોન્સલને ત્યાં હું જમવા ગયો હતો જ્યાંથી વખતસર નીકળાયું નહિ."

"પછી પેલી શરતનું શું થયું ?"

"છે, તે જેમની તેમ ઉભીછ."

"ખરેખર ? વારૂ, સ્લેડ એ વાત ખરી કે તેં તેની ઉપર હીરાની બ્રેસ્લેટ મોકલી હતી, જેમાં વટાણા જેવાં નંગો બેસાડેલાં હતાં ?"

"ખરી વાત" તે ચ્હેરો શાંત રાખી બોલ્યો, "અને તેં જો એમબી સાંભળ્યું હોય કે તે એમનીએમ પાછી વાળવામાં આવી હતી તો તેબી ખરૂં છે."

"ઓજ્જા! ત્યારે તો પેલી હજાર પાઉંડની શરત ખોટી થવાની?"

"બીલકુલ નહિ." ડોસન સ્લેડ જરાક મ્હોં મલકાવી બોલ્યો, "એ રકમ બેવડી કરવાને હું તૈયાર છું."

આ ચેલન્જ બીજી તરફથી ઉપાડી લેવામાં યા સાફ ના પાડવામાં આવે તેટલાં પડદો ઉંચકાયો અને હાઉસ તેની જાદુઇ અસરથી ચુપચાપ થઇ ગયું.

તે એક આગલા વખતની ગ્રીસની રાજ્યનીતિ રજુ કરનારો પ્લાસ હતો અને હીલ્ડા ફેનને તેમાંની હીરોઇનનો મુખ્ય પાર્ટ આપવાને માટેજ તે આજે સ્ટેજ કરવામાં આવ્યો હતો. તેમાં તે હીરોઇનને એક અબળા જાતીની નજાકત અને ગ્રેસ બતાવવાની હતી અને પછી તેની ઉપર જ્યારે ઉપરાસાપરી ગેર ઇનસાફ ગુજરે છે ત્યારે તે નાજુક બાળા કીનાની તરસી બની એક હેવાન રૂપ લઈ કીનાને માટે કેમ તડપે છે તે તેમાં બતાવવાનું હતું.

તે પેલા એકટનો અર્ધો ભાગ તો તમાશબીનોએ શાંત ચુપકીદી વચ્ચેજ પસાર થવા દીધો, પણ જેવો સ્ટેજની પછવાડેનો પડદો ફાટી શુદ્ધ સફેદ પોષાકમાં સજ થયેલી એક રૂપાળી કોમળાંગી કુદીને સ્ટેજ પર આવી કે તે ઓડયન્સ પોતાની ઉંઘમાંથી સજાગરૂ થઈ ઉઠયું અને તાલીઓના ગડગડાટથી તે થીયેટરનું છાપરૂં નીચે આવવાની થોડી વાર તો બધે ધાસ્તી ફેલાઇ રહી.

તમાશબીનોના એ હર્ષીત આવકારનો, પોતાનું ફુલ જેવું માથું જરાક નમાવી ઉપકાર માનતાં એકદમ તે સીનમાંના પોતાના પાર્ટમાં તે અબળા દાખલ થઇ ગઇ કે તે હાઉસ પાછું ચુપચાપ થઇ ગયું

અને તેણીના મ્હોંમાંથી પડતાં ગાયનરૂપી મધના રસનું એકેક ટીંપું મ્હોં મટમટાવીને તે પીવા લાગ્યું.

રફ્તે રફ્તે તે પ્લે પોતાનું ખરૂં રૂપ લેતો ગયો અને જેમ સુંદર ચીતારવાળો ગોળ વાળીને બંધ કીધેલો પડદો રફ્તે રફ્તે જોનારાંઓની આંખ સામે ઉઘડી તે ચીતાર રજુ કરે તેમ તે પ્લે રફ્તે રફ્તે તે તમાશબીનો સન્મુખ ઉઘડતો ગયો અને તેઓની સન્મુખ તે અબળા પોતાની જાતીને કુદરત તરફથી મળેલી નજાકત પોતાનાં આંગપરથી ખંખેરી નાંખી તેને જગ્યે એક ખુનખાર, કીનાની તલબગાર ઓરત બની ગઇ અને ત્યાં ભેગું થયેલું લોક તે એક નાટકનોજ માત્ર પાર્ટ છે એમ સમજવા છતાં તે ઓરતની આંખ્યોમાંથી નીકળતા આતશના ચમકારાથી ધ્રુજી ધડકી રહ્યું !

જેમ પવનનું વાવીઝોડું ઝાડની ડાંખળીઓને મરડીને ભાંગી નાંખવા જેટલી હદ સુધી હલાવી નાંખે તેમ તેણીએ આખાં ઓડયન્સને હલાવી મુકયું, અને કીનાની પોતાની તે કોશેશમાં તણાઈ ખેંચાઇને જ્યારે તે જમીનપર પછડાઇ પડી મરી ગઈ ત્યારે તો ઓડયન્સના મોટા ભાગથી રડાઇ વટીક ગયું ! પણ તે માત્ર એકજ પળ હતું અને બીજી પળે તો તેણીનું આ કર્તવ્ય તેઓએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધું અને તે સ્ટેજ ઉપર છેલ્લો પડદો પડયો.

"વાહ ! આફ્રીન !" ડોસનની પાસે બેઠેલો પુકારી ઉઠયો. "આવું એકટીંગ કોઇજ વખતે નજરે પડયું હશે !" એટલું બોલી પોતાની પાસે બેઠેલા સ્લેડ તરફથી કાંઈ રીમાર્કની આશા રાખતો તેની તરફ તે ફર્યો અને જોવા જાયછ તો તેની ખુરસી ખાલી હતી, કેમકે કોઇ નં જોય ન જાણે તેમ તે જવાન ત્યાંથી મુંગો મુંગો ઉઠીને ચાલતો થયો હતો.

જેવી ચુપકીથી તે પોતાની જગ્યેથી ઉઠી બહાર નીકળી ગયો

હતો તેવીજ શાંત ચુપચાપ રીતે તે બહાર આવીને જરા વાર ઉભો, અને પોતાની ગાડી જે તેની વાટ જોતી ત્યાંજ ઉભી હતી તેને એક આંગળાંની ઇશારતથી બોલાવી તેમાં તે બેઠો અને તેનો કોચમેન ચાબુક ફટકાવી ઘોડાને હાંકવા જતો હતો તેને તેમ કરતો અટકાવી તેની તરફ ડોકાવી તે બોલ્યો—

"આય વખત લીલી બ્રૂમ છે ને સફેદ ઘોડો. ને આય વખત તેના કોચમેનને માલમ નહિ પડે કે તેની તેં પુંઠ સાંધીછ. બસ તે ગાડીપર નજર રાખી મુંગો મુંગો હાંકયો જજે—પેલે નાકે તેટલાં થોભ."

પેલા કોચમેને ત્યાંથી તે ગાડી હાંકી નાટકશાળાની સ્ટેજના ખાનગી દરવાજાની સામે એક ઠેકાણે તે ઉભી રાખી. પાએક કલાકમાં તે દરવાજા આગળ એક જુની ખખ લીલી બ્રૂમ આવી ઉભી કે તુરત તેમાં એક અબલા—જાણે તે ગાડીની વાટ જોતી ક્યારની ખોટી થતી હોય તેમ ઉતાવળે બેડી અને તે ગાડીએ દોડવા માંડયું, અને સ્લેડની ગાડી તેની પુંઠે લાગી.

શેહેરનો તે ફેશનેબલ લતો છોડી તે ગાડી એક એકાંત મોહલામાં દાખલ થઇ જ્યાંનાં એક ઘર આગળ તે થોભી અને જેટલી ઝડપથી તે અબલા તે ગાડીમાં ચઢી બેઠી હતી, તેટલીજ ઝડપથી તે તેમાંથી ઉતરી પડી અને તે ઘરમાં દાખલ થવા કમ્પાઉંડનો બંધ દરવાજો તેણી ઉઘાડવા જાયછ તેટલાં ત્યાંજ આપણા ડોસન સ્લેડની ગાડી આવીને ઉભી અને જરાવારમાં તે તેમાંથી કુદી પડયો અને જમણા હાથમાં પોતાની ટોપી પકડી તે તે અબલા સામે આવી ઉભો.

એક બે પલ તે બે ચહેરા એકમેક સામે ટીકતા ઉભા. તે મગરૂર અને ગુસ્સાબાજ અબલાનો ચહેરો અને તે ગબરૂ જવાનનો ખુબસુરત ચહેરો.

"મીસ ફ્રેન તમારી સાથે બે બોલ બોલવા માંગુંછ."

"શા આધારે, સાહેબ ?"

"તે આધારે કે જેને લીધે કોઇબી સાચી અબલાજાતી એક મરદનું બોલેલું સાંભળવા નાપાડતી નથી."

"અને હું તમારી સાથે કશોબી વ્યવહાર રાખવાને ના પાડું-છ" તેણી તે અળગું બંધ બારણું ઉઘાડતાં બોલી.

તુરત તેણે હાથમાં પકડેલી ટોપી માથે મૂકી દીધી અને બોલ્યો–

"તમે શું એમ આશા રાખોછ કે તમારો આ ચુકાદો મારી તરફની કશીબી અપીલ વગર હું મુંગે મોંઢે કબુલ રાખીશ ?"

તે તે દરવાજો ઉઘાડી બાગમાં પેઠી અને તે બાગ ઉતાવળે ઓળંગી જઇ ઘરમાં ચાલી જવા કરતી હતી તેટલાં તેણી ઉભી અને તેની તરફ ફરીને તે બોલી--

"તમારો અવાજ અને તમારી રીતભાત એક ગ્રહસ્થ જેવાં લાગે છે તો એક એકલી અટુલી અબલાની પુઠ પકડી તેને સતાવતાં તમને કશીબી ઓશક યા આંચકી લાગતીજ નથી ? હું નથી જાણુતી કે તમને હકજ શું છે કે તમે મારી સાથે આય ઢબે વાત કરોછ. જે એક ચોક્કસ શખસ ખાઇપીને મારી પુંઠે લાગી મને તરેહવાર અપમાન કરે છે તેજ તમે છેવો કે ?"

"હું ડોસન સ્લેઠ છઉં" તે બોલ્યો "મેંજ તમને એક ચીઠી લખી તમારો મેં મેળાપ ચાહ્યો હતો."

"ઓ ! ને તે તમેજ છેવો કે જેણે જયારે જોયું કે તેની માંગણીને તુચ્છકારી કાઢવામાં આવી છે, ત્યારે વગર નામે મને અણગમતી ભેટ મોકલવાનું તેણે પસંદ કીધું હતું ? અને તે ભેટ મેં નાકબુલ કરતાં હું ધારૂંછ કે તમે તે કોઇ વધુ લાયક અને તમારી હલકી લાગણીને પેશ પડતી લાગણીનો પડઘા કરનારને તે મોકલી હશે અને તેણે તે હજારો હજાર અહેશાંન સાથે કબુલ મંજુરથી રાખી હશે !"

"ત્યારે એમજ કે જે ભેટ મોકલવાથી તમારા ઉંચા હુન્નરની એક કદરશનાસીની મેં રાખેલી ધારણાને જો તમે અપમાનનું રૂપ આપ્યું હોય તો તેને માટે શું મને ઠપકો ઘટે છે? જો પહેલેથીજ તમે મારી અરજ કબુલ રાખી મારી સાથે બે વાત કીધી હતે તો આ નાચીજ ભેટ તમારી નજરે વટીક પડતે નહિ."

"વારૂં, આજે આય મેળાપ ચાહવાનું કાંઇ કારણ?"

"મારો એકરાર."

"મારે તે જોઇતો નથી."

"તે છતાં મારે તે કરવો છે અને તમારે તે સાંભળવોજ પડશે. મીસ ફ્રેન, હું ઘણોજ દ્દઢ વીચારનો આદમી છેઉં. મારી આખી જીંદ-દગીમાં મેં જેબી કાંઇ મેળવવા ચાહ્યુંછ તે મેં માથું ઝીકીનેબી મેળ-વ્યુંછ. મારા ખવાસના આદમીને મનસે તેના રસ્તામાં તેને મળતી નડતળ એક ઉતેજન સમાન છે. આજે પ્યારનું પીજણ નહિ પણ નોક જાળવવાની વાત કરવા હું આવ્યો છું. થોડાક દીવસની વાત ઉપર નાટકશાળામાં લટાર મારી જરા ડોકીયું કરતાં તમારી ઉપર મારી નજર પડી. તમારા દેખાવની તે પેહલીજ નાઇટ હતી. તેઓ બધા તમારીજ વાખવાખી—"

ત્યાં તે તેને હાથની ઇશારતથી ચૂપ રહેવા કહી તે ચાલી જવા કરતી હતી પણ તેટલામાંજ તેણે તેણીને હાથની કાંડી પકડી થોભાવી.

"નહિ. બધું સાંભળીનેજ તમે જાવો; તેઓ બધાં તમારીજ વાખવાખીનાં ગીત ગાતાં હતાં, અને જે રીતે તમે તમારી દુનિયાથી અલગ રહી જે રીતનો એકાંતવાસ તમે ભોગવો છો, તેની તેઓ વખાણ કરતાં હતાં, તેટલામાં તેજ વખતે મેં—ડોસન સ્લડે—ત્યાંજ શર્ત બકી કે તમને મારે તમારા એકાંતવાસમાંથી બહાર કાઢી થોડાજ દીવસમાં તુમને મારી સાથે આખા શેહેરને જોવાને બની આવે તેમ પાર્કમાં ફેરવવાં."

તેને મોંઢેથી આ બધી હકીકત જાણી તે અબળા અજાયબીથી દંગ થઇ ગઇ, અને જરાબી અચક્યા કે ઓસકાયા વગર પેલા જવાને પોતાનું બોલવું ચાલુજ રાખ્યું—

"તમારે બદલે તે અબળા કોઈ બીજીજ હતે તો આ વાત તેણીથી હું છુપાવતે, પણ તમને ઠગવા મને ગમતું નથી. મેં શરત બકી કે તે જીતવાનો મેં ઠરાવ કીધો; મેં તમને એક વખત લખ્યું—બીજી વખત લખ્યું—ત્રીજી વખત લખ્યું, અને પછી મેં પેલી જણસ મોકલી અને ત્યારે મને માલમ પડયું કે મારી શરતનેજ નહિ પણ મનેબી કશો ચાન્સ હતોજ નહિ." અને આ છેલ્લું વાક્ય તે ઘણા ગળગળતે સાદે બોલ્યો હતો.

"મેં એ બાજી ઘણી બેદરકાર રૂપે માંડી હતી કેમકે તમને એક ચુટકીમાં જીતવાનો મેં ફાંકો રાખ્યો હતો. પહેલે મારામાં તમારે માટેની વખાણ બરપા થઇ, તેમાંથી માન ઉત્પન્ન થયું અને એ બેગાં મીશ્રણમાંથી પ્યાર ઉગી નીકળ્યો. એક રાત પછીની બીજી રાત્રે અને દર રાત્રે મેં તને જોઇ છે અને જયાં સુધી મારૂં તન બદન તું માટેના પ્યારથી છલાછલ ભરાઇ રહ્યું ત્યાં સુધી તારા મ્હોંમાંથી પડતો મીઠો મધુર રસ મેં દર રાત્રે મોટા મોટા ગોટે પીધો છે. રાત અને દીવસ તારોજ ચ્હેરો મને ઘેરતો રહ્યો છે, તો હવે કહે કે મારે માટે તને વીચાર કરાવવાજ આજે આ એકરાર કરવા તારી સન્મુખ આરજુ કરતો હું ઉભો હોઉં તો તેમાં કાંઇ નવાઇ છે ?"

તે હવે થોભ્યો, તેનો ચ્હેરો ઉજળો પુણી જેવો હતો અને એક હાથની મુઠી વાળી તેણે તે પોતાની છાતી ઉપર મુકયો હતો અને બે દાંત વચ્ચે પીસીને પકડેલા તેના નીચલા હોઠમાંથી લોહીનાં ટીપાં ઝઝરતાં હતાં.

પેલી અબળા ચુપજ ઉભી, તેમાં ઉપલા ભાષણનો છેલ્લો ભાગ

સાંભળતાં તેની ડોક ઝીમાઇ જઇ છેક તેની છાતી ઉપર પડી હતી;- હવે તેણે તે ડોક ઉંચકી અને તેની તરફ ટગર ટગર જોયું.

" આય ત્યારે એક બીજીજ અને વધુ કાતીલ કીસમનું અપમાન છે ? " તેણીએ તેને પૂછ્યું.

" તે તારાં દીલને પુછ " તે બોલ્યો " તુંને મારી આય ઓફર ખોટી અને નીચ લાગેછ ? તારી આંખ્યોજ મને કહેછ કે 'નહિ', બોલ, મીસ ફેન, તું મારો હાથ કબુલ કરશે ? તું મારી સાથે પરણશે ? થોબ ! ખરૂં છે કે નથી તું મને જાણતી કે નથી મને ઓળખતી તો તારૂં દીલ જીતવાની કોશેશ કરવાની મને તારી રજા છે ? "

" નહિ. "

"તું ના કહેછ, તો તેનો સબબ મને પુછવાની રજા આપશે ?"

" તેનો સબબ એ કે–" પણ તે આગળ બોલતાં અટકી પડી અને તે ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ. " મારૂં તે માટેનું કારણ ગમે તે હોય તો તમુને તે પુછવાનો હક્કજ શું છે ? મેં તમારો એકરાર સાંભળ્યો એ શું બસ નથી ? કોઇબી એક પરાયા મરદ તરફથી આય બોલો જેને હું મારૂંજ નહિ પણ અબળા જાતીનું અપમાન ગણું તે મેં તમારે મ્હોંઢે સાંભળ્યા–ઘણી ધીરજથી સાંભળ્યા એ શું બસ નથી ? ચાલો ત્યારે તમે તમારી નીચ શરતમાં ફાવ્યા નથી, તો તમે એટલો સંતોષ લઇને મુંગા બેસો કે એક નિર્દોષ નિરાધાર અબળાને રાતની તેણીની આસાયાસમાંથી રોકી તેણીને તમે આ બોલો સંભળાવ્યાછ તો જાઓ જોઇએ તો તમારા જેવા તમારા હીચકારા દોસ્તો આગળ તે વિષેની બડાઈ હાંકો. તેઓ તે તમારી વાખવાખી ગાશે અને સોસાયટી પેપરોમાં તમારૂં નામ અને તમારો ફોટો દીપી નીકળશે. હવે તમારે રસ્તે સીધા ચાલ્યા જાઓ અને મેં તમુને ત્યાં આટલી વાર ઉભા રહેવા દેઇ તમારૂં બોલવું ધીરજથી સાંભળ્યુંછ

તે માટેની મેહેરબાનીમાં તમારીથી હું એટલુંજ માંગુછ કે મને હવે સ્હેલસુલુકે તમો જવા દેવો."

"ત્યારે તમારો મને એજ જવાબ છે?" તે બોલ્યો અને તેનો ચ્હેરોજ કહી આપતો હતો કે એ વખતે તેનો ચ્હેરો ઉશ્કેરાયલો હતો. "ત્યારે મારી માફક ખુલ્લાં દીલથી ખરૂંજ કાંય નહિ કહી દેતી કે મારી અગાઉ તારાં હૈયાંમાં કોઈ બીજું આવીને ઠસી ગયુંછ! તારી આસપાસ ભેદનો જે પડદો તેં બાહોશીથી વીંટાળ્યોછ તે ફાડી કાઢી કબુલ કાંય નહિ કરતી કે તારાં હૈયાંમાં મારા કોઇ હરીફે વાસો કીધોછ? તું મને અહીંથી ચાલી જવા કહેછ તો એક શરતે તેમ કરવા હું રાજી છઉં ને તે એકે મને પુરવાર કરી આપ તારા પ્યાર પર કોઇનો હક્ક નથી અને એકબી બોલ બોલ્યા વગર ત્યાંથી હું ચાલી જવશ અને તારી નજરે મારો ઓળો વટીક પડવા દેવશ નહિ."

પેલી અબળા તેને ટીકટી હાલ્યા ચાલ્યા વગર ઉભીજ રહી.

"આહ! ચુપ થઇને ઉભીછ! બસ, મેં ત્યારે જેમ ધાર્યું તેમજ!" તે હવે ઉશ્કેરાઇ આવી બોલ્યો "મીસ ફ્રેન, હું ત્યારે માફ માંગુછ. હવે ફક્ત એકજ બોલ ને આય હું ચાલ્યો. તે જેણે તમને મારી આગમજ ચ્હાવાની શેખી કીધીછ તેને માટે સલાહનો બોલ છે, તેને કહેજો કે જે બેમુલ નંગ તેણે મારા હાથમાંથી છીણવ્યું છે તેને ખુબ તકેદારીથી સંભાળીને રાખે, નહિ તો ડોસન સ્લેડનો આય હાથ તેની પાસેથી તેણે ખુંચવી લેતાં વાર લગાડશે નહિ."

એટલું બોલી તેણે પોતાની ટોપી ઉંચકી તેણીને સલામ કીધી અને ત્યાંથી નીકળી જવાને ફર્યો પણ તે પેલા બાગના દરવાજા સુધી હજી તો જાય તેટલામાં તેનાં ખભાપર તેણીએ પોતાનો નાજુક હાથ મુક્યો તેને લાગ્યો.

એક પળ એમ તેની આગળ દોડી આવી તે ફીકાફચ મારી ગયેલા ચ્હેરા સાથે તે ઉભી અને પછી ઇશારત કરી તેને તે પોતાની સાથે તેડી ગઇ.

ઝડપથી તેણીએ પોતાનાં ઘરનું બારણું પોતાની પાસેની ચાવીએ ઉઘાડયું, અને ત્યાં ચાલમાં મુકેલી એક બત્તી લઇ પેલો તેણીની પાછળ આવેછ કે નહિ તે ફરીને તેણીએ જોયું અને તેને પાછળ ચાલતો જોઇ તે આગળ ચાલી; ત્યાં એક બીજું બારણું આવ્યું જે તેણીએ ઉઘાડયું અને તે એમ ઉઘાડેલુંજ રાખી તેણીએ તેને તે ઓરડા અંદર નજર કરવા ઇશારત કીધી.

ડોસન સ્લેડ આગળ વધ્યો અને તેણીએ પકડેલા બત્તીના ઝાંખા ઉજાસની મદદથી તે જોઈ શકયો કે એક નાનો સાદી રીતે ફર્નીશ કીધેલો તે એક ઓરડો હતો અને ત્યાં ઉમરે પુગેલી એક ઓરત ગુથણુ મરડયે પડેલી હતી. તેણીની પીઠ તેઓ તરફ હતી, છતાં તે એટલું તો જોઈ શકયો કે બેઉ હાથનાં આંગળાંઓને એકમેકમાં ભેરવી તે બંને હાથ તેણીએ પોતાના ખોળામાં ગોઠવ્યા હતા અને તેણી ઉંઘાયલી જેવી હાલતમાં હતી. આ દેખાવ જોઇ તે ખસ્યાણો પડી ગયો અને તે કાંઇ બોલવા જતો હતો તેટલામાં ઝીણા તીક્ષ્ણ સાદે તે અબળા કાંઇક બડબડતી સંભળાઇ.

હીલ્ડાએ તેની તરફ પોતાની નજર ફેરવી તેને ઇશારતથી ચુપ કરી નાંખ્યો, અને પછી તેણીની આગળ ગુંથણુમંડયે બેસી પડી તે અબળાના ચ્હેરા તરફ તેણીએ જોયું. “ મમા ! ” તે હળવેથી બોલી “ માયજી તમે મને બોલાવી ? ”

તેણીને કશો જવાબ મળ્યો નહિ અને પછી ત્યાં ચુપકીદી પથરાઈ રહી.

“ તેલબોટ ! તેલબોટ ! મારી પર દયા કર ! ”

"દયા ! ઓ દયા !" વળી પાછા તે બોલો તેને સંભળાયા અને તુરત તે બોલનારનું માથું તેણીની છાતીપર ઝીમાઇ પડયું.

ડોસન સ્લેડ તેણીની તરફ ધસવા જતો હતો, પણ તેનાં પગલાંના અવાજે પેલી જવાન નાટકકાર ચોંકી અને તેણી એક છલંગ મારી તેની તરફ આવી અને પોતાનો હાથ લાંબો કરી તેણીએ તેને બારણું બતાવ્યું.

તેણીનું આ ફરમાન તેણે કબુલ રાખવું કે નહિ તેનો વિચાર કરવા તે એક પળ થોભ્યો અને પછી નીચી મુંડીએ તે ત્યાંથી બ્હાર નીકળી ચાલ્યો.

પ્રકરણ ૪ થું.

આપણે ગયા પ્રકરણમાં જોઈ આવ્યા કે પેલાં એકાંત ઘરના એક નાના એકાંત ઓરડામાં હાય અફસોસ કરતી કોઇની દયાની આરજુ કરી ગુંઠણમરડયે પડેલી બાઇનો તે દયાજનક દેખાવ જોઈ ડોસન સ્લેડ તેણીની તરફ ધસી તેણીની મદદે જવા કરતો હતો, તેટલામાં હીલ્ડાએ તેને તેમ કરતો રોકી તેને સામું તે ઓરડાનું બારણું બતાવ્યું કે તે તે ફરમાનને માન આપી તે ઓરડામાંથી નીચી મુંડીએ નીકળી ચાલ્યો.

તે એમ નીકળી ગયો કે તેણેજ બહારથી તે ઓરડાનું બારણું બંધ કીધું, જે બંધ થતાં અફળાવાના અવાજે તે ગુંઠણ મરડયે પડેલી અબલા ચોંકી અને એક હાય મારી તેણીએ પોતાની આંખ્યો ઉઘાડી.

"હીલ્ડા, તું એટલી જલદી આવી ?"

"જલદી, મમ્માં ?" હીલ્ડા તેણીની માની પાસેજ ગુંઠણમરડયે બેઠી અને તેણીનાં દીલની આસપાસ શાલ વીંટાળતાં બોલી "ઉલટું હંમેશ કરતાં આજે તો લેટ થયું."

"લેટ થયું ? ત્યારે તો હું સુતેલી હોવસ ને સ્વપ્નું જોતી હોવસ."

મા દીકરી વચ્ચે ચ્હેરાનું કાંઇ ઝાઝું મલતાપણું ન હતું. તે એકની આંખ્યો કાળી હતી અને તે ઉંમરે પુગેલી અબલાની ખાડામાં પેસી ગયેલી આંખો જે રીતે ચમકતી હતી તે ઉપરથી માલમ પડતું હતું કે હીલ્ડા ફ્રેનની ચશ્મોમાંનો પ્રકાશ તેણીની મા તરફથી ઓપે ઉતરેલો હોવો જોઇએ.

હીલ્ડા તેણી તરફ જોતી બે એક મીનીટ બેઠી અને પછી બોલી.

"આજે તમારી તબીયત બરાબર નથી માયજી; તમને વધારે નબળાઈ લાગેછ ?"

"હા, દીકરી, દર કલાકે હું વધારે ને વધારે નબળી થતી જાઉંછ. આય જો. હીલ્ડા !" એમ કહી તેણીએ પોતાના પતલા સહોરાઈ સુકાઈ ગયલા હાથો લાંબા કીધા. "હું ઘરડી તપ થયલી લાગુંછ, પણ ખરેખર તેમ નથી, મારી ઉંમરની ઘણીકો રંગીન પીળાં અને ચળકતાં કપડાંમાં સજ થઈ આમ તેમ દમકતી ફરતી હોસે. અને તેઓની ઉંમર ભાગ્યે ચાલીસની અંકાતી હોસે ને હું—જો કેવી હાલહવાલ થઇ ગઇછ !"

"મમાં !" હીલ્ડા તેણીનું માંથું પસવારી બોલી અને હલવેથા તેણીને ઉઠાડી તેણીને એક ખુરસીપર બેસાડી.

"આજે રાતે સ્ટેજપર તું ઉતરી'તી, હીલ્ડા ?"

"હા, મમાં."

"હાઉસ ભરાયું'તું ? લોક ખુશી થયું'તું ?"

"હું ધારૂંછ, હા, માયજી."

"તું એમ ધારેછ ! તું જાણુતી નથી ? તારી ખાતરીજ હતે તો તે વીશે. હું એટલી શકમંદ નહિ હોતે. અહીં તો બધાં એમ બોલેછ. કે તારી ઉપર આખું શહેર દીવાનું થઈ ગયુંછ ! ખરી વાત ?"

"થીયેટર હંમેશાં ચીકાર ભરાયછે, ને લોક ઘણી માયાથી મને આવકાર આપેછે, મમાં."

અને ત્યાં હીલ્ડાના ચ્હેરાનું અવલોકન કરવાનું તેણીથી બને માટે તેણીએ તેણીની તરફ પોતાનું મોં ફેરવ્યું.

"તું એમ દલગીર હોય તેમ કેમ બોલેછે? એક હજારમાંથી તું ધારેચ આજે એકબી છોકરી એવી નહીં હશે કે જે તારી સાથે આજે પોતાની હાલતની અદલાબદલી કરવાને તૈયાર નહિ હોય! તું કદાચ જરદાર, નામાંકીત અને બધેબધ માન પામતીબી થાય અને—"

પણ આગળ બોલતાં તે અબલા અચકી ગઈ; કેમકે તેણીની આગળ તેણીની ખુરસીના હાથાપર પોતાનું ફુલ જેવું નાજુક માથું ટેકવીને ગુંઠણ મરડયે બેઠેલી તેણીની દીકરીના સુફેદ દુધ જેવા ગાલ ઉપરથી તેણીએ આંસું ગબડી પડતાં જોયાં, અને તુરતજ તેણીના અવાજ અને તેણીની રીતભાતમાં ફરક પડી ગયો.

"ઓ, ખુદા!" તે તે ઓરડાની સીલીંગ તરફ ઉંચે પોતાના બંને હાથ કરી બોલી "ઓ, ખુદા! એમ તે આય કયાં સુધી ચાલશે? મારી ઉપર શું આફત ઓછી સખ્ત પડીછે કે મારી આય દીકરીનેબી દુઃખથી ડગમગતી જોવાનું મારે ફાળે આવ્યુંછે? ઓ તે શ્રાપ જે મેં કીધેલાં પાપ પછીથી મારા પગોની એડીએ વળગી મને રવડતી રઝળતી રખડતી કરેછે તે શું મારી આય નીર્દોષ દીકરીને બી વલગવાની તજવીજ કરેછે? ઓ ખુદા, દયા કર હવે દયા કર!"

અને પોતાની માને આ રીતે કલ્પાંત કરતી જોઈ હીલ્ડા પોતાનાં દુઃખમાંથી એકદમ જાગ્રત થઇને ઉઠી અને પોતાની ઉશ્કેરાયલી માયને ઠંડી પાડતી ઉભી "માયજી, તમે ટાઢાં પડો, તમે શાંત થાવો! હું તો થાકી ગેઈછે તેથી મેં આંખ પાણી ભર્યું, જોવ હવે તો હું હસું છ!" એમ બોલી પોતાનાં કપાળપર વીખરાઈ પડેલા વાળ તેણીએ

ઉંચા કીધા અને જેમ તેમ હસવું મોં રાખી તેણીએ પોતાની મા ગમ જોયું.

તેણીની માયે તેને પોતાની આગળ ખેંચી તેણીનું કપાળ હેતથી પસરાવાર્યું અને તે બોલી—

"હીલ્ડા, તારાથી હું છેતરાવાની નથી; તુંને સુખ નથી, તુંને આ જીંદગી ગમતી નથી તે મારાથી છુપી વાત નથી; હું પોતેબી એ જીંદગીને ધીક્કારૂંછ !"

"તમે મમા !"

"હા, હું !" તે અબલા ઉશ્કેરાઈ આવી બોલી "મારી ખરી લાગણીઓ શું છે તે તારીથી છુપી રાખવામાં શું હું એટલી બધી ફતેહમંદ નીવડીછ કે તું તેની ખરી હાલતથી આજ સુધી વાકેફ• થઇજ નથી ? મારી જીંદગીમાં મેં જે ભાગ ભજવ્યોછ તેને હું ધીક્કારૂંછ, કેમકે એ બધી વાખવાખી અને તાલીના અવાજોમાં સંગી• નપણું કશુંએ નથી. તે આપણને જોખમ અને ભયના રસ્તા તરફજ માત્ર દોરવી લઈ જાય છે. જો, હીલ્ડા, જો તું આય કીસમની લોક વાખવાખીની ટોંચે પહોંચ્યા અગાઉની આપણી જીંદગીની હાલત કેવી હતી તે તું વીચાર કર. એકબી વખત તેં મને પુછ્યું નથી કે તું બાપ વગરની કેમ છે ? તારાં સગાંવ્હાલાં કોણ છે ? અને બીજી માયો જેમ પોતાની દીકરીઓ ઉપર હેત કરે તેમ તારી ઉપર હું નથી કાંય કરતી ? એ સવાલો મેં ઘણી વખત જોયુંછ કે તારા હોઠોની કીનારી ઉપર ઘણી વખત આવી અટક્યાછ, પણ તેઓએ બહાર નીકળતાં અવાજ કરવાની હીંમત કીધી નથી."

"મમાં, મમાં !" એટલું બોલી તે પોતાની માયને પટાવવા પડી, પણ તે અબળાએ હળવેથી તેણીને પોતાની આગળથી ખસેડી પોતાનું બોલવું ચાલુજ રાખ્યું—

"કાંઇક વર્ષો થયાં એ સવાલો તારા ચ્હેરાપર મેં છવાઈ રહેલા જોયાછ અને રખેને તે ઉપર મારી નજર પડયા કીધાથી હું તેના જવાબો આપી દેવાને લલચાઉં કરી મેં તે જોવાના અખાડા કરી તે વાત તારાથી મેં છુપીજ રાખી હતી. પણ આજે—આજે—હવે તે—તે વખત આવી—આવી પુગેલો મને લાગેછ." એટલું જેમ તેમ તે બોલીને ખડી થઇને બેઠી અને પોતાની સામેની દીવાલ તરફ તેણી ટગર ટગર જોવા લાગી.

તેણીને એમ ઉશ્કેરાયલી જોઈ, હીલ્ડા તરત તેણીની પાસે આવી અને તેણીએ પુછ્યું—

"ત્યાં શું જુવોછ, મમા ? ત્યાં કોણ છે ?"

"તારો બાપ !"

"મારો બાપ ? ઓ મમા, તમે એ શું બોલોછ ? મારા બાપ તો ગુજરી ગયા !"

"નહિ !" વળી પાછી ઉશ્કેરાઇને તે અબળા બોલી, "નહિ, તે જીવેછ! હીલ્ડા મેં તને ખોટું કહ્યું હતું ! તે હજી હૈયાત છે!"

આ સાંભળી તે નામાંકીત એકટ્રેસ પોતાના હાથથી પોતાનો ચ્હેરો ઢાંકી ડુસકે ડુસકે રડવા લાગી અને ડચકાં ખાતી બોલી—

"ઓ મમા, મને—મને—ઠગતાંનાં—મારા પપા તો—"

"ચુપ !" તે અબળા પોતાની સામેની દીવાલ તરફ આંગળી કરી બોલી "જો, જો, તે પોતાનું માથું ધુણાવીને હસેછ, ને તે તારે વાસ્તે નામુકરર જાયછ. જેમ તેણે મને ઓવારી નીવારી મુકીછ, તેમ તુનેબી તે નાકબુલ કરેછ !"

અને જેમ ચીરાઇને બે ફાડ થયેલાં દીલમાંથી જોસભેર ચીચારી નીકળે તેવી—કાનના—બેહેર ફાડી નાંખે તેવી ચીચારી પાડી હીલ્ડા તેણીની માય આગળ ધસી આવી તેણીનું માથું પસ્વારતી ઉભી.

તે ચીચારીથી તે અબળાનું ચડવા ગયેલું મગજ પાછું શાંત થયું અને પાછી તે ખુરસીપર તેણી અઢેલાઇને બેઠી અને પોતાના બંને હાથોએ પોતાનું મ્હોં ઢાંકી દીધું; અને જ્યારે તે મ્હોંઢાપરથી તેણીએ પોતાના હાથ કાઢયા ત્યારે તેણીના ચ્હેરામાં સાફ ફેરફાર થયેલો તેણીની આગળ ઉભેલી તે છોકરીએ જોયો.

"મેં તુંને જે કહ્યું તે તેં સાંભળ્યું હીલ્ડા?" તેણીએ પોતાની તે દીકરીને પુછ્યું.

હીલ્ડા માથું નીચું નમાવી ત્યાં ઉભીજ રહી.

"ત્યારે તું મને ઠપકો કેમ નથી આપતી? એકબી બોલ તું બોલતી નથી? દીકરી જેમ તેં આટલાં વર્ષ ધીરજથી બધું ખમ્યું તેમ મારી જીંદગી દરમ્યાન તું હજીબી બધું સબુરીથી સહન કરજે અને ખુદા તારૂં ભલુંજ કરશે! કદાચ આય ભરમ મારી છાતીમાંજ લઇને હું મરતે તો બેહેતર થતે એમ મને હવે લાગેછ, કેમકે—"

"નહિ" હીલ્ડા બોલી.

"નહિ? આહ! તું ખરૂંજ બોલેછ. તું ખરીછ અને હું ખોટી છેઉં. તેણે મને પુગાડેલું નુકશાન દુનિયામાંની તેની એક જીંદગીથી તે ધોવાવાનું નથીજ; તેણે જે ઓરતને ગેરઇન્સાફ કીધોછ તે મરી જશે પણ બધું યાદ રાખવા અને તેનો બદલો લેવા તેનું બચ્ચું તો હૈયાત રહેશેજ. હીલ્ડા, મને લાગેછ કે મારો અંત હવે નજીક છે.—નહિ, વચમાં ના બોલ, મને બધું બોલવા દે. તું મને ભુલી તો નહિ જશે? આપણે બેઉએ કેવા કેવા હાંદેસા વેઠયાછ? તે હાંદેસા અને તે હાડમારીમાં આપણે કાઢેલાં વર્ષ તું ભુલતી ના—તું રાહ જોઇ તૈયાર રહેજે અને મારો કીનો લેજે! મને વચન આપ, બસ મને એટલું વચન આપ!"

"હું કબુલ છઉં" હીલ્ડા હળવેથી બોલી.

"સોગંદ ખા—મારી આગળ, સોગંદ લે કે—પ્યાર, દોલત અને જીંદગીની વટીક દરકાર રાખ્યા વગર તું કીનાના માર્ગ પર સાબેત કદમે રહેશે. જો તારો તે ઠરાવ કોઇબી દીવસ જરાબી ઢીલો પડતો તું જોય, તો આપણે બેઉએ જે હાંદેસા અને હાડમારીનાં વર્ષો કાઢયાંછ તેની યાદ કરજે—આજની રાતે તારી માય—તારી પોતાની જણેતી માય જે મરવા સુતી છે તેની યાદ કરજે ! યાદ રાખજે કે તેને એક ઇનસાનના દગાએજ મારીછ અને યાદ રાખજે કે તેનું એક પુરૂં બચ્ચું આ જમાનાની ફરતી ચક્રીમાં બાપના નામ વગર દુનીયાની સપાટી ઉપર પીસાતું થયુંછ."

આટલું તે બોલી અને તેટલું બોલવાનુંબી તેણીની ઘટતી જતી શક્તિ માટે ઘણું બેહદ થઇ પડયું અને જોરથી દમ લેતી તે પાછી પોતાની ખુરસી ઉપર અંઢેલાઇને પડી, પણ તેણીને પાછી તે છોકરી ટેકો આપીને ઉઠાડે તે અગાઉ તો તેજ પોતાનું જોર એકઠું કરીને ઉઠી અને તેણીએ પાછું બોલવા માંડયું.—

"હીલ્ડા, જો, સાંભળ ! તેણે મને છોડી, છાંડી મુકી દુનિયાની સપાટીપર રવડતી કીધા પછી, તે તારો બાપ પરણ્યો; તે મોજમજાહથી પરવારી ચુકયો હતો, આગલી પાછલી તેણે હવે પછાત નાંખી હતી; તે પોતાની નવી પરણી લાવેલી બૈરી સાથે સુખમાં બાકીના દહાડા પુરા કરવાનીજ વેતરણમાં હતો, પણ તેટલાં તો તેણે તે બીચારીનેબી પોતાની આગળથી નહસાડી અને પોતાના વહાલા દોસ્તને માર્યો. તે નિર્દોષ હતી અને તેથી તે દુનિયાની નજરમાં વધુ દોષીત ઠરવો જોઇયે. તેણીને હીલ્ડા, તે ચાહતો હતો અને તે માટે તેની જ્યારે ખાતરીજ થઈ, તેણીનાં નિર્દોષપણાં બાબે તેની જ્યારે સુદ્ધ ઉઘડી ત્યારે તેણીને શોધી કાઢી પાછી લાવવાનાં તે ફાંફાંમાં પડયો; પણ તેની અગાઉ હું જઇ પ્હોંચી, મેં તેણીને શોધી કાઢી અને તે

જ્યારે મને મળી ત્યારે તે બીચારી સોહોરાઇ સુકાઇને હાડપીંજર બની રહેલી એક દુઃખી અબળા મને માલમ પડી અને જેમ હું તેમ તે પોતાનાં એક પુરાં બચ્ચાં ઉપર આધાર બાંધી બેઠી હતી. મારાં દીલમાં તે વખતે સેતાને વાસો કીધો હતો અને હીલ્ડા મેં તે બીચારીને ચોંકાવી મારી કે તેણીનો ખાવીંદ એમ પસ્તાવાના પછાડા નહીં પણ કીનાનાં તરફડીયાં મારતો હતો. તેને–તેને–પાછી પાસામાં લેવા નહીં પણ તેની ઉપર કીનો લઇ પોતાનાં ઝનુંનને તૃપ્ત કરવા પર તે મંડયો હતો, એમ મેં તેણીને સમજાવી અને પાછી ન્હસાડી. જો ધ્યાન રાખ, હીલ્ડા! અમે બેઉ એક સરખી હાલતે હીણાયલાં અકલાયલાં હતાં, બેઉની દામનને ડાઘ હતો, બેઉને કપાળે ડાઘ હતો અને તે પોતાના મેહેલ જેવાં મકાને બેસી એકને માટે પોતાનું જીગર કોતરી ખાતો હતો."

પોતાની માની આ દયાજનક વાત સાંભળતી ધ્રુજતી થથરતી તે છોકરી પોતાની માયની ગરદનપર હાથ નાંખી તેને વળગીને ઉભી.

"વર્ષો એમ ગબડી ગીયાં અને તે મને વળી પાછી મળી. શું કુદરતનો રંગ છે? જે ચીજને કોઈ શોધીને મેળવવાના પછાડા મારે તેને તે નહિ મળે, ને તે મળે કોઇ ભલતાંનેજ! તે મને પાછી મળી તે વખતે તે કોઇ બીજાં ભલતાં નામ હેઠળ પોતાનો વખત પુરો કરતી હતી. જેમ મેં તેમ તેણેબી પોતાનાં બચ્ચાં આગળ પોતાપર વીટેલી ગજબની વાત છુપીજ રાખી હતી. પાછી મેં તેને ન્હસાડી; કેમકે, તે હવે તેણીને પાછી તેડવાને એવો તલબગાર બની રહ્યો હતો કે તેણીનો પત્તો મેળવવા તેણે ચારે તરફ પોતાના આડતયાઓને છોડી મૂક્યા હતા. તેટલાં તે બીચારીને તેણીનાં મોતે હંમેશની ન્હસાડી, અને પોતાની છોકરીને પોતાની કહાંણી જણાવ્યા વગર–તે કોણનું ફરજંદ હતી તે કહ્યા વગર–તે બીચારીને નીરાધાર નાચાર

છોડી આ દુનિયાથી તે વાસો ઉઠાવી ગેઈ."

"અરે બીચારી !" તે હીલ્ડાથી બોલાઈ ગયું.

"અરે, બીચારી ? શું તું તેની દયા ખાયછ ? તેમ કરવાની કાંઇજ જરૂર નથી, કેમકે પેલા પાપીએ તેણીની શોધ હજી મૂકી નથી, અને પોતાની પરણેતરને નહીં તો તેની તે દીકરીને તે જરૂર મેળવશે. મેળવીને હીલ્ડા, જયાં આજે તું બેસવી જોઇએ ત્યાં તે તેને બેસાડશે ! આહ ! તેને ઘરબાર મળશે, તેને વાડી ગાડી મળશે, દોલતમાં તે રોળતી થશે, પ્યારથી તે પુંજાશે અને તુ ? આહ ! તું ? તું—તું—" એટલું બોલતાં તેણીનો દમ આખેર આવી ગયો—તેણીનો જીવ ઝીમાઇ ગયો અને તે દુઃખી અબલા નીસોસ થઇને પડી. એકજ છલાંગ મારી હીલ્ડા પોતાની માને વળગી પડી.

એક જીવતોડ કોશેશ કરી વળી પાછી તે અબલા હુશીયાર થઇ.

"હીલ્ડા, તારા બાપનું નામ સર તેલબોટ ઉડલી છે અને પોતાની જે દીકરીને તે શોધેછ તેણીએ લીલ્યન લીનું નામ ધારણ કીધેલું છે. ને—પણ આય અંધારૂં કેમ ?"

"આહ ! જો તે આયો તે તેનેજ શોધેછ, તુંને નહિ, તેલબોટ ! ઓ તેલબોટ ! તારી દીકરી અહીં છે. અહીં !" એટલું બોલી તે તે ખુરસી ઉપરથી ઉઠીને ઉભી થઈ પણ જરા વારમાં તે જમીન પર પાછી પછડાઈ પડતે, પણ તુરત હીલ્ડાએ તેણીને પોતાના એ પ્યારા હાથમાં ઝીલી લીધી અને તેજ હાથમાં તેણીએ પોતાનો પ્યારો જાન તે પાક ખુદાને સ્વાધીન કરી દીધો.

પ્રકરણ ૫ મું.

સેન ફ્રાંન્સીસ્કોનાં તે શહેરમાં બનેલા બે મુખ્ય બનાવોથી લોક ચક ચઢયું હતું. એક બનાવ એ હતો કે ડોસન સ્લેડ પોતાની શરત હાર્યો હતો, કેમકે, હીલ્ડા ફ્રેન એકાયક એકદમ અણદીઠી કયે ગુમ થઇ ગઇ હતી; બીજો બનાવ એ હતો કે ડોસન સ્લેડ પોતેબી ત્યાંથી નીકળી ગયો હતો; બેઉ ત્યાંથી એકાયક જતાં રહ્યાં હતાં; ડોસન સ્લેડે ઠેરવેલે વખતે હજાર પાઉન્ડની નોટ તેના હરીફને એકે તડાકે કાઢી આપી હતી, તે પછી જુગારખાનામાં તે મોટી રકમ હાર્યો હતો અને સ્હવારે જ્યારે તેનો એક દોસ્ત તેની ખેરઆફીયત પુછવા તેના હોટેલમાં ગયો તો તેને માલમ પડયું કે બડી ગજ્જરનો તે ત્યાંથી નીકળી ગયો હતો.

હીલ્ડા ફ્રેનનું નીકળી જવું એ કરતાં વધુ ભેદભરમમાં વીંટલાયલું હતું. જે રાત્રે તેણીએ તે થાયેટરમાં આપણે ત્રીજા પ્રકરણમાં જોયલી નામના કીધી હતી તેની બીજી સ્હવારે તે થીયેટરના મેનેજરને તેણીની તરફથી એક ચીઠી મળી જેમાં તેણીએ તેને જણાવ્યું કે વધુ વાર તેણી તેને ત્યાં હવે આવી શકશે નહિ અને તેથી કરારનો ભંગ કરવા માટે જે દામીજી તેઓ બંનેએ પોતાના કરારનામામાં ઠેરવી હતી તે રકમ પણ તેણીએ તે ચીઠીની સાથેજ મોકલી હતી. તે મેનેજર તુરત તેણીને ઘેર પહોંચી ગયો હતો જ્યાં તેણે તેણીને શોકના કાળા સાજમાં સજ થયલી દીઠી તે વખતે તેણી ત્યાંથી ઉપડી જવાની તૈયારી કરી રહી હતી. તેણે તેણીને ઘણુંબી સમજાવ્યું, એગ્રીમેંટ વગર પાછો રાખવા માંગી અને તેણીના લવાજમમાં બેવડો અને તેણી નહિજ સમજી, ત્યારે ત્રેવડો વધારો કરી આપવા માંગ્યો પણ તેની તે સઘળી અરજો ઘણા મક્કમ મને તેણીએ ના પાડી, અને ચાર દહાડા બાદ તો તે ત્યાંથી જતીજ રહી.

લોકનાંબી મનનો શું બાહાલ છે કે હીલ્ડા ફેન ત્યાંથી જતી રહી એ વાતે તેઓનું મન એવું અને એટલું રોકી રાખ્યું કે લગભગ તેજ વખતે ઉત્તર તરફનો મેલ લુંટાયો હતો અને ઝપાઝપીમાં તેનો ગાર્ડ અને બીજાં અડધો ડઝન ઉતારૂઓ માર્યાં ગયાં હતાં તેને લગતી જે ખબર આવી પ્હોંચી તે તો પેલી રૂપલી ચકચારની આગળ કોઇ હીસાબમાંજ ન રહી હતી !

હીલ્ડા ત્યાંથી જતી રહી તેને બીજે દહાડે આથમતા સુરજનાં ઝાંખાં પડતાં કીરણો રસ્તા વચ્ચે આવેલાં એક સ્ટેશનની બારી ઉપર પડી તેને એક કીસમનો ફીક્કોઇચ ચળકાટ આપી રહ્યાં હતાં. સ્ટેશન માસ્તરના વપરાસનું તે એક એકાંત અને એકલવાયું ઝુંપડું હતું. તે સ્ટેશન માસ્તરનું ત્યાં કામ શું હતું ? મેલ લઇને આવતા ઘોડાઓ બદલવાનું અને બીજા જતા મેલમાં તેઓને પાછા જોડવામાં આવે તેટલાં તેઓની સંભાળ લેવાનું હતું. તે રસ્તોજ જોખમનો હતો, એટલે ત્યાં રહેનારને પોતાની સલામતીનો કાંઇજ ભરૂસો નહતો, કેમકે ત્યાં અવારનવાર તુરંગમાંથી ન્હાસી આવતા કેદીઓ અને બીજા તેવાજ ચાલુકારો બાજે વખત ત્યાં નીકલી આવી ઘણીજ ખાનાખરાબી નીપજાવતા હતા.

ત્યાં શાંતિ અને ચુપકીદીનું એવું દીલ ફેરાવન રાજ હતું કે કોઇ તે ઝુંપડાને કોઇ બીચારા નિર્દોષ ઇનસાનનું મકાનજ માની લેય પણ જેવા તેની નજર તે ઝુંપડાથી સોએક કદમને છેટે પડેલા બે લોઠપોઠ થયેલા આકારો ઉપર પડતાં તે કાંઇ જુદુજ મત બાંધી ત્યાંથી હરણ ફાલ થઇને ન્હાસે તો તેમાં નવાઈ જેવું નહતું. તે બે આકારો કમનસીબ બે ઇનશાનોના હતા જેમને તે મેલ લુંટનાર બદમાશો ત્યાં મરતી હાલતે છોડી તે ઝુંપડાંને ગોળીબારથી વીંધી નાંખી તેની દીવાલોને ચાલણી જેવી બનાવી કાયદાની ચુંગાલમાંથી છટકી ગયા હતા.

ધમધોર ચુપકીદી ત્યાં એવી મજબુત હતી કે ત્યાંથી પસાર થઇ જનારને એમ તો વ્હેમ કદીબી ન જાય કે તે ઝુંપડામાં હયાતીનો કશોબી સનસારો હશે, અને તે છતાં લાકડાની તે કેબીનમાં બે છોકરીઓ હતી; જે ઓરડામાં તે બે હતી તે ઓરડો તે સ્ટેશન માસ્તરનો—એમ કહોની કે ત્યાંના તે ટપ્પાવાલાનો—સુવાનો ઓરડો હતો, અને ત્યાં ઘાસના બનાવેલા એક બીછાનાપર તે છોડીઓમાંની એક પડેલી હતી. તેણીનો ચ્હેરો જે રંગના કાગળપર હું આ લખુંછ તેવો સુફેદ હતો, તેણીને ખભા આગળ એક પાટો બાંધેલો હતો, જે બધો લોહીથી ઝઝરતો થઇ ગયો હતો. તેણીનું નીચલું અડધું આંગ તે ઘાસના બીછાનાપર હતું જ્યારે તેણીના બદનનો માથાવાળો ઉપલો ભાગ તેણીની બીજી બહેનપણીના ખોળામાં હતો, જેણીના ચ્હેરાનો રંગબી પેલી બીચારીના ચ્હેરાના રંગથી જુદો ન હતો.

એ દયાજનક 'પોઝ' લઇ તે બંને જ્યારે પડેલી હતી, તેજ વખતે ત્યાં કોઇ આવનાર તે બંનેના ચ્હેરાનું મળતાપણું જોઈ અજબ થયા વીના રહેતે નહીં. બેઉના દીલમાં કાળો સાદો પોષાક હતો. બેઉની ઉમર એકજ લાગતી હતી અને બેઉનાં કદની ઉંચાઇ લગભગ એક સરખી હતી. પેલી એકનાં માથાં આગળના બદનના ભાગને પોતાના ખોળામાં લઇને બેઠેલી છોકરી જોકે હીલ્ડા ફેન હતી તે છતાં થોડા વખતની વાતપર તેણીને જોઈ વળેલા એકને આજે તે છોકરીને હીલ્ડા ફેન દાખલ ઓળખી કાઢવી મુશ્કેલ થઈ પડતે. જરા જરા વારે લાચાર થઇ નીસોસ પડેલી તે છોકરી આંખ ઉઘાડીને જોતી હતી અને પેલી જે તેણીનું માથું ઘડી ઘડી ઠંડા પાણીએ ભીંજવતી બેઠી હતી તેણીની તરફ આંખનો મુગો ઇશારોજ માત્ર કરી તે દુઃખી દરદી છોકરી સંતોશ પામતી હતી. ઘડીકમાં જાણે હોઠ ફડફડાવી બોલવાની કાંઈ કોશેશ કરતી હોય તેમ

તેણી હોઠ ઉઘાડતી હતી પણ તેણીની તે કોશેશ મીથ્યા જતી હતી. આખરે ઘણી મેહેનતે તેણી ઘણુંજ થોડું બોલી શકીઃ—

"તું બેહેન હજી મારી આગળ અહીંજ છે કે?" હીલ્ડા વાંકી વળી અને તેનું માથું હેતથી પસવાડી બોલી—

"હા, હું અહીંજ છઉં—એમ ના બીહીતી કે હું તુંને મુકીને કથે જવસ."

"નહી, હું બીહીતી તો નથી, કેમકે તમે એમ જાવો તેવાં લાગતાં નથી. આહ! તમે કેવાં હીમતવાલાં અને કેવાં ભલાં છેવો? તમે નહિ હોતે તો હું અહીં એકલી અટુલી મારગ લાગતે!"

"માર્ગે લાગવાની તો તું, બેહેન વાત કરતીજ ના. તું બીમાર છે ને નબળી પડી ગયલી છે પણ તેથી આપણે નીરાસ થવું જોઈતું નથી. આપણને કોઈબી શોધી કાઢશે ને ખુદા કરશે તો સૌ સારૂંજ થશે. હમણાં જોતાં જોતાંમાં બીજો મેલ આવી લાગશે."

"આજે વાર શું થયો?"

"શુક્રવાર."

"ત્યારે કાલ સુધી બીજા મેલનો અહીં આશા નહિ. ઘણું લેટ—મારે માટે ઘણુંજ લેટ થઈ જવાનું!"

હીલ્ડાએ જવાબમાં તેનું માથું પોતાનાં પેટમાં ચાંપ્યું.

"ઘણું લેટ થશે. મારે માટે તેમાં તો ઘણુંજ લેટ થઈ જશે. મને કેવું ગમેછ કે તેઓને હું મળું અને તારી ભલાઈની વાત કહું. તું પોતે તો તે વાત કોઈની આગળ કહેવાની નહિ તે હું જાણુંછ."

"હીંમત રાખ, બેહેન, તું એ વાત બધાંઓને વર્ષોવર્ષ કહેવાને માટે હજી ઘણું જીવશે."

"આહ! મને સધ્યારો આપી ખુશી કરવાની તારી એ કોશેશને માટે હું તારો ઉપકાર માનુંછ, પણ, હું જાણુંછ કે તેમ બનનારૂં

નથી, ને તેથી હું કોઈ વાતે દીલગીર નથી. મારા જેવી જીંદગીએ જો તુ જીવી હતે તો તુબી મારાં મોતે મરવાને તૈયાર થઈ જતે. મારા હોઠ આગળ જરા તું વાંકી વળ કેમકે મારીથી હવે મોટે સાદે બોલાતું નથી—જોઉં, તારો ચહેરો જોઉં, ઓ, તું કેવી ખુબસુરત છે? ને લગભગ મારા જેટલીજ ઉંમરની તુંબી છે. મને તો એ ઘણું અજબ જેવું લાગેછ કે મરદો પોતપોતામાં મરવા જીવવાની જીવતોડ ખેંચતાણ કરતા હતા તેટલાં તું એકલી મને ઉચકીને અહીં દોડી આવી, ને આટલો બધો વાર મારી આગળ થોભી મારી ખીદમતમાં ખડે પગે રહીછ! ખુદા તારૂં ભલું કરે ને તુંને તારી નેકીનો બદલો વાળી આપે! જરા પાછું મને તારા ચહેરા તરફ જોવા દે."

હીલ્ડાએ પોતાનું મોંહ તેણીની તરફ પાછું ફેરવ્યું અને એક તરસ્યો મુસાફર તેને એકાએક મળેલું પાણી મોટા ગોટે પીવાની તલબ કરે તેવીજ તસતસ થતી આંખોએ તેણીનો તે ચહેરો તેણીએ જોયો. "હા. હું કહુંછ તે ખરૂં છે. હજી જરા વધારે વાંકી વળ, તારાં માય છે કે?"

"નહીં, તેવણ ગુજરી ગીયાંછ."

"ગુજરી ગીયાંછ? ત્યારે તો મારીજ માફક તુંબી નમાયી છે. પણ તેં હજુ મને તારૂં નથી કહ્યું?"

હીલ્ડાએ પોતાનું મોંહ ફેરવી નાંખ્યું અને બોલી,—

"મેં નથી કહ્યું? કાંઇ નહીં, હવ નામની સાથે હાલ તુંને શું કામ છે?"

"કામ છે, મને ઘણું કામ છે, કેમકે જો હું હૈયાત રહેવા પામતે તો એ પ્યારૂં પનોતુ નામ હરદમ મારી બંદગી વખતે મારા હોઠો ઉપર રહેતે."

"મારૂં નામ હીલ્ડા છે."

"હીલ્ડા ! ને તું મારૂં નામ નથી જાણુતી ? હીલ્ડા, હું–હું તુંને કાંઈ કહેવા માગુંછ; એ શું? એ એમ કાંય ? એટલું અંધારૂં કેમ થઇ ગયું ? હું–હું શું કહેવા જતી હતી? હા–હા, મને યાદ આવ્યું !" અને ત્યાં તેણીએ પોતાનો હાથ પોતે પહેરેલા ફ્રોકમાં ખોસ્યો અને તેમાંથી કાંઈ ખેંચી કાઢ્યું. "લે આય. એ મારી નોંધપોથી છે. એમાં મારી જીંદગીની કાહાણી છે તે વાંચીને મારી મશ્કરી ના કરતી; તું એ લે ને તારી પાસે મારી એક ઇંધાણી દાખલ રાખ."

હીલ્ડાએ તે નાની પાકેટ બુક લીધી અને જાણે તે રાખવી કે નહીં તેના વીચારમાં તે પડી.

"પણ બેહેન, એ કોઇની ઉપર તું મોકલવા ચાહેછ ? કાંઇ–કાંઇ બુરૂં બન્યું તો તું એ કોઇને આપવાની મરજી રાખેછ ? તારાં કોઇ સગાં કોઇ સ્નેહી—"

"મારૂ કોઇજ નથી. તારા સીવાય મારૂં સ્નેહી કે સાથી નથી. અને મને મારી એક સહી મળી તો તેને ખુદાએબી ક્યારે તેને મેળવી આપી ? છેક અંતની ઘડીએ ! લે, મારી બેહેન, એ તારે મનસે તો કચરો છે, પણ મારે ખાતર તું એ કબુલ રાખ, કેમકે જો એ નહીં તો પછી મારી યાદ તારાં મનમાં સચવાઈ રહે તેવું બીજું કશું હું તુંને આપી શકતી નથી. ઓ ! કેટલું અંધારૂં થઇ ગીયું !"

"હીંમત રાખ વહાલી, હીંમત રાખ, કોઇને ખાતર નહીં તો મારે ખાતર હીંમત રાખીને જીવ."

"તારે ખાતર જીવું ! હા, ખુશીથી તારે ખાતર જીવું, પણ તે નહીં બને તેવું છે. હીલ્ડા વાંકી વળી મને એક કીસ લેની ?"

હીલ્ડાએ તેણીના કહ્યા મુજબ કીધું.

"પણ, બેહેન, તેં મને તારૂં નામ નહીં હજી કહ્યું ?"

"નહીં નથી કહ્યું, પણ તેમ કરવાને માટે આપણુંને વખતજ

ક્યાં મલ્યો ? મારૂં નામ લીલ્યન લી છે. ”

નામ સાંભળી હીલ્ડાથી એક ચીચયારી પડાઈ જતી હતી પણ તેણીએ પોતાનું મોંહ ચપટ બંધ કરી દઈ તે રોકી નાંખી, અને આખે અંગે પસીને ગરકાવ થઇ જઇ તેણીને તે ટીકતી બેઠી.

“ લીલ્યન લી ! ”

“ હા લીલ્યન લી એ મારૂં ખરૂંજ નામ છે. હાલ બીજે વખત હતે અને એ સવાલ પુછનાર કોઈ બીજું હતે તો તેને હું ઉડાવતે, તેને હું ભલતુંજ નામ આપતે. કાંય ? તેનો સબબ ઘણો લાંબો છે; તે વાત કાંઈ ટુંકામાં પતાવી દેવાય તેવી નથી. પેલી મારી પાકેટ બુકથી તું બધું જાણશે, મેં તે તુંને આપી કેની ? હા, હા, આપી-તે તું કોઇ દહાડે ઉઘાડીને વાંચજે; એવો કદાચ વખત આવશે કે એકાંત તારા ઓરડામાં તું આજના આ બનાવ ઉપર વીચાર કરતી બેસશે ત્યારે જે એક કમીની છોકરીને જીવાડવાની તેં જીવતોડ મેહેનત કીધી હતી તે છોકરીને વાસ્તે વધુ જાણીતી થવાનું તુંને મન થશે, ત્યારે તુંને એ ઘણી કામ લાગશે. ખુદા તારો નીગેહબાન થાય, હીલ્ડા, બસ હવે એક છેલ્લીજ વખત મને કીસ લે. ”

“ લીલ્યન લી ” હીલ્ડા બડબડી “ લીલ્યન લી ! ”

ત્યારે જે આય છોકરીને પોતાના જીવના જોખમે તેણે બચાવી હતી અને જે તેણીની તે જીવતોડ તજવીજ છતાં તેણીનાજ ખોળામાં છેલ્લો દમ ભરતી સુતી હતી—તેની એક છેલ્લી કીસની આરજુ કરતી તેનેજ આશરે હાલ પડી હતી, તેનીજ ઉપર કીનો લેવા તેણીની માએ મરતી વખત શ્રાપ ઉતાર્યા હતા ! તેજ—તેજ તેણીની ત્યારે સાવકી બેહેન હતી—તેજ લીલ્યન લી હતી !

પણ એકાએક તેણીની લાગણીમાં અજબ ફેરફાર થઈ ગયો અને દુઃખનું એક ડચકું ભરી તેણીના હાથમાં તે લોથપોથ થઇને

પડેલા આકારને તેણે પેટમાં ચાંપ્યો અને તેણીના હોઠપર તેણે એક નહીં પણ અનેક કીસીઓ લીધી, અને પછી તુરતજ તે ફુલ જેવા ડગને હળવેથી તે ઘાસનાં બીછાણાંને હવાલે કરી "અરે બીચારી મરી ગઈ" એમ મોટેથી બુમ પાડી તે ઝુંપડામાંથી દોડી જઈ તે બાહાર પડી.

પ્રકરણ ૬ ઠું.

પ્રીય વાચનાર !

"સોગંદ ખા—મારી આગલ સોગંદ લે—કે પ્યાર, દોલત, અને જીંદગીની વટીક દરકાર કર્યા વગર તું કીનાના માર્ગ-પર સાબેત કદમ રહેશે. જો તારો તે ઠરાવ કોઇબી દીવસ જરાબી ઢીલો પડતો તું જોય તો આપણે બેઉએ જે હાંદેસા અને હાડમારીનાં વર્ષો કાઢયાંછ તેની યાદ કરજે—આજની રાત તારી માય—તારી પોતાની જણેતી માય જે મરવા સુતીછ તેની યાદ કરજે—યાદ રાખજે કે તેને એક ઈનશાનના દગાએજ મારીછ અને યાદ રાખજે કે તેનું એક પુરૂં બચ્ચું આ જમાનાની ફરતી ચક્કીમાં બાપના નામ વગર દુન્યાની સપાટી ઉપર પીસાતું થયુંછ."

હીલ્ડા ફેનને પોતાના કીનાનો વારસો સોંપતાં તેની માયે પોતાનાં મરણ વખતે તેણીની તે બેટીને કહેલા આ બોલ હીલ્ડાના કાનમાં હજી તો ગણગણતા હતા તેટલાં કુદરતનું એ કેવું વીચીત્ર વીલક્ષણ કે જરા વારમાં સહેજ બહાણે તે બે બેહેનો મળી એ આપણે ગયા પ્રકરણમાં જોઇ આવ્યાં; અને એમબી વાંચી આવ્યાં કે લીલ્યન લીને નામે ઓળ-ખાવતી તે છોકરીને પોતાને થયલા જખમથી મરતેઘાટ હાલતમાં—કહો કે બીચારીને પોતાનો પ્રાણ છોડતી—જોઇ હીલ્ડા ફેન તે દેખાવથી એવી

ગભરાઇ કે તે ઝુંપડાંમાંથી બહાર નીકળી પડી દોડી ગઇ હતી.

× × × ×

એ બનાવ પછી ચારેક કલાકે 'પાંચ કાંટા' ને નામે જાણીતા થયલા એક ટપ્પાપર ચાર ઘોડેસ્વારોની એક ટુકડી આવી ચઢી. તેઓમાંનો એક જે ઇંગ્રેજ હતો તે બાકીના ત્રણનો વડો હોય તેમ લાગતું હતું. તે ચારેના ઘોડાઓ જે રીતે ફીણફીણ થઈ જઇ તેઓનાં આંગ ઉપરથી ગરમ બાફ નીકળતો હતો તે ઉપરથી દેખાઇ આવતું હતું કે તેઓ ખુબ ઝડપથી સ્વારી કરતા ત્યાં આવ્યા હોવા જોઇયે.

"એ આય કયું સ્ટેશન ?" તે ઇંગ્રેજે પુછયું.

"પાંચ કાંટા."

"પાંચ કાંટા ? ત્યારે આપણે અહીંજ જરા આસાયશ લઇયે. ઘોડાઓ મરતેહાલ થાકી ગયા છે. આપણે કેટલા માઇલની સ્વારી કરી આવ્યા હોઇશું ?"

"ચાલીસ માઇલ."

"ઓહો, મારા જન્મમાં મેં એકી ટગરે એટલી લાંબી મંજલ કદી કાપી નથી ને જગ્યાબી કેવી ઉજ્જડ અને એકાંત છે ! ત્યારે તારા કહેવા પ્રમાણે હમણાં મેલ લુટાયો'તો તે અહીંજ કે ?"

"નહીં, એક સ્ટેશન આગલ અને—"

"અને આવતી વખત હવે મેલ અહીં લુંટાશે" ત્યાંનો ટપ્પાવાલો જે તેઓની આગલ દોડી આવ્યો હતો તે બડબડયો. તે ચારે ત્યાં થોભ્યા અને તેમાંના પેલા ત્રણેએ વીસામો લેવાની તૈયારીઓ કીધી પણ પેલો ચોથો જે તેઓનો વડો હતો તે તો અદબવાળી જાણે તેનું કામ પેહેરો ભરવાનું હોય તેમ તે ઝુંપડાંની બહાર ફર્યા કીધો; પછી આખરે તે ઝુંપડામાં દાખલ થયો અને પેલો ટપ્પાવાલો જે ત્યાં સ્ટેશન માસ્તરના ભપકા ભરેલાં નામે ઓળખાતો હતો તે

પેલા ત્રણની મદદથી ચુલો સળગાવી તેઓ માટે કાંઈ ખાધાનું પકાવતો બેઠો હતો તેને જોતો તે ઉભો રહ્યો. ખાધાનું જલ્દી તૈયાર થયું કે તે સ્ટેશન માસ્તરે જેવાં તેવાં આડાં તીડાં કાપેલાં રેંધ્યા વગરનાં પાટીઆંની બનાવેલી એક ટેબલપર એક કપડું પાથર્યું, ચાર ઇનેમલની રકાબી—જેમાંની ત્રણ પરથી ઇનેમલ લગભગ ઉખડી ગયું હતું અને ચાર ટીનપાટ તે ઉપર ગોઠવી મુક્યાં અને તે ચારે આગળ ખાણું પીરસી મુક્યું, અને તે ચારે જમવા બેઠા. જમીને પહેલો તે ઇંગ્રેજ ઉઠયો અને ગજવામાંથી તંબાકુની પાઇપ કાઢી તેમાં તંબાકુ ભરી તે સળગાવીને ફુંકતો તે પાછો બહાર નીકળ્યો અને જે તરફ ઘોડાઓને બાંધ્યા હતા ત્યાં ગયો.

પેલા ટપ્પાવાલાએ બહાર ડોકીયું કાઢી તેને છેક દુર ગયેલો જોઇ પેલાઓ તરફ ફરી પુછ્યું.

"એ કોણ છે? કાંઇ નવું રમખાણ છે કે? એ પોલીસવાલો તો નહીં હોય?"

"કોણ જાણે?" તે ત્રણમાંનો એક બોલ્યો, "એ કોણ છે ને ક્યાંથી આયોછ તેની અમુને કાંઇજ ખબર નથી. અમુ લોકને એણે પોતાની સાથે આય તરફનો રસ્તો બતાવવા ભાડે રોકયાછ ને અમુને દોડાવેછ ને પોતેબી દોડેછ એવો કે જાણે સેતાન! અરે ઘોડા થાકીને અધમુવા નહીં થયા હોતે તો એ હજીબી વધુ મંજલ કાપ્યોજ જતે!"

"પણ એની મતલબ શું? પેલા લુટાયલા મેલની બાબદમાં એ આયોછ?"

"કેહુંછની કે અમુને કાંઇજ ખબર નથી. મને તો બીચારો જરા ગયેલો લાગેછ. મેં અડછતુ સાંભળ્યુંછ કે એ કોઇની તલાસમાં નીકલ્યોછ; ને વળી મને ખબર પડીછ કે જેઓને તે શોધેછ તેઓ એક આગળ ગયેલા મેલમાં હતાં."

" એમ કે ? જા, ત્યારે તેઓને તે મળી રહ્યો ? હું જાણુંછ તે ઉપરથી કેહુંછ કે તેમાંનાં બધા પાસીન્જરો તો બીચારાં કબર અને કફનના મોહતાજ રસ્તામાં વેરણછેર થઇને પડેલાં છે, પણ એ છે કોણ ? "

" તે કોણ જાણે, અમુને જોઇતા પૈસા તે બરાબર એક બોલે કાઢી આપેછ એટલે અમને બીજી ત્રીજી ફનવાર હોય શું ? ચાલ હું તો જરા પડુંછ. "

" એમ ? ત્યારે પેલી તરફ મજેહનું સાફ ઘાસ હોસે તે લઈ આવી બીછાવીને ગોટું મારી જા. પેલો હું નહીં ધારતો કે હમણાં સુએ."

પણ પાંચેક મીનીટમાં પેલો ઇંગ્રેજ ત્યાં આવ્યો અને તે ઓરડાને તદ્દન ખાલી જોઇ અને પાસેના ઓરડામાંથી ઘોરવાનો અવાજ આવતો સાંભળી તેણે ધાર્યું કે બધાઓ સુઇ ગયા હશે, એટલે તેણેબી પોતાને આખે આંગે એક ગરમ રગ વીંટાળી બરડો નાંખ્યો.

પણ, થાકીને લોથપોથ થવું એ એક વાત છે અને તે થાક ઉતારવા મજેહથી ઉંઘાવું એ બીજીજ વાત છે. તે ઈંગ્રેજ થાક ઉતારવા જમીનપર પડયો તો ખરો પણ તેને ઉંઘ આવી નહીં, એટલે બબડતો ફફડતો ઉઠયો અને ત્યાંનાં બંધ બારણાંને ટેકીને વીચાર કરતો બેઠો.

એમ તે વીચારમાં વીસેક મીનીટ બારણાંને અઢેલીને પડયો હશે કે તેને કાંઇ એમ લાગ્યું કે તેની તે કેબીનનું બંધ બારણું કોઇ ઠોકતું હતું. તે તે બારણાં તરફ ફર્યો અને થોડોક વાર કશોજ અવાજ તેને કાને ન આવ્યાથી તેને આવેલા તે અવાજને તેનાં મગજનો ધખારો માત્ર સમજી આંખ વીચી પાછો વીચારમાં પડયો.

પણ એકાએક પાછો તે અવાજ આવ્યો અને આય વખત તો ખરેખરજ તેનું બારણું ઠોકાયું હોય તેમ તેને લાગ્યું, અને તુરત તે કુદીને ઉભો થયો અને પોતાના પટામાં ખોસેલી રીવોલવર બહાર

ખેંચી કાઢી તે હાથમાં કોઈ તરફ ટાંકતો હોય તેમ પકડી બારણા તરફ ફરી તેને ટીકતો તે ઉભો.

તે અવાજ પાછો આવ્યો અને તેની હવે ખાત્રી થઇ કે પહેલો જે અવાજ આવ્યો હતો તેબી ખરો અવાજજ હોવો જોઇયે. તેની એમ ખાત્રી થતાંજ તેણે પેલા પાસેના પાતલાં પારટીશનથી ભરી લીધેલા કમ્પાર્ટમેન્ટ તરફ ડોકું ફેરવ્યું તો ત્યાંથી ઘોરવાના સાદે તેને માલમ પડયું કે તેના સાથીઓ ખુબ નીંદમાં પડેલા હતા. તેણે તેઓને ઉઠાડવાનો વીચાર કીધો, પણ બીજીજ પળે તે વીચાર બાજુ મેલી, પોતાનાં પગનાં આંગળાંપર હળવે હળવે ચાલી તે બારણાં તરફ ગયો અને આસ્તે રહી તેણે તે બારણાંને પહેલે જરાક અને પછી આખું ઉઘાડી નાંખ્યું.

ત્યાં બહાર તેને લાંબુ ને લાંબુ લંબાયલું મેદાન માત્ર નજરે આવ્યું અને પાછો તેને અફસોસ થયો કે તેનાં ઘેરાયલાં મગજનો વળી પાછો એ ધખારોજ હોવો જોઇયે, અને તે એમ પોતાને ઠગાયલો જોઇ તે તે કેબીનમાં પાછો જવા જતો હતો, તેટલાં નીચે તેની નજર પડી અને તે ચોંકયો,—કેમકે ત્યાં તેના પગ પાસેજ એક અબલા ઢગલો થઇને પડી હતી. એક બોલબી બોલ્યા વગર તે નીચો વળ્યો કે તુરતજ તે અબલાએ તેનો હાથ પકડયો અને તેના તે હાથનો ટેકો લઇ તે ઉઠી ઉભી થઈ. તેઓ હવે એકમેકને સામે ટગર ટગર જોતાં ઉભાં.

હેરોલ્ડ ઉડલી—કેમકે પેલો મરદ હેરોલ્ડ ઉડલીજ હતો તેને તો જાણે તે ખુબસુરત આકાર આસમાન પરથી ઉતરી પડયો હોય તેમ લાગ્યું.

હીલ્ડા—કેમકે તે અબલા હીલ્ડાજ હતી તેણીબી તેને ટગર ટગર જોતી ઉભી, કારણકે તેણી તો ત્યાં પેલા સાદા માદા ટપ્પાંવાલાને

જોવાની આશામાં હતી, જ્યારે પોતાની સામે એક જવાન ઇંગ્રેજને જોઈ તે અજબ થઈ.

પણ હેરોલ્ડ તેણીને અજાયબીથી ટીકતો એક યા બે પળજ ઉભો, પછી તેણીને કમરમાંથી પોતાના હાથનો ટેકો આપી તેણીને તે અંદર ખેંચી ગયો અને તે કેબીનનું બારણું બંધ કીધું; બાદ એક ભાગો તુટો બાકસ આગળ ખેંચી તેપર તેણીને તેણે બેસાડી અને પોતાની ફ્લાસ્કમાંથી બ્રાન્ડી તેણીને આપ્યો જે તેણી કશીબી આનાકાની વગર પી ગઇ અને તેના આ હેશાનના બદલામાં માત્ર 'થેંક્યુ' કરીનેજ તે બોલી શકી.

"તમને હવે ઠીક લાગેછની?" તેણે તેણીને પુછ્યું.

"હા, હું સારી કાની છેઉં. હું કયાં છેઉં?"

"તમે 'પાંચ કાંટા'ના ટપ્પાપર છેવો."

"હા, બરાબર, મને યાદ આવ્યું" તે બોલી અને તે બાપડી હજી કાંઇ વધુ યાદ પોતાનાં મગજમાં તાજી કરવા માંગતી હોય તેમ તેણીએ પોતાનાં કપાલ ઉપર હાથ ફેરવ્યો.

"હ્યાં આપણે એકલાંજ છીયે કે?"

"નહીં, પાસેના રૂમમાં બીજાઓબી છે."

"કોણ છે? ટપ્પાવાલાઓ?"

"નહીં, મારાં માણસો છે. અમે મેલ ટાંગામાં નથી આયા. ઘોડાપર અહીં આવી પુગયાછ. મેલતો આવતી કાલે આવશે" અને પછી એક તખ પોતાની તરફ તાણી તેને ઉંધું વાળી તે પર તે પોતે તેણીની આગળ બેઠો "તમુને તમારે લાભના થોડાક સવાલો પુછવા માંગુંછ માટે મને તેના જવાબો તમે હમણા દઇ શકશો? તમે થાકી ગીયાં હોવ તો—"

"નહીં, તમે પુછો બેલાશક પુછો."

"તમે એકલાંજ અહીં આયાં?"

"હા."

"એકલાંજ ? ને આવી રાત્રે ને આવી એકાંત ઉજડ જગ્યાએ ? તમે કેમ આવી શકયાં ? પણ, સબુર તમને કાંઇ ઇજા તો નથી થઇ?"

"ઇજા ? જરાબી નહીં."

"હું જાણું—હું જાણું કે તમારો હાથ—મેં તે હાથપર લોહી જોયું."

"નહીં, કયાં છે ? એમ બોલી તેણીએ તેની તરફ પોતાના બેઉ હાથ લાંબા કીધા, પણ તુરતજ તેણીએ તે પાછા ખેંચી લીધા અને આખે આંગે તે કમકમી.

"મને ઇજા તો કંઇ થઇ નથી, ફક્ત અહીં આવતાં મને ઝાડીમાંથી આવવું પડયું એટલે જરા અહીં તહીં ઘસાડા લાગ્યા હોસે."

"તમારી તે વીશે ખાતરીજ છે?"

"હા, થેંકયુ."

"ખરેખર શુક્રાના ખુદાના" હેરોલ્ડ બોલ્યો. "હું જાણું કે આવી મોડી રાત્રે—પણ ચાલો હાલ તુરત તમે આરામ લેવો હું જરા અહીં બીછાણું કરી આપું તમે પોઢી જાવો."

"નહીં, નહીં, તમે મને એકલી મુકીને કેથે જાવોના, મને ઉંઘ આવવાની નથી. તમે કેથે જાવોના—તમુને હું પગે લાગીને કહુંછ—તમે—"

"નહીં, નહીં, હું કેથે જતો નથી. તમે બીહોના, પણ તમુને મારીથી બનતી સગવડ આપવી જોઇયે" એમ બોલી તેણે તેણીએ પહેરેલો ઓવર કોટ તેણી જે બાકસપર બેઠી હતી તે ઉપર પાંથર્યો અને તેણીને તે ઉપર આંગ નાંખવા કહેતાં તે મર્યાંવાળી સુતી.

"તમે કેટલા બધા મહેરબાન છેવો ?" તે બોલી "મને અહીં આવી મદદ મળશે એમ મેં સ્વપ્નેબી નહીં ધાર્યું 'તું ને—".

"ત્યારે તમે આગળ અહીં આવી ગીયાં હોસો ?"

"હા, હું એક આગલા મેલ ટાંગામાં આવી'તી."

"શું પેલો જે મેલ લુટાયો તેમાં ? ને તમે–"

"અંધારામાં હું છટકી ગઈ. હું કેમ બચવા પામી તે હું નહીં જાણુતી. પણ તમે જોવછ તેમ હું બચી તો ખરીજ."

"ને તમે એકલાંજ અહીં વેર ચાલીને આવ્યાં ?"

"હા, હું એકલીજ આવી ને પગે ચાલીનેજ આવી."

"ઓ ખુદા ! એ નહીં મનાય તેવી વાત છે; ત્યારે કદાચ બીજાંબી બીચારાં બચવા પામેલાંઓ અહીં તહીં વાય જહાંન એકલાં અટુલાં રખડતાં તો નહી હોય ?"

"નહીં–નહીં" તેણી ઝડપથી બોલી ઉઠી "એકલી હુંજ બચવા પામી, ત્યારબાદ તે મેલ ચાલી ગીયો–મેં જોયોતો નહીં પણ તેના જવાનો અવાજ મેં સાંભળ્યો."

"હું સમજયો–લેઓ જરા આય બ્રાંન્ડી પાછો લેઓ–આંગમાં ગરમી આવે" એમ કહી પેલાજ ગલાસમાં જરા વધુ બ્રાંન્ડી રેડી તેમાં પાણી નાખી તે તેણીની આગળ આવ્યો, અને તે ગ્લાસ લેવા તેણીએ હાથ લંબાવી તેની તરફ જોયું અને તે બેઉની આંખો મળી અને તેની તે આંખોમાં દયાની લાગણી પ્રગટ દેખી તેણી ખુશી થયલી જણાઈ.

"અને ત્યારે તમેજ એક બચવા પામ્યાં ? પણ વારૂ બીજાં કોઈ બીજાં સ્ટેશને તો નહીં હોય ? કેમકે મેલ લુટાયો તેજ તરફ—"

થોડીક વાર બંને ચુપ બેઠાં; બાદ તેણી તેની તરફ જોઈ બોલી;

"ત્યાં હવે કોઇ નથી. હું પોતેજ ત્યાંથી આવી કેની ? ત્યાંના ટપ્પાવાલાને વખતસર ચેતવણી મળી ગયાથી તે તે સ્ટેશન છોડી ચાલી ગયો હતો, ને તે જગ્યા તદન ઉજડ પડયાથી હું એકલી ત્યાં પડી રહેતાં બીધી એટલે હું અહીં ચાલી આવી."

"હવે હું સમજયો ! તમે તે જગ્યા છોડી અહીં આવતાં રહ્યાં તે ઠીકજ કીધું–પણ તમે અહીં સુધી એકલાં આયાં કેમ, તેજ એક

અજાયબી છે. કેટલી મોટી મંજલ? તમારી કાયનાત શું? તમારાં દીલનું ને મનનું ઠેકાણુંજ કેમ રહી શકયું?"

"ઇનસાન જ્યારે જીવપર આવે ત્યારે શું નહીં કરી શકે?"

"હા, તે વાત ખરી–તમો કહોછ તેબી બરાબર છે; ચાલો હવે, ગમે તેમ તમે આયાં, તમે અહીં સલામત આવી પુગયાં એજ બસ છે–તમને ઉંઘ નથી આવતી?"

"નહીં–મને ઉંઘ નથી આવતી."

"તમે સાચું બોલોછ?"

"હા, મને જરાબી ઉંઘ જેવું લાગતું નથી."

"જો ઉંઘ આવે તો તમે ઘણાં પરગરાં પડી જશો–ઉંઘ નહીં આવતી હોય તોબી તમે જરા હુંફમાં પડી રહેશો તો સહવારે મજેહનાં ઉઠશો અને તેટલાં મેલબી આવી લાગશે ને–"

"ઓ નહીં" તેણી તુરત બોલી ઉઠી "હું હવે એ મેલોમાં મુસાફરી એકલી નથી કરવાની!" અને એટલું બોલતાં તે બાપડી રડીબી પડી! હેરોલ્ડ તેણીની આવી લાગણી જોઈ ગભરાઇ ગયો અને બીહીને તેણીને ધીરજ આપવા લાગ્યો.

"વારૂં–વારૂં તમે બીહોના. તમારી મરજી નથી તો મેલમાં ના જતાં, પણ ત્યારે તમે જશોબી કેમ?"

"તમે તે મેલ લુટાયો તે કેમ જાણ્યું?" તેણીએ તેને પુછ્યું.

"આખે રસ્તે બધાંને તે વાતની ખબર છે. આગલો ટપ્પાવાલો તો કહેવા લાગ્યો કે–પણ તમે બીહીશો કે?"

"નહીં–શું કહ્યું? હું નહીં બીહું."

"કે કેટલાંકોને તો ગોળીથી તે બદમાશોએ ઠાર માર્યાં હતાં."

"હા, બંદુકના અવાજ તો મેંબી સાંભળ્યા હતા" તે ધીમેથી બોલી.

"માફ કરજો, તમારો જીવ કચવાયો હોય તો પણ મને તે મેલમાંના ઉતારૂઓ ખાસ કરીને એકમાં અંગત લાભ હોવાથી આય રીતની હું પુછપરછ કરતો તમારી સાથે બેઠોછ."

એમ કહી તે તુરત ઉઠયો અને ત્યાં જરા દુર ટેબલપર ગોઠવી મુકેલી મીણબત્તી તેની જગ્યેથી એવી રીતે હવે તેણે મુકી કે તેની રોશની તેણીના મ્હોંપર બરાબર આવે; અને પછી તેણી ન જુવે તેમ તેણે તેણી તરફ ધારી ધારીને જોયું અને તે ચ્હેરો જોતાંજ તે ઉશ્કેરાઇ ગયો હોય તેમ લાગ્યું, પણ પોતાની તે લાગણી જેમ તેમ દાબી રાખી તેણીની આગળ પાછો તે આવીને ઉભો; તેની આ હીલચાલ તેણીએબી બારીકીથી જોઇ હતી તેથી તેણીએ તેને પુછ્યું–

"કાંઇ તમો મને કહેવા માંગોછ? કાંઇ તમો પુછવા માંગોછ?"

"તમને એક સવાલ પુછું?" તે બોલ્યો અને પેલાં ઉંધાં વાળેલાં તખપર તે પાછો તેણીની આગળ ગોઠવાયો "તમે કહેશો કે નં૦૪ મેલમાં કોઇ બાનુ ઉતારૂ હતી?"

"હા, એક બીજી હતી" તેણીએ બહુજ હળવે સાદે–એટલું હળવે સાદે કહ્યું કે તે સાંભળવા હેરોલ્ડને પોતાના કાન તેણીના છેક મ્હોં આગળ લાવવા પડયા હતા.

તે કેવી હતી? તેણીનું મને કાંઇ વર્ણન આપી શકશો? જવાન હતી કે ઘરડી ને તેણીનું નામ શું હતું?

"તે જવાન હતી તેના વાળ ભુરા અને આંખો કાળી હતી" અચકી અચકીને હીલ્ડાએ જવાબ દીધો.

"તે કોણ? કોઇ ઇંગ્રેજ છોકરી હતી?"

"નહીં" તે બોલી "નહીં, તે એક મેકસીકન હતી ને પોતાના ભાઇની સાંથે મુસાફરી કરતી હતી."

"તેનું નામ શું હતું?"

"તે મને ખબર નથી."

"ત્યારે તમારૂં નામ શું?"

"મારૂં?" અને ત્યાં તે છોકરી કોઈ અણુદીઠ હેબતની મારી ગભરાઈ અને હેરોલ્ડની જો હવે નજર તેણીના ચ્હેરાપર પડી હતે તો તેને તે ચ્હેરો સદંતર ફીક્કોફચ્ચ મારી ગયેલો માલમ પડતે "મારૂં નામ—મારૂં નામ લીલ્યન લી છે."

અજાયબીની એક ચીસ પાડી હેરોલ્ડ પોતાની બેઠકપરથી ઉછળીને ઉભો થયો.

"ઓ ખુદા! પણુ, તમે—બહીતાં ના મારાથી ચીસ પડાઇ ગઇ કેમકે તમારીજ શોધમાં તો હું બધેબધ રખડતો હતો!"

"મારી શોધમાં?"

"હા તમારીજ! કાંઇ અઠવાડિયાં થયાં મેં તમારી પુઠ પકડી રાખીતી; કોઇવાર મને આશા આવતી તો કોઇવાર નીરાશામાં હું તણુાઇ ઘસડાઇ જતો હતો. ફક્ત આઠેક દહાડાની વાતપર મને માલમ પડયું કે તમારાજ જેવું કોઈ આય તરફ જવા નીકળ્યું હતું. હવે મેલની વાટ કયાં જોઉં? તમે ત્યારે જોવોછ તેમ હું અહીં આયો અને સાંભળુંછ તો તેજ મેલ લુંટાયલો! આજે રાતેજ મારાં નસીબને રડતો હું આયજ બારણુાંને અઢેલીને બેઠો હતો, તેટલાં તમેજ તે ઠોકયું. તમને મેં અંદર લીધાં તે વખતે તમનેજ મેળવવાની આશા મેં દીલમાં વસાવી નહીં, પણુ જ્યારે આય બત્તી ખીસેડી મેં તમારો ચ્હેરો બરાબર જોયો ત્યારે મને કાંઇક આશા આવી કે—પણુ લીલ્યન લી તમેજ કેની?"

"હા—હુંજ" તેણી બોલી અને આ વેળા તેણીનો અવાજ આગળ કરતાં વધુ મક્કમ હતો.

"ત્યારે તો હું ધારૂંછ, મારે વધુવાર ભરમ રાખવો જોઇતો

નથી. મીસ લી હું સર તેલબોટ ઉડલીનો ભત્રીજો છેઉં ને મારૂં નામ હેરોલ્ડ ઉડલી છે."

આ સાંભળીને હવે ચોંકીને ઉછળવાની તેણીની વારી આવી અને હેરોલ્ડ સામી ઉભી રહી. તેણીએ એવા ફાટેલા ડોળાએ તેની તરફ જોયું કે તેણીનો તે વખતનો દેખાવ હેરોલ્ડથી કાંઇક વર્ષો સુધી ભુલાયો નહીં. તેને લાગ્યું કે તે માત્ર અજાયબીથી દંગજ નહીં થઇ ગઇ હતી, પણ તેણીની આંખોમાં કાંઇ ઓરજ હીંમત અને તુમાખીનો ભેગો પ્રકાશ ચમકી રહ્યો હતો, પણ તે પ્રકાશ તેણીની તે આંખોમાં શા કારણે ચમકી રહ્યો હતો તેનો વીચાર કરવાની તેને હાલ ફુરસદજ ક્યાં હતી?

"હા, હું સર તેલબોટનો ભત્રીજો છેઉં. તેણે પોતેજ મને તમારી શોધમાં મોકલ્યોછ અને મારે તમુને તેનીજ આગલ લઇ જવાનાં છે. તમે જાણોછ, કાંય?"

"હા, હું અટકલી શકું તેમ છે."

"ત્યારે તમે જાણોછ કે તમારાં માય–"

"હા, હું જાણુંછ કે મારાં માયજી લેડી ઉડલી હતાં."

"તમારાં માય સર તેલબોટ ઉડલીનાં ધણીયાણી હતાં અને તમે તેઓ બંનેનાં બેટી છેવો."

"મીસ લી–પણ તમુને હું લીલ્યન કરીને બોલાવું? આપણે બંને પીત્રાઇ ભાઇબેહેનો કહેવાઇએ અને—"

"હા, આપણે બેઉ પીત્રાઈ છઇયે એમ હું ધારૂંછ."

"ધારોછ શાનાં? છઇયેજ અને તેથી લીલ્યન તમને મેળવવાની મને જે આવ તક મળીછ તેથી મારૂં હૈયું ખુશાલીથી ભરાઇ ગીયુંછ. એમ છે–એ બધું ખરૂં છે છતાં હું સ્વપ્નું જોતો હોઉં તેમ મને લાગેછ! લીલ્યન મને તારા હાથને હાથ લગાડવા દે કે મારો એ સ્વમાનો ધખારો મારા મગજમાંથી નીકળી જાય!"

હળવેથી તેણી તેની તરફ જરાક ટીંગાઇ અને ધીરે રહીને તેણીએ પોતાનો એક હાથ તેની તરફ લાંબો કીધો; તે હાથપર હજી પેલો લોહીનો ડાઘ હતો પણ હવે તેની કશીબી દરકાર હેરોલ્ડે કીધી નહીં; તેણે તુરત પોતાના બંને હાથમાં તે હાથ લીધો અને દાબ્યો અને એક છલાંગ મારી તે ઉઠીને ઉભો થયો.

"હા" તે બોલ્યો "અંતે તું મળી! અને તબી આય ઘડીએ! ને હવે ત્યારે લીલ્યન અહીંથી કેમ ઉઠાંગરી કયું? તુને હજીબી મેલની બીક છે કે?"

"હા" તે બોલી "મેલમાં હવે પાછી મુસાફરી કરૂં તે કરતાં મારૂં હજીબી ગમે તે થાય તે હું પસંદ કરૂં! આપણે અહીંથી હવે એકદમજ ઉપડી જઇયે તો કેમ?"

"હુંબી હમણાં તેજ વીચાર કરતો હતો. તું સવારી કરી શકશે?"

તેણીએ ડોકાંનો લેહેકો કરી 'હા' કહ્યું.

"હા? ત્યારે તો એ ગુંચવણનો છેડો આવી ગયો સમજ. ચાલો લેવો ત્યારે આય કોટ તમે પેહેરી લેવો."

"થેંક્યુ? ચાલો, ત્યારે મારી સાથેનો એક માણસ મેલને માટે અહીં થોભશે અને તેનો ઘોડો તમે લેજો. સહવારના બડી ફજર આપણે અહીંથી નીકળશું ને પછી તમારા બાવાજીને મળતાં વાર કેટલી?"

તેણે તે છોકરીમાં કશી નજાકત કે માયા જોવાની ખાયેશ રાખી હોય તો તેમાં તે નીરાશ થયેલો હોવો જોઇએ. લીલ્યન લી, કેમકે આપણે હાલ તુરત તેણીને એજ નામે બોલાવીશું—તે ઉઠી અને બારી આગળ જઇ ઉભી પણ પછી એકાએક તે બારી આગળથી બંને હાથ પહોળા કરી હેરોલ્ડ જ્યાં હતો ત્યાં હરણફાળ ચહેરે ધસી આવીને હાંફતાં હાંફતાં—"ઓ મને અહીંથી લઇ જાવો—મને આય ભયંકર જગોથી લઈ જાવો!" એટલુંજ બોલી.

પ્રકરણ ૭ મું.

તે ઑગષ્ટ મહીનો હતો અને પોતાની ખોહોવાઇ ગયલી પીત્રાઇને હેરોલ્ડ ઉડલીએ શોધી કાઢવાને લગભગ મહીનો થઇ ગયો હતો.

ઉડલી હૉલના લાઇબ્રેરીવાલા ઓરડામાં સર તેલબોટ બેઠેલો હતો; સાંજનું ઝઝકળું, શરૂ થતી રાતની સીહાઇમાં પીગળી ગયું હતું; એટલે તે ઓરડામાં ઉજાસ આપવા વચોવચની એક ટેબલ ઉપર એક લૅમ્પ મુકેલું હતું, અને તે ટેબલની પાસેનીજ એક ખુરસીપર પોતાના જમણા હાથની હથેલીમાં પોતાનું માથું ગોઠવી તે હાથની કોણીને તે ખુરસીના હાથાપર ટેકવી પોતાના ખોળા પર મુકેલા એક તાર તરફ તે ડોસો ટીકતો બેઠો હતો. તે તાર ટુંકો અને ટચ હતો. તે તારમાં તે ડોસાને ફક્ત એટલીજ ખબર આપવામાં આવી હતી કેઃ—

"અમે ઘણાં ખરાં આજે રાત્રે નવ વાગે ઘેર આવી પુગીસું."

એટલે ઘડી ઘડી તે બુઢો અમીર તારમાં ખોસેલી પોતાની ડોક ઉંચકી સામેજ મુકેલાં એક મારબલના ઘડીયાલ તરફ જોયા કરતો હોય તો તેમાં કશી નવાઇ નહતી; અને એમ તે ઘડીયાલ તરફ જોવા પોતાની ડોક તે ઉંચકતો તે વખતે પેલી બત્તીનો ઉજાસ તેના ચ્હેરા ઉપર પડતો હતો જેથી જો ત્યાં કોઇ હતે તો તેને જોવાને બની આવતે કે એ વીતી ગયલા એક મહીનામાં તે ડોસાના ચ્હેરા ઉપર ઘણા જાણવાજોગ ફેરફારો થયા હતા. બુઢો, દમામદાર અને ગંભીરતામાં તે જેવો અસલ હતો તેવો આજેબી હતો; મગર તેના કઠોર ચ્હેરાએ આજે કાંઇ ઓરજ નરમાશ પકડી હતી. તેનાં કપાળ ઉપર હંમેશાં દેખાતી કરચલી કે તેના ચ્હેરાપર ઘર કરીને બેઠેલો ચીંતાનો છાપ કે તેનો હંમેશનો ખાઉ કરડુ દેખાવ એ બધું આજે નહતું. તેને બદલે કોઇને જોવાની—કોઇને મળવાની અધીરાઈ ત્યાં તેના

ચ્હેરાંપર છવાઇ રહેલી સ્પષ્ટ દીસતી હતી.

તેનું મેહેલ જેવું મકાન જેમ અગાઉ તેમ આજેબી તદ્દન ચુપ-ચાપ અને શાંત હતું; માત્ર ફરક એટલોજ હતો કે ડ્રોઇંગ રૂમમાં પુષ્કળ બત્તીઓ સળગાવી મુકવામાં આવી હતી; અને જાણે કોઇ ધનાઢ્ય પરોણાઓ ત્યાં આવવાના હોય તેમ તેના માળપરના ઓરડાઓ-માં બધું ગોઠવ ગાઠવ કરવાની નોકર નફરોની ધુમચકરી ચાલુ હતી.

બરાબર નવ વાગ્યા અને સર તેલબોટ જાણે તેની અધીરાઇ હવે ખુટવા આવી હોય તેમ ત્યાંથી ઉઠયો અને તે રૂમમાં ફેરા ફરવા લાગ્યો. એમ એક બે ફેરા ખાઈ તેણે તે રૂમનું એક તરફનું બારણું ઉઘાડી પેલી પીકચર ગેલરીવાલા નાના ઓરડામાં તે દાખલ થયો અને પેલાંજ બધાં પીકચર આગળ તે ઉભો; પછી પોતાનાં ગજ-વામાં હાથ નાંખી તેમાંથી તેણે એક કુંચી કાઢી તે પીકચરના બંધ બારણાંની કળને લગાડી તે બારણાં તેણે ઉઘાડયાં અને તેમ કરતાં તેની નજર સામે ઉભેલી તે મોહક મુર્તિને ટીકતો તે ઉભો; બાદ પોતાની જે દીકરીના આવ્યાની તે રાહ જોતો હતો તેનીજ માવ-તરની એ સબી બાવીસ વર્ષે આજે એમની એમ ખુલ્લીજ રાખી તે ત્યાંથી પાછો ચાલતો થયો.

ત્યાંથી તે પાછો પેલીજ લાયબ્રેરીવાલા રૂમમાં આવ્યો, જ્યાં પેલીજ ટેબલ ઉપર પડેલું એક કાગળ તેણે ઉંચકયું. તે કાગળબી પેલા તારની માફક હેરોલ્ડ તરફથીજ તેને મળ્યું હતું.

"આખરે મેં તને શોધી કાઢી છે" તેમાં તેણે લખ્યું હતું "અને જેમ બને તેમ જલદી અમો તમો મુરબી તરફ આવવા નીક-ળ્યાં છીયે. રસ્તે અમને લેડી મેરી મળ્યાં જેવણને અમે સાથ તરીકે લઇ લીધાં છેજી. હું લીલ્યનને કેમ મળ્યો તેનું બયાન તમો સાહેબ ઉપર લખી વાળવાની મેં તજવીજ ઘણી કીધી પણ તેમાં મને નિ-

અફળતા મળી છે, કેમકે વાર્તા લખનારની ઝેણુ મારામાં નથી, વાસ્તે તે બીના તમને મોંઢે મોઢુંજ કહી સંભળાવવા મેં હાલ તુરત મુલતવી રાખી છે. મારા વહાલા કાકાજી! તમે આ ખબર વાંચી નરવશ ન થતાં હિમ્મત રાખજો અને અમારી આવ્યાની રાહ સબુરી અને ધીરજથી જોજો."

"લી૦ તમારો તાબેદાર ભત્રીજો હેરોલ્ડ."

બસ, તે કાગળમાં એટલુંજ હતું. ના તેમાં તે છોકરીનું કાંઇ વર્ણન હતું કે ના તેમાં તે છોકરી તે તેજ હતી એમ હેરોલ્ડે ખાતરી આપી હતી.

અમે ગણત્રી તો કરી નથી, પણ અમને લાગેછ કે તે અધીરા પડેલા બાપે તે કાગળ સાતસો ને એંસીમી વખત હમણાં વાંચ્યું હતું, અને તે કાગળ તે ટેબલપર પાછું મુકવા જતો હતો તેટલામાં તો આવતી ગાડીનો અવાજ તેને કાને પડયો અને તે ચોંકયો; જો કે એવાજ કાંઇક અવાજની તે કાગને ડોળે વાર જોતો હતો તોબી તે તે અવાજ સાંભળી ચોંકયો, અને તેણે પોતાના હાથમાં પકડેલું કાગળ ટેબલ ઉપર મુકી દીધું અને ખડો થઇ ઉભો. બાદ, તે ગાડી તેને ઉભી રહેતી સંભળાઇ અને જરા વારમાં નીચે ડ્રોઇંગ રૂમમાં પેટીઓ મુકાવવાનો અવાજ તેને કાને આવ્યો, અને થોડીજ વારમાં એક છોકરીનો બોલવાનો મીઠો—મધુર અવાજ તેને કાને આવી અથડાયો, અને તે બુઢો આટલો વાર તેણે રાખેલી હીંમત ખોઇ દઇ ત્યાંજ એક ખુરશીપર આંખે હાથ દઈ બેસી પડયો.

બે પળ વીતી અને હવે તે ઓરડાનું બારણું ઠોકાયું; પાછો તે બુઢો ઉઠયો અને ટટનખાર થઇ બારણાં તરફ ફરીને ઉભો અને ફક્ત "અંદર આવો" એટલુંજ તે બોલ્યો, અને તેના હુકમને ગોયા માન આપી તે બારણું ઉઘડયું અને હેરોલ્ડ અંદર આવ્યો.

તેનો ચ્હેરો સાંવળો મારી ગયલો અને લેવાયલો લાગતો હતો, બાકી બીજી કોઇ વાતે તેની ખુબસુરતીને કશી અલવલ આવી ન હતી. અંદર આવતાંજ એક બોલબી બોલ્યા વગર તે ડોસાએ તેને જોઈ લાંબો કીધેલો હાથ તેણે ઝટ તેવણુની આગળ ધસી આવી પોતાના હાથમાં લીધો અને નમીને તેનું ચુંબન કીધું, અને જો કે તેને બેસવા માટે તેના કાકાએ એક ખુરસી તરફ આંગળી કરી તો પણ તેવણુને ટીકતો તે તેવણુની સામે ઉભોજ રહ્યો.

"કેમ હેરોલ્ડ તુ આયો?" તેવણે ધીરે—લગભગ નહિ સાંભળી શકાય તેવા સાદે તેને પૂછ્યું.

"હા કાકાજી, આયો અને ખુદાની મેહેરબાનીથી એકલો નથી આયો. તમે કાકાજી સારી પેઠે છેવો? તેણીને મળવા જેટલી હીમત—"

"કહાં છે એ?"

"મેં તેવણુને તેવણુના ઓરડામાંજ મોકલ્યાંછ." હેરોલ્ડ બોલ્યો "તેવણુ થાકી ઘણાં ગીયાંછ ને મેં જાણ્યું કે પહેલે તમુને એકલોજ મળી તમુને હું તૈયાર કરૂં કે—"

"તૈયાર કરે, મને? એટલે?"

"તેવણુને ભેટવા માટે તમે તૈયાર થઇ રહો તો સારૂં કેની, મુરબ્બીજી?"

"ત્યારે, છોકરા, તેં મને આયજ મારફતે કેમ નહિ તૈયાર કરી રાખ્યો?" પેલું કાગળ ઉંચકી તેને બતાવતાં સર તેલબોટ બોલ્યો.

કાકાજી, તે બને તેમ નહતું; મેં તેમ કરવાની તજવીજ કીધી પણ મારાથી તે ન બન્યું. અમે જે રવેશે મલ્યાં તેનું વર્ણન આબેહુબ આપવા માટે તો એક વાર્તાનવેશનીજ કલમ જોઇયે, ને તેણીનું વર્ણન બી હું કેમ—"

એમ આગળ બોલતાં હેરોલ્ડ અટકી પડયો અને પોતાની ડોક

નીચી કરી તે જમીન તરફ ટીકવા પડયો.

"આહ! હું સમજયો, તેં મારી કદર ખાધી."

"તમારી મેં કદર ખાધી? એટલે, કાકાજી?"

"નહિ, નહિ, તું ગભરા ના, હેરોલ્ડ મેંબી કાંઇ આટલાં વર્ષ કાઢયાંછ તે અમથાંજ કે? એ બીચારી મારીથી વીખુટી આ-ટલાં વર્ષની પડેલી ને તેની માય સાથે કોણ જાણે કેવી હાડમારી ને હેરાનગતીમાં તે વર્ષો બધાં તેણે કાઢયાં હોસે એટલે તે બીચારી ગામડીયણમાં એક શીખેલી, કેળવાયલી, સારી રીતભાત જાણનારી છોકરીની હું આશાજ કેમ રાખું? પણ—" ત્યાં હેરોલ્ડ તેવણને આગળ બોલતાં અટકાવવા જતો હતો પણ તેને થોભાવી તેવણે પોતાનું બોલવું ચાલુજ રાખ્યું "પણ તેનો શું મુજાકો છે? મને તો મારી દીકરી જોઇતી'તી, પછી હાલ તે અડધા જંગલીબી હોય તો શું થયું?"

"ત્યારે તમે કાકાજી કોઇ અડધી જંગલી અને બીનકેળવાયલી છોકરી જોવાની આશા રાખોછ કે?"

"ત્યારે બીજી વધુ આશા હું રાખુંજ કેમ? પણ, હેરોલ્ડ, મને બસ એટલુંજ કહે કે તે પોતાની માયના જેવી—"

"નહિ સાહેબ, તેવણ લેડી ઉડલી જેવાં તો નથી પણ તેવ-ણનો ચ્હેરો તમને વધારે મળતો આવેછ."

"મારા ચ્હેરાને મળતો હેરોલ્ડ?"

"હાજી, તેવણને જે જોય તે તમારા અને તેવણના ચ્હેરામાં મળતાપણું આબાદ પકડી કાઢે. તેવણે જે મને પહેલી પોતાની ઓળખ આપી તે મેં જો કે માની, પણ જો તે વીશે મને કશોબી શક રહેયો હતે તો તેણીનો ચ્હેરો મારી નજરે પડતાં વાર તે નીકળી જતે; કાંઇ આંખનો લ્હેકો તમારા જેવો, કે હોઠનો કલ્લો તમારા જેવો, કે

નાક તમારા જેવું એમ નથી; તેણીનો ચ્હેરો સામટો લેતાં તે તમારા ચ્હેરાને મળતો આવેછે એમ મારૂં કહેવું છે."

"ને તારૂં કેમ છોકરા? તુંને મારી એ દીકરી ગમેછે કે? તેની ઉપર તારૂં તો ઘણું મોટું હેશાન કહેવાય, કેમકે તેણીને શોધી કાઢવા એટલાં વર્ષો સુધી આટલા બધા જન મથ્યા પણ તે કોશેશમાં તુંજ એકલો ફાવ્યો. તારી સાથે કેમ છે? દોસ્તી છેની?"

આ સવાલથી હેરોલ્ડ કાંઇક શરમાઇ ગયો અને ટેબલપર મુકેલાં કાંસાંનાં રમકડાં સાથે ચેડાં કાઢતો તે ફક્ત એટલુંજ બોલ્યો કે—"હા, કાકાજી, અમને બેઉને ઘણી દોસ્તી પડી ગેઇછે."

"હેરોલ્ડ, ત્યારે હવે મને બધી વાતથી વાકેફ કર કેમકે તારે મોઢે બધી હકીકત—"

"હમણાં રાત્રે તો નહિજ, કાકાજી હવે જે હોય તે કાલે, નહિ તો કોઈ બીજી વખત વાત. પણ, હા, મારે તમુને એટલું તો કહેવું જોઇએ કાકાજી, કે લીલ્યનને બધી રીતે કાંઈ થોડું નથી ખમવું પડયું અને તેથી તેની લાગણી ઘણીજ તીક્ષ્ણ થઇ રહી હોય તેમાં કાંઇ નવાઇ નથી. ભુતકાળ બધો તેણીને માટે ઘણોજ ઘાતકી નીવડેલો કહેવાય, એટલે—માફ કરજો કાકાજી! આટલું ખુલાસાથી બોલવા માટે,—એટલે ભુતકાળની કાંઇબી વાત તેણીના દીલમાં આગના ભભુકા ઉઠાડેછે અને તે વાત કોઇ કદીબી છેડવામાં નહિજ આવશે એવી મેં તેણીને જો ખાતરી નહિજ આપી હતે તો કદાચ તેણી મારી સાથે અહિં તમારી આગળ આવવા કબુલબી નહિ થતે. મહા મુશ્કેલીએ અને ઘણીજ આનાકાનીથી તેણી તમારી દીકરીજ છે કે કેમ તે વિશેની મારી ખાતરી કરવાને થોડાક સવાલો તેણીએ મને પુછવા દીધા. હવે ચોક્કસ આસપાસના સંજોગોથી અને તમારી સાથેના તેણીનાં ચહેરાનાં મળતાપણાથી મારી જ્યારે ખાતરીજ થઈ કે

તેણી લીલ્યન લીજ છે એટલે મેં તેણીને વધુ સવાલો પુછીને પજવવાનું દુરૂસ્ત નહિ ધાર્યું. એટલું તો ખરૂં કે મને મળેલી ખબરો, તમારા આગલા એજંટોએ મેળવેલી ખબરો સાથે મળેછ, અને કોઇ કોઇવાર તેણીને મેં પુછેલા સવાલોના જે જવાબો મને તેણી તરફથી મળ્યા તે જવાબો ફક્ત તમારી લીલ્યન સિવાય કોઇ બીજી ભલતી છોકરી આપી શકે એ મને તદ્દન નહિ બને તેવું લાગ્યું."

"હેરોલ્ડ, બધું જાણી લેવાની મારી હોંસ મારાથી નહિ થોભાવી શકાશે."

"પણ મુરબીજી, તમારે જાણવાનું હવે રહ્યુંછ શું? જો એ તમારી દીકરીજ છે કે કેમ તે વિશે તમને કાંઇ શક હોય અને તેથીજ તમે મારી તરફથી બધી વીગત જાણવા અધીરા પડયા હોવ તો તેણી ઉપર ફક્ત એક નજર નાંખતાંજ તમારો તે શક અને તમારી એ અધીરાઇ દુર થઇ જશે."

તેજ વખતે બહારથી કોઇનો અવાજ આવ્યો અને તે બંને ચોંક્યાં.

"એ શું હેરોલ્ડ?"

"એ તો કાકાજી મીસ લીલ્યનનો—તમારી દીકરીનો સાદ છે. તે નીચે આવી હોસે, વાસ્તે લાવો કાકાજી, મને તમારો હાથ આપો આપણે નીચે જઇએ. ખુદા ખાતર, એમ 'નરવસ' ના થઇ જાવોની—હીમત રાખો. તમે એમ ગભરાશો તો તે બીચારી બેકડાઇન થઈ જશે."

તે બુઢો ઉમરાવ પોતાની બેઠકપરથી ઉઠી ઉભો થયો અને સીધો ટટણખાર થઈ પોતાના વાળ સેંથા આગળથી સરખા કીધા, ને જાણે ધુળથી બધો ઢંકાઇ ગયો હોય તેમ પોતાનાં કોટ પાટલુન ઉપર હાથ ફેરવી તેમને ઝાટકી પાટલુનનો કટ સરખો કરી, મુછના આંકડા બરાબર મરડી, હેરોલ્ડના હાથ ઉપર પોતાનો હાથ ટેકવી હેરોલ્ડ સાથે તેણે ચાલવા માંડયું.

પ્રકરણુ ૮ મું.

તે અરસામાં—સર તેલબોટ ઉડલી અને હેરોલ્ડ પેલા લાયબ્રેરીવાલા ઓરડામાં વાતે વળગ્યા હતા તેટલાં—તે મહેલ જેવા મકાનમાં હરીહામ થઇ ડ્રેસ બદલી લીલ્યન ઉડલી બત્તીઓના નરમ ઉજાશથી પ્રકાશી રહેલા તે ડ્રોઇંગ રૂમમાં આવીને ગોઠવાઇ ગઇ હતી. પેલી જે એક ભયાનક રાત્રે પેલા 'પાંચ-કાંટા'ના ટપ્પા આગળ આવી તે હેરોલ્ડને આશરે પડી હતી તેને હાલ મહીનો વીતી ગયો હતો અને તે મહીનો તેણીના ચહેરા ઉપર મનમાનતા ફેરફારો કરવાને ઠીક કામ લાગ્યો હતો; ફેરફારમાં ફેરફાર તેણીનામાં એ થયો હતો કે એક દુકાળીઆં ઇનશાનને લાવી બે ચાર દહાડા તેને પેટ પુરતું ખાવાનું આપ્યાથી તે જેમ પોષાઇને આંગ લેય તેમ લીલ્યનના સોહેરાયલા સુકાયલા ચ્હેરાએ કાંઇ ધટ ભરાવ પકડયો હતો, એટલે તે ચ્હેરો હાલ પોતાની અસલ ખુબસુરતીથી ખીલી રહ્યો હોય તેમાં કશીજ નવાઇ ન હતી. વળી તેણીની કુદરતી નજાકત કે જેણે સેંટ ફ્રાનસીસ્કોની પેલી થીયેટરમાં જમા થયલાં લોકને હવેરૂં બાવરૂં બનાવી મુક્યું હતું તે તેણીના સાંધે સાંધામાં પાછી પ્રગટી નીકળી હતી. જે વખતે તે એક બીજી અબળાને પોતાના ખોળામાં લઇ પેલા ઝુંપડાંમાં બેઠી હતી તેજ વખતે અમે વાંચનારને કહેલું અમને યાદ આવે છે કે જો કે તે બેઠેલી અબલા હીલ્ડા ફેન હતી તે છતાં તે વખતે તેણીને જોનાર કોઈ તેણીને થોડુંકનીજ વાત ઉપર પેલી થીયેટરમાં ગડગડાટ કરી આવેલી નામીચી એકટ્રેસ દાખલ ઓળખી કે પીછાણી કાઢી ન શકતે—અને હવે જો તેજ જોનાર તેણીને સર તેલબોટ ઉડલીના દીવાનખાનામાં ઠઠેરાબંધ બેઠેલી જોતે તો તેને તેણીનાં અસલ નામે ઓળખતાં તેને એક મીનીટનીબી વાર ન લાગતે, એટલો ફરક તેણીની તે વખતની અને

હાલની હાલત વચ્ચે ગબડી ગયલી એક મહીનાની મુદતે કરી નાંખ્યો હતો. ખરૂં છે કે તેણીના ચ્હેરો હજીબી ફીક્કોજ હતો, પણ તેણીના ચ્હેરાનો અસલ રંગ દુધ જેવો સુફેદ ન હોવાને લીધે હાલનો તે ચ્હેરાનો ફીકાસ એટલો બધો ફીક્કો ન લાગતો હતો. તેણીના ચ્હેરાનો અસલ રંગ હાથીદાંત જેવો સુફેદ હતો, એટલે આજે તે ચ્હેરાના ફીકાસના પડછાયામાં કાંઇ ગુલાબી પસરાટ નજરે પડતો હતો, અને તેથી તેણીનાં કાળા વાળ અને આંખોનાં કાળાં ભવાં અને પાંપણુ તેણીના ચ્હેરાની હાલ પ્રકાશતી ખુબસુરતીમાં બેશક ઘણો વધારો કરી રહ્યાં હતાં. તેણીનો હાલનો ઠઠેરો દેખાવનોજ હતો, બાકી હમણાંને માટે તેણીએ પોષાક ઝીણું નરમ કુમાસનાં કાળાં રેશમી કપડાંનોજ પસંદ કીધો હતો અને તેના છાતી આગળના બંધમાં એક પીળો ગુલાબ તેણીએ ખોસ્યો હતો.

તેણી તે દીવાનખાનામાં બેઠી બેઠી ત્યાંનું શોભાયમાન કીમતી ફ્રરનીચર ધ્યાનથી જોતી હતી, પણ પછી ત્યાંજ ટાંગી મુકેલી સબીઓ તરફ તેણીની નજર જતાંજ તે ઉઠી અને બધાં પીકચરો ધ્યાનથી જોવા લાગી, જેમ કરતાં તેણીની નજર તે મકાનના માતબર માલેક સર તેલઓટ ઉડલીના એક ઓઇલ પેનટીંગપર પડતાંજ ખીલતા ચાંદ ઉપર જેમ એક વાદળનો ટુકડો દોડી આવી તેના પ્રકાશને ઢાંકી દે તેમ તેણીના ચ્હેરા ઉપર કાંઇક ઝાંખી સીહાઇ ધસી આવી અને તેણીએ પોતાનું મ્હોં કાંઇક કુંમળાવ્યું. હજીબી તે પોતાના બાપની તે નકલ તરફ ટીકતી ઉભીજ હતી કે તે દીવાનખાનાનું બારણું ઉઘડવાના અવાજે તે ચોંકી અને તે તરફ જોયું, અને તેણીએ જરાવારમાં પોતાની સામે સફેદ વાળવાળા બુઝર્ગ ચ્હેરાના એક મરદને તેણીનાં તરફ ટગર ટગર જોતો ઉભેલો જોયો.

તે બેઉની નજર એક થઈ અને "મારી દીકરી લીલ્યન" એમ

બોલતો પોતાના બંને હાથ પહોળા કરી સર તેલબોટ ઉડલી તેણીની તરફ ધસી આવ્યો, અને તેના તે હરખને બરાબર જવાબ કરતી ઉલટ અને હોંસ સાથે "મારા પપા" કરીને એટલુંજ બોલી તે તેવણુના તે હાથોમાં જઈ પડી અને તે બાપ બેટી ખુબ હેતથી ભેટયાં.

પણ તે ફક્ત એકજ પલ, અને બીજીજ પલે જાણે તેણીની માતાનો મરતી વખતનો ઉજળો ફક્ક ચહેરો તે બેઉની આડે આવી ઉભો હોય તેમ તેણી ચોંકી અને તુરતજ પોતાના બાપનાં ખભાં ઉપર તેણીએ ગોઠવેલી પોતાની ડોક ઉંચકી લીધી અને તેની મહોબતમય મીઠી બગલગીરીમાંથી મોકલી થઇ તેનાં કપાલપર પોતાના હોઠ દાબી "હા, તમે મારાજ બાપ છેવો !" એમ એટલુંજ ધીમે સાદે બોલી તેનાથી તે જરાક દુર જઇને ઉભી.

દશેક મીનીટ બાદ હેરોલ્ડ તે બારણું ઉઘાડી અંદર આવ્યો, તે વખતે તે બાપ બેટી એકમેકનાં પાસાંમાં બેઠેલાં તેની નજરે પડ્યાં. તે વખતે સર તેલબોટનો હાથ તેણીની પીઠ પાછળ હતો, જે હાથની હથેલીમાં પોતાનું ફુલ જેવું માથું ટેકવી તે છોકરી બેઠી હતી અને તેનો બાપ જાણે તેણીના ચ્હેરાનો છાપ પોતાના જીગર ઉપર એમનો એમ કોતરી રાખવાને આતુર બની રહ્યો હોય તેમ પોતાની તે દીકરીના ચ્હેરા ઉપર વાંકો વળી તેણીની લગોલગ ગોઠવાઇને બેઠો હતો.

"લીલ્યન" હેરોલ્ડે તેને બોલતો સાંભળ્યો, "ગઈ ગુજરી આપણને સદંતર વીસારીજ મેલવાની છે ! આજથીજ તારી જીંદગીની ખરી શરૂઆત થાય છે એમ સમજજે, અને હું મારી જીંદગીના જે બાકીના દહાડા રહ્યાછ તે ગઇગુજરીની તોબાહમાં ગુજારવાની કોશીશ કરતો રહેવસ. દીકરી, તારેજ ખાતર હવે હું જીવસ એમજ જાણુજે; મારાથી બની શકતી હદ સુધી તારી મરજી તે મારે માટે એક હુકમ માની લેવસ, ગઇગુજરીમાં તેં ખમેલા હાદેસા

અને હાડમારીનો બદલો તો મારાથી નથી અપાવાનો પણ ખુદાની જો મદદ છે તો હું તુંને સુખીજ કરસ અને તેના બદલામાં તારેથી હું શાની આશા રાખસ? ફક્ત દીકરી તરીકેના તારા જોરાવર પ્યારની."

ત્યાં તેઓના એ પાક એકાંતવાસ વચ્ચે કોઇના આવ્યાનો સનસારો લીલ્યનથી છુપો ન રહી શક્યો અને એક તરાહેતની ત્યાં થયલી હાજરીની પોતાના બાપને જાણ કરવા સારૂં તેણીએ પોતાની ડોક ફેરવી અને તેજ તરફ સર તેલબોટે પોતાની આંખ ઉંચી કરતાં હેરોલ્ડને નીચી મુંડીએ અદબ વાળીને ઉભેલો તેણે જોયો.

"હેરોલ્ડ એમ આવ, તું જેણે મારી આએ ખુશાલી નીપજાવી છે તે તુંજ મારી એ હદબેહદ ખુશાલીનો ગવાહ રહેજે."

હેરોલ્ડ તેવણુની આગળ આવ્યો અને તેવણે લાંબો કીધેલો પોતાનો હાથ તેણે પોતાના હાથમાં લીધો અને તે બેઉ તરફ, તે બેઉના થયલા મેલાપને પોતાનાં દીલનો સાચો સંતોષ માની લઇ, હસ્તે મુખડે જોતો ઉભો.

"લીલ્યન", સર તેલબોટ તેણીની તરફ જોઇ બોલ્યો "આએ છોકરો મને મારા દીકરા કરતાં આલે છે. એક ચોક્કસ નાખુશ સંજોગને લીધે હું એમજ માનવાની જીવતોડ તજવીજ કરતો હતો કે કોઇબી ઇનિશાન જાતને ચાહવું મારે માટે હરામ હતું, તેથી તેને માટેનો મારાં હૈયાંમાં ઉછળતો પ્યાર જેમ તેમ મેં કાંઇક મુદત સુધી દાબી રાખ્યો હતો, પણ એણેજ આજે મારી ઉપર એવો ઉપકાર કીધોછ કે, જે મારાથી ભુલી શકાય તેમ નથી. લીલ્યન! હેરોલ્ડેજ તારી સાથે મને મેળવી આપ્યો છે."

"હું ઘણીજ આભારી છેઉં એવણુની" લીલ્યન ધીમે સાદે બોલી અને પોતાનો હાથ હેરોલ્ડ તરફ તેણીએ લાંબો કીધો, જે

તેણે લીધો અને એકજ મીનીટ પોતાના હાથમાં તે રાખી તેણે તે મુકી દીધો.

"જમવાનું તૈયાર છે, કાકાજી," તે બોલ્યો.

આથી સર તેલબોટ ઉઠયો અને પોતાની દીકરીનો હાથ પોતાની બગલમાં લઇ તેણે ડ્રોઇંગ રૂમ તરફ ચાલવા માંડયું અને તેઓની પુઠે હેરોલ્ડ ગયો.

*　　　*　　　*　　　*

લગભગ એક કલાકે તે ડ્રોઇંગ રૂમનું બારણું પાછું ઉઘડયું અને તેમાંથી તે ત્રણે જણ બહાર નીકળ્યાં. સર તેલબોટ પોતાની દીકરી લીલ્યનને હાથ આપી આગળ ચાલતો હતો અને હેરોલ્ડ તેઓની પાછળ હતો. તેઓ ત્રણે પેલી ગેલરીમાં દાખલ થયાં અને તે બુઢા બાપે પોતાની દીકરીને ત્યાં બધી ગોઠવી મુકેલી પોતાનાં ખાનદાનના થઇ ગયલાં વડાંઓની સબીઓ બતાવી અને પછી લીલ્યન તરફ ધારી ધારીને તેણે જોયું તો તે પોતાનો ચ્હેરો શાંત રાખી બધી સબીઓ તરફ નજર કરી જોતી હતી. ત્યાં તેઓ જરા થોભ્યાં અને પછી આગળ ચાલી પેલી લેડી ઉડલીની સબી આગળ આવ્યાં, અને તે બુઢાએ પોતાના હાથની આંગળી તે તરફ કરી લીલ્યનને તે બતાવી.

"લીલ્યન, લીલ્યન !" તે ગળગળતે સાદે બોલ્યો, "દીકરી, જો, આય કોણની સબી છે ?"

થોડીકવાર તેણીના ચ્હેરાપર ગભરાટ છવાઈ રહ્યો પણ પછી તેણીને જાણે કાંઈ યાદ આવી ગયું હોય તેમ તેણી પોતાની આંખે હાથ દઈ ડોક નીચે નમાવી તે સબીની સામે ઉભી રહી. લીલ્યને તેને જાણે તે સબી જોઈ કેવુંએક દુઃખ થયું હોય તેમ ઢોંગ કીધા અને તેમાં તે ફતેહ પામી. સારૂંજ થયું કે કાંઈ તે બોલી નહિ,

બોલતે તો કદાચ વાત બગડતે કેમકે વાંચનારને ખબર છે, તેમ તે બુઢ્ઢાને છેતરતી હાલ ત્યાં ઉભી હતી, અને જો કાંઇ બોલી બકીને પોતાની લાગણી જાહેર કરવાના તે ઢોંગ કરતે તો ખરેખર લેડી ઉડલીની તે દીકરી હતીજ નહિ તેથી કદાચ તે પોતાના ઢોંગમાં પકડાઇ આવતે, અને તેથી તે આંખે હાથ દઇને એમ ઉભીજ રહી તેમાંજ તેનું બેહેતર ભલું થયું હતું.

તેણીને એમ વીલાપ કરતી જોઇ સર તેલબોટે હેરોલ્ડ જે તેઓની પાછળજ ઉભો હતો તેની તરફ જોયું અને તેને કહ્યું.

“ તેં જોયું હેરોલ્ડ, એણે એ સબી તુરત પીછાણી. હા, લીલ્યન, એ તારી માયનીજ સબી છે. ”

લીલ્યને પાછો આંખપરથી હાથ કાઢી નાંખ્યો અને ડોક ઉંચી કરી તે સબીને દીલગીર ચ્હેરે તે જોતી હતી, અને પછી જાણે તેણીને તે જોતાં કેવું એક દુઃખ થતું હોય તેમ તે તે સબી આગળ ધસી ગઇ અને માનથી તેને નમન કરી તેનાં બે બારણાં તેટલાંજ માનથી આસ્તે રહીને તેણીએ બંધ કીધાં.

તુરતજ સર તેલબોટે તે કબાટની કુંચી પોતાના ગજવામાંથી કાઢી તેને આપી અને તેણીએ તે બારણાને કળ દઈ તે કુંચી પોતાની પાસેજ રાખી; અને સર તેલબોટ ત્યાંથી પાછો જવા ફર્યો કે તેણીબી નચિંતાઇનો એક શ્વાસ ખેંચી તેની સાથે તે ગેલેરીમાંથી બહાર નીકળી.

“ ચાલો, વ્હાલાં બચ્ચાંઓ, હવે આપણે દીવાનખાનાંમાં જરા બેસીએ. નવી જીંદગીની પહેલી રાત ખુશીમાં ગુજારવી જોઇએ. યાદ રાખજો, મારાં બચ્ચાંઓ, કે ગઇગુજરીને આપણે પાછળ નાંખી છે; જ્યારે આપણી આગળ હવે બધું સુખ સુખ ને સુખજ છે. ત્યારે હેરોલ્ડ ડ્રોઈંગ રૂમમાં બધી બત્તી સળગાવવા હુકમ કર ને બધી ચા-

સોમાંબી બત્તી કરાવ, બધે બંધ રોશની કરો, અને એકબી લૅમ્પ કે એકબી મીણબત્તી ખાલી ના રખાવતો. લીલ્યન ' ઉડલી હોલ ' કાંઇ ખુશ ખુશાલી વખતે કેવો ગાજી રહેછ તે હું તુને દેખાડવા માંગુંછ. પેલા છેલ્લા 'બોલ'ના મેળાવડાની કાંઇ વાત તારી આગળ હેરોલ્ડે કીધી'તી કે ? "

" નહિજી, અમુને તેવી વાત કરવાની ફુરસદજ કયાં હતી ? "

" છટ, છટ, તેથી શું થયું ? હેરોલ્ડે તે વાત તારી આગળ કરવી હતી. ઉડલી હોલના એ ભવિષ્યના માલેકના માનમાં મેં તે મેળાવડો મેળવ્યો હતો. આખો મહેલ બધાંઓની ધુમચકરીથી ધ્રુજી રહ્યો હતો, પણ, કાંઇ નહિ પાછો તેવો મેળાવડો આપણે મેળવસું. એકને જયારે કાંઈ કીમતી ખજાનો મળે ત્યારે તે બધાંને દેખાડે નહિ તો તે ખજાનો તેને મળેલો ખપનોજ શું ? "

એટલું બોલતાં તેઓ ડ્રોઇંગ રૂમમાં દાખલ થયાં. સર તેલ-બોટ ત્યાં વચોવચમાં ઉભો રહી બધે નજર ફેરવી જોવા લાગ્યો તો તેની નજર ત્યાં ગોઠવી મુકેલા પીયાનાપર પડી.

" તું વગાડી જાણેછ કે, દીકરી ? હેરોલ્ડ એવણને કાંઇ વગા-ડતાં ગાતાં કાંઇ આવડેછ કે ? "

" હાજી, એવણ વગાડેછબી ઘણું સારૂં ને ગાયછબી ઘણું-જ સરસ. "

" ત્યારે તો દીકરી તું થાકી નહિ ગેઇ હોય તો જરા પીયાના પર બેસની. "

અને તુરતજ લીલ્યન હસીને પીયાના તરફ ગઇ અને ત્યાં ગોઠવાઇ.

સર તેલબોટ હસ્તો હસ્તો હેરોલ્ડ જયાં ઉભો હતો ત્યાં ગયો.

" હેરોલ્ડ, એને વાસ્તે તેં મને પહેલેથીજ કાંય નહિ બધું કેહ્યું ? મેં એને કેવી જોવાની આશા રાખીતી તે તું જાણેછ ? હેરો-

લ્ડ, જેવું બારણું ઉઘાડીને પહેલી મેં તેને જોઇ કે હું અજબ થઇ ગયો, એની માયબી ખુબસુરત તો હતીજ, પણ મારી લીલ્યનની ખુબસુરતી કાંઇ ઓરજ તરેહની છે."

"હા, લીલ્યન ઘણી ખુબસુરત છે!" હેરોલ્ડ બોલ્યો.

"ને જોની એ એસફુલ કેટલી છે? આહ! ગમે તે બોલો પણ લોહી તે લોહીજ, લોહી લોહીમાંબી ફરક છે. પોતાની માયને કેવી ઓળખી કાઢી તે તેં જોઇ કે? ને આહ! તેણીએ તે કબાટ બંધબી કીધી તે ઠીકજ થયું–હવે તે ઉઘાડવાની મારા અખત્યારમાં નથી. મને તો હેરોલ્ડ જાણે એવું લાગેછ કે આય બધું ખરૂં નથી–જાણે હું કાંઇ સ્વપ્નુંજ જોઉંછ અને–"

પણ તેટલાં તો પીયાનાનો સુંદર શરોદ તેઓને કાને પડયાથી તેઓ બેઉ ચુપ થઇ ગયા. સર તેલબોટ જાણે તે પીયાનામાંથી નીકળતા મીઠા અવાજનો જરા સરખોબી અંશ ચુકી જવા નહિ માંગતો હોય તેમ તે પીયાના ઉપર તેણીનાં ચાલતાં આંગળાંઓને એકી ટગરે ટીકતો ઉભો અને પાછી ઉસ્કેરાઇને એક ખુરસીપર બેસી પડયો કે હેરોલ્ડ તે પીયાનાપર મુકેલી મ્યુઝીક બુકનાં પાનાં ફેરવવા તેણીની આગળ જઈ ઉભો.

પહેલે તો તેની હાજરી તેણીને જણાઇ નહિ, તેટલાં તેણી પોતાના તે હુનરના પુર બહારમાં ઝમકી રહી; પણ પછી મ્યુઝીક બુકમાં જોવા જતાં તેણીની નજર તેણીની નજીક ઉભેલા હેરોલ્ડ ઉપર પડી કે તેણી ગભરાયલી દેખાઈ અને તેણીનાં આંગળાં તે પીયાનાના કી બોર્ડ ઉપર જેમ ગમે તેમ હવે ભટકવા લાગ્યાં; તે કાંઇ ભોટ ન હતી, એટલે પોતાનો તે ગભરાટ છુપાવવા તેણીએ ગાવા માંડયું અને એમ થોડુંક ગાઇને તે આળસ ઉલસ કરવા પડી.

"પપાજી, હવે બસ ? હું થાકી ગઈછિ." તેણીએ પોતાના બાપની તરફ ફરીને પૂછ્યું.

"હા, દીકરી, બસ—ચાલ પોઢી જા." સર તેલબોટ બોલ્યો, અને તેણી તુરત પીયાનાપરથી ઉઠી કે હેરોલ્ડે તે પીયાનો બંધ કીધો.

લીલ્યન પીયાનાપરથી ઉઠીને બહાર બારણુંમાં જઇને ઉભી. બહાર ચંદ્રમા તેજસ્વી પ્રકાશતો હતો અને તે ચાંદણી રાત્રે જરા બહાર નીકળી લ્હેર કરવાની લાલચ તેણી થોભાવી શકી નહિ.

"દીકરી, માથાંપર શાલ નાંખ્યા વગર ના જતી" સર તેલ-બોટ તેણીને બહાર જતી જોઇને બોલ્યો.

તેણી હસતી હસતી પાછી અંદર આવી અને ખુરસીપર મુકેલો વીનીશીયન લેસનો એક ટુકડો લઈ પોતાની ગરદન પર નાંખ્યો અને પાછી તે બહાર નીકળી પડી.

સર તેલબોટે હેરોલ્ડ તરફ જોઇ કાંઇ ઇશારત કીધી કે તેબી તેણીને પુઠે ગયો અને થોડા વારમાં તે જ્યાં ઉભી હતી ત્યાં તેની પાસે જઇને તે ઉભો.

"આય તરફની રાત્રો ઘણી વખત ઘણીજ સુંદર પણ સાથે વળી દગલબાજ હોયછ" હેરોલ્ડ બોલ્યો.

"હા, ખરેખર કેવું મજેહતું લાગેછ?"

"એમ ? ત્યારે મેં જે તમારી આગળ ઇંગ્લાંડની અને ખાસ કરીને ઉડલીની વાત કીધી તેમાં ત્યારે સરાધાત તો નથીની ?"

"નહિ, જરાબી નહિ." તે બોલી.

"ગરીબ મારા કાકાજી. એવણની ખુશાલીની હદ હું સારી રવેશે સમજી શકું છું, ને તેથી તે ખુશાલીમાં હું ખુશીથી ભાગ લેઉં છું. લીલ્યન મારા દીલમાં જે એક બાબદ રમ્યા કરેછ તે તુંને અહીં કેહું ?"

"તે શું ?"

"કે જેટલી તેવણ તુંને અહીં ખુશી, સુખી અને સંતોષી જોવાની આશા રાખેછ તેવી તું ખુશી–સુખી, અને સંતોષી રહે એવી મારી દુવા છે."

"થેંકયુ, તમારી તો ઘણી મહેરબાની છે. તમે ઘણા માયાળુ છેવો અને હું માનુંછ કે તમારા જેવાનાં દીલથી નીકળેલી તે દુવા મારા હકમાં આમીન થશેજ. હું આવી ત્યાં સુધી સર તેલબોટ–મારા પપાના હૈયામાં એકલો તમારોજ વાસો હતો. મારી દખલ ત્યારે કવાબમાં એક હાડકાં જેવી તમને તો લાગવી જોઇયે."

"ત્યારે તમે ભૂલ કરોછ લીલ્યન, આજ સુધી ઉલટો તમારો હક હું પચાવી બેઠો હતો. હવે આજે મેં હક્કદારનો હક તમુને સપુરદ કીધેલો કહેવાય."

"તમે સર તેલબોટના વારસ છેવો ?" તેણીએ પૂછ્યું "મને એવી બાબદની કશી માહિતી નથી તેથી પૂછુંછ."

"હું તેવણના ખેતાબનો વારસ છેઉં અને પોતાની મરજીથી જે મને તેવણ આપે તે ઉપર મારે સંતોષ સાથ શુકરગુજરી કરવાની છે. તમારા પિતાજીની બાકીની બધી મીલકત પુંજી તેવણ પોતાની મરજી પ્રમાણે જેને ગમે તેને આપવાને મુખત્યાર છે."

તેણીએ તેની તરફ જોયું અને ચુપ રહી, પણ પછી તેણી બોલી.

"પણ, ધારો કે હું મરી ગઇ હોતે યા તો મારો પત્તો તમુને મલ્યોજ નહિ હોતે તો એ બધું તમુનેજ મલતે કેની ?"

"તે તો હવે કોણ જાણે ?"

"તે હું જાણી શકુંછ. હા, તે બધુંજ તમારૂં થતે ! ને તેથીજ મેં તમને કહ્યું તેમ તમે કેટલા માયાળુ, મોટા દીલના અને મેહેરબાન છેવો."

"હા માયાળુ મેહેરબાન તે કોણ જાણે, પણ મોટાં દીલનો તો હું ખરેખર એટલો બધો છેઉં કે મને પોતાનેબી તમારા પગ ઉપરથી સદકે કરવામાં હું મોટું માન અને સુખ સમજું."

અને એમ કહી તે તેણીની આગળ ગયો પણ તેણીએ પોતાની કાળી ચમકતી આંખ તેની સામે ટીકેલીજ રાખી તે બોલી "હવે આપણે અંદર જઇએ, ચાલો."

પ્રકરણ ૯ મું.

તે બાપ બેટી—તે સર તેલબોટ ઉડલી અને મીસ લીલ્યન લી, જે ખરેખર તો હીલ્ડા ફેનજ હતી તેઓ—એકમેકને મળ્યાં, અને તે ઠાવકી ચપરખંધી છોકરી તે કટોકટની પળોમાંથી કેવી રીતે ફત્તેહ-મંદી સાથે પસાર થઇ ગઈ, કેવી રીતે પેલી લેડી ઉડલીની સબી જોઇને તેણીએ પોતાને દુઃખ થવાના ઢોંગ કીધા, અને બીજી દરેક વાતે સર તેલબોટ ઉડલીના જીગરમાં મીસ લીલ્યય લી તરીકેજ હાલ તુરત તો ઠસી જવામાં તે છોકરી કેવી ફાવી તે બધું આપણે ગયા પ્રકરણમાં જોઈ આવ્યાં, અને એટલુંબી જોઈ આવ્યાં કે હેરોલ્ડ તે ચાંદણી રાતના એકાંતમાં તેણીની સાથે જરા તરા એખલાસભરી વાતે વળગવા આવ્યો તો તેને તેની વાતમાં એકદમ અટકાવી દઇ "ચાલો આપણે હવે અંદર જઇએ" કહીને કેવી ડ્રોઇંગ રૂમમાં તેની સાથે તે પાછી આવી હતી.

હેરોલ્ડ બાપડો દલગીરીની એક હાય ખેંચી તેણીની પુઠે ડ્રોઈંગ રૂમમાં દાખલ થયો.

સર તેલબોટ ઉડલી તેણી ઉપર એવો હવેરો બાવરો બન્યો હતો કે તેણીને બાગમાંથી અંદર આવતી જોઈ તે વહેલો વહેલો પોતાની બેઠક ઉપરથી તેણીને બારણાં આગળ લેવા ગયો અને તેણીનો

હાથ પોતાની બગલમાં લઇ તેણીને લાવીને પોતાની પાસે બેસાડી.

"થાકી ગેઇ કે દીકરી? તું એક તો લાંબી મંજલ કાપીને આવી ને વળી આ બધું જોઇને તું કાંઇ દબાઇ ગેઇછ, અને તોબી મને અજબ તો એ લાગેછ કે તુંને જરાબી એ બધું અજાણું લાગતું નથી! પણ અજાણું લાગેછ ક્યાંથી? તું મારીજ દીકરી છે ને તું એ મકાનને વાસ્તેજ સરજાયલી એટલે તુંને એ બધાંનો પરિચય એટલો વહેલો પડી જાય તેમાં અજબ જેવું શું છે? તુંનેબી ઘેરવટ જેવુંજ લાગેછ કેની, લીલ્યન? કે તુંને કાંઇ અંજાણું લાગેછ?"

"નહિ, સર તેલબોટ" તેણીએ જવાબ દીધો.

"અરે! સર તેલબોટ? આહ! હું તારો બાપ છેઉં એમ જાણવાની અને માનવાની આદત પડતાં હજુ તુંને વાર છે, પણ દીકરી મારે પોતાને ખાતર એ આદત તું જલદી પાડજે."

"હા, પપા."

અને જાણે એ 'પપા' બોલના ઉપકારમાં, તેવણે તેની ડોક પોતાના બે હાથમાં લઇ તેણીના કપાળ ઉપર એક ચુંમી લીધી અને તેનું માથું પસ્વારતાં તેવણ બોલ્યા—

"તારા વાળ કેવા નરમ રેશમ જેવા છે, લીલ્યન."

તે હસી અને હેરોલ્ડ પર તેણીની નજર પડતાં તે કાંઇક શરમાઈ જઈ બોલી—

"પપા, મને એમ તમે છગાવીને છેક છાપડે ના ચઢાવો."

"હું ચાહુંછ કે તારી પૂરેપૂરી તારીફ કરવાનું મને આવડે લીલ્યન" તું બધી વાતે એવી સંપૂર્ણ છે કે જાણે તારા જેવી દીકરીનો બાપ હોવાને અને થવાને હું લાયકજ નથી એમ મને લાગેછ."

"ત્યારે મારી ખોડખાપણ અને મારી ખામીઓનો તમને થોડાક વારમાં અનુભવ થશે તો?"

"ખુદા કરેને, લીલ્યન તુને બધી વાતે જાણી પીછાણી લેવાનો મને અનુભવ મળે ત્યાંસુધી હું જીવતો રહું તો સારૂં" એટલું બોલી તેની આંખોમાં જે આંસુ ભરાઇ આવ્યાં હતાં તે છુપાવવા તેવણે પોતાની ડોક તેણી તરફથી ફેરવી નાંખી "પણ, ચાલ દીકરી આજે એટલી બધી વાતથી તુને મારે થાકવવી જોઇતી નથી, કેમકે ગમે તેટલીબી તારી સાથની વાતથી મારૂં મન ધરાવાનું નથી; તું હવે આય મેહેલ જેવાં મકાનની રાજ કરતી રાણીજ છે અને જો કે બધું બરાબર રાખવાની અને કરવાની અમે બધાંઓએ કોશીશ તો કીધીછ પણ તે છતાં એ મકાનને બધી વાતે સુખ સગવડભર્યું કરવાને વાસ્તે કાંઈ જોઇતું હોય, કશાની અગત્ય હોય તો તે બધું મંગાવવાનું હવે તારા હાથમાં છે એમ તું ભુલતી ના. અમારાં કીધાં કારવેલાંમાંબી તારે મનગમતો ફેરફાર કરવાની જો જરૂર પડે તો બેલાશક મને પૂછ્યા વગર તે કરવાને તું ખ ઽ ૧૨ છે એમ સમજજે. ચાલ દીકરી, સાહેબજી નિરાંત જીવે પોઢી ઉઠ—વહેલી ઉઠવાની કાંઇબી ઉતાવળ કરતી ના."

એટલું બોલી તે જૈફ ઉમરાવે તેણીને પાછી પોતાના પાસામાં લીધી અને તે વખતે લીલ્યનના આખા તનબદનમાં સ્હેજ કમકમાટનો એક ઝટકો વ્યાપી રહ્યો અને તેનો ચ્હેરો ઉજળો ફક્ક મારી ગયો.

"થેંક્યુ, પપા—હેરોલ્ડ સાહેબજી" એટલું બોલી તે તેઓ આગળથી ઝડપથી બહાર નીકળી ગઇ.

તે તેઓની નજર આગળથી ગયા બાદ એક બે મીનીટ કોઇ કશું બોલ્યું નહિ; પણ પછી સર તેલબોટ, હેરોલ્ડ જ્યાં ઉભો હતો ત્યાં આવ્યો અને તેનાં ખભાપર હાથ મુકી બોલ્યો.

"હેરોલ્ડ! તેં જે મને મારો ખજાનો પાછો મેળવી આપ્યોછ તેને વાસ્તે હું તારો ઉપકાર કેમ માનસ? ખરેખર, તેને લગતું બ્યાન

તારાથી નહીંજ મારી ઉપર લખી મોકલાયું હોય તેમાં કાંઇજ નવાઈ નથી. હેરોલ્ડ, લીલ્યનની આગલી પાછલી મને સાંભળવા ગમેછ પણ તે સાંભળવાની એમ તલબ કરતાં મને બીહીકબી લાગેછ."

"કાકાજી, તે વાત તેણીને ગમતીજ નથી."

"ત્યારે હું તે છેડવાનોજ નથી. બસ એ અહીં મારે ત્યાં આવીને દરીદામ થઇછે તેજ મારે મનસે ગણીમત છે. હેરોલ્ડ, આપણે તેણીને સુખી કરવામાં કશુંજ બાકી રાખીશું નહિ."

"ને હું નહિ ધારતો કે તે કાંઈ મુસ્કેલ કામ થઇ પડશે. લીલ્યન સ્હેલથી રાજી થાય તેમ લાગેછ, અને તેવણુ ઉપરનો તમારો પ્યારજ લીલ્યનને અપાર સુખી કરવાને પુરતો થઇ પડવો જોઇયે, એમ મારૂં માનવું છે કાકાજી?"

"ને તુ ધારેછ, હેરોલ્ડ, કે મારો બધો પ્યાર તેણીની તરફની મારી આગલી બેદરકારીનો બદલો વાળી આપશે?" સર તલબોટે આતુરતાથી હેરોલ્ડ તરફ પોતાની ચસ્મ ઠેરવી તેને પૂછ્યું "ને વારૂ હવે તારૂં કેમ? તારા ને તેનાં વચ્ચે તો ઠીક છેની? કાંઇ કોઈ વાતની ગેરસમજુતી તો નથીની?"

"નહિ, કાકાજી, કોઇ વાતની ગેરસમજુતી જેવું કશુંજ નથી, પણ"

"પણ? પણ શું?"

"કાંઇ નહિરે, કાકાજી, હું એમ કહુંછ કે અમો બેની વચ્ચે કાંઇક અણુદીઠો અંતર હોય તેમ લાગેછ, તે શું તે હું તમને સમજાવી શકતો નથી. નહિ, મારી તરફ તેણી બેદરકાર છે એમબી હું કહી શકું નહિ, કેમકે જે કાંઇક થોડું તેણીના સંબંધમાં હું કરવાને શક્તિવાન થયોછ તેની તે પુરતી કદર કરેછ એમ મારી ખાતરી છે, પણ લીલ્યન મારી તરફ કાંઇક ઓસક રાખતી હોય તેમ મને લાગેછ. તે પહેલી રાત કે જ્યારે મને તે પહેલી મળી આવી ત્યારથી તે આજ

સુધી તેણીએ પોતાની તે ઓસક છોડી નથી, ને—"ત્યાં તે આગળ બોલવા જતો હતો, પણ તેના કાકાનો ચ્હેરો તેટલામાંજ ચિંતાતુર બનેલો જોઇ તે અચકી પડયો અને માત્ર તે એટલુંજ બોલ્યો કે "પણ કાકાજી, તેથી હું કાંઇ નાસીપાસ નથી થવાનો તેની ખાતરી રાખજો."

"નહિ, છોકરા, તેમ તો તું કરતોજ ના, આપણા વચ્ચેની પેલી શરત તુંને યાદ છેની ?"

"આપણા વચેની શરત ? હા, કાકાજી તે મારાથી ભુલાય તેમ નથી, પણ જ્યારે આપણ બન્નેએ તે શરત કીધી અને કબુલ રાખી ત્યારે એક ત્રીજું જેને તે શરત સાથે ઘણું વધારે લાગતું વલગતું છે તેની તો વાત આપણે ભુલીજ ગયા હતા ! તે શરતને માટે તેણીનીબી બહાલી જોઇયે કેની ?" એમ બોલી તે પોતાના કાકાજી જ્યાં બેઠા હતા તેની સામેનીજ એક ખુરસી ઉપર બેસી પડયો અને કાકાજી ગમ ટગર ટગર જોવા લાગ્યો.

લીલ્યન ઉઠલી તે ડ્રોઇંગ રૂમમાંથી બહાર નીકળી મોટા પહોળા દાદર ચઢી પોતાના ઓરડામાં ગઇ, જેમ કરતાં મોટાઇ, દોલત અને દરજ્જાની નીશાનીઓ પોતાને કદમે કદમ વીંટળાતી જોઇ તે છોકરી હેરત થઇ. જે દાસીને તેણીને માટે ખાસ રોકવામાં આવી હતી તે તો કાંઇ એમજ સમજતી હતી કે તેની જવાન બાઇ કોઇ આસમાનપરની પરીજ હતી ! અને તેણીને માટે જે ઓરડાઓ આરાસ્તે કરવામાં આવ્યા હતા તેમાં કશુંબી ભુલી જવામાં આવ્યું ન હતું.

પોતાના સુવાના ઓરડામાં દાખલ થતાંજ તેણીની દાસી તેણી આગળ દોડી આવી અને તેની મદદથી તેણીએ કપડાં બદલ્યાં અને તે દાસી તેણીના તે ઓરડામાંથી નીકળી ગયા પછીબી તેણી થોડીક પળ ઇઝીચેર ઉપર આંખ ઢાંકીને શાંત પડી રહી.

ખરેખર ! હાલ તેણીને મળતી આસાયશ તેણીએ તન અને મનના ઘણા ઘસારાને ભોગે મેળવી હતી. પોતાની મરજીથી પોતાને ફાલે લીધેલો જોખમભરેલો ભાગ તેણીએ ઘણી ફતેહમંદી સાથે આજ સુધી ભજવ્યો હતો એમાં તો કશોજ શક રહ્યો નહતો. તે ભાગ ભજવતી વખતે તેણીએ જેમ કશીબી કચાસ ન રાખી હતી તેમ તેણીએ જરાબી 'ઓવર–એકટ' ન કીધું હતું, અને હવે તેણી પોતાનાં મનની નજર સામે એ આખા દહાડામાં બનેલા બનાવોને એકવાર ફરીથી તપાસતી બેઠી હતી. તેજ વખતે તેણીની સામે હેરોલ્ડનો ચ્હેરો આવીને ઉભો. આહ ! તે તેજ ચ્હેરો હતો કે જે પેલા 'પાંચ કાંટા'ના ટપ્પામાં તેણીની નજરે પહેલવહેલો પડયો હતો; તે તેજ ચ્હેરો હતો કે જે તેણીની લાંબી મંજલ દરમ્યાન તેણીની સંભાળ વાસ્તે દરેક કાળજી કરતો તેણીની ઉપર એક ફીરેસ્તાની રવેશે જોતો રહ્યો હતો; તે તેજ ચ્હેરો હતો કે જે આટલો વખત તેણીની પડખે રહી તેણીને હિમ્મત અને ઉત્તેજન આપતો રહ્યો હતો; અને તે તેજ ચ્હેરો હતો જે આજે રાત્રે તેણી તરફથી માયા અને મહોબત મેળવવાની કોશીશ કરતો તેણી સામે રજુ થયો હતો, અને હમણાં તે ચ્હેરો તેણીની નજર સામે સીનેમાની સ્ક્રીન ઉપરના એક પીકચરની માફક રજુ થતાં તેણીના હૈયામાં જાણે કાંટા ભોંકાઇ તેણીને દુઃખ થતું હોય તેમ તેણીનું મોંહ કુમળાયું.

"આહ !" તે દુઃખથી પુકારી ઉઠી "તેને ધિક્કારવાના, તેનો નાશ કરવાના મેં જે સોગંદ લીધાછ તે હું કેમ પાળું ? ઓ ! તેની પુઠે લાગી તેનો કચરઘાણ હું કઇ રવેશે કાઢું ?" અને જ્યાં પ્રિય વાંચનાર, તેણીને તે ખ્યાલ થતાં તે છોકરી રડી પડી–ડુસ્કે ડુસ્કે રડી અને ઘણુંજ અજબ જેવું કે થોડાજ વારમાં ઇનશાનનાં ગમે તેવાં અગાધ દુઃખનો એજમતી ઇલાજ તેણીને આવી મળ્યો ! તે

એમ રડતાં રડતાં આંસુ ભરી આંખેજ ઉંઘાઇ ગઇ! પણ તેણીની તે ઉંઘમાં અને તેણીની ઉમરની એક નિર્દોષ બાળાને આવતી ઉંઘમાં આસ્માન જમીનનો ફરક હતો. તેણીની તે ઉંઘ કોઇ વાતે શાંત ન હતી, કેમકે ઉંઘમાં તેણી બેફામ થતાંજ જે આરાસ્તે ઓરડામાં તે એમ પડી હતી, તે ઓરડો તેણીના મંદ મનની આરસીમાંથી ગુમ થઇ ગયો અને તેની જગ્યા, ભાગ્યાં તુટયાં ફરનીચર સાથની એક ઓરડીએ લીધા, જેનાં એક ખુણામાંથી ઓરતનો લુટાયલો–લેવાયલો ફીકકો ફચ મારી ગયેલો એક ચ્હેરો બહાર આવ્યો અને પોતાનો કંટાઈ ગયેલો એક હાથ ઉપર ઉંચકી "યાદ રાખજે!" એટલું તે બોલ્યો. ઉંઘમાંજ તે છોકરીએ કોર વાળવાની તજવીજ કીધી પણ તે ઇઝીચેરપરજ પડેલી હોવાથી તેણીની તે કોશીશ ફોકટ ગઇ, અને પોતાના બેઉ હાથ લાંબા કરી તે બોલી–"મમા, મારાં મમાઃ મારીથી તે કામ નહિ થઇ શકશે! મેં ખાધેલા કસમ મને માફ કરો. તેમાંથી મને છોડાવો!" અને વળી પાછા તેજ ફીક્કા ચ્હેરાના ઉજળા ફક્ક મારી ગયેલા હોઠ ફડફડયા અને "યાદ રાખજે, ગમે તે થાય પણ મારા કીનાથા બેહેતર કશુંજ ના ગણુતી" એવા બોલ એક સરપના ફુંફારાની રવેશે તે હોઠોમાંથી નીકળતા તેણીને સંભળાયા.

મામલો જયારે એવોજ હતો ત્યારે તેણીની આખી રાત સારી ગઇજ કેમ હોય? આખી રાત તેણીએ તાસવીસમાં ગુજારી અને છેક જયારે સહુવારનું ઝળકળું તેણીના ઓરડાની બારીમાંથી દાખલ થઇ તેણીના ચ્હેરા ઉપર પડયું ત્યારેજ જરા શાંતિથી તે પોઢી.

ત્યારે શું હેરોલ્ડ પોતાના ઓરડામાં દાખલ થઇ પલંગ ઉપર પડતાંને વારજ ઉંઘાઈ ગયો કે? નહિ, તેબી ઉંઘાયો હતોજ નહિ, કેમકે પહેલે તો તે પલંગ ઉપર પડયોતોજ નહિ. તે પોતાના કાકા આગળથી ઉઠી પોતાના ઓરડામાં આવ્યો ખરો પણ પોતાનાં કપડાં

એમનાં એમજ રાખી તે એક ખુરસી ઉપર બેઠો, તે સહવાર સુધી કાંઇ વિચારમાં લીન થયલો ત્યાંજ બેસી રહ્યો. તે બેઉની એ સજાગરૂ હાલત વચ્ચે ફેરફાર એ હતો કે હેરોલ્ડ જ્યારે જાગતો સાજોતાજો બેઠો હતો, ત્યારે લીલ્યન ઉંઘેલી હોવા છતાં પોતાની આખી રાત તાસવીસમાં ગુજારતી પડી હતી.

"એવું તે શું છે કે અમારા વચ્ચે આય અંતર ઉભો કરેછ ?" તે બડબડતો સંભળાયો અને એનો એજ સવાલ તેણે પોતાના દીલને આય સોમી વખત પુછીયો હશે "બેદકારી ? નહિ; તેમ હતે તો મારી તરફની તેણીની ચાલ અજબ કીસમે ઠંડી હોતે. ત્યારે શું ધીક્કાર ? તેબી નહિ. શામાટે મને તે ધીક્કારે ? હા, જો મારી આગમજ તેણીના દીલમાં આગળથી કોઇ આવી વસ્યું હોય તો તે મને તુચ્છકારે ખરી પણ—એ મને આજે થયુંછ શું, કાંઇ સમજ પડે ? શું તેણીની અપાર પારદર્શક ખુબસુરતીએ મારી આસપાસ જાદુની જાળ વણીછ ? નહિ; તેણીના દરેક હાવભાવે અને તેણીના તે હાવભાવમાં સમાયલા મોહક મીઠાસે, તેણીની મીઠી જબાને, તેણીના આંખના લ્હેકાએ, તેણીના ગાલના પમરાટે, તેણીના હોઠના લાલ પસરાટે, તેણીની ડોકના વાંકે, તેણીના બાલની સીહાઇએ જો મારી આસપાસ મોહજાળ વણી લીધી હોય તો તે બનવાજોગ છે. પણ તે બધું કામનુંજ શું ? જો, મારી આગમજ તેણીએ પોતાની તે આગલી દુન્યામાંના કોઇને કબુલાત આપીજ હોય તો પછી મારે ચાન્સજ શું રહ્યો ? ખરેખર, જ્યારે કાકાજીએ અને મેં પેલી શરતનું સારૂં 'કલોઝ' કીધું ત્યારે તે શરત તેની એક પુરી કલમ સાથે જેને તમામ લાગેવળગે તેણીની મરજીનો અમે બેઉએ કશોજ વિચાર ન કીધો એ, અમે એક મોટી ભુલ કીધી હતી."

એવા વીચારમાં ને વીચારમાં તેણે પોતાનાં કપડાં કાઢી તેને

એક ઠેકાણે ઢગ કરીને મુક્યાં અને તે પોતાના પલંગ ઉપર પડયો અને જરાવારમાં લીલ્યનને લગતા સુંદર સ્વપ્નાઓ જોતો તે ઉંઘી ગયો.

જ્યારે લીલ્યન ઉંઘમાંથી જાગી ઉઠી ત્યારે પોતાની દાસીને તેણીએ પાસેના ડ્રેસીંગ રૂમમાં તેણીને માટે ખોટી થતી દીઠી.

"એની, મને જલદી જગાડી કેમ નહિ ?"

"જી બાઈ, તમોને હું ઉઠાડતે પણ સર તેલબોટનો જેમ મને તેમ બધાં માણસોને હુકમ હતો કે તમને જલદી જગાડવાં નહિ અને કશીબી ગડબડ કરવી નહિ, કે જેથી તમારી આસાયશમાં ખલલ થાય નહિ. તમે બાનુ ચાહે લેશો કે ચાકલેટ ? તમે નાહવો તેટલાં તમે જે કહો તે હું મારે હાથે બનાવી લાઉં."

"હું ઠંડાજ પાણીએ નહાવસ એની, ને મારે વાસ્તે ચાકલેટ લઇ આવજે. જરા થોભ, સર તેલબોટ ને મી૦ હેરોલ્ડ નાસ્તો ક્યારે જમેછ ?"

"સર તેલબોટનો તો વખત થયો, મીસ લીલ્યન, ને મી૦ હેરોલ્ડ નદી પરથી નાહી આવીને પછી નાસ્તો લેયછ. પણ સર તેલબોટે મારી પાસે કહેવડાવ્યુંછ કે તેવણ નાસ્તાને સારૂં તમારે વાસ્તે થોભશે."

"એમકે ? ચાલ ત્યારે જલદીજ, હું હમણાં નાહીને તૈયાર થાઉંછ તું ચાકલેટ લઇ આવ."

અને જ્યારે એની ચાકલેટનું ગરમાગરમ કપ લઇને પાછી ત્યાં આવી ત્યારે તેટલા વારમાં પોતાની જવાન બાઇને નાહી ધોઈ સોનેરી કપડાંમાં સજ થયલી જોઇ તે અજબ થઇ.

લીલ્યન તે ચાકલેટ પી નાસ્તો કરવા નીચે ડ્રોઇંગ રૂમમાં ગઇ જ્યાં સર તેલબોટને તેણીએ તેણીની આતુરતાથી રાહ જોતો બેઠેલો દીઠો !

તેણીને જોઇ તે તુરત ઉઠયો અને તેણીનો હાથ પકડી તેણીને ટેબલ તરફ તેણીની ખુરસી આગળ લઇ આવ્યો અને તેણે લીધેલી એ તકલીફના બદલામાં તેણીના કપાલ ઉપર એક કીસ લઈ તેણીની ખુરસી ઉપર તેણીને બેસાડી પોતાની જગે જઇ તે બેઠો.

"મને ઘણું લેટ થયું પપા?"

"નહિ, હું તો જાણું કે તુંને નીચે ઉતરતાં હજી બીજો કલાકેક જોઇશે. તું થાકી ગયેલી હતી તે હું જાણતો'તો, પછી તું લેટ ઉતરે તેમાં કાંઇ અજાયબી છે? હેરોલ્ડ નદીપર ન્હાવા ગીયોછ ત્યાંથી હજુ આવ્યો નથી. લીલ્યન દીકરી, તુંને ઉંઘ આવી'તી?"

"હાજી, ઘણી મજેહની ઉંઘાઇ—પપાજી તમે કોફી લેશો કે?"

"હા, દીકરી, પણ મારામાં ખાંડ ના નાંખતી—હેરોલ્ડ ઘણી મીઠી પીયેચ—હજુ એ આયો નહિ? કહાં રહ્યો?

અને તેના કાકાએ કીધેલી એ ટગરના જવાબમાંજ જાણે તેજ વખતે તે જવાન તે જમવાના ઓરડામાં આવીને ઉભો.

પોતાના કાકાને સાહેબજી શેકહેન્ડ કરી તે લીલ્યન તરફ ગયો જેને પોતાનો શેકહેન્ડ માટે હાથ આપી તે બોલ્યો.

"માફ કરજો મને લેટ થયું."

જવાબમાં તેણીએ તેને હસીને શેકહેન્ડ માત્ર કીધી અને તેની તરફ તેનું કા નું કપ તેણીએ મૂકયું.

"કેમ, દીકરા, આજનો તમારો બેઉનો પ્રોગ્રામ શું છે?"

"જે લીલ્યન ચાહે તે કાકાજી."

"તમો બેઉને જે ગમે તે" લીલ્યન હસીને બોલી.

"હું ધારૂંછ કે આજે આપણે ત્યાં વીઝીટરો ધુમ ઉતરી પડશે; જો કે લીલ્યન તું આવ્યાને હજી વખત ઘણો થોડો થયો છે, તોબી તારા આવ્યાની બધાંને ખબર પહોંચી તો ગેઇજ હોસે એટલે તુંને

જોવા અને મળવાની તલબ કરતાં બધાં અહીં તણાઇ ઘસડાઇ આવે તેમાં કાંઇ નવાઈ નથી."

"પણ, તેથી કાકાજી આવે ખુશનુમા દીવસે આપણે ઘેરમાં રહીએ? લીલ્યન, આપણે ત્રણે ગાડી જોડાવી ફરવા જઇયે તો કેમ?"

"હા, મજેહનું" લીલ્યન બોલી.

સર તેલબોટ, જે તે વખતે આવેલાં પેપરો વાંચતો બેઠો હતો તેણે હેરોલ્ડ તરફ જોયું.

"હેરોલ્ડ, આજે તું લેટ થયાથી પેપરો મેં ખોલીને વાંચવાં માંડયાંછ."

"સારૂં કાકાજી, કાંઇ નવી જુની છે?"

"કાંઇ દમ જેવું નથી. અરે, હા, તુને ગમે તેવી ખબર છે. લીલ્યન, તું જાણેછ કે હેરોલ્ડને નાટકનો ઘણો શોખ છે."

"ખરેખર?" તે બોલી અને હેરોલ્ડ તરફ જોઇ જરા હસી.

"ના કહેની જોઉં, દીકરા! જો એને મારી રજા હોય કેની તો એક આખી થાયેટર ખરીદી લઈ તે ચલાવવાનાં ફાંફાંમાં પડે."

હેરોલ્ડ પોતાને માટેનો આ રીમાર્ક સાંભળી હસ્યો અને લીલ્યન તરફ જોઇ પૂછ્યું—

"તમુનેબી નાટકનો શોખ ખરો કે?"

"થોડો, કાંઇ ઘણો નહિ" તે બોલી (અને વાંચનાર જોશે કે તે છોકરી આાં સર્યાંમ ખોટુંજ બોલી હતી.)

"ત્યારે તમો બેઉને માટે આય પેપરમાં સારી ખબર નથી. તે લખે છે કે "હીલ્ડા ફેન નામની નામીચી એકટ્રેસ જે ઇંગ્લાંડ આવવા અમેરિકાથી ઉપડી હતી તે કોઇ બદમાશોએ મેલ કોચ લુંટી તેમાંના ઉતારૂઓને જે ઠાર કીધા હતા તેમાં એક ભોગ થઇ પડી હતી."

"ખરેખર!" હેરોલ્ડ બોલી ઉઠયો: "એ સાંભળી હું ઘણોજ

દલગીર છેઉં. હું તે તરફ ગયો ત્યારે મેં તેણીને માટે ઘણુંજ સાંભ-ળ્યું હતું પણ એકબી વાર તેણીને જોવા જવાની મને જોગવાઇજ નહિ મળી; તેજ વખતે ત્યાં બોલાયું હતું કે તેણી તો ઇગ્લાંડ જવા ઉપડી ગેઈ હતી. પણ કદાચ એ ખબર કાચે પાયેની બી હોય "— અને હ્યાં તે લીલ્યન તરફ જોઇ બોલ્યો—"અને કદાચ ખરીબી હોય; ગરીબ બિચારી! તમે લીલ્યન તેને જોયલી કે?"

લીલ્યનને સારે નસીબે તે ટેબલપર શણગાર દાખલ ફર્નનાં નાનાં કુંડાં ગોઠવી મૂકવામાં આવ્યાં હતાં અને હેરોલ્ડે પૂછેલા આ સીધા સવાલ વખતે તેણીનો ચ્હેરો તેમાંનાં એક ફર્નને ઓથે હોવાથી તે સવાલ તેણીને કાને પડતાંજ તેણીનો ચ્હેરો જે રીતે ફીક્કો મારી ગયો હતો તે તે બેઉ—સર તેલબોટ અને હેરોલ્ડથી છુપોજ રહી શક્યો હતો; તે વખતે તેણી પોતાના કપમાં કાફી રેડતી હતી, એટલે હેરોલ્ડના તે સવાલે તેણીને એવી ચોંકાવી કે તે રમકડાં જેવી શોભીતી તીનપાટ તેણીના હાથમાંથી છટકી તે પ્યાલાંપર પડી અને તે બંનેનાં કકડા થઈ ગયા અને કાફીનો ગરમાગરમ રેલો ટેબલપર વહેતો થયો!

"અરે આસ્તે!" હેરોલ્ડ બોલી ઉઠયો, સર તેલબોટતો જાણે શું એક અકસ્માત થયો હોય તેમ પોતાની બેઠક ઉપરથી ઉછળીને ઉભો થયો અને લીલ્યન તરફ ધસી ગયો.

"દીકરી, કાફી તારી ઉપર પડી કે? તારાં આંગળાં દાઝયાં કે? જોઉં મને જોવા દે."

તે બેઉએ જોયું કે તે દાઝી તો ગેઈ ન હતી પણ તે અક-સ્માતે તેણીને ચોંકાવી એટલી હતી કે તેણીનો ચ્હેરો તમામ સફેદ મારી ગયો હતો.

"નહીંજી, મને કાંઈજ નથી લાગ્યું. હું કેવી મૂર્ખ કે કેવું મજે-હનું કપ ને કીટલી—"

"અરે, કીટલી ને કપને ચુલ્હુલામાં નાંખ" પછી ત્યાં ઉભેલાં માણસો તરફ જોઇ તેવણુ બોલ્યા. "ટેબલપર બીજી જગ્યા નથી કે બધા કપ સાથે એકમેકની અડોઅડ મુકોછ ? હમણાં મીસી બાબા દાઝી જતે ને–"

"પપાજી એ લોક બીચારા શું કરે ? એમાં વાંક મારો હતો" લીલ્યન વચે પડી અને તે એમ વચે ન પડી હતે તો સર તેલબોટ કેટલું બોલતે તે કહી શકાતું નથી. "શું કહ્યું પેલી એકટ્રેસનું નામ તમે પપાજી શું બોલ્યા ?"

"હીલ્ડા ફેન" હેરોલ્ડ બોલ્યો "હું જાણું કે તમે તેને જોઇ હોસે યા તેને વીશે કાંઇ સાંભળ્યું તો હશેજ."

"હીલ્ડા ફેન ? નહિ કોણ જાણે એ કોણ હોસે ? મેં તો એ નામબી નથી સાંભળ્યું. લેવો, હેરોલ્ડ કોફીનું બીજું કપ લેવોછ કે ? આય કપ પપાને આપો ને આય કપ માહરૂં."

પ્રકરણ ૧૦ મું.

"પણ સવાલ એ છેની કે આપણે જઇએ શામાં ?" સર તેલબોટ બોલ્યો.

બપોર થયલી હોવાથી ગરમી તેનાં પુર જોશમાં હતી. સર તેલબોટ પોતાના કપાળપરનો પરસેવો એક રૂમાલે નુછતો તે ઓરડામાં ઉભો હતો, જ્યારે હેરોલ્ડ ત્યાંજ એક ટેબલની કોરે બેસી પોતાના શુઝની છુટી ગયેલી લેસ બાંધતો હતો.

"લીલ્યને તે હજુ નક્કી નથી કીધું કાકાજી ?"

"નહિજતો ! ત્યારે વળી હું તુને પુછું શાનો ? મેં તેને પુછ્યું તો કહેજે 'મને ગમે તે ચાલશે' આવવા દે ત્યારે એને

નીચે. હજી તો જવાને વખત છે; પહેલે તો આવા તાપમાં એ બ-હાર નીકળે તેજ મને નથી ગમતું. "

"મને લાગેછ કે તમે પેલી લીધેલી ટટુની નવી જોડી આજે જોડાવાની લીલ્યનની મરજી હોસે, ને તેમ હોસે તો ઉઘાડી ફ્રાઇટન તે પસંદ કરશે ને ટટુને પોતેજ હાંકશે, ત્યારે થોભો કાકાજી, હું પેલી મોટી સફેદ છત્રી લઇ આવું."

સર તેલબોટની દીકરીને ઉડલી હોલમાં આવી ઠરી ઠામ થયાને બરાબર સાત દીવસ થઇ ગયા હતા. જ્યારે તેણીના આવ્યાની ખબર બરાબર બધે ફેલાઈ રહી કે જાણે ત્યાં વસ્તાં બધાંઓ વચ્ચે કોણેક આવી ઉતર્યું હોય તેમ બધે ગડબડ સડબડ થઇ રહી હતી. જ્યારે વળી લીલ્યનને લગતી તમામ હકીકત તે બધાંઓને કાને આવી ત્યારે તેણીને મળવા જવાની ધધુખર ત્યાં મચી રહી, અને સઉ પોતા પોતામાં તે બાબે હરીફાઇ કરવા લાગ્યું.

હવે વીલ્ડશીયર પ્રગણું કે જેમાં ઉડલી હોલ આવ્યો હતો તે કાંઈ નાનું સુનું કે ગરીબ ગુરબાંથી વસાયલું નહતું. ત્યાં મોતેબર અને સારાં સારાં ખાનદાનો વસેલાં હતાં, જેઓ બધાંની સરદારી એક ડચેસના હાથમાં હતી; એટલે ત્યાંની સોસાયટીની મુખી તે ડચેસ હતી. હવે જ્યારે પોતા વચ્ચે તે નવી આવેલી ખુબસુરતીને મળવાની તલબ પહેલી ડચેસેજ કીધી તો પછી ત્યાંની સોસાયટી તેણીની પુઠે ન જાય અને ન ચાલે તો તે એક નહિ માફ કરવા જોગ ગુનાહ લેખાય, ત્યારે હવે વાંચનારને અજબ નહિ લાગશે કે સર તેલબોટ ઉડલીને ત્યાં કોઇ એક હુલક જનાવર યાતો જીવતું હાડપીંજર આવ્યું હોય તેમ તેવણુની બુચીમાયને જોવા આવવાની ત્યાં ઉડલી હોલમાં તુટાતુટ પડી હતી; અને જેઓએ તેને જોઈ હતી તેઓએ તેણીને પોતાની બારીકમાં બારીક તપાસમાંથી પાસ કીધી હતી એ

વાત. સર તેલબોટને ઘણોજ સંતોષ આપનારી થઇ પડી હતી. બધાંએ તેણીને જોઇને ધરાયાં કે તેણી ઉપર હવે તેઓને ત્યાં બોલાવવાનાં ઇજનોનો વરસાદ વરસ્યો. એમ બધું લોક તેણીની ઉપરથી ઉથલાઇ પુથલાઈ ગયું તેનું એક કારણ મુખ્ય હતું. સર તેલબોટ ઉપર તેની પરણેતરના સંબંધમાં વીતેલી કહાણી સર્વને માલમ હતી. વળી તેઓને એબી ખબર હતી કે તે પરણેતર અને તેની દીકરીને ઢુંડી લાવવા સર તેલબોટે ચોતરફ પોતાના એજન્ટો દોડતા કીધા હતા અને આખરે તેઓને તે તેઓમાંની એકનોબી પત્તો ઘણો લાંબો વખત સુધી નહિજ લાગવાથી તેલબોટે પોતાના ભત્રીજાને તે મા–દીકરીની શોધમાં મોકલ્યો હતો અને આખરે તેને તે મા–દીકરીનો નહિ પણ એકલી દીકરીનો પત્તો લાગ્યો હતો અને તેને લઇ તે રૂડલી હોલમાં આવનાર હતો; જેવી તેઓને એ વાતની ખબર પડી કે ઘણે ઘણે લાંબે વખતે ત્યાં આવતી સર તેલબોટની દીકરી કેવી હશે તેનું તેઓ પોતાને મન ગમતું અનુમાન બાંધી ચૂક્યાં હતાં, જે અનુમાન અમો કહીયે છીયે કે સર તેલબોટે પોતાની દીકરીને માટે બાંધેલાં અનુમાનથી કોઇ રવેશે જુદું નહતું; પણ જ્યારે તેઓએ તે નવી આવેલી દીકરીને નજરે જોઇ અને તેની ચાલ હાલ અને રાહ રીતીથી તેઓ વાકેફ થયાં ત્યારે તેઓ તો તેને લગતું પરિણામ પોતે રાખેલી વકીથી સદંતર ઉલટુંજ આવેલું જોઇ ફાટીજ ગયાં એમ કહીશું તો ચાલશે, અને તેઓને ઇન્સાફ આપવા અમારે કહેવું જોઇએ કે તેઓની વકી ઉપરાંત તેઓને મળેલા એ અનુભવથી તેઓ સાચાં દીલથી ખુશીજ થયાં.

"એ છોકરી." તેને વિષે લેડી વોરનર આગળ વાત કરતાં ડચેસે બાપુકાર જાહેર કર્યું કે "એ છોકરી પછી ગમે ત્યાંથી તે આવી હોય પણ ખરેખર એક હીરોજ છે; ખુબસુરત તો તે છેજ તેમાં કાંઇ

મને નવાઇ લાગતી નથી. કેમકે એ ઉડલીવાલાઓમાં ખુબસુરતીનો ખજાનો ઓઘે ઉતરેલો છે. હેરોલ્ડ જુવોની કેવો ખુબસુરત છે? ને એ છોકરીના બાપને તેની જવાનીમાં તો મેં જોયલો એટલે હું કહી શકું કે બસ આબાદ તે આય તેની દીકરી જેવોજ હતો, પણ તેનામાં જે મને ગમેછ તે તેનો અવાજ છે. આહ! શું મધુર અને કેળવાયલો તેનો કંઠ છે! પહેલી તેને હું મળવા ગેઇ ત્યારે તેનાં સંબંધમાં છુટછાટ મૂકીનેજ તેને માટે વિચાર બાંધવાના ઠેરાવથી હું ગેઈ હતી, અને તે હસ્તે મુખડે મારી આગળ મને ભેટવા આવી તો તે વખતનો તેણીનો તોરજ જોઇને હું તો દંગ થઇ ગઈ, તે જેફ્ બાપ તેને વાસ્તે મગરૂર હોય તો તેમાં કાંઇજ નવાઇ નથી."

"મગરૂર?" લેડી વોરનર બોલી "સર તેલબોટની પોતાની દીકરી તરફની એ લાગણીને એ બોલ લાગુ પાડવો જોઇતો નથી; એમ કહીશું તો ચાલશે કે તે તેનો પુજારીજ છે."

"લુસીનો તેણીને માટે વિચાર શું? લુસીને એ છોકરી ગમેછ કે?" ડચેસે પોતાની તે સહીને પૂછ્યું.

અને એ સવાલથી લેડી વોરનર જો કે કાંઇક ગભરાઈ તોપણ ધક્ક ઠેકાણે રાખી બોલી "અલબત, એ બેઉ તો કયારની સહીઓ થઇ ગઇછ. લુસી તો તેને હદથી જયાદા ખુબસુરત ધારેછ."

"લુસીને માટે એ હું ઘણુંજ માનભરેલું સમજુંછ." ડચેસ બોલી "કેમકે હું જાણુંછ કે લીલ્યનના અહીં આવ્યાથી લુસીની ધારણાઓ ઉપર પાણી ફરશે ખરૂં ને તેથી હું કેહુંછ કે લીલ્યન માટે લુસીનો એ વિચાર ઘણો માનભરેલો છે."

"હું નહિ ધારતી કે તમે કહોછ તેમ કાંઇ હોય અને મને લાગેછ કે લુસીબી જો અહીં હોતે તો તમુને તે વિષેની પોતેબી એવીજ ખાતરી આપતે. અમારે ત્યાં હેરોલ્ડનો પગદંડો એટલો

બધો હતો કે લુસી તો તેને એક પોતાના ભાઇની માફકજ ગણુતી ઉધરેલી છે."

"હવે જે હોય તે, પણ હેરોલ્ડ લીલ્યન સાથેજ ગોઠવાઈ જશે એ તો હવે નક્કીજ છે અને તેમ હોય તો ઘણુંજ હક્ક વાજબી કહેવાય, કેમકે તેને સર તેલબોટનો ખેતાબ તો મળશે, પણ તે ખેતાબ સાથે જે દોલતનોબી ફાળો તેને હસ્તક જશે તે ઘણો નાનો અને નજીવો છે, અને તે સિવાયનું સર તેલબોટનું જે બધું તે લીલ્યનને મળશે."

"અલબત, હાજતો, ત્યારે તો એ છોકરી ઘણીજ ભાગ્યશાળી કહેવાય ને એણે ત્યારે તો ઘણાજ સુખ અને ખુશીમાંજ રહેવું જોઇયે." એમ બોલી લેડી વોરનરે ડચેસ તરફ ધારી ધારીને જોયું.

"ત્યારે તમે શું એમ કહેવા માંગોછ કે હાલ તે ઘણી સુખવાસી અને મોકળાં મનની લાગતી નથી ? હા, મેંબી કાંઇક માર્ક કીધું જો ! તેના ચ્હેરાપર કોઇ કોઇ વખત જે શોક ચઢી આવ્યો તે મનેબી નહિ ગમ્યો અને એમ તેને જોયા પછી તે ઉપર આખો દહાડો મને વિચાર આવ્યાજ કીધો, ને તોબી તે કાંઇ ગમ્મતી અને ખુશી દેખાતી'તી નહિ તેમ નહિ. તમેબી તે માર્ક કીધુંછ કે ?"

"હા, પણ કદાચ તે બીચારીની આગલી જીંદગી—"

"ને તેની તો આપણને કશીજ માહિતી નથી. મેં એએક વખત સર તેલબોટ આગળ તે ચોખો ચાંપી જોયો અને બે વખત તેવણ તે વાતજ ખાઇ ગીયા. તમે તો તેવણનો સ્વભાવ જાણોછ."

"ને લીલ્યન પોતેબી એ વાતના અખાડા કરેછ" લેડી વોરનરે ટાહુકો પુર્યો "ગરીબ બીચારી !"

"છટ, હવે આપણે એની દયા ખાવા જેવી હાલતમાં તે કયાં છે ? હવે તો એ પોતાની આગલી પાછલી ભૂલે તેમ આપણે પોતેબી

કરવું જોઇએ—ને હા, સારી યાદ આવી મેં એ ઉડલીવાલાંઓને બુધવારે મારે ત્યાં બોલાવેલાં છે જો—તમે તો આવશો કેની ?"

"હાજતો—ને ત્યારપછીના મંગળવારે તમો એઓને મળવા મારે ત્યાં આવજો ! હું રાતે જમવાજ બોલાવતે પણ ગરમી ઘણી છે તે કોઇને ગમે કોઇને નહિ ગમે કરીને ગાર્ડન પાર્ટીનોજ વિચાર રાખ્યોછ; પછી બનશે તો બધાં સાથે ડીનર લઈશું. આજકાલ માટીડા તો ઇવનીંગ ડ્રેસના ડીનરની વખતે અસમખાડાજ કરેછ."

"તમારી ઘણી મહેરબાની—બનતાં સુધી હું મારા ડયુક સાહેબનેબી લેતીજ આવસ. એવણ તો લીલ્યન ઉપર મોહી પડયાછ !"

લેડી વેરનર આ સાંભળી હસ્યાં અને ત્યાં એ વાતચીત બંધ પડી હતી.

તે ડચેસને ત્યાંનું ડીનર આવ્યું અને ગયું અને આજે જે તેઓ ત્રણેની બહાર નીકળવાની તૈયારી ચાલતી આપણે ઉપર જોઈ તે લેડી વેરનરને ત્યાંની ગાર્ડન પાર્ટીમાં જવાને લગતી હતી.

હેરોલ્ડ જે લીલ્યનને ઓઢાડવા સુફેદ છત્રી લેવા અંદર ગયો હતો તે તે લઇને બાહાર આવ્યો.

"ઠીક કીધું, હેરોલ્ડ તેં" સર તેલબોટ તે છત્રી જોઇ બોલ્યા "હમણાં હમણાં તે ઘણી થાકી જાયછ ને રખેને તે સીક પડી જાય તેની આપણે બેઉએ ઘણી સંભાળ લેવી જોઇએ છે. આજેજ સ્હવારે જૂદે જૂદે ઠેકાણેનાં તેડાંનો આવડો મોટો ઢગ મને લીલ્યને બતાવ્યો. મારો વિચાર તો છે કે એમાંનાં થોડાંઓને 'ના' લખાવું, પછી જોઇએ તો તેઓને રીસ લાગે."

તેજ વખતે ત્યાં લીલ્યન આવી. તે એવી તાજી અને રાતીમાતી હતી. અને એવે મક્કમ કદમે ત્યાં ચાલી આવી કે તેણીને જોનાર કત્રચિતજ તેણીને થાકેલી સમજી શકે. તે એવો તો સંભાળથી

ડ્રેસ કરીને બનીઠનીને બાહાર નીકળી હતી કે તે હેરોલ્ડને બે મહીનાની વાત ઉપર મળેલી પેલી ચીંથરે હાલ અને લેવાયલી લુંટાયલીજ છોકરી હતી, એમ હેરોલ્ડને માટેબી ઘડીભર માનવું મુશ્કેલ થઇ પડયું.

"કેમ, તમે મારે લીધે બધા થોભ્યાછો કે? જો તેમ હોય તો મેહેરબાની કરી દાસી એનીને ઠપકો આપજો; તેની મદદ વગર હજી હું તૈયાર થઈ હોતે તો વધારે જલદી અહીં હાજર થઇ શકતે."

"નહિ, નહિ, દીકરી લેટ નથી થયું." સર તેલબોટ બોલ્યો, "હેરોલ્ડ આપણે લીલ્યનની વાટ જોતા નહિ હતા કેની?"

"નહિ, લીલ્યન તમે અમારા ધારવા કરતાં તો વહેલાં આવ્યાં. બેસો અહીં, બેસી જાઓ ને આય ચાહેનું કપ લેવો." એમ કહી હેરોલ્ડે પોતાના હાથમાંનું કપ તેણીને ઓફર કીધું. જે તેણીએ હસીને કબુલ રાખ્યું. "ચાલો તમે ચાહે પીવો તેટલે હું ગાડી મંગાવું. કયી મંગાવું લીલ્યન?"

"તમુને મારી ટટુની જોડીમાં હું હાંકી લઇ જાઉં તો કેમ?" લીલ્યને પૂછ્યું.

"હેરોલ્ડ, દોડ જલદી ટટુની ફ્રાઇટીન મંગાવ." સર તેલબોટે હુકમ કીધો અને હેરોલ્ડ હુકમને તાબે થઇ દોડયો, અને પછી જરા વારમાં ગાડી લેઇનેજ તે પોતાના કપાળપરનો પરસેવો લુછતો જરા થાકેલો જેવો તે આવ્યો, તે ઉપરથી અમને તો ભય છે કે તે બીચારો ટટુઓપર સામાન નાંખી ફ્રાઇટીનમાં તેમને જોતરવાબી કોચમેનને મદદ લાગ્યો હોવો જોઇએ.

ગાડી દરવાજા આગળ આવી લાગતાં સર તેલબોટે લીલ્યનને હાથ આપી સીડીપરથી ઉતારી, હેરોલ્ડે ગાડીની બેઠકના તકયા બરાબર ગોઠવ્યા અને તે બાપ બેટી બેઠા પછી સામેની સીટ પર તે પોતે પેલી છત્રી ઉઘાડી તે હાથમાં લઈ બેઠો.

"પપાજી, તમે એમ ધાર્યું કે સુરજના આય તાપથી હું વખતે પીગળી જવસ? શું મજાહનો આજનો દહાડો છે અને ખરેખર છે કે ઈંગ્લાંડના ઉનાળાના જેવી કોઈજ બીજી મોસમ નહિ! પપા તમે-બી ટેનીસ રમશો કે? તેમ હોય તો તમે મારા જોડીદાર થજો."

"દીકરી હવે મારી એ મજાહ મારે જુવાનીયાઓને સોંપવી જોઇએ." તેવણ બોલ્યા "મારો વખત હવે તમુ લોકને રમતાં જો-વાનો છે. કેવાં મજેહનાં તું ટટુઓને ત્રાત કરાવેછ? નહિ હેરોલ્ડ? જાણે લીલ્યનનો આખો જન્મારોજ જોડીની ગાડીઓ હાંકવામાં ગયો હોય તેમ તુંને નથી લાગતું? લીલ્યન, તુંને બેઠક નીચી પડેછ કે? તું પોતે ઉંચીજ એટલી છે? એમાં કાંઈ ફેરકાર કરવો હોય તો બેલાશક કહેજે હંકે!"

અને લેડી વેરનરનું મકાન આવી પુગ્યું ત્યાં સુધી તે જઈફ બાપનો બકબકારો એમને એમ ચાલ્યાજ કીધો.

ડયુકના આલીશાન મેહેલથી વેરનરવાલાંઓનું તે મકાન બીજે દરજ્જે ત્યાં ગણાતું હતું. જેવી લીલ્યનની ગાડી તેના દરવાજા આ-ગળ આવીને અટકી કે બે ત્રણ સઇસો અને અડધીક ડજન બીજા નોકર નફરો ત્યાં દોડી આવ્યા અને લેડી વેરનર પોતે તેઓને છેક બહાર સુધી લેવા આવી.

"મીસ ફડલી, કેટલું લેટ? અમે તો બધાં નીરાશ નાસીપાસ થઈ ગયાં કે તમે તો આવશોજ નહિ. સર તેલ્બોટ, લુસી તમારી જોડીદાર થવાની વાટ જોયછ ને હેરોલ્ડ તારીબી જગ્યા રાખી મુકીછ, તું બીહીતો ના."

એમ હસતાં બોલતાં બધાં અંદર ગયાં, અને ટેનીસ ગ્રાઉન્ડપર તેઓ આવી લાગતાં તે ત્રણે ઉપર આવકારનો વરસાદ વરસી રહ્યો. ટેનીસની તૈયારી કરી ઉભેલી દરેક પારટી જાણે કે લીલ્યન કયારે અ-

મારાંમાં આવે,—અને હેરોલ્ડ વાટ જોતો હતો કે જ્યાં લીલ્યનની મેડેરબાની ઉતરે ત્યાં તે ઠસે; પણ લીલ્યનની બાજી ઓરજ હતી; તેતો બધાઓ વચ્ચેથી આસ્તે રહી નીકળીને એક બાંકપર ગોઠવાઈ ગઈ; તેને એમ અલગ થઇ ગયેલી જોઇ ડચેસ તેણી આગળ આવીને બેઠી અને તેણીને હળવે રહીને પુછ્યું.

"કેમ લીલ્યન રમતી નહિ? રમવાની મરજી નથી કે તડકું નથી ખમાતું?"

"નહિ, પણ બધી જોડી બરાબર ગોઠવાઇ ગઇછે, એટલે મને બેસીને રમત જોવા ઘણી ગમેછે."

"લીલ્યન બેસીને જોવાના તારા દહાડા હજી ઘણા આવશે. તેની શરૂઆત થવાને હજુ તો, ૨૦–૩૦ વરસનો વાર છે. જો કેવાં મજેહનાં બધાં રમેછે? ઓ! એ ફટકો કોણનો?

"એ મારા પીત્રાઇએ 'હીટ' કીધો" લીલ્યન બોલી.

"કોણે—હેરોલ્ડે? એ નથી શું સંભાળીને કરતો? પોતાની કોલેજમાં તો એ ચેમ્પીયન હતો. હેરોલ્ડ મારો ઘણો માનીતો છે જો, લીલ્યન, ને ખુબસુરતબી ઘણો છે, નહિ?"

"હેરોલ્ડ ખુબસુરત છે?" તે રમત જોતાં ધ્યાનમાંને ધ્યાનમાં લીલ્યને પુછ્યું.

"તું નહિ જાણતી વ્હાલી લીલ્યન?" ડચેસે હસી પડી પુછ્યું "અહીં એકઠી થયેલી છોકરીઓમાં એવી એકબી નથી કે જે મારા સવાલનો 'હા' કરીને તુરત જવાબ નહિ આપે."

અને ત્યાં જો તેજ વખતે સાદા સુતરા મજલીનના શોભીતા ફ્રોકમાં સજ્જ થયેલી એક નવ જવાન કોમલાંગી ન આવતી તેઓ બંનેને દેખાતે તો હેરોલ્ડ ઉપરનાં કાંઇક ચુંથણાં આગળ વધતે.

તેઓ આગળ તે આવતી છોકરી જો કે કદમાં લીલ્યન જેવી

ચી તો નહિજ હતી પણ ખુબસુરતીમાં પછાત પડે તેવી નહતી, જે ખુબસુરતી તેણીની બ્લુ આંખ અને સોનેરી ચળકતા વાળને લીધે કાંઇ ઓરજ ફીસમે દીપી રહી હતી; તેણીના એક હાથમાં ટેનીસનું રેકેટ હતું અને તે આસ્તે આસ્તે લ્હેકા કરી ચાલતી તેઓ આગળ આવી અને તે બંનેને ડોકી કરી લીલ્યનના ચ્હેરાપર વાંકા વળી તેણીને એક કીસ લીધી. તે છોકરી લુસી વોરનર હતી.

"કેમ લીલ્યન, થાક ખાઇ રહ્યાં કે?" તેણીએ પુછ્યું "હવે અમુને તમારી હાજરીની ઘણી અગત પડીછ."

"તે સાંભળી હું દીલગીર છઉં કેમકે મને એ રમત આવડતી નથી તેનું કેમ?"

"ખરેખર? નહિજ આવડતી? લાવો ત્યારે તમુને તે શીખવીને તમારા માસ્તર હોવાનું હું માન ખાટી જાઉં, મારી ખાતરી છે કે, તમે જરાવારમાં ઘણું મજેહનું રમશો."

"જા દીકરી, ઉઠ" ડચેસ હવે વચ્ચે પડી "મારી ખાતરી છે કે લુસી તુંને મજેહનું શીખવશે."

હવે લીલ્યનના હાથમાં બીજો ઇલાજ હતોજ નહિ એટલે તે ઉઠીને લુસીની પાંખડી પકડી તેની જોડેજોડ તે ચાલતી થઇ.

"આજનો દહાડોજ ઘણો રળીયામણો છે." લીલ્યન કાંઈ બોલવુંજ જોઇએ તેથી બોલી.

"ને તેમ તે તમારેજ નસીબે હોવું જોઇએ. લીલ્યન તમોને ફુલનોબી શોખ કે? મમાને તો ઘણોજ શોખ છે. ડેલ્યા તેવ્રણનું માનીતું ફુલ છે. તમુને ડેલ્યા ગમેછ કે?"

અને જો કે જે તરફ તેઓ ચાલતાં હતાં ત્યાં સામેજ ડેલ્યાના ક્યારા હતા તે છતાં તે છોકરી આસપાસ બધે જોવા લાગી એટલે લુસી કાંઇક કચવાઇ.

"નહિ એને ટેનીસ રમતાં આવડતું કે નહિ તે ડેલ્યા કર્યું ફુલ તે જાણતી-અજબ છે." તે મનસે બડબડી.

"અમારાં ઇંગ્લાંડમાં ઉગતાં ફુલોની તમુને હજી માહીતી નહિ હોસે લીલ્યન ?"

"નહિ, બરાબર નહિ, આસજ ડેલ્યા કે ?" ડેલ્યાના કયારા તરફ આંગળી કરી તે બોલી અને લુસીએ તેણીને હા કહી.

"અલબત અમેરીકામાં જે ફુલો નજરે આવેછ તેની સરખામણીમાં અહીં ઉગતાં ફુલો તો તમુને નાનાં ને નજીવાંજ લાગતાં હોવાં જોઇએ."

"હા, પણ મારો કાંઇ બધોજ જન્મારો અમેરીકામાં નથી ગયોની" લીલ્યને લુસીની ભુલ ભાંગી.

"નહિ ? હું તો ત્યારે અત્યાર સુધી એમજ સમજતી હતી ! ત્યારે તમે એકજ ઠેકાણે નહિ રહ્યાં હોય તો ફર્યાં ઘણું હોશો ?"

"હા, ઘણું."

"ત્યારે મને તમારી કેવી અદેખાઇ લાગેછ ! તમે ત્યારે જે જે શાહેરો જોયાંછ તેઓની મારી આગળ વાત કરવાનું મને વચન આપો, કેમકે મુસાફરી કરવાની મને ઘણીજ હોંસ છે."

તે તો તમે જ્યાં જવાના હોવ ત્યાંની ગાઇડબુક લેશો તો તમે તે વિષે બધુંજ જાણશો. હું તમુને કેહી કેહીને તે કેટલુંક કહેવાની હતી ?"

"હા, પણ કાંઇ કહાણી કીસ્સા જેવું તો તેમાંથી નહિજ મળે કેની ? જ્યારે તમે—"

"નહિ, તેમાંથી તમે નીરાશ થશો કેમકે મારી ઉપર કશી કહાણી વીતીજ નથી."

"નહીં ? ખરેખર નહિ ?" લુસી બોલી અને તેણીની બોલ-

વાની ઢબ ઉપરથી લીલ્યનને જોતાં વાર ન લાગી કે તેણીની તે વાત લુસીના ધ્યાનમાં નહિ ઉતરી હતી.

લીલ્યને તેણીની તરફ ફરીથી જોયું અને લુસીનો ચ્હેરો જોઇને તે ચોંકી અને તેણીએ હોઠ પીસ્યા.

"એ ફીસમની તેણીની તપાસ ક્યારે પુરી થશે ?" તેણીએ મનસે વીચાર્યું અને જેવો તેણીએ આ સવાલ પોતાનાં દીલને પુછ્યો તેવોજ તેણીને હાજર જવાબ્બી મળી ગયો. તેણી બે મરદોને છેતરવામાં ફતેહ તો પામી હતી, કે જેઓમાંનો એક તો જમાને ખાધેલ હતો, પણ આય અબલા અને એના જેવી બીજીઓની ચકચારને કેમ મુંગી રખાશે ? હવે તે જરા ડરી ખરી અને ઘણીજ વધુ સંભાળ રાખવાનો તેણીએ મનસે મક્કમ ઠરાવ કીધો. ઘણી વાર બને છે કે કાંઇ વાતનો જોખમ જયાંથી આપણે ડર્યે ત્યાંથી આપણી સામે આવતો નથી, પણ કોઇ ન ધારેલે નાને ઠેકાણેથી નીકળી આવી તે આપણી સામે ડોળા ધુરકતો ઉભો રહે છે. પણ તે છોકરીજ એવી પક્કી અને ચપરખંધી હતી કે, આ બધા વિચાર વિજળી વેગે તેણીનાં મગજમાંથી પસાર થઇ ગયા પણ તેને લગતો એક પડછાયો વટીક તેણીના ચ્હેરા ઉપર પ્રગટી નીકળવા તેણીએ દીધો નહતો !

હસતે ચ્હેરે તેથી તેણીએ લુસીના હાથમાંથી ટેનીસનું બેટ લીધું અને લુસીએ તેણીને જેમ બતાવ્યું તેમ રમવાનું તેણીએ શરૂ કર્યું, અને લુસીને જરા વારમાં જોવાનું બની આવ્યું કે તેની શિષ્ય જરા વારમાં તેના કાન કાપે તેવી નીવડવાની.

એ રીતે લીલ્યન અને લુસી જયાં રમતાં હતાં ત્યાં તેઓની તે રમત નિહાળવાને બાહાને, પણ ખરી રીતે તો તેઓ વચ્ચે આવી વસેલી તે નવી ખુબસુરતીને જોવા ત્યાંના પરોણાઓની ઠઠ ભેગી મળી હતી અને લીલ્યનના દર 'સ્ત્રોક' ત્યાં "વાહ વાહ !" પુકરાતી હતી.

"એકસેલન્ટ" લીલ્યનને એક મુશ્કેલ બોલને લાંબો "હીટ" કરતાં જોઇ લુસી બોલી ઉઠી. "ઘણોજ ફાઇન! લીલ્યન તમે ખરૂંજ કેહોછ કે આગળ કોઇબી વખત તમે ટેનીસ રમ્યાંજ નથી?"

"ખરૂંજ કેહુંછ" લીલ્યન બોલી અને મનમાં તેણીએ વમાસ્યું કે "એ કેમ પરવડશે?" અને તે ગેમ પુરી થતાંજ પોતાના હાથમાંનું રેકેટ ત્યાં ઉભેલા એકને આપી તે હાથમાં પોતાની પેરેસોલ પકડી ત્યાંથી તે ધીમે ધીમે ચાલતી થઇ.

પ્રકરણ ૧૧ મું.

અને તે ટેનીસની ગેમ પુરી થતાં લુસીના સવાલના જવાબમાં લીલ્યને જે કહ્યું તે ખરૂંજ હતું કે 'ટેનીસ' તેણી કોઇ વખત આગળ રમી નહતી, અને હમણાં તેણી સારૂં પરીણામ નીપજાવી શકીજ હોય તો તેનો સબબ એ હોવો જોઇએ કે જે તેણી શીખવા અને સંપાદન કરવા માંગતી તે ઘણુંજ જલદીથી 'મેકઅપ' કરી લેવાની કુદરતે તેણીનામાં એક બેમુલ બક્ષેસ ઉતારી હતી અને તેથીજ તેણી નાટકના પોતાના હુન્નરમાં ફાવી નીકળી હતી.

તેણી હવે કેડે નચીંતે ગોઠવાવા જતી હતી તેટલાં તેણીને ડયુક મળ્યો જેને ફરજીયાત તેણીને પોતાનો હાથ આપવોજ પડયો, અને તેની રાહબરી હેઠળ તેણીએ ચાલવા માંડયું, તો તેઓએ જોયું કે સામેથી ત્યાંનાં સ્હેલાણીઓની એક બીજી ટોળકી આવતી હતી, જેઓની વચમાં મી૦ વેરનરનાં ખભાં પર હાથ મુકી સોળ સત્તર વર્ષનો નાજુક બાંધાનો એક જવાન જરા ખોડાતો ચાલતો હતો. તેનો આખો બાંધો અને દેખાવ છોકરા કરતાં છોકરી જેવો વધારે હતો. અને તેનો ચ્હેરો, તેના વાળ, તેની આંખ અને તેનો આખો

ઘાટઘટમ એવો રૂપાળો અને કોમળ હતો, કે તેની ઉપર લીલ્યનની નજર ઠરીજ રહી હોય તેમાં કાંઈ નવાઇ નહતી.

"લેવો, મીસ ઉડલી, સામેથી મારો ભત્રીજો આવેછ." તેને જોઇ ડયુક બોલ્યો "તેને તો તમે મળ્યાંજ નહિ હોસો. તમોને હું ઓળખાણ કરાંઉ?" લીલ્યને હા કહી અને તેટલાં તે પાર્ટી તેઓ નજીક આવી લાગતાં તે જવાનનાં ખભાં પર હાથ મુકી ડયુકે તે બંનેની ઓળખાણ કરાવી.

"મારો ભત્રીજો લોર્ડ વીવીયન, મીસ ઉડલી—જેરાલ્ડ, આય એવણુ સર તેલબોટ ઉડલીનાં બેટી."

તુરત તે જવાન તેણીને નમ્યો અને સેકહેન્ડ કરવા પોતાનો હાથ લંબાવી તે તેણીના ચ્હેરા તરફ પોતાની ચશમ ઠેરવી ઉભો. તેણીએ તેનો તે હાથ લીધો અને તેના ચ્હેરા તરફ જોતાંજ તે એકનાં દીલમાં વીજળીનો એક ઝીણો પ્રવાહ પસાર થયો હોય તેમ તે બંનેને લાગ્યું.

"તમે ક્યાં જતા'તા સાહેબ?" તે જવાને હવે ડયુક તરફ જોઈ પૂછ્યું.

"મીસ ઉડલી ક્યારનાં ટેનીસ રમતાં હતાં, પણ હવે તેવણને જરા આસાયશ જોઇએ છે."

"એમ? તો ચાલો મીસ ઉડલી તમને એક શીતળ છાંયા તળે લઇ જઇને બેસાડું." એમ કહી તે જવાને તેણીને પોતાનો હાથ આપ્યો અને લીલ્યનેબી તે ઝટ કબુલ રાખી તેની સાથે ચાલી મોટાં ઝાડોના એક છાંયાં તળે મુકેલા એક બાંક ઉપર તે ગોઠવાઇ.

"હુંબી જરા અહીં તમારી પાસે બેસું?" તેણે લીલ્યનને પૂછ્યું અને તેણીએ હા કહેવાથી તે તેણીની પાસે ગોઠવાયો.

"તમારી ઘણી મહેરબાની છે, પણ તમારી ખાતરી છે કે હું

તમોને કાંઈ તમારી મજાહમાંથી રોકતો નથી ?"

"નહિ, જરાબી નહિ—ને હું કાંઇ બરાબર રમતી'તી નહિ, હું તો લુસી પાસેથી ગેમ શીખતી'તી. એ રમત ઘણી મજેહની છે અને જે રમત સારી હોયછ તે મને ગમેછ એટલી કે તે રમતાં રમતાં હું થાકી જાઉંછ."

"ખચ્ચીત એ રમત ઘણી સારી છે. મારાથી તો મારી તબ્યતને લીધે રમાતુંજ નથી, એટલે એક ઠેકાણે બેસીને યા તો કોઇનાં ખભાંનો આશરો લઈ ઉભો રહીને જોવાનોજ મને સંતોષ રહેછ. આજે ઘણો ફક્કડ મેળાવડો જમા થયોછ. તમે સર તેલબોટ ઉડલીનાં બેટી થાવો કે ?"

આ સવાલ જો કે ગમે તેવા મધુર મીઠા સ્વરે પૂછાયો હતો તોપણ તે એટલો ઓચીંત હતો કે તેણીની જવાન નાજુક છાતીમાં ધાસ્તીનું એક લખલખુંજ ભરાઇ આવ્યું.

"હા," ફક્ત તેણી એટલુંજ બોલી.

"હા, મને હવે યાદ આવ્યું કે મારા કાકાજીએ મને એમ કહ્યું ખરું ને મને તેનું ધ્યાન નહિ રહ્યું તેનું કદાચ કારણ એમબી હોય કે મેં તમુને આ અગાઉ કોઇ દાહાડે કેઠેબી જોયાંજ નથી, નહિ તો મને તુરત તમારો ચ્હેરો ધ્યાનમાં આવતે; તમે શું બાહારગામ રહેતાં હતાં કે?"

"હા, મારી આખી જીંદગીજ દુર દેશાવરમાં ગેઈછ. તમે તમારા કાકાજી ડયુક સાથેજ રેહોછ કે?"

"હા, મારે ત્યાં ઝાઝો હું થોભતોજ નથી. એવણ મારા વાલી થયલા હોવાથી હું ઘણો ખરો એવણની આગળજ રેહુંછ. તમે તો એવણનું મકાન જાણોછ કેની ?"

"હારે, અમે બધાં પરમ દહાડેજ ત્યાં જમી-આવાં !"

"ને હુ ગઇ કાલેજ અહીં પાછો આવ્યો. મને ખબર હોત કે તમે ત્યાં આવનાર છેવો તો હું જરા જલદી ત્યાં ઉતરી પડતે, પણ હું ઝાઝો એવી પાર્ટીઓમાં કશો જીવ જેવો ભાગ લેતો નથી, મારી-થી લેવાયજ કેમ? તમેબી સમજોછ કેની?" લીલ્યને તેની તરફ માયા ભેગી દયાની નજરથી જોયું અને તેના હાથ ઉપર પોતાનો હાથ અળગો મૂકી તેને પૂછ્યું."

"તમે સીક છેવો કે?"

"હું ઘણોજ સીક હતો. મરતો મરતો બચ્યો. હવે તો હું સારી પેઠે છેઉં પણ મને આય ખોડ રખે રહી જાય તેની બીહીક લાગેછ. તમેબી કાંઇક સીકલીજ લાગોછ?"

"હું! નહિ, હું તો તદ્દન સારી પેઠે છેઉં—તમે એમ શા પર-થી ધારોછ?"

"તમારી આંખપરથી, તમે મને અનાડી કે શીશયારીખોર ના સમજતાં" તે બોલ્યો, "નહિ હું ટેનીસ રમતો, નહિ ક્રીકેટની મજાહ લઇ શકતો કે નહિ મારાથી સ્વારી થતી એટલે મારો વખત હું લોકના ચ્હેરાઓનો અભ્યાસ કરવામાં ગાળુંછ."

"વારૂં, તેથી શું?"

"ને મારો એ અભ્યાસ મેં એટલી હદ સુધી વધારી દીધો છે કે લોક જેમ ચોપડી વાંચે તેમ હું કોઇનો ચ્હેરો વાંચી શકુંછ. તમે નહિ માનતાં? જુવો હું શું ખરેખરૂં કહેવા માગુંછ તે તમુને સમજાઉં. હું ચ્હેરાપરથી તેઓની ચાલચલણ કે તેઓનું ભવિષ્ય વર્તવાનો ફાંકો રાખતો નથી, અને તેમ કોઇ ખરેખર કરી શકે તેમ હું માનતોબી નથી, પણ એક ઇનશાન કંટાળેલું છે કે નમળું, તેનું હસવું બહારનું છે કે ખરેખરૂં, તે સુખી છે કે દુઃખી; તે સીક છે કે તંદુરસ્ત, એ બધું તેના ચ્હેરાપરથી પારખી શકુંછ."

"ત્યારે તો મારા બાબમાં તમે ભુલ્યા." તે હસીને બોલી "હું તો તદ્દન સારીકાની છેઉં."

"ત્યારે તમે કોઇ બીજી વાતે દુ:ખી હોસો! ઓ, મેં તમુને એમ કહીને દીલગીર કીધાં–તમે અપમાન લીધું કે? તેમ હોય તો હું તમારી દરગુજર ચાહું છું."

અને તેનાં આ બોલવાથી તેણીના ચ્હેરાપરનો ઉડી ગયેલો રંગ પાછો આવ્યો અને તેની તરફ તેણી જોઇને બોલી–

"તમે ખરૂંજ કહોછ–પણ એમાં અજબ થવા જેવું શું છે? કોઇનીબી જીંદગી તમામ સુખી તો હોઈ શકેજ નહિ. લેવો બોલો જોઉં, હવે હું દુ:ખી દેખાઉંછ કે?" તેણી પોતાની આંખો તેની સામે ધરીને બોલી અને તેણે તે આંખો તરફ ધારી ધારીને જોયું અને જરાક હસીને તે બોલ્યો–

"તે હું કહી શકતો નથી. એ વાત લંબાવવાની મારી મરજીબી નથી. પણ તમારી આંખોપરથી એટલું તો હું જાણી શકુંછ કે તમે ખુબસુરત ઘણાંજ છેવો."

આટલી ટુંક ઓળખમાંજ જો તેણીને કોઈ એમ કહેવાની બેઅદબી કરતે તો લીલ્યન તેમાં અપમાન લેતે ખરી, પણ તે સોખનો તે જવાનના મોંહમાંથી નીકળ્યા એટલે તેણીએ તેવું કશું ધાર્યું નહિ અને ઉલટું જરા હસીને બોલી–

"મારા લોર્ડ તમે મને એમ છાપરે ચઢાવી તેથી હું ગુસ્સે તો થતે પણ તેમ હું નહિ થતી."

"ખરેખર નહિ? નાજ થતાં તમે મારી સાથે ગુસ્સે તો થતાંજ ના; મારા મોંહમાંથી તે બોલો નીકળી પડતાંજ મેં તેમ ધાર્યું, પણ મારા જેવાં એક બચ્ચાંનાં બોલવાની તમારે દરકાર કરવી જોઇતી નથી. વારૂં તમારૂં નામ શું?"

"મારૂં નામ? લીલ્યન."

"લીલ્યન નામ તો મજેહનું છે; પણ તે તમારૂં નહિ હોવું જોઇયે." તે જવાને ભોળાઇમાં આટો બાફ્યો. "લીલ્યન નામની છોકરી તો નાની સુંદર નાજુક બચ્ચાં જેવી હોવી જોઇયે, પણ એ નામ એવું મીઠું છે કે મને તે ગમેછ મને તમે લીલ્યનજ કહેવા દો. તો કેમ? તમને લીલ્યન કહીનેજ બોલાવું? હા? ત્યારે તો મેહેરબાની, તમે મારે વાસ્તે કોણ જાણે શું મત બાંધ્યું હોસે? મારો બાંધો નબળો છે તેપરથી મારી મનશક્તિબી નબળી છે એમ ના ધારતાં; વારૂં બીજું તમુને કાંઇ કહું?"

"હા, બોલો."

"તો જુવો. તમે જાણોછ કે જેવી તમારી ઉપર મારી નજર પડી કે તમારી તરફ કાંઇ અજબ ખેંચાણથી હું ખેંચાયો; મને તેજ વખતે કાંઇક એમ લાગ્યું કે તમોબી સીકલી હશો તેથી કદાચ તમારાં દીલે મારામાં દીલસોજીનું ખેંચાણ કીધું હોય. તમારી બેઉ આંખોમાં કાંઇ એવો નરમાશ હતો–ને જુવો હજીબી તે ત્યાં છે–નહિ આંખ ફેરવી ના નાંખો, એટલે તમારી તરફની મારી તે લાગણી વધુ અને વધુ જોરાવર રૂપ પકડતી ગેઇછ તો એમ સમજો કે તમુને હું હમણાં કેહું કે લીલ્યન તમે મને તમારો અંગત દોસ્ત થઇ રહેવા દેવો તો તમે મને શું જવાબ દેશો?

આ અજબ જેવા એકરારથી તે ચોંકી અને બોલી–"તમે એ સવાલ પૂછો અને શું જવાબ મળેછ તે જુવો."

"ત્યારે લીલ્યન, મને તમારો પોતાનો અંગત દોસ્ત થવાની રજા છે?"

"હા," તે હસીને બોલી, તેણીનો આ જવાબ સાંભળી તેની આંખ્યો ચમકી રહી અને તેણીનો જે હાથ તેનાં પોતાના હાથ ઉપર હતો તે હાથ ઉંચકી તેણે હોઠોસે દાબ્યો.

"આય એમ કરીને મેં આપણા વચ્ચેનો એ દોસ્તીનો દસ્તાવેજ પક્કો કીધોછ" તે બોલ્યો "હવે આપણે દોસ્ત છીએ, તમે મારે ત્યાં મને મળવા આવ્યા કરજો—હું તમને તમારે ત્યાં મળવા આવીશ; મારી પાસે ફક્કડ પીકચરોનો સંગ્રહ છે. તમને પીકચરોનો શોખ ખરો કે?"

"ઘણોજ" લીલ્યન બોલી.

"ત્યારે તમે મારે વાસ્તે એક કલાક અવારનવાર ફાજલ પાડયા કરશો કે ની? જુવો, તમારા ચ્હેરા પરજ તમારો 'હા' નો જવાબ પ્રગટી રહ્યોછ; એ સાંમેથી કોણ આવેછ?"

તે આવનાર હેરોલ્ડ હતો.

પ્રકરણ ૧૨ મું.

"કેમ વીવ્યન, અહીં બેસીને મારી સગીને શું સમજાવેછ? હાલ તો તારી તબિયત ઠીક લાગેછ."

"ને તું તારી પીત્રાઇને લઈ જવા આયોછ કે? હા, હાલ મારી તબિયત ઠીક છે."

"તો હવે તમે લોક અહીંજ બેસી રહેશો કે? ચાલોની? બધાંઓએ 'ડીનર' લઇનેજ જવાનો વિચાર કીધોછ ને 'ડીનર' પછી એક નાનો ડાન્સ ગોઠવવાનો બધાંઓનો વિચાર છે."

"ને તેથી લીલ્યનને મારા હાથમાંથી ઝુંટાવી લેવા આયોછ કે? જા બા, લે તારી સગી છે ને તું છે, લેઇ જા, પણ મેહેરબાની કરી કોઈ મારી સાથે ટેકો લઇને ચાલે તેવાંને અહીં મોકલજે."

પણ લીલ્યને ઉલટો તે જવાન વીવ્યનનો હાથ પોતાના હાથમાં લીધો અને બોલી.

"જો તમારી મરજી હોય તો આપણે બેઉ અહીં બેસીજ રહીશું."

"નહિ, ત્યારે ચાલો, આપણે બેઉ જઇશું. હેરોલ્ડ તું નાપાસ—જા, ત્યાં બીજાં મન મનાવનારાં ઇનામો ઘણાં છે. ત્યાંથી એકુ લઇ લે."

હેરોલ્ડ હસ્યો અને ત્યાંથી ચાલતો થયો અને લીલ્યનના હાથ ઉપર ટેકી તે છોકરો ઉઠયો, પણ લીલ્યનના ચ્હેરા તરફ જોઈ તે પાછો બેસી પડયો.

"નહિ, મારે ખાતર, તમો બેની મજાહ હું શું કામ બગાડું? અરે, અહીં આવ હે—"

પણ તેણીએ પકડેલા તેના હાથને એક ઝટકો મારી તેને પુછ્યું—

"ત્યારે મારી સાથે તમુને આવવા નથી ગમતુ કે?"

હવે વીવ્યન વિચારમાં પડયો અને લીલ્યનના હાથનો ટેકો લઇ તેણીની સાથે તે મકાન તરફ ચાલ્યો.

"ઓ હેરે, એ જેરાલ્ડ છે કે?" ડચેસ તેઓ તરફ જોઇ બોલી ઉઠી "એ તો પેટીકોટની અડાસે નહિ જતો'તો ને લીલ્યનની સાથેનો સાથેજ કેમ ફરેછ? આહ! લીલ્યનમાં કાંઈ અજબ જાદુ છે, એમાં તો કાંઈજ શક નહિ."

"હારે" ડયુક બોલ્યો, "લેડી વોર્નર કહે જે ડયુક તમે લીલ્યનને લઇને જમવા બેસજો, પણ ત્યાં તો મામલો એવો દેખાયછ, કે મને મારાજ ભત્રીજાએ ખરતો કીધોછ."

"એમાં શું મોટી વાત, વ્હાલા ડયુક" લેડી વોર્નર બોલ્યાં, "એ તો ભુલચુક હોય, પણ વીવ્યનના ચહેરાપર આજે લોહી પાણી ઠીક લાગેછ! સર તેલબોટ તમે ડચેસ આગળ બેસજો ને હેરોલ્ડ તું લુસીને સાચવજે, જો લુસીને બરાબર બધું મૂકજે, "તુંજ ડયુસા મારીને ના ખાયા કરતો."

સઘળાંઓ "ડીનરપર બેઠાં અને ખુશ ટેહેલ ટપ્પા અને મજાક

મશ્કરી વચ્ચે ડીનરનું કામ ધમધોકાર ચાલ્યું.

લીલ્યન, ડયુક અને વીવ્યનની વચ્ચે બેઠી હતી એટલે ડયુકને મળેલી નીરાશી છતાં તે એમ બેઉને ભાગે અડધી અડધી આવી હતી, અને જો એ ગોઠવણ ખરેખર કોઇને નહિ ગમી હોય તો તે હેરોલ્ડને ન ગમી હતી. પણ તેથી તે કાંઇ વીવ્યનનો અદેખો ન બન્યો હતો. ડીનર પુરૂં થયું કે કેટલાંકો ઉઠયાં અને કેટલાંકો સાંજ ટાહેલું કરતાં બેસી રહ્યાં. એ બેસી રહેલાંઓમાં લીલ્યન એક હતી, જેની ખુરસીની પછવાડે વીવ્યન ટેકીને ઉભો હતો; તેણી તેની સાથે કાંઇ વાતે રોકાયલી હતી, તેટલાં હેરોલ્ડ ઉઠીને તેઓ તરફ આવ્યો. વીવ્યને લીલ્યન આગળ કાંઇ દરખાસ્ત રજુ કરી હતી અને તેણીની પાસે તેના સંબંધમાં કાંઈ "હા" ભણાવતો હતો. તેજ વખતે હેરોલ્ડ તેઓની નજીક આવી લાગ્યો, અને તેણે વીવ્યનને બોલતાં સાંભળ્યો કે—

"નહિ, તમે ના ના કહો. તમારા વગર તો ચાલેજ નહિ! ને તમારી નાખી અમે બધાંઓ આગળ ચાલવાની નથી. તમે તે ઘણું સારૂં બજાવી શકશો એવી મારી ખાત્રીજ છે."

"એ શું તું એવણ સાથે જીદ કરેચ, જેરાલ્ડ?" તેટલાં ડચેસ તેઓ આગળ લગોલગ આવી લાગતાં તેવણે તેને પૂછયું.

કાકીજી, નવમીએ આપણે ત્યાં પાર્ટી છે ત્યાં તે વખતે એક નાટકનો નાનો પીસ કરી બતાવવાનો અમારો વિચાર છે; કાંય એમાં કાંઈ ખોટું છે?"

"નહિ, ઘણોજ સરસ વિચાર છે! એમાં ખોટું શાનું? પણ ત્યારે મુશ્કેલી શું છે?"

"મુશ્કેલી આય રેહી" જેરાલ્ડે લીલ્યન તરફ આંગળી બતાવી કહ્યું "મીસ ઉડલી તેમાં પાર્ટ નહિ કરવાની હઠ લેઈ બેઠાંછ, ને હું

કહુંછ કે એવણુ વગર ચાલે તેમ નથી; તમે જાણોછ કેની કાકીજી કે ચ્હેરા પારખવામાં હું કેવો હુશીયારનું પૂછડું છેઉં તે? ને એવણુના ચ્હેરાપરથી હું કહી શકુંછ કે એવણુ ઘણું સારૂં 'એકટીંગ' કરી શકશે."

"પણ, દીકરા જેરાલ્ડ–"

પણ દીકરો જેરાલ્ડ સાંભળે શાનો? તે તો હવે કાકીજીની કુમકપર લીલ્યનની અડોઅડ પાસે આવીને ઉભો અને તેને મનાવવા લાગ્યો.

"જોવ મીસ ઉડલી, મને તમે દલગીર કરોછ? બસ મારૂં દીલ એ વાત ઉપર લાગુંછ એટલે તે કેમે કરીને સમજવાનું નથી. આપણે 'રોમીયો જુલ્યટ'માંથી કોઈ સીનો ચુંટી કાઢીશું ને પડદા હું રંગી આપસ, બસ તમે હા કહો કે તમે પાર્ટ લેશો."

લીલ્યન શું બોલે? તે તો સંગેમરમરના પુતલાની માફક બેસી રહી! અંતે તેણીએ વીવ્યનના ચહેરાગમ પોતાની આંખો ઉંચે કરી જોયું ને તેણીનું દીલ પીગળ્યું હોય તેમ લાગ્યું, તો પણ તેણી કશું જ બોલી નહિ.

"બોલોની, મને હા કહોની, વરી? મારૂં કહ્યું તમે નહિ કરો? મને રાજી નહિ રાખો? તમુને જુલ્યટ તરીકે મને જોવા ગમેછ."

"દીકરી લીલ્યન, તું એને છગાવતી ના હં કે, એ ઘણો બેહેકેલ દુકતો છે. એક વખત એને લ્હારો આપ્યો કે પીટશેજ નહિ." ડચેસ જે આ તમાસો જોતી ઉભી હતી તે બોલી.

અને જો પાછું લીલ્યને પોતાની ડોક ઉંચી કરી વીવ્યનના ચ્હેરા તરફ જોયુંજ ન હતે તો ભવિષ્યની થનારી ઘણી ખરાબીમાંથી તે બચી જતેં પણ તેણીએ તેના ચ્હેરા તરફ એકવાર ફરીથી જોયું ને તેણીનો મક્કમ ઠરાવ બરફના ટુકડાની માફક પીગળી ગયો.

"મારાથી પાર્ટ થઇ નહિ શકશે, પણ તમે જ્યારે ઘણીજ જીદ લઈ બેઠાછ, તો ઠીક છે, હું મારાથી બનતું કરસ" તે બોલી અને ખુશાલીથી જેરાલ્ડ ત્યાંજ બચ્ચાંની માફક નાચવા કુદવા પડયો.

પોતાનો જવાબ આપી તેણીએ સર તેલબોટની શોધમાં નજર ફેરવી તો તે તેણીની જરાકજ દુર ઉભેલો માલમ પડયો અને તે બેઉની નજર એક થતાં લીલ્યને દીધેલો જવાબ તેવણનેબી પસંદ આવ્યો હોય તેમ તેવણ ખુશી થતા તેને જણાયા.

"આપણે 'રોમ્યો જુલ્યટ'જ લઇશું. લુસી વોર્નરબી પાર્ટ લેશે ને હેરોલ્ડ—"

"ને હું પડદા ચઢાવસ ઉતારસ ને વીંગો સેરવસ" હેરોલ્ડ બોલી ઉઠયો "ટુંકમાં એકટીંગ સિવાય જે તમો કે'શો તે હું કરસ, કેમકે માછલીને તેની પુછડી પર ઉભા રહેવાની આશા રાખવી ને મારાથી એકટીંગની આશા રાખવી એ બરાબર છે."

હેરોલ્ડના આ બોલવાથી લીલ્યન સિવાય બધાંને હસવું આવ્યું.

"ચાલ ત્યારે તું એમ કરજે" જેરાલ્ડ બોલ્યો.

"આપણે બધાંએ કાંઇ કાંઇ વહેંચી લેવું જોઇએ. તું પડદાપર રહેજે—તુ પડદા રંગી આપસ ને કાકાજી—"

"બધો ખરચ આપશે" ડયુક મોંહ ઠાવકું રાખી બોલી ઉઠયો, "ખરૂં કેની?"

એક બે એક કલાક ખુશ વાતચીતમાં ગબડાવી કાઢી, લેડી વોર્નરની સરદારી હેઠળ બધાંઓ પાછાં બાગમાં ગયાં તો ત્યાં જાણે અલાઉદ્દીનના ચમત્કારીક ફાનસથી તેનીસની લોન ડાનસ કરવા લાયક જમીનમાં ફેરવાઇ ગયલી બધાંઓની નજરે પડી. વોર્નરવાલાંઓની ખુશાલીનો આજે પાર નહિ હતો. તેઓને ત્યાં લીલ્યન ઉંડલી આવી હતી તે કાંઇ જેવી તેવી વાત હતી? બધાંઓને તેડાંતો ગારડન

પારટીનાંજ ગયાં હતાં. પછી જરા બુક બાચક ખાઇ લેવાનું તેઓનું મન થયું અને તે પુરૂં થતાં વળી ડાનસની ગોઠવણ તેઓએ કીધી.

એમ કરતાં મધરાત થવા આવી અને ડાનસ તેના પુર બહારમાં ચાલી રહ્યા હતા. લીલ્યન એકાએક જેરાલ્ડ જ્યાં બેઠો હતો ત્યાં આવીને ઉભી.

"તમે એટલા વારમાં થાકી ગીયાં લીલ્યન? કે મારી દયા ખાઇ મારી આગળ આયાંછ?"

"નહિ, હું થાકી નથી ગેઇ."

"ત્યારે તમે પેટ ભરીને મજાહ કીધી? જોઉં તમારો પ્રોગ્રામ, ઓહો! તદ્દન ભરાઇ ગીયો છે, તે અજબ કે તમે ઇટિરાતાં નહિ? તમારામાં લીલ્યન કાંઇજ ઇટરાત નથી કે?"

"ચેડા છોકરા! તમુને ખબર નથી કે બધીજ છોકરીઓમાં ઇટરાત તો હોવોજ જોઇયે?"

"નહિ, બધીજ નહિ. તમારામાં કયાં છે?઼ઓ લેઓ તમારો હેરોલ્ડ આયો, બીજો ડાન્સ એનોજ છે."

"લીલ્યન, બીજો ડાન્સ મારો છે કે?" હેરોલ્ડે આવી તેણીને પુછ્યું.

ના તેને જોઈ તેણી ઉઠી કે ના તે બીચારાને જોઈ તેણી ખુશ થયલી દેખાઇ, પણ માત્ર એટલુંજ બોલી કે—

"એ કેનસલ કરૂં તો તમુને કાંઇ અડચણ છે? મને અહીં બેસી રહેવા ગમેછ."

હેરોલ્ડનો ચ્હેરો તે સાંભળી ઉતરી ગયો અને બોલ્યો.

"પણ મારે ફાળે તો આયજ એક ડાન્સ છે" તે બોલ્યો, અને એકાદ પલમાં તે પોતે હવે ઉઠી અને તેના હાથમાં પોતાનો હાથ આપી ચલિવાને તેણીએ તૈયારી કીધી પણ હળવેથી તેણે તે હાથ છોડી દીધો અને બોલ્યોઃ—

"નહિ, લીલ્યન, તું થાકી ગેઈ હોય તો મારે તે કબુલ નથી." એટલું બોલી તે બેઉને નમીને તે ચાલી ગયો.

જેરાલ્ડનેબી હેરોલ્ડ તરફની તેણીની તોછડી ચાલથી દીલમાં લાગી આવ્યું.

"લીલ્યન, કાંય એમ કાંય? તેને તેં ખેરવી કાંય નાંખ્યો?"

"તેનાં પોતાનાં ભલાંનેજ વાસ્તે—જુવો ત્યાં!" અને લીલ્યને તે તરફ જોયું તો હેરોલ્ડ લુસી વોર્નરને કમરમાંથી પકડી તેણીની સાથે ડાન્સ કરતો હતો.

પાંચેક મીનીટ પછી લીલ્યનને હેરોલ્ડે ત્યાં બીજા સાથે ડાન્સ કરતી જોઇ ત્યારે તેની તરફની લીલ્યનની ઠંડી વર્તણુંક તેને દીલમાં ઘણીજ લાગી આવી.

"નહિ, તેનું દીલ મારી ઉપર છેજ નહિ" તે બડબડયો "મારે તે બાબદ આશા રાખવી ફોકટ. આહ! થોડાક અઠવાડીયાં પર તો નીરાધાર નાચાર મારા હાથ ઉપર મારે આશરે ટેકીને તે રહેલી હતી ને આજે—"

છેક મધરાત પછી નાચ ખતમ થયો અને પરોણાઓ વીખરાઇ ગયાં—સર તેલબોટ, લીલ્યન અને હેરોલ્ડ થોડા વખતમાં ઉડલી હોલમાં ઠર પડયાં.

હેરોલ્ડ અને લીલ્યન પોતપોતાના સુવાના ઓરડામાં જવા દાદર સાથેજ ચઢયાં, જે તકનો લાભ લઇ હેરોલ્ડે તેણીને પૂછયું—

"લીલ્યન, મારી સાથે તું કાંઇ ગુસ્સે છે?"

"ગુસ્સે? તમારી સાથે? નહિ કાંય વારૂ?"

"મારી સાથે તેં ડાન્સ કરવાના અખાડા કાંય કીધા?"

"હું થાકી ગયેલી હતી" તે ફક્ત એટલુંજ બોલી અને તેઓ સાહેબજી કરી છુટાં પડયાં.

પ્રકરણ ૧૩ મું.

આગસ્ટ મહીનો અડધો ખલાસ થઇ ગયો હતો અને ઇંગ્લાંડમાં વસનારાંઓ અને ત્યાં જઇ આવેલાંઓ જાણુતાં હશે તેમ લંડનની મોસમ લગભગ ખલાસ થઈ ચુકી હતી, એટલે લંડન પોણું ખાલી થઇ ગયું હતું. ફેશનના પુંજારીઓ અને સોસાયટીના શોખીનોમાંના કોઇક બીજા દેશોમાં ફરવા ઉતરી પડયાં હતાં, તો કોઇકો પોતાની 'યાટ'માં અરડાઇ વખત ગાળતાં હતાં તો કોઇ પોતાનાં હવાનાં મથકોએ સહેલ કરવા ચાલ્યાં ગયાં હતાં. ફેશનેબલ કલબોમાં રંગ ચુનો દેવાની ધમાલો ચાલુ રહી હતી અને રીજંટ સ્ટ્રીટ જેવો ભર વસ્તીવાલો મોહોલ્લો આય ટાઇમે સાહરાના રેતીના રણ જેવો લાગતો હતો. સઘળે ચુપચાપ અને શાંતિ સિવાય કશુંજ નહતું, તે એટલે સુધી કે કોઇ કદાચ એક સારા દેખાવનો અને સારા પોષાકમાં સજ થયલો આદમી જો ત્યાંની નેશનલ ગેલેરીના દરવાજામાં દાખલ થતો તો ત્યાંનો દરવાન તેની તરફ ડોળા ઘુરકી પોતાનો ગુસ્સો જાહેર કરતો !

અને તે સઘળું છતાં એ ખરૂંજ હતું કે તા૦ ૨૦ મી આગસ્ટે ભપકાબંધ પોષાકમાં સજ થયલો દેખીતો એક ધનવાન આદમી નેશનલ ગેલેરીમાંથી પસાર થઇ ટ્રફાલગર સ્કવેરમાં આવી, રીજંટ સ્ટ્રીટ ધીમે કદમે ઓળંગી, પીકાડીલીમાં દાખલ થયો અને ત્યાંના ગ્રાફટન સ્ટ્રીટમાંના એક ઘરનું બારણું ઉઘાડી દાદરપર ચઢી પોતાના રૂમમાં પેઠો.

તે રૂમબી ઘણો આરાસ્તે હતો. તે માત્ર સગવડ ભર્યોજ નહીં, પણ ગમે તેવાં મોજીલાં મનનેબી એશઆરામથી તૃપ્ત કરે તેવો હતો. ત્યાં ટાંગેલાં પીકચરો અને બીજી તરેહવાર રચી મુકેલી શણગારની જણસો અને ચોપડીઓથી ઠીચોઠીચ ભરેલા બુક કેસોથી જોતાં

અને જાણતાં વાર ન લાગતી હતી કે તે રૂમનો માલેક પૈસે પુર અને ઘણો સારો શોખ ધરાવનાર હોવો જોઇયે.

જે ઢપે તે ઉપલા બધા રસ્તાઓ પસાર કરી આવ્યો હતો તેજ બેદરકાર ઢપે તે તે રૂમમાં દાખલ થયો અને એક ખુરસીપર એમનો એમજ બેસી અવાચી ખાવા પડયો. તેની નજીકનીજ ટેબલપર કાગલોનો એક ઢગ હતો જે તેણે હાથને એકજ સપાટે બધો ઉંચકી લીધો અને એક પછી એક તપાસવા પડયો; તેમાંનાં કેટલાંક કાગલો તો પરબીડાં પરથીજ જોઇ તેણે બાજુએ નાખ્યાં, થોડાંકની થોડીક લીટીઓપર નજર નાંખી ટેબલ ઉપર ફેંક્યાં અને બે ચાર આખાં વાંચ્યાં. ખરૂ પૂછો તો લગભગ તે બધાંજ કાગલોમાં કંઈને કંઈનાં ઇજનો હતાં. કેટલાંકોએ તેને પોતાની યાટમાં નોતર્યો હતો, તો કેટલાંકોએ તેને સ્વીટઝર્લાંન્ડ, સ્કોટલંડ યા ઇટલી પોતાને ત્યાં આવવાને બોલાવ્યો હતો, તો કોઈ કોઇએ તેને શીકારની ગમત ચાખવાનું નોતરૂં દીધું હતું ને વળી કેટલાંકોએ પોતાને ગામ તેને બોલાવ્યો હતો.

તે કાગલોને બાજુ મુકી તેણે પહેરેલી ટોપી પોતાનાં કપાલપર ગોઠવી ખુરસીને અઢેલી આંખ બંધ કરીને તે શાંત બેઠો પણ તેને એ આસાયશ ગમીજ નહીં, અને તે ઉઠયો. તેણે એક સીગાર સળગાવી મોંહમાં પકડી અને પાછો નીચે ઉતરી પાછો તે રસ્તે પડયો. હજીબી તેની ચાલવાની ઢપ એજ હતી. તે કશી ઉતાવળમાં હતો નહીં અને એમ ચાલતાં તેનાથી કયાં જવાશે તેની તેને દરકાર હતી નહીં. તેના પગ ત્યાંના વીશાળ બગીચા તરફ ફર્યા અને તે બગીચામાં પેઠો અને ઝાડ તળે મુકેલા એક બાંકપર ગોઠવાઇ આંખ પાછી બંધ કરી તે વીચારમાં પડયો. જરા વારમાં તેની મનની આંખ આગળથી તે બગીચાનો દેખાવ રફતે રફતે ઝાંખો, પડી સદંતર બંધ થઇ ગયો અને તેની જગ્યા એક ખીચોખીચ ભરાયલી નાટક-

શાળાએ લીધી. અને તેની નજર આગળ ત્યાંના સ્ટેજ ઉપર, એક જવાન નાટકકાર આવીને ઉભી રહી; થોડે વારે તે દેખાવબી શીકાસમાં જાણે પીગળી ગયો અને તેની જગ્યાએ એક એકાંત મહોલ્લામાં આવેલું નાના ઝુંપડા જેવું ઘર તેની તે નજર સામે ધીમે ધીમે ઉભું થયું અને તેના એક ચીંથરેહાલ ઓરડામાં પેલીજ નાટકકાર અબલા એક હાથ પોતાની છાતી ઉપર મુકી બીજા લાંબા કીધેલા હાથની એક આંગળીથી તેને બારણું બતાવતી ઉભેલી દેખાઇ અને તેજ વખતે ડોસન સ્લેડ પોતાની આંખો ઉઘાડી ખડો થઈને બેઠો ન હતે તો કોણ જાણે તે દેખાવ ક્યાં સુધી લંબાતે તે કહી શકાતું નથી.

"અજબ છે કે એ કમનસીબી મારીથી ક્યારે છુટશે?" તે બડબડતો સંભળાયો. "અજબ છે કે મારાથી નીરાંત એક જગે ઠરઘાલીને પાંચ મીનીટ બેસાતું નથી? જાગતો હોઉં કે ઉંઘેલો, પણ તે ચ્હેરો મારી સામે અવારનવાર આવીને મને ઘેરછ. ઇનશાનબી એક વિચિત્ર કીસમનું પ્રાણી છે. તે જેની તલબ કરે તે તેને આપો અને તેનાથી તે થોડાવારમાં કંટાળી જઇ દુર થવા ચહાશે. પણ તેનું થયું શું હશે? તે કયાં હોસે? મરી ગેઇ હોસે કે જીવતી હોસે? નહિ, મરી તો નથીજ ગેઇ, કેમકે તેમ હોતે તો તે બુરા બનાવની મને આગાહી થતે! પણ તે જીવતી હોય યા મરીબી ગેઇ હોય ને તે છતાં હું આય મોસમમાં જ્યાં કોઇબી અકલમંદ ઇનશાનનો પગ નહિ ત્યાં અવત્યાં મારૂંછ; ડોસન, મારા દોસ્ત, તું બડો ગધેડો છે. ગેઈ તે છોકરી જહાનમમાં તું તારે તેને ભુલી જઇને મજાહ કર!"

અને તે એટલું બોલી ઉઠવા જતો હતો તેટલાં તેની નજર એક જવાન છોડીપર પડી કે પાછો તે ધબ કેતો પોતાની બેઠકપર બેસી પડયો. તે છોકરી તેની તરફ આવતી હતી અને જોકે ઘણાં ધ્યાનથી તે તેને ન જોતો હતો તોપણ તે એટલું તો જાણી શકયો

કે તે ઉંચી, ખુબસુરત દેખાવની હતી અને તેણીએ પહેરેલો પોષાક સાદો પણ ટેસ્ટથી પસંદ કીધેલો હતો. તેટલાં તેણીએ વાંક લીધો અને તેની નજર આગળથી થોડીકવાર તે ગુમ થઇ પણ થોડે વારે તેને તે જ્યારે પાછી દેખાઇ ત્યારે તે એક કયારાની આસપાસ ભરી લીધેલા કઠેરાને અઠંગીને ઉભી હતી. તેણીની આસપાસ અને આગળ પાછળ ફુલોના કયારા હતા, જેનાં પાંદડાંમાંથી તે તેણીને હવે ધ્યાનથી જોતો બેઠો. હવે ત્યારે તેણે જોયું કે તેણીએ હાથમાં મોજાં પહેર્યા હતાં અને એક હાથમાં મ્યુઝીકની ચોપડીનું રોલ પકડેલું હતું.

એકાએક પણ ઘણીજ આસ્તેથી તે વાંકી વળી, તેના હાથમાંથી પેલું રોલ સરી પડયું અને તે પોતે ઢગલો થઇને જમીનપર બેસી પડી, તે છતાં એક હાથ કઠેરાપર રાખી મુકી તે ઉપર પોતાની ડોક તેણીએ ટેકવી હતી.

ડોશન સ્લેડ આ દેખી પોતાની અર્ધ જાગ્રત હાલતમાંથી સાવધ થઇ ઉઠયો અને દોડીને તેની આગળ પહોંચી ગયો; તે તેણીને એક હાથે પકડીને ઉઠાડવા ગયો અને તેની નજર એમ કરતાં તેણીના ચ્હેરાપર પડતાંજ તે ચોંકીને બે કદમ પાછળ હઠયો. પણ પછી, તેને બીજોજ વીચાર આવતાં તે નીરાશ નાસીપાસ થયલો દેખાયો.

"નહિ! તે નથી, પણ ઓ ખુદા! ચ્હેરાનું કેટલુંબધું મળતાપણું?"

એટલું બોલી તેણે તે ફુલના જેવાં અંગને આસ્તેથી ઉઠાડી એક નાનું રમકડું લે તેમ તેને હાથમાં લીધું અને એક નજીકનાજ બાંક ઉપર લઇ જઇ તેને ગોઠવ્યું. કાંઈ વધુ ઇલાજો અજમાવવાની તેને ફરજ નહિ પડી, કેમકે, તેજ વખતે તેણીએ આંખ ઉઘાડી જોયું અને તેણીની કુંમળી નાજુક છાતીમાંથી હાયનો સરદ અવાજ નીકળતો તેને કાને અથડાયો. તેને બદલે જો કોઈ પોચાં દીલનો

આદમી હતે તો તે પોતેબી આ બનાવથી ગભરાતે અને તેણીનેબી ગભરાવતે. ડોસન સ્લેડ તેમાંનો આદમી નહિ હતો તે તેણીના ચ્હેરા તરફ જોતો શાંત ઉભોજ રહ્યો. અને તેનો સબબ એમબી હોય કે તે ચ્હેરો એવા એક ચ્હેરાને મળતો આવતો હતો કે જે ચ્હેરો તેને રાત દીન ઘેરી રહ્યો હતો.

તે ચ્હેરો તે તેણીનો આ ચ્હેરો નહિ હતો એમ તેણે એક તડાકે જોઇ લીધું હતું, અને તેની એમબી ખાતરી થઇ હતી કે તે ચ્હેરાને સામટા પાસે પાસે મુકયા હોય તો તેઓમાં એટલું બધું મળતાપણું તો નહિ જણાય, પણ તે છતાં તે પહેલા ચ્હેરાથી આટલે દુર આ એક બીજો ચ્હેરો તેને આવો મલતો આવતો જોઇ તેનું લોહી ઉકલી આવ્યું હતું એમ કહીશું તો ચાલશે. તે વળી એમ તેણી તરફ જોતો શાંત ઉભો હતો તેનું બીજું કારણ એ હતું કે તે તેણીના બોલવાની રાહ જોતો હતો.

આસતે રહી તેણીએ પોતાની ડોક ફેરવી અને તેની તરફ ટગર ટગર જોઇ તેને પૂછ્યું—

"હું ફેનટ મારી ગેઇ હતી ?"

અને તેણીનો આ અવાજ તેને કાને આવતાં વળી પાછો તે ચોંકયો અને ફીક્કોફચ મારી ગયો.

"એ હતું શું ?" તેણે વીચાર્યું "શાદબી એક સરખો ?"

"હા, તમે ફેનટ મારી જઇ ત્યાં બેસી પડયાંતાં, હવે તમે કેમ છેવો ? સારી કાણી છેવોની ?"

"હાજી થેંકયું ?" તે બોલી "હું દલગીર છેઉં, મેં તમને ઘણી મુહેનત આપી.

"નહિ, જરાબી નહિ એમાં મહેનત શાની ? તમે ફક્ત બે એક મીનીટ બેશુદ્ધ રહ્યાં, પછી તમે પોતાની મેળેજ હુશીયાર થયાં–

હું ઉલ્ટો ખુશી છેઉં કે તમને મદદ કરવા હું અહીં સામેજ બેઠેલો હતો ?"

"વળી પાછો તમારો ઉપકાર માનુંછ, સાહેબજી" એમ બોલી તે જવા ઉઠી. જવાબમાં તેણે પોતાની ટોપી ઉંચકી તેણીની સાહેબજી સ્વીકારી, પણ તે બોલ્યો, "તમે હજી જરા વધુ વાર આરામ નહિ લેવો ? તમારાથી હજી બરાબર ચાલી નહિ શકાશે એક પાંચ મીનીટ થોભો."

તેની અરજને માન આપી તે છોકરી જે જવા ઉઠી ઉભી થઇ હતી તે પાછી બેઠી અને તેટલાં તેની નજર પેલે જગે પડેલાં પેલાં મ્યુઝીક બુકના રોલપર પડી અને તે લઇ આવવા ડોસન સ્લેડ ત્યાં ગયો. તે રોલ ઉંચકી તેનાં પાનાં તેણે ફેરવી જોયાં કે વખતે તેપર તેણીનું નામ લખેલું હશે, પણ તેવું કાંઇ હતુ નહીં, એટલે તે લઇ તે તેણીની તરફ પાછો આવ્યો.

"કેમ હવે તમે હુશીયાર થયાં ?"

"હા, ઘણી હુશીયાર થઇછિ, હું તદન સારી કાની છેઉં, ગરમીને લીધેજ મારો જીવ એમ ફરી આવ્યો હોસે, ઉકળાટ ઘણોજ છે."

"ઘણોજ ? અરે, હદથી જયાદા આજે તપેછ. તમે ઘરે ચાલીને જશો કેમ ? તમારી સાથે આવવાની મને રજા છે ?"

"નહીં, નહીં, ઓ નહીં–પણ—"

"તમે મારાથી બીહોછ ? મારે વાસ્તે તમને કાંઇ વ્હેમ છે ? તેમ હોય તો ખુલ્લું—"

નહીં, નહીં, એમ બોલીને તો શું પણ મનમાં ચીતીનેબી તમારી ભલાઇ તરફ હું નગુણી કદી નહીં થાઉં–પણ હું કહેવા જતી હતી કે તમને એટલી મહેનત આપવાનો મને હકજ શું છે ?"

"ત્યારે વારૂ હું એમ મારા ખરાં અંતઃકરણથી તમને ખાતરી

આપું કે તમને મુકવા આવવા મને પોતાને ગમેછ તો ?"

"નહીંજી, તમે મને એકલીજ જવા દેવાની મેહેરબાની કરશો તો તમારી અત્યાર સુધીની માયામાં તમે વધારોજ કીધેલો હું સમજસ."

"જેમ તમારી મરજી, પણ તમે ચાલીને તો જતાંજ ના—ઉભાં રહો હું ગાડી બોલાવું" અને ત્યાં વળી તેણીના ચ્હેરા ઉપર ગભરાટ ફેલાયલો જોઈ તે બોલ્યો "નહીં, ગભરાવો ના. તેથી હું કાંઇ તમારૂં નામ ઠામ જાણવા નથી માંગતો, ગાડીમાં બેઠા પછી ગાડી હંકરાઇ જાય ને તમે તેને કયાં હાંકવી તે કહેજો."

"તમે બીજાનાં મન વીચાર સ્હેજમાં પારખી શકોછ." તે બોલી.

"ત્યારે હવે તમુને ધીરજ આવી ?" તે બોલ્યો. "ખરી રીતે જો પૂછો તો તમારી સલામતીને માટે હું જોખમદાર છેઉં અને તેથી એકલાં અને તેબી વળી ચાલતાં તો હું તમુને જવાજ નહીં દેઈ શકું. ત્યારે હવે તમારે માટે બે રસ્તા ખુલ્લા છે, તમે ચાલતાં જવાનું પસંદ કરતાં હોવ તો મને તમારી સાથે આવવા દેવો અને નહીં તો મને ગાડી બોલાવવા દેવો."

જવાબમાં તેણીએ એક ત્યાંથી પસાર થતી ગાડી જોયું તરફ અને તેણીની મરજી શું હતી તે ચેતી જઇ ડોસન સ્લેડ તે ગાડી બોલાવી લાવ્યો અને પોતે હાથમાં પકડેલું પેલું મ્યુઝીકનું રોલ તેણીને આપ્યું.

"થેંકયુ" તે લઇ તે બોલી "તમે મારા જેવી એક અજાણુને જે મદદ આપીછ તે મારાથી સ્હેજમાં ભુલી જવાવાની નથી."

"એક અજાણુ ને ? હા બરાબર—પણ તમે તમારી તરફની મારી આય વર્તણુક મારી મરજી છે કે તમે ભુલતાંના. લેવો આય મારા નામનો કાર્ડ."

"થેંકયું ને મારૂં નામ—"

"નહિ, ના કહેતાં મને તમારૂં નામ નાજ કહેતાં, એ ઉપરથી

હું તમોને જણાવવા માંગું છ કે મારી ઉપર વિશ્વાસ મુકવાની તમુને હું હરગીજ ફરજ પાડનાર નથી. આપણે હવે કદાચ કોઈ દીવસ મળશુંબી નહિ, અને જો મળશું તો તમને ઝટ એક પલમાં ઓળખી કાઢવાને માટે તમારા નામની મને કાંઈજ જરૂર નથી."

તે સમજી ગઇ કે આ તેનો તેણીની અપાર ખુબસુરતીને માટેનો એક છુપો ઇસારો હતો અને તેથી શરમથી લાલ થઈ જઇ તે તેની સામે ઉભી રહી.

"હું દલગીર છેઉ કે પહેલે તમારાથી જરા હું બીધી હતી સાહેબજી."

અને તેની તરફ એક છેલ્લી નજર નાંખી તે ગાડીમાં બેઠી.

સ્લેડે તે ગાડીનું બારણું બંધ કીધું અને કોચમેનને હાંકવાનો હુકમ કીધો.

"આય રસ્તો છોડયા પછી આય બાઇ તુંને કહેશે કહાં હાંકવાનું તે ને જો સંભાળીને હાંકજે, લે આય ભાડું મેં તારૂં નંબર નોંધી લીધું છે. છુટા પૈસાની જરૂર નથી, તે તુંજ રહેવા દે ને બાઈ જયાં કહે ત્યાં તેવણને સંભાળથી ઉતારજે." એટલું બોલી તે ગાડીવાલાને તેણે તેની હથેલીમાં મૂકેલી સોનાની મોહોર તરફ ડાચું વકાસીને ટીકતો ત્યાંજ છોડી તે પોતે ચાલતો થયો.

"ડોસન, એ આજે તુંને થયુંછ શું?" જતો જતો તે પોતાનું નામ દઇ બડબડયો "તુંને ટાઇફોઇડ ફીવર આવતી હોય તો એમબી કહું કે બધું તું તાપની ઝુમમાં કરેછ યા તારૂં ભેજું તો પોચું નથી પડી ગયું? તું એ છોકરીનું નામ જાણુવાને તલપી રહેલો ને જ્યારે તે પોતાનું નામ કહેવા ગઈ ત્યારે તેમ કરતાં તેને તેં અટકાવી? તેણીનું ઠરઠેકાણુંબી તેં નહિ લીધું ત્યારે તું બડો ઉજબખજ કેની? એ પરથી હું બે સાર ખેંચી શકું અને તે એક—એક તો'તું દીવાનો થઈ મેડ—હાઉસમાં જવાની અણીપર હોય યા તો તું સુધરી જવાની

રાહપર હવે આવતો હોય! દીકરા તું મેડ થઇ જાય તે પરવડશે, પણ તું સુધરે! તોબાહ, તે નાહ પરવડે. પછી તારા પેલા તારી સાથે એક પાંતે બેસનારાઓ શું કરશે? વાસ્તે આટલો વાર તારી ઉપર તારો ભલો ખવાસ જે ફાવ્યોછ તેને હવે તું માહાત કરી તારી હવે અસલ જાતપર પાછો જા.”

એમ કહી રસ્તે જતાં એક ટેક્ષી તેણે બોલાવી, અને તેમાં કુદી પડી પોતાની કલબમાં ગયો. ત્યાંજ તેણે ખુબ ખાધું, ખુબ પીધું અને ખુબ જુગાર રમી તેણે પોતેજ કહ્યું તેમ તેની ઉપર ફાવેલા તેના ભલા ખવાસને તેણે માહાત કીધો! અને સહવારનું ઝઝકળું થતાંજ તે ત્યાંથી નીકળી પોતાને મકાને ચાલ્યો.

ત્યાં જઇ તે પેલીજ ખુરસીપર અરડાઇને પડયો અને તેની નજર પેલાં તેણે એક બાજુએ ફેંકેલાં કાગળો ઉપર પડી અને તેમાંનું એક લેવા જતાં જે તેના હાથમાં આવ્યું તે તેણે પાછું વાંચી જોયું અને ધુનમાં ને ધુનમાં ગજવામાંથી એક ફાઉન્ટન્ટ પેન કાઢી તેનો જવાબ લખી કાઢી તેણે તે ઇજિન કબુલ રાખ્યું. નહિ, મારી એમ કહેવામાં ભૂલ છે; મારે એમ કહેવું જોઇએ કે આ વાર્તામાંના કોઈ ચોકસ બે પાત્રોની તકદીરે તેની પાસે તે જવાબ લખાવ્યો અને ઇજન બહાલ રખાવ્યું.

બાદ, તેણે ચંગ વગાડયો, જેના જવાબમાં તેનો નોકર તે ઓરડામાં આવ્યો જેને તેણે વરદી કીધી કે—

“નવ વાગે હું નાહવસ, દશ વાગે મને નાસ્તો જોઇશે અને બાર વાગે મારો બેગ તઇયાર હોવો જોઇયે. લે આય કાગળ ટપાલમાં—નહીં, તેની કાંઈ અગત્ય નથી. એ કાગળ કરતાં વહેલો હુંજ ત્યાં જઈ લાગસ, એ વાત મારા ધ્યાનમાં રહીજે નહીં. ફાડી નાંખ અને તું સુંઈ જા.”

પ્રકરણ ૧૪ મું.

તે ડયુક અને ડચેસનો મેહેલ આજે ગાજીવાજી રહ્યો હતો કેમ-કે એજ તે દીવસ હતો કે જ્યારે 'રોમ્યો જુલ્યટ'માંનો એક પીસ ભજી બતાવવાનું જેરાલ્ડ વીવ્યને માથું ઉચક્યું હતું અને જો કે સાંજ થવા આવી હતી, ચારનો ટકોરો પડી ચુકયો હતો તે છતાં બધું જ્યાંનું ત્યાંજ હતું. લાકડાં વહેરવાનો અને ખીલા ઠોકાવાના અવાજો ત્યાં હજી ચાલુજ હતા. તેને માટે મોટો ડાઇનીંગ હોલ પસંદ કરવામાં આવ્યો હતો જેને એક છેડે સ્ટેજ તેની બધી સામગ્રી સહીત ઉઠાવવામાં આવ્યો હતો. સ્ટેજ પછી થોડીક જગ્યા છોડીને દરીયાના મોજાની માફક ચઢઉતર ખુરસીઓ ગોઠવી મુકી હતી, અને ઘરના તથા મોટે ખોંચરેના આવનારાં પરોણાઓના નોકર નફરોને માટે પણ તેની ફરતી ગેલરીપર ગોઠવણ કરવામાં આવી હતી.

નાટકની ગોઠવણ બધાં લાગતાં વળગતાંની પસંદગી પામતાંજ બીચારો ડયુક બોલ્યો હતો તે આજે ખરૂંજ પડયું હતું કે 'એ પોરીયો બધું ઘર ઉંધું વાલવાનો.' તે ચેડો છોકરો એમ ડાઇનીગ સેલુન સાથેજ ચેડાં કાઢીને રહ્યો ન હતો, પણ તેના બસમાંથી તે આખા મેહેલનો એકબી ઓરડો તેનાં રાચરચીલાં અને ફરનીચરના સંબંધમાં છટકયો ન હતો.

મોટા મોભાદાર હોલને તો તે ભાઇએ પેન્ટીંગ રૂમ બનાવ્યો હતો, જ્યાં તે પોતે ફ્રેન્ચ કુકના જેવો ડ્રેસ પેહેરી ધુમચકરી કરતો, પડદાને–પોતાને અને લાગ ફાવે તો તેની મદદમાં કામે લાગેલા હેરોલ્ડનેબી રંગતો નજરે પડતો હતો.

હેરોલ્ડબી પોતાના વચનને વળગી રહી હેલકરીનું કામ જે તેને ફરમાવવામાં આવતું તે કરતો રહ્યો હતો. પડદાને માટેનાં કંતાનને

લાકડાનાં ચોકઠાં ઉપર તેજ તાણી ધરતો અને પહેલો સફેદો તેજ મારી આપતો હતો. તેજ બધાં લાકડાં ઉચકતો, જોઇતાં કદનાં લાકડાં કાપવા કરવતનો બીજો છેડો પકડી સુથારને મદદ કરતો અને પાટલુનના પાયજા કછાતી ઉઘાડે પગે છેક સીલીંગસુધી કામ પડે તો ચઢી જતો, અને જો તેટલામાં લીલ્યન ત્યાં આવી તેને એમ કામ કરતો જોઇ હસીને જરા 'સાબાસ' કરીને બોલતી કે તેની એ જેહેમતભરી હેજગારીનો જાણે તેને તમામ બદલો મળી ગયો હોય તેમ તે સમજતો.

અને તમો માનશો ? સર તેલબોટનેબી જેરાલ્ડ અને હેરોલ્ડની એ ઉલટનો ચેપ ઉડયો હતો ! તે આટલા દહાડાઓમાંનો દરેક દહાડો હોલમાંથી ડયુકના મેહેલમાં અને ડયુકના મહેલમાંથી હોલમાં જાવ આવ કરીને પસાર કરતો હતો; જયારે હોલમાં રહેતો ત્યારે લીલ્યનને માટે તેણે ઓર્ડર કીધેલા 'જુલ્યટ'ના ડ્રેસો જેમ લંડનના મોટા દરજીઓને ત્યાંથી આવતા જતા હતા તેમ લીલ્યનને તે પહેરાવી જોતો હતો, અને જયારે ડયુકના મેહેલમાં મુલાકાતે જતો ત્યારે તે પેલા કામ કરતા પોર્યાઓની આગળ રંગ, તેલ, કાંજી અને વારનીશની વચમાં બેસી રહી બધું જોયા કરતો હતો.

હોલમાં તે રહેતો ત્યારે ફક્ત એકજ વાતે તે અજબ થતો કે લીલ્યને પોતાનો જુલ્યટનો પાર્ટ મોઢે કરવા એકબી વખત હાથમાં શેકસપીયરની ચોપડી લીધેલી તેણે જોઇ નહીં હતી. અત્યાર સુધી પચાસેકમી વખત તે આતુરતાથી પુછી રહ્યો કે "એમ કેમ ?" તો તેના એ સવાલનો ફક્ત તે એકજ જવાબ કરતી કે "તમે પપાજી જોયા કરો, હું મારો પાર્ટ બરાબર બજાવું તો બસની ?"

'પણ તું તે કરેછજ કયારે ?' હેરોલ્ડ બોલ્યો "રાતે ? જો તેમ હોય તો કાકાજી સંભાળો એ તમારો આખો હોલ કોઇ દહાડે બાળી મુકશે."

"નહીં, મારી યાદદાસ્ત ઘણી સારી છે. હું જરાક અમસ્થું વાંચુંછ કે મને બધું યાદ રહી જાયછ."

અને દર વખતે તેણીના એના એજ ખુલાસાથી બધાં વીચારમાં પડતાં કે બધાં તે નાટકના પીસમાં ભાગ લેનારાઓમાં જેનો સઉથી મોટો અને અગત્યનો ભાગ તેજ એમ બેદરકાર રહે તો રખેને અધુરે તરાપો હુએ! પહેલે તો તેણીએ પાર્ટ લેવાની સાફ નાજ પાડી હતી, બાદ બહુજ ભાર ચપામણીએ તેણીએ જ્યારે પાર્ટ લીધો ત્યારે તેણીને આવી બેફીકરી અને બેદરકાર ફર્યા કરતી જોઇ લાગતાંવળગતાંઓનાં પેટમાં ધસક પડે તેમાં કાંઇજ નવાઇ ન હતી.

લુસીના બાબમાં ત્યારે તેથી સદંતર ઉલટુંજ હતું. તે આખો દહાડો, ચાલતાં, ખાતાં, પીતાં, બેસતાં, સુતાં, ઉઠતાં, કાંઇ બડબડ કરે કાંઇ બડબડ કરે કે તેણીને ત્યાંનાં બધાં નાનાંથી મોટાં બેજાર બેજાર થઇ ગયાં, અને કોઇકોને ઘડીભર ધાસ્તીબી પડી કે રખે એમ કરતાં તેનું મગજ ખસી જાય! વળી જતાં આવતાં કોઇનેબી પકડી તે પોતાનો પાર્ટ તેની આગળ બોલી જવાની કાળજી કરતી હતી, અને વળી પોતાના ઓરડામાં બારણાં બંધ કરીને ભરાઇ ત્યાંની મોટી આરસી સામે ઉભી રહી તરેહવાર ચેનચાળા કરતી ઘડી ઘડી પકડાતી તે તો જુદી, પણ લીલ્યન તો તેમાંનું કશુંજ કરતી ન હતી એટલે સર તેલબોટ, હેરોલ્ડ અને જેરાલ્ડ ઘણાજ વીચારમાં પડતા હતા અને જ્યારે પહેલાં રીહર્સલમાં બધાંજ પાર્ટ લેનારાંઓમાં તેજ એકલી એકબી બોલ કે એકબી અક્ષરની ભુલ વગર પાસ થઈ ગઈ ત્યારે તો તેઓની અજાયબીનો કશોજ પાર રહ્યો નહીં. અરે એટલામાંજ અટક્યું નહીં, પણ કોઇ કોઇવાર જેરોલ્ડ અને હેરોલ્ડના કામમાં તે સુચનાઓ એવી કરતી કે ભલો ધંધાદારી નાટકકાર એકોરે બેસે.

"તમે એ બાબદમાં કેટલું સમજોછ, લીલ્યન?" જેરોલ્ડ એક વાર તેણીની આંખ સામે પોતાની આંખ ટીકેલી રાખી બોલ્યો "તમે કોઈ દીવસ એવા પીસીસમાં ભાગ લીધો હતો કે?"

"નહીં, કોઇ દહાડેબી નહીં" તેણી મોંહ ઢાવકું રાખી બોલી અને ત્યાર પછી સાવચેત રહી તેણી કશીબી સુચના કરવાથી દૂરજ રહી હતી.

હવે જ્યારે તેણી તે લોકની એ કરવા ધારેલા નાટકના સંબંધમાં મળતી મીટીંગમાં સામેલ થતી નહીં અને જો કોઇ કદાચ ત્યાં આવીને બેસતી તો કાંઇજ બોલતી નહીં તો તેમાંબી તેઓને વ્હેમાવાનું કારણ મળતું.

"વ્હાલી લીલ્યન તો આય કામમાં કાંઇ ઉલટથી ભાગ લેતી જણાતીજ નથી?" લુસી બોલતી "એબી કોઇ અજબ રીતની છે!"

"તેં કેમ જાણ્યું, લુસી?" જેરાલ્ડે તેણીનો બચાવ કીધો. "તારે ત્યાંજ એક વાર અમે બધાં મળ્યાં ત્યાં તો તેણે આપણી ઘણી ભુલો સુધારી'તી."

"કોણે? લીલ્યને? તે તું શું જાણે કે તે ભુલોજ હતી?" લુસીએ અજબ થઈ પુછ્યું.

"તે હું નહીં જાણતો" જેરાલ્ડ બોલ્યો "બસ એટલું હું જાણુંછ કે જ્યારે તેણે મારૂં ધ્યાન ખેંચ્યું ત્યારે મેં જોયું અને મારી ખાતરી થઇ કે હું ભુલ્યો હતો અને તે ખરી હતી."

"હા, ને હુંબી કહુંછ કે લીલ્યનની સુચના હંમેશાં ખરીજ પડેછ." હેરોલ્ડે ટેકો આપ્યો.

ત્યારે જે બધો વખત તે બીજાંઓ નાટકનાં માથાં દુઃખણુમાં કાઢતાં હતાં તે લીલ્યન એકલી કેમ પસાર કરતી હતી?

તે પોતાની ટટ્ટુની જોડીમાં ગામમાં જતી અને સીક, આજારી ને

ગરીબગુરબાંઓને ઘણીજ માયાથી મદદ કરતી હતી.

અને તે સઘળું છતાં સર તેલબોટને કાંઇક એમજ લાગતું હતું કે હમણાં હમણાં તેની લીલ્યન, જે વખતે તે પહેલી તેને ત્યાં આવી હતી તેવી લીલ્યન આજે નહીં હતી. તે કાંઇક વધુ ગંભીર, વધુ તોરવાલી અને વધુ વીચારવંત બની ગઇ હતી એમ તેને લાગ્યું.

"તારી ખાતરી છે, લીલ્યન, કે તું અહીં મારે ત્યાં બધીજ વાતે સુખી છે? એવું કાંઇજ નથી કે જેમાં તુંને હું અથવા હેરોલ્ડ મદદના થઇ પડીયે?" નાટકની રાત્રે ગ્રીન રૂમમાં એટલે એક્ટરોને ડ્રેસ કરવાના રૂમમાં લીલ્યન આગળ જઇ સર તેલબોટ બોલ્યા "એ બધું તારે મનસે એટલું નવું છે કે તેની તુંને ગુમ પડતાં હજી વાર; દીકરી, તું થાકીને કંટાળી તો નહીં જાય?"

"મારે વાસ્તે, પપા, કંઇજ ચીંતા ના કરો, હું ઘણી તંદરોસ્ત અને મજબુત છેઉં અને એથી તો ઉલટી મને મજાહ લાગશે."

"દીકરી, તુંને આય નાટકના ઢોંગધતુરાની કશી ખબર નથી ને વળી જુલ્યટનો પાર્ટ, તેજ એટલો થાકવી નાંખનારો છે કે મને જરા પેહેલેથીજ વીચાર આયો હોતે તો તુંને તેમાં ભાગ લેવા હું દેતેજ નહીં."

"નહીં પપાજી, તમે ના બીહો" તેણીએ હસીને તેને ધીરજ આપી.

તે રૂમ હવે ચીકાર ભરાઇ ગયો હતો. જે બધાં પાર્ટ લેવાનાં તે આવી ચુક્યાં હતાં.

"આહ! લીલ્યન" તેને જોઇ જેરાલ્ડ બોલ્યો "તારા જેવી જુલ્યટનો રોમયો થવાને માટે મારી બાકી રહેલી જીંદગીનું જાણે બધુંજ આપી દેઉં."

તેના આ બોલ કોઇએ સાંભળ્યા નહીં, અને લીલ્યન તેના હાથ પર પોતાનો નાજુક હાથ મુકી હળવેથી બોલી—

"ને હું આય બધું બનતું અટકાવવાને માટે મારી આખી જીંદગીજ અર્પણ કરી દેઉં તો તે થોડી છે!"

અને ત્યાં હવે મેજરૂ વધુ એકઠું થવાથી તેણીની સાથે તે બાબે તકરાર કરવાની જેરાલ્ડને કશી વધુ તક મળીજ નહીં.

લુસી તેટલાં પોતાને સોંપાયલા પાર્ટનો ડ્રેસ કરી તેણીની આગળ આવી.

"વ્હાલી લીલ્યન, જુલ્યટ તરીકે તું કેવી સરસ લાગેછ! કોઇ જાણે કે તેં તારી આખી જીંદગીભર જુલ્યટનો પાર્ટ કીધો હોસે."

આય તાણાંનો તીર અલલટપ્પેનો હતો કે જાણી જોઇને છોડવામાં આવ્યો હતો? તે ગમે તે હોય પણ તે નીશાનબંધ બરાબર ગયો હતો કે તે નેમ ચુકયો હતો તે કોઈ કહી શકે તેમ નહતું.

"તુંને લુસી તારા આય પાર્ટમાં જોયા પછી હું નહીં ધારતી કે જુલ્યટને માટે કોઇબી કાંઈ દરકાર કરશે."

હવે બધાં એકટરો તે ગ્રીન રૂમમાં એકઠાં થઇ ચુકયાં હતાં, અને તે એકઠો થયલો રંગ બેરંગીન ગોરો ગુલાબી જમેલો જોવા અને જોઇને પોતાની આંખને અને હૈયાંને ઠંડક આપવા જેરાલ્ડ અંદર આવ્યો. હસ્તે ચ્હેરે બધાંઓને નીહાળતો તે એકદમ ગંભીર થઇ ગયો અને બોલ્યો.

"રેમંડ કયાં છે? એના વગર રોમીયો કોણ થશે?"

"એ હજી નથી આયો, લોર્ડ વીલ્યન, પણ એ આવ્યા વગર નહિ રહેવાનો. એ જાણેછ કે એનો પાર્ટ બીજા એકટમાં છે." લીલ્યન બોલી અને તેને જોઈતો જવાબ તે મધુરીથી મળેલો જોઇ તે જરા હસ્યો.

"ચાલો ત્યારે પહેલો ઘંટ મારો." એમ હુકમ આપી જેરાલ્ડ પાછો લીલ્યન આગળ આવ્યો. "પણ જો રેમંડ નહીંજ આયો તો?" તે બોલ્યો.

"એ આવશેજ" લીલ્યન બોલી "એ આવ્યા વગર નહિ રહે—લેવો, સાંભળો બહાર દોડતી ગાડી આવવાનો અવાજ આવેછે. બેશક તે એજ હોસે."

પણ તે લોર્ડ રેમંડ હતોજ નહીં, અને તેણીને જે ગાડી દોડતી આવવાનો અવાજ આવ્યો હતો તેમાં કોણ આવી લાગ્યું હતું તે જો લીલ્યન જાણતે તો કોઇને ખાતર તો નહીં પણ પોતાને ખાતર તો તે ઘણીજ દુઃખી—દલગીર થઇ જતે.

પ્રકરણ ૧૫ મું.

જોયું નસીબ ?

જે ગાડીમાં લોર્ડ રેમંડના આવ્યાની જેરાલ્ડ કાગને ડોળે રાહ જોતો હતો તે તો એક સ્ટેશનપરની ભાડેની ગાડી હતી અને તેમાં ડોસન સ્લેડ ત્યાં આવી ઉતર્યો હતો !

બત્તીઓથી ઝળઝળી રહેલા તે મહેલની બારીઓ તરફ નજર કરતો સીડી ચઢી તે રોશનીથી ઝગઝગી રહેલા હોલમાં આવ્યો કે ઝટ તેની આગળ એક નોકરે દોડી આવી તેની પાસે પ્રવેશના કાર્ડની માંગણી કીધી. વાંચનારને કદાચ હું કહેતાં ભુલી ગયો હોઇશ કે ડ્યુકને ત્યાં એક એમેચ્યુઅરનો નાટક છે એમ જણાતાંજ ત્યાં અનેક આસપાસ વસ્તાંઓનો દરોરો પડશેજ એમ જાણી તેઓએ પોતાના પરોણાઓને બોલાવવા જે કાર્ડો કાઢયા હતા તે કાર્ડો તેઓની સાથે જ લઇ આવવાની અરજ કરવામાં આવી હતી.

"એ શું માંગેછ લુઇ ?" સ્લેડે પોતાની સાથે લાવેલા પોતાના બોયને પુછ્યું.

"સાહેબ, ડીનર પાર્ટી હોસે" તે બોલ્યો.

"ડીનર પાર્ટી ? ત્યારે કાર્ડ શાનો પેસો માંગેછ ? ને ડીનર અરધું

તો ચાલીબી ચુકયું હોસે."

"નહીં, સાહેબ ડીનર પાર્ટી નથી." પેલો નોકર સભ્યતાથી નમીને બોલ્યો.

"ત્યારે નાચ છે?"

"નહીં સાહેબ—એતો એમેચ્યુઅર નાટક છે સાહેબ."

"ઓજબ્બા! પણ અહીં કોઇજ નથી કે જેની સાથે હું કાંઇ વાત કરી શકું? જા, લુઇ, બટલરને બોલાવી લાવ."

હ્યાં વાંચનારને મારે જણાવવું જોઇયે કે સ્લેડ અને લુઇ ત્યાં કાંઇ અજાણ્યા નહતા, એટલે લુઈ બેધડક અંદર ચાલ્યો ગયો અને બટલરને બોલાવી લાવ્યો, જેણે સ્લેડને તુરત ઓળખ્યો.

"આવો સાહેબ—તમે આવશો એવી કોઇને ખબર નહીં. સારી-કાની છેવો?" તે બોલ્યો અને પછી પેલા નોકર તરફ ફરી તેણે હુકમ કર્યો:—

"જેમ્સ, સાહેબનો સામાન ઉપર લઇ આવ" અને પછી પોતે દાદર ચઢ્યો જેની સાથે સ્લેડ અને લુઇબી ઉપર ગયા.

ડોસન સ્લેડને તેનો ઓરડો બતાવી તે બટલર કાંઈ ખાધાની વરદી કરવા દોડી જતો હતો તેને અટકાવી સ્લેડે પુછ્યું:—

"એ અહીં આજે શાની ધધુખર છે?"

"આય વીવ્યન સાહેબના મગજનો લાહાત! જુવોની બધો મેહેલ ઉપર તળે કરી નાંખ્યોછ તે તમે સાહેબ આવવાના હતા એમ અમોને માલમ હોતે તો—

"તે મારો વાંક છે, મેં આવવાનું છેક છેલ્લી ઘડીએ નકી કીધું ને મને તેથી લખવાનો ટાઇમજ નહીં મળ્યો, ને અધુરાંમાં પુરૂં તે કાંઇ રસ્તામાં અકસ્માત થયાને લીધે ટ્રેન ત્રણ કલાક લેટ થઇ ને હજબી મારેથી કયાં અવાતે? સ્ટેશનપર ગાડીનું એકજ થોબલું હતું

તેઓ પાંચ છ જણના હાથમાંથી ઝુંટાવીને લુઇ મારે માટે લઈ આયો ત્યારે; ને અહીં નાટક છે? ઠીક થયું જલદી નહીં આયો, નહીં તો એ બલામાં મનેઓ સપડાવું પડતે! ચાલ જા, તું હવે, સુઇ જા, ને કોઇ આગળ બોલતો ના કે હું આયોછ."

"પણ સાહેબ, કાંઇ ખાધાનું?"

"મેં ટ્રેનમાં ખાઈ લીધુંછ—લુઇને પુછ ને એને જોઇયે તો કાંઇ આપ. મારે માટે ફક્ત કાફીનું કપ ને તોસ્ત લાવ."

સ્લેડે હવે કપડાં બદલ્યાં અને મોંહ હાથ ધોઈ ખુરશીએરપર અઢેટાયો તેટલાં પેલોજ બટલર કાફી ને તોસ્ટ લાવ્યો જે લેતો તે બેઠો હતો, તેટલાં લુઇ અંદર આવ્યો.

"તું કાંહાં હતો લુઇ?"

"સાહેબ, પેલી સેલુનમાં ગયો'તો નાટક જોતો'તો, ઘણુંજ સરસ છે. બધું લોક ખુબ વાહવા કરીને તાબડા ફોડેછ, સાહેબ."

"અરે ગાંડા, પંખો આડો રાખી બધાં અવાચી ખાતાં હશે નાટક કરવાનું તે એ લોકનું કામ?"

"નહીં સાહેબ; આજે મીસ લુસીનો ભપકો ભારી છે."

"એમ કે? ચાલ ત્યારે હું તો તેમાંથી બચ્યો. જા ઉભો રહે ત્હાં, એવી રાતે ઉભો રહેજે કે તારી ઉપર કોઇની નજર નહીં પડે, નહીં તો તુને જોઇને તેઓ તુરત જાણુશે કે હું આયોછ ને મને ઘસડી જશે!"

"ઓહો! લુઇ, સાહેબ ક્યાં છે?" એમ બોલતો તેટલાં તો જેરાલ્ડજ ખોડાતો ખોડાતો ઓરડામાં આવ્યો.

"સ્લેડ, એ ખારેખર તુંજ છે કે? તુંને જોઇને મારો હરખ માયો સમાયો જતો નથી, પણ સુવાની સાની તજવીજ કરેછ?"

"કેમ જેરાલ્ડ, તારી તબીયત કેમ છે? હું કાંઇ અણુગમતો

પરોણો તો નથીની? મારે આવી રીતે એકાયક આવવું તો નહીંજ હતું–ને તેથી મારા ઓરડામાં હું ભરાઇ બેઠોછ અને સહવારેજ બહાર નીકળસ."

"એ શું બોલેછ, સ્લેડ? તું આયો તે જોઇ હું તો ઘણોજ ખુશી થઇ ગયો; અલબત, જરા મને આગમજ જણાવ્યું હોતે તો સારૂં પણ તું શું એટલો બધો થાકી ગીયોછ, સ્લેડ?"

"હા, હું બહુજ થાકી ગીયોછ ને રસ્તામાં અકસ્માત થયાને લીધે ત્રણ કલાક ટ્રેનમાં તપવું પડયું; તું તારે જા, મારે લીધે તારી મજા કાંય બગાડેછ? હું તો સહવારે ઘોડા જેવો થઇને ઉઠસ."

"પણ–પણ–મને તો તારૂં ઘણું કામ છે, હું તો તુંને લેવા આયોછ."

"કદીબી નહીં–સહવાર અગાઉ તો હવે હું મરૂં તો નહિ ઉઠવાનો."

"વળી? મારૂં નહિ કહ્યું કરતો?"

"નહિ, જા, બસ હવે જે હોય તે સહવારે તું કહેશે તો તારૂં નાહવાનું પાણી મુકી આપસ, કહેશે તો તારાં બુટ સાફ–"

"પણ મારાથી તુંને લીધા વગર જવાય તેમજ નથીની! હું મોટી મુશકેલીમાં છેઉં. પેલા ગધેડા રેમંડને રોમ્યનો પાર્ટ આપ્યો હતો તે કોણ જાણે કયાં દટાઇ ગીયોછ ને મને આજ રાતને માટે રોમ્યો તો જોઇયે, પણ સબુર, તારી ટ્રેનને અકસ્માત નડયો તું કહેછ કે? ત્યારેતો તેબી તારીજ ટ્રેનમાં હતો ને એકની એકજ ગાડી તું ઉંચકી લાયો હોય તો તેથીજ રેમંડ રખડી ગીયો હોવો જોઇયે ચાલ ત્યારે તું રોમ્યો થા."

"શું ઉં–ઉં–ઉં–ઉં–ઉં?"

"હું કહુંછ–અરજ કરૂંછ–માંગી લેઉંછ કે તું રોમ્યોનો પાર્ટ કર; તું તે મહજેનેર કરશે, પેલી લેડી બ્રાઉનને ત્યાં તુ રોમ્ય કેવો સરસ

થયો તો? ને તે વાતને ઘણા દહાડાબી થયા નથી એટલે તુંને તો યાદ હોસે."

"હા, મેં બીચારા રેમ્યોનું ખુન કીધું હતું તે હું ભુલ્યો તો નથી ને મને યાદ છે કે તે પછી એમ 'ઈડિયટ' નહિ થવાના મેં કસમ લીધા હતા."

"તું જાણે કેની કે હું કેવી મુસ્કેલીમાં છેઉ ને કેવી રીતે–"

"ભાઇ, એવાં ફાંફાં મારનારને મુશકેલીમાં નહિ આવેલો મેં કોઈ દહાડે જોયોબી નથી ને જાણ્યોબી નથી. હવે તુંને એ પરથી ધડો મળશે ને એવા પછાડા પરથી તું જરૂર હાથ ઉઠાવશે."

"પણ–પણ ત્યારે હાલ શું કરૂં? મને લોકની દરકાર નથી પણ પેલીનું કેમ? જેમ તેમ હાથે પગે લાગીને મેં તેને—"

"પેલી? તે કોણ?" હજી ઈઝીચેરપર અરડાઇ રહીને સ્લેડે પુછ્યું, "લીલ્યન–મીસ ઉડલી એ સર તેલબોટની છોકરી થાય તે જુલ્યટ થવાની છે, તો તારે પગે લાગુ તું જીદ છોડ ને–"

"ઓ, ત્યારે તો હું સમજ્યો બચ્ચા જેરાલ્ડ, તમે ત્યારે–"

"સ્લેડ! ઘેલાં કાઢ્યાં? હું તેવી હાલતમાં છેઉં? તું જાણેછ?"

"પણ ત્યારે મારે સાર ખેંચવો તે શો? ભલાં ભલાં તારો ફેસ્તો જેવાની ઉલટમાં આવ્યાં તેઓની ટકચાકરીભાર દરકાર નહિ કરે અને આટલી એ બે બીલસ જેટલી છોકરી, જેરાલ્ડ તારૂં કલેજું ચીરી નાખે તો એ ઉપરથી મારે સમજવું શું? મીસ ઉડલી? મને ખબર નહિ કે સર તેલબોટની એક છોકરીબી હતી? જા ત્યારે તેને જઇને કહે કે રેમંડ આવે ત્યાં વેર જુલ્યટ થવાનું મુલતવી રાખે."

"ત્યારે તું નહિજ આવે કે? હા, તું જો દોસ્ત તેને જોયકેની–"

"હા એ તેં બરાબર કહ્યું. જો એ પાર્ટ લેનારી કોઇ ધંધાદારી નાટકકારને તેં પકડી હોત તો સ્લેડ બચ્ચો કાંઇ ખાંચ્યો નહિ જતે,

રોમ્યો શું—રોમ્યોનો બાપબી થતે, પણ કોઈ મરકુટ સાથે રોમ્યોનો પાર્ટ ? તેને કમરમાંથી પકડવા જાઉં કે મનેજ તેનાં હાડકાં ભોકાય ! નહિ, જેરાલ્ડ, તેને જઇને મારી સલામ સાથે કહે કે જુલ્યટનો પાર્ટ પહેલાં દશેક વર્ષ સુધી કોઈ નામીચી નાટકકાર પાસેથી સીખ અને પછી આવ; જા બા જા, મને હવે સુવા દે, સાહેબજી ! ”

“ સ્લેડ એમ ? જા, ઠીક છે, સાહેબજી ? ” અને જેરાલ્ડ તેની આગળથી ગયો પણ જે રીતે તે આ છેલ્લા બોલ બોલ્યો હતો તે સ્લેડના હૈયામાં એવા ભોકાયા કે તુરત છલંગ મારીને તે ઉઠયો અને બારણા આગળ જઇ તેણે બુમ મારી.

“ અરે એમ આવ. જેરાલ્ડ અહિ આવ, કાંઇ કેહું. ”

“ આહ ! હવે કાંય ? ” જેરાલ્ડ બીચારો પાછો ખોડાતો ખો-ડાતો અંદર આવીને બોલ્યો “ કેમ તારો વીચાર ફર્યો કેની ? ”

“ નહિ, હું તો એમ કેહુંછ કે નાટક માંડી વાળ, કંઇ બીજું કરની ? ડાન્સ નહિ થઇ શકે ? ”

“ નહિ, નહિ, નહિ, ” તે બોલ્યો “ કદીબી નહિ કશાં ખા-તરબી નહિ ! હું તારો રોમ્યોનો ડ્રેસ મોકલુંછ, અહિંજ મોકલુંછ કે તુને તારાં કપડાં પહેરવાની ખતરાતજ નહિ. જો જો ! સાંભળ, બધાં કેવી તાળી પાડેછ ! મારી ખાતરી છે કે તારા રોમ્યોના પાર્ટપર બધાં ઘેલાં દીવાના થઈ જશે. ”

“ વારૂ જા, તાપ આગળ માખણ પીગળે તેમાં કાંઇ નવાઈ છે? જા, ગગડ ને પેલો ડ્રેસ જલદી મોકલ. બાપરે, બાપરે, હું લંડનમાં ગગડી રહેલો હોતે તો બહેતર હતું. ”

આખરે સ્લેડે રોમ્યોનો પાર્ટ લેવા હા કહી અને લોર્ડ વીવ્યન ખુશી થતો થતો નીચે ઉતર્યો; ઓડીયન્સ ઘણું ઉલટમાં આવેલું હતું અને તે ઉપરથી તેણે જોઇ લીધું કે ત્યાં તે વખતે ચાલતો પ્લેનો

ભાગ લોકને બહુજ પસંદ પડતો થઇ પડયો હોવો જોઇએ; તે ગ્રીન રૂમમાં પહોંચ્યો, જ્યાં વચોવચમાં તેણે લુસી વોરનરને ગુલાબી ગાલ અને ચલચળ થતી આંખો સાથે ઉભેલી જોઇ તે પોતાનો પાર્ટ હમણાંજ કરીને આવી હતી અને તે પાર્ટ ત્યાં જમા થયલાં ઓડીયન્સની એટલી બધી પ્રશંસા પામ્યો હતો કે તેઓએ તેણીને તાલીથી વધાવી લઇ છેક સાતમે આસ્માને ચડાવી દીધી હતી.

જેવો જેરાલ્ડ ત્યાં આવી ઉભો કે ગ્રીન રૂમમાં જમા થયલાં બધાં પાર્ટ લેનારાંઓએ તેને જુદા જુદા સવાલોથી ઘેરી લઇ ગોયા ગભરાવી મેળ્યો, જેવા કે—

"રેમંડ આયોછ કે ?"

"પેલી તેનીજ ગાડીનો અવાજ હતો કે ?"

"તે ડ્રેસ કરી રહ્યોછ કે ?"

"નહીં, નહીં,–તે નથી આયો–પણ તમો કાંઇ બીહો ના–મીસ ઉડલી કયાં છે ?"

"હું અહીં છેઉં, જેરાલ્ડ."

"ઓ લીલ્યન, આય આટલી મીનીટો મારી એવી ગેઇછ કે તું જાણે તો કોણ જાણે શું કરે ? પણ, ઠીક ગોઠવણ થઇ ગેઇછ. રેમંડ નથી આયો, પણ મેં કોઇ બીજાને ઉભો કીધોછ."

"કોણ ? તમેજ તો નહીં ?"

"નહીં, નહીં, મારો એક દોસ્ત છે, જે 'રોમ્યો' ઘણો ફક્કડ થશે. મેં તેને 'રોમ્યો'નો પાર્ટ કરતાં જોયોછ. લીલ્યન તેં રીયર્સલ તો રેમંડ સાથે કીધુંછ તે છતાં એની સાથે 'જુલ્યટ' થવામાં તુંને કાંઇ વાંધો તો નથીની ?"

"નહીં, જરાબી નહીં" લીલ્યન હસીને બોલી. "ઓ ! તે બીચારી જાણુતે કે–પણ હાલ તુરત આપણો એ અફસોસ કવખતનો છે.

" આહ ! તું શું જવાબ આપશે તે મેં ધાર્યું'તુંજ; તું કેવી ભલી છે, લીલ્યન ? પણ તે વીશે તારી ખાતરી છેની ? જરા અજાણું તો લાગશે, પણ– "

"કાંઇ નહીં–તમો મારી કાળજી ના કરો, હું મારૂં બનતું કરસ."

" થેંકયું લીલ્યન–ખરેખર, તારે જગે કોઇ હોતે તો તે ફફડતે–ચટકતે–તરેહવાર નાજનખરાં કરતે અને પાર્ટ નહીં લેવાનીબી જીદ તે પકડી બેસ્તે ને તરેહવાર 'ફસ' કરતે. "

" નહીં, નહીં, જેરાલ્ડ, એતો તમે અબલા જાતીનું લા બલ કરોછ, લેવો ચાલો, બેન્ડ શરૂ થયું. મારૂં માનશો, જેરાલ્ડ ? તમે જરા આસાયશ લેવો ને હવે જે પાર્ટ આવેછ તે ઉપર હું બરાબર દેખરેખ રાખસ–જાઓ–મને એ નાટક આખો મોંઢે છે–મારીપર તમુને વિશ્વાસ તો છેની ? "

જેરાલ્ડે તેણીને જવા દીધી અને તે ગઈ, પછી જેરાલ્ડે વીંગમાં ભરાઇને જોયું તો લીલ્યન બધું ઘણીજ સરસ રીતે મેનેજ કરી શકી હતી.

પ્રકરણ ૧૬ મું.

ત્યાં એકઠું થયલું મોભાદાર ઓડીયન્સ તો પોતાની સામે સ્ટેજપર રજુ થતા 'રોમ્યો જુલ્યટ' માંના ભાગોની મજાહ ચાખતું બેઠું હતું અને તે વખતે બીચારા જેરાલ્ડનું કેવું લોહીનું પાણી થતું હતું તેની તેઓને સ્વપ્ને પણ ખબર નહતી. આવો એ મેળાવડો જમાવવાને માટે ડયુક અને ડચેસને બધાં મુબારકબાદી આપવા પડયાં.

" ખરેખર, ડચેસ બધાંઓ કેવું ચાલાકીથી કામ બજાવેછ. જાણે ખરેખર નાટકશાળામાંજ અમે બેઠાં હોઇયે તેમ લાગેછ. બીચારો લોર્ડ વીવ્યન તો પછડાઈ ગીયો હોસે ! "

"હાજ તો" ડચેસને બદલે ડયુક જવાબ આપતાં બોલ્યો "હવે એક મહીનો એ બીછાણે કાઢે નહીં તો મારૂં નામ ડયુક નહીં—પણ જે હજી જોવાનું છે તે આવ્યુંછ કયાં? તમે જરા જુલ્યટ-વાળો સીન જોજોની!"

હવે ત્યાં તાળીઓના ગડગડાટ વચ્ચે પડદો પડયો અને સઘળાં શ્રોતાજનો લાઈટ રીફ્રેશમેન્ટને ઇન્સાફ આપવા ઉઠયાં.

સઘળાં એકમેકને તેમનું જોઇતું આપ લે કરતાં હતાં તેટલાં હેરોલ્ડ શર્ત અને એસીસપરજ ત્યાં ધસી આવ્યો.

"લાવો, લાવો, મને કોઇ પીવાનું કાંઈ આપો. મારૂં ગળું સુકાઈ ચાલ્યું."

તેને આય અવતારમાં જોઈ બધાં હસી પડયાં, અને લીલ્યન જે તે વખતે ત્યાંજ હતી, તે ચંપીનનું એક ગ્લાસ ભરીને તેની આગળ લઇ આવી, તેટલાં તેની માંગણી લુસીને પણ કાને આવ્યાથી તેબી પોતાના હાથમાં ચંપીનનું એક ગ્લાસ પકડી તેની આગળ ઉતા-વળે આવી ઉભી."

"મીસ લુસી, તમે આજે જે કમાલ કીધી તેને માટે આય ગરીબ પડદા ઉંચકનાર અને વીંગ ખસેડનારને મુબારકબાદી આપવાની રહી છે!"

"પણ વીંગ ખસેડનારને પહેલે તેની તરસતો છીપાવવા દેવો" તે હસી અને પોતાના હાથમાંનું ગ્લાસ તેણીએ આગળ ધર્યું, જે જોઈ લીલ્યન પોતાના હાથમાંનું ગ્લાસ લઇ પાછી જવા કરતી હતી તેને અટકાવી તે બોલ્યો—

"નહીં, લીલ્યન, મને તરસ એટલી લાગીછ કે જાણે બધો દરીયો પી જાઉં, પણ સબુર, પહેલે કયું લેઉં?"

"આય મારૂં લેવો—એ મજેનું છે" મીસ લુસી બોલી.

પણ લીલ્યનનાં હાથમાંનું ગ્લાસ લેવા હાથ લાંબો કરી તે બોલ્યો—

"નહીં, મારી પ્યાસ બુજાવવાની લીલ્યનની કાળજી પહેલી હતી" એમ બોલી તે લીલ્યનના હાથમાંનું ગલાસ લઇ ગટાવી ગયો અને એ બે ખુબસુરત નાજનીનો વચ્ચે તેણે દોરેલી એ લીટી લુસીને ગમી નહી હોય તેમ તેણીએ પોતાનો ચ્હેરો કુમલાવ્યો.

"ચાલ લાવ, લુસી હવે તારૂં ગ્લાસ આપ—બાપરે! હું તો જાણું કે ક્રીકેટરોનેજ ઘણી તરસ લાગતી હોસે ને બધી નાટકશાળાઓના પડદા ખેંચનાર અને વીંગ સેરવનારાઓને જો તેઓની તરસ છીપાવવા આવાજ હાથોમાંથી આવાંજ ટમ્બલરો મળતાં હોય તો કાલ ને કાલ તેની એક ખાલી જગ્યા માટે હું અરજ પત્ર નાંખી આવવાને તેયાર છેઉ. ને જેરાલ્ડ? એ કયાં છે? મેં સાંભળ્યું કે રેમંડ હજી નથી આયો?"

લીલ્યને બધો ખુલાસો કીધો.

"કોઇ બીજો! જોયું કેની રેમંડનું કામ? ને એ બીજો કોણ છે?"

"હું નહીં જાણતી લોર્ડ વીલ્યને મને તેનું નામ નહીં કહ્યું."

"પણ તેને પાર્ટ મોંઢે હોસે કે?"

"એમ તો 'પ્રોમ્પટર' છે કેની?"

"પણ તે બીચારો કેટલુંક પ્રોમ્પટ કરશે?"

"એ પાર્ટ 'ફ્લેટ' જશે તો હરકત શું? આગલા પાર્ટોએ તેનો પુરો ખંગ વાળી દીધેલો છે. એટલે, અહીં જમા થયલું લોક પાછું વગેસગે થઈ જતી વખત એમ તો કહેશેજ નહીં કે અમુને ફોકટ ફેરો પડયો."

"હંબગ! લોક તો 'રોમ્યો જુલ્યટ' વાળોજ સીન જોવા તડપી રહ્યાંછ—અને તે જો 'ફ્લેટ' ગીયો તો હું નહીં ધારતો કે

આય જોવા આવેલાંઓ જેરાલ્ડને માફ કરશે."

એ બધી વાત ચાલતી હતી તેટલાં જેરાલ્ડ ડોસન સ્લેડને રોમ્યોના મખમલી અને જરરીન પોષાકમાં સજ થવાને મદદ કરતો હતો.

"ચાલ 'ઓવરચર' શરૂ થયો—જલદી કર" જેરાલ્ડ બોલ્યો અને તેઓ બંને હવે નીચે ઉતર્યા.

"હે ચાલની જેરાલ્ડ અમે બધાં તારી વાટેવાટ જોઇયેછ." જેરાલ્ડ સ્લેડ સાથે અંદર આવતાં કોઈ બોલ્યું.

"લેવો હું આયો ને સાથે મારા રોમ્યોનેબી લાયો, મીસ ઉડલી કયાં છે ?"

મીસ ઉડલી—લીલ્યન—તે વખતે મરકુશયોના પાર્ટ લેનાર સાથે વાતે ઉભેલી હતી, જે પોતાનું નામ પુકરાયલું સાંભળી તુરત જેરાલ્ડ આગળ આવી.

"લીલ્યન અરસપરસ ઓળખાણ કરાવવાનો હાલ વખત નથી. આય મારા દોસ્તે મારી ઘણીજ સમજાવટ પછી અંતે 'રોમ્યો'નો પાર્ટ લેવા કબુલ કીધુંછ, અને તેમ કરીને આપણને મોટી નીરાશી અને નામોશીમાંથી બચાવ્યાંછ—એવણનું નામ મી. ડોસન સ્લેડ."

અને જેઓની નજર એ વખતે લીલ્યનના ચ્હેરાપર હતી તેઓને જોવાનું બન્યું કે તે નામ સાંભળતાંજ તેણીનો ચ્હેરો ફીકકો મારી ગયો અને તેણીના હાથ એટલા ધ્રુજી રહ્યા કે તેણીએ હાથમાં પકડેલો 'જુલ્યટ'નો મુખ પટો નીચે ભોંયપર પડી ગયો, અને તે પથ્થરનું એક પુતલું હોય તેમ ઉભી.

અને સ્લેડ ?

પેલો મુખપટો જે વખતે નીચે પડયો તેજ વખતે તે ઉપર સ્લેડની નજર પડતાં તે તે ઉંચકીને "જુલ્યટ"નો પાર્ટ લેવા તૈયાર થઇ ઉભેલી તે અબળાને આપવા ગયો કે તેની અને તેણીની નજર

એક થતાં તે બે ડગલાં પાછળ હઠી ગયો અને તેનો ચ્હેરોબી ઉજલો-ફક્ક મારી ગયો. કેટલીક વખતે એકેક પલ એક સદીના જેવી લાંબી લાગે છે અને તે વખત આયજ હતો. તેમાંની એકાદ પલ સુધી તેઓ બંને એકમેકને ટીકતાં ઉભાં અને જરા વારમાં તેણીનો ચ્હેરો એક શીકાર થયલી હરણી જેવો થઇ રહ્યો અને તેણીની આંખોમાંથી નીકળેલા ઇશારાને તેના આંખોએ જાણે જવાબ દીધો હોય તેવો તેનો ચ્હેરો થઇ રહ્યો હતો. આ લખતાં કેટલી બધી સેકંડ ગઇ હશે ? પણ ખુદ તે દેખાવ એક પળ માત્રનોજ હતો, અને તેથી કોઇનું તે તરફ અસાધારણ ધ્યાન ખેંચાયું નહીં કે તેઓને તેની હાલતમાં જોઇ કોઇબી હરણફાળ થયું નહીં. જરાક નમન કરી ડોસન સ્લેડ તેણીના વધુ નજીક આવ્યો અને જાણે કાંઇ બન્યુંજ નહીં હોય તેમ મોંહ ઠાવકું રાખી તે બોલ્યો.

"મીસ ઉડલી, માફ કરજો મેં તમને ઘણાં ખોટી કીધાં."

જવાબમાં તે જરા હસી અને તેની તરફ જોઈ બોલીઃ—

"નહીં, હું નહીં ધારતી કે તમારે લીધે અમો બધાંને કાંઇ ખોટી થવું પડયું હોય, અને તમો જાણોછ કેની કે નહીં મામા કરતાં કાણા મામા ભલા."

અને આટલું બોલતી વખતે તેણીનો સાદ જોકે ધીમો હતો પણ ખુલ્લો અને મક્કમ હતો. તે કશુંબી અસાધારણ બનવાનો ભાસ કરાવતો ન હતો. અને હવે જ્યારે તેણીએ તેની તરફ જોયું ત્યારે તેણીની આંખોમાં હીંમત અને દ્રઢતા પ્રગટ નજર આવતી હતી.

બસ, તે બેઉનાં મોંહમાંથી જ્યારે માત્ર બે વાક્યોજ નીકળ્યાં હતાં ત્યારે તેઓનાં હૈયામાં એકમેકની અરસપરસ ઓળખના ટકોરા વાગી રહ્યા હતા; તે બેઉનાં મનની નજર સામે એકવાર ફરીથી સેન-ફ્રાંસીસ્કોનો તે મોહલો પડયો અને તે મર્દના દુધ જેવાં ગોરાં આંગળાં

તેણે કમરે લટકાવેલી તરવારની મુઠ સાથે ચેડાં કાઢવા લાગ્યાં; તેણે પોતાની સાથે તેનેજ ઉભેલી જોઇ કે જેને ફરી એકવાર મળવાની અને જોવાની તેણે ત્રણ લાંબા મહીના સુધી તલબ કીધી હતી. અને તેણીએ ? તેણીએ પોતાની સામે એવા એકને જોયો કે જેણે તેણીનું પાપ પકડી કાઢયાને લીધે હવે આતશ જેવી ગરમ અને જોરાવર પ્યારથી તે જો માંગે તો તેણીને ચાહી શકે યા તો પોતાને કાતેલમાં કાતેલ વેરી તરીકે સ્હેજમાં પુરવાર કરી શકે ! અને ત્યારે તેણીએ ઝટવારમાં જોઈ લીધું કે તેણીએ ઘણાંજ બળવાન જીગરની કસોટી કરવાની હતી.

"કેમ તમે લોક તૈયાર છેવો ?" જેરાલ્ડે પુછ્યું.

"એક મીનીટ, જેરાલ્ડ" સ્લેડ બોલ્યો, અને પછી તેની આગળ જઇ તેનાં ખભાપર હાથ મુકી તેણે કહ્યું "આય બધું જોઇને હું ગભરાઈ ગીયોછ, માટે જરા ચંપીન મારે વાસ્તે મંગાવશે ?"

"ચંપીન ? અલબત."

અને જ્યારે ચંપીનની એક બાટલી અને એક ગ્લાસ તેને આપવામાં આવ્યું ત્યારે "થેંક્સ" બોલીને તેણે તે લીધું અને ગ્લાસમાં ચંપીન નાંખી તેણે તે લીલ્યન આગળ ધર્યું.

લીલ્યને હસીને 'ના'નું ડોકું ધુણાવ્યું, તે છતાં તે તેણીની આ-ગળ ધરી રાખી બોલ્યો—

"આ કીસમનો નાટક, મીસ ઉડલી, તમારી લાઇનમાં એક નવોજ અનુભવ કહેવાય, માટે હું જેને એ કીસમનો ઘણો મોટો અનુ-ભવ છે તેનું કહ્યું માનો તો ચંપીનનું એક ગ્લાસ તમને ઘણો ફાયદો કરશે."

લીલ્યને અચકીને તે ગ્લાસ લીધું. તેનું હૈયુંજ આ ઉપરાસાપરી બનેલા બનાવોથી એટલું તો ભરપુર થઈ ગયું હતું કે તેથીજ તે

ગ્લાસ તેણીએ કાંઇબી બોલ્યા વગર લીધું. તેની સામેજ ઉભેલી તે કમનસીબ ભોગની આ માત્ર મજાક કરતો હતો કે—તેણીને હુશીયારી આવવાની ખરે ખરીજ મતલબથી તેણીને તે ચંપીન તેણે ઓફર કીધો હતો ?

"બીજો આપું ? જરા લેવો" તે બોલ્યો, પણ તેણીએ નાજ કહી.

"તેં તો કાંઈ પીધોજ નહિ ?" જેરાલ્ડે તેને પુછ્યું.

"મેં નથી પીધો ? મને યાદ નહીં" એમ બોલી એક ગ્લાસ ભરીને તે ગટાવી ગયો અને બોલ્યો:—

"શું કરૂં દોસ્ત જેરાલ્ડ, સલામતી લેવાનો આય વખત નથી, નહીં તો હું ચાહતે કે મીસ ઉડલી 'જુલ્યટ' તરીકે આજે ફતેહમંદ નીવડે ! ચાલો બધું તૈયાર છે ? નાટક એક એવી ચીજ છે કે જેથી એકમેકનાં હૈયાં—"

"ચુપ, ચુપ, પડદો ઉંચકાયો !" જેરાલ્ડે તેને અટકાવી કહ્યું.

પ્રકરણ ૧૭ મું.

રોમ્યો જુલ્યટવાલા સીન ઉપરથી ડ્રોપસીન ઉંચકાતાંજ ત્યાં એકઠાં મળેલાં હાઉસે તાળીઓથી તે આખો મહેલ ગજાવી મુકયો અને જેમ જેમ ત્યાં તે સીનને લગતા એકટરો આવતા ગયા તેમ તેમ તે હાઉસ વધુ ઉસ્કેરાતું ચાલ્યું, અને જેવો એક ઉંચો ખુબસુરત જવાન તેઓ સામે આવી લાગ્યો કે આખો હોલ એક ગંભીર ઘોરસ્થાન હોય તેમ ચુપચાપ થઈ ગયો.

"એ ? એ કોણ ? એ કાંઇ રેમંડ નહિ ? ત્યારે એ કોણ ?" ડયુક તેને જોઈ પુકારી ઉઠયો.

"એતો—નહિ, તે નહિ, પણ હા—તેજ. એ પેલો ડોસન સ્લેડ." ડચેસે પોતાના વંરને કાને લાગી કહ્યું.

"કોણ?" અને જોકે ડચેસ ઘણું આસ્તે બોલી હતી, તોપણ તેણીની તે વાત સર તેલબોટને કાને પડી અને તેથી તેણે તે રોમ્યો તરફ ટીંગાઇને જોયું અને પુછ્યું "એજ ડોસન સ્લેડ? મેં તો કાંઈક વર્ષે આજે તેને જોયો, ત્યારે રેમંડ ક્યાં છે?"

"જ્યાં ખરેખર જવું જોઇએ ત્યાંજ નહિ, પણ બીજે બધે ઠેકાણે; પણ વાહ! એ તો લાયક જગે લાયક આદમી ગોઠવાઈ ગયલો લાગેછ, મને નહિ ખબર કે એ અહીં આવેલો છે. જરૂર પડે તો ત્રણનું કામ એ એકલો કરે તેમ છે. જેરાલ્ડ તેનાથી બહુજ ખુશ થશે!"

અને તે 'રોમ્યો' ખરેખર શેકસપીયરના સાચા 'રોમ્યો' જેવોજ પુરવાર થયો હતો અને તોબી વાંચનાર માનશે? તે માત્ર એક ચાવી આપેલાં પુતલાંની માફક તેને સોંપવામાં આવેલું કામ કર્યો જતો હતો, બાકી આખો વખત "એ હીલ્ડા ફ્રેન, લીલ્યન ઉડલી કેમ થવા પામી?" એ વાક્યના ટકોરા તેના મગજપર વાગ્યા કરતા હતા.

સ્લેડ પોતાનો પાર્ટ કરીને વીંગમાં પાછો આવ્યો.

"મીસ ઉડલી પોતાના રૂમમાં જરા આસાયસ લેવા ગેઇછ–" જેરાલ્ડ બોલ્યો, "આખો વખત બીચારી મારે બદલે અહીં બધું મેનેજ કરતી ઉભેલી હતી, અને તેણીના ચ્હેરાપરથી મેં–અમે બધાંએ ધાર્યું કે તે ઘણી થાકી ગયલી હોવી જોઇએ, ઓ, લે, તેજ આવેછ!" લીલ્યનને ત્યાં આવતી જોઈ તે બોલી ઉઠયો.

"મારો પાર્ટ આયો કે?"

"હજી નહીં એ લોક સીન બદલેછ" સ્લેડ બોલ્યો, "બેસોની?"

ડોકની ઇસારતથી તેણીએ તેને ના કહી અને વીંગ તરફ જોતી તે ઉભી.

"ચાલો" હેરોલ્ડ ત્યાં આવી બોલ્યો, "સીન તૈયાર છે લીલ્યન, જોઉંછ તો તારી હીમત? તું તદ્દન શાંત છેની?"

"તદન" તે બોલી "તે આખો પાર્ટ બરાબર પસાર કરી જવા જેટલી હીંમત મારામાં છે."

"ને મનેબી તે વીશે ખાતરી છે" સ્લેડ બોલ્યો.

"સ્લેડ, મારી પીત્રાઇને તું આય અગાઉ મળ્યો'તો કે ?" હેરોલ્ડે તેને પુછયું.

"નહીં, આજ રાત અગાઉ હું તેણીને કેથે મળ્યો નથી. કેમ વારૂ ?"

"નહીં, મને એમ લાગ્યું કે તુ તેવણુને કદાચ ઓળખતો હોય."

"નહીં, એવી ખુબસુરતીઓ કાંઇ કોઇને ડગલે ને પગલે નથી મળતી, હા હું જરા તેણીને જોઇને ચમકયો ખરો."

"આહ ! જો તેણીને બધાં ખુશાલીથી વધાવી લેયછ." હેરોલ્ડ બોલ્યો.

"તેમાં શું મોટી વાત ?" સ્લેડે કહ્યું "તેની તો મેં આશા રાખીતીજ."

અને હવે સ્ટેજ ઉપર તે બેઉનો—રોમ્યો જુલ્યટ એટલે સ્લેડ અને લીલ્યનનો—સાથે પાર્ટ કરવાનો વખત આવ્યો, અને તે આખા હાઉસે જોઇ લીધું કે શું તે જોડી હતી ! છેક પેલા બાલકની સીનથી તે છેકના છેડા સુધી લીલ્યન જે તે આખા પાર્ટના જીવ-જાનમાં જે ઉતરી પડી તે ત્યાં હંમેશની ઠરી ઠામ થઇને રહી હતી !

તે વખતે તેણી ભુલીજ ગઈ હતી કે જે વખતે તેણી જુલ્યટ દાખલ તેણીની સામે ટસ ટસતી આંખે ઉભેલા જે રોમ્યોના પગ આગળ પોતાનું બધું હૈયું ખાલી કરીને તે મુકતી હતી તે વખતે તેજ રોમ્યો તેના દુન્યવી અવતારમાં એક એવો ઇનશાન હતો કે જેના એક બોલે તેણીનું સર્વાંગ સત્યાનાસ નીકળી જાય તેમ હતું.

તે વખતે તેણી ભુલીજ ગઈ હતી કે તેણી સર તેલબોટ ઉડ-લીની, ઊંચી સમજની બીનઅનુભવી દીકરી મીસ લીલ્યન ઉડલી

હતી અને તેણીની જાણ વગર ગોપા તેણી તે એક વખતની નામ-ચીન નાટકકાર હીલ્ડા ફેનમાં ફેરવાઈ ગઇ હતી! પણ જેવો તે સીન ઉપર છેવટનો પડદો પડયો કે તેણીએ કેવો જોખમ ખેડયો હતો તેની તેણીને અચાનક જાણ થઇ. તેણીએ હવે જોયું કે સ્લેડના મનમાં તે અને હીલ્ડા ફેન એકજ હોવા માટે જો કાંઇબી વહેમ રહ્યા હોત તો તેણીના આ એકટીંગે તે સમુળગો દુર થયો હોવો જોઇએ. તે હવે ખાતરીથી માનતો હોવો જોઇએ કે તેણી પોતે કોઇજ નહીં પણ સેનફ્રાન્સીસ્કોની નાગીચી એકટ્રેસ હીલ્ડા ફેનજ હતી. એમ તેણીએ ધાર્યું.

વીંગમાં દાખલ થતાંજ તેઓએ જેરાલ્ડને ત્યાં ઉભેલો જોયો; તે બીચારો તે બેઉના ફક્કડ એકટીંગથી એવો દંગ થઇને ઉભો હતો કે તેને કશું બોલવાની પણ શુદ્ધિ રહી નહતી.

હેરોલ્ડબી એમજ સગરદમ થઇ ગયો હતો. તેણે જોયું તે તેણીને તે પાર્ટ કરતી જોયા પછી તેણીની સામે પોતાની નજર ફેરવી તેણીને જોવાનીજ જ્યાં તેની હીંમત નહતી તો તે તેણીને ચાહવાની શેખીજ કેમ કરી શકે?

"શું તમે હજુબી છંદ કરોછ કે લીલ્યન આય પહેલીજ વખત સ્ટેજપર આવીછ?" આ બોલ લુસીના હતા અને એક ખુરસીપર લેટી પડી લીલ્યન પંખો ખાતી હતી તે વખતે તેણીએ લુસીને કોઈ આગળ તે બોલો બોલતાં બરાબર સાંભળી હતી.

"એમાં અજબ થવા જેવું શું છે?" તેણીએ લુસીને જવાબ આપતાં સ્લેડને સાંભળ્યો. "જેમ કવી, જેમ ચીતારો તેમ નાટક-કારબી કાંઇ બનાવેલો બનતો નથી, તે કુદરતીજ જન્મ પામ્યો હોય છે અને કોઇને પોતાનો તે હુનર દેખાડવાની ધંધાથી તક મળે છે ને જેઓને નથી મળતી તેઓમાં તે હુનર નચીંતે સુતેલો રહે છે. એમ તો લેવોની, જેરાલ્ડ કયાં સ્ટેજ મેનેજર હતો?" હેરોલ્ડે કયાંની

નાટકશાળામાં પડદા ખેંચેલા ? તેઓએ પોતાનું કામ બજાવ્યું કેની ? તેમાં કાંઇ ખામી રાખી ? પણ મીસ ઉડલી મને કહેવાની રજા આપે તો હું તેણીને સલાહ આપું કે એ રમત ઘડી ઘડી કરવી જોખમભરેલીછે."

"જોખમભરેલી ? તે કેવી રીતે ?" બે ત્રણ જન બોલી ઉઠયાં.

"તો ? એક જવાન અબલા જેણીને એ બાબદની કાંઇજ કેળવણી નહિ, તે એવી રીતે દમ સાહસ વગરના એક પાર્ટમાં પોતાનો દમ ફુકી તેમાં જીવજાન મુકે તો તેણીની તંદુરસ્તીને અરે આગળ વધીને કેહું તો તેણીની હૈયાતીને માટે તે જોખમ ભરેલું નહિ કહેવાય ? વાસ્તે મીસ ઉડલીને આગળ વધીને જો કહું તો એમજ કે એ અખ્તરો ફરીથી ના અજમાવતાં."

આહ ! તેના આ બોલોમાં શું ભેદ હતો તે લીલ્યન ચેતી ગઇ. તેની કહેવાની મતલબ, તેણી જે સમજી તેમ, એ હતી કે "જો લીલ્યન આવો અખ્તરો ઘડી ઘડી કરે અને તેણી ઉપર જો સેન ફ્રાંસીસ્કોમાં તેણીને જોવા આવેલાંઓમાંના કોઇની નજર પડે તો લીલ્યન ઉડલી હીલ્ડા ફેન તરીકે તરતજ પકડાઇ આવે."

અને તેથીજ લીલ્યને સ્લેડના તે ટીકા જવાબ વગર પસાર થવા દીધા નહિ.

"તમે કેહોછ તે હું સમજુંછ, મી૦ સ્લેડ તમારી એ સલાહ કાંઇ નાખી દેવા જેવી નથી."

"અને ત્યારે મારી તે સલાહમાં એક બીજી નાનીનો ઉમેરો કરવાની મને રજા આપો તો તે એ છે કે હવે તમે જાવોને આસાએસ લેવો."

"હા, બરાબર છે, હું હવે જાવુંછ." તે બોલી—અને જાણે એક હોકમની તાબેદારી તેણી કરતી હોય તેમ તેણી ઉઠી અને ત્યાંથી ચાલતી થઇ. "ને હવે જેરાલ્ડ" તેના ખભાપર હાથ મુકી સ્લેડ

બોલ્યો, "ચાલ હવે જઇને આય રંગનો લપેટો ધોઇ નાંખું, પાઉડર રંગ અને વહીમનો જો તુંને જરાથી અનુભવ હોય તો મારી હાલતનો તુંને ખ્યાલ આવે. ગરમ ગરમ પાણીએ નાહીને હવે હું સુઇ જાઉંછ, સાહેબજી."

"ઠીક છે, થેંકયું, સાહેબજી, સ્લેડ, તારો કેમ ઉપકાર માનું?"

"મને હવે શાંતિમાં જરા ગગડવા દેઇને," સ્લેડ જતો જતો બોલ્યો.

પ્રકરણ ૧૮ મું.

ડયુક અને ડચેસને ત્યાંનો તે ખેલ ખતમ થયો હતો. ત્યારે શું આપણી લીલ્યન ઉડલીએ હવે છુટકારાનો દમ ખેંચ્યો કે? અરે, નહિ રે! ખેલ ખતમ થવા સાથે તેણીનો ધડક ધુજારો વધ્યો હતો. તે ખેલ ખતમ થવા સાથે તેણીની જીંદગીના ખેલની શરૂઆત હવે થનાર હતી એમ ધડકતી છાતી અને ઉડતા જીવે તેણીએ જોઇ લીધું હતું.

તે ખેલ ખલાસ થતાંજ સઉ એકમેકને મળ્યાં ભેટયાં, અરસપરસ મુબારકબાદીઓ અપાઇ લેવાઇ અને એકાદ કલાકમાં બધાં 'અશીણુ ખાઇને દશીણુ થયાં હતાં.'

લીલ્યન ઘરે ગઇ અને ઝટ પોતાના ઓરડામાં ચાલી ગઇ અને તે થાકેલી હતી એટલે નચીંતે સુઇ ગઇ કે? નહિ, મારે એ સવાલ પુછી મારાં વાંચનારાંઓની સાદી સમજનું અપમાન નહિ કરવું હતું, કેમકે, વાંચનાર ચેતી ગયાંજ હશે કે મગજપરના આવા બોજા સાથે લીલ્યનને ઉંઘ આવેજ કેમ?

તે પલંગપર પડી, પણ પાછી એક છલાંગ મારી ત્યાંથી ઉઠી અને એક મોટી આરસીના તખ્તા સામ તેમાં પોતાનાજ ઓળાને જોતી ઉભી.

"થોભ, જરા થોભ, લીલ્યન" તે પોતાના ઓળા સાથે વાત કરતી બડબડી "ગભરાવાનું કામ નથી, એ બધું એકાએક એવું અચાનક બન્યુંછ કે મને જરા શાંતપણે વિચાર કરવા દે. મને તો તે વાતની કશી ખબરજ નહિ પડી કેની! ને તેનો ચ્હેરો મારી નજરે પડયો ત્યાં સુધી તો હું પોતે પહેલે કોણ હતી તે તો હું ભુલીજ ગઇ હતી. ઓ! તે ગરીબ જઇફ આદમી, તે મારી ઉપરથી કેવો કુરબાન કુરબાન થઇ જાયછ! ને હું દગાખોર તેનાં માયાળુ અને વિશ્વાસુ હૈયામાંની કોઈ બીજીની જગ્યા પચાવી પાડી ધુસી ગેઇછ! ને તેમ કરવા હું પવીત્ર, સોગંદથી બંધાઇછ! ને એમાં ધારતી! હાજતો, ઘણીજ ધારતી. પણ તેમાં શું? હીંમત રાખ લીલ્યન ને બધા જોખમને પગ તલે કચડ, નહીં તો તારૂં નામનીશાન-નહિ રહેશે! ને પેલો સ્ટેઇ જાણેછબી કેટલું? એટલુંજ કે તેણે મને હીલ્ડા ફેન તરીકે ઓળખી, ને આહ!" અને અહિ જાણે તેણીની નાજુક–છાતીમાં કાંટો ભોંકાયો હોય તેમ તે ચોંકી. "આહ! એના સિવાય મને કોઇજ પીછાણતે નહિ. મારામાં ફેરફાર એટલો થઇ ગીયોછ, હું હતી તે કરતાં એવી જુદી થઇ ગેઇછ, કે હા, તે સિવાય મને બીજું કોઇ પકડી કાઢતે નહિ! ને તેણેબી મને પીછાણી કેમકે તે મારી ઉપર મોહીત થઇ પડયો હતો એટલે મારી ચાલ–ઢાલ–મારા હાવભાવ બધા તેની આંખોમાં સમાઇ સચવાઇ રહ્યા હતા એટલે એ મને ભુલીજ કેમ શકે? ને એ જાણેછબી શું? એ કદાચ એમબી સમજે કે હું ખરેખર લીલ્યન ઉડલી છેઉં અને મેં હીલ્ડા ફેનનું નામ ધારણ કીધું હતુ! એ વળી એમબી ધારે કે તે વાત સર તેલબોટ ઉડલીને માલમ હશે અને તે વાતના તેવણું અખાડા કરતા હોસે! અને તેં છતાં કદાચ તે વાતનો ઇસારો તેનીથી સર તેલબોટ યા હેરોલ્ડ આગળ થઇ ગયો તો? અને તે બંને તો જાણેછ કે લીલ્યન ઉડલી

ખરેખર તો નાટકકાર હતીજ નહિ. પણ તે મને એમ ફસાવશે કે તે એક સવાલ છે–તેમાં પેલી ચગોર ચસમની લુસીએ પેલો રીમાર્ક જ્યારે કીધો ત્યારે તે મારો બચાવ કેવો કરવા નીકળી પડયો! ત્યારે તેણે એમ કાંય કીધું?"

વધુ વિચાર હવે તેણીથી થઈ શકયો નહિ. તેણી હવે તે આરસી આગલથી ખસી ગઈ અને આંખે હાથ ઢાંકી ઢોલીયા ઉપર પડી અને બડબડી:

"ઓ ખુદા! પેલી બીચારીનો જે હાલ પેલા જંગલમાં થયો તે મારોજ થયો હોતે! બીચારી તે તો મરીને પરવારી ગેઇ ને હું અહિ દુઃખ જોતી રહી ગેઇ!"

× × × × ×

ત્યારે તે આદમી કે જે લીલ્યનની આ બધી તાણતોડ અને હાય અફસોસને માટે જોખમદાર તે આ વખતે શું કરતો હતો?

તેનોબી હાલ લગભગ લીલ્યનના જેવોજ હતો.

"હત તેરીકી! આખેર સપડાઇ?" તે પોતાના ઓરડાના એકાંતમાં બેસી બડબડયો "આખરે તે મને મલી, પણ કોણ? હીલ્ડા ફ્રેન નહિ, પણ લીલ્યન ઉડલી, એક ઇંગ્રેજ બરોનેટની બેટી; એનો અર્થ શું? કાંઇબી ભેદ હોવો જોઇયે ખરો? ને નહિ તો મારી તેની ઉપર નજર પડતાંજ તે ચોંકે કાંય ને ફીકાફચ ચ્હેરાએ તે પેલી યાદગાર રાતની તુમાખી ખુબસુરતી મારી સામે જોતી આજે ઉભી તેની મતલબ શું ત્યારે?"

ત્યાં તેણે પોતાનાં મોંહમાંનો બળીબળીને છેક નાનો થયલો સીગારનો કકડો ફેંકી દીધો અને પોતે જ્યાં બેઠો હતો ત્યાંથી ઉઠયો અને ઓરડામાં આમ તેમ ફેરા ખાઈ પાછો જાણે તેનું ધ્યાન ઠેકાણે નહિ હોય તેમ બેસી પડયો, અને તેનો બબડવાતો પાછો શુરૂ થયો.

"કાંઇબી ભેદ છે ખરો, ને તેની ચાવી શું મારા હાથમાં હોશે કે? તે મને જોઇને—હું ધારૂંછ તેમ—બીધી! એમ હોશે કે તેનો બાપ જે તેણીની ઉપર કહેવાય નહિ તેટલું કરેછ ને—પેલો લંબારી ઉંક તેનો ભત્રીજો—તે અગાઉ કોણ હતી તે વિષે કશુંજ જાણતા નહિ હોસે? બનવા જોગ છે, ને તેથી કદાચ રાતે હું ભાંગડો વાકું તેથી તે ગભરાઈ હોય! આહ, જો તેમ હોય તો આવીછ તે મારા સપાટામાં! હવે તેને છોડું? ઓ ખુદા, કદી નહિ! કોઇ કાલે નહિ! રાતને દિવસ, ઉઠતાં ને બેસતાં, ઉંઘમાં કે સજાગરૂ હાલતે તેની મેં પુઠ પકડી રાખી હતી અને જયારે તકદીરે મારા હાથમાંજ તેને લાવીને મુકીછ તો હું તેને જવા દેઉ? તકદીર જેવું કાંઇ બળ છે એમ માનુંછ, જો તેનું ચલણ ક્યાં નહિ હોય તો મને આવેલા ઇજનના ઢગમાંથી જેરાલ્ડનુંજ ઇજન કાંય હું પસંદ કરૂં?"

વળી પાછો તે છલાંગ મારીને ઉઠયો અને વળી પાછા બેચાર ફેરા તે ઓરડામાં ખાઇ પોતાની બેઠકપર વળી પાછો તે આવીને ઝીકાયો.

"જવા દેઉં? હવે? નહિ! તકદીર સાથે એમ ચેડાં કાઢવા જેટલી જીંદગી લાંબી નથી! બેહેતર કે જાનથી બેજાન થાઉં પણ હાથમાં આવેલું તે અબલા રૂપ મોતી જવા દેઉં તે નહિ બને! ઓ ખુદા, મેં કોઈ દહાડેબી એવી વકી રાખી હતી? અરે એવી વકી રાખવાની કદી શેખી વટીક કરી હતી કે તેને કોઇ દહાડેબી મારી છાતીસે ચાંપવા જેવો હું ભાગ્યશાળી થવશ? ને આજે? આહ જયારે તે ગરીબ બાકરાંની મીસાલ મારી છાતીસે તેનું બદન જયારે અથડયું ત્યારે—"

"પણ દીકરા સ્લેડ, ચાલ હવે પોઢી જા, નહિ તો એવા વિચારમાં બે વિચારમાં તારૂં મગજ ખસી જશે."

પ્રકરણ ૧૯ મું.

સ્હવાર પડી અને ડોસન સ્લેડ નાસ્તા માટે નીચે આવ્યો. સઘળે ચુપચાપ હતું, કેમકે તે મકાનનો વાજતો ઘુઘરો જેરાલ્ડ માથાના દુઃખાવાને લીધે બીછાનેજ હતો.

"માફ કરજો, કાલે તમો બધાંને મળ્યા વગર હું પોલ થઇ ગયો'તો" તે હલવેથી ડચેસ આગળ વાંકો વળી બોલ્યો "એક તો લાંબી મુસાફરી, ટ્રેનને અકસ્માત અને એક લાંબા પાર્ટની હેજગારી એ ત્રણેએ મને તદન ઢીલો કરી નાંખ્યો હતો, ને જો તમો બધાંને મળવા હું ડ્રોઇંગ રૂમમાં આવતે તો હું ત્યાં ઉભેલો ને ઉભેલોજ ઉંઘાઇ જતે."

"તમે અમારી પાસે માફ માંગો કે અમે તમારી પાસે માંગીયે? જેરાલ્ડે, તમને એ કીસમનો કંટાળો આપ્યો એ ખોટું કીધું, પણ તેનો એ તકસીર હું તેને ખુશીથી દરગુજર કરૂંછ, કેમકે, સ્ટેજનો એક શણગાર જે કાંઇક મુદ્દત થઇ ગુમ થઈ ગયો હતો તે તેની બરકતથી અમે ગઇ રાત્રે પાછો મેળવ્યો હતો."

"પણ હું ધારૂંચ કે રેમંડ વધારે સારૂં કરી શકતે" તે પોતાની બેઠક લેતાં બોલ્યો.

"શું, ધુળ!" ડયુક હસીને બોલ્યો "ને હા, કાલે એનો તાર આયો'તો પણ કાંઇ નવા નોકરના હાથમાં ગયાથી તે મને છેક હમણા તેણે આપ્યો. એ આવવાનો તો હતો પણ તેટલાં તેનો કોઇ સગો બેહાલ સીક પડીયાને લીધે તેને ત્યાં જવું પડયું હતું, જે અલબત આપણે માટે તો ઘણુંજ સારૂં થયું, નહિ તો એ 'પીસ' એટલો ફતેહમંદ નહિ ઉતરતે! ગરીબડા મારા જેરાલ્ડનું માથું દુખેછ."

"હા, તે તો મેં ધારીજ મુક્યું'તું" સ્લેડ બોલ્યો.

"ને સ્લેડ, ખરૂં કહે, પેલીનો પાર્ટ કેવો ?" ડચેસે પુછ્યું "ડયુક તો કહેછે કે એવો પાર્ટ કોઇ ધંધાદારી નાટકકારે કીધો હોય એવુંબી તેવણુ નથી માનતા."

"કોણુ ? મીસ ડડલી ?" સ્લેડે પોતાના તોસ્ટને માખણ લગાડતાં પુછ્યું "ખરેખર, પોતે એક એમેચ્યુઅર અને વળી પહેલીજવાર તેણી ઉતરી એટલે તેણીની તે કોશેશ ઘણીજ અચંબા ભરેલી રીતે ફતેહમંદ ઉતરેલી કહેવાય, એવણુ પહેલે તો કાંઈ અહીં દેખાતાંતાં નહીં ? ને હું જાણતો'તોબી નહીં કે સર તેલબોટની છોકરી છે."

"ને ઘણાંઓને તે વાતની ખબર નહીં હતી. બચપણમાંજ બાપથી વીખુટી પડેલી તે છેક હમણા ત્રણેક મહીના થયાજ અહીં આવી."

"પણ શું તે બાબદમાં કાંઈ ભરમ છે ?" તેણે પુછ્યું.

"ભરમ નહીં, કાંહાંણી કેહો" ડચેસ બોલી "અને મોડે વહેલે તમારે કાનેબી તે આવશે, સ્લેડ, કેમકે હવે તે બધાં ગામને ખબર છે. લેડી ડડલી આજે વીશ વર્ષ અગાઉ સર તેલબોટનું ઘર છોડી ચાલી ગયાં હતાં, તેવણુની દીકરી તે મીસ ડડલી. સર તેલબોટ અમારા ઘણા જુના અને મેહેરબાન દોસ્ત છે, અને તેથી જ્યારે હું કેહુંછ કે ભલાં માણુસ બહુ આકળા અને વીચીત્ર સ્વભાવના છે બલકે તે વખતે હતા તો હું તેવણુને માટે કાંઇક ઉતાવળે મત બાંધી બેઠી હોવસ એમ તમે ન સમજતા; એવણુને વળી પોતાની તોખમને માટે તુમાખ ઘણો છે અને જે વખતની હું વાત કરૂંછ તે વખતે તેવણુનો તોર, તેવણુનો દમામ, તેવણુનો તુમાખ, તેવણુનો મીજાસ અને તેવણુની મમત ઓરજ હતાં. એવણુને કાંઇ એમજ માનવાને કારણુ મળ્યું કે તેવણુની પરણેતર તેવણુ તરફ બેવફા હતી અને ટુંકમાં કહું તો લેડી ડડલી પોતાનાં બચ્ચાંને લઇને ચાલી ગેઇ; ત્યારબાદ લાંબે વખતે સર તેલબોટને ભાન આવ્યું કે તે ગેરઇનસાફી નીવડી ચુકયો

હતો, અને તે બંને મા દીકરીને શોધવાનાં તેણે તુરતા તુરત પગલાં લીધાં, અને તેમાં તે હમણાં થોડાજ મહીના થયા ફાવ્યો; લેડી ઉડલી-ને માટે તેની તે કોશેશ ઘણી અસુરેની થઈ પડી; તે બીચારી ગુજર પામી હતી અને તેણીની બુચી લીલ્યનને હેરોલ્ડ અહીં લઈ આવ્યો,"

" હેરોલ્ડ—તેણીનો પીત્રાઇ ? "

" હા, તેણીનો પીત્રાઇ. "

" ને તેણે તેને કેમ શોધી કાઢી ? "

" તે કાંઈ જાણતું નથી " ડયુક બોલ્યા.

" અને તે જાણવાનું આપણું કોઇનું કામબી નથી " ડચેસે ટાહુકો પુર્યો.

" ખચ્ચીત નહીં, તે શોધના પરીણામથીજ આપણે સંતોષી છઇયે, કેમકે આપણા મંડળમાં આવી એકનો ઉમેરો કાંઈ ડગલે ને પગલે થતો નથી. "

" ખરેખર, તમારી સોસાયટીનો તે એક શણગારજ છે અને મીસ ઉડલીની ખુબસુરતીની જવાન છોકરીઓ કાંઇ રોજ રોજ આસ્માન પરથી પડયા કરતી નથી " સ્લેડે મત આપ્યું.

" કાંય આસ્માનપરથી કાંય ? " ડચેસે અજબ થઈ પુછયું.

"તો આપણે જાણીયેછ કેની કે એ બાબતમાં ભરમ છે." સ્લેડ બોલ્યો.

" એમાં ભરમ શાનો ? જો સર તેલબોટ અને લીલ્યન આગલી પાછલીની કાંઈ વાત કરવાના અખાડાજ કરતાં હોય તો તે વાજબી છે. " ડચેસ બોલી.

" પણ કાંય ? " સ્લેડે બજીદ થઇને પુછયું.

" કદાચ એમ હોય " હવે ડયુક વચમાં પડયો " કે લેડી ઉડલી બીજાં કોઇ નામ હેઠળ કદાચ ગરીબીમાં બીચારી રહી હોય યાતો—પણ એવાં તો સેંકડો કારણો હોય. "

"ત્યારે એ બાબદમાં સર તેલબોટની લાગણી ઘણી નાજુક દેખાયછે" સ્લેડ બોલ્યો.

"ઘણીજ નાજુક—અને તેમ હોય તેમાં નવાઇ નહી, કેમકે લેડી ઉડલીને તેણીના દેશવટામાં જે ખમતું પડયું હોય તેને માટે તો તેવણ પોતાનેજ જોખમદાર ગણેછ કેની ?"

"હા, તે ખરૂં ને મીસ ઉડલી પોતાની મા જેવીજ હોસે."

"નહિ, હું નહિ ધારતો કે તે માયને મળતી આવેછ. તે પોતાના બાપ જેવી વધારે મને તો લાગેછ."

"હા, મનેબી એમજ લાગેછ, બાપને તે દીકરી વધારે મળતી આવેછ, એટલે તેણી મીસ ઉડલી હોસેજ."

"હોસેજ ?" ડયુક બોલી ઉઠયો "તેણી મીસ ઉડલી છે તે વિશે કોઇએ સવાલ ઉઠાવ્યોજ નથી. તમો કેહોછ તેમ તે પોતાના બાપ જેવી લાગેછ એટલુંજ નહિ, પણ લેડી ઉડલીની દુર દેશાવરની જીંદગીથી તેણી બોલે બોલ વાકેફ લાગેછ."

"ત્યારે લેડી ઉડલી કેવી રીતે ત્યાં પોતાની જીંદગી પસાર કરતી હતી તેબી જણાયુંછ કે ?"

ડયુકે ભવાં ચઢાવ્યાં. એ તે કેવો સવાલ એમ તેવણને લાગ્યું, પણ તુરત ડચેસ તેવણની મદદે આવીને ઉભાં.

"હા, મોટે ભાગે માલમ છે. મેં તમોને પહેલેજ કહ્યું તેમ વર્ષો સુધી સર તેલબોટે પોતાની પરણેતર અને બચ્ચાંની સોધ ચલાવી જેને માટે તેવણે મોટે ખરચે આડતીયાઓ રોકયા, જેમાંનો એક તો લગભગ ફતેહ પામી ચુકયો હતો, પણ જરામાં વાત છટકી જવા પામી પણ તે છતાં તેણે તેઓને લગતી બધી વાત સર તેલબોટને લખી, સમજ્યા ?"

"હા હવે મને સમજ પડી, ને જ્યારે હેરોલ્ડને તેણી મલી—"

"ત્યારે તેણીએ કહેલી હકીકત પેલા આડતીયાએ લખી મોકલેલી હકીકતને મલતી આવી" ડયુકે સ્લેડનો વાક્ય પુરો કીધો.

"બરાબર," સ્લેડ બોલ્યો "તદન સંતોષકારક. મહેરબાની કરી તમે કાંઇ એમના સમજતા કે મને તે વિશે કાંઇ વહેમ હતો ! એ કહાંણીજ એવી છે કે મને જરા તે ખુલાસાથી સમજવાનું મન થયું; પણ સર તેલબોટમાં હમણા ઘણો ફેરફાર થયલો લાગેછ, તે ઘરડો થઇ ગયો હોય તેમ લાગેજ."

"ઘણો !" ડયુક બોલ્યો "એ બધી બાબદે એવણપર ઘણી અસર કીધીછ. બસ હવે તો લીલ્યનને ખાતરજ તેવણ જાણે જીવતા હોય તેમ છે. એવણનો જીવ બધો પોતાની દીકરીમાંજ ભરી મુકયોછ."

"ચાલો ત્યારે આજની વરદી શું છે ?" ડચેસે પુછયું.

"હું તો હવે જેરાલ્ડ આગળ જાઉંછ ને સર તેલબોટેબી મને પોતાને ત્યાં બોલાવવાની મહેરબાની કીધીછ તો–"

"જાઓ, જાઓ, સ્લેડ, જરૂર ત્યાં જાઓ. લીલ્યનને અમારી બધાંની દુવાસલામ કહેજો. ગરીબ બીચારી, કેવી થાકી ગેઈ હોસે !"

પ્રકરણ ૨૦ મું.

ડોસન સ્લેડ, ડયુક અને ડચેસ આગળથી નીકળી માળપર જેરાલ્ડના ઓરડામાં ગયો અને તેની ખબરઅંતર પુછી તેને મળી ભેટી તે સર તેલબોટ ઉડલીને ત્યાં ઉડલી હોલમાં જવા નીકળ્યો, જે વખતે લગભગ બપોર થવા આવી હતી.

"સર તેલબોટ ઘરમાં છેકે ?" તેણે ત્યાં જઈ એક નોકરને પોતાના નામનો કાર્ડ આપતાં પુછયું.

"હું જઇને જોવું સાહેબ" ને નોકર ઘણી અદબથી નમીને બોલ્યો "અહીં–બેસો સાહેબ."

ડોસન સ્લેડ હૉલમાં ગયો અને ત્યાંની એક બારી આગળ બહારનો દેખાવ જોતો ઉભો.

થોડેક વારે એક બારણું ઉઘડવાનો તેને અવાજ આવ્યો અને ફરીને જોતાં તેની નજર તેની તરફ આવતા એક સુંદર આકાર ઉપર પડી, જે લીલ્યન ઉડલી હતી.

તેને જોઇને તે પોતે ચોંકયો, પણ તેણીનું પાંપણ વટીક ન હીલ્યું એમ કહીશું તો ચાલશે. કોરસેટની મદદ વગરજ રીટ બંધ બેસતા પહેરેલા શુદ્ધ સફેદ રેશમના, સ્વીસ ભરતકામ અને વેલેનેશીયન ઇનસર્શન સાથના સુંદર રોબમાં, માથા ઉપર ' પોલ ' કોમ્બની મદદથી ગોઠવી મુકેલા વાળ સાથે તે તેની સામે આવીને ઉભી તે વખતે તેને એમજ લાગ્યું કે નીર્મલ હૈયાંની નીરોગી મન અને નીખાલસ દીલની એક કાચી કુંવારી બીનઅનુભવી સત્તર અઢાર વર્ષની કોમળાંગી જાણે તુરતની નરસરીમાંથીજ આવીને તેની સામે ઉભી હતી. ઘડીપલ તેને શક વટીક ગયો કે તેની સામે ઉભેલી તે છોકરી હીલ્ડા ફ્રેન હોયજ નહિ, પણ જેવી તેણીની મોઢાની સીપના જેવી બે ફાડ ઉઘડી અને તેમાંથી લફ્ઝનાં મોતી ખરવા માંડયાં કે તેનો તે શક એક પલમાં ઉડી ગયો.

" સાહેબજી " તેણી તેને શેકહેંડ માટે હાથ આપી બોલી, " શું સુંદર આજની સહવાર છે ? " નહિ, તેણીના ચ્હેરા પર ન ગભરાટ હતો, ન તેણીની આંખોમાં મુંઝવણ હતી કે ન તેણીની ડોકના લેંહેકામાં કશીબી ગુંચવણ હતી ! જો એ બધા તેણીના ઢોંગ હોય, જો એ બધુ તેણીએ તેની સન્મુખ ધારણ કીધું હોય, તો વાહ ! આફ્રીન છે તેની એ હુશીયારી પર એમ તેણે મનસે વિચાર્યું.

તેણે તેણીનો હાથ પોતાના હાથમાં લીધો અને ઘણી અદાથી નમ્યો; નહિ, તેને લાગ્યું કે તે હીલ્ડા ફ્રેન હોયજ નહિ.

"મીસ ઉડલી, હું આજે તમારે સારૂં બધાં ફરતાં ફરતાંઓની તરફના ઉપકારોના ઢગલા લઇ આયો છેઉં—અને હું નહિ ધારતો કે તમારી ખેર આફયત પુછવાની મને કાંઇ જરૂર હોય" તેણીના પીચ જેવા ચ્હેરા તરફ જોઈ તે બોલ્યો.

"બધાંઓ મારી તરફ ઘણાજ માયાળુ છે" તે હસીને બોલી, "હા, હું ઘણી સારીકાંની છેઉં—થાકે મારી ઉપર કશીબી અસર કીધી નથી, ને તમે ?"

"પુછવાની કાંઇજ જરૂર નથી, મીસ ઉડલી" તે બોલ્યો, "ગેઇ રાતની મજાહજ એવી હતી કે સીક માણસ સાજું થઇ જાય તો જો કે લોર્ડ વીવ્યનના બાબમાં સદંતર ઉલટુંજ બનેલું છે. તે બીચારો માથાંના દુખારાએ બીછાને પડયો છે. હમણાં હું ત્યાંથીજ આવ્યો, મેં તેને પુછયું કે મીસ ઉડલીપર કાંઇ કહેવડાવવું છ ? તો તેણે કહ્યું કે કાંઇજ નહિ. જે કહેવું હશે તે પોતે જાતે કહેશે."

"ખરેખર એ બીચારાને વાસ્તે હું ઘણી દિલગીર છેઉં—મને લાગું'તુંજ કે એ બધી ધધુખર એનાથી નથી ખમાવાની. તમુને હેરોલ્ડ મળ્યો ?"

"નહિ, અહીં આવતાં કોઇ મારી નજરે નથી પડયું."

"નહિ ? એ ત્યાં બાગમાંજ હતો—ઉભા રહો, હું પપાને બોલાવી લાઉં." અને સ્લેડ કાંઇબી બોલે તે અગાઉ તેણી ત્યાંથી ચાલી બાગમાં ઉતરી ગેઇ.

ડોસન સ્લેડ હવે ઘણા ઉંડા વીચારમાં પડયો. ત્યારે શું તેને ગઇ રાત્રે અમસ્થુંજ લાગ્યું કે તે હીલ્ડા ફેનજ હતી ? હમણાં નહિ તેણી ગભરાયલી લાગી, નહિ ગુંચવાયલી લાગી કે ના તેણીની આંખનું એક પાંપણુ વટીક હીલું હતું ! ત્યારે તો તે ફક્ત હીલ્ડા ફેનને કાંઇ અજબ કીસમે મળતીજ આવતી હોવી જોઇએ !

વળી પાછું તે બારણું ઉઘડયું, અને સર તેલબોટ પોતાની દીકરીના હાથનો ટેકો લઇ અંદર આવ્યા.

ડોસન સ્લેડે જ્યારે તેવણને જોયા હતા ત્યારે તેવણ ઉંચા, સરોવર જેવા સીધા અને કઠોર ચ્હેરાના હતા, એટલે તેવણની સામે આવી ઉભેલા કમરમાંથી વાંકા વળેલા, ચ્હેરાપર નરમાશવાળા તે બુઢ્ઢા સાથે તેણે આગળ જોયલા સર તેલબોટની કાંઈ સરખામણી તે હાલ કરી શકયો નહિ.

"મી૦ સ્લેડ હા, બરાબર" સર તેલબોટે સ્લેડને શેકહેન્ડ કરતાં કહ્યું, "તમુને જોઇને ઘણોજ ખુશી થયો પણ ગેઈ રાતની હાડમારી ને ઉજાગરીથી તમે થાકયા નથી, એ અજબ છે? મી૦ સ્લેડ, તમે તમારો પાર્ટ ઘણોજ સરસ કીધો, તમે ખરેખર મેં ગઇ રાત્રેજ ડચેસને કહ્યું તેમ સ્ટેજના એક સીંગાર જેવા છેઓ, ડયુક અને ડચેસ કેમ છે? જેરાલ્ડને માટે સાંભળી દિલગીર છેઉં, એના તો તમે ઘણા અસલ ફ્રેન્ડ કેની? પણ તમે કેટલાં વર્ષે થયાં—"

"છએક વર્ષે હું અહિં આવ્યો. સર તેલબોટ એટલાં વર્ષે હું ઈંગ્લાંડમાં હતોજ ક્યાં?"

"બસ ફર્યાજ કરતા તા કે? કયાં કયાં ફર્યા?"

"ઘણી જગ્યાઓ જોઇ, એટલી બધી જગ્યાઓ મેં જોઇ કે મને પોતાને તેમાંની કેટલીકનાં નામ પણ યાદ નથી; છેલ્લે હું અમેરીકામાં હતો."

"વાહ? નવીજ દુનિયા, અમારા વખતમાં તો અમે એવે ઠેકાણે કદી દુર જતા નહિ."

"હાજી" ડોસન બોલ્યો અને પછી પોતાની નજર લીલ્યન પર ઠેરવી રાખી તેણે કહ્યું "ને છેલ્લે હું સેન ફ્રાનસીસ્કોમાં હતો."

તે બોલી રહ્યો કે લીલ્યન ઉઠી અને એક ફુલાવર વાઝમાંથી

નીકળી પડેલું ફુલ સરખું કરવા તે ટેબલ આગળ ગઇ. તે તેણીએ પાણું બરાબર મુક્યું અને જે તુરામાંથી તે સરી પડયું હતુ તે તેણીએ સરખો કીધો.

"હા, પણ તમે હવે ઇંગ્લંડ આયાછ તે માટે દિલગીર તો નથીની ? ને તમુને પાછા પોતાને પડખે આવેલા જોઇ ઇંગ્લાંડ તો દિલગીર નથીજ, કેમકે તમારાં જેવાં મોટાં માણસને અમે સ્પેર કરી શક્યેજ નહિ. જુઓની તમારીથી કાલનાં ગેધરીંગને કેવો રંગ મલ્યો ? તમારીથી તો મારી દીકરીનું એકટીંગ શોભી રહ્યું'તું, ને ખરેખર તે ફતેહજ પુરવાર થયું."

"હા ઘણુંજ ફતેહમંદ—મીસ ઉડલીનું એકટીંગ ખરેખર તમે કહોછ તેમ ઘણુંજ ફતેહમંદ હતું."

"હું તેણીનો બાપ છેઉં તે છતાં મારે મનસે તો તે એક અજાયબીજ હતી. અને મી૦ સ્લેડ લીલ્યનની એ માત્ર પહેલીજ કોશેશ જોતાં લીલ્યન જે બજાવી શકી તે જાણે મારા માન્યામાંજ નથી આવતું."

"હા, તેવણુની આય પહેલીજ કોશેશ !"

"ત્યારે આ જઇફ આદમી જાણુતો નથી કે તેણી હીલ્ડા ફેન તરીકે જણાયલી હતી !" તેણે વિચાર્યું "ને તેણીએબી એ વાત તેની આગળ છુપાવેલી લાગેછ."

"હવે તો અહીં થોડો વખત રહેશો કેની ?" સર તેલબોટે તેને પુછયું.

જવાબ આપવા અગાઉ તે એક મીનીટ થોભ્યો; તેની અને લીલ્યનની આંખ એક થઇ, અને તે સમજી ગયો.

"તે તો સર તેલબોટ, સંજોગ ઉપર આધાર."

"વારુ, પણ તમે અમો લોકને ભુલતા ના; ઉડલી હોલને ત-

મારૂં એક બીજું ઘરજ મહેરબાની કરીને સમજજો, પણ હેરોલ્ડ આજે ક્યાં રહ્યા ? તમે સ્લેડ, આર્ટીસ્ટબી છેવોની ? તમે ઘણું સારૂં પેન્ટ કરી શકોછો, એમ મેં સાંભળ્યુંછે."

"આર્ટીસ્ટ ? હું ? જો મારા સંબંધમાં અને જે હું ચીતારી શકુંછું તેના સબંધમાં તમે એ બોલ કોઇ સાંભળે તેમ બોલશો. તો મને બીહીક છે કે ચીતારાઓનું મંડલ તમારી ઉપર લાયબલની ફર્યાદી ઠોકશે."

"એમ ? ત્યારે એ ઉપરથી મારે એવું અનુમાન કરવું કે એ લાઇનમાં તમે ઘણું સારૂં કરી શકો તેવી બુદ્ધિ તમારામાં છેજ. ત્યારે ચાલો આવો મારી પીકચર ગેલરી તમુને દેખડાઉં—તમે તમારૂં મત આપજો."

"મોટી ખુશીથી, સાહેબ, ચાલો."

એમ કહી તે બંને ઉઠયા અને લીલ્યનને પોતાના બાપના હાથને ટેકો આપવાની ફરજ પડી એટલે તે પણ તેઓ સાથે ચાલી.

તે વખતે જો લીલ્યનની છાતીપર કોઇ હાથ મુકી જોતે તો તેણીનાં હૈયાના ધબકારા જોઇનેજ તે ડરી જતે !

અને લીલ્યને તો જતાં જતાંજ મનસે ગાંઠ વાળ્યો કે હવે કમબખ્તી થવાની ખરી ! કાંય, તે એમ બીધી કાંય ?

તે આપણે આગળ જોઇશું.

પ્રકરણ ૨૧ મું.

સર તેલબોટે પોતાને ત્યાંના પીકચર ગેલરીની વાત કાઢીનેજ લીલ્યનની છાતી ધડકવા લાગી, અને જ્યારે તે સ્લેડને તેવણે દેખાડવાની ઓફર કીધી અને સ્લેડે તે ઓફર ઉપકાર સાથે કબુલ રાખી ત્યારે તો લીલ્યનને લાગ્યું કે તેણીની ભવિષ્યની ખાનાખરાબીની આજ ખરી શરૂઆત હતી.

તેઓ ત્રણે તે હોલમાંથી બહાર નીકળ્યાં. લીલ્યનના પોતાના હાથમાં લીધેલા હાથને પોતાના બીજા હાથે ચાલતાં ચાલતાં પસ્વારતા તેવણને સ્લેડે જ્યારે જોયા ત્યારે ડચેસનુ કહેવું તેવણના સંબંધમાં તેને ખરૂંજ લાગ્યું કે બસ હવે તો તેવણ લીલ્યનને ખાતરજ જીવતા હોય તેમ હતું. એવણનો જીવ પોતાની એ દીકરીમાંજ ભરી મુકયો હતો.

એક દાદર ચ્હડયા પછી લીલ્યને સર તેલબોટનો હાથ હવે પોતાના હાથમાં લીધો, જે હીલચાલ ગમે તેવી નજીવી હતી છતાં સ્લેડની બારીક નજર આગળ તે છુપી રહી શકી નહિ હતી.

ગેલેરી આગળ આવતાં સર તેલબોટ પોતાને ત્યાં આવેલા તે પરોણા તરફ ફર્યો અને બોલ્યો કેઃ—

" ઘણોજ નજીવો અને કંગાલ સંગ્રહ છે, મી૦ સ્લેડ. "

" સર તેલબોટ તમે આય સંગ્રહને નજીવો કહો તો સરસમાં સરસ કોણને કહેવો તેના વિચારમા હું પડયોછ " પીકચર ગેલેરીમાં દાખલ થતાં બધે નજર ફેરવી સ્લેડ બોલ્યો. તેઓ ત્રણે—તે બાપ બેટી અને સ્લેડ હળવે હળવે આગળ ચાલ્યાં.

" તમે અમારાં કુટુંબની સબી જોઈને શું કરશો, મી૦ સ્લેડ ?"

" મને તેજ જોવા ગમેછ, સર તેલબોટ કેમકે માણસના ચ્હેરા જોઇ તેમનાં લક્ષણ વાંચનાર તરીકે હું મશહુર છઉં: ચ્હેરો જોવાથી આપણને એક ઈનશાનનો જેટલો અનુભવ થાય છે તેટલો તેના સમાગમમાં આવવાથી થતો નથી. મારી અસલથીજ વલણ એ છે અને વળી એક વાર જોયલો ચ્હેરો મારી યાદદાસ્તમાંથી કદી ભુલાતો નથી " એમ બોલી તેણે ધીરે લીલ્યન તરફ નજર ફેરવી અને તે ત્યાંજ તેણીના ચ્હેરાપરજ ચીટકી રહી. જે વખતે તે આ શબ્દો બોલ્યો હતો તે વખતે તેણી પોતાની ડોક નીચી કરી તેણીના ડ્રેસમાંથી નીકળી પડી નીચે પડેલાં એક ફુલ સાથે પોતાનાં બુટના ટો

વડે રમતી હતી. જેવું તે પોતાનું બોલવું પુરૂં કરી રહ્યો કે તેણીએ ઉચ્ચુ જોયું અને તે બંનેની આંખો એકમેકની સામે થઇ ગઇ, અને તે વખતે સ્લેડને લાગ્યું કે તેણીના હોઠ ઉપર ધીક્કારનું કાંઇક ઝાંખું હસવું રમી રહ્યું હતું, અને હજી તો તે કાંઈ વધુ વિચારમાં ઉતરે તેટલાં તેણીએ તુરતજ નીચું જોયું અને પેલાં નીચે પડેલાં ફુલ સાથની–. પોતાની રમત તેણીએ પાછી ચાલુ કીધી.

"ત્યારે એ તો એક ખુદરતી બક્ષેસ કહેવાય" સર તેલબોટ બોલ્યા "અને ઘણી આસાધારણ બક્ષેસ એ કહેવાય, જો કે બીજાઓ તેને માટે કદાચ ઉલટુંજ મત આપે, પણ ચ્હેરાપરથી માણસને ઓળખવાની શક્તી ઘણાંઓને ગળે ખુટે એ તમારે નક્કી માનવું. એવા મારા વખતમાં મેં ઘણા 'કેસ' જોયા છે. લેવોની તમુને તેને લગતો એકજ દાખલો આપું. બધી વિગત તો હવે મને યાદ નથી, પણ તે 'કેસ'માં ઠગનારે પોતાના મોત સુધી પોતાની ઠગાઇનું ફળ–એક મોટી જાગીરની આવક–ચાખ્યું હતું. અને તેને કોઇજ ઓળખી શક્યું નહિ, અને–તે એ ધારણ કીધેલાં નામ હેઠળ છેવટે દટાતેબી પણ છેલ્લી ઘડીએ તેનું અંતઃકરણ ડંખ્યું અને તેણે એકરાર કરી દીધો. તે વખતે તે લુચ્ચાએ વળી એમબી કબુલ કીધું કે તેની એ ઠગારી જીંદગી દરમ્યાન સુખનો કે નચીંતાઈનો એકબી દહાડો તેણે ભોગવ્યો નહતો."

"તે પકડાઇ આવવાની ધાસ્તીએ હોય યા તો હકદારના ત્યાં આવી પુગવાથી તેમ હોવું જોઇએ." સ્લેડે ટાહુકો પુર્યો.

"નહિ, તેમાંના એકબી સબબે નહિ, પણ મને જ્યાં સુધી યાદ છે ત્યાંસુધી તો તેણે ખરા હકદારને મારી નાખી પોતાની ઓળખ ખરા હકદાર તરીકે એવી સાબેત કરી આપી કે–કાંય, દીકરી લીલ્યન શું છે?" તેણે આગળ અટકી પડી પુછ્યું. કેમકે તેના હાથમાં મુકેલો તેણીનો પોતાનો હાથ તેણીએ એક ઝીણી ચીસ પાડી ખેંચી લીધો હતો.

"ઘણી બેહદ ગરમી છે, નહિ?" તે બોલી.

"હા, હા, બરાબર છે, દીકરી, ને હુંબી કેવો મૂર્ખ કે આવી વાહીયાટ વાતોથી મેં તુંને બીવરાવી મારી. બારી ઉઘાડ—સ્લેડ જરા મેહેરબાની કરી બારી ઉઘાડશો?" પણ સ્લેડને એ અરજ કરવાની જરૂરજ નહતી. કેમકે ગરમી વીશે વાત નીકળતાંજ તે ત્યાંની બારી ઉઘાડવા દોડી પહોંચ્યોજ હતો, અને ત્યાંથી પાછો ફરતાં તે પોતાના હાથમાં એક ખુરસીબી સાથે લેતોજ આવ્યો.

તે ખુરસી તેણીએ નરમાશથી પણ મક્કમપણે નાકબુલ રાખી.

"નહિ, થેંકસ, મારો કાંઇ જીવ ફરતો નથી પણ ખરેખર ગરમી છે કેની? કે તમો બધા અમસ્થા એમ કેહોછ? પછી પપા, પેલાનું શું થયું?"

"નહિ, દીકરી, હવે તે વાત જવા દે, ચાલો આપણે અહીંથી પાછાં જઇયે, મી૦ સ્લેડ બીજી વખતે પીકચર ગેલેરી જોઇ શકશે"

સ્લેડેબી તેમ કરવાની પોતાની મરજી દેખાડી અને તેણે બારે ડોળે જોયું તો લીલ્યનના ચ્હેરાપર નીરાંત વળેલી તેને દેખાઇ પણ સર તેલબોટના બોલવાથી તે જરા વારમાં ફીકી ગઇ.

"ત્યાંથી ચાલોની, લીલ્યન આય તારા રૂમ આગળનો ટુંકો રસ્તો મારી દીકરી તું તારા રૂમમાં જા અને આસાએસ લે."

"વારૂ પપા તમે કેહોછ તો તમુને મારે રાજી રાખવાજ જોઇયે." એટલું બડબડી તેણીએ ત્યાંથા ચાલુ મુંકયું.

એમ તેઓ બધાં પાછાં ચાલ્યાં અને તેણીના ઓરડા તરફ જવાનો ટુંકો માર્ગ લેતાં તેઓ પીક્ચર ગેલેરીના તે મુખડા પર આવ્યાં કે જ્યાં ફેમીલી પીકચરો ટાંગેલાં હતાં. વાંચનારને તે ભાગની ઓળખ આપવા અમારે કહેવું જોઇયે કે તે તેજ ભાગ હતો કે જ્યાં હેરોલ્ડને તેની સીગારની મોજ લેતો બેસ્વાની તેના કાકાજીની, પર-

વાનગી હતી. હવે ત્યાંથીજ લીલ્યનના પોતાના રૂમમાં જવાનો રસ્તો હતો અને તેથી ત્યાં આવી લાગતાં ડોસન સ્લેડને બાઉ કરી સર તેલબોટના હાથમાં પોતાનો હાથ ભેરવેલો રાખી તે પોતાના રૂમપર જવાના રસ્તા પર ફરવા જતી હતી, તેટલાં તે એકાએક થોભી અને પાછી ફરી બોલી—

"નહિ, પપાજી મારા રૂમમાં તો ઉલટી ઘણીજ ગરમી હોસે ને હવે મારો જીવ જરા ઠીક છે, તેથી તમારી સાથે ફરૂંછ, પપાજી હવે બારી ઉઘાડી છે એટલે અહીં જરા ઠંડક છે."

લીલ્યનનો બોલ તે તેના પપાને મનસે હુકમ જેવો હતો, એટલે તેવણુ તેને લઇને પાછા ફર્યા અને પેલી ગેલેરીમાં આવ્યા.

પહેલે તો તેઓ ઉડલીના ઘણા અસલના વડવાઓ આગળ આવ્યા અને જેમ જેમ હાલના વખતના નામીચા ઉડલીઓની સબીઓ આગળ આવતા ગવા તેમ તેમ સ્લેડના કપાલપર કરચલીઓ વળતી ગઇ; તેને ને સબીઓ સાથે કશુંજ કામ નહિ હતું. તેને તો લીલ્યનની માય લેડી ઉડલીની સબી જોવાની હતી. તેણે તો સરખામણી કરવાની હતી કે તે સબીમાંનો ચ્હેરો તેણે સેન ફ્રાનસીસ્કોમાં જોયલી પેલી જઇફ અબલાના તેની નજરે પડેલા ચ્હેરા સાથે મળતો આવે છે કે નહિ. તેણે તો જોવાનું હતું કે સર તેલબોટની દીકરી તેજ હીલ્ડા ફેન અને લીલ્યન હતી કે બેઉ જુદીજ હતી. અને એ સવાલો તેણે ધાર્યું કે થોડીક મીનીટમાં દૂર થઇ જશે.

"અલબત્ત" તેણે પોતાનાં મનસે તકરાર લીધી "લેડી ઉડલીની સબી જે તેની નજરે પડશે તે ઘણાં વર્ષ ઉપર તૈયાર કરવામાં આવી હશે પણ તે છતાં તેણીનો ચ્હેરો કાંઇ એટલી હદ સુધી છુપો નહિ રહી શકશે કે તેનો મુકાબલો પેલી જઇફ અબલાના ચ્હેરાં સાથે નહિજ થઇ શકે. હા, જો તે જઇફ અબલા લેડી ઉડલી હોય તોજ!"

તે સખી ક્યારે તેની નજરે પડે તેની તેને જો કે ઘણી અધીરાઇ હતી પણ તે અધીરાઇ બહાર નહિજ દેખાય તેની તેણે ખુબ સાંભાલ અને સાવચેતી રાખી હતી.

તેણે હવે પોતાની નજર લીલ્યન તરફ ફેરવી તો તેણીનો ચ્હેરો તદન ઉજલો વાખ જેવો તેને લાગ્યો, પણ જેટલો તેને તે ચ્હેરાના ફીકાસે અજબ નહિ કીધો તેટલો તે ચ્હેરો તદન શાંત જોઇને તે દંગ થઇ ગયો.

સર તેલબોટને તો તે બેઉનાં દીલમાં શું શું થઇ રહ્યું હતું તેનો કશોજ સ્વપ્નો નહિ હતો.

“આય હાલના વખતનાં ઉડલીઓ મી૰ સ્લેડ” તેવણ પીકચરોની એક હારમાળા તેને બતાવતાં બોલ્યા. “જુવો બધી સબીઓ, તેમાં બતાવેલાં આદમીઓ—મરદો અને ઓરતો—માં બહાગ્નોજ માત્ર ફેરફાર, બાકી ચ્હેરો તેઓનો જુવો તો બસ ઉડલીનોજ છાપ—ઉડલીનીજ શીકલ. દાખલા તરીકે, જુવો આય મારા બાપનો બપાવો, તેની આંખ જુવો, પેલી સબીમાં પેલા ઉડલીની આંખોને કેવી મળતી આવેછ! ને આય મારાં બપાઈ જેવણુનો નમુનો જુવો આય રહ્યો” એમ કહી તેણે હસીને લીલ્યનને બતાવી, અને તેણે તેને ધારી ધારીને જોઇ તે છતાં ઓ, અજાયબી પર અજાયબી! ના તેણે તેના ચ્હેરાપર ફેરફાર જોયા કે ના તેણી કોઇ વાતે ગભરાયલી દેખાઇ!

“હા, સર તેલબોટ બરાબર છે.” તે ફક્ત એટલુંજ બોલ્યો.

“તમારીબી ખાતરી થાયછ કેની? મેં તો એ આવીને આવી કેજ જોયું અને ત્યાર પછી એ મળતાપણું હું હમેશ જોતો આયોછ; લીલ્યનની આંખો મારાં માયજીનાં જેવી છે અને ચ્હેરાનો કલ્લો તો તેણીની હડપચી આગળથી મારા પીતાજીના જેવો છે, જુવો આય પેલા તેવણુ અને તેવણુને મલતો તારો સેવક હું પોતે.”

સર તેલબોટે જે ઉપર તેનું ધ્યાન ખેંચ્યું તે સબીઓ સ્લેડે જોઈ અને સર તેલબોટ પછીની સબી તેવણુની પરણેતરની આવ-વીજ જોઇયે એમ મનસે નક્કી માની લેઇ તેવણુની પાસેની સબી પર તેણે નજર ફેરવી તો તેની પોતાની નીરાશી વચ્ચે તેણે તે સબીને બંધ જોઇ !

"આય સબી મી० સ્લેડ બંધ કીમેલી છે. કાંય તે હું તમને સમજાવી શકતો નથી પણ એટલુંજ કહીને હું મુગો રહુંછ કે તેમ કરવાનું એક અગાધ દુ:ખે મને કારણ આપ્યું છે, એ મારી પર-ણેતરની સબી છે. તમો તે જોવાની ઘણી હોંસ ધરાવતા હોવ તેમ મને લાગેછ ?"

"તેમ તમને મેં માલમ પડવા દીધું હોય તો સર તેલબોટ હું દિલગીર છઉં ને માફ માંગુછ." સ્લેડ બોલ્યો અને તેણે જોયું કે તે વખતે સર તેલબોટનો ચ્હેરો ફીક્કો અને લાગણીથી ભરપુર હતો.

"પણ, કાંઇ નહિ. મારે તમુને તે સબી દેખાડવી છે" સર તેલબોટ બોલ્યા "કાંય નહિ ? એની ચાવી હું—લીલ્યન દીકરી તે ચાવી તારી—"

"ચાવી ? પપાજી તે તો મારીથી ગુમાઇ ગેઇ ? મેં તમુને કહ્યું'તું —તમે ભુલી ગીયા ? લીલ્યન બોલી ઉઠી અને વાંચનારે ખાતરીથી માનવું કે તેણી હડહડતું જુઠુંજ બોલી હતી.

સર તેલબોટે તેણી તરફ જોયું અને પછી તેણીનું માથું પસ-વારી તેવણ બોલ્યા—

"વારૂ, વારૂ, દીકરા તારી મરજી, તું જેમ કહે તેમ. એ સબી મી० સ્લેડ સદાનીજ બંધ થયલી સમજો."

"અલબત્ત સાહેબ, જેવો તમારો હુકમ." સ્લેડ બીજુ શું બોલે ?

"ને આય મારો હેરોલ્ડ—છેલ્લો ઉડલી કેવો છે ? ફાંકડી સબી છે."

"ઘણુંજ સરસ કામ કરવામાં આવ્યુંછ, પણ મીસ ઉડલીની સખી કયાં છે?"

"હજી જરા વાર છે, સ્લેડ," સર તેલબોટ બોલ્યા "તે સખી વળી એવી આવશે કે તેની સુંદરતામાં તે બધીને ભુલાવશે. હેરોલ્ડની પાસે તેને મુકશું, કેમ?"

"મીસ ઉડલી, સર તેલબોટ, તમો બેઉ મહેરબાનો પાસે હું ફક્ત એક મહેરબાની માંગુ?"

"મેહેરબાની? તે શું?" સર તેલબોટે હસીને પુછ્યું.

"મારાં બોલવાને કદાચ તમો બંને શેખી તરીકે માની લેશો, અને ખરેખર હું પેન્ટીંગ કાંઈ એવું ઉંચ કીસમનું જાણતોજ નથી કે આય આવા મોટા નામીચા કારીગરોના હાથનાં કામ આગળ મારૂં કોઇબી કામ મુકાવાને માટે બરોબરી કરી શકે, તે છતાં મારા તુચ્છ હુન્નરની કસોટી કરવાની જો મીસ ઉડલી મને રજા આપશે તો હું ઘણોજ ખુશ થઇશ."

"કેમ, લીલ્યન ડીયર, શું વિચાર! આહ! એક બાનુની ચુપકીદી તે તેણીની પરવાનગી સમજવી; ઠીક છે, સ્લેડ, તમારો હાથ અજમાવી જુવોની એમાં શું છે? મારી લીલ્યનની કાંઇ એકજ સખીથી મારો જીવ કાંઇ ધરાવાનો નથી. એક તો ખાસ મારા ઓરડાને માટેજ જોઇશે કે જેને હું મારી પોતીકી તરીકેજ લેખી—માની—અને કેહી શકું."

"મેહેરબાની તમો બેઉ મેહેરબાનોની, પણ હું અરજ કરીને માંગી લેઉંછ કે મારીથી તમો બેઉ યા બેઉમાંથી એકબી ઘણાં મોટાં અને નામીચાં કામની આશા રાખવી નહિ; નહિ તો તમો નીરાશ થઇ મને નાસીપાસ કરશો. તમારી મરજી છે મીસ ઉડલી?"

"તમને તેમાં મેહેનત જેવું ન હોય તો મને અડચણ નથી" તે બોલી.

"ત્યારે મને પહેલી સીટીંગ ક્યારે આપશો ?"

"અરે તે આપણે જમતાં જમતાં નક્કી કરશું, મી○ સ્લેડ" સર તેલબોટ બોલ્યા "ચાલો લંચનો ઘંટ થયો, પણ હેરોલ્ડ ક્યાં રહ્યા ?"

"મી○ હેરોલ્ડ નાસ્તો ખાઇને સ્વારી પર ગીયાછે સર તેલબોટ" એક નોકરે તેવણુને ખબર આપી.

"પણ કહાં ? જા, જો તેવણુ પાછા આયાછે કે ?"

પણ પેલો આદમી ત્યાંથી જાય તેટલાં તો 'સેતાનનું નામ લેવો અને તે આવેલોજ સમજો'ના તોરથી તેજ બએ ત્રણ ત્રણ કાંએ દાદર ચઢતો ત્યાં આવી લાગ્યો; તે ડોસન સ્લેડને ત્યાં જોઇ જરા થંબ થઇને ઉભો. બેઉની આંખો મળી અને બેઉએ એકમેકનાં અંતઃકરણનું માપ તેજ વખતે લઈ લીધું.

પ્રકરણ ૨૨ મું.

પોતાનું ઓઇલ પેન્ટીંગ તૈયાર કરવાની મીસ ઉડલીએ સ્લેડને આપેલી પરવાનગીનો લાભ લેતાં સ્લેડ વખત લગાડે તેવો તે કાચો નહિ હતો. જેવો તે ત્યાંથી ડયુકને બંગલે ગયો કે તુરતજ તેણે પોતાના ફરમાબરદાર નોકર લુઇને તે કામ માટે જોઇતી જણુસ લેવા લંડન દોડાવ્યો અને તે બધું લઇને ઘણુંજ જલદી પાછું ફરવાની તેને તેણે ખાસ તાકીદ કીધી.

પોતાનો શેઠ કોઇ કામ જરૂરીનું ધારી તેને તે કરવા ખાસ તાકીદ કરે એટલે તે કેમ કરવું તેની લુઇને ઘણીજ સારી માહીતી હતી અને તે માહીતી તેવાં કામો કરવાની તેની ચાલુ આદતને

આભારી હતી. અને તેથી અમે એમ જયારે કહીશું કે સ્લેડને જોઇતો બધોંજ સામાન બીજે દહાડે તેના રૂમમાં ગોઠવાઇ ગયો ત્યારે વાંચનારને અજબ થવાનું કાંઇ કારણુ રહેશે નહિ.

હવે સ્લેડ ખંધો હતો, તે સામગ્રી એમ તેની ધારણા પ્રમાણે તેના ઓરડામાં ઝડપથી આવી પડી પણ તુરતજ તે સર તેલબોટના ઉડલી હોલમાં લઇ જવાની અસાધારણ ઉલટ તેણે બતાવી નહિ. કેટલાક દિવસ તો તે ઉડલી હોલ તરફ ફડકયોજ નહિ, અને જો તેટલા દિવસોમાં સર તેલબોટ અને મીસ ઉડલી ડયુક ડચેસને મળવા ત્યાં આવતાં તો તે ટોપી પહેરી બહાર ચાલી જતો હતો.

પણ તેથી કાંઇ લીલ્યનને તે ભુલી ગયો હતો એમ તમોએ ન માનવું. રાત ને દહાડો તેણીનોજ ખ્યાલ તેને હતો અને તેણીની આસપાસ એવો તે શું ભરમ વીંટળાયલો હતો તે શોધી કાઢવા તે પોતાનું ભેજું પોચું કરતો હતો. લીલ્યનના સંબંધમાં કાંઈ ભેદ હતોજ એમ–તેની પુરેપુરી હવે ખાતરી થઇ ચુકી હતી. તેણે એમબી માનીજ લીધું કે લીલ્યનેજ પેલી લેડી ઉડલીની સબી તેની સામે ખુલી કરવાના અખાડા કીધા હતા; પણ તેમ તેણીએ કાંય અખાડા કીધા હતા તેની તેને સમજ પડી નહિ. હવે જો કોઇ લીલ્યનને ચાહતો હતે તો તેણીની આસપાસ વીંટલાયલા આ ભેદ–આ ભરમથી તેનો પ્યાર ઠંડો થઇ જતાં વખત નહિ લાગતે, પણ ડોસન સ્લેડ કાંઈ જુદાજ પ્રકારનો મરદાને મરદ હતો. લીલ્યન માટેનો પ્યાર, હીલ્ડા ફેન માટેના તેના પ્યાર કરતાં ઘણોજ મજબુત અને ઘણોજ જોરાવર હતો.

છેક પાંચમે સાતમે દહાડે તે ઉડલી હોલમાં ગયો. તેની સાથે પેલો બધો સામાન લઇ તેનો લુઇ ગયો હતો. મી૰ સ્લેડને સર તેલબોટે દીલોજાની ભરેલો આવકાર આપ્યો.

“ હું તો જાણું, મી૰ સ્લેડ કે તમે મારૂં કામ ભુલીજ ગયા” સર તેલબોટ તેને શેકહેન્ડ કરતાં બોલ્યા.

" હું આશા રાખું છું કે મીસ ઉડલી પોતાનું વચન નહિ ભુલ્યાં હોસે ? "

" ત્યારે તે ઉડલી ખાનદાનની કહેવાયજ કેમ ? નહિ સાહેબ તેણીને માટે હું જામીન છેઉં. એક ઉડલી-મરદ યા ઓરત-પોતે આપેલું વચન તોડે તો તે ઉડલી કહેવાયજ નહિ. ચાલો આવો એ ક્યાં છે તે આપણે શોધી કાઢીએ."

પણ તેઓને તેને માટે ઝાઝું રખડવું પડયુંજ નહિ, કેમકે સ્લેડની સાથે વાત કરવાનો સર તેલબોટનો સાદ સાંભલી તે પોતેજ દાદર ઉતરી આવી અને તે બેફીકરી જોતી દાદરના કઠેરાપર પોતાનો હાથ ટેકવી તે ઉભી રહી.

" લે, લીલ્યન મી૦ સ્લેડ હથીઆર બંધ થઇને આયાછે, ને આપણે તો ધાર્યું'તું કે કદાચ એવણને યાદ-"

" નહિ, પપાજી, મેં ધાર્યું'તું નહિ, મેં તો ચાહ્યું'તું કે એવણને એ વાત યાદ નહિ રહે તો સારૂં."

" કાંય વારૂં, મીસ ઉડલી એમ કાંય ? " સ્લેડે તેણીની ગમ જોઇને પુછ્યું.

" એટલે તમે એ કંટાલામાંથી બચો. મારાથી હીલ્યા ચાલ્યા વગર ઠરીઠામ બેસાશે નહિ હું કાંઇ સારૂં સીટીંગ આપી શકશ નહિ."

" તેમ હુંબી ધીરજ ખોહી બેસનારો આદમી નથી ને જેવો તમે થાકનો બોલ મોંઢેથી કાઢશો કે મારા હાથમાંથી પીછી સરી પડી એમજ સમજજો."

"ઠીક ત્યારે જો જો હં-ફરી ના જતા" તે ચ્હેરો શતિ રાખી બોલી.

" ચાલો ત્યારે હવે સ્ટુડયોનું કેમ ? તમને લાઇટ બરાબર જોઇયે એટલુંજ કેની સ્લેડ ? ગેલેરી ઉપર બહાર જગ્યા કરાઉં, તો કેમ ? "

" ઘણીજ સરસ ! " સ્લેડ બોલ્યો.

• ત્યારે બહાર ગેલેરીપર બધો સામાન ગોઠવવાને લુઇને હુકમ થયો અને તે બાદ નોકરોવાલા ખંડમાં જઇ તેને રીફ્રેશ થવાનું ફરમાવવામાં આવ્યું.

મગજ ઠંડુ રાખી, સ્લેડે ઇઝલ, પેલેટ, બ્રશ વીગેરે બરાબર ઠીકઠાક કર્યું જે બધું સર તેલબોટ હસ્તે મ્હોડે જોતા ઉભાજ રહ્યા.

"ચાલો મીસ ઉડલી તમો તૈયાર છેવો?" તેણે લીલ્યન તરફ જોઇ પુછ્યું.

"હા, બોલો શું કરૂં હવે? ડ્રેસનું કેમ? આયજ ચાલશે?"

સ્લેડે તેણીને જાણે આય રીમાર્ક અગાઉ જોઇજ નહિ હોય તેમ ધ્યાનથી તેણીને જોઇ અને બોલ્યો—

"હું નહિ ધારતો કે જે સબી હું ચીતારવા માંગુંછ તેને માટે આ કરતાં બીજો કોઇ ડ્રેસ વધુ લાયક હોય! માત્ર હું કેહું તે કરશો? લેવો આય" એમ કહી તેણે ત્યાંજ ગોઠવી મુકેલાં કુંડાઓમાંથી એક પીલો ગુલાબ તેણીને આપ્યો.

"એને શું કરૂં?"

"એને તમારા વાળોમાં ગોઠવશો તો જે શેડમાં તમારૂં એ પીક્ચર હું કમ્પ્લીટ કરવા માંગુંછ તે શેડ મને મળશે, જોયું, સર તેટબોટ? હું પોતે આર્ટીસ્ટ નથી પણ આર્ટીસ્ટની ત્રીકો બધી મને આવડેછ—ચાલો, મીસ ઉડલી તમે હવે બેસશો?"

"લેવો—પણ પેલા ફોટોગ્રાફરોની માફક તમે એક પલકારામાં મારી સબી પેન્ટ નહિ કરી શકો?"

ત્યારે તે એક હુન્નર કેમ કહેવાય, મીસ ઉડલી? તેમ હોય તો એક પોરટ્રેટ પેન્ટર પોતાનાં કામ ઉપર મરેછ તે બનેજ કેમ? પીંછીના નાના—નાના ટચકાથી એક મોટી પોરટ્રેટ નીપજાવવી એતો તેની ખરેખરી મોજ હોય છે. તમે કોઇ વાર તમારાં પીક્ચર માટે બેઠાંજ નથી કે?"

"નહિ, કાંય વારૂ ? હું કાંઇ હાલ બરાબર બેઠી નથી ?" તેણી બોલી અને તેજ વખતે હીલ્ડા ફ્રેન તરીકે જ્યારે સેનફ્રાન્સીસ્કોમાં તેણી નામના કરી રહી હતી ત્યારે તેણીની પોરટ્રેટ પાડી લેવાનાં કેવા નામચીન ચીતારાઓએ તલખ્યાં માર્યાં હતાં તે તેણીને યાદ આવ્યું.

"નહિ, તેથી ઉલટું તમે એવાં મજેહનાં બેઠાંછ કે મને તમારૂં જે પોઝીસન જોઇયે તેજ મળ્યુંછ."

ગરીબ બીચારી લીલ્યન !

તેણી પોતે પોતાને મનસે પોતાની સબી પડાવવા નહિ, પણ કોઇ જાલેમ દરદનો ભોગ થઇ પડી તે દરદનું વહાડકાપ કરવા આવેલા સર્જન આગળ તેણી બેઠી હોય તેમ તેણીને તે વખતે લાગ્યું.

પ્રકરણ ૨૩ મું.

પીછીના થોડાક આમ તેમના ટચકાથી ડોસન સ્લેડે લીલ્યનનાં સુંદર ઘાટમદાર માથાનું ખોખું દોરી કાઢ્યું. લીલ્યન તેણીની પોતાની જગ્યે તદન બેદરકાર ઢપે જો કે બેઠી હતી તો પણ તેણીની છાતી ધડક ધડક થયા કરતી હતી.

"આહ !" સર તેલબોટ જે તેની આગળ તેના ચાલતા હાથની ઝડપ જોતો ઉભો હતો તે હસીને બોલ્યો. "તમે લીલ્યનની ડોકનો લ્હેકો એવો તો આબેહુબ ઉતાર્યોછ ને તેબી આમ તેમના બે ચાર સપાટામાં ! અજબ—ઘણું અજબ !" અને એટલું બોલી તેવણ ત્યાંથી બહાર ચાલતા થયા.

જેવી તેવણની પીઠ તેની તરફ ફરી કે ડોસન સ્લેડે તેયાર કરેલાં કાર્ડબોર્ડનો એક ચોકસ ટુકડો કાઢયો અને ઝડપથી તે ઉપર એક નાનો સ્કેચ કાઢવા માંડયો પણ તેટલાંજ સર તેલબોટ એક

માણુસના હાથમાં પકડેલી રીફ્રેશમેન્ટની તબક સાથે ત્યાં આવી લાગ્યા કે ઝડપથી પેલો કાર્ડબોર્ડનો ટુકડો સ્લેડે તે પર કોઈની નજર ન પડે તેવી રીતે સાંતી દીધો.

" મારા કરતાં મીસ ઉડલીને કાંઇ રીફ્રેશમેન્ટની વધારે જરૂર છે " તે બોલ્યો અને સર તેલબોટ પોતે વાઇનની બાટલી અને એક ગ્લાસ લઇ તેણીની આગળ આવ્યા પણ તેણીએ ફક્ત ડોકું હીલવીને તે આફ્રર નામંજુર રાખી.

તેટલાં વળી પાછો–કદાચ ડોસન સ્લેડનાં સારાં અને લીલ્યનનાં માઠાં નસીબે–ત્યાં એક બીજો નોકર તુરતનોજ આવેલો ટપાલ સર તેલબોટ આગળ લઇ આવ્યો. અને તેવણુ તે લઇ સ્લેડની દરગુજર ચાહી તે વાંચવા ગેલેરીને પેલે નાકે ગયા કે ઝટ સ્લેડે પેલો નાનો સ્કેચ બહાર કાઢ્યો અને તે ઝપાટામાં પુરો કરી કેથે સાંતી દીધો; હવે તે પેલી મોટી પોરટ્રેટ ઉપર મંડયો અને સપાટામાં તે આખી સબીનું ખોખું પેલા માથામાં ખોસેલા પીળા ગુલાબ અને લીલ્યને પહેરેલાં સફેદ હીંદી મજલીનનાં બલાઉઝની ડોક આગળની ફ્રીલ સુધાં તૈયાર કરી નાંખ્યું, પણ તે છતાં તે ચ્હેરો તેની ઉપરની આંખ્યો વગર અજબ ફીસમે અપુર્ણ લાગતો હતો. હવે તે પોરટ્રેટની ફતેહનો તમામ આધાર આંખ્યોપર હતો. તે જો બરાબર ગોઠવાઇ તો સ્લેડનાં કામમાં કશુંજ બાકી રહ્યું નહિ એમ સમજવું, અને આંખોબી તેને મુકી દેતાં વાર ન લાગતે પણ તેને એમ લાગ્યું કે લીલ્યન હાલ જે દેખાવ ધારણ કરી બેઠી હતી તે માત્ર બહારનો હતો, જ્યારે તેને તો તેણીનો કુદરતી દેખાવ જોઇતો હતો.

'ક્રેયોન' પોતાના હાથની એક આંગલી ઉપર સમતોલ રાખી તે એક મીનીટ થોભ્યો અને પછી આસ્તે રહીને બોલ્યો. "

" તમે થાકી ગયાં ? "

તેણીએ તેની તરફ જોયું, પણ તેણીની આંખોમાં તેણે કશોજ જીવ–કશોજ જાન જોયો નહિ.

" નહિ, જરાબી નહિ. "

" એટલે મારે તો તમો થકો નહિ તેની સાવચેતી રાખવીજ જોઇયે " તે બોલ્યો.

" પણ, મારે જોઇયે ત્યારે હું ઉઠી જાઉં એવું આપણા કરાર-નામામાં છે કેની ? "

"ત્યારે, મારી ગમ એક પલ એમજ જુવો કે હું જાણે કાંઇ તમારો ગુલામ હોવું ને તેને તમો તમારી નજરનાજ માત્ર ઇસારાથી તમારી આગળથી દુર થવા કહેતાં હોવ ! "

તેણીએ તેની તરફ ધારી ધારીને જોયું–પાછી પલકમાં પોતાની આંખોને પાપણથી ઢાંકી દઈ નીચું જોવા લાગી; પણ તેણીની આંખો કેનવસ ઉપર 'ટ્રાન્સફર' થઇ ચુકી હતી.

" મેં હમણાં તમારી આગળ 'ગુલામ' કરીને બોલ વાપર્યો પણ ગુલામગીરી અને ગુલામી ખત આપણા દેશમાંથી અને આપણી હકુમત જ્યાં ચાલે છે ત્યાંથી નીકળી ગયાં છે, અને તેઓ એટલી હદસુધી નાબુદ થયાં છે કે આજનો જમાનો એ બોલનો સાચો અર્થ વટીક હાલ સમજી શકતો નથી. ગુલામી અસલ શું હતી તેનો ખ્યાલજ લેવો કઠણ છે ખરૂં કેની ? ગુલામ ! જેણે પોતાનું તન અને મન વેચ્યું તે પોતાના શેઠ યા શેઠાણીનો ગુલામ ! "

ચુપ–તદન શાંત ચુપકીદી અખત્યાર કરી તેણી તેને ઘણીજ બારીકીથી જોતી બેઠી હતી. ગોયા તેની મોહજાલમાં તેણી લપટાઈ હોય એમ કદાચ ત્યાં જો કોઇ જોનાર તે વખતે હાજર હોતે તો તેને લાગ્યાવિના રહેતે નહિ. રફતે રફતે હવે તેણીને તેના બોલવામાં તેણે સમાવેલો છુપો ભેદ તેણીનાં મગજમાં ઝાંખી રોશની હવે ફેલાવવા લાગ્યો.

"હા આપણે તદન ગુલામગીરીનેજ નાબુદ કરી શકયા છીએ એમ કદાચ કહું તો ચાલે" તે તેણીની તરફ જોઇ જરા હસીને બોલ્યો "પણ એક યા બીજી રીતે આપણે કશાના ને કશાના—કોઇ ધનિશાનનાં કે કોઇ લાગણીનાં ગુલામ તો છઇયે ને છઇયેજ. કોઈ એક ચોક્કસ વીચારનો ગુલામ થઇ રહેછ, તો કોઇ પોતેજ લીધેલા હડહડતા કસમનો ગુલામ બની રહેછ" પણ તેટલાં તો તેણી ચોંકી અને તેણીએ પોતાનું પોઝીશન ખોરવી નાંખ્યું અને તેબી ઝટ પોતાની પીછી અટકાવી ઉભો રહી ગયો. પણ પછી તુરતજ જાણે તેમ કરતાં તેણીને કેટલીક મહેનત પડી હોય તેમ તે પાછી પોતાના અસલ પોઝીશનમાં ગોઠવાઇ ગઇ.

"થેંક્સ" તે બડબડયો "પણ તમુને હું થાકવતો'તો નથી?—કોઇ પોતે ઉતાવળે લીધેલા હડહડતા કસમને વફાદાર રહી ગુલામગીરી અખત્યાર કરેછ અને કોઈ વળી એવી લાગણીને વશ થઇ તેની જંજીરમાં એવાં જીકડાયછ કે તેમાંથી મુક્ત થવાની તેઓની ગમે તેવી મરજી છતાં તેઓથી તેમનાં મનને ગમતું છુટાપણું ભોગવી શકાતું નથી. અને મારા વિચાર પ્રમાણે દુનિયામાં જેટલી કીસમની ગુલામગીરી હસ્તી ભોગવતી હશે તેમાં હું કહુંછ કે મેં છેલ્લી કહેલીના જેવી ગુલામગીરી કોઇજ હોસે. એવો બીચારો એક ગુલામ મને એક વખત મળ્યો હતો. તે દરેક વાતે રંગીલો, મોજીલો અને બધી વાતનું છુટાપણું હદ બહાર ભોગવનારો એક જવાન હતો; તેના સમાગમમાં જે આવે તેને કોઇ દહાડે સ્વપ્નેબી ન વહેમ જાય કે એવો આદમી ગુલામીની જંજીરમાં કોઇ દહાડે જકડાશે. એક વાર તે એવી સાંકળોની સંકડામણોને હસી કાઢતો હતો, અને ગુલામગીરીની કાંઇબી વાત નીકળતાં "ફુ" કરીને કમકમતો હતો પણ એક દહાડો એવો આવ્યો કે આખરે તે પોતાની—સે કહે તેમ—હેજે પુગ્યો."

ત્યાં તે જરા દમ ખાતો થોભ્યો, જે વખતે તેના હોઠ પર કાંઈક ટીકારૂપ હસવું રમી રહ્યું હતું.

"જો કે હું કાંઇ ઘણો હુશીયાર ચીતારો નથી તે છતાં જે ચ્હેરાનો તે ગુલામ થયો હતો તે ચ્હેરાનું તેણે જે મારી આગળ વર્ણન કીધું તે ઉપરથી તેનું વર્ણન પાછું હું શબ્દોમાં કરૂં તેના કરતાં જો તેનું એક પીકચરજ દોરીને બતાઉં તો તેને હું વધુ સારો ઇન્સાફ આપી શકું એમ હું માનું છું. હાલ તો એટલુંજ કહીને હું સંતોષ પકડસ કે તે એક ઘણાજ—અતી ઘણાજ ખુબસુરત ચ્હેરાનું વર્ણન તેણે મારી આગળ કીધું હતું, અને જો કે તેણીની સાથે એક બે બોલ જેટલીબા વાત કરવાનું તેનાં નસીબમાં નહતું તે છતાં રોજ બરોજ તે ગોયા તે મૂર્તિને મંદરે જઈ તેની આગળ ગુંઠણુ મંડયે પડી તેની તે ગુલામગીરી કર્યા કરતો હતો."

તે જરા પાછો થોભ્યો. તેણી જાણે કોઈ સમાધીમાં બેઠી હોય તેમ સામે દુર જોતી હીલ્યા ચાલ્યા વગર બેસી રહી હતી. તેણે પાછું ચલાવ્યું.

"તે ત્યારે તને—મને અને જાને વેચાઇ ચુકયો હતો! તે તેણીનો ગુલામ બન્યો હતો. રાત ને દહાડો જે સાંકળે તે સીંકડાયો હતો તેની કડીઓ વધુ અને વધુ જાડી અને મજબુત થતી ગઇ તે કડીઓ તેણે પોતે પોતાને હાથેજ ઘડી હતી અને અજબ જેવું તો એ હતું કે જ્યારે તે ખુશાલ છુટો હરતો ફરતો હતો તે કરતાં તેની આ હીણી હાલતે તે વધુ ખુશાલ દીસ્તો હતો અને પોતાને વધુ સુખી માનતો હતો! એમ ઘણો વખત ચાલ્યું અને હવે તેની ગુલામગીરી વધુ વાર છુપી રાખવાની તેની શક્તિ ઘટવા માંડી. તે હવે તેને મળ્યો અને તેની આસપાસ વીંટલાયલી પેલી ભારે સાંકળ સાથેજ તેનાં કદમ આગળ તે ગુંઠણુમંડયે પડયો ને તેનો નતીજો

શું આવ્યો! તમે તે મને પુછતાં નથી પણ તમે તે અટકળી ચુક્યાં હોસો. અંદરખાનેથી તેણીએ તેને હસી કાઢ્યો અને પોતાની આગળથી તેને ચાલી જવા તેણીએ ફરમાવ્યું—પણ મીસ ઉડલી, તમે કેટલાં ફીક્કાં લાગોછ. તમે જરા વાઇન લેવો, નહિ, તમુને લેવોજ પડશે; ઉભાં રહો હું તમુને આપું!"

એમ કહી તે ઉઠયો અને વાઇન ગ્લાસમાં વાઇન નામી તેણે તેણીને તે આપ્યું, અને તેણી તે લઇને એક ગોટે પી ગઈ; તેટલો વખત તે તેણીની આગળ આંખો નીચે ટીકેલી રાખી તે ઉભો રહ્યો અને તેણીએ પાછું આપેલું ગ્લાસ તે લઇને ચાલતો થયો, અને પાછો પોતાની 'ઇઝલ' આગળ આવીને બેઠો.

"ત્યારે ટુંકમાં કે હું તો તેણીએ તેની ખીદમતગારીને તુચ્છકારી કાઢી અને તેને બસ 'જા!' કહીને એટલુંજ કહ્યું. તે એકજ બોલ એટલો સખ્ત હતો કે ગમે તેવી મજબુતમાં મજબુત સાંકળને એકે તડાકે તે તોડી નાખે પણ તેના બાબમાં તેમ ન બન્યું; તે તો તે સાંકળને વધુ ચીવટાઇથી વળગ્યો અને તે તેનો ગોયા જીવ તેની જીંદગીજ થઈ પડી. રાતને દહાડો તેણીનો તે વખતનો ચ્હેરો તેને દેખાયાજ કીધો અને તેના કાને પેલા 'જા!' શબ્દના ટકોરા વાગ્યાજ કીધા. હવે તેને તેની જીંદગી ખરેખરી એકાંત અને અટુલી દીસવા લાગી. હવે એ પ્રમાણે મહીનાઓ—કહો કે વર્ષો સુધી ચાલ્યું અને વળી પાછો એકાએક તે પોતાની 'લેડી લવ'ને મળ્યો; તેણી તેને ભુલીજ ગઇ હતી એમ તે મારી આગળ બોલ્યો હતો, ભુલી ગઇ હોય યા ન હોય પણ તેઓ વચ્ચે તે વખતે એકબી વાતની અદલા બદલી થઇ નહતી;—તે એટલો બધો તેણી તરફ તાબેદાર અને નમાનો હતો કે તેણીની નામરજી છતાં એકબી બોલ તેણીની સાથે બોલવાની તેણે હીંમત કીધી નહિ, મગર તે કોઈ સારાં ચોઘડીઆંની રાહ

જોતો થોભ્યો, કેમકે પેલા 'જા!' બોલે તેને મારેલા ફટકાનો ચમચમાટ તેણીની પાસેજ ઓછો કરાવવાની તે તક સાંધતો હતો; તેને માત્ર એકજ વાતની બીહીક છે અને તે એકે રખે તેની તે લેડી લવ કોઇ બીજાને પસંદ કરી પરણી જાય તે—"

તે એકાએક અટકી પડયો અને તેના હાથમાંની પીછી 'ઢબ' દેતી ભોંય ઉપર પડી ગઈ, તે, તે લેવા વાંકો વળ્યો અને તેની સામે બેઠેલી તે કાળી આંખોને જોવાને બની આવ્યું કે તેનો ચ્હેરો તદન ફીકકોફચ્ચ મારી ગયો હતો.

"તે મારી આગળ બીચારો બોલ્યો કે તેમ જો થયું તો તે જીવપર જબરી કરવાનોજ; ગરીબ બીચારો! તેતો બસ એકજ આશા, એકજ ઉમેદ અને એકજ હોંશ ઉપર જીવેછ અને તે એ કે કોઇબી દહાડે તેણીને તેનું કામ પડે. ત્યારે મેં શરૂઆતમાં કહ્યું તે ખરૂં કેની કે ઇંગ્લંડમાંથી ગુલામગીરી નાબુદ થઇછ એ ઠીકજ છે! મીસ ઉડલી, કેનવાસપરના આય લીસોટા તમે જરા જોશો?"

તેના ચ્હેરાપરથી તેણીની આંખ્યો ખસીજ નહિ હતી અને હમણુંબી લોહચુંબક તરફ સોય ખેંચાયલી રહે તેમ તેણીની આંખ્યો તેના ચ્હેરા ઉપર ચીટકી રહી હતી.

તેણી હવે ઉઠી અને 'ઇઝલ'ની સામે આવીને ઉભી રહી, જેમ કરતાં તે સ્લેડની એટલી નજીક આવી ગઇ હતી કે તેણીના બલાઉઝની બોંય તેના હાથને લાગતી હતી. તેણી તે પીકચર જોઇને ચોંકી. ડોસન સ્લેડ ખરેખર કાંઇ નામચીન ચીતારો હતોજ નહિ અને તે છતાં પીછીના થોડાક એમ તેમના સપાટાએ તેણે તે કેનવાસ ઉપર એવું તો આબેહુબ પરીણામ નીપજાવ્યું હતું કે તે જોઇ તેણીબી ઘડીભર દંગ થઈ ગઇ.

".છે કેની? થોડુંબી મળતાપણું તમારા ચ્હેરાનું એમાં છે કેની!

એ માત્ર હજી તો સ્કેચ છે, અને સ્કેચો કાઢવાનો મને શોખ છે. આય જુવો." અને પેલા કાર્ડબોર્ડના કકડાપર તેણે દોરેલું ચીત્ર તેણે તેણીની સામે ધર્યું "મને થોડોક ટાઇમ મળતાં મેં આય ચીત્રી કાઢયુંછ. એ મારા જે દોસ્તની બીચારાની મેં વાત કીધી તેની જીંદગીમાંનો એક સફો માત્ર રજુ કરે છે—જુવો."

ખરેખર, તેબી ઘણો સરસ સ્કેચ હતો. તેમાં સ્લેડે એક ઝુપડાંની આગળ એક મરદ અને એક ઓરતને ઉભાં રહેલાં ચીતર્યા હતાં. તે મરદના મોંહપર તે રસ્તાપરની એક બત્તીનો ઉજાસ પડતો દેખાડયો હતો પણ અજબ કે પેલી તેની આગળ ઉભેલી અબલાનો ચ્હેરો—જાણે તે ઢાંકવા યા છુપાવવાની મતલબથી—તેણે છેકી નાંખ્યો હતો.

તે ચીત્ર તેણીની નજરે પડતાંજ સ્લેડને જોતાં વાર ન લાગી કે લીલ્યનના આંગમાંથી એક લખલખું પસાર થઇ ગયું, અને તેણીએ તેની તરફ એક બીધેલી હરણીની અદાથી જોયું. સ્લેડ તો તમે જાણોછ કે લીલ્યન અને હીલ્ડા ફ્રેન એક છે કે જુદી તે પારખવાજ બેઠો હતો.

"તમને એ ગમેછ ?" તેણે પુછ્યું "એ માત્ર કલ્પીત છે ! મારા દોસ્તનો ચ્હેરો અલબત્ત હું જાણતો હોવાથી મેં તે દોર્યો છે, પણ, પેલી અબળાનો ચ્હેરો હું કેમ દોરી શકું ? જો મને તમો તમારી સાથે છુટ લેતો ન સમજો તો પેલી ઓરતના છેકેલા ચ્હેરાને બદલે ત્યાં તમારો ચ્હેરો મુકું. એમ કરૂં તો તે વાજબી કહેવાશે ?"

બસ તેની ફતેહ થઈ ચુકી હતી. તેને જવાબની કશી જરૂર ન હતી. ને તેનાં મનમાં લીલ્યન ઉડલી અને હીલ્ડા ફ્રેન એકજ હોવા વીશે જે કાંઇબી શક રહેલો હતો તે હવે તેણીના ફીક્કા ફ્રચમારી ગયલા ઉજલા ચ્હેરાએ તે સદાનો દુર કરી નાંખ્યો હતો. કાંઇ બડબડી તેણે તે સ્કેચ તેણીના હાથમાંથી પાછો લીધો અને તે પકડતી

વખતે તેણીનાં આંગળાં તેના જે ભાગપર લાગ્યાં હતાં તે ભાગને તેણે માનથી કીસ લઇ તે બાજુએ મુકયો.

"હા, હું તમુને કહેતાં ભુલી ગયો. તે બીચારા વફાદાર ગુલામમાં એક સર્વથી સરસ ગુણ છે અને તે એ કે તે વાત ઉપર ગમે તેટલો લાંબો વખત તે ચુપકીદી અખત્યાર કરી શકે છે!" પણ તેટલાં તો ત્યાં સર તેલબોટ આવી લાગ્યા અને તે જાણે લીલ્યનને તેણીની સભી બતાવતો હોય તેમ વાત ફેરવી નાંખી બોલ્યો. "કેમ, બરાબર નથી કેની? પણ મીસ ઉડલી, એક જરા થોડો વખત મને વધારે આપો ને પછી જુવો! લેવો સર તેલબોટ આયા, થોભો, તેમનું મત પુછું. જુવો સાહેબ, દફેણું મારવાં હોય તો શયાલમાં લપેટીને મારજો કે વાગે નહિ!"

એમ કહી તે બાજુ થઇ ગયો, એવી રીતે કે લીલ્યનના ચ્હેરાપર તેનાં પોતાનાં આંગનો ઓળો પડવાથી તે ચ્હેરો ઉજાસની સામે ઢંકાઇ ગયો, અને સ્લેડે એમ કાંધું કારણ કે તેની મરજી હતી કે લીલ્યનનો તે વખતે જે ફીકો અને લાગણીથી ભરપુર ચ્હેરો હતો તે સર તેલબોટ જોઇ શકે નહિ.

પ્રકરણ ૨૪ મું.

હવે ડોસન સ્લેડે વાત ઉડાવી અને તે બંને બાપ બેટીને કાંઇ ખુશ ગુફતેગોમાં ઉતારી દીધાં અને તે બંને બાપ બેટી આ સ્લેડની ઘડીકમાં રમુજ અને ઘડીકમાં ખુશ ટકોર સાંભળતાં હવે ઉભાં. પેલું પીકચર તો જાણે ભુલાઇજ ગયું.

એમ કરતાં તે પોતેભી કેવો રમુજી અને ખુશ સ્વભાવનો હમેશ રહેતો તેવો હમણાં જરા વારમાં થઇ ગયો અને તેનામાં આ ફેરફાર જોઇ લીલ્યનબી અજબ થઇ.

. હવે તે 'ઇંઝલ' આગળ ગયો અને બધું ઉંચું નીચું કરી તેણે ઘડીયાલ કાઢી જોયું.

" અરે, એમ તે કાંઈ હોય, મી૰ સ્લેડ !" સર તેલબોટ સ્લેડની ખાંધ ઉપર હાથ મુકી બોલ્યા " અમે એમ કાંઇ તમુને છટકવા દઇશું ? લંચનો ટાઇમ છે અને જમવાનું ટેબલપર આયુંબી હોસે. ચાલો મારી દીકરીને લઇને તમો આવો, હું તમારી પછવાડે એક મીનીટમાં આઉંછ."

તેઓ બંને તે હુકમાનુસાર જમવાના ઓરડામાં ગયાં. વળી પાછો લીલ્યનના પેટમાં ધાસ્કો પડયો. રખે તે વળી પોતાનો આ ખુશ સ્વભાવ બાજુએ મુકી સ્લેડ તેને બીધરાવી મારવા જેવી વાતો કરે એમ તેણીને ભય થયો. પણ નહિ, જે રીતે તે હસ્તો બોલતો રહ્યો હતો તે ઉપરથી લીલ્યન તો ઉલટી વીચારમાં પડી કે થોડીક મીનીટની વાતપર ગુલામગીરીની બાબદ ઉપર વીવેચન કરી સખ્ત ગુલામગીરીનો દાખલો રજુ કરનાર ડોસન સ્લેડ તે આયજ હમણાંનો ડોસન સ્લેડ હતો કે કોઇ બીજો ?

"હા" કાંઇબી બોલવુંજ જોઇએ એવા વીચારથી તેણે વાત છેડી " હું એક ભટકતો ભુત તો ખરો. હું બધેજ ફર્યોછ, કોઈ દેશ મારી નજર કે મારા પગ તળેથી બાકાત મેં રાખ્યો નથા, અને તે છતાં જેરાલ્ડ મને કહે છે કે મેં પેલા રાખસની જો છાતી ન જોઇ તો મેં કાંઇજ ન જોયું સમજવું."

" તે શું છે ?" લીલ્યને પુછયું.

" તે હું પોતેજ જાણુતો નથી" તે હસીને બોલ્યો, " તેની આસપાસ કાંઇ ભેદ બીંટલાયલો હોય તેમ લાગેછ. તે કાંઈ ફાંકડી સીનેરીનું નામ છે કે કોઇ અસલના વખતનું બખ્તર તે નામે ઓળખાયછ તેની મને કાંઇજ ખબર નથી. તે ચીજ બહાર ખુલ્લી હવા-

માં જોવા મુકેલી છે કે તે જોવા સંગ્રહસ્થાનમાં જવું પડે છે ? તેની હું જાણુતો નથી. જો સંગ્રહસ્થાનમાં જવું હોસે તો તોબાહ ઇલાહી ! મને બસ એ જગ્યાને નામનીજ કાંઈ દહેસત છે. એ રાખસની છાતીના ભેદની મને ખબર નથી, હું તો જાણું કે તમે કાંઈ મારા આ ધીક્કારવાજોગ અજ્ઞાનપણા ઉપર અજવાળું નાંખશો."

"હું તે ઉપર અજવાળું નાંખવાને હાજર છેઉં" સર તેલબોટ એટલા વારમાં અંદર આવતાં સ્લેડનો છેલ્લો રીમાર્ક સાંભળી બોલી ઉઠયા. "ત્યાંથી થોડેક દુર દરીયાનો કીનારો છે. તે કીનારે એક ગામ આવેલું છે, તેનું નામ સ્કારબરો છે અને ત્યાં એક ઉંચો સીધો જાણે છેક આસમાન સુધી લાગેલો એક ખડક છે, તેનું નામ રાખસની છાતી."

"તમે સાહેબ મારો જીવ નચીંત કીધો, હું તો ગભરાયો કે રખે કોઇ અંધયાર મ્યુઝીયમનાં પીંજરાંમાં દટાવાનું હોય !"

"પણ એ રાખસની છાતી જોવાનું તમો ધારોછ તેટલું સ્હેલ નથી." સર તેલબોટ બોલ્યા "તે જોવામાંબી ઘણો જોખમ છે. જો જોખમ નહિ તો અગવડ તો ઘણીજ છે. જો બોટમાં જાવો તો તમુને તોફાની મોજા નડેછ ને જો તમે તે ખડકનાં ઉંચાણે ચઢી દરીયાના કીનારા તરફ ઉતરો તો ઉતરવાનો તે માર્ગ એવો સીધો અને ખડબચડો છે કે ઇંગલંડમાં તેની જોડી નથી, પણ તે ખડક અને ત્યાંનો દેખાવ જોવા લાયક છે."

"મીસ ઉડલીએ તે હજી જોયો નથી, અને જો તે તરફ એકલું જવામાં જોખમ હોય તો આપણે એક નાની પારટી કાંય નહિ ઉભી કરીએ ?" સ્લડે સુચના કીધી.

"હેં ?" સર તેલબોટે લીલ્યન તરફ જોઈ પુછ્યું. "કાંય નહિ ? એમાં શું બીસાદ ? તારો લીલ્યન શું વીચાર છે ? કાંઇ ઉજાણી જેવું થશે ?"

"હા, મજેહનું લાગશે પપા" તે બોલી.

"જોવ, આપણે જેરાલ્ડને તો લેવોજ પડશે તેના વગર ચાલે એમ નથી. પછી મીસ લુસી વેર્નર ડયુકને—હા તમે દહાડો ઠેરવો. મી. સ્લેડ, કેમ શું વીચાર?"

"સાહેબ, હવા ઉપર આધાર છે, તો જોકે સાહેબ મારા વીચાર પ્રમાણે વર્ષાદના છાંટા વગરની ઉજાણી નહિ કહેવાય." સ્લેડ બોલ્યો અને તેનો એ વાકય પુરો થતાંજ તે ઓરડાનું બારણું ઉઘડયું અને હેરોલ્ડ અંદર આવ્યો.

લીલ્યનની નજર તેની ઉપર પહેલે પડી, અને તેણીએ જોયું કે તે કાંઈ ચીરડાયલો હોય તેમ તેના કપાલપર કરચલી હતી. હેરોલ્ડની નજરથી લીલ્યનપર પર પડી અને પછી તેણે સ્લેડ તરફ જોયું અને પાછી પોતાની નજર તેણે લીલ્યન તરફ ફેરવી અને પછી તે તેઓ તરફ આવ્યો અને સ્લેડને હસીને તેણે શેકહેન્ડ કીધી, કે જેમ કરવામાં તેને કેટલી રંજ ખેંચવી પડી હોય તેમ તેના ચહેરાપરથી લાગ્યું.

"હેરોલ્ડ, તું જમવાને ટાઇમે હંમેશાં હાજર રહે ને હમણાં હમણાં એમ તુંને લેટ કેમ થાયછ?" સર તલબોટ હસીને બોલ્યા. "બેસ, મારા દીકરા, બેસ, તુ કયાં ગયો હતો?"

"કાકાજી, આજે બેચાર ગમ જઇ આવ્યો" હેરોલ્ડ બોલ્યો "પેલાં નવાં મકાનના સંબંધમાં જોન્સને મલી આવ્યો."

"મારો ગરીબ હેરોલ્ડ" તેવણ બોલ્યા પછી સ્લેડ તરફ ફરીને તેવણે કહ્યું. "મી૦ સ્લેડ મારો હેરોલ્ડ બધું બહારનું એવું કામકાજ જોયછ, આય જોન્સ એવો તકરારી આદમી છે કે કશાથી એ ધરાતોજ નથી. આજે તેને ફરતી વાડ જોઇયેછ, તો કાલે તેને આઉટ હાઉસ જોઇશે. પરમ દહાડે કાંઈ તો ચોથે દહાડે તે કાંઇ માંગશે.

ત્યારે તો તારી સ્હવાર મુસ્કેલની પસાર થઇ હોસે હેરોલ્ડ ? "

"એમબી ખરૂંજ તો કાકાજી, ને જોન્સ સાથની ટપાટપીને વધુ મુસ્કેલ બનાવવા તેને ત્યાં કોઇ બીજો જવાન આદમી આવીને ગગડેલો છે, જે જોન્સ તરફથી નીકળી આવી મારી સાથે અમેરીકનના કોઈ વકીલની માફક તકરાર કરવા પડયો."

"ત્યારે તે કોઇ અમેરીકન છે?"

"નહિ તેની બોલવાની ઢબ ઉપરથી પહેલે મેં તેમ ધાર્યું પણ પછી તેણેજ મને કહ્યું કે તે અમેરીકા જઇ આવેલો હતો."

"ને તે જોન્સની સાથેજ રહેછ!" પછી લીલ્યન તરફ જોઇ હસીને સર તેલબોટ બોલ્યા "ને જુવો તેની જગ્યા તેને બસ નહિ થઇ, વાસ્તે તેને તેનું મકાન વધુ લાંબું પહોળું કરી આપવું કહીને આઠ દહાડાની વાતપરજ તે મારી સાથે મરાઇ ગયો હતો. વારૂ હેરોલ્ડ તે નવા આવનારે પોતાનું નામ કાંઇ કહ્યું હોશેની?"

"હા નામ દીધું ખરૂં પણ મને તે યાદ નથી રહ્યું કાકાજી, પણ જોન્સ ને તે બેઉ સાથે બોલતા હતા એટલે મારા ધ્યાનમાંથી તે જતું રહ્યુંછ."

"મી. સ્લેડ, લાં અમારી તરફ અજાણ્યાઓ એટલા અસાધારણ છે કે કોઇ કદાચ તેવો અત્રે આવી લાગ્યાથી અમારી જીજ્ઞાસા કુદરતી ઉસ્કેરાયછ. હેરોલ્ડ તે અહીં શું કરેછ?"

"તે તો કોણ જાણે, પણ માછલાં મારવાનો ઝાઝો શોખ તેને લાગેછ. આપણી નદીમાંથી એક માછલી પકડેલી મેં ત્યાં જોઇ ને તેથી મેં તેનું ધ્યાન ખેંચ્યું કે એ પાણીમાં માછલાં મારવાની કોઇને સત્તા નથી, ત્યારે તે કહેવા લાગ્યો કે જે પાણીમાં માછલાં મારવાની સત્તા નહિ હોય ત્યાંજ માછલાં મારવાની મજાહ છે."

"વાહ! ત્યારે કોઇ બે માથાંનો લાગેછ. ત્યારે તું પેલા જો-

ન્સને તે કરાવવા માંગેછ તે બધું કામ કરી આપવાનું વચન તો આપીજ આવ્યો હોસે ?" સર તેલબોટ ટકોરમાં બોલ્યા !

"નહિ, તેવું મેં કશુંજ કીધું નથી. મેં તેને કહ્યું કે તે ઉપર અમે વીચાર કરીશું."

"ને હું તે વીષે વીચાર કશો કરવાનોજ નથી. મારે હવે તેની સાથે ને તેનાં કામ સાથે લાગતુ વળગતું નથી. તું છે ને તે છે. પણ જ્યાં સુધી હું જોન્સને ઓળખુંછ ત્યાં સુધી તે એ કામ કરાવ્યા વગર રહેવાનો નથી. કાંઇ કામ પડે તો તમારી બંદુક લઇને અમારી મદદે આવશો કેની ?" સર તેલબોટે સ્લેડ તરફ જોઈ પુછયું.

"મોટી ખુશીથી પણ તેટલો વખત હું રહેવું ત્યારે કેની ?".

ત્યારે ડયુકવાલાંઓ કાંઇ તમને એટલા જલદી છોડવાના છે. ને તે ઉપરાંત હજી તો આય સભી પુરી કરવાની છે. હેરોલ્ડ, મી. સ્લેડ લીલ્યનની સભી ઉતારેછ. પહેલી સીટીંગ આજે સ્હવારે થઇ ચુકીછ અને એટલાંમાં જે પરીણામ આવ્યુંછ તે હું હીંમતથી કહુંછ કે ઘણુંજ ફતેહમંદ છે. તુ જોજે હેરોલ્ડ, બહાર ગેલરીમાં છે. જમીને ત્યાં આવજે."

"ઠીક છે કાકાજી, પણ હમણાં તો નહિ. હું પાછો આવસ ત્યારે એ જોવશ."

"તુ કયાં જવાનો છે ? બેંકમાં ?"

"તે હવે લીલ્યનપર આધાર" એમ બોલી હેરોલ્ડે લીલ્યન તરફ જોયું.

"હા, ખરેખર, હું તો તે વાત ભુલીજ ગીયો." સર તેલબોટ જાણે પોતાની સાથે તેવણ ચીરડાતા હોય તેમ બોલ્યા "લીલ્યન, તુ ક્યારે જશે ? એ કામ ઘણું અગત્યનું છે."

"તે શું કામ છે, પપા ? ને મારી તેમાં શું અગત્ છે ?"

સર તેલબોટ ખડખડ હસી પડયા અને બોલ્યા—

"એ વાત છેક છેલ્લે સુધી ખાનગી રાખવાની મારી મરજી હતી. લીલ્યન, તારૂં ખાતું બેંકમાં હું ઉઘાડવા માગુછ."

"ખાતું—મારૂં ? એટલે ?"

"એમ છે, દીકરી, કે મને હવે વખત જતે કામ કરવાની આળસાઈ છુટેછ, ને તારા આંકડાઓ મને તપાસવા પડેછ. વાસ્તે દીકરી હવેથી તારા આંકડા આવે તે તુંજ તપાસી જોજે ને તુંજ ચુકવજે, ને તેમ તુ સ્હેલથી અને સગવડથી કરી શકે તેટલા માટે બેંકમાં તારે નામે એક રકમ હું મુકુંછ ને તેની તુંને ચેકબુક સ્વાધીન કરશ પછી જેમ ગમે તેમ તું કર્યા કરજે."

લીલ્યન હવે સમજી અને તે ખુશી થઇ હોય તેમ હસી પણ જરાવારમાં જાણે તે કાંઇ ગભરાયલી હોય તેમ લાગી એટલે સ્લેડે સર તેલબોટ તરફ જોઇ બોલ્યોઃ—

"સર તેલબોટ લીલ્યનને હજી સમજ પડતી લાગતી નથી કે તેવણને બેંકમાં જવાની શું જરૂર છે. હું એવણને સમજાઉં, જોવોની મીસ ઉડલી, પહેલાં તો તમોને બેંકમાં જવાનું, ત્યાં તમુને તેના મેનેજરને મળવાનું, જે તમોને હસીહસીને પોતાની બેઠકપરથી ઉઠીને શેકહેનડ કરશે. પછી તે એક ચંગ વગાડશે, જેના જવાબમાં એક કલાર્ક ઘણું ગંભીર ડાચું કરતો ત્યાં આવીને ઉભો રહેશે. તે એક મોટી ચોપડી લાવ્યો હશે, તે ચોપડી પેલો મેનેજર પોતાની તરફ તાણી લઇ તે ઉઘાડશે, તેમાં બેંકનાં બધાં કુલોના નામ લખેલાં હોસે, પછી તમોને તદન એક નવીજ સ્ટીલ પેન નહિ તો કદાચ સ્વોન ફાઉંટન પેન આપશે અને ઘણુંજ ગંભીર મોંહ રાખી નમીને તમને અરજ કરશે કે 'મીસ ઉડલી, મેહેરબાની કરી અહીં તમે જેમ હંમેશ લખતાં હોવ તેમ તમારૂં નામ લખો.' તમે કદાચ ગુંચવાતાં હોસો કે એમ કાંય ?

તો 'જ્યુવોની તમારી તે સહીવાળી ચોપડી તેઓ બધા કલાર્કોમાં ફેર-વશે કે તમે કેમ અને કેવી રીતે સહી કરોછો તે તેઓનાં ધ્યાનમાં રહે. તેઓ તે સહી બરાબર જોઇ ધ્યાનમાં રાખશે અને તે ઉપરથી સોએ નેવું કેસમાં તમારી ખોટી સહી કીધેલી પકડી પાડશે. પછી મેનેજર તમુને એક ચેક–બુક આપશે ને—ને—કામ ખલાસ ! પછી તમારે ગમે તો લ્યાંજ, ગમે તેટલા ચેકોપર ગમે તેટલી રકમો ભર્યા કરી તે ચેકો ગમે તેને આપ્યા કરજો, પછી તમુને ના કોઈ કહેનાર કે ના પુછનાર. પણ બેંકમાં જ્યાં સુધી બાકી હોય ત્યાં સુધી હં કે ! "

" વાહ ! સ્લેડે બરાબર બધું વર્ણન કીધું જોયું, લીલ્યન, તારાં મગજપર કેટલો બોજો ? " સર તેલબોટ હસીને બોલ્યા અને તેત્રણુ આ ખુશ મશ્કરીમાં બોલ્યા હતા, પણ લીલ્યનનાં મગજપર આ બાબદથી ખરેખર કેવો બોજો આવી પડયો હતો તેની બીચારા તે જઇફ ડોસાને થોડીજ ખબર હતી !

" ઘણું અજબ જેવું " સ્લેડ બોલ્યો " કે આટલી બધી તકેદારી છતાં લોકો ખોટી સહી કરી છટકી જવા પામે છે. હું ધારૂંછ કે એમ જો થોડાબી છટકવા નહીંજ પામે તો જન્મ ટેપની સજા એ કારણે ભોગવનાર કેટલા કમી થઇ જાય ? "

" એટલે—એટલે ખોટી સહીતે શું ? " લીલ્યને પોતાના બાપ તરફ જોઇને પુછ્યું પણ તેણીને જવાબ સ્લેડેજ આપ્યો કેઃ—

" જે તમારૂં નામ નહિ તે નામની તમો સહી કરો તે ફોરજરી કહેવાય અને તેમ કરતાં જો તમો પકડાવો તો તેની સજા જન્મ દેશનીકાલની રાખવામાં આવી છે. "

ઓ ખુદા ! આ સાંભળી લીલ્યનની છાતી જાણે તીરથી વીંધાઇ ગઇ હતી. શું ત્યારે તે એક ચેતવણી આપનારા ફીરેસ્તાના બોલો હતા ?

" કેમ લીલ્યન, આજે બપોરે ત્યારે આવશો ? " હેરોલ્ડે તેની આગળ આવીને પુછ્યું. " કાર્ષ્ટીનની વરદી– "

"નહિ, આજે ઘણો તાપ છે. કાલે જઈયે તો નહિ ચાલે ?"

"હા, હા, દીકરી, તારે ગમે ત્યારે" સર તેલબોટ બોલી ઉઠયા.

તેણીને આ બોલોથી કાંઇક નીરાંત વળી હોય તેમ લાગ્યું અને પછી તે ત્યાંથી ચાલી જવા ઉઠી. અને તેમ કરતાં તેણીની નજર ડોસન સ્લેડના હસ્તા ચ્હેરાપર પડતાંજ તેણીનો વીચાર ફેરવાયો હોય તેમ તેણી પોતાના પપા આગળ આવી અને બોલી—

"કાલે જરૂર જઇશું. નાસ્તો કરીને નીકળીશું તો ચાલશે કેની?"

સર તેલબોટે તેણીને પોતાની આગળ તાણી તેનું માથું પસવારતાં કહ્યું—

"તારે ગમે ત્યારે, દીકરી, તારી સગવડ તે અમારી સગવડ, કેમ હેરોલ્ડ ?"

પણ હેરોલ્ડ ત્યાં હતોજ નહિ તે તો પોતાના રૂમમાં જઇ મજેહથી એક સીગાર મોંહમાં લઇ એક ઇઝીચેરપર અરડાઇને પડયો હતો.

પ્રકરણ ૨૫ મું.

બેંકમાં જઈ સહી કરી આવવાને લગતી તેઓ બધાં તકરાર કરતાં હતાં તે વખતે હેરોલ્ડ જઈ પોતાના રૂમમાં મજેહ તરેહથી સીગાર ફુંકતો બેઠો હતો, તે આપણે ગયા પ્રકરણમાં જોઈ આવ્યાં. તે કાંઇ ઉંડા વીચારમાંજ બેઠો હતો, અને તે છતાં તે શાંત નહિ હતો. તે ઘડીકમાં ખુરસીને અઢેલીને બેસતો, તો ઘડીકમાં તરો થઈ માથું નીચું નમાવી પોતાનાં બુટનાં ટો જોતો, તો વળી જરામાં ઉઠી ઓરડામાં ફરતો, તો જરા વારમાં ત્યાં ઉભો રહી જઇ સીલીંગ રંગવાનું જાણે કંટ્રાક્ટ લેવાનો તેનો વીચાર હોય તેમ તેની સરવે કરતો જણાતો, ને વળી ભેજાંમાં વ્હારૂ આવતાં બારીએ ઉભો રહી આસમાન તરફ જોઈ કાંઇ કાંઇ બડબડતો. ત્યારે શું તે દીવાનો થઇ ગયો હતો ?

નહિ, તે દીવાનો તો નહીંજ થયો હતો, પણ તે જે વિચારોના વમલમાં હાલ વીંટાયલો હતો તે એક ઇનશાનને મગજથી બેગમજ કરવાને પુરતા હતા.

તેના એવા તે શું વીચારો હાલ હતા?

તે બધા વિચારો લીલ્યનને લગતા હતા.

હેરોલ્ડ ઘણાજ ધીરા, શાંત અને મીઠા સ્વભાવનો એક જવાન હતો. તે ઘણોજ ખુલ્લાં દીલનો અને ભોળો હતો, એટલે સુધી કે તે સુખી છે કે અસુખી તે કોઇ તેના ચ્હેરાપરથી જોઇને કહી શકવું હતું. તેનો ચ્હેરો તે તેનાં દીલના અંતર ભેદનો ગોયા આઇનોજ હતો. તેનું દીલ દુ:ખી હોય, મન ખોરવાયલું અને કચવાયલું હોય તો તેનીથી સુખી દેખાવાના ઢોંગ ડોસન સ્લેડની માફક થઇ શકતા નહતા. ડોસન સ્લેડ એ હુન્નરમાં પ્રવીણ હતો; તેનાં દીલમાં જે હોય તેથી ગમે તેવો ઉલટો દેખાવ તે કરી શકતો હતો. હેરોલ્ડમાં તે શકતી હતીજ નહિ, અને તેથી હાલ વાંચનારને વાકેફ કરવાને મને બની આવે છે કે હમણા જે વખતે આપણે તેને જોઇયે છીએ તે વખતે તે અસુખી હતો. તે લીલ્યન સાથે પ્યારમાં હતો તેથી તે અસુખી હતો એમ તમારે સમજવાની ભુલ કરવી નહિ. તે આજે અસુખી હોવાનું કારણ માત્ર એટલુંજ હતું કે તે હાલતરત ઘણાં કઢંગાં અને ખોટાં પોઝીશનમાં મુકાયો હતો, જે તેને પસંદ ન હતું. તેનું પોઝીશન કઇ રીતે તે ખોટું અને કઢંગું ધારતો હતો તે આપણે તપાસીએ.

જ્યારે સર તેલબોટે તેની આગળ દરખાસ્ત રજુ કીધી કે તેણે તેની પીત્રાઈ લીલ્યન ઉડલીને શોધી કાઢવી અને તેને તે મળે તો તેની સાથે તેણે પરણવું, ત્યારે પહેલી હરોલમાં તેને તે દરખાસ્ત વાજબી અને દરેક વાતે બંધબેસ્તી લાગી હતી. ખરૂં કહો તો તેને તે દરખાસ્તમાં પહેલે કાંઇ દમ જેવું નહિ લાગ્યું, કેમકે તેણે કાંઇ એવીજ વકી

રાખી હતી કે તેની તે પીત્રાઈ દેશે દેશની ભટકતી અજ્ઞાન અને અર્ધ જંગલી જેવી કોઇ રખડતી છોકરી હશે, અને તે તેનો પ્યાર કબુલ કરી તે લઇ શકશે અને પોતાનો પ્યાર તેણી તેને બદલામાં આપી શકશે; પણ જ્યારે તે તેને મળી અને તેણે એકે તડાકે જોઇ લીધું કે તે છોકરી તો તેણે રાખેલી વકીથી તમામ ઉલટી–એક ભણેલી, શીખેલી, સુધરેલી અને દરેક વાતે કેળવાયલી છોકરી હતી ત્યારે તેને તેના કાકાજીની તે દરખાસ્ત હૈયે ખટકવા લાગી, કે આવી એક છોકરી કે જેને વરવાને માટે ઇંગલંડનો સર્વથી પહેલી પકતીનો ઉમરાવ બેશેબી મગરૂર થાય તો તે દરખાસ્તની રૂએ તે તેની કેમ થઇ શકે ? તે પોતાનેજ તેણીની આગલ એટલો તુચ્છ ગણવા લાગ્યો કે તેનાં મત પ્રમાણે તે દરખાસ્તને અમલમાં મુકવી એ એક સીર્ફ નીચપણુંજ હતું એમ તેણે માન્યું અને જેમ જેમ તે જોતો ગયો કે લીલ્યન તેને કશીબી મચક આપતીજ નહિ હતી તેમ તેમ તેણે તે દરખાસ્તને માટે પોતે બાંધેલાં મતની અગત્યતા વધારે ને વધારે સ્વીકારવા લાગ્યો. ત્યારબાદ ડયુકના મહેલમાં પેલા એમેચ્યુર નાટકનું ધતીંગ ઉભું થયું અને તે રાતથી લીલ્યનની આસપાસ કાંઈ ભેદ વીંટલાયલો તેની નજરે પડયો હોય તેમ તેને લાગ્યું; વળી તે ભેદમાં ડોસન સ્લેડનીબી કાંઇ સામેલગીરી હોય એમ તેણે જોયું અને તે વીશે તેણે ગમે તેવું પોતાનું મન મોટું કીધું તે છતાં તેનાં મગજમાંથી તે વીચાર ગયો નહિ. તેણે લીલ્યનપર તે નાટકની રાતે ઘણી બારીક નજર રાખી તો તેને માલમ પડયું–તેણે ખાતરીથી જોયું કે સ્લેડને જોતાં કોઇવાર તેણીનો ચ્હેરો લાલ સુરખ તો કોઇવાર ઉજલો પુણી જેવો થઈ જતો હતો. હવે ત્યારે તે વીચારમાં પડયો કે એ ડોસન સ્લેડ કોણ હતો અને તે અને લીલ્યન આગળ એકમેકને ઓળખતાં હતાં કે કેમ ?

એ બાબે લીલ્યનને પુછવાનું તેનું ઘણીવાર મન થયું પણ જ્યારે

તે તે પુછવા જતો ત્યારે લીલ્યનના ચ્હેરાપર તે એવું કાંઇક જોતો કે તે બે કદમ હંમેશ પાછો હટી જતો હતો. એકવાર તેણે ડોસન સ્લેડને તે સવાલ પુછવાનો વીચાર કીધો, પણ તેને એમજ લાગ્યું કે તે તેને ખરો જવાબ આપવાના અખાડાજ કરશે એટલે તે વીચારબી તેણે પડતોજ નાંખ્યો.

હવે તેને વળી એક બીજો વિચાર આવ્યો તે એ કે લીલ્યનની જો તે મેહેરબાની જીતવાની કોશેષ ચાલુજ રાખે તો લીલ્યન તેની કોશેશપરથી એમ તો નહિ સમજે કે એ બધા સર તેલબોટની દોલત મેળવવાને વાસ્તે પછાડા છે? અને એ ખ્યાલ તેને થતાંજ સ્વમાનની તેની લાગણી જોખમાઇ.

"એ મને શું થયુંછ?" તે મનસે હવે બડબડયો, "હું અદેખો તો નથી પડયો? જો આય સ્લેડ તેને ચ્હાતોજ હોય અને લીલ્યનને તેનો પ્યાર કબુલજ હોય તો મારે વચમાં આવવુંજ નથી. પણ તે એને મોહબતની એ બાજી ખેલવાને વખતજ કયો મળ્યોછ કે હું ધારૂંછ તેમ હોય? ને લીલ્યન તે કીસમની છોકરી નથી કે પહેલીજ નજરે જોતજોતામાં પ્યારમાં પડે; નહીં, ને મને એમબી ધારવાનું કારણ શું, કે તેઓ આગળ એકમેકને ઓળખતાં હોવાં જોઇએ? કાંઇજ નહિ, અને તે છતાં મને એવો કાંઇ ધખારો છે, જે હું દુર કરી શકતો નથી. પેલી બેંકની બાબદમાં તેની વાત છેડવાની રીત તો જુવો! જાણે ખોટી સહી કરવાના જોખમ સામે લીલ્યનને તે ચેતવણી આપેછ! કેવો નફટ! પણ બા સ્લેડ જેવો આસામી એ કીસમની વાત છેડે તે કાંઇ નફટાઇ કહેવાય? એમ કીધાથી એના જેવાઓ અક્કલમંદોમાં ખપે અને મારા જેવો તેવી વાત કાઢી બેસે તો ધપ્પો ખાય! ને પેલી સબીનું ધતીંગ જોયું કે? જો હું તેણીની સબી ચીતારવા દેવા તેણીની પરવાનગી માગતે કેની—અલબત મને

જો એ હુન્નર આવડતો હતે તો—તો મને તે સાફ ઘસીને કાઢ પાડતે, વળી એટલું ઉમેરીને કે 'આ ખરડયા પગ ગલીચા સુધી ના લાવો !' છટ ! એ મને આજે શું થયુંછ ? અદેખાઇ ? નોનસેન્સ ! માત્ર અજીરણનું પરીણામ, બીજું કાંઇજ નહિ. ચાલ જોઉં પેલાને સબી ચીતારતાં તો જોઉં, પણ નહિ, મરવા દેવો તેને; વળી પેલી એમબેગ સમજશે કે ખામુખા સર તેલબોટના પૈસા ખાતરજ તેણીની હું પુંઠે લાગ્યોચ તો આપદા !"

એટલું બોલી, પેલો સીગારનો બળી બળીને નાનો થઇ ગયેલો ટુકડો તેણે ફેંકી દીધો અને માથે ટોપી મુકી તબેલા તરફ ચાલ્યો.

"લાવ જરા નોલનેબી કસરત આપું ને હુંબી લેઉં—અજીરણ અજીરણ બધું ગેબ થઇ જશે."

નોલ તેનો માનીતો ઘોડો હતો.

"જરા પેલા જોન્સ સાથે વળી એક બાથ ભીડું." તે હસીને બડબડયો; પણ તેમ છતાં તેણે પોતાના ઘોડાનું ડોકું ભળતીજ ગમ ફેરવ્યું. લીલ્યને તેને જોયો તો તે હીંનગેમ રોડ તરફ દોડયો જતો હતો; તેને ડોસન સ્લેડે ડયુકને ત્યાં પાછો ફરતી વખતે જોયો, અને તે વળી જરા હસીને પોતાને મનસે બડબડયો:—

"કેવી કાસલ પટાવી ? એ અત્યારથીજ અદેખો પડયોછ કે શું ?"

હેરોલ્ડ તો એ બધી વાતના અજાણપણામાં સ્વારી કરતો દોડયો અને હીંનગામ પ્હોંચતાં સુધીમાં તેને થયેલું અજીરણ નરમ પડેલું તેને નહિ જણાયું; તે નરમ પડે શાનું ? તે અજીરણ તનનું નહિ પણ મનનું હતું એટલે તેને ચીવટાઇથી વળગી રહ્યું હતું.

હજી વીચારમાં ને વીચારમાં હીંનગામના રસ્તાઓ ઉપર તે ચાલ્યો. એ હીંનગામ સ્કારબરોનાં માછીમારનાં ગામડાંથી થોડાક માઇલ દુર હતું; તે નાનું પણ ઘણું ખુશનુમાં ગામડું હતું તેમાં અસલ નોર્મ-

નમો વખતનું બંધાયેલું ઉત્તમ કારીગરીનું દેવળ હતું જેની કારીગીરી જોવા ચોમેરથી લોક ત્યાં ધસડાઇ આવતું હતું. તે તે દેવળ આગળ આવી પુગતાં ઘોડા ઉપરથી ઉતર્યો, અને ત્યાંથી કાંઇ ખીખી–ખાખાના તોફાની અવાજો આવ્યાથી તે પાછલીગમ ગયો, જ્યાં આવેલા તબેલામાંથી એક સાઇસ તેને જોઇ દોડી આવ્યો, જેને પોતાનો ઘોડો સોંપી તેની બરાબર માલીસ કરવાની તાકીદ કરી તે ત્યાંથી આસ્તે આસ્તે ચાલતો થયો, અને તેમ કરતાં તે દેવળના તે તરફના દરવાજા આગળ આવી પુગતાં ટોપી ઉતારી તેમાં દાખલ થયો. ધર્મનાં મકાનો ઉપર ખુદાના આશીર્વાદ હોય છે, અને તેથીજ ત્યાં હંમેશાં શાંત અને શીતળ હોય છે. ત્યાં હેરોલ્ડને થયેલાં અજીરણનો એનજમતી ઇલાજ લાગુ પડયો અને જરાવારમાં તે તાજોમાતો ઘોડા જેવો થઇ ગયો. હાથમાં ટોપી પકડી ત્યાં ઉભેલાં મોટાં ઝાડોની છાયામાં તે ધીમે ધીમે ચાલ્યો અને ત્યાં તેને એટલું તો ખુશનુમા લાગ્યું કે તેને જરા આસાયસ લેવાનું મન થયું અને તુરતજ તે ત્યાંજ ગોઠવી મુકેલા બાંકોમાંના એક ઉપર બેસી પડયો.

સવારનો તે ખડે પગેજ હોવાથી તેને તે શીતલવાયુમાં લોપણુ આવવા લાગી અને જરાવારમાં તે મીઠી નિદ્રાને વશ થઇ ગયો. તે એમ કેટલોવાર શાંત ઉંઘની નરમ ગોદમાં પડયો હશે તેની તેને ખબર રહી નહિ, પણ એકાએક તે ચોંકી ઉઠયો અને કાંઇ અવાજ સાંભળવાની તે પેરવી કરતો હોય તેમ ગંભીર થઇને તે બેઠો. જરા વારમાં તેણે જોયું કે જે ગાણાનો અવાજ સાંભળવાને તે ઉઠયો હતો તે ત્યાં વાગતાં આર્ગનનો સાદ હતો. એવા સાદો દેવળમાં સાધારણ હોય છે એટલે તેવા સાદની તેને કશી તુંબા હતી નહિ, માટે તે હવે પોતાના નોલને લેવા ઉઠવા જતો હતો, તેટલાંક કોઇનો ગાવાનો અવાજ તેને કાને આવ્યો, અને તે ત્યાં પાછો બેઠો, પણ તેને તેની

જીજ્ઞાસાએ એમ શાંત બેસવા દીધોજ નહિ; તે અવાજજ એવો મીઠો અને મધુર હતો કે તે હવે ઉઠયો અને તે દેવળની એક ઉઘાડી બારી મારફતે તેણે અંદર ડોકાવીને જોયું તો તેને લાઇટ બ્લુ પોશાકનો થોડોક ભાગ દેખાયો.

" શું ખરેખર, અંદર બહેસ્તની કોઇ હુરી ઉતરી આ પાક મકાનને પોતાના સુંદર સરોદના ઘોઘથી ઘોઈને પવીત્ર કરતી હોસે? ને આય લાઇટ–બ્લુ તે તેની પાંખોનો એક ભાગ હોસે ?" તેણે વિચાર્યું, અને પછી રખેને ત્યાં એક ઇનસાનનો પગદંડો જોઇ તે હુરી પાછી બેહેસ્તમાં ચાલી જાય એમ સમજી તેણે પોતાનું ડોકું તે બારી આગળથી ખેંચી લીધું અને બહાર નીકળી તેણે ઘોડેસ્વાર થઇને ચાલું મુક્યું.

" પણ આહ ! " તે પાછો બડબડતો સંભળાયો " અહીંવેર આયોછ કે મારી મમી હેસ્તરને નહિ મળું ? ને તેને મળ્યા વગરજે હું અહીંવેર આવીને ચાલી ગયો એમ તે જાણે તો મારી સાથે ચીરડાશે કેની ?" એટલું બોલી તેણે પોતાના ઘોડાનું ડોકું ડાબી તરફ ફેરવી જ્યાં તે બુઢ્ઢી હેસ્તરનું મકાન આવ્યું હતું તે તરફ તે ચાલ્યો. તે નાનું પણ સુઘડ મકાન આવી લાગતાં તે ઘોડાપરથી ઉતર્યો અને તેનું બંધ બારણું તેણે પોતાના હાથમાંના હન્ટરે ઠોકયું, કે તુરતજ તે બારણું ઉઘડયું અને તેમાંથી છીંટનો ગાઉન પહેરેલી એક બુઢ્ઢીએ દેખાવ દીધો. એ બુઢ્ઢી હેસ્ટર હતી. એક વખત ઉડલી હોલની તે માનીતી દાયા હતી, જેણે ઉડલી હોલના કંઇક વારસોને પોતાના ખોળા ઉપર રમાડયા હતા. હજીબી તેણીને સર તેલબોટ તરફથી પેનશન મળતું હતું.

હેરોલ્ડપર તેણીની નજર પડતાંજ તેણીએ પોતાના હાથમાંનું ગુંથવાનું મુકી દીધું અને ખુશીની એક ચીસ મારી તેણીએ તેના કોટની બાંય પકડી પાડી.

" " કેમ મમી " એમ કહી તે બુઢ્ઢી આગળ વાંકો વળ્યો અને તે બુઢ્ઢી હેસ્ટરે તેને માયની મમતાથી એક કીસ કીધી. " તું તો દહાડે દહાડે હું જોઉંછ કે જુવાન થતી જાયછ ! મને જોઇને તું અજબ થઈ કે ? " હેરોલ્ડ બોલ્યો–અને તણીની સાથે વાત કરતાં તેણીને તમે અમેથી બોલાવવાની તેણીની તેને સખ્ત મનાઇ હતી.

" અંદર આવ–અંદર આવ, બાબા હેરોલ્ડ ! " તેણીએ તેની પકડેલી બાંય ખેંચતી તે બોલી " જો વાંકો વળીને સંભાળીને અંદર આવજે, આય નીચી બારસાક વરી તુંને લાગે નહિ. ઓ માયરે ! તે દહાડે તુંને માથામાં એ વાગી ને મારો તો જીવ નીકળી ગીયો ! "

તે તેણીનાં ખેંચવાથી અંદર ઓરડામાં તેણીની સાથે ગયો. તુરતજ તેણીએ છીંટનુંજ કવર ચઢાવેલી મજેહની ખુરસી પખોડી તેમાં તેને બેસાડયો. તે ખુરસીનું કવરબી જે છીંટનો તેણીનો ફ્રોક હતો તેમાંનુંજ હતું, એટલે જ્યારે તે પોતે તેમાં બેસ્તી ત્યારે ખુરસી કયી અને બુઢ્ઢી હેસ્ટર કયી તે જોઈ કાઢવું મુસ્કેલ થઇ પડતું.

" બેસ, હેરોલ્ડ બાબા, જે ભાયગશાલી હોય તે જમતી વખતે કે ચાહને વખતે આવે; જો, હમણાં હું ચાહેજ કરવા જતી'તી " તેણી એક ટીપાઇપર ચાહેની તૈયારી કીધેલી હતી તે દેખાડી બોલી " એક કપ તું લેશે કેની ? બરાબર બેસની ને ચાલ હોલની શું ખબર છે ? સર તેલબોટ કેમ છે, ને લીલ્યન બેબી શું કરેછ ? આહા બાબા હેરોલ્ડ તે દીકરી તો એક રાજકરતી રાણીજ પુરવાર થશે હંકે ! પણ, ચાહેનું પાણી ઉકળી જશે. " એટલું બોલી તે ત્યાંથી બીજા ઓરડામાં ચાલી ગઇ, પણ એક હાથમાં ટીપોટ અને બીજા હાથમાં તોસ્ટ કીધેલાં પાઉની પલેટ લઇ તે તુરત પાછી આવી.

" મમી, કોઈ પરોણું આયુંછ કે ? " તેણે પુછ્યું.

" વળી તુંજ, બીજું કોણ ? અરે હા. આય બે પ્યાલાં અહીં

ગોઠવેલાં જોઇને તું પુછેછ કે? નહિ, દીકરા પરોણું તો કોઇ નહિ પણ બીચારૂં એક અહીં ભાડે રહ્યુંછ."

"ઓહો! ત્યારે તો તેવણુની ખુરસીપર હું થસી ગીયો હોવસ."

"નહિ, નહિ, ગભરા ના, તે કોઈ તેવણુ નથી તેણી છે—નહિ, મારા સમ ઉઠ તો ના, તેતો બીચારી પોતાના રૂમમાંજ ચાહે લેશે કાંઇ નહિ."

"તે કોણુ છે? તારા જેવી ઘરડી પટપટ ખોરી કોઇ હોસે ને તેથા તું મમીને સહોવાઇ જતું હોસે!"

"હા, તેમ ખરૂંજ તો, ખુદા તેને સુખી રાખે! પણુ તે પટ-પટ ખોરી કે ટાહેલાં ખોરી નથી. હું તુને તેને વાસ્તે કહેવાજ જતી હતી. પણુ તેટલાં મને કીટલી યાદ આવી ગેઇ. તે કેની તે—"

અને તે મમી હેસ્ટર આગળ બોલવા જાય તેટલાં તો બહાર કોઇનાં અળગાં ફુલ જેવાં પગલાં પડવાનો અવાજ આવ્યો અને તુરતજ તે બારણાનાં ચોકઠામાં એક જવાન છોકરીનો આકાર આવીને ઉભો રહ્યો અને ત્યાંથીજ અવાજ નીકળ્યો કેઃ—

"મમાઇજી, ચાહ તૈયાર છે કે? આહ! મેં કેવું જાણ્યું? મને તોસ્ટનો સોડમ દેવલના દરવાજા વેર આયો ને આય ગરમી—" પણુ તેટલાં તેણીની નજર ત્યાં બેઠેલા હેરોલ્ડપર પડી કે તેણી ચમકીને લાલ લાલ થઇ ગઇ અને ઘડીમાં હેસ્ટર તરફ અને ઘડીમાં હેરોલ્ડ તરફ નજર ફેરવતી તે ત્યાંજ અટકી ઉભી.

હેરોલ્ડ તુરત ઉઠીને ઉભો થયો અને જેમ એક પોતાની નજરે પડતા, એક દીલકશ ચીતાર તરફ અજાયબીથી જોતું થોભે તેમ તે તેણીની તરફ જોતો ઉભો અને તેમાં ખોટું કશું નહતું, કેમકે બારણાનાં ચોકઠામાં ઉભેલો તે આકાર તે બાગની એક ગ્રાઉન્ડથી આબાદ ફ્રેમમાં જડેલાં પીક્ચરના જેવોજ લાગતો હતો.

હેરોલ્ડને પોતાની અજાયબી છતાં જોઈ લેતાં વાર ન લાગી કે તે અબળાનો ચ્હેરો ખરેખરજ દીલકશ હતો. ખાસ કરીને તેણીના વાળો સોનેરી હોઇ તેણીની આંખો ભુરી હતી પણ તે અનુપમ ખુબસુરતીને આખીને આખી ધ્યાનમાં લેવાની તેને મમી હેસ્તરે કશીજ તક આપી નહિ, કેમકે તુરતજ તે બન્નેને એકમેકની ઓળખ કરાવતી તે બોલી:—

"મીસ ઇથલ આય મી० ઉડલી તે મારો બાબા હેરોલ્ડ" ને 'બાબા હેરોલ્ડ' આય મારી ભાડુતણી, પેલી ઘરડી પટપટખોરી!"

"મને નહિ ખબર મમાઇજી કે તમોને કોઇ મળવા આવેલું છે. કાંઇ નહિ, મને કાંઈ ચાહની હમણાં ઉતાવળ નથી" એમ કહી તે પોતાની સન-હેટ જે તેણીએ તે બારણામાં દાખલ થતાંને વાર એક ખુરશી ઉપર ફેંકી હતી તે ઉંચકી લઇ અંદર ચાલી જવા કરતી હતી.

"મેહેરબાની કરીને તમે મારે લીધે જતાં ના રહેતાં." હેરોલ્ડ બોલ્યો; "મારાથી અહીં હવે વધુ થોભાય તેમ નથી-"

"લે જોયું કેની? મીસ ઇથલ, તું અંદર જશે તો આય મારો બાબા ચાલી જશે ને ખાતરી રાખજે કે તે જે બોલ્યો તે પાળવાનોજ, ને હું એકલી પડી જવસ."

"અલબત, હું તો જવાનોજ" હેરોલ્ડ બોલ્યો "મારે લીધે એવણ અંદર જાય તે-"

"નહિજી,તમે સુખેથી બેસો; તમારી મરજીજ છે તો હું અંદર જઈ એક મીનીટમાં પાછી આઉંછ" એમ કહી તે અંદર દોડી ગઈ.

હેરોલ્ડ તેણીના જતા આકાર તરફ જોતો ઉભોજ રહ્યો અને પછી બોલ્યો.

"મમી હેસ્તર, શું ખુબસુરત છોકરી છે! એ કોણ છે? ને ક્યાંથી આવીછ?"

પ્રકરણ ૨૬ મું.

બુઢ્ઢી હેસ્તર હસી પડી.

"એ કોણ છે? ને ક્યાંથી આવી? એનું નામ ઇથલ નોર્થ છે ને એ હું ધારૂંછ કે લંડનથી આવી હોસે. અહીં દેવળમાં 'આરગીન' વજાડે છે."

"ઓહ! ત્યારે તો મેં જેનો મધુર હલક સાંભળ્યો તે એજ હોસે?"

"હા, હેરોલ્ડ બાબા, તે એજ, કેવું મજેહનું વજાડેછ, નહિ? 'આરગીન' કેવું વાગે તે એ આવી તે અગાઉ અમે કોઇ જાણ-તું'તુંજ ક્યાં?"

"એને અહીં આયાને કેટલોક વખત થયો? આવી હુંશિયાર ને એ અહીં રહીછ?"

"તેજ અજબ છે તો! બુઢ્ઢા પાદરીબી કહેતો'તો કે એ છોકરી એટલું બધું જાણેછ કે લંડનના કોઇ મોટા દેવળમાંબી એ 'આરગીન' વગાડવા રહે તો ત્યાં વાહ વાહ થઇ રહે—આઠેક દહાડા થયા એ અહીં આવીછ."

"બઅઅસ? ને તોબી એટલી બધી પળોટાઇ ગેઇછ?"

"હા, ઘણી બોલકણી ને મજેહની છોકરી છે, પણ તોબી કોઇ કોઇ વાર એવા વિચારમાં તે ગંભીર બેસેછ! પહેલા બેએક દહાડા તો હુંબી તેને બોલાવતાં ને વાત કરાવતાં બીધી કે રખેને મારાં ટાહેલાંથી તે અહીંથી પાછી જતી રહે, પણ હવે તો જાણે મારી પોતાની છોકરી હોય તેમ મને એ લાગેછ."

"ત્યારે તું મમી તો એને વાસ્તે કાંઇજ જાણતી નથી?"

"નહિ, બુઢ્ઢો પાદરી તેને એક સાંજે મારી આગળ લઇ આયો ને એની જગ્ગા અહીં થઇ શકશે કરીને મને પુછયું ને મેં—"

"ત્યારે બુઢ્ઢો પાદરી એને વાસ્તે વધારે જાણતો હોસે?"

"નહિ, મારા કરતાં કાંઇજ વધારે નહિ. તેણે કોઇ ઓરગન વજાડનાર ને ગાનારની જાહેર ખબર લંડનનાં ન્યુસોમાં છપાવી હોસે ને તેના જવાબમાં તે આવી હોસે. બીચારીનાં માયબાપ કોઇ નથી, ને કોઈ ઓળખીતુબી નથી."

"પણ એ કેહી ગઇ તે પાછી આવશે કે મારે લીધે શરમાઇને–"

"નહિ, કેહી ગેઈછિ એટલે જરૂર આવશે, ને એ શરમાળ છે ને તેને મારગસરજ તું રહેવા દેજે, ઘણું બોલાવ બોલાવ ના કરતો–ઓ લે તેજ આવેછ."

અને તેજ વખતે ઇથલ નોર્થ ત્યાં આવી ઉભી. હવે તે જરા ઠાયીઠોય થઇનેજ આવી હતી. પેલો લાઇટ બ્લુ ફ્રોક કાઢીને તેણીએ હવે કોઇ સફેદ પતલા કુમાસનો ડ્રેસ પહેર્યો હતો અને વાળ મજાહના ઓળીને સાફ કીધા હતા એટલે હેરોલ્ડ તેની અનુપમ ખુબસુરતી જોઇને ચકીતજ થઈ રહ્યો. તેણે તેણીની ગમ ધારી ધારીને જોયું અને અજબ કે તે ચ્હેરો તેણે કેથે જોયેલો હોય તેમ તેને લાગ્યું. પણ ક્યાં? આહ! તેને જરા જરા ભાન આવ્યું કે તે ચ્હેરો લીલ્યન ઉડલીના ચ્હેરાને કાંઇક મળતો આવતો હતો. તેટલાં, તેણીએ તેની તરફ પોતાનો ચ્હેરો ફેરવ્યો ને તેને ઉપજેલો એ શક સાબેત થયો. હા, તે લીલ્યનનીજ યાદ આપતી તેની સામે હાલ તેણી ઉભી હતી એમ તેની હવે ખાતરીજ થઇ. કાંઈ એમ નહિ કે આંખ, વાળ, નાક, મ્હોં કે બીજો તેણીનો તેવો ચોક્કસ અંગભાગ લીલ્યનના તેવાજ કોઇ ભાગને મળતો આવતો હતો, અને તેણીની અને લીલ્યનની આંખમાં, તથા તેણીના અને લીલ્યનના વાળોનો રંગ અને ચળકાટમાં ઘણો ફેર હતો તે છતાં તેણીનો સામટો સામાન્ય દેખાવ લીલ્યનના દેખાવથી જુદો પાડી શકાય તેમ ન હતો.

મમા હેસ્ટરે હવે ત્રણ કપ ચાહ તૈયાર કીધી અને હેરોલ્ડ

પોતાનું કપ પીતો અને ટોસ્ટ કરડતો બેઠો, અને જો કે હેસ્ટરની સલાહ માન્ય રાખી તેણે તેને બોલાવી નહિ પણ તેણીના ચ્હેરાપરથી તેણે પોતાની નજર ખીસાડી તો નહિજ !

"ને મમા હવે તું કયારે ઉડલી હોલમાં આવશે ? તું તો અમુને જાણે વીસરીજ ગેઇ ?" હેરોલ્ડે હેસ્ટરને પૂછ્યું.

"હેરોલ્ડ લાંબે સુધી આવવાનો કંટાળો આવેછ, દીકરા પણ મને આવવું તો પડશેજ, મારે હજી તો મીસ લીલ્યનને મળવાનું છે તે દહાડે અહીંથી ઘોડા ઉપર સ્વાર થઇને ગેઇ ત્યારે મેં તો તેને જોઇ જાણે નરી સર તેલબોટ !"

"નહિ તુને મારી લીલ્યન મળવા આવશે, ને હા, તેમ બધાંજ કહેછ કે તે પોતાના બાપ જેવી છે."

"આહ ! મેં તો તેને જોઇનેજ જાણી કે એજ સર તેલબોટની દીકરી હોસે, ચાલ હવે હું આય બધું મુકી આવું તેટલાં તું બેસજે, જતો ના હં કે !"

"મમાઇજી, તમુને હું મદદ કરૂં ?" ઇથલ પોતાની બેઠકપરથી ઉછળી ઉભી થઇ બોલી.

"નહિ, દીકરી તું અહીંજ રહે, હું આવું તેટલાં આય મારા હેરોલ્ડ બાબા સાથે વાત કર. નહિ તો એ સટકી જશે. હું હમણાં આવુંછ." અને ઇથલ ત્યાં એક બારી આગળ જઇને ઉભી, અને પછી પોતાની ખુરશીપર બેસી કાંઇ ગુંથવાનું લીધું. હેરોલ્ડે તેણી તરફ જોયાજ કીધું.

"અહીં, ઘણું મજાહનું લાગેછ" તે ગુંથતાં ગુંથતાં બોલી.

"હા, આય તરફનો આય ભાગ ઘણોજ રળીયામણો છે. તમે લાંબો વખત થયો અહીં છેવો કે ?"

"નહિજી, મને એકજ અઠવાડિયું થયું."

"ને તમુંને એ જગ્યા ગમેછ કે ?"

"હા ઘણીજ."

"પણ, અહીં એકાંત નથી લાગતું ?"

"નહિ" તે જરા હસીને બોલી "એકાંત શાનું લાગે ને મને એકાંત ઘણું ગમે. મારી જીંદગીમાં આટલી સુખી હું કોઇ દહાડે નહિ હતી. મેં તો સાંભળ્યું'તુંજ કે ઈંગ્લંડનાં લોકો ઘણાં માયાળુ અને ભલાં—

"પણ તમેબી ઈંગ્લાંન્ડનાંજ છેવો કેની ?"

"ઇંગ્લાંન્ડનીજ છેઉં એમ કહેવાય નહિ, કેમકે મારો જન્મારો અત્યાર સુધી મેં દુર દેશાવરોમાં કાઢયો હતો ને—પણ તમે ઉડલી હોલ-વેરથી અહીં આયા કે ? રસ્તામાં તમુને ઘણું ખુશનુમા લાગ્યું હોસે !"

"ઘણુંજ; હું તમુને પુછવાજ—કહેવાજ જતો હતો કે એક દહાડો આય મમી હેસ્તર સાથે ઉડલી હોલમાં અમુને મલવા આવો અમે બધાં ઘણા ખુશી થઇશું. મારી પીત્રાઇને ખબરબી નથી ને અમુને કોઇને ખબર નહિ કે તમે અહીં આવી રહ્યાંછ, તમારી આ-ગળ હેસ્તરે મારી પીત્રાઇને વાસ્તે કેહ્યું તો હોસેજ."

"હાજી, અવારનવાર ઉડલી હોલની વાતો તેવણ કરેછ."

"ને એવણ અમો ઉડલીવાળાંઓ ઉપર એવાં ઘેલાં દીવાનાં થઇ ગયાંછ કે તે એકની એક વાતથી તમારૂં માથું મગજ એવણ ખાઇ જતાં હોસે."

"નહીંજી, તેવણુની કોઇબી વાતથી મને કંટાળો આવતો નથી. તમે કહોછ તેમ જરા છે ખરૂં."

"ત્યારે તમે-અમુને મળવા આવશો ?"

"થેંક્યું, તમારી ઘણી મેહેરબાની છે, પણ હું કેથે જતી આ-વતી નથી ને—"

"ઠીક છે ત્યારે તમારી આગલ હું લીલ્સનને મોકલસ, ને તે તમુને ત્યાં આવવા લલચાવશે તો ?"

"નહીંજી, તેવણુને એવી કાંઇ તસદી આપતા ના, પણ–પણ–"

"નહિ કાંઇ નહિ, તમારી મરજી નહિ હોય તો નહિ, ઠીક ત્યારે હું રજા લઉંછ."

"ઓ, નહિ, તમે એમ ચાલી જશો તો મમઇજી હેસ્તર મારી સાથે ચીરડાશે ને મને કદીબી માફ નહિ કરશે! મેં કાંઇ તમુને અપમાન કીધું હોય તો–" એટલું બોલતાંજ તે ગરીબ ગરવી છોકરીની આંખો પાણીથી ભરાઇ ગઇ.

"નહિ ! નહિ ! હું નથી જતો !" તે આ મામલો જોઇ બોલી ઉઠયો. "ને મને અપમાન શાનું ? ઉલ્ટો મેં તમારો જીવ કચવાવ્યો એટલે માફ તો મારે માંગવી જોઇયે. તમોને એકાંતવાસે ગમતોજ હોય તો તેમાં તમારો વાંક શું ?"

"મારી આવી લાગણી જોઇ મી૰ ઉડલી, તમો મારે માટે કશું મનમાં લાવતા ના, અત્યાર સુધીની મારી જીંદગીજ એવી કીસમે એકાંતવાસમાં મેં ગુજારીછ કે એક જરા સરખીબી ઉશ્કેરણી મારીથી સહન થઇ શકતી નથી. ને તેથી તમે કોઇ રીતે અહીં આવતા જતા ઓસ્કાતા ના, કેમકે મારો ઓરડો તદન એલાહેદો અને જુદોજ છે, ને આખો દહાડો તો હું બહારજ હોઉંછ."

"ઠીક છે, મીસ નોર્થ તમારી એ અરજ હું ધ્યાનમાં રાખસ ને હું અહીં આવતો જતો રહેવસ તે વીશે તમારે કશી ચીંતા કરવી નહિ."

તેટલાં હેરોલ્ડની મમી હેસ્તર ત્યાં આવી લાગી અને હેરોલ્ડને ઉઠી ઉભો થયલો જોઇ તે બોલી–

"કેમ, હેરોલ્ડ બાબા, જવાનો વખત થયો ?

" હા, હવે હું જાઉંછ. લાંબે જવાનું છે ને મને લેટ થઇ જશે. સાહેબજી, મમી હેસ્તર. "

" સાહેબજી, હેરોલ્ડ, ને પાછો તું ક્યારે પધારશે ? "

" ક્યારે ? આવસ, આવસ, હવે હું તુંને નહિ ભુલી જવસ, સાહેબજી. "

અને પછી ઇથલને સાહેબજી કરી શેકહેન્ડ કરી તે જવાન ત્યાંથી ચાલી ગયો.

એ રીતે આ પ્રકરણથી આપણી આ વારતામાં એક નવો અને ઘણો અગત્યનો સક્ષ ઉમેરાયો છે.

પ્રકરણ ૨૭ મું.

બુઢ્ઢી હેસ્તર પોતાના હેરોલ્ડ બાબાને છેક દરવાજાની બહાર મુકી આવી પાછી ફરી તે વખતે ઇથલ જ્યાં ગોઠવાઇને બેઠી હતી ત્યાંજ બેસી રહી હતી અને હેસ્તર તેની બાજુમાં આવીને બેઠી.

" કેમ, મમાઇ એવણ સીધાર્યા કે ? ઇથલે હસીને પુછ્યું.

" હા, સીધાર્યો દીકરી ને હવે સહેવાતું નહીં. એનું તો એમજ, આય આયો કે પલક દઇને ચાલતો થયો; હવે કોણ જાણે ક્યારે આવશે ? કેવો ગરીબ ને નમાનો છોકરો છે કે હજુન મને યાદ કરેછ; એના જેવાં બીજાં મોટાં માણુસો તો મારા જેવીને ભુલીબી જાય. ખુદા એને જીવાડે ને સુખી રાખે ! ને દહાડે દહાડે ખુબસુરતબી કેટલો થતો જાયછ ! ને જેટલો એ દેખાવડો છે તેટલોજ ભલોબી છે જો, ઇથલ ! વરસોબી પાણીના રેલાની કાની નીકળી જાયછ ! જાણે હજી તો કાલે મારા ખોળામાં એ રમ્યો હોય તેમ મને લાગેછ, પણ મને આજે લાગું કે એનો કાંઇ જીવ ઠેકાણે નથી. તે કાંઇક દિલગીર હોય તેમ મને આખો વખત લાગ્યા કીધું."

"તે લાંબી સ્વારીને લીધે હોસે, મમાઇ."

"અરે, જારે દીકરી, એને એ લાંબી સવારી કહે કે? મેં ઘણી વખત જોયુંછ કે સવારના પોહોરથી તે સાંજના ઝઝકળાં સુધી તે સવારી કરે ને વરી રાતે બોલના મેળાવડામાં જઇને નાચે! પણ નહિ, જહાં છે તહાં કાંઇ બીજુંજ છે. મને પુછવાનું મન ઘણું થયું જો પણ હું પુછતે તો મને કાંઇ એ સાચું કહેવાનો હતો?"

"મને તો એવણ કાંઈ અસુખી હોય એમ નહિ લાગુ, મમઇ" ઇથિલ બોલી "એવણ અસુખી હોયજ શું કામ? એવણ જુવાન છે, સોહામણા છે, દોલતમંદ છે; વળી દર દોસ્તારો—"

"વારૂ. એણે તુને મીસ લીલ્યનને વાસ્તે કાંઇ કેહ્યુંની? આહ! તે દીકરીનેબી જોવા મારો જીવ લાગી રેહ્યોછ!"

"મમાઇ, મીસ લીલ્યન ઘણાં ખુબસુરત છે કે? તેવણ કેવાં છે?"

"દીકરી, ખુબસુરત તો તે છોકરી ઘણીજ છે, પણ મુઇ હું મુઇથી તે કાંઈ તેનું વર્ણન થાય? જાણે નરો ફરેસ્તોજ!"

"ગોરી છે કે?"

"નહિ, ઘઉંના વરણની છે. દીકરી ઇથિલ મેંબી પરી જેવી છોકરીઓ જોઇછિ, પણ આય લીલ્યન કાંઇ ઓરજ છે."

"તે ત્યારે કેવી સુખી હોસે?"

"સુખી? હાજતો! એક ઉડલી ને વરી જે જોઇયે તે પલમાં હાજર, હેરોલ્ડ ને એ કેવું મજેહનું જોરૂં થશે!"

"ને એવણ—તે એવણને ચાહતી હોસે કે?"

"અલબત, મારા હેરોલ્ડ બાબાને નહિ કોણ ચાહે?"

"ને લીલ્યન વાસ્તે એવણ તમુને કાંઇ કહેતા હોસેની? એવણ કાંઇ તેની વાત કરેછ કે?"

"મારી આગળ? નહિ—ને હેરોલ્ડ એવી વાતો કરે તેવો છબી

નહિ, પણ મને લાગેછ કે એ મનમાં ને મનમાં ગંગેટાયા કરતો હોસે."

"ત્યારે લગ્ન ક્યારે છે ?"

"મને લાગેછ જલ્દી થશે; સર તેલબોટ જ્યાં સુધી એ બેને એક થયલાં જોશે નહિ ત્યાં સુધી મને નહિ લાગતું કે એવણ જંપીને બેસે; શું મજેહનું ઝનેશત છે. બીચારી લેડી ઉડલી ગુજરી ત્યારનું તે પર્યુછ. તે કોઇએ તેને હાથ લગાડયોજ નથી."

"ગરીબ બીચારી" ઇથલ બડબડી "એબી એક દુઃખભરી કાંહાંણીજ છે નહિ ? બીચારાં જીવતાં હોતે તો—"

"શું તે ગરીબ બૈરી હતી ને સર તેલબોટથી એવી બીહીતી'તી કે બસ નહિ. અમે નોકર ચાકરો હજી કોઇ વાર સર તેલબોટ સામે તરડાઇને બોલતાં પણ એ બંદી જરા ચું કે ચાં કરે ? જરા નહિ. હવે તે વખતબી ગીયો ને તે વાતબી વહી ગેઇ ને હવે તેની બીચારી આય છોકરી છે તે જાણે તેજ છે. ઇથલ બત્તી લાઉં ?"

"નહિ, હજી તો વાર છે—પણ મને મી. ઉડલીની વાત સાંભળવા ગમેછ. તમારી ખાતરી છે મમાઇ કે હેરોલ્ડ પોતાની પીત્રાઇને ચાહેછ ? તેમ હોય તો અલબત લીલ્યન કેવી સુખી હોસે !" એટલું બોલતાં તે નાજુક નવજવાન બાળાની આંખોમાં પલપલ્યાં ભરાઇ આવ્યાં, જે તે ડોસી હેસ્તરની આંખથી છુપાં ન રહેતાં તે ભલી બાઇએ ગભરાઇને તેણીને પુછ્યું.—

"દીકરી ઇથલ, એ શું ? કાંઇ તબયત—"

"નહિ રે મમાઇજી, કાંઇ નહિ, હોય શું ? લાવો જરા પીયાનાપર બેસું કે સોહોવાઇ જાય."

એમ બોલી તે હસતી હસતી પીયાનાપર જઇ બેઠી.

હેરોલ્ડ ત્યાંથી નીકળી ચાલ્યો અને જમવાના ટાઇમે ઉડલી હોલમાં પહોંચવા સારૂં તેને જરા ઉતાવળી સ્વારી કરવી પડી હતી,

અને ત્યારેજ તે ડીનરનો ઘંટ થતાં ત્યાં જઇ પુગ્યો. "હેરોલ્ડ, તું ક્યાં હતો ?" સર તેલબોટે તેને જોતાં વારજ પુછ્યું.

"કાકાજી જરા મમી હેસ્તરને મળવા હીન્ગહામ ગીયો હતો.

"એમ ? ને તે બુઢ્ઢી કેમ છે ?"

"સારી કાંણી છે, સાહેબ, ને તમુને દુવા કહેવડાવીછ" તે બોલ્યો, પણ તેણે પેલી ઇથિલ નોર્થ ત્યાં હોવાનો ઇશારો કરવાના અખાડાજ કીધા. અને થોડીકવારે ત્યાં લીલ્યન પોતાના અમ્બર કલરનાં સાટીન અને લેસના ડ્રેસમાં ઠઠેરો કરીને આવી, અને બેઉ એકમેકની સામે જોતાં ઉભાં.

"તુંને મારો ડ્રેસ ગમેછ કે હેરોલ્ડ ?"

"તમારો ડ્રેસ ? અલબત, ઘણોજ ફાંકડો છે" તેણે હસીને જવાબ દીધો પણ પછી તે પોતાને મનસે બડબડયો "હા, બેઉ જાણે ચણાની બે ફાડ—આબેહુબ એક" અને એ મુજબ ખાણાં દરમ્યાન તેણીને તે ઇથલ સાથે કાંઇને કાંઇ વાતે સરખાવતોજ રહ્યો.

"ડીયર, તું આવતી કાલે બેંકમાં જશે કેની ?" સર તેલબોટે જમી રહ્યા પછી લીલ્યનને પુછયું.

"હાજી, પપા, કાલે હું જવસ" તે બોલી અને પછી મનસે બડબડી "હા, હું કાલે જરૂર જવસ કે પેલો જાણે કે હું કાંઇ તેનાથી ડરતી નથી; એમ જો હું બીહું તો બધું ખુલ્લુ થઇ જાય. હજી તો એને વહેમ છે. વહેમમાં હજી તો એ અવતીયાં મારેછ, પણ એનો એ વહેમ કાઢી નાંખતાં મને વાર કેટલી ! ખાંડણ્યામાં માથું તો મુકતાં મુકાયું, હવે ધપકારાથી શું બીહીવું ?"

અને બારવણે ખરેખર તે પોતાની ટહુની ગાડીની વાટ જોતી વરંડામાં ઉભી.

"તારી સાથે દીકરી હેરોલ્ડ આવશે, મને સહવારના પહોરમાં બહાર નીકળવાં નથી ગમતું. ગરમીબી ઘણી છે ને—"

" ત્યારે તો પપાજી, તમે અંદર આસાયેશ લેવો. "

" નહિ, દીકરા, કાંઇ નહિ, પણ કોણ જાણે શું છે કે તુંને મારી નજર આગળથી દુર ખીસાડવા મને જરા નહિ ગમતી! ગેઇ રાતે મને સ્વપ્નો આયો—પણ લે તારી ગાડી આવી. "

" તમુને શું સ્વપ્નો આયો તે મને કહો. "

" અરે સ્વપ્ના આવે તે કાંઇ ખરા હોય? જાણે મેં સ્વપ્નમાં જેયું કે મારી આગળથી તું જતી રહીછ ને પાછી આવીજ નથી. ચાલની હેરોલ્ડ ખોટી થાયછ. "

હેરોલ્ડે હાથ આપી તેણીને ગાડીમાં બેસાડી અને પછી તેણીની પાસે તે ગોઠવાયો અને ગાડી હંકરાઇ.

" કેવી ખુશનુમાં સહવાર છે! તમે આયા તે તો તમારી ભલાઇ છે. હેરોલ્ડ, તમારો હું તે માટે ઉપકાર માનુંછ, પણ મારાથી એકલું શું નહીંજ જવાતે? "

" નહિ કાંય? તમે ચાહતે તો એકલાંબી જઇ શકતે એમાં બાગદજ શું મોટી છે? પેલા મી. સ્લેડે તે દહાડે બધું સહરાવીને કેહ્યું તેથી તમે બીહીતાં તો નથીના લીલ્યન? "

"નહિ જરાબી નહિ, એવણે એવું તે શું કેહ્યું કે હું બીહું? "

તે ટટ્ટુની જોડી લીલ્યન પોતેજ હાંકતી હતી અને તેઓ હાઇ સ્ટ્રીટમાંથી પસાર થઇ મારકેટ છોડીને બેંક આગળ જરા વારમાં આવી પહોંચ્યાં અને તેઓની ગાડી તે બેંકના પોરટીકોમાં આવીને ઉભી રહેતાં જોડીની વાગનેટ તેઓએ ત્યાં ધસી આવતી દીઠી અને બીજીજ પળે તેમાંથી લુસી વોર્નરે ડોકયું બહાર કાઢી લીલ્યનને બોલાવી.

લીલ્યન જે તેજ પલે ત્યાંની સીડી ચઢી બેંકમાં દાખલ થતી હતી તેણીએ પાછળ ફરી જેયું અને લુસીને જેતાંજ તે સીડી ઉતરી લુસી આગળ દોડી આવી.

"કેમ છેઓ ?" લુસીએ તેણીને પુછ્યું "તમે બેંકમાં જા-ઓછ કે ? મમાબી બેંકમાં જાયછ, જાવો તમુને મળશે. તમે કેટલાં તંદરોસ્ત દેખાઓછ ?"

"ને તમારા ગાલપરબી, લુસી ગુલાબ ખીલી નીકળ્યાછ."

"એમ કે ? ચાલો ત્યારે જાવો તમારૂં કામ આટોપીને આવો, આપણે જરા ટાહેલું કરીએ, કેમકે, મમા જ્યારે બેંકમાં આવેછ ત્યારે તેવણુને કમમાંકમ અડધો કલાક થાયછ."

લીલ્યન હસી અને બેંકમાં ગઇ.

જેવી તેણી અંદર ગઇ, કે એક આદમી જે અત્યાર સુધી સામેની પગથીપર તે બેઉ છોકરીઓને જોતો ઉભો હતો, તે હવે વો-નેરવાલાંઓના ઘોડાવાલા આગળ આવ્યો અને તેને જાણે કવો એક ઓળખતો હોય તેમ તેના ખભાંપર તેણે હાથ મુક્યો.

તે ઘોડાવાલો ટામ પોતાને ઘણો મોટો અને ઘણો અગત્યનો આદમી લેખતો હતો એટલે એ જાતનો લ્હારો તેને ગમ્યો નહિ, તેથી તેની પાસે આવી ઉભેલા ઢીલાઢચ સુટમાં સજ થયલા તે આ-દમીને થોડોવાર તો ડોળા ઘુરકીને ટીકતોજ તે ઉભો.

"કેમ, તું શું માગેછ ?" તેણે તેને પુછ્યું.

"બાઇ, હમણાં બેંકમાં પેલી છોકરી ગેઇ તે કોણ ?"

"કેયી ?"

"પેલી એક જવાન સાથે ગેઈ તે ?"

"તે હું શું જાણું ?"

"હવે દોસ્ત મને કાંય ઉડાવેછ ? મેં તેને તારી બાઇ સાથે વાત કરતાં તો જોઇ."

"તું પેલી સફેદ ડ્રેસવાલીને વાસ્તે પુછેછ ? તેમ હોય તો તે મીસ ઉડલી છે, ને પેલો જવાન—"

" બસ, બસ,. તે જવાનને તો હું ઓળખું છ, ત્યારે તે મીસ ઉડલી છેની ? "

" કેમ કાંઇ ગભરાયલો લાગેછ ? "

" કાંઈ નહિ બા, કાંઈ નહિ. તું મારી જરાબી ફીકર ના કર, આય ખબરને માટે તારી મેહેરબાની થઇ. " એમ બોલી તે તેની આગળથી ચાલી ગયો, તો પણ તે બેંક તેને દેખાય તેટલો દુર જઇને તે ઉભો.

હવે લુસી વોર્નરની નજરથી એ બેઉનો મેલાપ છુપ્યો નહિ રહ્યો હતો, ને વળી તેણીને કાને તેઓ વચ્ચેની વાતચીતના કાંઇક છુટાછવાયા શબ્દોબી પડ્યા હતા, એટલે તેણીએ પોતાના સઇસને બોલાવ્યો અને પુછ્યું—

" પેલો તુંને શું પુછતો'તો ? "

" મને પુછ્યું, મીસ, કે પેલી છોકરી અંદર ગેઇ તે કોણ ? "

" પછી તેં શું કહ્યું ? "

" મેં કહ્યું કે તેવણનું નામ મીસ ઉડલી. "

" ને તેણે શું કહ્યું ? "

" જરા અજબ થયો ને ચાલી ગયો. "

" ઠીક છે, જા. " તે એટલું બોલી અને પેલો ઘોડાવાળો જઇને ઘોડાનાં માથાં આગળ પાછો ઉભો.

લુસી વોર્નરનું કાંઈ માંથું ઠણક્યું. તેણીએ ડોકાવીને રસ્તા ઉપર જોયું તો પેલો ત્યાં ઉભેલો તેણીને જણાયો. લીલ્યન હવે બહાર આવી, અને જાણે તાજી બહારની હવા દમમાં લેતી હોય તેમ તેણી બહાર જરા થોભી; તેણીનો ચ્હેરો ફીક્કો હતો.

"ઘણી ગરમી છે, નહિ ?" લુસીની આગળ તે આંવતાં તેણીને તેણીએ પુછ્યું " ચાલની અમારે ત્યાંજ આવની, ચાહ પીને જજે. "

પણ લીલ્યને તેણીની ઓફર ઉપકાર સાથે ના પાડી અને તે અને હેરોલ્ડ ત્યાંથી પાછાં હંકારી ગયાં.

દાઢમાં વાગોળ્યા કરતાં લેવોની હું તમને કાનમાં અલકશે એક વાત કહી દેઉં કે લુસી વોર્નરના હૈયાંમાં લીલ્યનને માટે અદેખાઇના આતસનું પજરણ જારી થઇ રહ્યું હતું. કાંય ? તો હેરોલ્ડ પર તેનો ડોળો લીલ્યન આવી ત્યાં સુધી ખોભાયલો હતો, પણ લીલ્યન આવતાંજ બધો મામલો ફેરવાઇ ગયલો તેણીએ ધાર્યો. વળી અધુરામાં પુરૂં, આજે હેરોલ્ડે માત્ર ટોપી ઉંચકી તેણીને સલામ કરવાની સભ્યતા બતાવ્યા સીવાય કશુંજ વધુ કીધું નહિ, એટલે તેણીનું મેલું હૈયું કીનાની હલકી તડપ કરવા લાગ્યું, અને વળી તેજ સમયે તેણીની નજર પેલા કોઈ પરાયા શખસપર પડી. હજીબી તે ત્યાંજ મોંહમાં ચીરૂટ લઇ, પોતાના બંને હાથો પોતાના કોટના ખીસામાં મેલી ઉભો હતો. લુસીએબી તેને જોયાજ કીધો. તે ત્યાં શું કામ ઉભો હતો અને તેણે લીલ્યનને માટેજ કાંય પુછપરછ કીધી તે વીશે હવે લુસીને ચટપટ પેદા થઈ. તેણે તેણીને પોતાને માટે તો નહિ પુછ્યું ? ને વળી તે હેરોલ્ડ ઉડલીને ઓળખતો હોય તેમ પેલા ઘોડાવાલાના કહેવાપરથી લાગતું હતું; ત્યારે જો તે હેરોલ્ડને ઓળખતો હોય તો લીલ્યનને તે કાંય નહિ ઓળખતો હોય ? અથવા તો જો તે ઓળખતો હોય તો શું તેણીને માટેની કાંઈ વાત તે જાણતો હશે ?

એ બાબે લુસીની જીજ્ઞાસા એટલી બધી ઉશ્કેરાઈ ગઇ કે જાણે તેજ વખતે તે પેલા પરાયા શખસને બોલાવીને પુછે, પણ તેણીએ સભ્યતાને ખાતર તેમ કીધું નહિ, પણ તેની તરફ તેણીએ ઘડી ઘડી ડોક બહાર કાઢી જોયા કીધું. હવે તેણીને નીરાંતે તેને જોવાની જોગવાઈ થઇ, તો તેણીએ જોયું કે તે કાંઇક ગૃહસ્થ જેવો લાગતો હતો; તે જવાન હતો અને તેની આંખ ચબરાક ને ચગોર હતી,

અને તે અમેરીકાથી આવ્યો હોય તેમ તેના ડ્રેસ અને તેની ઢબછબપરથી તેણીને લાગ્યું. "કદાચ તેણીની ખુબસુરતી જોઇ તેણીનું નામ જાણવાની તેની જીજ્ઞાસા ઉશ્કેરાઇ હોસે" તેણીએ મનમાં વમાસ્યું. "હા, તે ખુબસુરત તો ઘણીજ છે, પણ તેણીની આસપાસ કાંઇક ભેદ—કાંઇક ભરમ વીંટળાયલો હોય એમ મારી ખાતરી છે. ને તે ભરમની ચાવી પેલા આદમીના હાથમાં તો નહિ હોય? "મમા, તમે પેલા આદમીને જોયો કે?" તેણીએ લેડી વેર્નર તેટલાં બે'કમાંથી બહાર આવી ગાડીમાં ગોઠવાતાં તેણીની માને પુછ્યું.

"કયો આદમી?" લેડી વેર્નરે આસપાસ જોઇ સવાલ કીધો.

"પેલો ઢીલોઢચ ડ્રેસ પહેર્યોછ ને મોંઢામાં સીગાર છે તે?"

"નહિ, કાંય વારૂ?"

"તો તે ટામ આગળ આયો ને લીલ્યન ઉડલી કોણ એમ પુછવા લાગ્યો. અજબ જેવુંજ કેની?"

"એમાં અજબ જેવું શું છે, લુસી? તે ખુબસુરતજ એટલી છે કે તેનું નામ નીશાન પુછવાનું કોઇનેબી મન થાય."

"એમ તો મનેબી પહેલે લાગ્યું, પણ પહેલે તે અહીં ઉભેલો હતો ને ટામની સાથે વાત કરીને ત્યાં જઇને ઉભો રહ્યો ને—ને—"

"દીકરી, લીલ્યન ઉડલીને વાસ્તે તું હમેશ કાંઇને કાંઇ નવા ખ્યાલો ઉભા કરેછ; એ અહીં આવી તેજ તેણે ખોટું કીધું પણ હવે તો એ આવી ને હેરોલ્ડ તેની પાછળ પુર ગંભીરાઇથી મંડયોછ, એટલે જરા વારમાં બધું ઠરીઠામ થઇ જવાનું."

"મને મમા એને વાસ્તે કાંઇ ખટક્યાજ કરેછ, મેં તેને જોઇને જોઇજ બસ મારૂં માથું ઠણક્યું કે જ્યાં છે ત્યાં એ અહીં કાંઇ નવું જુનું કરશેજ ને પેલા નાટક પછી તો મારી ખાત્રીજ. શું કે તમો બધાં તેને માની લેવોછ તેવું ભોધલું તે નથી. બધાં એકમતે હતાં કે

નંપુંસવું કાંઇ તેના જેવું પરીણામ ઉપજાવેજ નહિ."

"પણ, દીકરી, તું શું કાંઇ એમ ધારેછ કે લીલ્યનમાં કાંઇક એવો ભેદ છુપાયલો છે કે જે તેને નુકશાન કરે અને જે વાતની તેણીના બાપને ખબરજ નહિ હોય? વારૂ, તેં તેવું કાંઇ શોધીબી કાઢયું તો ફાયદો શું? તેથી કાંઇ તારા અને હેરોલ્ડ વચ્ચેનો રસ્તો મોકળો થવાનો?"

"આહ! હેરોલ્ડ ને એ? મને તો એ જોડું બંધબેસ્તું નથી લાગતું."

લેડી વોર્નર હસીને બોલી—

"દીકરી, તે તો મનેબી ગમતું'તું કે હેરોલ્ડ સાથે તુ ગોઠવાઇ જાય."

"ને તે વચમાં નહિ આવી ગગડી હોતે તો તેમજ થતે. તમે જોતાં'તાં કેની? કે મારી સાથેનો સાથેજ તે રહેતો હતો. પણ કાંઇ નહિ, સબુરી, હું તો ધારૂંછ કે હાલમાં કેથેબી કાંઇ કાળું છેજ."

"પણ, એમ તો જેરાલ્ડબી એની પુંઠે પડેલો છે તેનું કેમ?"

"જેરાલ્ડ બચ્ચું છે. જેરાલ્ડને ઓરત જાતનું ગ્નાનજ શું છે?"

"ત્યારે તેની તરફની તુંને કાંઇકબી ફીકર નથી?"

"જરાબી નહિ."

* * * *

"લીલ્યન, એંકનું કામ તો અંતે પુરૂં થયુંની?" હેરોલ્ડે પુછ્યું. "તુંને તે ઘણું બીકટ લાગ્યું કે?"

"નહિ, જરાબી નહિ."

"પણ વારૂ, એંકનાં પોર્ચની સામેજ પેલી પગથી ઉપર ઉભેલા પેલા શખસને તેં જોયો કે?"

લીલ્યન જરા વિચાર કરતી થોભી.

"કયો? પેલો ઢીલાંઢચ કપડાં પહેરેલો?"

"હા, તેજ, તેજ પેલા જોન્સને ત્યાં જોન્સની તરફથી મારી સાથે મરાયો'તો."

"ખરેખર? ત્યારે તેણે તુને સલામતો નહિ કીધી?"

"નહિ, તારી તરફ ટીકવામાં તે મસ્ગુલ હતો એટલે મારી ઉપર તે ધ્યાન આપે કયાંથી?"

"મારી તરફ? મેં તે નહિ જોયું, હું લુસી વોર્નર સાથે વાતે રોકાયલી હતી."

ત્યારે વળી એ કોણુ નવો ફુટી નીકળ્યો હતો? તે આપણે આગળ જોઇશું.

પ્રકરણ ૨૮ મું.

એમને એમ એક વધુ અઠવાડીયું ડીનર, ટેનીસ, કોનસર્ટ અને ઉજાણીઓના ચાલુ રોહમાં ઘસડાઇ ગયું, અને તે છતાં તે તરફનું અડધું લોક હજી મીસ લીલ્યન ઉડલીને પુરેપુરી જોવા પામ્યું નહિ હતું. જેમ જેમ વખત પસાર થતો ગયો તેમ તેમ લીલ્યનની હવે ઓસક સુકાતી ગઇ અને ત્યાંજ જન્મી ત્યાંજ ઉઘરી અને ત્યાંનીજ પળોટાઇ ગયલી એક છોકરી હોય તેમ તેણી હવે બધે ફરવાહરવા લાગી.

"અલબત" જેરાલ્ડ એક દહાડે બોલ્યો "હવે તો એમજ તો. પેલી કહેવત જાણોછ કેની કે નવા નીશાળીયા નવ દહાડા અને ઝાઝું–"

જેરાલ્ડે હજી લીલ્યનની મોહીની છોડી ન હતી, અને તેથી તે પોતાનો ઝાઝો વખત ઉડલી હોલમાંજ કાઢતો હતો, યા તો તેણી સાથે ગાડીમાં ફરવા જતો.

ડોસન રલેડ હજી ડયુકને ત્યાંજ થએલો હતો. ડયુકની વિચાર પ્રમાણે એના જેવો રંગીલો, મોજીલો, હસમુખો જવાન બીજો કોઇ ન

હતો એટલે તેવણે તેને હજી પોતાને ત્યાંજ તેને રોકી રાખ્યો હતો, અને જેમ ડયુકને ત્યાં તેમ સર તેલબોટને ત્યાંબી તેને ઘેરીતો બારીતો થતાં વખત લાગ્યો નહિ, અને લીલ્યન પોતેજ એવી હતી કે ડોસન સ્લેડનો ઉડલી હોલમાં થયલો ઝાઝો પગ દંડો કોઇને અજબ કરતો ન હતો. તેના હાથમાં પેલી સબીનું બહાનું હતું એટલે હાલને કાજ તો ઉડલી હોલમાં તે ડપક ડપક જતો આવતો હતો, અને દરરોજ નાસ્તા પછી અડધો કલાક તે ઉડલી હોલની પીકચર ગેલેરીમાંજ કામ કરતો બેસ્તો. કોઇ કોઇ વાર કાંઇ મુસ્કેલ પોઝ કે 'પોસ્ટયુર' લેવાનું હોય તે વખતે લીલ્યનને બોલાવી તે પોતાની સામે બેસાડતો અને તેની તરફથી "બાઇ સ્લેડન સાહેબે સલામ કહેવાડોછ અને કેહેવાડયુંછ કે જરા ગેલેરીમાં આવશો ?" એવો પેગામ તેણીને તેણીની દાસી માર્ફતે મળતાં તે જાણે કોઇ રીતનો ડર રાખતી હોય તેમ ત્યાં સ્લેડની આગળ જવાને તે જરાબી ઢીલ નહિ કરતી હતી.

ત્યારે લીલ્યન તેની એ હાજરીને ખુશીની નજરે કે ચીંતાની આંખે જોતી હતી ? તે તેણી પોતે પણ કહી શકતી ન હતી; કોઇ વાર તેણીને લાગતું કે તેણે તેણીની ઉપર કાંઇક જાદુઇ જાળ બીછાવી હતી, કેમકે પોતાના કામમાંથી જરા કોઇ વખત થોબી તે તેણીની સામે ટીકતો ઉભો રહેતો કે તેણીની નજરબી તેની નજર સામે ખેંચાઈ રહેતી હતી. આગલી વાતનો તે ઇશારો વટીક જો કે કરતો નહતો, તે છતાં કોઇ વાર તે આંખો ઉંચકી તેનાં મોઢાં તરફ જોતો તો તેની ઉપર પ્યારનો પ્રકાશ તેણીને નજર આવતો હતો. કોઇ કોઇ વાર સર તેલબોટ તે બંને આગળ બેસી ટાહેલું કરતા હતા તો કોઇ વાર તેઓ બે તદન એકલાંજં બેસતાં હતાં, અને તે વખતે તેણીને જે તરેહવાર વિચારો આવતા તેથી તે ખુશ થઇ મલકાતી કે દલગીર થઇ ગભરાતી તે તે કહી શકતી ન હતી. કોઈ

કોઈ વાર તેણીએ રમેલા દાગાની તેણીને યાદ આવતી અને તે વખતે તેણીનો જીવ મુંઝી તે પાણી પાણી થઇ જતી હતી; તેમાં બેંકમાં જઇને પોતાની સહી કરી આવ્યા પછી તેણી કોઈ કોઇ વાર ઘણી ઉંડા વિચારમાં પડતી હતી, અને એટલું છતાં તેણી અસુખી નહિ હતી, કેમકે તેણીને સુખી અને ખુશી રાખવાની સર તેલબોટની કાળજી દીનપર દીન વધતી જતી હતી. તેણીની ટટુની જોડી અને કાળી ઘોડી તે તરફનાં એ જાતનાં જાનવરોમાં સર્વેથી સરસ તરીકે એકમતે વખણાતી હતી અને જયારે ઉડલી ખાનદાનનું બેમુલ ઝવેરાત તે પેહેરીને નીકળતી ત્યારે તેણીનો દંડેરો ઇંગ્લંડની રાણી કરતાં વધારે લાગતો હતો; ત્યારે તમો જાણીને અજબ થશો કે જયારેબી એ દાક તેણીને કરવો પડતો હતો ત્યારે તેણીના જીવપર આવતું હતું. એ ઝવેરાત કોઇબી દહાડે તેણીએ પોતાની મરજીથી પહેર્યું ન હતું, પણ જયારે સર તેલબોટ તેણીને બોહોંસ કરતો અને તૈયાર થઇને તે બહાર આવેલી છતાં તેણીને તે હીરા મોતીનો સણગાર કરવા ખામુખા પાછી મોકલતો ત્યારે તેણી જાણે શું એક મુસ્કેલ કામ કરવા જતી હોય તેવું મોઢું કરતી હતી.

"તુંને હીરા મોતીનો શોખજ નથી?" તેવી એક વખતે સર તેલબોટે તેને પુછયું "હુંતો જાણું કે તારી બધીજ બેહેનપણીઓ એ શોખને માટે ખાસ કરીને એકમત હોસે! તુંને તો જાણે એ જાણુસની પરવાહજ નથી, એમ કેમ?"

"નહિ, પરવાહ નહિ શાની હોય?" પોતે પહેરેલી મોતીની માળાપર પોતાનો દુધ જેવો ગોરો હાથ ફેરવતાં તે બોલી "મને એ બધું ગમછ, પણં મને લાગેછ કે મારા જેવી એકને માટે જોઇયે તે કરતાં ઘણું વધારે અને કીમતી છે."

"દુનિયામાં એવી એકબી ચીજ નથી, દીકરી કે જે તારે માટે

ઘણી વધારે કીમતી કે સુંદર ગણાય; તું તારે એ બધું જરીયાન પહેર, એ બધું તારી માયનું હતું અને તેથી તું એ પહેરે તો મને ગમશે."

હેરોલ્ડ અને લીલ્યન વચેનો મામલો જેમ અસલ હતો તેવોજ આજેબી હતો, તો જો કે આખું ગામ તેઓને ભવીષ્યનાં ધણીધયાણી તરીકે ઓળખતું હતું. તેઓ વચ્ચે પ્યારનો એકબી બોલ યા એવો એકબી શબ્દ જે પ્યારનો લેખી શકાય તે અરસપરસ બોલ્યો નહિ હતો. સ્વપ્નામાં હોય તેમ તેણીએ એક ચોકસ રસ્તાપર ઝોકાવાયું હતું અને તે પછીબી સ્વપ્નવશ હોય તેમજ તે રસ્તા ઉપર બેધડક તે કદમ ભરતી હતી અને તેમ કરતાં તેણીથી કયાં જવાશે, કયાં કુદકો મરાશે તેની તેણીને કશીબી ધારતી કે દહેશત નહિ હતી.

ત્યારે જેમ જેમ દીવસો ગબડતા ગયા, જેમ જેમ લીલ્યન બેધડક અને બેફીકર ફરવા હરવા લાગી તેમ તેમ પેલી લુસી વેનિરના જીગરમાં બરપા થયલો આતશ વધુ અને વધુ જોર પકડતો ગયો.

"આહ ! જો તે અહીં નહિજ આવી પુગતે તો બેહેતર થતે." એક સહવારે બાગમાં ફરતાં ફરતાં તે બોલી "હા, હું કબુલ કરતાં શરમાતી નથી કે તેને હું ધીક્કારૂંછ; મારી પાસેથી પેલાને ખુંચવી લેવાની તેની મગદુરજ શું ? ને તેને એ ગણુકારેછબી કહાં ? નહિ તેની તરફ જરા માયાથી જોતી કે નહિ તેની તરફ જોઇને તે હસતી ને તોબી તે એના પગ સાથેનો સાથેજ વીંટળાયછ ! વાત મારી સાથે કરેછ ને આંખ પેલી ઉપર ટીકેલી રાખે ત્યારે એ ગજબજ કે ની ? આહ ! તેને કેવા જોરાવર પ્યારથી હું ચાહુંછ." એટલું બોલી આંખે હાથ દઇ તે પ્યાર ઘેલી બનેલી છોકરી રડી પડી.

જરા વારે તે શાંત થતાંજ તેણીએ આંખ આગળથી પોતાનો હાથ ખસાડયો તો તેણીની નજર તે બાગમાંથી પસાર થતાં એક નાનાં નાળાંની બાજુએ ઉભેલા એક જવાનપર પડી. તેને જોતાંની

સાથેજ પહેલી હરોળમાં તો તેને વગર રજાએ તે બાગમાં આવી એમ સ્હેલ કરતો જોતાંજ તે ગુસ્સાથી ઉશ્કેરાઇ ગઇ, પણ પછી જેવો તેણીએ તે શખ્સને પેલા બેંકની સામે ઉભેલા શખ્સ દાખલ ઓળખ્યો કે તેણીનું તે ઝનુન સમી ગયું અને ત્યાંજ એક બાંકપર તેને નીહાળતી તે બેઠી. તેનો ચ્હેરોજ તેણીને એવો લાગ્યો કે જેવા ચ્હેરાનો આદમી એમ વગર કારણે બેંક આગળ ઉભો રહી તેમાં જતી આવતી છોકરીઓનાં નામ પુછે, બેધડક કોઇના બાગમાં ચાલી આવી સભ્યતાનો કાનુન તોડે એ વાત તેણીની અક્કલને બંધબેસ્તી લાગી નહિ. જેમ જેમ તેનો ચ્હેરો તેણી પોતાના હૈયાંની આરસીમાં ઉતારતી ગઇ તેમ તેમ તેણીની ખાતરી થતી ગઇ કે સર તલબોટની દીકરીમાં આટલો બધો લાભ ધરાવવાને તેને કાંઇ મોતેબર કારણ હોવુંજ જોઇએ, અને તેથી તેણીએ તેને બોલાવી વાતમાં ઉતારવાનો વીચાર કીધો.

પણ તેને બોલાવવા જવાની તેણીને જરૂર પડીજ નહિ. કેમકે તેટલાં પેલાની નજર તેણીની ઉપર પડતાં તે પોતેજ તેણીની તરફ જરા આગળ વધ્યો અને પોતાની ટોપી ઉંચકી તેણીને સલામ કરી પાછો તે નાળાંનાં પાણીમાં ગળ નાંખતો ઉભો.

લુસી તેની આ બેહાઇ માટે અજબ થઇ તો ખરી પણ તેની સલામનો જવાબ ખાલી ‘ સાહેબજી ’ એમ બોલીનેબી વાળ્યા વગર તેણીનો છુટક નહતો.

તેણીને મોંઢે આ ‘સાહેબજી’નો બોલ સાંભળતાંજ પાછી તેણે ટોપી ઉતારી અને તે બોલ્યો.

“ ફાંકડી સ્હવાર છે, નહિ મીસ ? ”

“ હા, પણ તમે શું માછલી પકડોછો ? ”

“ નહિ, આજે નસીબ રૂસાઇ બેઠું છે. એટલે કાંઇ મળતીજ

નહિ. આય નાળાંની કોઈ કદર રાખતું હોય તેમ લાગતું નથી; જીાંના રહેનારાંઓ તદ્દન બેપરવાહ હોવાં જોઇયે."

"હા, બરાબર છે. તેઓ બેપરવાહ છે તેથીજ તો પારકાઓ અહીં જેમ ગમે તેમ ઘુસી આવેછ."

"હા, ખરેખર મને એ ખ્યાલ અજબ છે કે હમણા સુધી આયોજ નહિ, પણ ચોરીનો વિચાર મને છેજ નહિ, નહિ તો આયે ધોળે દીવસે શું કામ અંહીં આવું ? હું તો જુવોની જ્યાં ગમે ત્યાં જાઉંછ, જેની મરજી નહિ હોય તે ભલે મને કેહે કે "ભાઇ આ ખાનગી જગ્યા છે, તમારાથી અંદર નહીં અવાય" તો ખુશાથી હું ચાલ્યો જાઉં. તકરાર—બકરાર કાંઇ કરૂં નહિ, પણ જે મને એમ કહે તેને કંજુસ—મખીચુસ સમજુ ને એમ તેને મોંહપર કેહીને ચાલી જાઉં. આય બાગમાંબી જો તેમ હોય તો મને કેહી દેવો ને તમારા આયં સેવક રોબર્ટ ગ્રીનને બીજીવાર કહેવું નહિ પડશે."

"તમે રજા વગર ઘુસી આયાછ, એ ખરૂં પણ હવે કાંઇ નહિ, મી૦ ગ્રીન તેની ચીંતા નહિ."

"ઉપકાર થયો, બાનુ" મી. ગ્રીન બોલ્યો "એ તે ગ્રહ-સ્થાઇ, નમંતાઇ તે એનું નામ; આય ભાગ તરફ પણ તમો માનશો બધાજ એવા ભલા અને દયાળુ છે. મેં કાંઇક સસલાં માર્યાછ ને કાંઇ કુડીબંધ માછલી પકડીછ, પણ નહિ કોઇ—કોઇજ મારે માથેનો હજી મળ્યો નથી. સર તેલબોટે વટીક મને ઉફ કરીને કહેવાની હીંમત નથી કીધી."

"તમે સર તેલબોટને મળ્યાછ કે ?" લુસીએ તેને પુછ્યું.

"નહીંજી, પણ મારો દોસ્ત જોન્સ જે સર તેલબોટનો બાહુત છે તેને-ત્યાં મી. હેરોલ્ડ હડલી સાથે મને કાંઇક વાત થઇ હતી.

બાકી એ બેરોનેટ સાહેબને તો હું નથી મળ્યો, જે કેટલાક સંજોગો જોતાં ઘણું અજબ જેવું કહેવાય."

"તે સંજોગ શું?" લુસીએ સવાલ કીધો પણ મી૰ ગ્રીન તેણીનો તે સવાલ સાંભળ્યોજ નહિ હોય તેમ તે અખાડા કરીને ઉભો રહ્યો, પણ લુસી તેના જોવાથી હારીને બેસે તેમ ન હતું.

"મી૰ ગ્રીન, તે દહાડે બેંકની સામે તમેજ ઉભેલા હતાની? મેં તમને જોયા'તા."

"ને મેંબી તમને જોયાં'તાં બાનુ."

"પણ તમે તે વખતે કાંઇ મારી તરફ નહિ જોતા'તા. તમારૂં બધું ધક ધ્યાન તો મીસ લીલ્યન ઉડલી તરફ હતું."

તોપણ મી૰ ગ્રીનના પેટમાંનું પાણી હીલ્યું નહિ. તે તેણી તરફ ટીકતો ઉભો રહ્યો અને પછી જરા મુછમાં હસી તે બોલ્યો—

"તમે મારો ગર લેવા મને આ સવાલો કરોછ નહિ? તમે મારીથી શું જાણવાની ઉમેદ ધરાવોછ, અને તે જાણીને પછી શું કરવા માંગોછ?"

એ સવાલોથી લુસી કાંઇ ડરી નહિ ગઇ, પણ મોંહ ઠાવકું રાખી તે બેસીજ રહી. તેબી હવે એક સારો પથર જોઇ તે ઉપર બેઠો.

"લીલ્યન તમારી સહી છે નહિ?"

"હા, મારી સહી છે."

"અં; હું સમજ્યો. ઘણી ખુબસુરત ને મજેહની છોકરી છે."

"હાજ તો, ને તમે જે રીતે તેણીને જોતા હતા તે ઉપરથી હું ધારૂંછ કે તમારૂંબી મત તેને માટે તેવુંજ હશે. તમો તેણીનામાં કાંઇ ઘણો લાભ ધરાવતા લાગોછ?"

તે હવે ઉઠીને તેણીની નજીક આવ્યો અને લુસીએ ગભરાઇને

આસપાસ જોયું કે રખેને એક પારકા શખસ સાથે વાત કરતાં તેણીને કોઇ જુવ !

"હા, મને તેમાં કાંઇક લાભ ધરાવવાનું કારણ છે. તે જવાન બાનુથી જે હું અઢીસો પાઉન્ડ મેળવતે તે હું પેલા મી૦ હેરોલ્ડને લીધે ખોહી બેઠો."

તેના આ જવાબથી લુસીની છાતી ધડક ધડક થવા લાગી. તે શખસ દીવાનો હતો કે તેણી પોતે લીલ્યનને લગતો કોઇ ભેદ ખુલ્લો કરવાની અણીપર હતી.

"એમાં શું ? તમારૂં કહેવું હું સમજી નહિ.

"તો જુઓ; મારૂં નામ રોબર્ટ ગ્રીન છે અને સર તેલબોટે પોતાની પરણેતર અને દીકરીને શોધી કાઢવાનું કામ અમેરીકામાં મને સોંપ્યું હતું."

"ત્યારે હવે મીસ લીલ્યનના બાબમાં તમો જે લાભ ધરાવો તેનું કારણ હું સમજી; પણ, ત્યારે પેલા પૈસાનું કેમ ?"

"જો હું લેડી ફ્રડલી અને તેની દીકરીને શોધી કાઢી સલામત ઇંગ્લંડ લઇ આવું તો મને સર તેલબોટે પાંચસો પાઉંડ આપવા કહ્યા હતા. મેં તેઓને શોધી કાઢયાં. જ્યાં તેઓ ગયાં ત્યાં તેઓની મેં પુઠ પકડી, તેટલાં તે અબલા બીચારી મરણ પામેલી મને માલમ પડી. તે બાએની સરટીફીકેટ મેં મેળવી અને મીસ ફ્રડલીની મેં પુઠ પકડી અને મારો હાથ તેણીનાં ખભાંપર મુકવાની હું અણીપર હતો કે હેરોલ્ડ કેયેથી ફુટી નીકળ્યો અને મારા હાથમાંથી તેણીને તેણે ઝુંટવી લીધી. હવે કેહો એ જુલમજ કહેવાય કેની ?"

"આહ ! ત્યારે લીલ્યનની બધી આગલી પાછલી જાણનાર હાલ તેણીની સામેજ બેઠો હતો !" લુસીએ મનસે વીચાર્યું.

"હા, એ કાંઇક સખ્તાઇ તો ખરી, પણ તમુને તેઓએ કાંઇ થોડું ઘણુંબી આપ્યું હોસેની ?" તે બોલી.

"મને કાંઇજ નહીં મળતે, પણ મેં સર તેલબોટ આગળ સીધો જઇ પહોંચવાની તેવણના વકીલને ધમકી આપી, એટલે તેઓએ મને અઢીસો પાઉંડ આપ્યા અને તે ઉપર મને સંતોષ પકડવો પડયો!"

"હું ઘણી દલગીર છું. તમારા તરફ તેઓ સખ્તાઇથી વર્તેલા તો કહેવાય, એમાં શક નહીં. પણ ત્યારે તમે શું હમણા સર તેલબોટ આગળ ફર્યાદ રજુ કરવા આયાછ?"

"નહીં, મારી વાત તે નથી. મારાં કુલો ઉપર હું જબરજસ્તી–"

"પણ ખરેખર, સર તેલબોટતો તમુને નો કોઠાં કરતા નથીની? તેવણ એક સુદ્ધા ગ્રહસ્થ–"

"તેમ તો છે, પણ એવણ મને ઓળખતાજ નથી તેનું કેમ? મારી સાથ બધો પત્રવહેવાર તેવણ પોતાના વકીલો મારફતે કરતા હતાં, મને ખરચબી તેમના વકીલોજ આપે. મારે રીપોર્ટબી તેમના વકીલોને કરવાનો અને મારી ઉપર કાંઇ લખવું મુકવું હોય તેબી તેવણ તરફથી તેવણના વકીલોજ કરે."

"ત્યારે સર તેલબોટ તમને પીછાણતાજ નથી?"

"નામે વટીક નહીં, કેમકે, મને મારા રીપોર્ટની નીચે સહી કરવાનીબી સખ્ત મનાઇ હતી.

"ને મીસ ઉડલી? તેવણ તમુને–"

"નહીં, તેવણુનીબી નજર મારીપર પડીજ નથી."

"ત્યારે તમુને કોઇજ ઓળખતુ નહીં?"

"હા, કોઇજ નહીં."

"ત્યારે હમણા આવવાનું તમને કારણ?"

"જે છોકરીની આટલાં વર્ષ સુધી મેં પુઠ પકડેલી, જેને શોધી કાઢવાનું મેં બીડું ઝડપેલું, તેને તેની આય આબાદીમાં જોવાનું મને મન થાય તો તેમાં તમને કાંઇ અજબ જેવું લાગછે?"

"ત્યારે આય તરફ હું એકલીનેજ ખબર છે કે લેડી અને મીસ ડિડલીને શોધી કાઢવાને રોકાયલા એજંટ તમોજ છેવો ?"

"હું ધારૂંછ કે તેમજ છે."

"ત્યારે તમે મને એ વાત કાંય કેહી ? હું તો તદ્દન પારકી–"

"તમે મારે મનસે પારકાં નથી. તમને છેલ્લાં જોયા પછી મેં તમારી ઉપર ખુબ બારીક નજર રાખી છે, તમે ડયુકને ત્યાં લીલ્યનની સાથે હતાં, ત્યારેથી હું ત્યાં હતો. તમે લીલ્યન અને હેરોલ્ડ સાથે ફરવા જતાં હતાં ત્યારેથી મારી નજર તમારી ઉપરજ હતી. મેં તમને બેંક આગળથી જોયાં'તાં—"

"પછી ?"

"ને મારી ખાતરી થઇ કે મીસ લીલ્યનને તમારાં આય ગામમાં જો કોઇબી છોકરી જીવથી જાનથી ધીક્કારતી હોય તો તે છોકરી. તમે છેવો."

લુસી તો આ તેના બોલો સાંભળી સ્તંભ થઇ ગઈ! આવો એક રખડેલ તેણીની આગળ પોતાની છાતી ખુલ્લી કરે, તેણીની હીલચાલ ઉપર એટલી બારીક નજર રાખે ને તેણીની છાતીમાં સંભાળથી સાચવી રાખેલો ભરમ તે પામે !

તેણીને તેણીની આય હાલતમાંથી ન ચોંકાવતાં તેણી તરફ પેલો મી૦ ગ્રીન મુછમાં હસીને જોતો ઉભો. પછી લુસીના કાંઇ હોઠો ફરફરડવાથી તે બોલ્યો.

"કાંઇ મને કહ્યું મીસ ?"

"ન–નહીં–કાંઇ નહીં–હા, મકુંજે મી૦ ગ્રીન તમે ઘણી બેઅદબીથી વાત કરોછ, મારે તમારી એ વાત સાંભળવી કે નહીં તેના વીચારમાં હું છેઉં.

"નહીં મીસ, તમે એટલાં ગભરાવો ના; ખુલે દીલે વાત કીધા જેવું બીજું કાંઇજ નથી, ને જયારેથી હું એવું કોઈ જોવું કે જે મને

મદદ કરશે એમ મારી ખાતરી થતાંજ તેની સાથે ખુલ્લે દીલેજ હું વાત કરૂંછ, ને કોઇ દહાડેબી મારી એ—આ રીતે મને ઠગ્યો નથી."

"અં: ત્યારે તમે અહીં કાંઇ તમારી જીજ્ઞાસા તૃપ્ત કરવાજ માત્ર આયા નથી પણ કાંઇ બીજીબી તમારી મતલબ છે"

મી૦ ગ્રીન જરા હસ્યો અને બોલ્યો "મારા વખતની તમો કીમત જાણો છો ? એક દહાડાની બસો યા તેથીબી વધારે ગીની, એટલે એવી જીજ્ઞાસા તો મને ગરમ પડી જાય. ને તેથી હું કેહુંછ કે હા મારી અહીં આવ્યામાં કાંઇ મતલબ છે, ને તમારાં જેવાં ચાલાક, ચબરાક, હુશીયાર—"

"બસ બસ મી૦ ગ્રીન મને તમારી ચાપલુસી નહીં જોઇએ."

"ઓ ત્યારે હું દલગીર છઉં ને માફ માગુંછ, મીસ, પણ ખાત્રી રાખજો કે હાથ આપતાં હું પહોંચો પકડવાનો નથી, હું ખરડ્યા પગ ગલીચા સુધી લઇ જવાનો નથી."

"ને તમારી મતલબ પેલી અઢીસો ગીની મેળવવાની છે નહીં ?"

"નહીં. મીસ, તમે એક મોંહુ મુકી દીધું ને તમુને પૈસાની કશી ગરજ નથી, વાસ્તે મહેરબાની કરી મને મારાં આય કામમાં તમે મદદ કરશો ?"

"પણ તે કેમ ? તમને શું વહેમ છે ? તમે શું શોધી કાઢવા માંગોછ ?"

"વળી મને તમે ઉડાવ્યો ? હું જાણુંછ કે મને મૂર્ખ સમજવા જેટલી તમારાંમાં અક્કલની કોટાઇ નથી; તમે બસ મને એટલું કહો કે તમે મને તમારી મદદ આપશો કે નહીં ?"

"જો તેથી કાંઇ ઇનસાફની નેમ સચવાતી હોસે તો હું તમને ખુશીથી મદદ કરીશ. હવે કહો તમે મારીથી શું મદદની આશા રાખોછ ?"

"જુવો, હું મારે ગમે તેમ અને ગમે ત્યાં જઈ શકું, પણ તેમ મારીથી કાંઇ હંમેશ થઈ શકે નહીં, અને વળી જ્યાં હું જાઉં ત્યાં મીસ ઉડલીના પાસે અને આસપાસ લોકોનું મેજરૂં હોય, એટલે મને જરા પાછળ હઠવું પડે; હવે મારે કોઇ એવું માણસ જોઇયેછ કે જે એ બાઇને તેના એકાંતવાસમાં તે તમામ એકલી પોતાના વીચારોમાં મશ્ગુલ હોય તે વખતે જોઇ શકે અને તે કામને લાયક ઇનશાન તમો છેવો."

"કોઇ નોકર નહીં ચાલે ?"

"જો એ કામ માટે કોઇ ઉંચ કુળની બાનુ મળે ત્યાં સુધી હું નોકરોનો વીશ્વાસ કરૂં નહીં. પૃથ્વીના અડધા ગોળાર્ધ ઉપર વીસ વર્ષ સુધી એકની એક પુઠ પકડી રાખવા જેટલું એ કાંઇ મુશ્કેલ કામ નથી. બસ, તમારૂં કામ એટલુંજ કે તમારે તેને ધ્યાનથી તપાસવી અને તમુને કાંઇ અસાધારણ લાગે તો તેની નોટ કરવી."

પહેલે તો લુસીને એ વાત ગમી નહીં અને તેનું સ્વમાન ઉશ્કેરાઇ આવ્યું. પણ અદેખાઇ જેવી કઠોર અને ક્રુર લાગણી આગળ ગરીબ બોકરાં જેવાં અંતઃકરણનું શું ચાલે ? અરે દોસ્તો, જો એક ઇનશાનનું અંતઃકરણ હંમેશાં તેની બુરી વાસ્ના ઉપર ફાવતું હોય તો ફાજેલો, આકેલો અને ઓલમાઓ દુનિયાને નજીસ કહે ? અને લુસીએ જોયું કે તે તેણીની સામે ઉભેલાં ઇનસાનની દરખાસ્ત નજીસ અને નીચ હતી. ઘડીભર પોતાના નોકરોને ત્યાં બોલાવી પેલાને આખોને આખો ઉંચકી નાળામાં ફેંકાવી દેવાનું તેણીનું મન થયું, પણ તેણીનાં મનમાં ઉભા થયલા તે જુસ્સાને અદેખાઇના સેતાને તુરતજ દાબી દીધો. તેણીને હેરોલ્ડનો મનમોહનં મોહક મુખડો યાદ આવી ગયોં અને તેણીએ પોતાની બધી ઇજત આબરૂને હવાને હવાલે કરી દીધી !

"વારૂં તને તે બાબદની ખબર હું કેમ કરી શકસ ?" તેણીએ તેને પુછ્યું.

"તે મારી ઉપર છોડો. તમારી સામે એકાએક અને વળી કોઇ જુદાજ પોષાકમાં રજુ થાઉં તો તમે ગભરાઇને ચોંકતાં ના; અને લખેલી નાની કાપલી હાથમાં સેરવી દેતાં યાતો એકુ બોલ મારે કાને પાડી દેતાં તમને મુસ્કેલી લાગશે નહીં ને તમે ગભરાતાં ના, મીસ કેમકે, એમાં બેઉને ફાયદો છે."

"તમે ત્યારે મારી આગળ ખુલાસો તો કરવાના નહીંજ કે ?" તેણીએ તેને કરગરીને પુછ્યું. "વારૂં, મને એટલું તો કહો કે તમે મીસ ઉડલીની બધીજ આગલીપાછલી જાણોછ કે ? કોઇ વખત તેણી નાટકકાર હતી ?"

"નહીં, મીસ, તમારી અટકલ ખરી નથી–ને હમણાં હું તમને કાંઈજ કહી શકતોબી નથી ને વળી–પણ જુવો સામેથી કોઈ આવેછ. હવે ? હવે મને તમે મોટે મોટે ધમકાવીને કાઢી મુકો."

લુસીએ તે તરફ જોયું અને દુરથી ડેસન સ્લેડ, હેરોલ્ડ અને લીલ્યનને પોતાની તરફ આવતાં તેણીએ દીઠાં.

"બસ, તમને હું કેહુંછ કે તમે અહીંથી એકદમ ચાલી જવો, વધારે ટકટક કરવાનું અહીં કામ નથી" પેલાં ત્રણે સાંભળે તેમ મોટે મોટે લુસી મી૦ ગ્રીન તરફ જોઇ બોલી.

"હાજી, હા, બાનુ–ઘણો દલગીર છેઉં માફ કરજો, આય લેવો હું ચાલ્યો."

અને તેટલાંજ જાણે લુસીની નજર લીલ્યન અને તેણીની સાથ-વાળાઓ ઉપર પડી હોય તેમ તે શેકહેન્ડ માટે હાથ લંબાવતી તેઓ તરફ દોડી.

પ્રકરણ ૨૯ મું.

લુસી પહેલી લીલ્યન આગળ ગઇ અને તેને શેકહેન્ડ કરી પોતાના પગના અંગુઠા ઉપર ઉભી થઇ ટીંગાઇને તેને એક કીસ વટીક તેણીએ લીધી.

"લીલ્યન તું કેમ છે? તું જોની કેવી ગોરી ને ગુલાબી–ગુલાબી દીસેછ ને મારો ચ્હેરો જાણે સફેદ કાગળ ! કાલના ઉજાગરાની એ અસર હોશે !"

હવે લુસીએ ડોસન સ્લેડને શેકહેન્ડ કીધી અને પછી હેરોલ્ડ આગલ તે ગઇ પણ તેણીના તે માનીતા જવાનની નજર પેલા મી. ગ્રીન ઉપર ચીટકી રહી હતી.

"આય મારો વ્હાલો હર જગે હાજર હોય તેમ લાગેછ. જ્યાં જોઉં ત્યાં એવણની હાજરી છે ને છેજ; લુસી એ કાંઇ 'પીરમીટવા' આયો'તો કે?"

"એમ લાગેછ ખરૂં" લુસીબાઇ મોંહ ડાવકું રાખી બોલ્યાં અને પછી એક કળ તેણીના હાથમાં આવી જવાથી ઘણાંજ હલુંસે તેવણ બોલ્યાં "હું ધારૂંછ કે બીચારાનું જરા 'સેન્ટર'માં નથી, કાંઈ ઘેલોતો નથી, પણ જઅઅઅરાક—તમે સમજ્યા કેની? બાકી એમ એના જેવા દેખાવનો આદમી જ્યાં ગમે ત્યાં બેધડક રજા વગર ઘુસ્યો આવે એ મારા માન્યામાં નથી આવતું."

આ બધું તેણી આસ્તે ને હલુસે બોલી ખરી, પણ તે એટલું હલુસે ન હતું કે જેથી પેલા ત્યાંજ હજી ડગમગ્યા કરતા ગ્રીનને કાને તેણીનું આ બોલવું નહીંજ પડે, તેથી તેણી જે બોલી તે તેણે સાંભળ્યું અને તે ઉપરથી તેણે કેમ કામ લેવું તે તે ચેતી ગયો, અને તેથીજ જાણે તે કોઇ મૂર્ખો ગમાર હોય તેમ તેણે હેરોલ્ડ તરફ જોઇ હસીને તેને સલામ કીધી.

"હા, સાહેબજી !" હેરોલ્ડે તેને જવાબ દેતાં કહ્યું "પણ મીસ્ટર–"

"ગ્રીન, સાહેબ."

"હા મી. ગ્રીન, તમારી મરજી માછલાં યા સસલાં ચોરવાનીજ હોય તો તમે ગમે તો સર તેલબોટ ઉડલીની જમીનપર તે પકડો, કેમકે તેવણ કદાચ તે તમારૂં કામ સાંખશે, પણ મહેરબાની કરી અહીં તો તમે 'મીઠો ગાળોજ મુકજો.'"

"વારૂં સાહેબ, કાંઇ નહીં સાહેબ" મી. ગ્રીન ટોપી ઉતારી હેરોલ્ડને નમન કરી બોલ્યા "મી. ઉડલી ઉપર ઉપકાર કરવા માટે તમે કહો તે કરવા તૈયાર છેઉં. ને ત્યારે પેલા આપણા બન્નેના દોસ્ત જોન્સનું કેમ ? તેવણ પેલી પોતાની બીલ્ડીંગ—"

હેરોલ્ડ બીજાંઓ તરફ ફરી ખડખડ હસી પડયો.

"દલગીર છેઉં મી. ગ્રીન કે જોન્સની બીલ્ડીંગની બાબદમાં હું અત્રે હમણાં ઉતરી શકતો નથી. કોઇ વખત મળાશું ત્યારે વાત."

"વારૂં સાહેબ, બરાબર છે સાહેબ, તમે કહોછો તેમ બીજી વખતે મળાશું ત્યારે વાત. સાહેબજી, બાનુઓ, સાહેબજી ગ્રહસ્થો ઘણી ખુશનુમાં સહવાર છે, નહિ ?" એટલું બોલી માછલાં મારવાનો પોતાનો સામાન લઇ તેણે ચાલતી પકડી, પણ જવા અગાઉ લીલ્યન તરફ ટીકીને જોવાની તેણે ઘણીજ કાલજી રાખી હતી.

જાણે મી. ગ્રીનના ચાળામાળાએ તેણીને કેવી ગમત આપી હોય તેમ લુસી હસીને બોલીઃ

"કોઇ અજબ તરેહનો એબી છે ? હું અહીં ફરતી ફરતી આવીને જોઉંછ તો મજેહ તરેહથી બાપ લાખ ચાલીસનો હોય તેમ નાળાંમાં ગલ નાંખીને ઉભેલો ! ને પોતાનાં કામમાં એટલો મશગુલ તે મને લાગ્યો કે મેંબી તેને છેડવાના અખાડાજ કીધા, પણ પછી મને લાગ્યું કે જો મારા કોઇ નોકરની નજર તેના ઉપર પડશે, તો તેને

બીચારાને માર મારીને અહીંથી કાઢશે, એટલે મેંજ તેને તેની એ શેખી અને સરજોરીને વાસ્તે ધમકાવ્યો ને ચાલી જવા કહ્યું !"

"પછી શું ? તે તકરારમાં ઉતર્યો કે ?" હેરોલ્ડે પુછ્યું "કેમકે અમુને તમારો ને એનો સાદ આવ્યો."

"ખરેખર ? કેવું ખરાબ મનેબી તેની સાથે બોલતાં લાગ્યું" તે બોલી અને વીચારમાં પડી કે રખે તેઓએ તેની સાથની તેણીની પેલી પહેલી વાત યા તેનો કોઇક ભાગ સાંભળ્યો હોય !

"અરે ત્યારે શુક્રાના કરોની કે કદાચ અમુને જોઇને તે તમારી સાથે તકરારમાં નથી ઉતર્યો ! બાકી તેની તકરાર, એક ભલો 'ફાઇ-ટીંગ કોક' બેરીસ્ટર લહડયા !"

"એવાં માણસો હંમેશાં ભડભડ બોલાંજ હોય" લુસીએ પોતાની મતલબની ટાપસી પુરી, ને જાણે દેવાનશાળાઓનો તેણીને કેવો એક અનુભવ હોય તેમ તેણીએ ઉમેર્યું "હું પક્કું ધારૂંછ કે તેનાં મગજનું ઠેકાણું નથી, તો જો કે તે કોઇને નુકશાનતો કરતો નથી."

"હા, બરાબર" હેરોલ્ડ બોલ્યો.

આ વાતચીતમાં ડોસન સ્લેડે કશોજ ભાગ લીધો નહતો અને તેને તે વાતમાં ખેંચવાના ઇરાદાથી લુસીએ તેને પુછ્યું:-

"તમે મી૦ સ્લેડ તેને જોખમભરેલો ધારોછ ?"

સ્લેડ જરાક હસ્યો, પણ તેનું તે હસવું એવું હતું કે તેમાંથી 'હા' કે 'ના' નો જવાબ મળી ન શકે; અને જો કે તુરત વેળા તેણે બોલવું કદાચ વાજબી નહિ વીચાર્યું હોય, તોપણ જે રસ્તે મી. ગ્રીન ચાલતો થયો હતો તે તરફ તે ટીકતો ઉભો.

"એ બધી હસવા જેવી વાત છે તો ખરી" આખરે તે બોલ્યો. "પણ મારા વિચાર પ્રમાણે તે જેટલો મૂર્ખ અને ગમાર લાગેછ, તેટલો બધો મૂર્ખ અને ગમાર તે નથી."

"ત્યારે એજ વાત તમો શોક કર્યા કરશો કે ?" હવે લીલ્યન

વચ્ચે પુરાઇ "એ મી. ગ્રીનની મોહોકાણે તો આપણે જે પેગામ લુસીને પુગાડવા આયાંછ તે ભુલી જઇશું."

"લુસી" લીલ્યનનો ઇસારો પકડી પાડી હેરોલ્ડ બોલ્યો. "અમે એક પાર્ટી ગોઠવીએછ."

"પાર્ટી? કયાં વારૂં?" લુસીએ પુછ્યું.

"સ્કારબરો, પેલી રાક્ષસની છાતી જોવા" લીલ્યન બોલી.

"કેવું મજેહનું! કયારે?"

"પરમ દહાડે, જો વરસાદ નહીં હોસે તોજ."

"આહ! ખરેખર આપણી ઇંગ્લાંડની હવા ઘણી દગાખોર છે, તેમાં તમે તો અમેરીકામાં વસ્યાં છેવો એટલે તમને તેમ વીશેષ લાગતું હોસે."

લીલ્યને લુસી તરફ ડાચું ફાડીને જોયું, પણ તેટલાં ડોસન સ્લેડ બોલી ઉઠયો—

"તમે મીસ વોર્નર એમ ના સમજતાં કે અમેરીકા એક બેહેસ્તજ છે. ત્યાંબી એવી રૂતુ છે કે તમે તમારો જન્મજ ભુલી જાવો."

"ખુદા ખાતેર મીસ લુસી તમે લોક હવાની તકરારમાં ના ઉતરો" તેજ વખતે જેરાલ્ડ લેડી વોર્નરના હાથનો ટેકો લઇ લંગડાતો લંગડાતો ત્યાં આવી લાગ્યો હતો તે તેઓની તે વાતચીત સાંભળતાંજ બોલી ઉઠયો. "એ આય ઉજાણીની શું વાત છે?" એમ પુછી તે લીલ્યનની બાજુએ જઇ તેણીનો હાથ પોતાના હાથમાં ભેરવીને ઉભો.

"અમે બધાં 'રાક્ષસની છાતી' જોવા જવાનાં છીએ" લીલ્યન બોલી.

"ઓ, ત્યારે તો મનેબી મહેરબાની કરી સામેલ કરજો. પરમ દહાડે કે? કેમ સ્લેડ કાંઇ તુ મુંગો મંતર થઇને ઉભોછ?"

"હું હમણાં એમ વીચાર કરતો ઉભોછ કે મને તે ખડકપરથી નીચે ઉતારશે કોણ?" સ્લેડ હસીને બોલ્યો.

પ્રકરણ ૩૦ મું.

આપણે જોયું કે રમત ગમતનાં અનેક સાધનોને લીધે અહીં લીલ્યય ઉડલીનો વખત પવન વેગે ઉડયો જતો હતો ત્યારે હીંગહામ લેનમાંની પેલી નાની સમકલી બંગલીમાં ઇથલ નોર્થનો વખત ઘણોજ ભારી પગે ઘસડાતો બીચારો હુસુક હુસુક ચાલતો હતો. તે બીચારીને ત્યાં નહિ પાર્ટી હતી કે ના ઉજાણી હતી, ન ટેનીસની ગમ્મત હતી કે ન ડાનસની મોજ હતી; તે બીચારીને માટે જીંદગી હમેશાં સાદી, સુતરી અને એકસાંન હતી. તેને માટે આજ તેવી કાલ જતી અને કાલ તેવી પરમદીન આવતી.

સહવારના તે ઉઠતી, નાહી ધોઈ દાતણ કરી નાસ્તો લેતી કે ચાલ ભાઇ પોઇસ દેવળમાં ! ત્યાં ઓરગન વજાડતી, ગાતી, બેહેસ્તની હુરીઓને બોલાવતી, રીઝવતી, રીઝતી અને ત્યાંથી પાછી ફરતાં તે જમતી અને જમીને જરા પીયાનાપર બેસતી, અને એ મુજબ જેવી સહવાર તેવીજ બપોર, અને સાંજ ગુજરાતી અને રાત પડતી ! અને તેણીની એ કીસમની જીંદગીનો જો કાંઇ ફાયદો હોય તો તે એ હતો કે દીનપરદીન તે વધુ તંદુરસ્ત અને તરોતાજગી ભરેલાં તન બદન અને ચ્હેરાની બનતી જતી હતી પણ તેણીની એ જીંદગીનીબી હદ હતી. તેણીની એ કીસમની જીંદગી, પેલી સાંજ સુધીનીજ હતી કે જે સાંજે હાથમાં ટોપી અને હોઠપર ગાયનના મીઠાસ સાથે મમી હેસ્તરને ચાહેનો સવાલ પુછતી તે નાનાં આસુદાં મકાનમાં ધસી આવી, ત્યાં હેરોલ્ડને પેલી ખુરસીપર લાંબો થઇને બેઠેલો જોઇ બારણાંમાંજ અચકાને ઉભી હતી ! તે પછીથી તેણીની તે શાંત અને સાદી જીંદગીએ પોતાનો રાહ જાણે બદલી નાંખ્યો હતો. તેણીની જીંદગી તેની સાદાઇમાં, શાંતિમાં અને એકાંતવાસમાં તો જે હતી તેજ હતી, મગર તેણીને મનસે તે જીંદગીની આગલી મોજ જતી રહી હતી. ખુદ્રી

હેસ્તર જે તેણી તરફ ઘણીજ કાળજીથી જોતી રહી હતી, તેણીથીબો તેનામાં થયલો આ ફેરફાર છુપ્યો નહિ રહી શક્યો હતો.

"એ તુંને થયુંછ શું, છોકરી ? તું નહિ ગાતી, નહિ વજાડતી ને ધુમટો તાણીને ફર્યા કરેછ ?" બુઢ્ઢી હેસ્તરનું જ્યારે ઘણુંજ પાકી જતું ત્યારે તે તેની સાથે ચીરડાઇ પડતી.

"નહિ, મમી, હોય શું ? મને કાંઇ નથી." મને એટલું બોલી તે તુરત પીયાનાપર દોડતી અને કાંઇ વજાડવા બેસ્તી, પણ તે માત્ર થોડોજ વખત. વળી તે ડોસી એણીગમ તેણીગમ જતી કે તે પીયા-નાપરથી ઉઠી વીચારમાં ને વીચારમાં તે એકાંત મકાનને લગતા નાના શોભીતા બગીચામાં લટાર લેતી યાતો ઘરમાં બારીએ ઉભીજ રહેતી.

"એ તુંને થયું શું ઇથલ ?" વળી એક દીને બુઢ્ઢી હેસ્તરે તેની ખબર લીધી "તું કાંઈ તદન ફેરવાઇ ગયેલી લાગેછ ?"

પણ ત્યારે આખો દહાડો ને રાત હસ્યાજ કરૂં ? તેમ કરૂં તો વરી કહેશે તુંને ઘેલુ શાનું લાગુંછ ? થાય શું ? હું તો સારી કાની છેઉં" ઇથલે તેણીના તે સવાલનો જવાબ આપ્યો.

હેરોલ્ડને આવી જવાને આઠ દીવસ થઇ ગયા હતા અને તે આઠ દીવસ ઇથલને લગભગ આઠ મહીના જેટલા લાગ્યા હતા. તે આઠમા દીવસની એક શીતલ બપોરે ઇથલ તે મકાનના બગીચાના દરવાજામાંથી પસાર થઇ અંદર આસ્તે આસ્તે ચાલીને આવી, અને ગુલાબના એક ક્યારા આગળ તે ઉભી, અને બુઢ્ઢી હેસ્તરે જોયું કે જાણે તે ક્યારામાં એક વધુ ગુલાબનો ઉમેરો થયો હતો.

"ચાલની દીકરી ઇથલ, ચાહે તૈયાર છે" બુઢ્ઢી હેસ્તરે તેને બોલાવી.

ઇથલ જરા ચોંકી અને તે ક્યારા આગળથી ખસી જઇ મકાન તરફ તે વળતી હતી તેટલાં બહાર રસ્તાપરથી ઘોડાનાં પગલાંનો અવાજ તેને કાને આવ્યો અને તે તરફ નજર ફેરવતાં તેણીને એક

સ્વાર દોડતો આવતો જણાયો, અને તેણીએ તેને ઝટ પીછાણ્યો.

તે અહીં થોભશે કે આગળ વધ્યો જશે તે જોવા તેણી જરા થોભી અને તેણીની છાતી અજબ કીસમે ધડક ધડક થવા લાગી અને તેણીનાં તનબદનમાં ખુશીનો પ્રવાહ ચાલુ થઇ રહ્યો, અને તેણીએ શરમાઇ જઇને જોયું કે તે સ્વાર આગળ ન વધતાં ત્યાંજ ધસી આવી થોભે એવી તેણીની અંદરખાનેની દુવા હતી.

હજી તો તે શું ઠેરાવપર આવશે તે જાણવાની તેણીને અવકાસ મળે તેટલાં તો હેરોલ્ડની નજર તે જવાન કોમળાંગી ઉપર પડી અને તેનોભી ચ્હેરો ખુશાલીથી ખીલી રહ્યો અને તેની આંખ એક અજબ કીસમના પ્રકાશે ચમકી રહી. અને તુરત તેણે પોતાના માનીતા ઘોડા નોલને પગની એડ મારી તે મકાન તરફ ફેરવ્યો અને આંખ બંધ કરીને ઉઘાડયે તેટલાં તો તે પોલાદી આંગનો સ્વાર ત્યાં આવી ઉભો; અને ઝટ દઇને ઘોડાપરથી ઉતરી પડયો.

"સાહેબજી મીસ ઇથલ—આજે બપોર ઘણી ઠંડી અને શાંત છે." એમ બોલી ઇથલ તરફથી 'શેકહેન્ડ' માટે હાથ લાંબો થવાની વાટ જોઇને તેણે પોતેજ પોતાનો હાથ લાંબો કીધો અને ઇથલે તે હાથમાં જરા આસકથી પોતાનો નાજુક ગોરો હાથ મુકયો, અને તે કાંઇ બડબડતી સંભળાઇ.

"જોયું, મેં મારૂં વચન પાળ્યું કેની? ચાલો, મને એક કપ ચાહ આપશો? મારી મમી હેસ્તર નહિ જણાતી?"

"એવણુ હમણાંજ અહીં હતાં. કેવો મજેહનો ઘોડો છે!" તેણી બોલી અને હાથ લાંબો કરી તેની ગરદન પસવારવા તે પડી. "એ તપી કેટલો આયોછ? એ ઘણો મજબુત છે કે"

"ઘણો મજબુતભી છે ને ચીરાડાઉભી છે" હેરોલ્ડ હસીને બોલ્યો "; ને એને ગમે તેટલી સવારી આપુંછ, ગમે તેટલો થાકવુંછ,

પણ એ સુધરતો નથી. સંભાળજો, મીસ ઇથલ, એને ઘણો લહારો ના આપતાં, ડાકું ભરશે જો ! એ થોડું ઘણું મારૂં માન રાખેછ."

"ક્યાં છે? તમે કેહોછ કે એ ચીરડાઉ છે તે ક્યાં છે? કાંઇબી તો કરતો નથી" તે જનાવરનાં નાકપર પોતાનો હાથ પસવારતી તે બોલી, અને તેને તેમ કરતી જોઇ હેરોલ્ડ તેની ડોક આગળ હુશીયાર થઇ ઉભો કે કદાચ કામ પડે તો ઇથલની મદદે તે જઇ પહોંચે. પણ નહીં, તે જનાવર જાણે ઇનશાન ઇનશાનમાં ફરક સમજતું હોય તેમ શાંત ઉભુંજ રહ્યું તે એટલે સુધી કે તેની શાંતિથી કાંઇકિ વધુ ઉતેજન પામી ઇથલે ટીંગાઇને તેનો એક કાન વટીક ખેંચ્યો તોપણ તે તેવોજ શાંત ઉભોજ રહ્યો. "તમેબી? બીચારાનું અમસ્થુંજ લાઇબલ કીધું કે? કોઈ એ જાનવરો માટે પીનલ કોડ નહીં ઘડતું કે તેઓની એમ બદનક્ષી કરી તમારા જેવા ફાવી નહીં જાય" ઇથલ હસીને બોલી.

"તમે માનશો નહીં, ઇથલ પણ હું ખરૂંજ કહુંછ કે કોઇબી પારકાંને જો તેણે છુટ લેવા દીધી હોય તો તે આજે તમેજ છેવો, લેવો જુવો મેં કહ્યું કેની?" અને તેટલાં કોઇ કુતરૂં ભસવાથી તે ઘોડાએ પોતાના પાછલા પગ પછાડયા, જે ઉપર હેરોલ્ડે ઇથિલનું ધ્યાન ખેંચ્યું.

"કેમ, મમી?" તેટલાં બુઢ્ઢી હેસ્તર આવ્યાથી હેરોલ્ડ તેની તરફ જોઇ હસીને બોલ્યો.

"ઓ, એ કોણ? હેરોલ્ડ બાબા, એ તું કે? ઇથલ એને અંદર લાવ."

"કોણુને? ઘોડાને કે હેરોલ્ડ બાબાને? કે બેઉને?"

"અરે, નહીંરે, ઘોડાને ત્યાં દરવાજા આગળ બાંધ—ને તુને હવે અણુકા તણુકા સુજ્યા કે ઇથલ?"

"તમે જાવો મીસ નોર્થ, હું ઘોડાને જરા બરાબર જગે સીસ઼ંમાં બાંધીને આવુંછ."

ઇથલ જાણે તેના હુકમને તાબે થવાની તેણીની ફરજ હોય તેમ અંદર ગઇ, અને જરાવાર હેરોલ્ડ ઘોડાનો બંદોબસ્ત કરીને ઘરમાં આવ્યો.

"કેમ, મીસ નોર્થ ક્યાં ગયાં?" તેણે આવતાં વાર ત્યાં ઇથલને ન જોવાથી હેસ્તરને પુછ્યું.

પોતાના રૂમમાં ગેઇચ; તેંબી તેને ઘોડાની છેકજ નજીક આવવા દીધી તે તેના કપડાંપર ઘોડાના બધા બાલ ઊડયાછ તે સાફ કરવા ગેઇછ, ને ગરીબ બીચારી એ–"

"કાંય વારૂં, ગરીબ બીચારી કાંય?"

"તુંને નહી લાગતું, તે કેટલી ફીક્કી મારી ગઇછ ને આય અદ્દવાડીયું થયું કાંઇ દીએની દીએ ફર્યા તો કરેછ."

"ફીક્કી? ક્યાં છે?" તેટલાં ઇથલ હસ્તી હસ્તી અંદર આવી કે હેરોલ્ડે હલુસે હેસ્તરને કાનમાં ફુક મારી.

અને ખરેખર હેસ્તરે જોયું તો તે ફીકાશ ઇથલના ચ્હેરાપર હતો નહીં; પેલો ધુમતોબી ઇથલનાં ધટમરાં મોંહપર હાલ હતો નહીં; એ થયું શું?

"એમ આવરે છોકરી, એ આય ગુલાબ ક્યાંથી તુ ચોરી લાવી?" હેસ્તરે તેણીના ગાલપર હાથનાં બે આંગલાં મારી મજાકમાં ડોળા કકડાવી તેણીને પુછ્યું અને તે બુદ્ધીનો એ સવાલ જો કે તમામે નીર્દોષ અને નીખાલસ હૈયાંનો હતો છતાં ઇથલ ઓસકની મારી શરમાઇ ગઇ અને તેણીના ગાલપરના ગુલાબનો રતાશ ગોયા તેણીના આખા ચ્હેરા ઉપર ફરી વળ્યો.

"મમી, તુંને અંગત ટીકા કરવાની ઘણી ટેવ છે. હવે મીસ નોર્થને છોડી મારા ચ્હેરા ને મારાં કદને અસમાનપર ચઢાવશે."

"ને તેમાં કાંઈ નવાઇ છે? જોની જાણે કયેથી ચોરી કરીને આવ્યો હોય તેમ ગભરાટનો માર્યો તુંબી કેટલો લાલ લાલ થઇ ગયોછ?"

એ શું ગડબડ હતી?

ઇથલ ગુલાબી—હેરોલ્ડ લાલ!

એ હતું શું?

વાંચનાર, એ બેઉનાં તકદીરની તાસીર હતી.

પ્રકરણ ૩૧ મું.

બુઢ્ઢી હેસ્તરે તે બેઉ—હેરોલ્ડ અને ઇથલના ચ્હેરા લાલ લાલ હોવાનો જુદો જુદો સબબ સમજાવ્યા પછીથી ત્યાં કોઇ કશું બોલ્યું નહિ, પણ પછી મમી હેસ્તરેજ તે નીર્દોષ ભાંગડો ઘુમાવ્યાની તદન નીર્દોષ બેખબરીમાં ઉડલી હોલની ખબર અંતર પુછી અને ત્યાં તરેહવાર વાતચીતનો રોલ પાછો બેઅખત્યાર ચાલુ થયો.

"મમી, હું જ્યારે અહીં આવું ત્યારે તું ઉડલી હોલનો પીંજણ પાટલો મારી પાસે ના મંડાવ, મીસ નોર્થને અત્રાચી આવેછ. આપણે કાંઇ બીજી વાત કર્યે."

"ચાલો ત્યારે, હું આંય ચાહેનો સમાન ઉંચકી જાઉં તેટલાં તું ને ઇથલ વાત કરો, હું આઉંછ."

ઇથલ જરા હસી પોતાનું ગુંથવાનું લઇને બારી આગળ બેઠી, અને હેરોલ્ડ પોતાનાં માથાની પછવાડે હાથો એકમેકમાં ભેરવી તે ઉપર પોતાનું માથું ટેકવી અઢેલાઇને ખુરસી ઉપર અરડાયો અને ક્યારે ઇથલ વાત છેડે એમ મનમાં દુવા કરવા લાગ્યો પણ તેની તે

દુવા ફળી નહિ અને લાંબો વખત સુધી ફળશે એવી આશા તેને આવી નહિ, એટલે તેણે પોતેજ વાત છોડી.

"હવે તમે પડદામાંથી ક્યારે બહાર નીકળશો મીસ ઇથલ ?" તેણે પુછ્યું.

"હાલ તુરત તેવો વીચાર તો નથી." ઇથલે તેની સામું જોઇ હસીને જવાબ કર્યો "કેમકે એકાંતવાસથી હજી હું થાકી નથી ગઇ."

"એમ ? નથી થાકી ગીયાં, તમે ખરૂંજ કેહોછો ? પણ મારે તમને પુછવુંજ નહીં જોઇયે, કેમકે તમારો આસુદો ચ્હેરોજ તેની સાબેતી આપેછ. તમારે મનસે દુનિયા એક બંધ ચોપડી જેવી હોય તેમ હું ધારૂંછ. દુનિયામાં જાણે તમને કશુંબી દુઃખ, કશીબી નીરાશી, કશીબી—"

પણ તેના આ બોલો તેના મોંહમાંથી પડતાંજ તેણીનો ચ્હેરો ફીક્કો ફચ એવો મારી ગયો કે હેરોલ્ડ બીચારો આગળ બોલતો અટકીને ઉભો.

"નહીં, મી૦ ઉડલી તમારી ભુલ છે. મેં આજ સુધી સખ્તીના દહાડા ઘણાજ પસાર કીધાછ. સુખ શું તે મેં જાણ્યુંજ નથી. અને તે કોઇ દહાડે મેં ચાખેલું ન હોવાથી તે કેવું હોય તે હું જાણુતી નથી, તેથી કદાચ મારી આ જીંદગીમાં હું સંતોષ માની લેતી હોવસ."

"તમારાં દુઃખની વાત તમે મને નહીં કહો ?" પણ તેટલાંમાં તે જવાન છોકરીની આંખોમાં પાણી ભરાઇ આવેલાં જોયાં તેથી તે બોલી ઉઠયો, "નહીં, મને માફ કરો, મેં કાંઇ અમસથી મારી જીજ્ઞાસા તૃપ્ત કરવા નહિ પુછ્યું, મને—"

"હા, તે, વિષે મારી ખાતરી છે" તે પોતાની આંખોમાંનાં આંસું નુછતી બોલી "પણ મારી જીંદગીની કથા એવી છે કે તે

સાંભળતાં તમે થાકી જશો અને તે કહેતાં મને ઘણું દુઃખ થશે, હવે તે વાત આજે નહિ; જે બનવાનું હતું તે બની ચુક્યું હતું, આજે તો હવે તમે આય જેવી શાંત હાલતમાં જોવછ તેવી હુ છેઉં."

"વારૂ, પણ જો હું કાંઈ બેઅદબી કરતો હોઉં તો મને માફ કરજો, પણ જ્યારે હું એકલો હોઉંછ ને તમારો વિચાર કરૂંછ ત્યારે મને કાંઇક એવુંજ લાગેછ કે તમે જાણે ઘણુંજ ફર્યાં હોવ."

"હા, મારા સંબંધમાં તમારી તે અટકલ ખરીજ છે." તે હેરોલ્ડ તરફ જોઈ બોલી.

"હા, તે તો મેં તમારી બોલવાની લઢાણ પરથીજ જાણ્યું; મને તે કાંઇક અમેરીકન જેવી લાગી."

"હા, હું અમેરીકામાં હતી."

"કેવું અજબ જેવું? તમે જાણોછની કે હુંબી હમણાં તેજ તરફથી આયોછ? હું સેન ફ્રાન્સીસ્કોમાં હતો."

"ને જુલાઈ મહીનામાં હુંબી ત્યાંજ હતી!" તે ગુથતાં ગુથતાં અટકી પડી બોલી.

"જુલાઇમાં? વળી પાછું અજબ જેવું; તમે જાણોછ કે મેં તમુને જેવાં અહીં પહેલાં જોયાં તેવુંજ મને લાગ્યું કે મેં તમને આગળ કેથે જોયાંજ હશે. બનવા જોગ છે કે આપણે સેન ફ્રાન્સીસ્કોમાંજ મળ્યાં હોઇશું."

"નહિ, તેમ હોતે તો મને યાદ રહેતે" તે બોલી અને તેણીનો આ એકરાર કેટલો અર્થસુચક હતો એમ તેણીને તુરત માલમ પડતાંજ તેણી શરમાઇને લાલ થઈ ગઇ.

"ત્યારે તે વળી મારે માટે એક વધુ અજાયબી, કેમકે મને હજી ખટક્યાજ કરેછ કે હું તમુને કેથે મળ્યોછ, યા તો જેને હું ઓળખુંછ, જાણુંછ તેનાં જેવાં તમે હોસો; પહેલે મને કાંઇક ખ્યાલ ગીયો કે

તમે મારાં પીતરાઈ લીલ્યન જેવાં છેવા ને–"

"હું? તેવણુ જેવી?"

"હા, તમારી ઉપર મારી પહેલી નજર પડતાં મેં એમ ધાર્યું ખરૂં, પણ તમોને હવે બરાબર જોવા પછી તે મળતાપણું મને ઝાઝું લાગતું નથી. કદાચ તમારાં કોઇ ઓળખીતાંને ત્યાં મેં તમારી સબી જોઈ હોય!"

"નહિ તેમબી નહિ હોય, કેમકે મારાં કોઇ ઓળખીતાં કે પીછાણવાલાં ત્યાં હતાંજ નહિ, સીવાય કે મારાં બીચારાં મમા, ને તેવણુ ગીયા પછીની હું એકલી અટુલી છેઉં. મારૂં કોઇ નથી." એટલું બોલતાં તે જરા હસી ખરી, પણ તેણીના ચ્હેરાનો કલ્લો તે વખતે એવો હતો કે તે જોતાંજ તેને દીલમાં લાગી આવ્યું.

"હું કેવો ઘાતકી છેઉં કે મેં એ વાત આજે છોડીને તમુને દુઃખ કીધું. મને મારી એ મુર્ખાઇ દરગુજર કરજો, હવેથી એવી બેઅદબી હું કરસજ નહિ."

"નહિ, ઉલટી માફ મારે માંગવી જોઇયે, કેમકે આપણી આગલી પાછલી કોઈ પુછે તો તેને જવાબ આપતાં આપણે કાંગલાં કુંગલાં શું કામ થવું જોઇયે? પણ આપણે તો કોઈ દહાડે એકમેકને આગળ મળ્યાં કે જોયાં નથી. કદાચ, તમે કહોછ તેમ હોય કે મારા જેવું કોઇ તમારૂં ઓળખાણનું હોસે, પણ મીસ ઉડલીની તમે મારી સાથ સરખામણી કરોછ; તે મારાં ધ્યાનમાં ઉતરતી નથી. કેમકે મારા સાંભળવા પ્રમાણે તેવણુ તો ઘણાંજ ખુબસુરત છે."

"હા, લીલ્યન તેમ છે ખરી, પણ ત્યારે તમારી ને તેની ખુબસુરતી વચ્ચે–"

પણ સિબીએ તેણી તે વાત હસીને ઉડાવી નાંખી.

"કાંય, ખરી વાત કહેવામાં મને શું છે? તમે છેઓજ ખુબ-

સુરત, ને એ વાત કાંઇ કોઇથી ના–"

"બા, મને એવી તારીફ સાંભળવાની ટેવજ નથી. તમારી એ તારીફનો જવાબ શું આપું? એમજ કે 'મી૦ ઉડલી તમારો હું ઉપકાર માનુંછ' બસ કેની?" એમ પુછી તે હસી પડી.

"હા, બસ" હેરોલ્ડ હસીને બોલ્યો "મારે તો તમુને જરા હસાવવાંજ હતાં એટલે મારો બદલો તો વળી ગયો. હવે જરાક મને કાંઈ ગાઈ સંભળાવો તો તમારી મેહેરબાની."

"તમે એ મેહેરબાનીને લાયક તો નથી" તેણી હસીને ટકોર કરતાં બોલી "પણ લેવો મમી હેસ્ટરને ખાતર તમારો બોલ હુ કબુલ કરૂંછ." એમ બોલી તેણી ઉઠી અને પીયાના પર ગઇ અને એક મજેહનો પીસ તેણીએ વજાડવા શરૂ કીધો. હવે તે તેણીની આગળ લગોલગ જઇને ઉભો, પણ ઇથિલ પોતાના ધ્યાનમાંજ હતી એટલે તેણી જાણી નહિ શકી કે તે તેણીની લગોલગ આવીને ઉભો હતો.

તે લીલ્યનને પરણુનાર હતો; તેમ જો ન કરે તો સર તેલબોટનો પૈસો તેને મુકી છુટવો પડે; અને સર તેલબોટ નીરાસ નાસીપાસ થાય તે જુદા. ને તે કયાં લીલ્યન સાથે પરણવા નાખુશ હતો? તે તો તૈયાર હતો, પણ લીલ્યનેજ તેનો ચાહ પોતાની આગળથી હડસેલી નાંખ્યો હતો. હવે ડોસન સ્લેડનાં ખમીરનો મરદ તે હતે તો તેણીની તેની તરફની આ બેદરકારીથી તે ઉલ્ટો બોહોંસે પડતે, પણ હેરોલ્ડની રગોમાં તે કીસમનું લોહી વહેતુંજ નહતું. તેણીની બેદરકારીએ તેને દુઃખી બનાવ્યો હતો, તેની આસપાસ વીંટલાયલા તે અણદીઠ ભેદે તેને તેણીના તરફ કાંઇક ઠંડો અને દીલ વગરનો કરી મુકયો હતો અને તેવે કટોકટ વખતે તે આ છોકરીને–ગોયા લીલ્યનના ઓળાને–જોઈ રહ્યો હતો અને તેજ વખતે વળી લીલ્યનનો તેને વીચાર આવતાં તેણે આહનો દમ ભર્યો.

તે તેણીની લગોલગ ઉભો હતો એમ તે જાણતી નહિ હતી અને તેથી જે પીસ તે વજાડતી હતી, તે પુરો થતાં તેણી તેને જ્યાં બેઠેલો સમજતી હતી તે તરફ જોવા ગઈ તો તેણીનું આંગ તેને લાગ્યું અને તેણીનાં તન બદનમાં ગોયા વીજળીનો એક પ્રવાહ ચાલુ થઈ ગયો. તેણીએ તેની તરફ જોયું તો ઉપલા બધા વીચારો કરતાં તેનો ચ્હેરો જે કઠોર અને ગંભીર બની રહ્યો હતો તે ઉપર તેની નજર પડી અને તે ચોંકી.

"તમુને આય પીસ નહિ ગમ્યો ?" તેણીએ તેને પુછ્યું.

"નહિ, એમ નહિ, તમે વજાડતાં હતાં તે વખતે મારા ખ્યાલ કેથે દુર દુર હતા. પણ તેથી હું કાંઈ તમને સાંભળતો'તો નહિ એમ નહિ. તમે કેવું સરસ ગાવોછ–વજાવડોછ ? ને એમ તમારા આય હુન્નરથી તમે બીજાંને રીઝવોછ તેથી તમને પોતાના જીવને કેવો સંતોષ મળતો હોસે !"

"એવો ખ્યાલ તો મને કોઈ દહાડે થયોજ નથી" તે બોલી "આજ સુધી હું પોતાને તો ઘણીજ નજીવી અને નકામી જેવી સમજતી'તી."

"જો તમે પોતાને નકામાં સમજો તો મારે પોતાને માટે મારે શું ધારવું ?"

"નહિ, તમારો 'કેસ' મારીથી તદન જુદોજ છે" તે બોલી "તમારે માથે અનેક ફરજો છે, તમુને તમારૂં પોતાનું 'પોઝીશન' જાળવવાનું છે, મોટાંઓને તો કાંઈજ કરવાનું નહિ એવું સમજનારી મુર્ખ હું નથી. તમુને તમારા કાકાજીનું કેટલું જોવું તપાસવું પડે છે તે બધું તમારી મમી હેસ્ટરે મને કહ્યું ને–"

"ત્યારે તો મારી ખાતરીજ છે કે તમને તે તરેહવાર વાતોથી કંટાળો આપ્યાજ કરતી હોસે."

તેણીએ પોતાની ડોક હીલવી ના કહી, જેમ કરતાં તેણીના ગળાં આગળનો બ્રોચ નીચે જમીનપર પડી ગયો. ઇથિલ વાંકી વળી તે લેવા ગઈ અને હેરોલ્ડબી જે તે લેવા વાંકો વળ્યો હતો તેના હાથને તેણીના હાથનાં આંગલાં લાગ્યાં. હેરોલ્ડે તે બ્રોચ લીધો અને ઘડીભર તેને હાથમાં પકડીને જોયો અને પછી હથેલીપર તે ખુલ્લો પકડી તેણે તે હાથ તેણીની ગમ ધર્યો, અને તેણીએ પોતાનો હાથ તે બ્રોચ લેવા લાંબો કીધો કે વળી પાછાં તે હાથનાં આંગળાં તેના હાથની હથેલીને લાગ્યાં અને તેણે તેણીનો તે હાથ—કુમળો હાથ પકડી લઇ દાબ્યો. કાંઈ અવાજ સાંભળીને એક હરણી જેમ ચોંકીને આસપાસ જુવે તેવી—ગભરાયલી અદાથી તેણીએ તેની તરફ એ બેઅદબીનો અર્થ શું એમ સવાલ કરતી હોય તેમ તેણીએ જોયું. તેજ વખતે હેરોલ્ડની જબાંએ કાંઈ બોલો આવીને અટકયા, અને તેને લીલ્યન—બલકે લીલ્યન તરફની ફરજ યાદ આવી ગઈ, અને એકાએક ચોંકીને તેણે લગભગ તોછડાઇથી તેણીનો પકડેલો હાથ છોડી દઈ પોતાનો હાથ ખેંચી લીધો અને તેણી આગળથી તે બાજુ થઈ ગયો.

હેરોલ્ડ બાજુએ થઈ ગયો હતો તેની કશી જાણ વગર ઇથિલ પાછી પીયાના તરફ ફરી અને બેધ્યાન કાંઇ વજાડવાનું શરૂ કીધું પણ પછી પાછું ફરીને જોતાં તેણીએ જોયું કે હેરોલ્ડ ત્યાં હતો નહિ અને એકાદ બે પલ પછી ત્યાંથી દોડી જતા ઘોડાનાં પગલાંનો અ-વાજ તેણીને કાને પડયો અને તબી ફફડી ચટકી પીયાનો બંધ કરીને ઉઠી અને પોતાની આંખે હાથો ઢાંકી પાસેની એક ખુરસી ઉપર તે બેસી પડી.

પ્રકરણ ૩૨ મું.

હેરોલ્ડ તેને જાણે કોઈ ભુતે ઘેર્યો હોય તેમ ત્યાંથી નીકળી હવામાં ગોયા ઉડયો. તેને ભુતે તો નહિ પણ ઈથિલની માંજરી આંખે ઘેર્યો હતો, અને ઈથિલ સાથના એ આજના મેલાપ ઉપર વિચાર કરવા જેટલું તેનું મન શાંત અને સમાધાન થતાંજ તે પોતાનાં મનસે વીચાર કરવા લાગ્યો કે તેણીના હાથને તેનો હાથ લાગતાંજ તેનાં દીલમાં એવું તે શું વાહારૂં આવ્યું હતું કે ત્યાંથી આ રીતે એકદમ જાણે તેણે નાહાસવાજ માંડયું હતું? તેણીને માટે તેના દીલમાં પ્યાર બરપાથ તો હોય એમ તો નહિ હોય? તેણે તેણીને ફક્ત એક કે બે વખત જોઈ હતી, તેણીને માટે તે કશુંજ જાણતો ન હતો, અને તેણી પોતાની ગઈ ગુજરી જીંદગીની વાત તેની આગળ કરવાને નારાજ હતી, અને લીલ્યન? તેનું કેમ? હા, એટલું ખરૂં કે જો લીલ્યનના હાથની માંગણી તે કરે તો તે માંગણી તેણી તરફથી કબુલ થવા જેવો ચાન્સ હાલ તુરત તો દેખાતો નહતો, પણ તે છતાં વચન એટલે શું? તેને પરણવાનું તે સર તેલબોટને વચન આપી ચુકયો હતો એટલે તેમાંથી તેનાથી પાછું ફરાય તેમ નહિ હતું. તેની નજરમાં વચન ઘણું પાક અને પવીત્ર તે સમજતો હતો. એમ કરતાં તે ઉડલી હોલ આગળ આવી પહોંચ્યો અને તેણે પોતાના ઘોડાની દોડ રોકી અને હોલ તરફ જોતો તે થંબ થઇને ઉભો; તેણે જોયું કે તેનું મન હાલ તુરત બોરવાયલું હતું; સર તેલબોટ કે લીલ્યનના તરેહવાર સવાલોના જવાબો બરાબર આપવા જેટલું તેનું મન હાલ સમાધાન અને શાંત નહિ હતું, એટલે હાલ તુરત હોલમાં જવાના તેણે અખાડા કીધા, અને ઘોડાની ડોક તેણે નદીના કીનારા તરફ ફેરવી નદી કાંઠે જઈ તેણે જરા નચીતે બધી બાબેદોનો વીચાર કરવાનું—હોલમાં જવા અગાઉ—તેણે દુરસ્ત ધાર્યું.

પણ ઇથલ તો બુદ્ધી હેસ્તર તે હોલમાં આવી ત્યાં સુધી આંખે

હાથ ઢાંકીને બેસીજ રહી, અને ઓરડામાં કોઈના આવ્યાનો જરા સનસારો સાંભળતાંજ તેણે આંખેથી હાથ કાઢી નાંખ્યા અને ત્યાં બુઢ્ઢી હેસ્તરને ઉભેલી જોઈ તે ગભરાઇ ગઈ. તે ગભરાઈગઇ કારણ કે હેરોલ્ડના એકાએક ચાલી જવાનો તે ભલી બુઢ્ઢી સબબ પુછશે તો તે શું જવાબ દેશે તેની તેણીને ફીકર બરપા થઈ.

અને ખરેખરૂં થયું બી તેમજ!

બુઢ્ઢી હેસ્તરે બધે ઓરડામાં નજર ફેંકી અને હેરોલ્ડ ત્યાં કેથે નહિજ દેખતાં સવાલોનો ગોયા ધોધમાર વર્ષાદ તેણીએ ત્યાંજ ચાલુ કીધો.

"હેરોલ્ડ કહાં છે, દીકરી?" "ચાલી ગીયો?" "એમ એકાયક કાંય?" કાંઇ કેહી ગીયો કે?"

જે બધા સવાલોનો ઇથલે ફક્ત એકજ જવાબ દીધો કે–

"નહિ મમાઇ, એકાયક તેવણ ઉઠીને ચાલીજ ગીયા, કાંઇ કહીબી નહિ ગીયા, ને–ને–ઓ માયરે ગરમી કેટલી પડેછ. હું તો બા જરા બહાર લટાર મારી આઉંછ, હમણાં ચાંદરણુંબી નીકરસે ને–"

અને રખે હેરોલ્ડના એમ ચાલી જવાથી તે બુઢ્ઢી કાંઇ વધુ ચુનોચેરા કરે એમ બીહીને તે એક છલાંગ મારી હસ્તી હસ્તી બહાર નીકળી પડી.

"પણ એમ આવ દીકરી, તું કયાં જાયછ? જો અહીંની ઋતુનો કાંઇ ભરોસો નહિ. લે મારી આય શાલ લે, માથાર નાંખ નહિ તો–"

"મને કોઇ ભમતો ભુત જાણીને બીહીશે?"

"નહિરે, હું કહેવા જતીતી કે નહિ તો સરદીબરદી થશે."

"એમ? વારૂં લાવો, હું તો જાણું કે મારો ડ્રેસ આજે તમામ સફેદ છે તે કોઇ મને ભુત સમજી બીહી મરશે."

"નહિ ભુતડી જેવી તો તું લાગતી નથી, પણ કોઇ તુંને ફીરેસ્તો સમજીને પુંજવા પડે તો કોણ જાણે!" બુઢ્ઢી હેસ્તરનુંબી જરા પાકી ગયેલું હોવાથી ચીરડાઇને બોલી.

ઇથલ ખડખડ હસી પડી અને ચાલતી થઇ. ચાલી, તેખી એટલું ચાલી કે એક દેવળ આગળ આવતાં તેનું ઘડીયાળ જ્યારે વાગ્યું ત્યારેજ તેણીને ભાન આવ્યું કે તે હીંગહામની હદ છોડી દેઇ છેક ઉડલીનાં ગામડામાં આવી પહોંચી હતી.

"ઓ, આય ઉડલીનું દેવળ! ને આહ! જ્યારે હોસે ત્યારે એ બધુંજ તેનું થશે! આવો ખાનદાની, આવો પૈસાવાળો અને તોખી કેવો ભલો કે પોતાની બીચારી બુઢ્ઢી દાયા અને મારા જેવી એક કમીની છોકરી આગળ તે આવછ, ને હસેછ બોલેછ!"

એટલું મનસે બડબડતાં તેણે પોતાનો તે હાથ કે જે હેરોલ્ડની હથેલીમાં થોડો વાર દબાઇને બેઠો હતો તે હાથ ઉંચક્યો અને તેનું મોજું ખેંચી કાઢી જે જગે હેરોલ્ડનો હાથ તેના તે હાથને લાગ્યો હતો ત્યાં તે છોકરીએ એક કીસ લીધી અને પોતાની બેખબરીમાં તેણીએ લીધેલી તે કીસે ગોયા તેણીને તેની તે બેખબરીમાંથી હુશીયાર કીધી અને પોતાનાં તે કામથી તે પોતેજ શરમાઇ ગઇ.

"ઓ!" તે બડબડી "હુંખી શું ભુલ કરૂંછ? એ ઉડલીનો ભવીષ્યનો માલેક ને સર તેલબોટનો જમાઇ! આહ! તે કેવી સુખી હોસે? એક તો ખુબસુરતી, દોલત, ને તેના જેવો ખાવીંદ! ને હું—"

અને એ વીચાર કરતાં તે જરા હસીને કમકમી અને તે દેવળનો નાનો દરવાજો ઉઘાડી તેમાં ધ્યાનમાં ને ધ્યાનમાં તે દાખલ થઈ. ચંદ્ર પુર તેજમાં હતો અને ત્યાં બીછાવેલી કબરો ઉપર ત્યાં સદાની શાંત ઉંઘમાં સુતેલા માતબરો અને ગરીબોનાં તે બે બીલ્લસનાં હંમેશગીનાં આરામ ઘરો ઉપર તે પોતાનું તેજ એક સરખાં પ્રમાણમાં પાથરી રહ્યો હતો, અને ઈથલ તેના તેજ નુરની બરકતથી તે કબરોપરના લેખો જોતી અને વાંચતી આગળ ચાલી. ત્યાં તેને એક માણુસ ત્યાંના જમીનના એક ભાગ આગળ પાવડા અને કોદાળીથી કાંઈ કામ કરતો મળ્યો, જેને તેણીએ દેવળની અંદર જવાને માટે પુછ્યું.

"હા, બાઈ, ગમે તો અંદર જાજો" તેણે જવાબ દીધો, "બારણું અળગુંજ છે. તાલાંમાંજ ચાવી છે, પાછાં સીધારો તો આય રસ્તેજ જજો અને મને કહેતાં જજો કે હું તે બારણાને તાળું દેઈ બંધ કરૂં."

તેણી તે દેવળનાં બારણાં આગળ ગઈ અને પેલાના કહેવા મુજબ બારણું જો કે બંધ હતું પણ તેનાં તાળાંમાંજ ચાવી હતી એટલે તેણીને તે ઉઘાડીને અંદર જતાં કાંઈ વાર લાગી નહિ; અને અંદરબી જે કેટલીક કબરો હતી તે ઉપરની સંગેમરમરની તખ્તી ઉપરના લેખો તે વાંચતી ચાલી અને તેને તે લેખો ત્યાંબી વાંચતાં કાંઇ મુશ્કેલી લાગી નહિ કેમકે તે ઓરડામાંની અસંખ્ય બારીઓ જે ઉઘાડીજ હતી તેમાંથી બાગમાંનાં ચાંદરણાંનો ઉજાસ ઘણો પુરતો આવતો હતો.

એકાયક તે સંગેમરમરના કોતરેલા સ્થંભો સાથે જડેલી સાંકળેથી ભરી લીધેલી એક જગ્યા આગળ તે આવી, જે જગ્યાની વચોવચમાં એક સુતેલી અબલાનું કરારા મારબલમાંથી કોતરી કાઢેલું પુતલું તેણીની નજરે પડયું. તે જાણે થોડોજ વખત થયો તૈયાર કરી ત્યાં મુકવામાં આવ્યું હોય તેમ તેણીને લાગ્યું; તે કોણનું હતું તે વાંચવા પેલી ઝુલતી સાંકળ ઉપર હાથ મુકી તે ટીંગાઈ અને તેણે નીચે મુજબનો લેખ વાંચ્યો.

હેલીના,
તે
સર તેલબોટઉડલી બારોનેટની
પરણેતરની પવીત્ર યાદમાં,
જન્મ, ૭ મી મે ૧૮—
મરણ, ૧૨ મી નવેંબર. ૧૯—

ત્યાં તે છોકરી જરા વધુવાર થોભી અને સાંચી પછી ચાલતી થઈ. તે હવે બંદગીની વખતે ત્યાં આવતાં લોકને બેસવાની બેઠકો

આગળ આવી, જેમાંની એક બેઠક જે નાટકશાળાના બોકસની માફક પડદાભરી ઘેરી લેવામાં આવી હતી ત્યાં તે ગઈ અને તેનું અળગું બંધ બારણું ઉઘાડી તેમાં તે દાખલ થઇ. તેણીની પહેલી નજર ત્યાં ગોઠવી મુકેલી બાઇબિલો ઉપર પડી, જેમાંની એકને તેણીએ જોયું કે ચામડાંનાં ગીલ્ટ એમબોસ્ડ કવરમાં બાંધી લેવામાં આવી હતી. તેણીએ તે ઉંચકી તો તે ઉપર સોનેરી હરફે "લીલ્યન ઉડલી" એમ છાપેલું તેણીએ જોયું. તેજ ચોપડીની પાસે એક બીજી હતી, જેબી તેની બાઇંડીંગમાં પેલીના જેવીજ હતી, પણ તે ઉપર નામ હેરોલ્ડ ઉડલીનું હતું. તે બેઉ પાક કેતાબો પાસે પાસેજ હતી, અને તે ભરી લીધેલી કેબીનમાં બેઠકબી બે હોવાથી તેણીને જાણતાં વાર નહિ લાગી કે તે બે બેઠકોમાં એક લીલ્યનની અને બીજી હેરોલ્ડની હોવીજ જોઇયે.

"કેવી ભાગ્યશાળી છોકરી!" તે બડબડી "બધા આંડા દાહાડા તો તેની સાથે તે રહેછ તો રહેછ પણ આતવારે અહીં બી તેની પાસેજ તે બેસેછ!"

અને પછી પેલી હેરોલ્ડની બાઇબિલ જે સીટની સામે હતી તેને હેરોલ્ડની બેઠક સમજી તે ઉપર તે છોકરી બેઠી અને માથે હાથ દઈ કાંઈ ઉંડા વીચારમાં તે ઉતરી ગઇ.

પ્રકરણ ૩૩ મું.

જે ચંદ્રનું તેજ તે દેવળની બારીઓમાંથી પસાર થઇ હીંગહામવાલી પેલી ગરીબડી ઇથલ નોર્થ ઉપર પ્રકાશી રહ્યું હતું, તેજ ચંદ્ર પોતાનાં પ્રકાશીત કીરણોથી સર તેલબોટ ઉડલીની બેટી લીલ્યનનાં ઉઘાડાં માથાંને દીપાવી રહ્યો હતો.

ઉડલી હોલમાં ડીનરપરથી બધાં ઉઠી ચુકયાં હતાં અને હવે ડ્રોઇંગ રૂમમાં બધાં એકઠાં મળેલાંઓ માટે લેડી મરતલ જેને હેરોલ્ડ જ્યારે

લીલ્યનને લઇ ઉડલી હોલમાં આવ્યો તે વખતે પોતાની સાથે લાવ્યો હતો તેની દેખરેખ હેઠળ કોફીના કપ આવતાં થયાં હતાં. ડ્રોઇંગ રૂમમાં કોઇક ગાતું હતું, કોઇ વગાડતું હતું તો કેટલાંકો એક ટોળી બની બ્રીજની રમત ચલાવતાં હતાં. કેટલાંકો આરામ ખુરસીપર અરડાઇને પડેલાં હતાં, જ્યારે ડોસન સ્લેડ 'સુથારનું મન બાવલ્યામાં' તેમ એક નાની ટેબલ આગળ ઉભો રહી ત્યાં મુકેલી એક આલબમ-માંથી ચીત્રો જોતો ઉભો હતો. હેરોલ્ડ ગેરહાજર હતો પણ તેની તે ગેરહાજરી હવે કાંઇ ઝાઝી ધ્યાન ખેંચનારી નહિ હતી, કેમકે રફ્તે રફ્તે બધાં જાણી ચુકયાં હતાં કે પોતાના કાકાનું બધુંજ કામ તપાસવાનું તેને ફાળે આવ્યું હતું એટલે તે હવે પોતાના વખતનો પોતે માલેક નહતો, અને તે છતાં તેથી સર તેલબોટ તેની ગેરહાજરી માટે નચીંત ન હતા; ઘરમાં બધાં ખાય પીયે, મજાહ કરે ને તે વખતે ત્યાં હેરોલ્ડજ નહિ, એ વાત સર તેલબોટને કાંઇક ખીજવનારી થઇ પડતી હતી, અને તેથી આજેબી હેરોલ્ડને ત્યાં ન દેખી તેવણ અકરવકરમાં પડી ઘડી ઘડી ઘડીયાલમાં જોઈ બારણાં તરફ ટીંગાઇ જોયા કરતા હતા અને તેવણની એ અધીરાઈ ગોયા લીલ્યનનેબી ઉડી હતી કેમકે તેબી એજ મુજબ હેરોલ્ડ માટે વમાસણમાં પડી હતી. ડોસન સ્લેડની નજરથી એ બેઉ બાપ દીકરીની હેરોલ્ડ માટેની ચટપટ છુપી રહેવા ન પામી હતી અને હેરોલ્ડ કયાં રોકાયો હશે તેની વમાસણમાં તેબી પડયો.

હવે તે લીલ્યન આગળ આવ્યો અને તેણીની સાથે કાંઇ વાત છેડવાને બહાને તે બોલ્યો.

"શું ચંદની રાત છે, લીલ્યન જોઈ કે?"

"નહિ?"

"આવો ત્યારે તમને તેની મજાહ હું ચખાડું" એમ બોલી

તે તેણીને એક બારી આગળ લઇ ગયો અને તેનો પડદો ખસેડી તેણીને ત્યાં તેણે ઉભી રાખી.

"કોણ જાણે હેરોલ્ડ આજે કયાં રહ્યો ?" તે એકાદ મીનીટ ચુપ રહી પછી બડબડી.

"હેરોલ્ડ ! કોણ જાણે ?" સ્લેડે ઉત્તર આપ્યો "કદાચ જલ બતકની પુઠે દોડતો હોસે, યા તો ઇસ્ટેટના મેનેજર સાથે કાંઇ વાતે રોકાયો હોસે, નહિ તો પેલા જોન્સ અને મી. ગ્રીન સાથે તકરારમાં ઉતરતો હોસે."

"કયો ગ્રીન ? પેલો ઇડિયટ ?" તેણીએ તેની તરફ જોઇને પુછ્યું.

"સઉ જેવો ધારેછ અને તે પોતે દેખાયછ તેવો મુર્ખ તે નથી. મી. ગ્રીન ધંધાદારી નાટકકાર હોય તેમ લાગેછ કેમકેતે જેવો દેખાવા માંગે તેવો પોતાને જરા વારમાં રજુ કરી શકેછ, ને મને તો લાગેછ કે મીસ વોર્નર જેટલું આપણને બતાવવા માગેછ તેના કરતાં તેને વીશે ઘણુંજ વધારે જાણેછ."

"તમુને એમ ધારવાનું કાંઇ કારણ ?" લીલ્યન ખભાંપર શાલ સરખી કરતી બોલી "તે શું જાણતી હોવી જોઇએ ?"

"હું એમ શા પરથી ધારૂંછ ?" સ્લેડ બોલ્યો "કારણ કે ખુદાએ મને ઘણી ચગોર ચશમ બક્ષેલી છે અને તેનો પુરેપુરો ઉપયોગ હું કરી જાણુંછ. મીસ વોર્નરના બગીચામાંથી જે દહાડે તેણે વંજો માપ્યો તે વખતે મેં તેની આંખ્યો જોઇ તો મને તુરત લાગ્યું કે તે ઇડયટ તો નહિજ હોવો જોઇએ. જેઓને તેઓ હોય તે કરતાં વધુ ડાહ્યા થવાની આદત હોય છે તેઓને હું ધીક્કારૂંછ અને જેઓ મુર્ખ નહિ ને મુર્ખ હોવાનું ડોલ ઘાલે તેઓપર હું વહેમાઉંછ."

"ત્યારે તમારો એ શખ્સ ઉપર કાંઇ વ્હેમ છે? શું વ્હેમ છે ?"

"શું વ્હેમ ? હવે તે આય બાબદમાં કેમ કેહી શકાય ? કદાચ

સર તેલબોટનાં સોનાં રૂપાંનાં 'ડીનર સેટ' પર તેનો ડોળો હોય યા તો તમારાં ઝવેરાત ઉપર નજર હોય; ને તે સહવારે તે તમારી તરફ ખુબ ધ્યાનથી જોતો હતો."

"મારી તરફ ? તમારી કાંઈ ભુલ હોશે ને મારાં ઝવેરાતને માટે તો હું તમને ખાત્રી આપુંછ કે મારી દાસી તે મારી રૂબરૂ તપાસીને તીજોરીમાં મુકેછ ને તીજોરી એવી છે કે ના તે આગમાં બળે કે ના ચોર તેને ફાડી શકે તેની જામીનગીરી તેના બનાવનારાઓએ આપીછ. પણ મી. ગ્રીન ગમે તે હોય પણ કાંઇ તેવો નથી લાગતો."

"નહિ, તે ચોરના જેવો તો નથીજ લાગતો" સ્લેડ પોતાની મુછો મરડતો બોલ્યો "કદાચ તેને હું ગેરઇન્સાફથી કરતો હોઉં ને તે મીસ વોર્નર કહેછ તેમ એક નીર્દોષ ઘસેલા મગજનોબી હોય. પણ મેં, તમુને એની વાતથી બીહીવડાવ્યાં તો નથી ?"

"હું બીધેલી લાગુંછ ? નહિ, હું ઘણી મજબુત મનની છેઉ ?"

"મજબુત મનેચ્છાનાં કહો તો ચાલે."

"ત્યારે તેથી મને આય રળીયામણી રાત્રે બહાર ફરવાની હીંમત આવેછ. થોડીક મીનીટ બહાર ફરી આઉંતો કોઇને મારી ગેરહાજરી માલમ નથી પડવાની."

"તમારી સાથે આવવાની મને રજા છે ?" તેણે પુછ્યું "તમે એકલાં તો જવાનો વીચાર કરતાંજ નહિ હસો ! મહેરબાની કરીને મને આવવા દેવો."

"નહિ, ઓ નહિ, હું એકલીજ જવસ મને થોડીક મીનીટ શાંતીની જરૂર છે."

"વારૂ ત્યારે આય શાલ મને તમારાં ખભાંપર બરાબર મુકવા દેવો. જોવ, ખુદા ખાતર સંભાળજો મને કાંઈક ખાસ્તીની આગાહી થાયછ."

"ધારતી ? શાની ધારતી ?" તેણીએ ઝડપથી તેની તરફ પોતાની ડોક ફેરવીને પુછ્યું.

"તે હું નહિ જાણુતો ! ખુદા કરેને હું જાણુતે તો પછી તમુને તેથી બચાવવાની હું તજવીજતો કરતે !"

તેણીએ તેના ફીક્કા મારી ગયેલા ચ્હેરા તરફ જોયું અને મનસે તે બડબડી "હું નહિ ધારતી કે તે જાણુતો હોય. હું સલામત છેઉં." પછી મોટેથી તે જરાક હસીને બોલી "હવે તમે ના કહોની કે તમે નથી બીહીતા ! ચાલો, તે લોક અહીં આવતાં લાગેછ, તેટલાં હું સટકી જાઉ." એમ બોલી તે કશો જવાબ કરે તેટલાં તો તેણી ત્યાંથી નીકળી ચાલી.

"એ શું હોશે ?" લીલ્યન ત્યાંથી ગયા પછી ડોસન સ્લેડ વીચારમાં પડયો "કાંઈ કયે ઇરફ્રુ ઢીલું છે ખરૂં તે હું જાણુંછ; તેમ મને લાગેછ, અને તે છતાં ડોલ્લ કેવું ધાલી રાખ્યુંછ ? ઓ ખુદા, ખરેખર એક ચાહવા લાયક અને ચાહીને તેને પુંજવા લાયક એ છોકરી છે ! ને તે કહી ગઇ તેબી ખરૂં, હું કાંઈક બીહીકણુ બની ગીયોછ. મને કાંઈ કીસમનો ધખારો છે ને મારા તેણી પ્રત્યેના વધતા જતા પ્યાર સાથે તેબી વધતો જતો હોય તેમ મને લાગેછ. જાઉં, તેની પુઠે હું જાઉં ને જોઉંતો–"

પણ તે પોતાનો આ વીચાર અમલમાં મુકવા જાય તેટલાં તો સર તેલબોટ ત્યાં આવી લાગ્યા અને તેને પોતાનો વીચાર પડતો મુકવો પડયો.

"મી० સ્લેડ, તમે છેવો કે ?"

"હા, સર તેલબોટ, કેમ ?"

"અરે બાઇ મારી દીકરીને તેં જોઈછ ?"

"મીસ ઉડલી હું ધારૂંછ કે પોતાના રૂમમાં ગીયાં હોસે"

સ્લેડે ઉડાવ્યું. તેણે સર તેલબોટને થાપ આપી કેમકે તે જાણતો હતો કે જો લીલ્યન રાત્રે બહાર ફરવા ગઇછ એમ જો તે તેત્રણને કહે તો તે ડોસો બધો ગભરાઈ અકળાઇને ત્યાં મોટું ગોટાળું કરી મુકે તેમ હતું.

સર તેલબોટને આ જવાબ મળ્યો કે તેઓ બેઉ આસ્તે આસ્તે ઘર તરફ આવ્યા.

લીલ્યન ખભાંપરની શાલને એક હાથે બરાબર ટાઇટ પકડી ચાલતી થઇ. ચાંદની ખરેખર ઘણીજ પ્રકાશીત હતી અને તેથી તે રાત ઘણી સુંદર અને રળીયામણી લાગતી હતી, અને ચાંદનીનું તે તેજ તેણીના ચ્હેરાને જે રીતે તેજસ્વી બનાવી રહ્યું હતું તે ઉપરથી કહેવાને બની આવે છે કે તેણીના ચ્હેરાપર ન કોઇ વાતની બીહીક હતી કે ના તેનો ચ્હેરો કશી રીતે ગભરાયલો હતો. ખાસ કરીને આજે રાત્રે તેણીનો ચ્હેરો શાંત હતો, અને ડોસન સ્લેડે તેણીને કોઇ અણદીઠ બીહીકની સામે જે ચેતવણી આપી હતી તે વાતથી પણ તે જરાબી શંકાશીલ નહિ થઇ હતી. આટલે સુધી તો તેણી પોતાની ઠગબાજીમાં ફાવી હતી જે દરમ્યાન કોઇબી વખત તેણીને પાછળ કદમ ભરવાનો વીચાર નહિજ આવ્યો હતો એટલુંજ નહિ પણ કોઇ કોઇ વાર તો તેણી એવુંજ પોતાનાં મનમાં પક્કું માની લેતી હતી કે તેણી પોતે સર તેલબોટ ઉડલીની હકદાર દીકરી લીલ્યનજ હતી.

"તેબી હવે કેટલો બદલાયલો લાગેછ!" ડોસન સ્લેડનો તેણીને વીચાર આવતાં તે બોલી "તે જાણતોજ નથી—તે જાણી શકવા જેવી હાલતમાં છેજ નહિ, ને કોઇબી તે વાતની સચ્ચાઇ શોધી કાઢનારજ નથી. જે ભેદ હતો તે તો પેલી બીચારી પેલી કબ્રીનમાં ગુજરી ગયલી છોકરી પોતાની સાથે લઇ ગઇ છે. હુંજ લીલ્યન ઉડલી છેઉં એમ કોણ ના કહી શકશે? યા એવું કોણ છે જે ઉલટી વાત સાબેત કરી શકશે?"

ત્યાં તેણી જરા થોભી—અને જાણે ઉપલા સવાલોનો તેણી જવાબ માંગતી હોય તેમ તેણીએ આસપાસ ફરીને જોયું અને પાછી બડબડી—

"કેવી રળીયામણી રાત છે ! બહાર નીકળી ત્યારે તો અત્યારે પાછી અંદર જવાનો વીચાર કરીનેજ નીકળી હતી, પણ લાવ જરા દેવળમાં તો લટાર મારૂં."

એમ વીચાર કરી તેનો નાનો દરવાજો તેણીએ ઉઘાડયો અને તે અંદર પેઠી; તે દેવળનાં મકાનની બારીમાંથી અંદર જોવા તે બારી આગળ આવી, જેમ કરતાં ત્યાંનું બારણું તેણીએ ઉઘાડું જોયું અને જો તેણીના બાપ જાણે કે આવી રીતે તેણી દેવળમાં ભટકતી હતી તો કોણુ જાણે તે શું કરે તેનો વીચાર કરતી અને તે વીચાર પર સ્હેજ હસતી તે તે બારણાંમાંથી અંદર દાખલ થઇ.

અને જેમ થોડોક વખત અગાઉ તેણીની આગળ એક આવનાર અંદરની રચના જોતી ઉભી હતી અને પછી તે જેમ તે મકાનના મધ્ય ભાગમાં આસ્તે આસ્તે ચાલી જઇ ત્યાં થોભી હતી તેમ લીલ્યનેબી કીધું અને તેમ કરતાં લેડી ઉડલીની યાદમાં ઉભી કીધેલી પેલી કરારા મારબલની કબર આગળ પોતાને ઉભેલી તેણીએ જોઇ. દર આતવરે ત્યાંની પોતાની બેઠકમાંથી તે એ કબર હર વખત જોતી હતી, અને તે મરનારની યાદમાં કોતરાયેલો લેખ લગભગ તેણીને મોંઢે વટીક ચઢી ગયો હતો, અને તે છતાં આજે તેણીએ તે લેખ, જાણે તે પહેલોજ આજે વાંચતી હોય તેમ તેણીએ વાંચ્યો.

"લેડી ઉડલીને અર્પણ !" તે બડબડી "હા, એ દુનિયાનો રવૈયોજ છે. મુશકેલી, ગેરઇનસાફ અને જુલમાતમાં કાઢેલી આખી જીંદગી અને આય સંગેમરમરનો એક મોટો ચળકતો કકડો ! ચાલો જાણે દ. બીચારી તરફનાં અગાધ પાપનો બદલો વળી ગયો !

પણ ત્યારે એને તો જ્યારે આટલોબી બદલો મળ્યો, તો જે બીચારીને જગે એ આવીને ઠસી ગઇ'તી તેને તે કંગાલે શું બદલો આપ્યોછ? હા, હું બાપુકાર જે મને હમણાં મળે તેની ફેંટ પકડીને પુછુંછ કે તેને શું બદલો મળ્યો? નહિ, નહિ, હું ભુલી, બદલો મળ્યોછ, મારીજ મારફતે તે મલ્યોછ, અને મેંજ તે લીધોછ! ઓ, મારી બેહેશતનશીન માદર મેં લીધેલા કસમને હું સાચી નીવડીછ કેની? માદર, હવે તમને સંતોષ મળ્યોછ કેની?"

અને એટલું બોલતાં તેણીનાં જીગરની લાગણી એટલી બધી અસહ્ય થઈ ગઇ કે નીચી ડોક કરી તેણીએ ધીમે કદમે ત્યાંથી ચાલવા માંડયું, જેમ કરતાં એકાયક તે ચોંકાને ઉભી અને આસપાસ જોવા લાગી. આપણે પોતે એકલાં હોઇ એકાંત જગ્યે હોઇએ છીએ તે વખતે આપણને ત્યાં બીજુંબી કોઈ હોવાનો કુદરતી ધાખારો થાય છે, અને કોઇવાર તે ખરો પડે છે તો કોઇવાર તે ખોટો નીવડે છે, તેમ હાલ લીલ્યનના બાબમાં બન્યું અને તેથીજ તે ચોંકીને ઉભી અને આસપાસ નજર ફેરવી જોવા લાગી, અને ઘરથી નીકળ્યા પછી આય પહેલીજવાર તેણી બીધી. તે ઉજલી ફક મારી ગઇ અને પોતાની સામે નજર ટીકેલી રાખી તે ત્યાંજ ઉભી રહી, અને એમ પસાર થતાં એક મીનીટ તેણીને એક સદી જેવી લાગી અને પછી તેની ઉપર ગાલેબ થયલી નાહીંમતથી શરમાઇ તે આગળ ચાલવા કરતી હતી તેટલાંજ ત્યાંનાં યજ્ઞકુંડ આગળથી એક સફેદ આકાર નીકળતો તેણીની નજરે પડયો, અને લીલ્યનને આખે અંગે પરસેવાનાં ઝરાં ફુટી નીકળ્યાં, અને તસ તસતા ડોળાએ તે આકાર તરફ જોતી તે ઉભી.

તે સફેદ આકાર આસ્તે આસ્તે ચાલતો તે મકાનના મધ્ય ભાગમાં આવ્યો, અને તેનાં પેલાં ઉઘાડાં બારણાં વાટે તે બહાર ની-

કળવા જતાં તે આકાર એકદમ ફર્યો અને પેલાં સંગેમરમરનાં સુતેલાં પુતળાં તરફ તેણે નજર કીધી, જેમ કરતાં ચાંદનો પ્રકાશ જે તે મકાનમાં હજી ઝલઝલી રહ્યો હતો તે તે આકારના ચ્હેરા ઉપર પડયો અને તેથી આપણી લીલ્યનને જોઇ વળવાનું ફાવ્યું કે તે આકાર એક છોકરીનો હતો અને તે છોકરી કોઈજ નહિ, પણ જેને તે અમેરીકામાંની પેલી કેબીનમાં મરતી છોડી આવી હતી તેજ હતી. તે સર તેલબોટની દીકરી લીલ્યન હતી !

તે છોકરી તે તરફ માત્ર એક પલજ જોઇ શકી. જ્યારે બીજીજ પળે તે ઠગારી અબલા—તે **ખુબસુરત મક્કાર!**—ત્યાંના એક સ્થંભને અઢીંગી નીચે ભોંયપર પસડાઇ પડી અને આંખ બંધ કરીને બેઠી.

પ્રકરણ ૩૪ મું.

ગયાં પ્રકરણમાં આપણે જોયું કે લીલ્યનની નજરે તે સફેદ આકાર પડયો અને તેની નજરે પેલી છોકરી કે જેને તે પેલી ટપાવાલી કેબીનમાં (આ વાર્તાની શરૂઆતમાં) તે મરતી છોડી આવી હતી, તેના આકાર તરીકે ઓળખી, પોતાની પીઠ પાછળના થાંભલાને અઢીંગીને જમીનપર નીચે તે સરી પડી અને આંખ બંધ કરીને તે બેઠી ખરી પણ તે બેશુદ્ધ નહીં થઇ ગઇ હતી. તે એમ કેટલોક વાર બેસીજ રહી અને તેણીને પાછી હુશિયારી આવતાં ગોયા એક જમાનો પસાર થઇ ગયો; તેણીએ જોયલો તે દેખાવ તેણીને તેનાં સઘળાં ખરાંપણાંમાં એટલો તો ભયાનક લાગ્યો કે તેણીએ ડોક ઉંચકી તે તરફ જોવાની હીંમત વટીક હાલ તુરત નહીં કીધી; પણ એમને એમ તે ક્યાં સુધી પડી રહે ? અને તેથી જેમ તેમ પોતાનું બધું જોર એકઠું કરી તેણીએ જે તરફ તે આકાર દેખાયો હતો તે તરફ જોયું

તો તેણીને માલમ પડયું કે તે આકાર ત્યાં હતો નહીં. હવે તેણીએ કાંઇક નીરાંતનો દમ ખેંચ્યો અને સુસ્ત મારી ગયલા તેણીના હાથનાં આંગળાનાં કકડા ફોડી ગોયા તેઓને સાવધ કીધાં.

"હું શું ઉંઘાયલી હતી?" તે બડબડી "કે મેં કાંઇ ખરે-ખર દેખાવ જોયો? નહીં! આજના જમાનામાં એવા દેખાવો ઇન-સાનની નજરે પડતા નથી અને તોબી—અને તોબી, ઓ ખુદા, જાણે નરી તેજ—તેનોજ આકાર અને તેબી તેણીની માવતરની તે કબરની બરાબર અડોઅડ ત્યાં મારેલી તખ્તી પરનું નામ વાંચતી તે ઉભેલી હતી!"

તે હુશિયાર થઇ ખરી, તેણીને પાછી હીંમત આવી ખરી પણ જ્યાં તે બેસી પડી હતી ત્યાંથી ઉઠીને પેલાં બારણાં આગળ જવા જેટલી હીંમત એકઠી કરતાં તેણીને કેટલીક મીનીટ લાગી, પછી આખરે તે ઉઠી અને ધીમે કદમે ચાલી તે બારણાં આગળ આવી અને તેમાંથી બહાર નીકળવાના નાના દરવાજા આગળ આવી બહાર નીકળવા તે ઉઘાડવા જાયછ તેટલાં તેની નજરે વળી બીજો આકાર આવીને ઉભો! તે આકાર ખરાં જીવતાં જાગતાં ઇનશાનનો હતો, અને તે ઇનશાનનું નામ ડોસન સ્લેડ હતું. તે તે કમ્પાઉંડને ભરી લીધેલી વાડને અઢે-લીને તેણીની વારજ જોતો ઉભેલો હતો, અને તેણીને ત્યાં આવતી જોઇ તે કેવો એક નચીંત થયો હોય તેમ તે તેની આગળ ધસી આવ્યો અને તેણીનો ફીક્કોફચ મારી ગયલો ચ્હેરો જોતો તેણીની સામે ઉભો.

"એ તમો છેવો કે?" તે જેમ તેમ મોંહ હસ્તુ રાખી બોલી "તમે અહીં કાંય આયા? એ મારી તરફ તમે એમ ટીકીને કાંય જોયા કરોછ? હું કાંઇ ભુત—બુત જેવી લાગુંછ શું?"

"માફ કરજો મીસ ઉડલી, પણ તમોને બહાર ગયલાં જાણી હું મકાનમાં કેમ રહી શકું?"

"તમુને અહીં આવ્યાને કેટલો વખત થયો ?"

"તે હું કહી શકતો નથી. જાણે કાંઇક વરસનો હું ખોટી થઇ રહ્યો હોઉં તેમ લાગેછ, પણ ખરેખર તો થોડીક મીનીટ થઇ હોસે."

"થોડીક મીનીટ!" તે બોલી "ત્યારે તમે અહીં કાંઇ જોયું ?"

"હા."

"ખરેખર ?"

"હા" તે બોલ્યો "મેં મી૰ રોબર્ટ ગ્રીનને જોયો, મી૰ રોબર્ટ ગ્રીન મોંહમાં સીગાર લઇને અહીં મજેહથી ફરતો હતો; તમેબી તેને જોયો કે ? તેણેજ તમુને બીહીવડાવ્યાં શું ? તેમ જો હોય તો મને કહો, તેને લાત મારીને તેની તરફનો મારો અણુગમો બતાવી દેઉં."

"નહીં, શું કામ ? તે બીચારો આપણુને શું હેરાન કરેછ ? બીજાં તમે કોઇને નહિ જોયું ?"

"નહીં, કોઇને નહીં" તે બોલ્યો "તમે કોઇને જોયું ને તેણે તમુને બીહરાવ્યાંછ ? તમારો હાથ બધો ધ્રુજેછ ને—"

"તમે બોલ્યાતા તે બરાબર હતું—હું બ્હીકણ છેઉં અને ઓળા જોઇને હું બીહુંછ. તમે અહીં આવીને ખોટી થયા તે તમારી મેહેરબાની થઈ; પેલાંઓ હજી હોલમાં મજાહ કરેછ કે ?"

"નહિ, તેમાંનાં ઘણાંક તો ચાલતાં થયાં; મનેબી જાણે ત્યાંથી ગયલોજ સમજો, સર તેલબોટ તમને પોતાના રૂમમાં ગયલાં ધારેછ."

"ને હેરોલ્ડ ?"

"હેરોલ્ડ" અને આ નામ સાંભળતાં સ્લેડે જરા મ્હોં કુમલાવ્યું "હેરોલ્ડ મને મકાનમાં દાખલ થતો મળ્યો; તે ઘણો થાકેલો અને તેણે ઘણી લાંબી મંજલ કાપી આયો હોવ તેમ બધો કાદવે ભરાઇ ગયલો હતો. ગરીબ બીચારો હેરોલ્ડ !"

"કાંય તે બીચારો કાંય ?" તેણીએ પુછ્યું.

"કેમકે ઇનશાન તરફ મને હંમેશ લાગણી રહે છે, અને અમે બેઉ જાણે એકજ હોડીમાં હોઇએ તેમ હું ધારૂંછ ને સમજુંછ."

"પણ તમે થાકેલા દીસતા નથી."

"નહીં? તો મારી ગમ બરાબર જુવો."

તેણીએ તેની તરફ જોયું અને તેણીએ જાણ્યું કે તે જો થાકેલો નહીં હતો તો કંટાળેલો અને દુઃખી જેવો તો તે ચ્હેરા પરથી લાગતોજ હતો.

"હું થાકેલો નથી લાગતો? અને હું થાકેલો તો છેઉંજ. એક ચોક્કસ ભાગ ભજવતાં હવે હું થાકોછ. મનમાં ને મનમાં બળાપો કરતાં હું થાકોછ, લીલ્યન—નહીં એમ હાથ ના ખેંચી લે, હું તદન ફેરવાઇ ગયલો આદમી છેઉં અને શાથી એમ હું ફેરવાઇ ગીયોછ તે તું જાણેછ; અને તે છતાં જો તું રજા આપે તો મારામાં થયલા એ ફેરફારનું કારણ તુંને બતાઉં, ઓ ખુદા, લીલ્યન, તું મારી ઉપર વીશ્વાસ કેમ નહીં મુકતી."

"શું કામ? મારે તમારી ઉપરજ કાંય વીશ્વાસ મુકવો જોઇયે?"

"કાંય કે હું તુંને ચાહુંછ લીલ્યન."

આપણે ઉપર જોયું તેમ તે રાત લીલ્યનને માટે કાંઇક અપસુકન ભરી નીવડી હતી. પહેલે તો તેણીએ તે દેવળના મકાનમાં સર તેલબોટ ઉડલીની હકદાર દીકરી મીસ લીલ્યન લી જેણીને આપણે આપણી આ વાર્તાના શુરૂઆતનાં પ્રકરણોમાં જોઇ આવ્યા તેમ આ લીલ્યન મરતી છોડીને ન્હાસી ગઇ હતી અને તે મુવેલીજ માનતી હતી, તેણીનો આકાર તેણીએ જોયો હતો. બાદ દેવળમાંથી બહાર નીકળતાં તેણીને ડોસન સ્લેડ મળ્યો જેની આગળ તે આકાર જોયા પછીની તેણીની થયલી હાલત સાથે તે રજુ થવા પામી હતી, અને વળી તેની સાથે વાત નીકળતાં તે તેને એવા રોહ ઉપર ઘસડી જતો

હતો કે જે રોહ તેણીને તેણીની ખરાબીના ખાબોચીયાંમાં લઇ જઇને ડુબાડશે એમ તેણીને બીહીક થઇ હતી.

ડોસન સ્લેડે પોતાની ઉપર વીશ્વાસ મુકવા તેણીને અપીલ કીધી અને તે કાંય એમ તેની ઉપર વીશ્વાસ મુકે તેનો બાયસ તેણીએ પુછતાં તેણે છચોક જણાવી દીધું હતું કે તેણીને તે ચાહતો હતો. આ શબ્દો તેણીને કાને પડતાંજ સ્લેડે તેણીનો હાથ જે પોતાના હાથમાં લીધો હતો તે પાછો ખેંચી લેવાની તેણીએ કોશેશ કીધી, પણ સ્લેડે તેણીની તે તજવીજમાં તેણીને ફાવવા દીધી નહીં.

"નહીં તું એમ હાથ ના ખેંચી લે, અને મારા આય એકરારથી તું જાણે કેવી એક અજબ થઇ હોય તેવા ઢોંગ ના કર. મારો આ એકરાર કાંઇ તારે માટે આજે નવો નથી; તેં તે કાંઇક મહીના થયા જાણેલો છે; તેથી તું કાંઇક મુદ્દત થઇ માહીતગાર છે. લીલ્યન—હીલ્ડા કહે તુંને હવે શું નામે બોલાઉં ? કોઇબી નામે હું તુંને ચાહી શકું તેમ છે. મારાં જીગર, તેં શું ધડીભર એમ ધાર્યું કે મારા જેવો જોરાવર પ્યાર આંખે આંધળો હોઇ શકે ? મેં તુંને ઇંગ્લંડમાં અહીં જોતાંનેવાર જાણ્યું કે તું હીલ્ડાજ છે, પણ જો મેં તે વાત કેવી છુપાવી રાખી ? મેં કોઇને તો શું પણ તુંનેબી નહીં જાણવા દીધું કે તારો ભેદ હું પામી ગયોછ, અને મારાં મોંહમાંથી એવો એકબી બોલ આજ સુધી બહાર આવ્યો નથી કે જે તારી આગલી પાછળી ઉપર તેં નાખેલા પડદામાંથી આરપાર નીકળી જઇ શકે, અને મેં એમ કાંય કીધું તે હું કહી શકતો નથી."

"તમે કહી શકતા નથી ?"

"નહીં, ખુદાના કસમ લઇને કેહુંછ કે નહીં; તારો કાંઇ બરઅખી હોય તો તેને માન આપી જાળવી રાખવા જેટલા જોરાવર પ્યારથી હું તુંને ચાહુંછ, ને તે છતાં હું તુંને પુછુંછ કે તું મારી ઉપર

વીશ્વાસ કાંય નહીં રાખતી ? તું શું એમ ધારેછ કે હું તુંને ફસાવસ ?"

"નહીં," તે બોલી "એવું તે તમે મારે માટે શું જાણોછ કે તમે મને ફસાવો ?"

"હા, હું કાંઇજ જાણતો નથી" તે બોલ્યો "આગળ વધીને કહું તો એકવાર તું હીલ્ડા ફેન હતી અને આજે તું લીલ્યન ઉડલી છે તે માટેથી હું કોઈ વાતે કાનાસોરી નહીં કરસ, હું તુંને ચાહુંછ અને કોઇ કોઇ વાર મને એજ ધખારો થાયછ કે તારી સલામતી જોખમમાં છે, અને એજ મને તારો ગુલામ બનાવવાને બસ છે. હું તારો ગુલામ થઇ રહેવસ—હું તને બચાવસ, પણ મને તુંને બચાવવાનો હક્ક બખ્સ. લીલ્યન—હીલ્ડા તુંને હું ચાહુંછ—મારી સાથે વાત કર, તુંને તારે ખાતર હું ચાહુંછ."

"તમે શું માંગોછ તે કાંઇ તમે સમજોછ ?"

"શું હું નથી સમજતો ?"

"નહીં" તે કાંઇક કડવાસથી બોલી "તમે કયી અબલાને તમારી કરવા માંગોછ ? હીલ્ડા ફેનને કે લીલ્યન ઉડલીને ?"

"હું તો તુંને ચાહુંછ, પછી તું પોતાને ગમે તે નામે બોલાવ. પણ તે અગાઉ તુંને બસ એકજ સવાલ પુછુંછ. હું જાણુંછ કે તું હીલ્ડા ફેન છે, હવે મને કહે કે તું સર તેલબોટની દીકરીજ છે કે ?"

"હા, હું સર તેલબોટ ઉડલીની દીકરી છેઉં" તે બોલી.

"શુક્રાના ખુદાના" તે બોલ્યો અને તે વખતે જાણે તેનાં મનપરનો બોજો કેટલોક કમી થઇ ગયો હોય તેમ લાગ્યું. "લીલ્યન, માફ કરજે, પણ હવે તુંને કોઇબી બીજે નામે હું નહીં બોલાવસ. મેં મુર્ખ જેવાએ એમજ ધાર્યું કે સર તેલબોટ જેવા આગળ તેં તારી આગલી જીંદગી છુપાવીછ તો તારી તે જીંદગીમાં કાંઇબી મોટો ભેદ હોવો જોઇએ, પણ હવે મને માલમ પડેછ કે તારાં હાલનાં

ઓળખીતાં પીછાનવાલાંઓ આગળ તારી તે આગલી નાટકી જીંદગી છુપાવવાની તારી કાળજી કુદરતી છે. પણ તું મારીપર કાંય વહેમાઇ? તારી માયની છબી મારી આગળ ખુલ્લી કરતાં તુ બીધી કાંય? તારી આગલી વાત જે હું જાણુતો હતો અને જે હું તારી આગળ કોઇવાર કાઢવા જતો હતો તો તેમ કરતાં મને તુ ઉડાવતી'તી કાંય? મારા ઉપર તું વીશ્વાસ નહીં રાખે? વારૂં, મને એટલું કહે લીલ્યન કે હું તુંને ચાહુંછ એમ તું જાણુતી'તી કે?"

"હા" તે બડબડી.

"તું જાણેછ કે હમણાબી તુંને મારા સાચા દીલથી હું ચાહુંછ, મને જવાબ આપ વહાલી?"

અને તેણી માટેના અથાગ પ્યારના મોહમાં તે ખેંચાઇ તણાઈ એવો ગયો કે તેણે તેણીની કમરમાં પોતાનો હાથ લઇ તેને પોતાની તરફ ખેંચી એક જોશભેર બગલગીરી તે કરવા ગયો પણ તેને તેમ કરતો અટકાવી તેના કબજામાંથી તે ઝટ છુટી થઇ ગઇ અને બોલી—

"નહીં, મારી સાથે વાત ના કરો, મારી તરફ એમ જુવો ના, મને તમે ચાહતાજ હોવ તો જાવો મારી આગળથી તમે જતા રેહો, એક બોલબી બોલ્યા વગર જાવો, એકદમ જાવો!"

"તુ એમ કાંય બોલેછ કે તમે જો મને ચાહતા હોવ તો? શું તુંને હજીબી તે વાસ્તે કાંઇ શક છે, લીલ્યન? જો, મારી તરફ જો ને મને કહે કે તું મને નથી ચાહતી."

"જાવો, તમે જાવો, હું તમને નથી ચાહતી."

"ખુદા તુંને માફ કરે લીલ્યન, પણ એક મીનીટ અગાઉ હું સોગંદપર કહેવાને તૈયાર હતો કે તું મને ચાહેછ ને ફક્ત ચાહેછ."

"નહીં, નહીં, તે વખતે મને કશુંજ ભાન નહીં હતું. મારે તમારી એ વાહીયાત વાત સાંભળવીજ નહીં હતી—જાવો બસ અહીંથી."

"લીલ્યન, મને તારી આગળથી હડસેલી ના મુક! ખુદા ખાતર મને તારી આગળ રહેવા દે! મને તારી આગળ રહેવા દે અને કોણ જાણે ખુદા કરશે તો આપણા બે વચ્ચેનો અંતર નાબુદ થઇ જશે."

"નહીં, કદી નહીં, આસ્માન નીચે આવે અને જમીન ઉપર જાય, તોબી આપણા વચ્ચેનો અંતર દુર નથીજ થવાનો! અને આપણે જેમ જલ્દી છુટાં પડીએ તેમ સારૂં, કેમકે એક વખત એવો આવશે કે મારા બંધમાંથી તમને મોકળા રાખવાને માટે તમે મારો ઉપકાર માનશો, જાવો હવે!"

એમ કહી તેણીએ શેકહેન્ડ માટે હાથ લાંબો કીધો, જે તેણે લીધો તો તે હાથ ગરમ આતશ જેવો તેને લાગ્યો.

"હું જાઉંછ" તે બોલ્યો "હા, હું જાઉંછ, પણ જેમ તું મને આજે હડસેલી મુકેછ તેમ મારા પ્યારને તારીથી તરછોડી નથી શકાવાનો. હજીબી જો મારૂં તુને કામ પડે તો મેહેરબાની કરીને એમ ના સમજતી કે તારે માટેનો મારો પ્યાર નરમ પડી મરી ગયો હશે; જેમ હમણાં તારા હુકમને તાબે થઇ તુને છોડી જાઉંછ તેમ જ્યારે તુ મને બોલાવશે ત્યારે તારી આગળ દોર બાંધ્યો હું દોડી આવસ."

"એટલું બોલી તેણે તેણીના પકડેલા હાથપર વાંકો વળી તેને બે વખત જોશથી ચુંમ્યો અને ત્યાંથી તે ચાલી ગયો.

પ્રકરણ ૩૫ મું.

ગયાં પ્રકરણોમાં બનેલા ગડબડ ઘોંટાળાની સદાબરી બેખબરીમાં, છેલ્લાં પ્રકરણમાં બનેલા બનાવ પછી બેએક કલાકે હેરોલ્ડ ઉડલી હોલની નાની ગેલેરીપર સીગારની મોજ ચાખતો આંખ અડધી

બંધ કરી પગ લાંબા કરી નીરાંતે હીંગહામની પેલી બંગલીમાંની સોહામણી સુંદરીનો ખ્યાલ કરતો બેઠો હતો. આપણે તેને છેલ્લો હીંગહામથી નીકળી હોલ તરફ આવતો જોયો હતો, પણ સીધો હોલમાં ન જતાં તેને મનના વીચારો સાથે એકલું પડવાને બની આવે માટે તે દરિયા કાંઠે ગયો હતો અને જ્યારે તેને આપણે હાલ જોઇએ છીએ ત્યારે તે ત્યાંથી આવી ઉપર કહ્યા મુજબ નાની ગેલેરીમાં અરડાઇને બેઠો હતો. તે દરિયા કાંઠે જેટલો વખત રહ્યો હતો તે દરમ્યાન જે મામલો તેની સામે ડોળા ધુરકી ઉભો હતો તેના સંબંધમાં ચોક્કસ ઠેરાવપર આવવાને તેણે પોતાનું બનતું કર્યું હતું.

તેણે વીચાર કીધો કે એક બાજુએ લીલ્યન તેની અનુપમ ખુબસુરતી સાથે ઉભી હતી અને તેને ગોયા ટેકો આપવા સર તેલબોટને તેણે આપેલું વચન હતું, અને બીજી બાજુએ પેલી મીઠી મધુરીનો દીલકશ ચ્હેરો તેને ઘેરી રહ્યો હતો. હવે તેને મનસે તે જો લીલ્યનને પરણે તો સર તેલબોટની દોલત હાથ આવે એ કાંઇ તેને ગુંચવાવનારી કે મુઝવણમાં નાખનારી બાબત હતી નહીં. તેને તો તેણે સર તેલબોટને આપેલાં વચનનો અને લીલ્યનની ખુબસુરતીનોજ વીચાર હતો. તે જો તેને ચાહતીજ હોતે, તે ચાહની કાંઇક ગવાહી તેણીએ તેની તરફ માયાથી વરતીને તેને જો આપીજ હતે અને આપતી રહી હતે તો તેણીને માટે તેના જીગરમાં બરપા થયેલો પ્યાર એવો જડ ઘાલીને બેસતે કે તેને કોઇબી બીજી અબલાનો પ્યાર કોઇબી રીતે અલવલ પહોંચાડી શકતે નહી.

"તેણીએ મને ચાહ્યોજ નથી, મારી દરકાર કીધીજ નથી," તે બડબડયો "હું તેણીને લાયક છેઉંજ નહીં; અને ત્યારે મારા વચનનું કેમ? મારે ત્યારે કરવું શું? ઓ ખુદા! મેં પેલીને જોઇજ નહીં—પણું નહીં, મારે એમ ઇચ્છવુંજ નહીં જોઇએ. આહ! તેનો

હાગ આજે બપોરે જ્યારે મારા હાથમાં હતો ત્યારે તે કેવી સુંદર અને રૂપાળી લાગી હતી, પણ હું જે બીજીને બંધાઇ ચુકેલો તેણે એવો ખ્યાલ કરવો જોઇએજ નહીં, અને તે છતાં જે મેં કીધું તે કરવાથી કયો ઇનશાન બાકાત રહે? આહ! એક કે બે અઠવાડીઆં થયાં હું લીલ્યનપર દીવાનો હતો, તેના પ્યારને માટે આખી દુનિયા તજી બેસવા તૈયાર હતો, ને આજે મને એ શું થયુંછ? શું બેવફાઇનો ઈલજામ મારે કપાળે ચોંટવાનો નસીબમાં છે? હા, એમજ હોસે, ત્યારે હવે મારે કરવું શું?"

અને આ સવાલના જાણે જવાબમાં તે જ્યાં હતો ત્યાં એક નોકર આવીને ઉભો રહ્યો.

"કેમ, જેમ્સ શું છે?"

"સાહેબ, તમોને સર તેલબોટ લાઇબ્રેરીવાળા રૂમમાં બોલાવેછ."

હેરોલ્ડ ઝટ ઉઠયો અને પેલા નોકરની પુઠે ચાલતો થયો.

"કેમ, કાકાજી સાહેબ શું કહોછ?" એમ પોતાની હંમેશની ઢબ મુજબ બોલતો તે ઓરડામાં દાખલ થયો, પણ અંદર આવતાંજ તે ચમકીને ઉભો રહી ગયો, કેમકે સર તેલબોટનો ચ્હેરો તદન ઉજલો ફક્ક મારી ગયલો તેણે જોયો.

"કાકાજી, તમે બીમાર થઇ ગીયાછ?" જવાબમાં સર તેલબોટે તેને હાથની ઇશારત કરી ત્યાં એક ખુરસીપર બેસવા ફરમાવ્યું.

"બેસ, મારા વ્હાલા હેરોલ્ડ, મને કાંઇ નથી, જરા થોબ, મને દમ ખાવા દે. હું જરા ફેન્ટ મારી ગીયો'તો, પણ જરાવારમાં હું હુશીયાર થવસ, તુ કાંઇ બીહીતો ના, એમ તો ઘડી ઘડી થાયછ."

"ઘડી ઘડી થાયછ? હેરોલ્ડ બોલી ઉઠયો "ને મનેજ ખબર—"

"નહીં, તુંને શા માટે ગભરાવું?" સર તેલબોટ જરા હસીને બોલ્યા. "મારીથી બન્યું ત્યાંસુધી એ વાત મેં છુપાવી, કેમકે તું

જાણેછ કેની કોઇબી વાતનો 'ફ્સ' કરવા મને ગમતો નથી ને મારી નબળાઇ કોઇને જાહેર થાય તે મને પસંદ નથી. એટલો બીધેલો શાનો લાગેછ, છોકરા? હું કાંઇ હમણાં મરી જવાનો છેવું કે?"

એટલું બોલી તેવણ પોતાનામાં જે જોર હતું તે બધું એકઠું કરી ખુરસીપર ટટાર બેઠા અને પાસેજ મુકેલાં ટેબલપરનાં કાગળીયાંઓ ઉથલાવવા લાગ્યા.

"મને સાહેબ, કાંઇજ ખ્યાલ નહિ કે તમે એ પ્રમાણે દુઃખ સહન કરોછ" હેરોલ્ડ ખરે દીલે રંજીદા થઇને બોલ્યો.

"નહીં, હું તુંને કેહુંછ કેની કે મારી નબળાઇ કોઇને બતાવવા મને ગમતીજ નથી. લેડી ઉડલી મારી પાસેથી ચાલી ગયા પછીથી મને એ કીસમની બેફામી લાગુ પડીછ; કોઇ વખત તે જરા નરમ આકારમાં થાયછ અને કોઇવાર તે પોતાનાં સઘળાં જોશ સાથે ઉભરી આવેછ. આજે જરા વધારે તેણે જોર કીધું ને હેરોલ્ડ, હવે હું બુઢ્ઢો થયો કેની; એટલે એવો એકાદ ફટકો મને પુરોબી કરી નાંખે તેમાં કાંઇ નવાઇ નથી. અને તે માટે ફર્યાદ કરવાનુંબી મને કશું કારણ નથી, કેમકે લગભગ આખી જીંદગી મેં પસ્તાવો કીધા પછી ખરૂં સુખ ચાખવાને હું જીવતો રહ્યો એજ મારે મનસે સંતોષની વાત છે, અને હેરોલ્ડ મારા દીલની હવે રહેલી એકની એક મુરાદ બર આવશે, તો ઘણા મોટા સંતોષ વચ્ચે આ જહાનથી હું કુચ કરી જવસ. લીલ્યન કહાં છે?"

"તેવણ પોતાના ઓરડામાં હોસે, બોલાઉં?"

"નહીં, હમણાં નહીં, જરા થોભ—મારે પહેલાં તુંને એકલાનેજ જે કહેવું છે તે કહીશ. હેરોલ્ડ, જે રાત્રે તું તેણીને શોધવા નીકળ્યો હતો તે રાત તુંને યાદ છે?"

"હા, કાકાજી."

"ત્યારે આપણા વચ્ચે થયલું સાટું તું ભુલીતો નથી ગીયો ?"

"નહીં કાકાજી સાહેબ."

"તે આપણા વચ્ચેનું એક ઘણુંજ ગંભીર અને પાક સાટું હતું, નહીં ? ત્યારે તેજ સાટાંની બજાવણી ઉપર કેટલો મોટો આધાર છે તે તું કદાચજ જાણતો હશે અને આપણા વચ્ચે થયલું તે સાટું જ્યાંસુધી પુરેપુરૂં અમલમાં ન આવશે ત્યાં સુધી મારો જીવ કરાર પામવાનો નથી, એમ તુંને કહેવસ ત્યારે તે માટે મારી કાળજી કેટલી છે તે તું અટકળી શકસે. હેરોલ્ડ મારાં દીલની એ એકની એક મુરાદ જ્યાંસુધી પાર નહીં પડશે ત્યાં સુધી મારાથી સુખને જીવે મરાવાનું નથી." એટલું બોલી તેવણે હેરોલ્ડને બાજુમાંથી પકડી તેની આંખની સામે પોતાની આંખો ફેરવી ટગર ટગર તેવણે જોયું અને હેરોલ્ડ તેવણને કાંઇ કહેવા જતો હતો પણ તેને તેમ કરતો અટકાવી તેવણ બોલ્યા "નહીં, હેરોલ્ડ, તું કાંઇજ બોલતો ના, તું મારૂં સાંભળ; જે રાત્રે તમો બેઉ અત્રે આવ્યાં ત્યારનો તમારી ઉપર હું બહુજ બારીક નજર રાખતો આવ્યોછ, અને તેથી હું કહી શકુંછ કે તમો બંને કોઇ વાતે સુખી નથી. તમો બે વચ્ચે કાંઇક અંતર હોય તેમ મને લાગેછ, તે અંતર શું છે ? તું તેને ચાહેછ એમ લાંબો વખત થયો હું જોતો આયોછ, ને તું તેને નહીં ચાહતો હોય તો તે એક મોજેજોજ કહેવાય. ને—ને—હેરોલ્ડ હું ધારૂંછ—નહીં, મારી ખાતરી છે કે તેબી તુંને ચાહેછ."

સર તેલબોટનાં મોંહમાંથી આ બોલો પડતાંજ તે ચોંકયો અને અજબ થઈ સર તેલબોટના ચ્હેરા તરફ તે જોવા લાગ્યો.

"શરમાવાનો હવે વખત નથી, દીકરા" જાણે તેની અજાયબીના જવાબમાં તેવણ તેની ગમ જોઇને બોલ્યા "એક બાપની આંખ એવી ચગોર અને તીક્ષ્ણ હોય છે કે તેની બેટી પોતાનાં

પ્યાર ઉપર ગમે તેવો ઓસકનો પડદો નાંખે તે છતાં તે પડદામાં-થીબી તે બેટીની હાલત તે જોઇ શકેછ. હેરોલ્ડ, તે તુંને ચાહેછ, ત્યારે હવે ખોટી શાની ? જેમ તમોએ તમારાં બેઉનાં જીગરને મેળ-વીને એક કીધુંછ તેમ હવે હાથબી મેળવીને તમો બેઉ એક થાવો, ને મને અનંત સુખ અને નચીંતાઇમાં આંખ બંધ કરવા દેવો. તમારાં બેઉનું સુખ તે મારી મોટામાં મોટી કાળજી છે, ત્યારે હવે અટકાવજ શું છે ?"

"પણ, સાહેબ, તમે પોતેજ બોલ્યાની કે કાંઇ અટકાવ–કાંઇ અંતર હમો બેઉ વચ્ચે છે ?"

"હા, ને તે અટકાવ શાનો છે તે હું જાણુંછ, તે, હેરોલ્ડ, મગરૂરીનો છે."

"મગરૂરી, સાહેબ ?"

સર તેલબોટે ડોકું હીલવી હા કહી, અને બોલ્યા—

"લીલ્યન આગળ મેં મારી મીલ્કત કે દોલત વીશે કશીજ વાત કીધી નથી, તે જાણેછ ને તેમ બધાંજ જાણેછ કે મેં તુંને મારો વારસ ઠેરાવ્યોછ, ને તેથી એ વ્હેમાયછ કે રખે લોક તેને તારા ખેતાબને માટે તુંને તેણીએ પસંદ કીધેલો ધારે ! તેંબી જોયું કેની તે કેટલી મગરૂર છે તે ?"

"હાજી, એ મગરૂર તો છેજ" હેરોલ્ડ કાંઇ ઉંડા વીચારમાં હોય તેમ બોલ્યો.

"ત્યારે તેની મગરૂરી મારી હઠાવવાનો મેં તોર કાઢયોછ ને મારી તે યોજના શું છે તે હું તુંને કહી સંભળાવું, ત્યારે મારે માટે બુરો ખ્યાલ લઇ જઇ તું મને ગેરઇનસાફ ના કરતો. ખેતાબ અને જાગીર તારે ફાળે આવશે; જો મારી એ દીકરી મને નહીં મળી હોત તો જે બધું મારૂં તે તુંને એકલાનેજ મળતે પણ બાકીનું બધું

એમ ખાતરી રાખીનેજ મેં તેને આપ્યુંછે કે તેમાં તું કશોજ વાંધો લેશે નહીં. તેને જે દોલત મળશે તે ઘણીજ મોટી—લગભગ બે લાખ પૌંડ જેટલી થવા જશે. આટલી મોટી દોલત સાથે પોતાનો હાથ તારા હાથમાં મુકવા તે ખુશીથી તૈયાર થશે, તેની મગરૂરી હવે તેથી જોખમાસે નહીં અને પેલો અંતર તુટશે અને બધું મારા ચાહવા મુજબજ થશે." એટલું બોલી સર તેલબોટ પોતાની ખુરસીપર અઢેલી પડી હાંફવા લાગ્યા.

હેરોલ્ડ ઉઠીને ઉભો થયો અને પોતાના ગજવામાં બંને હાથ મુકી એક કબાટને અઢેલીને ઉભો.

સર તેલબોટે તેની તરફ કાંઇક ચીંતાથી જોઇ તેને પુછ્યું—

"હેરોલ્ડ મારી આય ગોઠવણથી તું કાંઈ દલગીર તો નથી થયો ? તું કાંઇ ગુસ્સે તો નથી ?"

"હું ?" હેરોલ્ડ ઝટ બોલી ઉઠયો "કાકાજી સાહેબ હું ખરાં જીગરથી કેહુંછ કે તમે કહી તેવી કોઇબી લાગણી મારામાં છેજ નહીં. સાચું કેહું તો આય સંજોગો વચ્ચે જે મેં ધાર્યુંતું તેજ તમે મને આપ્યુંછ, એટલે લીલ્યનની દોલત ઉપર મારાથી ત્રાપ મરાયજ કેમ ? હકદાર વારસ તે તમારીજ છે, જો તમારો ખેતાબબી તેણીને મળી શકતો હોતે તો તે ઉપરનોબી મારો હક હું ખુશીથી છોડી દેતે."

સર તેલબોટે તેનો ખુશીથી હાથ ઝાલ્યો અને તે હાથ દાબીને બોલ્યા—

"સુખી રહે હેરોલ્ડ, મેં તારી ઉપર જયારે વીશ્વાસ મુકયો ત્યારેજ મારી ખાતરી હતી કે તારામાં હું જરાબી ઠગાવસ નહીં, ને એટલુંબી યાદ રાખજે કે જે મેં બધું લીલ્યનને આપ્યુંછ તે આપણીજ આય તમો બેઉની ગોઠવણથી તુંને પાછુંજ મળશે, એમ

સમજીનેજ આપ્યુંછ, નહીં તો વળી હું વ્હેંચણી જુદીજ કીસમે કરસી! હેરોલ્ડ, મારી ખાતરી છે કે તુંને તે ચાહેછ."

હેરોલ્ડે આ સાંભળી એક નીસાસો નાંખ્યો, જે સર તેલબોટથી છૂપ્પો ન રહ્યો.

"તુંને તે વીશે વ્હેમ છે?—નહિ હું નહિ ધારતો" સર તેલબોટ બોલ્યા "તું તેણીને મોંઢે તે પ્યારનો એકરાર સમજે તો બસ કેની? લાવ, તારી તરફથી હું તેના પાસે તારૂં માગું લઇ જાઉં; હેરોલ્ડ, તે એક વિચિત્ર કીસમની છોકરી છે. જા હેરોલ્ડ તું એને અહીં આવવા કહે, હું કાંઇક નબળો પડતો જાઉછ. તેને અહીં બોલાવ, ને તારે માટેના તેણીના પ્યારનો યકરાર તું પોતેજ તેણીને મોંઢેથી સાંભળ."

હેરોલ્ડ બારણાં આગળ ગયો પણ જરા ત્યાં થોભીને તે બોલ્યો—

"પણ કાકાજી સાહેબ, જો તેવણ ધસીને નાજ પાડે તો મને અહીં પાછો બોલાવતા ના."

"નહીં, નહીં, પણ તે ના પાડશેજ નહીં. હું તેણીને પીછાનતો નથી? હું તેણીનો બાપ જેવો બાપ? જા, ને લીલ્યન દીકરીને અહીં મોકલ."

પ્રકરણ ૩૬ મું.

હેરોલ્ડ તે લાઇબ્રેરીવાળા ઓરડામાંથી બહાર નીકળ્યો ખરો, પણ લીલ્યનને બોલાવા જવા અગાઉ તે બારણા આગળ બહાર ઉભો રહ્યો. "શું ત્યારે તે ખરૂંજ હોસે?" તે મનસે વમાસવા લાગ્યો "તે મને ત્યારે ચ્હાતીજ હોસે? સર તેલબોટ જેવણ લીલ્યનની હીલચાલ ઉપર બારીક નજર રાખેછ તેવણ એ બાબે ભુલે એમ મને તો માનવામાં નથી આવતું. ત્યારે તે મને ચાહેછ ખરી!"

" અને તેજ વખતે તેની નજર આગળ પેલો મીઠો મધુર ચ્હેરો ઉઠીને ઉભો થયો તે છતાં લીલ્યન તેને ચાહતી હતી એ ખ્યાલની ખુશીમાં તેનો ચ્હેરો ખીલી રહ્યો હોય તેમાં કાંઇ નવાઈ ન હતી, કેમકે લીલ્યનના તોરની એક છોકરી તેને તેનીથી અજાણ ચાહતી હતી–તેનોજ દમ ભરતી હતી એમ જાણી જે ખુશીથી ફુલી ફાલી ન જાય તે ઇનસાન ન કહેવાય; અને એ વાત જો ખરીજ હોય તો હવે બીજો ત્રીજો વીચાર તે કેવો? હવે જે વીચાર તે એજ કે તેણે તેના પગ પાસે પડવું અને તેને તેની પોતાની કરવી અને પોતે તેના થઇ રહેવું.

હવે તે બબે ચચાર ફાંડયે તે દાદર કુદી ઉપર ગયો અને લીલ્યનના ઓરડાનું બારણું તેણે ઠોકયું; તેના જવાબમાં તેણે લીલ્યનની દાસી આવી તે બારણું ઉઘાડશે એમ આશા રાખી હતી, મગર તે બારણું ઉઘડતાંજ તેના સામે લીલ્યન આવી ઉભી. તેણીએ તે સાંજે પેહેરેલો ડ્રેસ ઉતારી તેને બદલે ઘણાં નરમ અને સફેદ ઉરથી મઢી લીધેલો સફેદ પોષાક પહેર્યો હતો.

" હું જાણું કે મારી 'મેડ' આવી હોસે " તે બોલી " કેમ હેરોલ્ડ તમને અત્યારે આવવું પડયું ? "

" નહિ નહિ કાંઇ નહિ " તે બોલ્યો " તમારા પપા તમુને બોલાવેછ. "

" કાંય, શું છે ?" તેણી પોતાના ઓરડાની બહાર આવતાં બોલી.

" તમે એટલાં બીહોછ કાંય ? "

" નહીં, હું બીહીતી નથી, પણ શું છે શું ? "

" કાંઇજ નહીં, હોય શું ? તમે જાણોછ કેની કે તમારા પપાની તબીયત જરા નરમ ચાલેછ ? હમણાંબી એવણ બેશુદ્ધ થઇ ગયા હતા, હાલ સારી પેઠે છે. મેં ધાર્યું કે તમુને—"

"લખીયત નરમ ? સારૂં કીધું તમે આવ્યા" એમ બોલી તે તેની સાથે ચાલતી થઈ.

પેલા લાઇબ્રેરીવાલા ઓરડા આગળ તેઓ બંને આવી લાગ્યાં.

"લીલ્યન–" હેરોલ્ડ તેને પોતાને સર તેલબોટ સાથે થયલી વાતનો કાંઈક સાર કહેવા ગયો પણ તુરત તેનો વીચાર ફરી ગયો તેથી તે મુંગોજ રહી ગયો. તે વખતે તેને એમજ વીચાર આવ્યો કે જે કહેવાનું હતું તે લીલ્યનને તેવણ પોતેજ કહે તે બેહેતર હતું.

હેરોલ્ડે તે ઓરડાનું બારણું ઉઘાડયું અને લીલ્યન અંદર ગઈ પણ જવા અગાઉ તેને હેરોલ્ડે જો તેનું કામ પડે તો તેને ડાઇનીંગ રૂમમાંથી બોલાવી મંગાવવો એટલું કહ્યું.

લીલ્યન અંદર દોડી ગઈ અને સર તેલબોટ જ્યાં અઢેલીને બેઠા હતા ત્યાંજ જમીનપર તેવણ આગળ ગુંઢણ મરડયે બેસી પડી.

"પપાજી શું છે?"

"છોકરી, કાંઈજ નથી. તું ગભરા ના, મારે લગતું તુને કહેવાનું કાંઈજ નથી; તુને હેરોલ્ડે કાંઇ કહ્યું કે?"

"નહિ, પપાજી, શું?"

"સારૂંજ કીધું તુંને નહિ કહ્યું, કેમકે તે પોતે તે તારી આગળ પોતાનો કેસ રજુ કરે તેના કરતાં તેનો કેસ તારી આગળ બેહેતર રવેસે હું રજુ કરી શકસ."

તે જઈફ બાપને મોંડેથી આ બોલો નીકળતાંજ તે જરા ચોંકી અને તેની તરફ ટગર ટગર જોવા લાગી.

"એ તુંને ચાહેછ, મારી લાડકી; બોલ તેથી તું ખુશી છે કે દલગીર, કહેની જોઉં? તુંને અજબ લાગેછ કે એણે તુંને એ વાત કેમ નહીં કીહી? મેંજ તેને તેમ કરતો અટકાવ્યો ને તેની તરફથી વાત તુંને કહેવાનું મેંજ માંગી લીધું. લીલ્યન જેટલી તુંને હું જાણુંછ,

જેટલી તુને હું પીછાણુંછ, તે ઉપરથી હું કેહી શકુંછ કે તું એ વાત જાણી દલગીર તો નથીજ. હું તારા એ ઠરાવ માટે એટલો બધો તો ખાતરજમા છેઉં કે મારી એ મોટામાં મોટી ઉમેદ પાર પાડવાને લગતી એ તારી બહાલી તારેજ મોંઢેથી મારા કાને પડે તો મને પરમ સુખ મળે, તેથી એ વાત પહેલી મારેજ મોંઢે તુને કહેવાનું મેં ખાસ હેરોલ્ડ પાસે માંગી લીધુંછ. કહે લીલ્યન હવે તારો વીચાર મને કહે— મને કહે કે મારી મારફતે તારી પર હેરોલ્ડે મોકલેલા આ પેગામથી તું નાખુશ કે નારાજ તો નથીની ?"

આ બધું બોલતાં છેવટે તેનો અવાજ એવો ગંભીર હતો કે કુદરતીજ તે ચોંકી અને તેનો હાથ પોતાના હોઠ આગળ ખેંચી તે ઉપર વાંકી વળીને એક કીસ તેણીએ લીધી.

"મારી દીકરી, મારી લીલ્યન ! બસ, હું સમજી ગીયો અને વર્ષોની મારી મુરાદ આજે બર આવી. તું એને ચાહેછ લીલ્યન ? આહ ! આય ઘડીની મેં કેવી આતુરતાથી વાટ જોઇછ તે તું જો જાણે તો! કાંઇક મુદત સુધી મેં તુને બારીકીથી તપાસીછ, મેં તારાં મોંહમાંથી પડતો એક એક હરફ ખુબ ધ્યાનથી સાંભળ્યોછ, ને તારી દરેકે દરેક હીલચાલ ઉપર ખુબ બારીક નજર રાખીછ કે તારા એક હરફ— તારી એકાદ હીલચાલથી હું જાણી લેઉં કે તુ તેને ચાહેછ કે નહીં, પણ મારી દીકરી શું ખબરદારીથી તેં એ વાત મારીથી છુપી રાખી ? આ તો તારા ને તેના વચ્ચે કાંઇ અણુદીઠ અંતર હતો તેથી તુ મોંહ ખોલીને બોલી નહીં ? હા ! અંતરબી તો હતોજ તો, ને તે અંતર મગરૂરીનો હતો ખરૂં કેની ? સાંભલ છોકરી ભવીષ્યનો સર હેરોલ્ડ કોઇ પઇ વગરની છોકરીને પોતાની લેડી ઉડલી નથી બનાવવાનો, પણ લેડી ઉડલી તો સર તેલબોટ ઉડલીની વારસ દીકરી લીલ્યન થનાર છે. તે જેમ તારા પગ આગળ પોતાનો અમીરી ખેતાબ મુકશે તેમ તું

તેના પગ આગળ તારી લાખોની દોલત રેડશે. તું મારાં મરણ પછી ગરીબ નહીં પણ તવંગર તરીકે બહાર આવશે, એટલે બસ કેની?"

"હા" પોતાની પાસેની ટેબલ ઉપર પડેલાં કાગળીયાંઓપર હાથ મુકી તેવણ બોલ્યા "જે બધું આપવાને હું મુખત્યાર હતો તે બધું મેં તુંને આપ્યુંછ, લીલ્યન, એટલે જે તેની પાસે ઘટસે તે તું પૂરી શકશે. હવે તારી મગરૂરી કયાં રહી, દીકરી લીલ્યન?"

"ત્યારે પપાજી હેરોલ્ડ ગરીબ રહેશે ને હું તવંગર થવસ? ઓ નહીં, એમ નહીં!"

"હા, ને તેમ કરીનેજ મેં પેલો અણદીઠ અટકાવ તોડયો કેની? તું તેને ચાહેછ કેની લીલ્યન? તું 'ના' તો નથી કહેતી ની?" અને આ સવાલ પૂછી તેવણે તેની તરફ એવી આરજુની રૂપે તલબ કરતાં જોયું કે ગમે તેવાં લોખંડી છાતીનાં ઇનસાનનું હૈયું તે આગળ પીગલીને મોમ થઇ જાય!

"તમે તેવણની દોલત તેવણ પાસેથી લેઇ મને તે આપીછ?" લીલ્યને પૂછયું.

"હા, પણ તું તેની તે દોલત પાછી તેને સ્વાધીન કરી શકશે કેની?"

"ને તેથી તમો ખુશી થશો? સુખી થશો?"

"એટલો સુખી કે જેનું વર્ણન કરવાને મને બોલો શોધ્યા નથી જડવાના. મારી જીંદગીની મોટામાં મોટી ઉમેદ એ છે."

"ત્યારે તમારા ફરમાવ્યા મુજબ હું કરસ."

"શુક્રાના તે ખુદાના!" તે તેનું માથું પોતાની આગળ ખેંચી તે પસ્વારતો બોલ્યો "આય ઘડીએ મારા અગાધ સુખનું તું જો માપ કરે! બસ હવે જે એક ઉમેદ રહીછ તે એ કે તુંને મારાં આય મકાનમાં લેડી હેરોલ્ડ ઉડલી તરીકે રાજ કરતી મારી આંખે

હું જોઉં. લીલ્યન હવે તુંજ તેને બોલાવ, મારા દેખતાંજ તમો બેઉ હાથમાં હાથ મેળવો કે હું ખાતરીથી જાણું કે મારી ઉમેદ બર આવેજ. જો, એ વાટ જોતો ખોટી થતો હોસે."

તે તેના હોકમને તાબે થઈ બાહાર ગઇ. હેરોલ્ડ હોલમાંજ હતો, જે તેને ત્યાં આવતી જોઇ તેની આગળ ધસી આવ્યો અને બેઉ સાથે સર તેલબોટ આગળ ગયાં. સર તેલબોટ તેઓને જોઇ ટેબલનો ટેકો લઇને ઉઠયા અને હેરોલ્ડ ગમ જોઇ હસીને બોલ્યા "હેરોલ્ડ, લે એને તું, એ તારીજ છે."

હેરોલ્ડ લીલ્યન તરફ ફર્યો; નીચી ડોક કરી તેણીએ તેને પોતાનો હાથ આપ્યો, જે હેરોલ્ડે લઇ પોતાના હોઠોસે દાબ્યો, પણ તેટલાં એકાયક લીલ્યન તે હાથ ખેંચી ગભરાટનો એક ચીસ પાડી સર તેલબોટ આગળ દોડી ગઇ. શું બન્યું હતું તે હેરોલ્ડને ચેતી જતાં વાર લાગી નહીં; તુરત તેણે ચંગ માર્યો. સર તેલબોટનું માથું ઝુમી પડયું હતું અને તેવણ બેશુદ્ધ થઇ ગયા હતા; તેવણનો અંગત નોકર ઝટ ત્યાં દોડી આવ્યો અને શું બન્યું હતું તે પલકમાં તે પામી ગયો.

"જલદી ડાક્તારને બોલાવ" હેરોલ્ડે બુમ પાડી.

"નહીં સાહેબ, તમે ગભરાવો ના, એ મુજબ તો આજે લાગટ દશ વરસ થયાં એવણને થાયછ; ડાક્તારો આવી ગયા પણ કાંઇજ કરી શકયા નહીં, અહીં, સાહેબ" અને તે એટલું બોલી એક નાની કબાટ આગળ તે ગયો અને બોલ્યો "આય કબાટમાં એક દવા છે જે હું હમેશાં તેવણને આપુંછ."

એમ કહી તે કબાટમાંથી એક શીશી કાઢી તેમાંથી કાળી પ્રવાહી જેવી કાંઈ દવા સર તેલબોટનાં મોંહમાં તેણે નાખી.

"દસ વર્ષ થયાં એમ થાયછ તું કહેછ? ને તે વાતની મને ખબરજ નહીં? તેં કાંય નહીં મને કહ્યું?"

"હું કેમ કહું સાહેબ? સર તેલબોટની મને સખત મનાઇ હતી. હમણાં હુશિયાર થશે સાહેબ, એવણનું હાર્ટ નબળું છે. માફ કરજો, સાહેબ, પણ તમે હું જે કહું તે મને કરવા દેવો. જુવો હુશિયાર થાયછ."

રફતે રફતે તેવણ હુશિયાર થયા અને પેલો બુઢ્ઢો નોકર તેવણ આગળ આવ્યો.

"નહીં; પારકર, આજે તું જા, મને મારી દીકરી અને હેરોલ્ડ મદદ લાગશે. આપણે ઘણાં ઘણાં વરસ સુધી એ ભરમ સાચવ્યો, હવે આજે તે ખુલ્લો થઇ ગીયો."

હેરોલ્ડ અને લીલ્યને પોતા વચ્ચે તે જઇફ બાપને ટેકો આપી ઉઠાડયો અને બેઉનાં ખભાંપર ટેકી તેવણ પોતાના રૂમમાં ગયા. રૂમનાં બારણા આગળ તેવણ ઉભા અને તે બેઉ તરફ જોઇને બોલ્યા—

"ખુદા તમોને સુખી રાખે મારાં બચ્ચાંઓ" અને પછી અંદર ગયા.

હેરોલ્ડ લીલ્યનને હાથ આપી બહાર નીકળવા ગયો, પણ લીલ્યને તે હાથ ખેંચી લીધો.

"નહીં, નહીં, તમે જાવો, મને અહીંજ રહેવા દેવો."

"ચાલ ડીયર, તું અહીં કેમ રેહી શકશે?"

"અહીં, એવણ આગળ હું તેવણની દીકરી નહીં તો કોણ રહે? એ મારીજ જગા છે."

"હા, તું તેવણની બેટી બેશક છે, પણ હવે તો મારી ધણી-યાણી થવાની છે કેની? ચાલ, બહાર આવ."

ધણીયાણી શબ્દ સાંભળી તે જરા ચોંકી અને મુંગી મુંગી તેનો હાથ પકડી તે છોકરી તેની સાથે બહાર આવી.

પ્રકરણ ૩૭ મું.

"નહિ, મારે તમારૂં નથી સાંભળવું ! મને તમે લોક દલગીર ના કરો."

આ બોલનાર સર તેલબોટ હતા; તેઓ પોતાના રૂમમાં એક ખુરસીપર બેઠા હતા અને હેરોલ્ડ અને લીલ્યન તેમને રાક્ષસી છાતી જોવા જવાની ઉજાણી મુલતવી રાખવા વીનવતાં ઉભાં હતાં. સર તેલબોટનો ચ્હેરો કાંઇક લેવાયલો અને ફીક્કો હતો, બાકી બીજી કોઇ રીતે તેવણુ બીમાર નહિ હતા, અને હેરોલ્ડે ગમે તેટલું તે ઉજાણી મુલતવી રાખવાને તેવણુને સમજાવ્યા, પણ તેવણુ ઉપર કશીબી અસર નીપજાવી શકયો નહિ.

"હું સારીકાની છેઉં, જેમ હું આગળ હતો તેમજ છેઉં. મને એ બેફામી તો ઘડી ઘડી આવેછ, ને તેની એમ દરકાર કર્યા કરૂં તો કાલનો દુકાળ આજે પડે અને વળી વધુ તો એમ કે તમારા લોકની મજાહ બગાડવા હું માંગતો નથી."

"ત્યારે, પપાજી, મને તમારી આગળ રહેવા દેવો."

"ખચીતજ નહિ, મારી દીકરી, તું અહીં રેહી તો ઉજાણીજ શું કહેવાય ? ને વળી તુંને હેરોલ્ડનો વીચાર જોઇયે, તું તેની મજાહ બગાડી નાંખશે, જા, મારી દીકરી તું સુખે સીધાર ને વ્હેલી હસ્તી રમતી આવજે જા, હેરોલ્ડ દીકરા મોંઢું શું જોયછ, લઇ જા એને તારી સાથે !"

ઉજાણીએ નીકળવાની તૈયારીઓ ક્યારની થઇ ચુકી હતી. ઉજાણી જવા તેયાર થયલાંઓ આગળ સર તેલબોટની ગઇ રાતની સીકનેસ છુપી રાખવામાં આવી હતી; તેઓને ફકત એટલુંજ કહેવામાં આવ્યું હતું કે તેવણુની તબીયત નરમ હોવાને લીધે તેઓ એ

પાર્ટીમાં સામેલ નહીં થઇ શકશે પણ રાત્રે ખાણું પર તો એવણ બીરાજશેજ, કેમકે ઉજાણીએથી આવી બધાંઓએ ઉડલી હોલમાંજ ડીનર લેવાનું નક્કી કીધું હતું. તે પાર્ટી ઘણી મોટી થવા પામી હતી અને રસ્તેથી બીજાંઓને હજી તો લેવાનાં હતાં તે તો જુદાં. મોટી ઉઘાડી લેન્ડો ઉપરાંત ફ્રાઇટીન અને વાગનેટને આજે કામે લગાડવામાં આવી હતી, અને હેરોલ્ડની ડોગકાર્ટમાં પેટની પુંજાને લગતો સામાન આવનાર હતો. રસ્તામાં મીસ લુસી વેર્નરને અને જેરાલ્ડને લઇ લેવાનાં હતાં. તેઓને નીકળતાં જરા વખત લાગ્યો કેમકે તેઓ લીલ્યન જે પોતાના બાપને મલવા તેમના ઓરડામાં ગઇ હતી તેને માટે તેઓ ખોટી થયાં હતાં, હવે તે પોતાના પુર ઠઠેરા સાથે હોલમાં આવીને ઉભી.

હેરેલ્ડનાં સુભાગ્યની વાત જો કે હજી બહાર પાડવામાં ન આવી હતી છતાં તે કાંઇ છુપી રીતે બાહાર નીકળી જવા પામી હતી અને તેથીજ હેરોલ્ડને કાને લાગી લોર્ડ રેમંડ બોલ્યો કે "બચ્ચા તું બડો નસીબવાળો! જો તે દહાડે ટાઇમસર આવી હું રોમ્યો થયો હોતે તો બચ્ચા તું રખડી રહેતે."

"હેરોલ્ડે પોતાની મેલ ફ્રાઇટીનમાં લીલ્યનની જગ્યા કીધી હતી અને તેની વાટ જોતો તે બહાર ઉભો રહ્યો હતો. લેન્ડો, લેડી મરતલ અને બીજા થોડાકને લઇને ઉપડી ચુકી હતી, અને ફ્રાઇટીનમાંના ઘોડા એવા અધીરા થઇ રહ્યા હતા કે લીલ્યન તેમાં બેસવા આવી ત્યારે તેણીને હેરોલ્ડે ઉંચકી તેણીની જગ્યા ઉપર બેસાડી.

હેરોલ્ડની ખુશાલીની ખબર આજે તમે મને પૂછતાજ ના. લીલ્યન જેવી છોકરીને પોતાની પાસે બેસાડી કયો જવાન ગાડીમાં બેસી ફરવા જવાને પોતાનો જાન નહીં આપે?

"લીલ્યન તું સુખી છે કે?" તેણે લીલ્યન ગમ જોઇને પૂછ્યું.

"સુખી ? દુનિયામાં સંપૂર્ણ સુખ કોઇને હોય કે ?" તેણીએ લ્યુસીને વળતો સવાલ પૂછયો.

"નહીં, હું નહીં ધારતો પણ તું એમ કાંય બોલેછ ?"

"હું શું બોલુંછ ? પણ ગમે તે થાય આજે તો મેં સુખી રહેવાનો ને થવાનો ઠેરાવજ કીધોછ."

"લીલ્યન તુંને સુખી કરવાને મારીથી બનતું કરસ."

"તે મારી ખાતરી છે" તે ધીમે અવાજે બોલી.

આ દરમ્યાન મીસ લુસી વોર્નર તૈયાર થઇને પેલી ગાડીઓના આવ્યાની રાહ જોતી બારીએ ઉભી હતી. આજે તેણીના મીજાસનું કાંઇ મીઝાણ બરાબર નહતું. આજે સવારની કાંઇ તે ખાઉં કરકું જેવી થઇ રહી હતી. જે ઇનસાન સહવારે ફફડતું ઉઠે તેનો કોઇ દહાડેખી શુક્રવાર થાય નહિ, તેનો આખો દહાડો રડમસ જેવો જાય એ નીશ્ચય માનવું. લુસીના બાબમાં તેમ હોવાથી તે તે દીવસે બસ કાંઇ ને કાંઇ બાહાને રડમસ થઇ ફફડિયાજ કીધી હતી. તેની મેડે તેના કીધેલા વાળ તેણીને ગમ્યા નહિ એટલે તેની સાથે તે બાઝી પડી, તેટલાં નવો સીવડાવેલો તેણીનો ડ્રેસ તૈયાર થઇને આવ્યો તે તેણીને બરાબર ફીટ થયલો લાગ્યો નહિ એટલે વળી ફફડી ચટકીને ઓરડામાં નાચવા પડી.

એમ તે બારીના કાચ ઉપર આંગળાંના ટકોરા મારતી પેલી આવતી ગાડીઓની કાગને ડોળે વાટ જોતી ઉભી હતી તેટલાં બાગનો દરવાજો ઉઘાડવાનો અવાજ તેણીને કાને આવ્યો અને તે તરફ તેણીએ ફરીને જોયું અને કોઇ તેણીને લેવા આવ્યું હોશે એમ ધારી તે બાગમાં બહાર આવી તો તેણીની નજર એક રખડતા જેવા બુઢ્ઢા પર પડી.

તે ઘર તરફ નજર કરતો ઉભો હતો અને પછી લુસીપર તેની નજર કરતાં તે લંગડાતો લંગડાતો તેણીની આંગળ આવ્યો જેને

પોતાના હાથમાં પકડેલી પેરસોલથી ત્યાંથી ચાલી જવાની ઇશારત કરતી તે બોલી–

"ચાલ જા, અહીં તુને કાંઇ નથી આપવાનું, જા અહીંથી."

"હેં, મીસ, તમે મને ઓળખ્યો નહીં?"

લુસી ચોંકી અને ફીક્કી મારી ગઇ. તેણીએ તેને હવે ઓળખ્યો તે પેલો મી. રોબર્ટ ગ્રીન હતો.

"હુ આશા રાખુંછ, મીસ, મેં તમુને બીધરાવ્યાં તો નથી? આય આવા વેષ કોઇ કોઇ વાર ધારણ કરવાની ફરજ પડેછ! એમ મી. રોબર્ટ ગ્રીનને જ્યારે ગમે ત્યારે અને જ્યાં ગમે ત્યાં ફરતાં કાંઇ પરવડે? એક બે વાત તમારી સાથે કરવા માંગુંછ મીસ, રજા છે?"

"તું આવા વેષે કાંય આયો ને તું શું માંગેછ?"

"પહેલે તો એ કે તમારે વાસ્તે કાંઇ ખબર લાયોછ."

"ખબર? શું ખબર?"

"તમે નહિ સાંભળી? ઉડલી હોલનો નોકર મારા જોન્સને ત્યાં દુધ લેવા આયો તેણે તે કેહી. મીસ લીલ્યન ઉડલી મી. હેરોલ્ડ સાથે અદરાયાં."

લુસી વોર્નરને માટે તે ખરેખરજ 'ખબર' નીવડી, કેમકે તે સાંભળીને તે હતી તે કરતાં વધુ ફીક્કી મારી ગઇ અને તેણીના હોઠ ફ્રુડવા લાગ્યા.

"ક્યારે? તેં તે ક્યારે સાંભળ્યું ને વાત ખરી છે કે?"

"બેશક, હોલમાં બધાંને તે વાતની ખબર છે, ને હું તો જાણું કે તમેબી એ વાત જાણુતાંજ હોસો."

"નહિ, મને નહિ ખબર."

"ત્યારે તો મેં તમને એ વાત જણાવી તે સારૂં થયું કેની?" તે બોલ્યો "તેઓ કાલે રાતેજ અદરાયાં; સર તેલબોટે પોતેજ એ

ચોકઠું ગોઠવ્યું, જોન્જોની હમણાં એક ગાડીમાં તે બેઉ સાથે બેસીને અહીં આવશે."

"હા, હુંબી તેઓ સાથે આજે ઉજાણી જવાની છેઉં પણ હમણાં મને શું ખાસ આય ખબર આપવાજ તમે આયા? ને હવે મી. ગ્રીન તમે અહીં થોઓ ના; તેવા ઓય અહીં આવી લાગશે, ને મારે તેઓ સાથેજ જવું જોઇએ."

"તમે તેઓ સાથે ના જાઓ, મીસ હું કેહુંછ કે અહીંજ થોભવામાં તમને લાભ છે. હું તમને તમો ધાગોછ તેમ એ ખબર કહેવાજ નથી આયો, હુંતો તમને તેઓ સાથે ઉજાણીએ જતાં અટકાવવા આયોછ. હમણાં આય સહવારેજ મને તમારૂં કામ છે."

તેનું આ બોલવું સાંભળીને લુસી ચમકી, તે માણુસને મદદ કરવાનું તેણીએ આપેલું વચન તે ભુલી તો નહીંજ ગઈ હતી, અને તે તે ભુલી જવાની તજવીજ કરતી હતી તેટલાં તેણીનાં તે વચનની આ યાદે તેણીને ચોંકાવી મારી.

"એટલે? તમે શું કહેવા માંગોછ?"

હું જે કહેવા માંગુંછ અને તમને પુછવા માંગુંછ તે એટલુંજ કે પેલા બગીચામાં તમે મને આપેલું વચન ભુલી તો નથી ગીયાં? હમણાં સુધી તો મારે કહેવું જોઇએ કે મેં તમને કશી મેહેનત આપી નથી. મારૂં કામ હમણાં સુધી તો મેં પોતેજ બજાવ્યુંછ, પણ હવે તમારી મદદ વગર મારાથી આગળ ચલાય તેમ નથી. હું સીધી સડકપર આવી લાગો છેઉં, પણ તે છતાં, મેં જે એક સળંગ સાંકળ તૈયાર કીધીછ તેમાં એકાદ બે કડી ખુટેછ, ને તે કડીઓ તમારી મદદ વગર હું મેળવી શકું તેમ નથી. જો આ લગ્ન થવા પામે એમ તમે નહીંજ ચાહતાં હોવ તો તમે મને મદદ કરો."

"કયી રીતે?"

"તમે આય ઉજાણીમાં જાવો ના, કાંઇબી બહાનું કહીને રેહી પડો. ઓરતોને બહાનું કાઢતાં ક્યાં નથી આવડતું ? માથું દુખેછ કરીને કેહો અને પછી અડઘો કલાક રેહીને પેલીજ જગ્યાપર આવો, ત્યાં તમારી હું વાટ જોવસ."

"ત્યાં તમુને આવીને હું મળું ?"

"હા, ને આવો ત્યારે મીસ ઉડલીને હાથના જે કાંઈ તમારી પાસે કાગળો હોય યા તેના અક્ષર લખેલા કાંઇક કકડા બુકલા હોય તે તમારી સાથે લેતાં આવજો."

"મારી પાસે એકાદ બે ચીઠીઓ તેના હાથની છે."

"તે ચાલશે; તમે મને નીરાશ તો નહીં કરો ?"

"તે કાગળો તમને શાને માટે જોઇયેછ ?"

"હું તમુને તે હમણાં કેહી શકતો નથી, પણ મને તેવણના હાથ દસ્કતની ઘણીજ જરૂર છે."

તેને શું જવાબ દેવો તેનો વીચાર કરતી તે જરા અચકીને ઉભી અને પછી "હું આવસ" કરીને તે બોલી, અને અંદર ચાલી ગઇ.

તે પોતાના ઓરડામાં ગઇ અને પીકનીક જવા જે તેણીએ કપડાં પહેર્યાં હતાં તે બધાં કાઢી નાંખી પોતાનાં ઘરનાં હલકાં નરમ કપડાં તેણીએ પહેરી લીધાં. પાંચ મીનીટમાં વાગનેટ આવી તેણીના દરવાજા આગળ ઉભી. તેણી પોતેજ બહાર આવી.

"કેમ મીસ વોર્નર હજી તૈયાર નહીં ?" લોર્ડ રેમંડે તેણીને પુછ્યું.

"હું દલગીર છેઉં, પણ મારીથી અવાશે નહીં, મને પાછો વળી માથાંનો દુખારો થઇ આયોછ, મને કેવું ગમતું'તું પણ શું કરૂં ?"

"બધાંઓ તેણીને બોહોસ કરવા લાગ્યાં પણ તેણીએ સૌને ઘસીને ના જ કહી.

" "મીસ ઉડલી કેમ છે ?"

"છે, સારી કાની છે, તેવણ અને હેરોલ્ડ ફ્રાઇટીનમાં ગીયાં છ." લોર્ડ રેમંડ બોલ્યો.

" મારી એને દુવા કહેજો ને કહેજો કે મારાથી નહીં અવાતું તેને વાસ્તે હું ઘણી દલગીર છેઉં, પણ તમે બધાં પેટ ભરીને મજાહ કરજો ને મારી આગલ કાલે વાત કરજો."

તેઓ બધાં દલગીરી દેખાડી ગયાં અને તેઓને તે જોતી ઉભીજ રહી.

"જોયોની ? મને મળ્યા વગર કે હું આઉંછ કે નહીં તે જાણુવાની કશીબી દરકાર કર્યા વગરજ તે ગીયો. પેલી આવ્યા અગાઉ એ એમ નહીં કરતો હતો. તેની નજરમાં આજે હવે હું કમીનીમાં કમીની છેઉં."

પ્રકરણ ૩૮ મું.

તેલબોટવાળાંઓએ પેલી રાક્ષસની છાતી પર જવાની અને તે જોઈ ત્યાંજ ઉજાણી કરવાની જે પાર્ટી ઉભી કીધી હતી, તેમાં મીસ લુસી વેર્નરને પણ તેઓએ આમેજ કીધી હતી, અને તેમનું તે ઈંજિન ખુશીથી બહાલ રાખી તે તેઓ સાથે જવા તૈયાર થઇને પોતાનાં મકાનમાંથી તે બહાર નીકળીબી ખરી, પણ અંતની ઘડીએ પેલા કોઇ મી૦ ગ્રીને આવી તેણીને તેઓ સાથે જવાનું માંડી વાળવાની તેણીને અરજ કીધી, જે અરજ કેટલીક તકરાર અને સમજાવત પછી તેણીએ કબુલ રાખી, અને જયારે તે પાર્ટી તરફથી લોર્ડ રેમંડ તેણીને તેડવા અને લેવા આવ્યો, ત્યારે તેને તેણીએ માથું દુઃખવાનું બહાનું કાઢી વાહી પટાવીને કાઢયો અને પછી પેલાજ મી૦

ગ્રીન સાથનું એપોઇન્ટમેન્ટ રાખવા તે પાછી પોતાનાં ઘરમાં મી૦ ગ્રીને માંગેલાં કાગળો લેવા દોડી ગઈ તે બધું આપણે આ પ્રકરણમાં જોઈ આવ્યાં.

ઘણું તો તે મેલાપવાળી જગ્યે મી૦ ગ્રીનને પાએક કલાક ખોટી થવું પડયું હશે તેટલાં તો તેની અરજને માન આપી—કહો કે તેનાં ફરમાનને તાબે થઈ—તે લુસી વેર્નર તેની આગલ આવી પુગી. હાલ મી૦ ગ્રીન એક ગરીબ પ્રમાણીક મજુરના ડ્રેસમાં સજ થયેલો હતો.

"મારી તો ખાતરીજ હતી કે તમે આવશો મીસ" તે પોતાની ટોપીને હાથ લગાડી બોલ્યો. "મને મારો ડ્રેસ બદલવો પડયો, કેમકે એકવાર મારા આગલા ડ્રેસમાં તમારાં માણસોએ મને અહીંથી બહાર ચાલી જવા કહેલું એટલે પાછો તેજ ડ્રેસમાં અહીં આવવાની હું હીંમતજ કેમ કરૂં ? તમે પેલાં કાગળો લાયાં ?"

"તેને તમો શું કરશો તે તમે મને નહીં કહો ?" પોતાની જેકેટમાંથી કાગળ્યાં બહાર કાઢતાં તેણીએ તેને પૂછ્યું.

"નહીં, મીસ. તે હું તમને નહીંજ કેહું તેમાંજ મારૂં ને તમારૂં ભલું છે. તેનું જો કાંઈ સારૂંજ પરિણામ તમારી વકી ઉપરાંત આવશે તો તમો તેથી જ્યાદા ખુશી થશો" તે કાગળો લેવા લાંબો હાથ કરી તે બોલ્યો "હા, બરાબર, બેંકમાં જે અક્ષરે તેણીએ પોતાનું નામ લખ્યું તેજ અક્ષર આ કાગળોમાં જણાયછ" તે બડબડયો.

"તે તમે કેમ જાણ્યું ?" તેણીએ પુછ્યું.

"મેંબી તેજ દહાડે નાની રકમનું ખાતુ ખોલ્યું ને મારી સહીને માટે મારી આગળ જેવો પેલોજ ચોપડો મુકવામાં આવ્યો કે મેં તેણીએ કીધેલી સહી ધ્યાનથી જોઈ લીધી." તે હસીને બોલ્યો.

લુસી તો આ ઉપરથી પોતાની સામે ઉભેલા તે મી૦ ગ્રીનની

કુન્હે જાણી અજબ થઈ અને મનસે જરા બીધીબી ખરી.

"હમણાંજ તેઓ મને જતાં મળ્યાં—જોડું ફાંકડું લાગેછ, મીસ, તે લોક જલદી પરણી બેસે તો હું અજબ નહીં થાઉં."

"કાંય વારૂ ?"

"તો જુવોની સર તેલબોટ 'અથાતથા' થઇ રહ્યાછ ને તેમની મરજી એ બેઉને એક કરી જલદી ઠર પાડી નાંખવાની છે, કે તેઓ બેઉને એમ સુખથી ઘેર માંડીને બેઠેલાં જોય તો તેવણ સુખે ટાકો ઘડી કરે!"

"પણ તેમ થવુંજ નહીં જોઇએ" તે બોલી ઉઠી જોકે તેણી ઉરકેરાઇને બોલી પણ પોતાનો અવાજ ઘણોજ ધીમો રાખવાની તેણીએ કાળજી કરી હતી. "તમે તો મને એમ મનાવવા માંગ્યું કે હું જો તમુને તમારાં કામમાં મદદ કરૂં તો તમે એ લગન થવા દેશોજ નહીં."

પેલાએ કાંઇક શકનું ડોકું ધુણાવ્યું અને તે બોલ્યો—

"જુવોની મેં તમુને એ આશા આપી ત્યારે હું એમ ધારતો'તો કે મારા હાથમાં બધું તૈયાર રાંધેલું આવેલું છે. હવે આવા કેસમાં બધું ચોક્કસ જોઇયે નહીં તો તે કેસ જરાવારમાં કરરરભુસ થઇ જાય. હવે મેં ઘડી કાઢેલી સાંકળમાં એકજ કડીની માત્ર ખોટી હતી તે કડીનો એક ભાગ જાણે આ કાગળોએ મને પુરો પાડયોછ, બાકીનો ભાગ મને મળે તો તમારો ને મારો બેડો પાર થાય."

"પણ ત્યારે તે તમે મેળવી નહીં શકો ?"

"નહીં, પણ તે તમારાથી મેળવાશે." તે બોલ્યો.

"તે વળી શું છે ?"

"ઘણીજ નાની ચીજ છે, અને તે મીસ ઉડલી પોતાની પાસે એક નાની ચોપડી રાખેછ તે છે. જો તે મને મળે તો પછી એ કામ ઉપર હું તરતજ મંડી જાવું."

"પછી ?"

"પછી શું ? એ નાનકડી ચોપડી જે ઉપર મારાં કામનો બધોજ આધાર છે તે મીસ ઉડલીના ડ્રેસીંગ રૂમની એક નાની કબાટમાં હંમેશ રહેછ."

"તે તમે કેમ જાણ્યું ?"

તે જરા હસ્યો અને બોલ્યો "મીસ ઉડલીની દાસી છે તો ઘણી મજેહની ને ગરીબ, પણ તે છોકરીને મોંઢે પટપટારોજ ઘણો છે. એક વખત તેની જીભને આપણે ઉપડાવી કે તે પાછી બંધ રહેવી કઠણ; વળી ઘણીક દાસીઓને ટેવ હોયછ તેમ તેબી પોતાની બાઇની બધી હીલચાલો ઉપર બારીક નજર રાખેછ ને તે ઉપરથી તે જાણેછ કે એક નાની ચોપડી જે તેની બાઇ પોતાના ડ્રેસીંગ રૂમની નાની કબાટમાં સંભાળથી સાચવીને રાખે છે તે વારેઘડીએ કાઢીને તેની બાઇ ધ્યાનથી વાંચતી બેસેછ—હવે તે ચોપડી મને જોઇએછ."

"ત્યારે તો પેલી દાસીનેજ કેહો કે તમુને લાવી આપે." લુસી તુરત બોલી ઉઠી.

"તે બનેજ નહિ. તેમ જો કરૂં તો દાસી બધું પામી જાય. બીજું, હવે આપણે બે એ કામમાં પડયાં એટલે તેમાં ત્રીજાંનું કામજ નથી. નહિ, મીસ, મારે માટે એ કામ તમેજ બજાવો, ને નહિ તો હેરોલ્ડ અને લીલ્યનને પરણીને એક થવા દેવો."

લુસી હવે વિચારમાં પડી અને એમ વિચારમાં તે થોડીક પલ નીચું જોતી ઉભીજ રહી.

"તે હું કેમ લઇ આવું ?" તેણીએ પુછયું.

"ઘણુંજ સેહેલ કામ છે" તે બોલ્યો "ને વળી બધાંજ જયારે ઉજાણીએ ગયેલાં છે ત્યારે તો એ કામ પાર પાડવામાં મુશ્કેલ

કશુંજ નથી, કેમકે સર તેલબોટ તો પોતાના ઓરડામાંથી બહાર નીકળતાજ નથી."

"તમે શું એમ કહેવા માંગોછ કે તે હું ચોરી લાઉં?"

"છટ, છટ, તે એવી તે શું કીંમતી ચીજ છે? એ ફક્ત આપણને પુરાવા દાખલ જોઇયે છે, અને અમો કાયદાના ધંધાવાલાઓ એ કામને ચોરી તરીકે લેખતાજ નથી. લે વેકો મીસ, આપણા વચ્ચેનું સાટું તમને યાદ છે કેની? હવે તમારીથી પાછા પગ કરાય તેમ નથી. હા, જો પેલાં બેને એક કરી કરાવી આપવાની તમારી મરજીજ હોય—તમે આતુરજ હોવ તો ગમે તો પાછાં હઠો."

"પણ તે મારે લાવવીજ કેમ?" શરમથી લાલ થઇ તે બોલી.

આ સાંભળી મી૦ ગ્રીનની આંખો ખુશાલીથી ચમકી રહી, કેમકે તેને ખાત્રીજ હતી કે લુસી આ કામ કરવા ધસીને નાજ કહેશે.

"જુવો, તેબી હું તમને બતાઉં. હમણાં પેલો જે તમુને તેડવા આયો તેને તમે માથું દુખવાનું બ્હાનું કાઢીને ઉડાવ્યો નહિ? હવે એ માથાનું દરદ કાંઇ કાયમ રહેતું નથી, તે તો ઘડીકમાં ઉભરી આવે ને ઘડીકમાં નરમ પડી જાય, અને તેથી જાણે હમણાં તમારૂં માથું નરમ પડી ગીયું અને તમને એકલું નહિ સોહોવાવાને લીધે, બીચારા સર તેલબોટતીબી એકાંત હાલત ઉપર દયા કરીને તમે તેવણને મળવા જાઓછ—એમ એક વાર ઉડલી હોલમાં તમે પેઠાં પછી—પછી પણ બેઅદબી માફ છે, પછી તમારે શું કરવું તે જો હું તમને વીસ્તારીને સમજાઉં તો સારી દુનિયાની બાનુઓની સમજ શક્તિને ઉતારી પાંડી તેનું અપમાન કીધા બરાબર ગણાય."

"નહિ, તે મારીથી બની શકવાનું નથી" તે બોલી.

તેણીનો આ જવાબ સાંભળીને મી૦ ગ્રીન નમ્યો અને પેલાં

તેણીએ તેને હવાલે કીધેલાં કાગળો તેણીને પાછાં આપવા હાથ લાંબો કરી તે બોલ્યો.—

"લેવો ત્યારે આય કાગળો પાછાં, મારે એ કેસ હાથ ધરવોજ નથી, પછી જે થવાનું હોય તે થાય અને મને કહેવા દેવો કે હેરોલ્ડ અને મીસ ઉડલીને એમ પરણીને એક થતાં તમો નચીંતે જોતાં ઉભા રહેશો તો એક મોટામાં મોટા ગેરઇન્સાફ તરફ તમે આંખ વીંચામણાં કીધેલાં કહેવાશે. મીસ ઉડલી જ્યારે લેડી ઉડલી થઇને–"

"થોભો, થોભો" લુસી ઉશ્કેરાઇને બોલી "તે ચોપડી હું લાવસ, પણ તે એકજ શરતે કે હવે કાંઈ વધુ કામ તમારે મને સોંપવું નહિ. મેં અટેરૂં કીધુંછ ને એ કામમાં મારે પહેલેથીજ પડવું નહિ હતું, ને મને તમે એ કામમાં ખેંચવીજ નહિ હતી. અલબત, એ બાબતમાં મારી લાગણી શું છે તે તમો તો નહિજ સમજી શકો પણ—"

"હું તે બરાબર સમજી શકુંછ ને તમારો ઉપકાર માનુંછ. એટલું તો હું તમને કહી શકું કે—તમે જે કાંઈ મારે માટે કરશો તેનો તમને કોઇબી દહાડે પસ્તાવો થનાર નથી. બસ, હું વધારે કાંઇજ કહેતો નથી."

"તમુને તે ચોપડી કયારે જોઇએછ ?"

"આજે કોઈબી વખતે. હું આસપાસ કેથે અહીં, નહિ તો પેલી ગલીમાં તમે પાછાં આવશો ત્યાં સુધી થોબસ. તમુને તે ચોપડી મળે ને તમે તે લઇ આવેલાં હોવ તો તમે તમારા ઓરડામાં જઈ પેલી બારી બંધ કરજો એટલે હું અહીં આયજ જગ્યે આવીને ઉભો રહેવસ. જો બારી ઉઘાડીજ હું જોવસ તો હું જાણુસ કે તે ચોપડી તમે મેળવી નથી શકયાં" એમ બોલી તેણે વિચીત્ર દેખાવની કુંચીઓનો એક ઝુમખો બહાર કાઢયો અને તેણીને તે આપ્યો.

"એ શું ?" તેણીએ તે ઝુમખો લેતાં પુછ્યું.

"એ કુંચીઓનાં હાડકાં પાંસળાં; એમાંની એકુથી પેલી કબાટ જરૂર ઉઘડશે."

જે કામ કરવાનું તે હાલ માથે લેતી હતી તે નજીસ કામથી તેણી લજવાઇ તે છતાં પોતાના અંતઃકરણના અવાજની ઉપવારી થઇ તે કુંચીઓનો ઝુમખો તેણીએ પોતાનાં ગજવામાં મેલ્યો.

મી૦ ગ્રીન ઘણો સ્યાણો હતો, અને ઓરતોના વખત વખતના વિચારોનો તેને અનુભવ હોવાથી રખે તે છોકરીનો વિચાર વળી પાછો ફરી જાય એમ બ્હીને તેણે ત્યાંથી ચાલતી પકડવાનું દુરસ્ત ધાર્યું.

"એ કામમાં કાંઇજ દમ નથી મીસ, આય એક સીગાર હું ફુંકી રહેવસ તેટલાંમાં તમો અહીં આવી લાગશો." તે હસીને બોલ્યો અને પછી ટોપી ઉતારી તેણીને નમન કરી તે ચાલતો થયો અને જરા વારમાં ત્યાં આસપાસની ઝાડીઓમાં તે ગુમ થઇ ગયો.

પ્રકરણ ૩૯ મું.

અદેખાઇના આવેશમાં આવેલું ઇનશાન શું નથી કરતું ? એકને પૈસા મળ્યા તો બીજાનું શું નખોદ વળી ગયું ? એકને ઇજત મળી તો બીજાને શું ખોટું થયું ? એકને પ્યાર મળ્યો—તેનો પ્યારો મળ્યો—ચાંદને તારો મળ્યો તો બીજાનું શું સત્યાનાશ થઇ ગયું ?

હેરોલ્ડ લીલ્યનનો થાય તેની આગે લુસીમાં જો અદેખાઇનો આતશ નહીં જલાવ્યો હતે તો લુસી એક હીરા જેવી છોકરી હતી. હાલ તે મગજથી બે મગજ થઈ સ્યાણુપણાને છેલ્લી સલામ કરી ચુકી હતી.

તે પોતાના ઓરડામાં ગઇ અને વીચારમાં ને વીચારમાં તે ઓરડામાં તેણીએ કાંઇક અસંખ્ય ફેરા ખાધા, પણ કશા નક્કી ઠેરાવ પર

તે કમઅક્કલ છોકરી આવી શકી નહીં અને અંતે કલાકેક એમ ફાંફાં મારી તે તૈયાર થઇને નીચે ઉતરી અને ઉડલી હોલ તરફ તેણીએ ચાલુ મુક્યું. પેલાએ સોંપેલું આ ગમે તેવું નજીસ કામ કીધા સીવાય તેણીનો છુટક ન હતો, કેમકે તેની સાથનો તેણીનો સંબંધ એટલો આગળ વધી ગયો હતો કે જો આ કામ તેણી કરવા ના કહી તેનીથી છૂટી પડે તો તેની સાથનો તેણીનો આગલો મેલાપ, તેને મદદ કરવાની તેણીએ બતાવેલી ખુશી, અને તેણીએ તેને હમ-ણાંજ હવાલે કીધેલાં કાગળ્યાંઓની વાત તે જાહેર કરી દઈ તેણીને ફસાવે. હમણાં આય ઘડીએ જ્યારે તે એક નીચ કામ કરવાના ઇરા-દાથી હોલ તરફ જતી હતી ત્યારે લીલ્યન હેરોલ્ડનાં પાસામાં ભરાઇ કેવી મઝા કરતી હશે. તે ખ્યાલ તેણીને દીલ અને મગજથી દેવાની બનાવવાને પુરતો હતો.

"એને કદીબી લેડી ઉડલી થવા હું દેનાર નથી" તે બડબડી "કદી નહીં!"

તે લેવાયલી લુટાયલી જેવી હોલમાં જ્યારે આવી પુગી ત્યારે સર તેલબોટ લાઇબ્રેરીવાળા રૂમમાં હતા. તેણી ત્યાં આવી પુગવાની ખબર તેણીએ કોઇ માણસ પાસે તેવણને કહેવડાવી અને તેવણે તુરત તેણીને પોતાની આગળ બોલાવી હેતથી આદરમાન આપી પોતાની આગળ બેસાડી.

"કેમ, દીકરી, તું પેલાંઓ સાથે નહીં ગઇ?"

તેણીએ તેવણ આગળબી 'મારૂં તે વખતે માથું ચઢી આવ્યું હતું' એમ કહ્યું 'પણ હવે જરા નરમ પડવાથી તમેબી એકલા હોસો કરીને તમુને જરા મળવા આવી,' એમ તેણીએ ઉમેર્યું.

અલબત્ તે ભોળા બુઢ્ઢાજીએ તેણીનો તેવણ તરફની એ લાગણી માટે ઉપકાર માન્યો અને એક નોકરને માટે ચંગ મારી તે જવો

આવ્યો કે તેની પાસે ઉંચામાં ઉંચા પોર્ટવાઇનની બાટલી મંગાવી.

"પોર્ટવાઇન જરા લે, માથાંના દુઃખારા પર એના જેવો બીજો ઇલાજ નથી."

તેણી પોર્ટવાઇન 'સીપ' કરતી બેઠી, જે દરમ્યાન અલબત લીલ્યનને માટેનો તે બુઢ્ઢાજીનો પટપટારો તેણીને ફરજ્યાત સાંભળવો પડયો, અને તેવણુ જે કાંઇ લીલ્યનની સીફતમાં બોલતા તેના ટેકામાં તેણીને ફરજ્યાત વળી હુંકારોબી પુરવો પડતો હતો!

"દીકરી તમો બેઉ વચ્ચે આટલું સારૂં જોઇને હું ઘણો રાજી છેઉં. તમો બેઉ વચ્ચે કશોજ અંતર નથી તેથી મને એક ખાનગી વાત તુંને પહેલાં કહેવાની લાલચ થાયછ; લીલ્યનને હેરોલ્ડ અદરાઇ ચુકાંછ ને હવે તેઓ થોડુંકમાં પરણીને એક થશે."

"વ્હાલા સર તેલબોટ" તે બોલી, પણ કયી જબાને એ બોલી તે મને ખબર નથી "એ સાંભળી હું ઘણીજ ખુશી છેઉં ને ચાહુંછ કે તે વહાલાં એક થઇ લાંબી સુખી જીંદગી ગુજારે!"

"ખુદા કરેને તારી દુઆ આમીન થાય દીકરી" તેવણુ બોલ્યા "બધી રીતે એ બંધબેસ્તુ જોડું છે. હેરોલ્ડને મારો બેરોનેટનો ખેતાબ મળશે, પૈસા કશાજ નહીં ને લીલ્યનને મારી તમામ દોલત મળશે, જે આયંદે આ લગ્નથી હેરોલ્ડનીજ થશે. હું મારી આવકનાં પ્રમાણમાં ઘણોજ કરકસરથી રહેતો હતો ને લોક મને કંગાલ કંજુસને નામે ઓળખતાં અને બોલાવતાં હતાં, પણ તે વખતે મને થોડીજ ખબર હતી કે હું તે બધું આય વખતને વાસ્તે એકઠું કરતો હતો."

લુસીને તો આય બધું સાંભળી પેટમાં એવો ડોહોવારો ચુંથારો હતો કે તે દુઃખને મારે તેણીનો ચ્હેરો ઉજળો વાખ જેવો થઇ ગયો હતો અને રખે તે ચ્હેરાનો ફીકાસ તેના ઉપર પડતા બત્તીના

ઉજાસથી સર તેલબોટની નજરે આવે કરીને તેણી પોતાની ખુરશી જરા ઓજપમાં લઇને બેઠી.

"ચાલો, હવે હું રજા લેઉંછ, સર તેલબોટ" તેણી હવે જવા ઉઠી, કેમકે જે કામે તેણી આવી હતી તે કામ પુરૂં કરવાની તેણીને ચટપટ થતી હતી.

"એટલી વારમાં? વારૂ ચાલ, આટલો વારબી મારી આગલ જરા આવીને બેઠી તો મારૂં મન વેરાયું; એક બીજું ગ્લાસ વાઇન લેની?"

"નહીંજી થેંક્યુ, પણ સર તેલબોટ, લીલ્યનનેબી એમ ઘડી ઘડી માથું દુખવાની આદત છેની?"

"હેં! ખરેખર? મને ખબર નથી, ને એ મારી આગળ કોઇ દહાડે બોલીબી નથી. ને તેમ હોય તો મારી આગલ એ બોલી કેમ નહીં? એને ઘણીજ ખરાબ ટેવ છે કે મારી આગળ કશી વાતની ફર્યાદજ એ કરતી નથી. હવે મારીથી શાનું શરમાવાનું? ચેડી છોકરી!"

"આપણાંમાંનાં કેટલાંકોની માફક એને કાંગલી કુંગળી થતાં આવડતું નથી." લુસી બોલી "પણ મારી આગળ તેનીથી એક વખત બોલાઇ ગયું તેથી મેં જાણ્યું ને તેથીજ મને માલમ પડ્યું કે જેવું માથું ચઢયું કે લીલ્યન એક જાતનું કાંઇ ટીંચર લેયછ. તે શું ટીંચર છે તે હું જાણુતે તો કેવું મજાહનું! કદાચ તેમાંનું થોડુંક મને તે બીચારી હમણાં આપતેબી!"

"અલબત આપતે, નહીં કાંય? પણ ઉભી રહેની, તેમ કાંઇ હોશેતો તેના ઓરડામાંજ તે હોશે, એની દાસીને તેડીને તે મંગાઉં?"

"નહીં, નહીં" કહીને લુસીએ ઝટ નાં કહી "એટલાંને વાસ્તે બીચારી તે છોકરીને બોલાવી તસ્દી આપવી. આજે એની બાઇ

અહીં નથી, ને જરા નચીંતે બેઠી હોસે. હુંજ જરા જઇને જોઉં ને તેવી કાંઇ શીશી હોય તો લઈ આવું ? લીલ્યન કાંઇ ગુસ્સે તો નહીં થાય ? "

" જરાબી નહિ, જા દીકરી સુખે જા ને જો તુને તે નહિજ મળશે તો પછી આપણે તે દાસીને પુછશું; હોસે તો કબાટ પરજ કુયે હોસે, કાંઇ બંધ તો નહિ હોય; તું લીલ્યનનો ઓરડો જાણેછ કેની ? "

" હા, પણ તમારી ખાતરી છે કે લીલ્યન છેડાય તો નહિ " તેણીએ મોં હસ્તું રાખી પુછયું.

" નહિ રે, મેં તુને કહ્યું કેની ? જા " સર તેલબોટે તેને ખાતરી આપી અને લુસી ધડકતે હૈયે દાદર ચઢી લીલ્યનના ઓરડામાં ગઇ.

તેણીને ઉપર જતાં કોઇયે જોઈ નહિ હતી અને બનવા જોગ હતું કે લીલ્યન આગળ એ વાત કરવાની સર તેલબોટને યાદબી નહિ રહેશે એમ તેણીએ ધાર્યું, તેથી તેણીએ મનસે માની લીધું કે તેણીને એ કામમાં ગોયા કુદરતની મદદ હતી.

ઓરડામાં દાખલ થતાંજ તેણીની નજર સામે લીલ્યનની કેબીનેટ પર પડી. તે ઘણી શોભીતી હતી અને તેને ત્રણ ખાનાં હતાં.

ધ્રુજતે હાથે તેણીએ ઉપરનું ખાનું ખેંચ્યું જે તુરત બહાર ખેંચાઇ આવ્યું, પણ તેમાં વેપારીઓના આંકડા અને નજીવાં કાગળો સિવાય કશું નહતું. બીજું ખાનું પણ અલગુંજ અને ખાલી હતું. ત્રીજાંને કળ હતી. લુસી વોર્નર જરા અચકીને ઉભી, પણ પછી તુરતજ પેલા મી. ઓીને તેણીને આપેલો કુંચીનો ઝુમખો કાઢી તેમાંની એક પછી એક કુંચી તેને લગાડી અને તેમ કરતાં એક કુંચીએ કળ 'કત'- કરીને બોલી અને તે ખાનું તેણીએ ખેંચી જોતાં તે જોરથી બહાર ખેંચાઇ આવ્યું અને તેમાંથી ચળકતું જેવું કાંઇ બહાર નીકળી નીચે પડયું જે તેણીએ લીધું અને જોયું તો પત-

રાંનો તે ખોટો તારો હતો, જેવો તારો સ્ટેજ ઉપર પાર્ટ કરનારીઓ પોતાના વાળમાં ખોસે છે. તે ખાનું હવે તેણીએ ખોળીને જોયું તો કેટલાંક બીજાં કાગળ્યાંઓની નીચે ચાંમડાંની નાની પોકેટબુક તેણીને દેખાઈ તે તેણીએ લીધી, પણ મી. ગ્રીનને જોઇતી કોઇ બીજીજ ચોપડી હોશે કરીને તે આખું ખાનું તેણી જોઇ વળી ને જ્યારે બીજી કોઇ ચોપડી તેણીને નહીંજ મળી ત્યારે પેલીજ ચોપડી તેણીએ પોતાનાં ગજવામાં સેરવી દીધી અને ખાનું પાછું બંધ કરી તે નીચે ઉતરી પડી.

જેમ તેણીને ઉપર જતાં કોઇએ જોઈ નહિ હતી તેમ તે નીચે ઉતરી તે વખતેબી ત્યાં કોઇ નહતું, અને જ્યાં સર તેલબોટ હતા ત્યાં તે આવી લાગતાં તેવણની આંખ લાગેલી જોઇ હળવેથી તે બારણું પાછું બંધ કરી તે ત્યાંથી નીકળી રસ્તે પડી.

પ્રકરણ ૪૦ મું.

તે કમઅક્કલ છોકરી એક કમસીલ ચોરની અદાથી લીલ્યનની પોકેટબુક પોતાની જેકેટની અંદર છાતી આગળ છુપાવીને ઉડલી હોલમાંથી બહાર પડી અને ઝડપથી પોતાને મકાને પહોંચી જઇ પોતાના રૂમમાં ભરાઇ બેઠી. એવાંઓનું અંતઃકરણ મોકળું હોયજ ક્યાંથી? અને તેથી હોલમાંથી તેના પોતાનાં મકાન સુધી આવતાં તે તરેહવાર ધખારાઓથી બીધી, ઘડીમાં પછવાડેથી તેને 'સીટ સીટ' કરીને કોઇ બોલાવતું હોય તેમ તે ચોંકીને પાછું ફરીને જોતી તો કોઇ વાર "તુ ક્યાં જાયછ?" એવો અવાજ તેણીને કાને પડતાં તે ચોંકતી અને આસપાસ ફરીને જોતી. એ બધા અવાજોમાં ખરાપણું કશું હતુંજ નહિ. પણ એ બધા એક ચોર—કાચા ચોરનાં મગજના ધુખારા માત્ર હતા.

પોતાના ઓરડામાં જઇ તે હવે જરા શાંત થઇ અને પેલી નાની ચોપડી તેની છુપી જગ્યાએથી તેણીએ ખેંચી કાઢી. તે ઘણા પાતળાં કાગળની એક ચોપડી હતી જેને પાને પાને કાંઇ ઠીચો ઠીચ લખેલું હતું અને પહેલાં પાનાંપર "મારી જીંદગીની કાહાણી" એમ સારા અને ઠરેલા અક્ષરે શરૂઆત કરેલી હતી.

તેણીની જીજ્ઞાસા હવે ઉશ્કેરાઇ અને પોતાના તે ઓરડાના એક ખુણામાં ખુરસી ખેંચી તેમાં તે ઢગલો વળી જઇને બેઠી અને તે ચોપડી તેણીએ પહેલે પાનેથી આખેરી સુધી વાંચી. તે વાંચીને વાંચીનેજ ઉલટી તેણીની ગુંચવણ અને મુંઝવણમાં બેવડો ત્રેવડો વધારો થઈ ગયો. તે કોઇ લીલ્યન લી નામની છોકરીની કહાણી હતી અને લુસી જાણતી હતી કે લેડી ઉડલી અમેરીકામાં 'લી' ની અટકેજ ગઈ હતી અને ત્યાં રહી હતી. એ ચોપડીમાં ત્યારે ભેદ કે ગુન્હા કશોજ નહતો. તેનાં પહેલાંથી છેલ્લાં પાનાં સુધીમાં નવું કે જાણવાજોગ કશુંએ તેણીને માલમ પડયું નહિ. એક મા જે પોતાની જવાન બેટી સાથે ગામે ગામ અને શહેરે શહેર ભટકતી હતી તેનો એક સાદો અને સુતરો અહેવાલ તેમાં હતો, માત્ર એટલું હતું કે તે મા–દીકરી બન્ને જન જાણે તેઓની પુંઠે કાઈ લાગવાને લીધે એક ઠેકાણે ઠર પડવાને બદલે એક જગ્યેથી બીજે જગ્યે દોડતાં રહ્યાં હતાં તેમાં એવું કશુંજ ન હતું કે જે ઉપરથી માલમ પડે કે તે નોંધોની લખનાર પોતાનાં ખરાં નામથી વાકેફ હતી અને તે પોતે સર તેલબોટ ઉડલીની છોકરી હતી એમ તે જાણતી હતી. લુસીને વળી વધારે નીરાશી મળી તે એમ કે તેમાં સ્ટેજ કે નાટકને લગતો એકબી હરફ ન હતો, કે ના એવો કશો ઇશારો તેમાં હતો કે જેથી તે લખનાર છોકરીનો સંબંધ સ્ટેજ કે નાટકની સાથે વાંચનારને જોડવાનો બનીબી આવે.

લુસી ત્યારે હવે તે ચોપડીને પોતાના બે હાંથમાં ચપ્પટ પૂક-ડીને વીચારમાં બેઠી, તેણીએ તે ચોપડીમાં તો કાંઇક ગુનાહ, કાંઇક પાપની નોંધ વાંચવાની વકી રાખી હતી. કાંઇજ નહીં તો લીલ્યન ઉડલી પોતાની અમેરીકન જીંદગીમાં એક નાટકકાર હતી તેને લગતી કાંઇક વીગત વાંચવાની તેણીએ તો ખાતરીજ રાખી હતી; ત્યારે તેથી ઉલટુંજ એ ચોપડીમાં તો જે હતું તે બધું લીલ્યન ઉડલીની તરફેણમાં જતુ હતું અને જે હતું તે એવું હતું કે જે વાંચ્યાથી લોક ઉલટું તેણીની તરફ દયા, માયા અને દીલસોજીની લાગણીથી ખેંચાય. તેમાં જે લેડી ઉડલીની ગામેગામની નાહાસભાગ હતી તેતો સર તેલ-બોટ ઉડલીએ તેણીની ઉપર કીનો લેવા માટે જે મક્કમ પુઠ પકડી હતી તેની પુરવારી આપતી હતી. અને લુસી વોર્નર જો કે હવે લીલ્યન ઉડલીનાં લોહીની તરસી બની હતી તે છતાં તેણીને કબુલ કર્યાં વગર ચાલ્યુંજ નહીં કે તે નાનકડી ચોપડી લીલ્યન ઉડલીની જીંદગી તમામ નિષ્કલંક અને નિર્દોષજ હોવાની સાએતી આપતી હતી.

તે રોજીંદી નોંધપોથી—જો તે ચોપડીને તે નામે ઓળખીએ તો તે—લેડી ઉડલીનાં મરણ સુધીનીજ હતી અને તે ઉપરથી એમ અનુ-માન કરી શકાય કે લેડી ઉડલી પોતાની બેટીને પોતાનાં ખરાં નામથી વાકેફ કીધા વગરજ ગુજર પામી હોવી જોઇએ કે જે પછી તેણીની દીકરી તે ખરાં નામનાં અજ્ઞાનપણાંમાંજ સેન ફ્રાન્સીસ્કો ગઈ હોવી જોઇએ. સેન ફ્રાન્સીસ્કોની તે ચોપડીમાં કશી નોંધ ન હોવાથી લુસીએ જાણ્યું કે સેન ફ્રાન્સીસ્કોમાં તેવી નોંધ કરવાનું તેણીને કારણ મળ્યું હોવું ન જોઇએ. તેમ જો હોય તો તે કુદરતીજ હતું, કેમકે તે પછી તુરત લીલ્યન લી—લીલ્યન ઉડલી તરીકે ઈંગ્લાંડ• આવવા ઉપડી અને તેથી જ્યાદા નોંધ કરવાનું તેણીએ જરૂરનું નહીં વીચાર્યું હોવું જોઇએ.

હવે ત્યારે લુસીને જે સમજ નહીં પડી તે એ હતી કે પેલા

ગ્રીનને તે ચોપડીની જરૂરજ શું હતી? અને ત્યાં ગ્રીન યાદ આવી જવાથી તે તેણી તરફની પેલી બારી ઉઘાડ–બંધ રાખવાની સીગનલની વાત જોતો હશે એમ તેણીને યાદ આવી. તે ચોપડી તેણી લાવવા પામી છે એવું બતાવવા તેણીએ પોતાના ઓરડાની બારી બંધ કીધી અને પછી તે ચોપડી પાછી તેની અસલ જગ્યે સાંતી ને નીચે ઉતરી, અને મકાનની બહાર ભરાતી છુપાતી નીકળી પડી.

મી૦ ગ્રીન જે તેણીની રાહ જોતો ઉભો હતો તે હવે તેણીની આગળ આવ્યો.

"કેમ તે ચોપડી મળી?" તેણે તેણીને ઘણીજ અધીરાઇથી પૂછ્યું.

અને 'હા' કે 'ના' કશુંબી બોલ્યા વગર તેણીએ તે ચોપડી બહાર કાઢી અને તેના હાથમાં ઝટ તે જાણે અંગારનો ધગધગતો ટુકડો હોય તેમ મુકી દીધી અને તેણેબી તે તેણીના હાથમાંથી ઉતાવળે ઝુંટવી લીધી, પણ પછી પોતાની એ અધીરાઇથી તે લજવાયો હોય એમ તેણે તેણીની દરગુજર ચાહી.

"એ એટલી અગત્યની ચોપડી છે, મીસ!" તે બોલ્યો "ને મને નહિ ખાત્રી હતી કે એ કામ તમે હાર પાડશો."

લુસી આ ટીકામાં અપમાન માની શરમ અને ગુસ્સાથી લાલચોળ થઇ ગઇ અને બોલી—"મારી પાસે એ કામ કરાવવાનો તમુને હક્કજ નહિ હતો. મીસ ઉડલી એ ચોપડી ચોરાયલી જોશે તો મારા શું હાલ થશે તેનો તમે વિચાર કીધો?"

"તેનોબી મેં વિચાર કરી રાખ્યોછ, મીસ" તે બોલ્યો, "હું એટલો બધો તમે ધારોછ તેમ અવિચારો માણસ નથી ને પહેલે તો તેણીને એ ચોપડી ગયલી માલમજ નહિ પડશે ને માલમણી પડે તો તે કંઇ એટલી બેવકુફ નથી કે તેને માટે શોરબકોર કરી મુકે; તમે

ગભરાવો ના, મેં તમને ખાત્રી આપીછ કે તમારી પાસે હું એવું કામ કરાવશ નહિ કે જેથી તમે મુશ્કેલીમાં આવો. મીસ ઉડલીને તે ખ્હોવાયલીબી જણાશે તો પાછી મેળવવાની તેવણુ દરકાર કરવાનાં નથી. વારૂ હવે મને જરા એ ચોપડી જોવા દેવો."

તેણે તે ઉઘાડી અને લુસીએ જોયું કે પહેલુંજ પાનું વાંચતાં તેનો ચ્હેરો ખીલી નીકળ્યો. "બસ એજ મને જોઇતી હતી." બાદ તેણે ગજવામાંથી લુસીએ તેને આપેલાં કાગળો કાઢયાં અને એક ઠેકાણે ગોઠવાઇને બેસીને તેણે તેમાંના અક્ષરોને પેલી ચોપડીમાંના દસ્કત સાથે સરખાવ્યા.

"વાહરે કુદરત !" તે એકાયક બોલી ઉઠયો "મેં ધાર્યું'તુ તેમજ છે ! એ તેણીનું કામ."

"શું તેણીનું કામ ?" લુસીએ પુછ્યું.

મી૦ ગ્રીનનો ચ્હેરો ત્યાં પાછો ગંભીર થઇ ગયો "હમણાં તમે કાંઇ પુછતાં ના, મીસ, અને તોબી એટલું તો હું તમુને કેહી શકુંછ કે એ ચોપડી મેં ધારી તે કરતાં વધુ ઉપયોગી મને માલમ પડ છે. મારો વ્હેમ હું ખરો પડતો હવે એમાં જોઉંછ. હમણાં કેટલા વાગ્યાછ ?" પછી પોતાના ગજવામાંથી ઘડીઆળ કાઢી તે ઉપર નજર કરી તે બોલ્યો "સવા ત્રણ ! સપ્ટેમ્બર ૧૦ મીને બુધવાર. સવા ત્રણ, ત્યારે તમે તે હોલમાં બે વાગે ગયાં હશો ને અઢી વાગે તમે તે ચોપડી મેળવી હોશે. એટલું જરા મહેરબાની કરીને યાદ રાખજો."

"યાદ રાખું ? કાંય ?" તેણીએ ગભરાઇને પુછ્યું.

"ફક્ત મારી ઉપર મહેરબાની કરવા મીસ, અને કાંય કે તેની જરૂરબી છે. આય ચોપડી મીસ હું લઇ જાઉંછ" એમ બોલી તે કેવોએક કીંમતી ખજાનો સંભાળતો હોય તેમ તેણે તે સંભાળથી

ગજવામાં મુકી "તમારે ધાસ્તી નહી કરવી, એ હું સાચવીને રાખસ. તમારો હું ઘણો ઉપકારી છેઉં, હું જાણુંછ કે તમે જે બોલો તે પાળો છો."

"બસ ? હવે તમારૂં કામ થઇ રહ્યું ? તેમ હોય તો હવે— "

"હા, બરાબર હવે હું રૂખસદ લેઉંછ અને તમારે તમારાં આય કામનો કાંઇકિ સંતોષજ હાંસલ કરવો હોય તો ખાતરીથી માનજો કે લીલ્યન ઉડલી કદીબી હેરોલ્ડ ઉડલીની મોહરદાર થવાની ને બનવાની નથા. સાહેબજી મીસ" એટલું બોલી તે ત્યાંથી ગુમ થઇ ગયો.

તે પોતાની સાથે માત્ર તે ચોપડીજ નહિ પણ લુસીએ તેને આપેલાં લીલ્યનનાં કાગળોબી લેતો ગયો હતો. તેણીને તેની યાદ આવી અને તેને તેણીએ બોલાવ્યો, પણ મી. ગ્રીન એટલો ઝડપથી ચાલી ગયો કે જરાવારમાં તે તેણીની નજરેથી દેખાતો બંધ થયો.

પ્રકરણ ૪૧ મું.

જ્યારે ઉજાણીની મોજમાંથી માથું દુઃખવાનું બાહાનું કાઢીને રહી પડેલી તે છોકરી—લુસી—આ રીતનાં કોહોટાં કાવત્રાં પર મંડી ગઇ હતી ત્યારે સહેલ સુલુકે પીકનીકે સીધારેલાં તે રહેલાણીઓ શું કરતાં હતાં તે જાણુવા માંગવાનો વાંચનારનો વાજબી હક અમારીથી ના પાડી શકાવાનો નથી.

તે પાર્ટીની વાટ જોતો જેરાલ્ડ ઉભો હતો જેને તેઓએ લઇ લીધો. ડોસન સ્લેડ જે કામનું બાહાનું કાઢી ડયુકને ત્યાંથી એકાએક ચાલી ગયલો હોવાથી જેરાલ્ડને જે ચટપટ મનમાં ઉભી થઇ હતી તે સીવાય જેરાલ્ડ બીજી બધી વાતે ખુશાલ હતો.

"લીલ્યન, એનું તો હંમેશ એજ રહી ગયું" હેરોલ્ડે તેને

હાથ આપી લેન્ડોમાં બેસાડતાં તે બોલ્યો, "એ આજે અહીં ને કાલે ક્યાં—ને એક ઠેકાણે એ જડ ધાલીને રહેબી નહિ. એતો અ-મારાં નસીબ કે અમારે ત્યાં એટલોબી લાંબો વખત તે ટક્યો. તુંને લીલ્યન તેણે કાંઇ કહ્યું હોસેની?"

પણ તેજ વખતે ગાડીએ ચાલવા માંડયાથી લીલ્યને જેરાલ્ડને શું જવાબ આપ્યો તે કોઇને સંભળાયો નહિ અને શરૂઆતમાં હેરો-લ્ડને ઘોડાઓ ઉપર ધ્યાન આપવાનું હોવાથી હેરોલ્ડને જેરાલ્ડનો તે સવાલ પાછો લીલ્યનને કહી સંભળાવવાનું ધ્યાનબી રહ્યું નહીં.

હવે તેઓ હીંગહામનાં ગામડાંમાં આવી પહોંચ્યાં અને હેરોલ્ડે વીચારમાં ને વીચારમાં બધે આસપાસ નજર ફેરવીને જોયું અને તેમ કરીને જો તેણે ઇથલ નોર્થનો મીઠો ચ્હેરો જોવાની વકી રાખી હોય તો તે નીરાશજ થયો હોવો જોઇયે, કેમકે તેનું તો માથું દુ:ખતું હોવાથી તે છોકરી પોતાના ઓરડામાં તે વખતે સુતેલી હતી.

"આય મજેહનું ગામડું છે. અહીં તો હું આવીજ નથી." લીલ્યન બેઉ બાજુએ જોતાં બોલી "હેરોલ્ડ તું કોઇ કોઈ વાર આવેછ તે અહીંજ કે? અહીંજ તારી પેલી બુઢ્ઢી—કોણ જો? હા! હેસ્તર રહેચ કે?

"હા," હેરોલ્ડ જરા ચોંકીને બોલ્યો "હા, મારી મમી હેસ્તર અહીંજ રહેછ. કોઇ કોઇ વખત હું અહીં ઘોડા ઉપર આઉંછ." પણ તેટલાં તો વળી પાછું તેનું ધ્યાન ઘોડાઓ ઉપર લાગવાથી તેણે કશો વધુ ખુલાસો કીધોજ નહીં.

હવે તેઓએ સ્કારબરોનું ચઢાણ ચઢવા માંડયું અને થોડા વારમાં તેઓ હસ્તાં બોલતાં એક નાનાં પોંચખાનાં આગળ આવી પુગ્યાં જ્યાં ઘોડાઓની સંભાળ સોંપી તેઓ પાછાં બહાર નીકળ્યાં તો પેલી પેટની સુંજામા સામાંન લઈ આવેલી ડોગ કાર્ટને તેઓએ ત્યાં તેઓની

વાટ જોતી ઉભેલી જોઇ. તે પાર્ટીમાંના મરદોની એકમતીથી સાએ કુમેસ્તાની તૈયારી કરવા માંડી અને જરાવારમાં ધરાધર ઉડતા ચંપીનની બાટલીના બુચના અવાજે અને પ્લેટ તથા ચમચા કાંટાના ખણુખણાટથી તે જગ્યા ગાજી રહી.

"કેવો ખુશનુમા દાહાડો લાગેછ! ને લોર્ડ વાઇવેસુર તમે બસ મને ચંપીન નાખ્યાજ કરશો કે?" લેડી મરતલ બોલી "આય તમે ત્રીજું ગ્લાસ તો મારૂં ભર્યું. દલગીરીની વાત છે કે લુસી વેર્નર નહીં આવી!"

"ને ગરીબ બીચારો સ્લેડ" જેરાલ્ડ હેમ એન્ડ એગ્સ માંગવા લીલ્યનની આગળ પોતાની રકાબી ધરી બોલ્યો "આય બધું એને એવું ગમતે!"

"પણ એ ગીયોજ કયાં?" કવેલની ટાંગને પોતાના દાંત વચ્ચે પકડીને પીખતાં હેરોલ્ડ બોલ્યો.

"આહ! કયાં તેજ આપણે નથી જાણતાં તો! એમ તો કાંઇ કહ્યું કે મને કામ છે. સ્લેડને કામ! એ આજે મેં પહેલું જાણ્યું. લાવ લીલ્યન પેલું પઇ મને મુક ને તું તાર્તે તો ખાતીજ નહિ કે?"

ને ખરેખર તે એવી તો સરસ ઉજાણી હતી કે આ બધું લખતાં મારાં મોંઢામાં વટીક પાણી છુટેછ!

"લે ચાલો હવે રાક્ષસની છાતી પર" હેરોલ્ડ ટુવાલે હાથ નુછતાં બોલ્યો.

તે બધાંઓએ તૈયાર હોવાનું જાહેર કર્યું અને રેમંડ અને એ ચાર બાનુઓ સિવાય બધાંઓએ રાક્ષસની છાતી પર જવા ચાલુ મુકયું. અલબત તે જનારાંઓમાં જેરાલ્ડ તો હતોજ નહિ. "જો જો, સંભાળીને જજો, નહિ તો કોઇનો પગ નહિ ભાંગે" તે બોલ્યો

અને તેની આ તાકીદ જો કે તે સામાન્ય પાર્ટીને માટે હતી તોપણ તેની નજર લીલ્યન તરફજ ટાંકેલી હતી.

લીલ્યનેબી તેની ગમ જોયું અને તેને પુછ્યું—

"હુંબી તારી આગળ રેહુ ?"

જેરોલ્ડ તરફની 'હા' તેની જબાં સુધી આવી હતી પણ તેટલાં હેરોલ્ડ બોલી ઉઠયો—

"લીલ્યન, તું મારો હાથ પકડીને સંભાળીને ચાલશે તો તેમાં જોખમ કશોજ નથી." એમ બોલી તેણે લીલ્યનનો હાથ પોતાની બગલમાં લીધો અને તેઓ બધાંએ તે ઉંડું ઉતરાણ ધીરે ધીરે ઉતરવા માંડયું.

તે ઉતરાણનો રસ્તો બધાજ પહાડોના સંબંધમાં હોય છે તેવો ચકરાવાવાળો અને એટલો સાંકડો હતો કે બે આશામી જોડેજોડ ભાગ્યેજ ચાલી જઇ શકે. તે પાર્ટીમાંનાં ઘણાંક તો એકમેકની પાછળ આંધળાઓની હારની માફક પાંખડી પકડી ચાલતાં હતાં. ત્યાંના દેખાવને માટે પુછો તો તે એવો સુંદર અને સરસ હતો કે જો ફક્ત તે જોવાનીજ જીજ્ઞાસાને લીધે ગમે તેવોબી જોખમ તન ઉપર ખેંચ્યો હોય તો તે ફોકટ ગયલો નહીં કહેવાય.

"આય સાંકડા પગવાટ જેઓ પક્ષીઓનાં ઇંડાંની શોધમાં નીકળે છે તેઓએ પાડેલા છે" હેરોલ્ડ તેનું જેઓ સાંભળવા જેટલી હદમાં આગળ પાછળ ચાલતાં હતાં તેઓને સમજાવતો બોલ્યો "અને તેથી એવી પગથી ઉપર જેઓને ચાલવાનો માહવરો નહિ હોય તેઓને માટે તો તે ઘણોજ જોખમ ભરેલો અખતરો કહેવાય; આસ-પાસનાં દેખાવો જેમ નજરે પડતા જાય તેમ આગળ ને આગળ વધ્યા જવાનો ત્યાં સ્હેલ કરવા આવેલા શોખીનનો ચડસ વધતો જાય છે, અને તેણે જો હદ કરતાં જાસ્તી ફુલકાઇ કીધી તો તેનો દંડ એોહાદ

હાથ કે એક પગ ખોહીને તેને ભરપાઇ કરવો પડે છે—જુવો જુવો આય નીચે સંભાળથી કદમ મુકજો" તે બુમ પાડી ઉઠયો.

અને મોટી બુમના આકારમાંજ તેને પાછો જવાબબી મળ્યો અને જો કે લીલ્યને જાણ્યું કે તે જવાબ પેલાં આગળ ગયલાંઓ તરફનો હતો તે છતાં તે ચોંકી અને બીધેલી હરણીની અદાથી તે આસપાસ જોવા લાગી.

" કેમ તું બીહેછ કે લીલ્યન ? " હેરોલ્ડે પુછ્યું.

" નહીં પણ આય બધો દેખાવ એવો મજાનો લાગેછ; આપણે જરા ઝડપથી આગળ વધ્યે.

હવે તેઓ બંને મુંગાં મુંગાં નીચે ઉતરતાં ગયાં. લગભગ નીચે પુગતાં હેરોલ્ડ અટકીને ઉભો અને ત્યાં નજરે પડતી દરીયાની બહોળી સપાટી ઉપર પોતાનો હાથ ફેરવતો તે બોલ્યો.

" આય બધી દાણ ચોરીને લગતી હદ છે. એ જગ્યામાં ગુફાઓબી ઘણી છે જેમાં દાણ ચોરીથી માલ લઇ જનારાઓ પોતાનો માલ અહીંયાં સાંતતા હતા. એજ જગ્યા તેઓને ઘણી અનુકુળ હતી કેમકે અહીંથી પોતાની બોટ ઉતારી કોસ્ટ ગાર્ડ સર્વીસવાળાઓ આવી પુગે તેની અગાઉ તો તેઓ દરિયાને રાહે રસ્તે પડી જતા હતા, અને વહેલા ફ્રાન્સ પહોંચી જઇ તેઓની પુઠે લાગનારાઓની તેઓ હાંસી કરતા અને કરાવતા હતા. અહીંયાથી એ પછીની બોટ ઉતારી શકાય તેવી માઇલો સુધી એકે જગ્યા નથી."

લીલ્યન હેરોલ્ડ જે વધુ બોલ્યો તે ધ્યાનથી સાંભળતી ન હતી અને તેથી કશાંબી ધ્યાન વગર તેણે પૂછ્યું—

" ત્યારે તેવાઓ અહીં ભરાઇબી રહે કે ? "

" ખચીત " હેરોલ્ડ બોલ્યો " એક જન તેવી રીતે અહીં નીચાણમાં ઉતરી શક્યો અને પોતાની બોટ તેણે તૈયાર રાખી તો

તે તેમબી કરી શકે, શીવાય કે એક કરતાં વધુ બોટ હોય તો જેમ વ્હેલો તે અહીંથી સટકે તેમ બહેતર. આપણે હજી જેમ નીચાણુમાં જઇશું તેમ તુને એ વાતની બરાબર સમજ પડશે."

હવે તેઓ નીચાણુમાં છેક કીનારે આવ્યાં, અને તેઓ જે ઉંચાણુપરથી તે નીચાણુમાં ઉતરી આવ્યાં હતાં તે પર ઉંચી નજર કરી જોવા લાગ્યાં અને હેરોલ્ડે તે ઉંચાણુની કુદરતી બનાવટ લીલ્યનને બતાવી તે તરફથી બોટમાં બેઠેલો, બીજાં કોઇબી બંદરેથી સ્વાર થયલા એક કરતાં ઘણો વ્હેલો ફ્રાન્સ કેમ પહોંચી શકે તે સમજાવ્યું.

"એ આપણાવાલાંઓ ક્યાં છે?" હેરોલ્ડે આસપાસ જોયું અને તેની નજરે કોઇ નહિ દેખાવાથી બોલ્યો, "આજે તેઓ બધાં ગમતમાં આવી ગીયાંછ! આગળ વધતાં ચઢતી ભરતીનું કાંઇ ભાન તેઓ રાખે તો સારૂં."

"તમે તેઓ આગળ જાવો—હું અહીં તમે આવશો ત્યાં વેર બેસી રહેવ્સ" લીલ્યન બોલી.

"તુને અહીં છોડીને મારીથી કેમ જવાય?"

"નહીં, પણ તમે જાવો, નહિ તો કોઇને કાંઇ અકસ્માત જરૂર થશે. મેહેરબાની કરીને જાઓ."

તોપણ તે આનાકાની કરતો ત્યાં થોભ્યો પણ પછી લીલ્યન જ્યારે ઘણીજ બજીદ થઇ ત્યારે પેલાંઓની શોધમાં તે ચાલતો થયો.

લીલ્યન કેટલીક પળ સુધી દરિયા તરફ ટીકતી બેસીજ રહી અને પછી હેરોલ્ડને તેણીએ તેજ જગે બેસી રહેવાનું કહ્યું હતું તે ભુલી જઇ નીચે કીનારે ઉતરી તે ફરવા લાગી. કીનારે એકલાં ફરવામાં કાંઇ ઓરજ મજાહ છે અને જેમ જેમ આપણને તેની મોહીની લીગે છે તેમ તેમ તેની જાદુઇભરી અસર તળે આપણે વધુ અને વધુ

ખેંચાતાં જઇ આપણી નજરે પડતી નવી નવી નવાઇઓ તરફ આપણે લીન થતાં જઇયે છીયે; તેમજ લીલ્યનના બાબમાં બન્યું અને પાંચેક મીનીટ એમ બધું નવું નવું જોતી તે ફરી તેટલાં કાંઈ ઇનસાનનો કાંસવાના જેવો અવાજ તેને કાને પડયોઃ તેના એકાંત વીચારો જાણે બધા હવામાં ઉડી ગયા અને તે થંબ થઇને ઉભી પણ પછી તેટલાં એક દરીયાઇ પંખી તેણીનાં માથાંપરથી ઉડી જતાં તેણીએ તે અવાજને તેની તરફનો કાંઈ સાદ હશે એમ સમજી પાછી ત્યાં લટાર મારવા માંડી, પણ તેમ વળી બેએક વારને તે છેટે નહિ ગઈ હશે કે વળી પાછો તેજ અવાજ તેણીને કાને પડયો, અને આય વખતે તેણીએ નક્કીજ માન્યું કે તે કોઈ દુઃખી ઇનશાનનોજ હાય અફસોસથી ભરેલો અવાજ હતો.

લીલ્યન હીમતવાન છોકરી હતી અને કબસને વખતે શું કરવું, તેની તેણીને પુરતી માહીતી હતી. જ્યાંથી તે અવાજ આવેલો તેણીએ માન્યો તે તરફ એક સાંકડાં પગ વાટે પુગાતું હતું ત્યાં તે ગઇ અને તે અવાજનું કારણ તપાસવા લાગી પણ તે મેળવવા તેણીને ઘણું દુરબી જવું નહિ પડયું કેમકે તે ઉંચાણની સપાટી ઉપર બહાર અભરાઈની માફક નીકલી આવેલી એક સાંકડી કોર ઉપર આદમીના પગનો થોડોક ભાગ તેની નજરે પડયો, અને તેણીએ જાણ્યું કે ત્યાં કોઇ ઇનશાન નીરાધાર–કદાચ મુવેલું પડયું હોવું જોઇએ. ત્યાંજ બહાર નીકળી આવેલા પથ્થરને હાથે વળગીને તે પેલી અભરાઇપર ચઢી આવી અને પછી તે જેમ તેમ હાથ અને પગના ટેકા લઇ તેણીએ ચકાવો લીધો તો તેણીને માલમ પડયું કે ત્યાં તે સાંકડા પગવાટની આડે એક માણસ પડયું હતું. તે કારવંકું પડયું હતું એટલે તેણીને તેનો ચ્હેરો તુરત વેળા દેખી શકાયો નહિ, અને લીલ્યને તેને ઓળખવા ને ચ્હેરો જોવાનીબી કશી જરૂર ન હતી કેમકે

તેના પહેરવેશ પરથીજ તેણીએ જાણી લીધું કે તે ડોસન સ્લેડ હતો. તે હવે જેટલું ચઢાણુ ચઢી આવી હતી તે કેટલું બીકટ હતું, જે પેલી નીકળી આવેલી કોરપર તે પડયો હતો તે કેટલી સાંકડી હતી તે બધું ભુલી ગઇ અને તે પડેલા સ્લેડ તરફ દોડી પુગી, તેની પાસે તે ફસડાઇ પડી.

પ્રકરણ ૪૨ મું.

લીલ્યને જેવું જાણ્યું કે તે કોણુ જાણે કયારનો પડેલો આકાર ડોસન સ્લેડનો હતો કે તેની પાસે એકદમ જોખમની કશીબી દરકાર કર્યા વગર ફસડાઇ પડી; અને તેમ કરવામાં ડોસન સ્લેડ તરફની તેણીની લાગણી કરતાં તેણીનાં દીલના ડંખને કાંઇક વધારે લાગતું વળગતું હતું. ગઈ રાત્રે તેણીએ એ સુધાં બીજી વખત તેને પોતાની આગળથી જવા કહ્યું હતું—બલકે તેને હાંકી કાઢયો હતો, અને તે આપડો તેના તે હુકમાનુસાર ત્યાં પોતાનું મોત શોધતો આવ્યો હતો એમ તેણીને ઝટ લાગ્યું. એમ ઘણોવાર તેની પાસે તે ફસડાઇને પડી રહી; બાદ તેણે આંખો ઉઘાડી અને તે આંખો ઉઘડતી જોતાંજ તેણીએ તેની આગળથી ઉઠવાની કોશેશ કીધી પણુ તેણીનાં ખભાંપર પોતાનો નબળો મારી ગયલો હાથ મુકી તેણે તેણીને તેમ કરતી અટકાવી.

"નહીં, નહીં જરા થોભ" તે બોલ્યો અને તેટલું બોલતાંબી તેને કેટલુંક દુઃખ થયું હોય તેમ તેનો ચ્હેરો કુમળાયો, "એ તું છે કે? ત્યારે તો મારી આગળ તું અહીંજ રહે—નહીં! એ માત્ર સ્વપ્નુંજ હોવું જોઇએ."

હવેજ તેણીને બોલવાની શુદ્ધી આવી. "નહીં, નહીં!" તે બોલી "એ હું છેઉં—લીલ્યન! હું નથી જતી—પણુ ઓ ખુદા હું

એકલી શું કરૂં ?" તે હવે ઉછળીને ઉભી થઇ અને કીનારા તરફ લાંબી નજર કરીને જોવા લાગી.

"નહીં તું હમણાં જવાનો વીચાર ના કરતી, માત્ર એક મીનીટ થોભ ! કાંઇ નહિ તો ફક્ત એક મીનીટ મને તારી સાથે એકલો એકાંત રહેવા દે. લીલ્યન ! એ તુંજ છે કે ?"

"હા, હા, એ હુંજ છેઉં" તે બોલી "મને જવા દેવો કે હું મદદને માટે બુમો પાડું; બધાં ત્યાં નીચેજ હોસે, તમે અહીં આ-પાજ કેમ ? તમુને ઘણું વાગ્યુંછ કે ? જુવો, મને જવા દેવો !"

"નહીં, મને ઝાઝું વાગ્યું નથી, પણ તું અહીં એકલી કેમ આવી ?"

"તે હવે જાણીને શું કરવુંછ ? પણ તમે અહીં કેમ આયા ? ને આ બનાવ કેમ બન્યો ?"

"હું તારા હુકમને તાબે થયો—ડયુકને ત્યાંથી હું સવારે નીકળી પડયો. હું જાણતો'તો કે પાર્ટી સાથે તું અહીં આવશે અને ફક્ત છેલ્લીવાર તારા મ્હોડાનાં દર્શન કરવા અહીં હું આયો. મેં તુને હેરોલ્ડ સાથે આવતી જોઇ હું જરા આગળજ હતો અને મને જોઇને તું નારાજ થશે એમ સમજી હું આડો નીકળી ગીયો, જ્યાં મારો પગ સરવાથી હું અહીં પટકાઇ પડયો, લીલ્યન, તેં મને મરતો બચાવ્યો."

"ચાલો ત્યારે મને પેલાંઓને અહીં બોલાવવા જવા દેવો !" તે કાલાવાલા કરતી ઢપે બોલી.

"તેં લીલ્યન મારી જીંદગી બચાવીછ તો તે મારે માટે દુઃખ-ભરેલી ના થવા દે ! લીલ્યન, મારી આગળથી તું ના જા ! લીલ્યન તારા ચ્હેરાનો પમરાટ મારા નાક આગળ આવતાંજ હું હુશિયાર થયો ને મારી વ્હાલી લીલ્યંન—મારી પ્યારી લીલ્યન—"

"નહી, ઓ નહીં ! તુંને બધું ખબર નથી, મને જવા દે, તે લોક અહીં નીચેજ છે ને—"

"તે લોક તે કોણુ ? લીલ્યન ત્યારે તો મને અહીં પડવાજ દે—કેમકે તારા વગર જીવવું તેના કરતાં અહીંજ સબડીને મરવું લાખ દરજ્જે બહેતર છે. કસમપર તું કહેછ કે તું મને નથીજ ચાહતી ?"

"નહીં, નહીં, તારે ખાતર હું તુંને નાજ કેહુંછ પણ, હવે ઘણું અસુરૂં થઇ ગીયું હુ—હુ—"

"ઘણું અસુરૂં ? આહ ! તું હેરોલ્ડની પરણેતર થવાનું વચન આપી ચુકીછ ! જા ત્યારે—" અને ત્યાં તે કાંઇ શ્રાપ દેવા જતો હતો પણુ તે બોલ તેના ગળામાં ત્યાંજ ખુટી બેઠા અને તેનો ચ્હેરો ઉજળો વાખ થઈ જઇ તે પાછો ચટોપાટ બેશુદ્ધ થઇને પડયો.

તેને એમ જોતાંજ એક ચીચીઆરી પાડી લીલ્યન હેઠાણમાં ઉતરી ગઇ. તેણીની ચીચીઆરીના જવાબમાં પોકારો સંભળાયા અને તેણીની તરફ હેરોલ્ડ અને કેટલાંક જન દોડી આવ્યાં.

લીલ્યન એટલી ગભરાઇ ગઇ હતી કે તેઓ ત્યાં આવી લાગતાં તેણીએ સ્લેડ જ્યાં પડયો હતો ત્યાં માત્ર આંગળી કરીને બતાવી. હેરોલ્ડ સમજી ગયો કે તેઓમાંનું કોઈ ત્યાં અકસ્માત પડયું હશે એટલે તે ત્યાં દોડી ગયો અને ત્યાં પડેલા સ્લેડને જોઈ તેણે તેઓ તરફ ડોકાવીને બુમ પાડી—

"પેલી તરફ કોઇ જાવો ને એકુ બોટ હોય તો બોલાવો ને બે જન અહીં આવો."

બે ચાર જન બોટને માટે દોડયા અને બે જન ત્યાં હેરોલ્ડ આગળ ચઢી આવ્યા.

"અરે ! એતો સ્લેડ છે ! એ અહીં કેમ આયો ?" તેઓમાંનો એક બોલી ઉઠયો.

"કોણ જાણે" હેરોલ્ડ બોલ્યો "પણ આપણને હવે જે કરવાનું છે તે એકે એને અહીંથી ઉતારી લઇ જવો. કોઇ પાસે બ્રાંડીની

ફ્લાસ્ક છે કે? હા, લાવ" અને એક આપેલી તે ફ્લાસ્કમાંથી થોડોક દારૂ તેણે પેલા સ્લેડના બીડેલા હોઠોમાં જોર કરીને નાખ્યો "એ જીવેછ ને એનાં હાડકાંનેથી કાંઈ જોખમ પહોંચ્યો નથી, તેની ઘુંટી મોચવાઈછ ને માથામાં લાગુંછ, ચાલો એને નીચે બોટ તરફ લઈ જઈયે."

તેઓએ તેને ઘણીજ સાવચેતીથી ઉંચક્યો અને ધીમેથી તેને તેઓ નીચે લઇ આવ્યાં. સારાં ભાગ્યે બોટ તેઓને મળી આવી પણ બોટવાલો કોઇ હતો નહીં એટલે તે બોટમાં તેને તેઓએ સુવાડી પોતાના કોટથી તેનું આંગ ઢાંકયું.

લીલ્યન તેટલો વખત ગભરાઇને તે બધું કામ જોતી એકલી એક ઠેકાણે ઉભી હતી.

"ચાલો, હવે હલેસાં કોણ મારેછ? હું મારવા લાગતે પણ—"

તેણે લીલ્યન તરફ જોયું.

"જાવો! તમે જાવો—બોલો એની સાથે તમે જશો કેની?"

"હા, હું, જવસ" હેરોલ્ડ બોલ્યો અને બોલતાંજ બોટમાં તે પહેલો કુદી પડયો અને એક હલેસું પકડી તે બોલ્યો "જુઓ અમે લોક પેલી ગમ આવ્યેછ, તમોમાંનો જે પહેલો ઉપર જાય તેણે એક ગાડી લાવીને ત્યાં તે જગ્યે ઉભી રાખવી." એટલો હુકમ આપી જોરમાં બેએક હલેસાં માર્યાં કે તે બોટ રસ્તે પડી.

તેઓ પોતાને ધારેલે મુકામે પહોંચે તે અગાઉ જો કે સ્લેડ હુશિયાર તો થયો, તો પણ તેનો ચ્હેરો એટલો ફીક્કો મારી ગયલો હતો કે જેરાલ્ડ જેને તે અકસ્માતની ખબર પડતાંજ સ્લેડને લેવા આવેલી ગાડી સાથે ત્યાં આવ્યો હતો તે પુકારી ઉઠયો—

"સ્લેડ! એ શું? તુંને ઘણું લાગુંછ કે? એ કેમ બન્યું?"

સ્લેડને હવેજ બોલવાનું જરા જોર આવ્યું.

"મારે ખાતર મારા વ્હાલા જેરાલ્ડ તું કાંઈજ બીહી ના" તે ધીમે અવાજે બોલ્યો "એ વાંક મારો છે કેમકે ટેકરી ચઢવાની મને આદતજ નથી, તે મારૂં કામજ ન હતું ને જો કે તમારે ત્યાંથી હું સટકી ગયો તે છતાં ઉજાણીની મોજની લાલચ હું થોબાવી શક્યો નહિ ને તેથી હું અહીં તમારો બધાંનો મેળાપ કરવા ઉતરી પડયો ને તેટલાં ખરેખરજ હું ઉતરીને પડયો?"

"પણ તું અમારી રાહ જોતો થોભ્યો કેમ નહિ?" જેરાલ્ડે તેને ડોળા કકડાવી પૂછ્યું.

"બસ, હવે મને વધારે કંઇ ના પુછ, કેમકે જવાબ આપવાની મારામાં તાકાત નથી. તમે લોક મને ક્યાં લઈ જાવોછ?"

"મારે ત્યાં—ડયુકને મકાને!" જેરાલ્ડ બોલી ઉઠયો.

"નહિ, મારે ત્યાં આવવુંજ નથી. ત્યાંસુધી મારાથી ટકાવાનું નથી."

"સ્લેડ, મેં હીંગહામ એક જનને આગમજથી મોકલી તારે માટે ત્યાં રૂમ તૈયાર કરાવ્યોછ; મેં જાણ્યું કે લાંબેસુધી તુંને આ હાલતમાં નહિ લઇ જવાશે. ત્યાં મારી મમી હેસ્ટરના ચાર્જમાં તુંને આપસ ને તે તુંને વ્હેલો ટટાર કરશે."

"ઠીક છે, ત્યારે કાંઈ નહીં, તમો લોકને ઘણી તસ્દી પડે છે, તમારો હું ઉપકાર માનુંછ ને બધી છોકરીઓનેબી મેં ગભરાવી મારી!"

"પણ એટલું સારૂં કે અમારામાંથી એક જન ત્યાં હતું. સ્લેડ તુંને ખબર છે તુંને કોણે શોધી કાઢયો તે? મીસ ઉડલીએ તુંને પહેલો જોયો. તેણેજ તારી જીંદગી બચાવેલી કહેવાય. તે નહિ હોતે તો તારૂં શું થતે?"

"હા, મારી જીંદગી તેજ બીચારીએ બચાવી" સ્લેડ બડબડયો.

"મારાં કીસ્મતમાં સાહેબ શોખની કાઇ પાર્ટીજ નથી" જેરાલ્ડને કાને લાગી રેમંડ બોલ્યો "એક વખત વરસાદ નડયો'તો, એક વખત દૂધમાં મરીની ભુકી પડી ગેઇ'તી પણુ આય તો બધાંથી વધુ બુરૂં બન્યું. ગરીબ બીચારો સ્લેડ !"

ગુજરેલી એક લાશનું સરઘસ હોય તેમ કદમ કદમ ચાલીને તેઓ બધા હીંગહામ પહોંચ્યાં જ્યાં તેઓને પેલો નોકર જેને તેઓએ આગમજથી એક ડોગકાર્ટમાં મોકલી આપ્યો હતો તે મળ્યો અને તેઓને તેણે ખબર આપી કે બુઢ્ઢી હેસ્તરે સાહેબને માટે એક ઓરડો તૈયાર કરી રાખ્યો હતો, અને તે તેઓની વાટ જોતી હતી. હેરોલ્ડ હવે ચોંકયો. તેની તે બધાંઓને હેસ્તરનાં ઝુપડાંમાં લઇ જવાની મતલબ નહિ હતી, પણુ હવે તે શું કરે? અને કરવા માગતે તો હવે તે માટે ઘણું અસુરૂં થઇ ગયું હતું. તે બુઢ્ઢી તેઓને બાહાર બારણાં આગળજ મળી અને સ્લેડની હાલત જોઇ તે એટલી વીચારમાં પડી કે ઘડીભર પોતાના હેરોલ્ડ બાબાનેબી તે ભુલી ગઈ.

સ્લેડને તેને માટે તૈયાર કીધેલા રૂમમાં ઠરીઠામ કીધો અને પછી લાગ જોઇ ઈથલને માટે હેરોલ્ડે તેણીને પૂછ્યું. "એ વળી તેનોજ ઓરડો તો. તે બીચારી પાસેનાં મકાનમાં તેટલાં રહેશે, જેવી એ અકસ્માતની ખબર અહીં પ્હોંચી કે તેણેજ એ ગોઠવણુ કરી દીધી."

સ્લેડ ત્યાં ઠરીઠામ થયો કે ડાક્તરને બોલાવવાની ત્યાં ગડબડ ચાલી રહી. સ્લેડને ત્યાં છોડી બધાંઓ બહાર આવ્યાં. હેરોલ્ડ એકલોજ સ્લેડની પાસે રહ્યો.

"હેરોલ્ડ" સ્લેડ આંખ ઉઘાડી હેરોલ્ડ તરફ જોઇ ધીમે સાદે બોલ્યો "હું તુને મુબારકબાદી આપુંછ."

હેરોલ્ડ આ સાંભળી ચોંક્યો તેને સમજ ન પડી કે સ્લેડ શું બાબદમાં એમ બોલતો હતો.

"મેં—મેં આજે સ્હવારેજ તે વાત સાંભળી તુને એક લાંબી સુખી જીંદગી હું ચાહુંછ, હેરોલ્ડ એક બોલ તુને કહું તેથી તું નારાજ તો નહિ થશે ?

"નહિ, તારે ગમે તેટલું બોલ, મને કશાંનો ગુસ્સો નહિ, પણ મારા વીચાર પ્રમાણે તું વધારે નહિ બોલે તો બેહેતર."

"નહીં, બસ એકજ બોલ—હેરોલ્ડ તું એક ખજાનો પામ્યોછ તો તેને સંભાળજે. તમારા બેઉ વચ્ચે કાંઇ—કાંઇ જરાબી કાળી વાદળી જેવું ચઢી આવે તો હેરોલ્ડ અખાડા કરજે. તેની ઉપર કાંઈ આફત આવી પડે તો તેની બાજુએ મરદાંને મરદની માફક ઉભો રહી તેનો બચાવ કરજે. તુંને ગુસ્સો લાગ્યો કે ?"

"નહીં, ગુસ્સો તો નહીં પણ મારાં મનમાં કાંઇક ગુંચવણ ઉભી થઇછ."

"ઠીક છે, પણ ડાકટર ક્યાં રહ્યો ? હવે તે શું પારખવાનો છે ? તેના કરતાં મારી હાલત હું વધુ સારી રીતે જાણી શકુંછ. મારૂં ભેજું ટપકાયુંછ ને આ સાહેબજી ડાકટર" તેટલાં ડાકટર અંદર આવ્યાથી તે મુંગો રહી ગયો.

ડાકટરે તેને તપાસ્યો અને સ્લેડની પોતાની અટકળ ખરી પડી. તેનું ભેજું ટપકાયું હતું. રાત્રે તેને લવારો બકારો-શરૂ થયો અને હાથ પગ પછાડવા માંડયા અને કોઇ હીલ્ડા ફેનને પોતાની પાસે તે બોલાવવા લાગ્યો.

બુઢ્ઢી હેસ્તર ઘણી અક્કલવાળી બૈરી હતી અને તેથી જ્યારેબી તે એમ હીલ્ડા ફેનનું નામ દઈ લવારો શરૂ કરતો કે તુરત તેના ઓરડાનું બારણું તે બંધ કરી દેતી. હંમેશ તે તેજ નામ બોલતો, લીલ્યનનું નામજ તે નહિ દેતો હતો. રાત્રે એક વખત તે ઓરડાનું બંધ બારણું ઠોકીને ધીમેથી પુછ્યું કે કાંઇ કામ હોય તો તે અંદર

આવે પણ બુઢ્ઢી હેસ્તરે તેણીને તે બારણું ઢાંકેલું રાખી અંદરથી ના કહી. તેના સંબંધમાં કરવાનું હાલ તુરત કશુંજ ન હતું, અને જે કામ હતું તે ફક્ત બેસીને તેની હાલત શું વલાણુ લેયછે તે જોવાનું હતું.

તે અકસ્માતની ખબર બધે ફેલાઈ ગયાથી લોકનું ટોળું ને ટોળું તે બીમારની ખબર પુછવા આવતું હતું. જેરાલ્ડ આ બનાવથી ઘણો દુઃખી થયો હતો અને તેની તબીયત ન ચાલવા છતાં રોજ તે ત્યાં એક ફેરો મારી બુઢ્ઢી હેસ્તર સાથે કાંઇ ઘુસ ઘુસ કરતો હતો. હેરોલ્ડબી રોજ ત્યાં આવતો, ફક્ત ત્યાં નહિ આવવામાં એક મીસ લીલ્યન ઉડલી હતી, અને ઉડલી હોલમાં જે રીતની સ્લેડની આવણુ જાવણુ હતી તે તરફ જોતાં લીલ્યનની આ તરફની બેદરકારી સૌને અજબ કરનારી હતી. લુસી તે અઠવાડીયામાં બે વખત ત્યાં આવી ગઇ હતી અને તે બેઉ વખત બુઢ્ઢી હેસ્તર સાથે તેણી વાતમાં ઘણો વખત રોકાઇ હતી. તે કાંઇ સ્લેડ તરફની લાગણીને લીધે નહીં પણ એ બનાવ કેમ બન્યો અને તે સાથે લીલ્યનને કેટલું લાગતું વળગતું હતું તે જાણવાનાં તેણી ફાંફાં મારતી હતી, પણ બુઢ્ઢી હેસ્તર ખંધી હતી એટલે જરૂર જોગીજ વાત તેણી લુસી કે કોઇનીબી સાથે કરતી.

સર તેલબોટ નબળી દેહને લીધે જો કે આવતા નહતા, છતાં રોજ તે બીમારને માટે ફ્રુટની એક બાસ્કેટ તેમણુ તરફથી આવતી, પણ લીલી દ્રાખ અને વટાણા વચ્ચેનો તફાવત પારખવા અને જાણવા જેટલીબી શુદ્ધિ હાલ સ્લેડને નહીં હતી.

એમને એમ એક અઠવાડિયું ઉપર પસાર થઇ ગયું તો પણ સ્લેડને થયલા અકસ્માતની વાત અને તેને લગતી ખુખર હજી તો જેમની તેમ હતી તેટલાં વળી એક નવીન ચર્ચાએ તે ગામને હલ-અલાવી મેલ્યું. હેરોલ્ડ અને લીલ્યનના અદરાવાની વાતે કાંઇ ઘણી

લોકચર્ચાને જન્મ ન આપ્યો હતો, મગર, હવે તેઓનાં લગ્ન ઘણાં નજીકનાં ભવીષ્યમાં થનાર છે એ ખબર તડકાના તપોતાથી સુકાંસટ મારી ગયલાં જંગલમાં જે સ્હેલાઇથી આગ સળગી ઉઠી ફેલાઇ જાય તેજ ઝડપથી બધે બધ પંથરાઈ ગઇ. એ ખબરમાં કેટલી સચ્ચાઇ છે તે જાણવા અને તે બાબે પોતાની પતીજ કરવા જેરાલ્ડને કાને એ વાત આવતાંજ તે પોતે હોલ તરફ દોડી પહોંચ્યો. ઉડલી હોલમાં પહોંચતાંજ જેવી તેની નજર હેરોલ્ડપર પડી કે તેનું માથું ઠણક્યું.

"જ્યારે તે આજે ખુશીથી ફુલી ફાલી જવો જોઇયે ત્યારે આજે એ ઘુવડ જેવો કેમ?" તેણે મનસે વીચાર્યું.

"અલો જેરાલ્ડ તું ક્યાંથી કુદી પડયો?" તેની ગાડી કમ્પાઉંડમાં દાખલ થતાંજ તેને જોઈ હેરોલ્ડ બોલ્યો.

"હું સીધો હીંગહામથી આયો હેરોલ્ડ, હું બાપડા સ્લેડની ખબર પુછવા ત્યાં ગયો'તો."

"ને એ હમણાં કેમ છે?" હેરોલ્ડે પૂછ્યું.

"એ લોક તો કહે છે કે જરા બેટર છે; મને તો એ લોકે અંદર જવાજ નહીં દીધો. ડાક્તર સીવાય કોઇને અંદર જવા દેવામાં આવતું નથી. ગરીબ બીચારો! પણ હેરોલ્ડ આય વાત ખરી કે?"

"કયી વાત ખરી?"

"કે તું અને લીલ્યન હવે જલ્દી પરણવાના છેઓ?"

"હા, જેરાલ્ડ ખરી વાત."

"હું ઘણો ખુશી છેઉં હેરોલ્ડ, તું કેટલો સુખી થયલો હોવો જોઇએ? ને તેમ તું હોસેજ—લીલ્યન ઘેરમાં છે કે?"

"હા, તુંજ તેની આગળ જઇને પુછ કે તે પોતે સુખી છે કે?"

"તે પુછવાનું કાંઈ કામ નહીં. તે તો હું તેના ચ્હેરાપરથી પારખી કહીશ."

"જો, આગલા ઓરડામાં હોશે-હમણાં તો ત્યાંજ તે હતી. જા, અને મળીને આવ તેટલાં મારી આય સીગાર હું પુરી કરૂંછ."

હેરોલ્ડે જેરાલ્ડને માટે તે ઓરડાનું બારણું ઉઘાડયું અને જેરાલ્ડ અંદર ગયો. તે રૂમમાં ફક્ત એક કે બેજ મીણબત્તી સળગાવેલી હોવાથી બાહારથી એકદમ અંદર આવનારને તે ઓરડામાં બધું એક નજરે દેખાય તેટલો ઉજાસ તે ઓરડામાં ન હતો, અને તેથીજ તેને અંદર આવતો જોઇ લીલ્યન પોતેજ તેની આગળ દોડી આવી. "એ તું છે કે જેરાલ્ડ? મને બરાબર આય અંધારામાં દેખાતું નથી. ઉભો રહે બીજી વધારે મીણબત્તી મંગાઉં."

નહિ લીલ્યન મને ઝાઝો ઉજાસ ગમતો નથી. આટલી બત્તી મને બસ-ફક્ત એટલુંજ કે તારો ચ્હેરો હું બરાબર જોઈ શકતો નથી."

તે હસી પણ તે હસવાનો અવાજ એવો કઠોર હતો કે જેરાલ્ડનાં મોંહનો તો રંગજ ઉડી ગયો અને તેને તેણીએ આપેલો હાથ પકડી તે બેસી રહ્યો.

"તમે પપાને મળ્યા કે?"

"નહિ હું હમણાંજ આયો ને સીધો તુનેજ મળવા આયો. હાલ એવણુને કેમ છે? જરા ઠીક છે કેની?"

"નહિ. એવણુ થાકેલા ને નબળા ઘણા પડી ગયલા લાગેછ."

"વરસબી થયાં કેની લીલ્યન" જેરાલ્ડ બોલ્યો. બાદ બીજી ત્રીજી વાત કરી જેરાલ્ડ હવે પોતે જે મતલબસર ત્યાં આવ્યો હતો તે ઉપર આવ્યો.

"લીલ્યન, તું ને હેરોલ્ડ જલદી પરણીને એક થનાર છેઓ એ ખરી વાત?"

"હા, ખરી વાત; પપાની તેમ મરજી છે ને હવે આવા વખતે તો એવણુની મરજી એક હુકમ સમાન ગણાવી જોઇયે."

જેરાલ્ડે તેણીની તરફ ટગર ટગર જોયા કીધું. તેને લાગ્યું કે તેણીનો અવાજ અને ચ્હેરાપરનો રંગ થોડુંકમાંજ પરણીને પરવારી જવાની હોંસ કરતી એક સુખવાસી કન્યા જેવો ન હતો.

"હું આશા રાખુંછ લીલ્યન કે તું સુખીજ થશે. હેરોલ્ડને હું ઇંચે ઇંચ તારે લાયકનો ખાવીંદ સમજુંછ, એમ તુંને મારે જણાવવાની કાંઈ જરૂર નથી."

"પણ તમે ધારોછ કે એ સુખી છે?"

"હેરોલ્ડ સદાનો ગંભીર અને શાન શોકતવાળો છોકરો છે. અરે, પણ હા, હું તુંને કહેતાં ભુલી ગયો કે હું હમણાં હીંગહામથીજ આયો."

"હીંગહામથી?"

"ગરીબ બીચારા રલેડને મળવા ગયો પણ તેમ બની શક્યું નહિ. તેની આગળ પેલી બુઢ્ઢી અને તેના નોકર સીવાય કોઇને જવા દેવામાં આવતાં નથી."

"તે બેહેતર છે કે?"

"હા, હાલ ઠીક છે, તેની સીકનેસે સારી ટર્ન લીધીછ ખરી પણ હજી નબળાઈ ઘણી છે. લુઇને પોતાના શેઠનું ઘણું લાગેછ ને મારી આગળ પોતાના શેઠ તરફથી તે પેગામ લાયો ત્યારે તો જાણે બોલતાં બોલતાં તેનીથી રડીજ પડાય ને સારૂં થયું કે તે પેગામની બી યાદ આવી. લીલ્યન, પેલું તેણે દોરેલું તારૂં પીકચર ત્યાં મંગાવ્યુંછ કે તે ત્યાં પડયો પડયો પુરૂં કરી નાંખે. નકામાં ફાંફાં મારેછ—એક તો બ્રશ પકડી કામ તેટલી તેનામાં શક્તિ નથી. તું તારે આપની તારૂં શું ગીયું? તુંને કાંઈ તેમાં અડચણ છે?"

"નહિ, એમાં અડચણ શાની? જરાબી નહિ, હું કાલે જવાનીજ છેઉં, તે તે પીકચર લેતી જવસ. બસ એજ કે કાંઈ બીજું?"

"નહિ, કાંઈ નહિ, તું કાંઈ બીજા પેગામની આશામાં હતી ?"

"નહિ."

જેરાલ્ડ હવે ઉઠીને ઉભો થયો અને પોતાના ગજવામાં હાથ નાંખી તેમાંની કોઈ ચીજ સાથે રમવા લાગ્યો. પછી ઝટ તેણે તે હાથ બહાર કાઢી તે હાથની ઉજલી ફુલ જેવી હથેલી ઉઘાડી લીલ્યન સામે ધરીને બોલ્યો.

"લે આય લીલ્યન મારી તરફની પ્રેઝન્ટ—એ કાંઇ લગનને દહાડેજ આપવી જોઇએ તેમ કાંઇ નથી. હું તારી આગળ આયો તે લેતો આયો, એ કાંઇ હમણાંના ઉગી નીકળેલા મોટે ખાંચરેના ઝવેરાની કારીગીરી ને કળાનું પરીણામ નથી તોપણ એ નજીની ચીજ મારા માયજીની હતી તેથી તેને હું કીંમતી ગણુંછ, ને લીલ્યન હું ધારૂંછ કે તેને તુ થોડી ઘણીબી કીંમતી ગણી તે કબુલ રાખશે."

લીલ્યને તે મખમલનો દાબડો તેની હથેલી ઉપરજ રહેવા દઈ તેનો હાથ પકડી તેને બત્તીના ઉજાશ આગળ ખેંચી ગઇ અને તે દાબડો ત્યાં તેણીએ ઉઘાડતાં ઉંચાં ચોખ્ખાં બીલ્યનથી મઢેલો એક ક્રોસ તેની આંખો આંગળ ચમકી રહ્યો. તેણી પહોંચેલ અને બુદ્ધિમાન હતી અને તેથી તે જોતાંજ પામી ગઈ કે તે ખરેખર એક રાજકરતી રાણીને લાયકની ભેટ હતી.

તેણીએ તેનો તે હાથ પોતાના બે હાથે દાબ્યો અને પછી તે ક્રસ બંધ કરી તે જે હાથની હથેલી પર હતો તે હાથની તેણીએ મુઠી વાળી અને બોલી—

"ઓ નહિ. એવી કીંમતી ભેટ મને નકામી છે કેમકે તેને હું કોઈ રીતે લાયક નથી."

"તું લાયક નહિ ? તો મહેરબાની કરીને બતાવ કે તેને લાયક કોણ છે ?"

એકાએક તે પોતાનાં હાથોમાં મોં ઢાંકી ત્યાં એક ખુરસીપર બેસી પડી અને ત્યાં તેણીના ભલા અને બુરા વિચારો વચ્ચે એક મહા યુદ્ધ જાગ્યું. પણ પછી થોડીવારમાં તેણીએ મોંઢાપર ઢાંકેલા તે હાથ ખી-સાડી નાંખ્યા તો જેરાલ્ડે જોયું કે તેણીની આંખો આંસુથી ભીંજા-યલી હતી. તે હવે ધીમેથી ઉઠી અને પોતાના બન્ને હાથો જેરાલ્ડે લાંબા કીધેલા એક હાથમાં મુકી તે જરા હસી.

"લે, લીલ્યન" જેરાલ્ડ બોલ્યો "મારી આય ભેટ તુચ્છકારી ના કાઢ એ નજીવી છે, ને એમ તો ઉડલી ખાનદાનની નામીચી જણુસો તો તારે લેવીજ પડશે કેની ?"

"હા, હું તે રાખુંછ પણ જો લાંબો વીચાર કરતાં તુંને લાગે કે તારાં બેહસ્તન ભલાં માયની આ જણુસ મારા જેવી તુચ્છને લાયકની નથી તો મને ખુલ્લાં અને ખાલેસ દીલથી કહેજે, હું તે તુંને પાછી આપસ, પણ જો હેરોલ્ડ આવેછ, તું હવે જા."

ધીરેથી તેણે તેણીના બંને હાથો છોડી દીધા અને ત્યાંથી તે ચાલતો થયો. તે હોલમાં આવ્યો તો ત્રણ મોટા બાકસો આગળ લીલ્યનની દાસીને તેણે ઉભેલી જોઇ.

"આય ખજાનો હમણુંાંજ આયો કે મેરી ?"

"મીસ લીલ્યનના ડ્રેસો છે, સાહેબ એમાં લગનનો વાગોબી છે."

પ્રકરણ ૪૩ મું.

ડોસન સ્લેડને પેલી રાક્ષસની છાતી ઉપર લાત્ની ત્યાંજ તેને ગબડાવી નાંખી જો તકદીરે હેરાન કીધો હતો તો એ બંધુ બનવા પછી તેની સંભાળ તેજ તકદીરે ડેમ હેસ્ટરના હાથમાં સોંપી હોય તો આપણે કહીશું કે તે તકદીરે તેની તરફની ધાતકી વર્તણુંકનો

પુરેપુરો બદલો વાળી આપ્યો હતો. તે હાલ મોતમાંથી માંદમાં આવ્યો હતો, અને જે રીતે લંડનથી મોટી ફીના ભોગે આંતરે આંતરે તેને તપાસવા આવ્યા કરતા ઘપઘપ્યા ડાકટરે તેના જીવ્યાની આશાજ છોડી હતી તે જોતાં તો આજે જ્યારે આપણે તેને ઇથલનાજ રૂમમાં એક સગવડ ભરી ઇઝીચેરપર અઢેલાઇને ઉંઘની મીતમાં પડેલો જોઇએ છીએ ત્યારે તે તેનામાં થયલો આ ફેરફાર કુદકે ને ભુસ્કે થયલો માની શકાય.

ઇથિલ અને ડેમ હેસ્તર બાવરચીખાનામાં તેમને હસ્તક સોંપાયલા તે 'પેશન્ટ'ને માટે સુપ બનાવવામાં રોકાયલાં હતાં, અને સ્લેડના ઓરડામાં કોઈજ ન હતું તે વખતે તેના નોકરે હળવે હળવે અંગુઠા ઉપર ચાલી આવી તે ઓરડાનું બારણું ઉઘાડયું અને અંદર દાખલ થઇ પોતાની સાથે લઇ આવેલું મીસ ઉડલીનું પીકચર ટેબલપર જરાબી અવાજ નહિ થાય તેમ તે મુકવા ગયો પણ એવી વખતે જેમ હંમેશ બનેછ તેમ ટેબલ ઉપર મુકેલાં એક ખાલી કપ સાસરને તે પીકચરની કોર જરા જોરમાં લાગી, અને તે કપ સાસર બંને નીચે જમીનપર પટકાઇ પડયાં અને તેના અવાજે સ્લેડ જાગી ઉઠયો. એબી જો પેલી તકદીરનુંજ કામ હોય તો તે કામબી તેણીએ સ્લેડનાં ફાયદાનુંજ કીધેલું કહેવાય કેમકે દર વીઝીટે મુઠી ભરીને ગીની ગજવામાં મુકનારા પેલા મોટા દાકટર સાહેબે ડેમ હેસ્તરને ખટી ખટીને તાકીદ કીધી હતી કે તે બીમારને ઘડીઘડી ઉંઘમાં પડવા દેવો નહિ, અને જ્યાં સુધી બુઢ્ઢી હેસ્તર તેના ઓરડામાં રહી શકતી હતી ત્યાં સુધી કાંઇ નહિ ને કાંઇ બહાને તેને હુશિયારીમાં રાખવાની તે તજવીજ કરતી અને તેમાં મોટે ભાગે તે ફાવતી પણ આજે હમણાં તે રાંધણીમાં હોવાથી ઘણે વખતે સ્લેડને ઝુકણમાં પડી રહેવાની તક મળી ગયાથી તેનો તે જોઇએ તે કરતાં વધુ લાભ લેતો હતો, અને

જ્યારે અમે કહીએ છીએ કે લુઇએ પટકી દીધેલાં પેલાં કપ સાસરના અવાજે સ્લેડ જે જાગી ઉઠયો તે ઠીકજ થયું તો અમારી એમ કહેવાની મતલબ વાંચનાર ચેતી જશે.

"લુઇ" સ્લેડ ધીમે અવાજે બોલ્યો.

"સાહેબ."

"તારા કોઇ સગાની આવા ચીની કામની દુકાન છે?"

"નહિ સાહેબ, કાંય?"

"નહીં, આય બીચારી ભલી ને ગરીબડી ડોસીનાં પ્યાલાં રકાબી અને પ્લેટો ધરાધર તું જમીનપર નાંખીને ભાંજી નાંખેછ તેથી પુછુંછ." લુઇ આ સાંભળી ખુશી થયો, કેમકે તેણે જોયું કે આ અકસ્માતીક બનાવથી તેના શેઠમાં કાંઇક 'સ્પીરીટ' આવી હતી.

"માફ કરજો સાહેબ, પણ એવીજ જોડી હું મારી ગીરેથી લાવીને મુકી દેવસ."

"મુવો તું મુકતો—તે તો મને ખબર છે. આય ટેબલપર શું મુકયુંછ?"

"એતો પેલું મીસ ફીડલીનું અધુરૂં પીકચર છે. સાહેબ તમેજ તે હોલમાંથી મંગાવ્યું હતું."

"મેં મંગાવ્યું'તું? જુઠું કાંય બોલેછ?"

"નહીંરે સાહેબ, તમોને યાદ નહીં હોસે."

"મને યાદ નહિ? ને તુંને યાદ? ચાલ નીકળ અહીંથી! તું જાણેછ કે હાલ તુંને મારવા જેવી હું હાલતમાં નથી—"

"હા સાહેબ, આય છોડીને મુકું કે એમજ રહેવા દઉં?"

પણ સ્લેડે તેને તે વિષે કશોબી જવાબ આપ્યા વગર ડોળાજ એવા ઘુરકયા કે લુઇ બિચારો ત્યાંથી નાહાઠો.

તે ત્યાંથી નીકળેલો સીધો રાંધણીમાંજ ગયો અને તેના સાહેબ

અચ્છી રીતે હુશિયાર હતા અને તેવણુને તે હુશિયારીમાં લાવનાર તે પોતેજ હતો એમ છાતી કાઢીને તેણે હેસ્તર અને ઇથલ આગળ કહ્યું, જે ખબર સાંભળી તેઓ બેઉ ખુશી થયાં.

"ને તું કહેછ કે હમણાં તે પીકચર જોતા તેવણુ બેઠાછ ?" ઇથલે હસીને તે લુઇને સવાલ કર્યો.

"નહીં, મીસ મને તે તેવણે ઉખેડવાજ કયાં દીધું."

"મને ખબર નહીં કે મી૦ સ્લેડ પીકચરોબી ચીતારી જાણેછ?" ઇથલ બોલી.

"એવણુ શું નથી જાણુતા ? તેમાં પેન્ટીંગ ને મ્યુઝીકમાં તો ભલો એમેચ્યુઅર એવણુનો હાથ નહીં પકડી શકે; આય મીસ ઉડલીની સબી જો જુઓ તો જાણે ચણુાની બે ફાડ જેવી છે. તમો તે જોશો ત્યારેજ જાણશો કે તે પીકચરમાં જો જીવ મુકયો તો નરી જીવતી જાગતી મીસ લીલ્યન ઉડલી !"

"પણુ મેં મીસ ઉડલીને જોઇજ નથી એટલે મારીથી તે પીકચરની તપાસજ કેમ લઇ શકાય ?"

"ખરેખર મીસ ?" લુઇ અજબ થઇ બોલ્યો "કેવું અજબ જેવું ! હું તો જાણું કે આય આખા ગામમાં એવું કોઈ ન હશે કે જેણે મીસ ઉડલીને નહીં જોયાં હોય !"

"નહીં, મેં નથી જોયાં." ઇથલ બોલી "ત્યારે તમારા શેઠ ગાઇ વજાડીબી જાણુતા હોસે ?"

"હાજ તો, મીસ એવણુનામાં એવી ખુબી છે કે જે હુનર તેવણુ શીખવા બેસે તે સંપૂર્ણ શીખીનેજ ઉઠે. પણુ હા, મીસ—" અને એમ બોલતાં અટકી તે ઇથલ સામું જોતો ઉભો.

"શું છે, લુઇ ? તુંને કાંઇ યાદ આયું ?"

"હા, મીસ, ને ઘણું અજબ જેવું કે મને તે "પાટક્ષો વખત

નહિ સુજ્યું. એવણુ ઉપર આપણે મ્યુઝીકનો ઇલાજ નથી અજમાવ્યો, એવણુની નીચેનાજ રૂમમાં પીયાનો છે, ને જો તમે મેહેરબાની કરીને–"

"હા, પણુ વખતે તેવણુ કંટાલે તો?"

"તો વધારે સારૂં–એવીજ ચીજો એવણુને હુશિયારીમાં રાખી શકશે."

"એમ? હા, એ ખરી વાત, ઠીક છે, આપણે તે અજમાવ્યે, હું જાઉંછ ને કાંઇ વજાડુંછ. કદાચ એવણુને તે પસંદ પડેબી." એટલું બોલી ઇથલ પીયાનાવાલા રૂમમાં જઇને ઉભી અને પીયાનો ઉઘાડયો, પણુ ઝટ ત્યાં સ્ટુલપર બેસીને વજાડવાને બદલે તેની સુફેદ અને કાળી ચાવીઓ તરફ ટીકતી તે તે પીયાના આગળ ઉભી રહી. આહ! હેરોલ્ડ ઉડલી ત્યાં હતો અને તેણીએ તે પીયાના ઉપર હાથ અજમાવ્યો હતો તેજ! ત્યારબાદ તેણીએ પીયાનો ઉઘાડયોજ નહીં હતો. આહ! તે રાત કે જે રાતે તેણીની સનમુખ બેહેસ્તના દરવાજા ઉઘડી પાછા તુરત બંધ થઇ ગયા હતા અને ત્યાર પછી તેણીની જીંદગીમાં ના કાંઇ કસ રહ્યો હતો કે ના તેમાં ગીહાસ બાકી હતો. જે રાત્રે તે કોમળાંગી પેલાં દેવળમાં ગઇ હતી અને પોતાના વ્હાલાને પોતાની હાલત કરતાં ઘણુા ઉંચ દરજ્જેનો તેણીએ માન્યો હતો તે રાત પછીની તે છોકરીનાં દીલની હાલત એક તેને ખબર હતી કે તેના ખુદાને ખબર હતી; અને ત્યાર પછીની તેની સબર દબર ગેરહાજરીથી તેણીએ માન્યું કે તે બેઉ વચેની હાલતનો ફર્ક તેનેબી જણાયો હોવો જોઇયે અને તેથીજ તે ત્યાં આવતો જતો બંધ થયો હોવો જોઇયે, ત્યારે તો તેણીનાં દુઃખનો પારજ ન રહ્યો હતો. આણુ પછી ડોકના હ્હેકાથી તે પાછી હુશિયાર થઈ અને પીયાનાપર બેસી તેની ચાવીઓ ઉપર તેણીએ આંગળાં મારવાં શરૂ કીધાં.

સ્લેડ તે મ્યુઝીક સાંભળતો પડયો હતો, પણ તે જાણુતો હતો કે

તેને થોડોક વખત અગાઉ પવન થયો હતો તેથી તેને કાને આવતા તે મીઠા સરોદનેબી તેનાં હલકાં પડી ગયલાં મગજનો તે ધખારો માત્ર હશે એમ તેને લાગ્યું, કેમકે પીયાનો વજાડી શકે તેવી જવાન છોકરી ડેમ હેસ્તરના ઝુંપડામાં હોય એમ તે માનતો ન હતો.

હવે, તે મ્યુઝીકની શું અસર થાયછ તે જાણુવાની જીજ્ઞાસા પેલો લુઇ થોબાવી શકયો નહિ, તેથી તે પોતાની રીત મુજબ ઘણોજ હલવે પોતાના શેઠના ઓરડામાં આવ્યો, અને તેટલાં તો તે મ્યુઝીક બંધ થયું.

"લુઇ કે?"

"હા સાહેબ."

"એ નીચે કોઇ હમણાં વજાડતું'તું."

"હા, સાહેબ."

"આહ! હું તો જાણું કે મારો એ ખ્યાલ અમસ્થો હોસે, એ કોણ છે?"

"મીસ નોર્થ સાહેબ."

"તેવણુ કોણુ?"

"તેવણુ આય ડેમ હેસ્તર સાથેજ રહેછ—બલકે રહેતાં હતાં—આયજ તેવણુનો રૂમ; હાલ તેવણે પાસે કોઇ પાડોશીને ત્યાં સગવડ કરી લીધીછ."

"ત્યારે તો મેં તેવણુને અગવડ આપેલી કહેવાય?"

"તેનું કાંઇ નહિ સાહેબ, તેવણુ બીચારાં કાંઇ તેમ ધારે તેવાં નથી. બીચારાં ઘણું, ગરીબ ને ભલાં છે..આખો દહાડો મીસીસ હેસ્તર સાથે રાંધણીમાં રોકાયછ ને—"

"ઘણી મહેરબાની તેવણુની; ને લુઇ મારા તરફથી—પણુ નહીં તેવણુને હું મળસ ત્યારે હું પોતેજ ઉપકાર માનસ."

"તેવણુને હમણાં મળવું છે? તેવણુને બોલાવું? તેવણુ તો ઘણાં ખુશી—"

"પણ ગધેડા તેં કેમ જાણ્યું? પણ, થોભ! જા તે બાઇને મારી સલામ કહે અને કહે કે એક બીચારા દુઃખી બીમાર આગળ તેવણુ તસ્દીર લઇને આવશે તો મોટો ઉપકાર થશે."

લુઇ તુરત દોડયો અને ઇથલને તે પેગામ કહેતો તહાની આગળ ઉભો.

"મને? હા, જો તેથી તેવણુને સોહોવાય તો તેવણુ આગળ જવામાં મને અડચણ શું છે?" એમ બોલી પોતાના વાળ અને ડ્રેસ સરખો કરી તે લુઇની સાથે ઉપર ગઈ.

લુઇએ તે બંધ બારણું ઠોકયું.

"આવો, કોણ છેવો?" સ્લેડે અંદરથી જવાબ આપ્યો.

ઇથલ દાખલ થઇ. સ્લેડ જોકે તેનીથી ઉઠાતું નહિ હતું તે છતાં ઉઠવાની તેણે તજવીજ કીધી, પણ ઇથલ ઉપર તેની નજર પડતાં તે પાછો ખુરસીપર પછડાઇ પડી તેનાં ચ્હેરા તરફ ટીકવા લાગ્યો. ઇથલ હસ્તી તેની આગળ ગઇ અને શેકહેન્ડને માટે તેને હાથ આપ્યો.

પ્રકરણ ૪૪ મું.

"તમે મને ઓળખોછ?" ડોસન સ્લેડને સેકહેન્ડ કરતાં તે છોકરીએ પૂછ્યું.

"ઓળખુંછ! હા, અલબત તમુને હું ઓળખુંછ, પણ તમે અહીં ક્યાંથી? મારા નોકરે જે મીસ નોર્થને માટે મને કહ્યું તે તમેજ કે?"

"હા, મારૂંજ નામ ઇથલ નોર્થ છે."

"મેહેરબાની કરી બેસશો ?" તે તેણીની તરફ જોઇને બોલ્યો અને એટલું તો ખરૂં હતું કે તેના ચ્હેરા ઉપર તેણીને પહેલી જોતાં જે ગુંચવણ પ્રગટી નીકળી હતી તે હજી જેમની તેમજ ત્યાં હતી. "તમે કેટલો વખત થયો અહીં છેવો ને એમ કેમ કે મેં તમને અત્યાર અગાઉ જોયાંજ નહિ ?"

'...ન અહીંના દેવળમાં જ્યાં સુધી આવો નહિ ત્યાં સુધી મને તમે કેમ જોઈ શકો ? અને તે છતાંબી કદાચ તમે મને નહિજ જોવ તે બનવા જોગ છે કેમકે જે ઓર્ગેનપર હું બેસુંછ તેની આડે મોટો ઉંચો પડદો ભરી લીધેલો છે. હું અહીંનાં ઓર્ગનપર છેઉં, મી. સ્લેડ."

"ત્યારે મેં જે વખતે તમને પહેલાં જોયાં ત્યારે તમે અહીંજ આવતાંતાં કે ?"

"પેલા બગીચામાં તમે મારી મદદે આવવાની મહેરબાની કીધી હતી તે વખતની તમે વાત કરોછ કે ? હા, હું અહીંજ આવતી હતી અને તમેબી અહીંજ આવતા હતા કે ? ઘણું અજબ જેવું, પણ એ માત્ર એક સંજોગજ કહેવાય."

"એક સંજોગજ ! ત્યારે મારાથી તમો ખામખા દુર રહ્યાં કે ?"

"નહિ, જાણી જોઇને કોઇથી હું દુર રહી નથી. મી. ડોસન સ્લેડ જેવા ઉડલી હોલ અને ડ્યુકને ત્યાંના માનવંત પરોણાને ઇથિલ નોર્થ જેવી એક કમીની ઓળખવાની શેખી કરે તે કેમ બને ?"

"તમે એક ઓર્ગનીસ્ટ અને એમ છુપાછુપ રહી છુપાછુપ ફરો હરો તેમાં કાંઈ ભેદ હોવો જોઇએ. હું ચ્હેરાઓ ઉપરથી માણસને પારખી શકું છું—પેલા બગીચામાંબી તમારો ચ્હેરો જોઇને મારૂં માથું ઠણકયું હતું. તમારા ઉપર મીસ નોર્થ કાંઈ દુઃખ પડેલું હોય તેમ લાગેછ."

"હાજી, હું અહીં આવી તે અગાઉ મારી ઉપર કાંઈ ઓછી આફત નથી પડી, પણ તેથી કાંઇ આખી દુનિયાથી કંટાળી તેને હું બદનામ નથી કરતી."

"આય તાણ્યો તમે મને મારોછ કે? હા, હું કબુલ કરૂંછ કે દુનિયાથી હું કંટાળી તો ગીયોછ, કેમકે મારો તેની ઉપરથી મીસ નોર્થ વીશ્વાસ ઉઠી ગીયોછ, પણ મીસ નોર્થ મારાથી કાંઈ કોઇ ગામડેના દેવળમાં ઓર્ગન વજાડનાર તરીકે રહેવાયું? ઓરત ઠગાય તોપણ ખુદાપરનો વીશ્વાસ કદી મુકે નહિ, મર્દનો વીશ્વાસ ખુદાપરથી વહેલો ઉઠી જાય છે, અને તે મર્દોમાંનો એક હું છેઉં. તમે મીસ નોર્થ—માફ કરજો મારી બેઅદબી, પણ તમે કોઇવાર પ્યારમાં પડયાં હતાં?"

જો કોઇ બીજી વખતે કોઇ બીજા તરફથી આવો સવાલ તેણીને પુછવામાં આવતે તો તેણી ઉછળીને ઉભી થઇ તેની આગળથી ગુસ્સામાં ચાલી જતે, પણ આજે ત્યાં તો તેણી સ્લેડની સામે નજર ટીકેલી રાખી બેસીજ રહી, અને સ્લેડ તેણીની આંખ ઉપરથી પોતાના સવાલનો જવાબ ચેતી ગયો.

"ઠીક, તમેબી એ અનુભવ મેળવેલો છે અને તેથી તમારી સાથે વધુ વાત કરવાની મને હીંમત આવેછ. તેજ સાબેત કરી આપેછ કે એવી વખતે મરદ કરતાં ઓરતને હીંમત વધારે હોય છે. એક વાર મેં એક અબલાને ચાહી હતી—જીવથી જાનથી ચાહી હતી ને મને તેનો બદલો શું મળ્યો? તે જેટલી ખુબસુરત છે તેટલીજ ઘાતકી અને હૈયાં સુની પુરવાર થઇ છે. ત્યાં સુધી મને અબલા જાત ઉપર ઘણોજ વીશ્વાસ હતો, આજે તે નથી; અને તેથી હવે જીવ્યા કરતાં મરવું હું બેહેતર સમજુંછ, કેમકે મને ખાત્રી છે કે જો હું જીવસ તો તે અબલાના કોઇ બીજા સાથે થયેલાં લગ્ન મને જોવાં પડશે અને તે જોવાની મારામાં તાકાત નથી.

ઇથિલ તેની તરફ જોતી બેસીજ રહી. ઇથલે જોયું કે એવી આગલી પાછલીની વાત કરી તેની સુખની યા દુઃખની કોઇબી લાગણીને રસ્તો આપવો તેના હક્કમાં બેહેતર હતું.

"તે શું ત્યારે એટલી બધી ખુબસુરત હતી?"

"ઘણીજ, લેવો તમેજ પોતે જોઇને મત આપો." એમ કહીને પેલું મીસ ઉડલીનું પીકચર પોતાની તરફ તેણે તાણી તેને ઉખેડી ઇથલની સામે ધર્યું.

ઇથિલની તે ઉપર નજર પડતાં તેણીનો ચ્હેરો ઉજળો વાખ જેવો થઇ ગયો.

"કાંય શું છે, મીસ નોર્થ? તમે એટલાં ચોંકયાં કાંય? તમે એવણુને ઓળખોછ?"

પણ કશોબી જવાબ દીધા વગર તે છોકરી દીગમુઢ બની ઘડીકમાં સ્લેડના તરફ અને ઘડીમાં તે પીકચર તરફ જોતી બેઠી.

"જરા મને એ સબી પાછી જોવા દેવો." તે બોલી.

"લેવો તમારા હાથમાં લઇને તે જુવો. તમે તેને ઓળખોછ?"

તેણીએ વીચારમાં ને વીચારમાં નાનું ડોકું હીલવ્યું.

"નહિ? ત્યારે તેની તરફ તમે એમ ડોળા ફાડીને જોયું કાંય?"

"એવણુ કોણુ છે? એવણુનું નામ શું ને એવણુ કયાં છે?" તેણીએ ત્રણે સવાલો સામટા પુછ્યા.

સ્લેડ થોડોક વાર વીચારમાં બેસી રહ્યો, પછી બોલ્યો—

"તમારી પુછવાની કાંઇ મતલબ?" તે બોલ્યો "તમે મીસ નોર્થ આય ચ્હેરો કયેબી જોયલો છે, ને એ તમે કયાં જોયોછ તે તમારે મને કહેવુંજ પડશે, કહેવુંજ પડશે એમ તમોને હું કેહુંછ તેનું કારણુ એ કે તમારા તે જવાબ ઉપર તમે અને હું ધાર્યેં નહિ તેટલી બાબદોનો આધાર લટકેલો છે. તમે આય બાનુનું નામ નથી જાણુતાં?"

"નહિ."

"તમે તેને છેલ્લે ક્યારે જોઇ હતી? તમે તેની સખી જોઇને એટલાં ફીક્કાં કાંય મારી ગયાં? ખુદા ખાતર મને ખરૂંજ કહેજો."

"તમે જરા શાંત થશો?" અને રખે સ્લેડ ઉશ્કેરાઇને કંઇ કામ વધારે તેની બ્હીકથી તેણી બોલી ઉઠી; "તમે આવી રીતે ઉશ્કેરાવા જેવી હાલતમાં નથી."

"હા, ને જો તમે મને તોવાવશો તો હું મેડ થઇ જવસ, પણ તમે મને જે હું પુછુંછ તે કહેશો તોજ હું શાંત થવસ અને રહેવસ."

"એમ? ત્યારે લેવો, મારે જે કાંઇ કહેવું છે તે ધીરેથી ને ધ્યાનથી સાંભળો, તે ઘણી લાંબી વાત નથી પણ તેમાં એક ભેદ છે ને તે ભેદની ચાવી મારી પાસે નથી. મી. સ્લેડ મારૂં નામ ઇથલ નોર્થ નથી. મારૂં ખરૂં નામ શું છે તે મારીથી તમોને કહેવાય નહિ. જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી હું એક ભટકતી—નહિ ઘેરની નહિ ઘાટની જેવી—હાલતની એક છોકરી છેઉં. હું મારાં માયની સાથે ગામે ગામ ને શહેરે શહેર રખડતી ફરતી હતી."

"ક્યાં, ઈંગ્લાંડમાં કે?"

"નહિ અમેરીકામાં."

અને અહીં તે ડોસન સ્લેડ ખડો થઇને પોતાની ખુરશીપર બેઠો.

પ્રકરણ ૪૫ મું.

"અમે માય દીકરી" મીસ ઇથલ નોર્થે પોતાની વાત આગળ ચલાવી "અમેરીકામાં ગામેગામ અને શહેરે શહેર ભટકીને અમારો વખત પુરો કરતાં હતાં. મારાં માય ઇંગ્લાંડનાં હતાં અને મારો જન્મભી ઇંગ્લાંડમાંજ થયો હતો, પણ ઇંગ્લંડથી અમોને બહારગામ કાઢી

સુકવામાં આવ્યાં હતાં—અમોને દુનીયાની બહોળી સપાટીની દયાપર છોડવામાં આવ્યાં હતાં, અને ત્યાંબી અમુને શાંતિ કયાં હતી? મારાં માયજીએ પોતાનું નામ બદલી નાંખી અમો અમારી પુઠે લાગેલાઓનાં જાલેમજોરથી બચવા ભરાઇ છુપાઇને જ્યાં ઠર પડતાં ત્યાં રહેતાં હતાં. પોતા ઉપર વીતેલી કાંહાણીની વાત મને જણાવ્યા વગર મારા માયજી ગુજરી ગીયાં અને હું એકલી અટુલી નાચાર નીરાધાર પડી. પછી મને ઇંગ્લાંડ આવવાનું કાંઇ એકાએક વગર કારણે મન થયું; અમે લોકો સેન ફ્રાન્સીસ્કોના પરામાં રહેતાં હતાં—" ત્યાં સ્લેડ ચોંકયો પણ રખે તેણી તેની એ ઉસ્કેરાયલી લાગણી જોઇ પોતાની કાહાણીના કાટલાંપરથી દોરો ઉખેડવાનું માંડી વાળે તેની બ્હીકથી તે પાછો તુરત શાંત થયો.

"કોઇબી સાથી કે કોઇનીબી મદદ વગર જંગલોનાં જંગલમાંથી રખડી રઝળી એક મોટાં શહેરમાં હું આવી પુગી. મારી પાસે થોડાક પૈસા હતા અને હું મેલ કોચ ઉપર સ્વાર થઇ, તે મુસાફરીજ એવી હતી કે ગમે તેવો સખ્ત હૈયાંનો આદમીબી તેથી ડરી જઇ હીંમત હારી ખાય. પણ—પણ હવે મને એ વાત આગળ ચલાવવા ગમતી નથી" તે અહીં એકાયક અટકી ઉભી.

"ચલાવો, ચલાવો ખુદા ખાતર એ વાત આગળ ચલાવો. તમારી એ વાત ઉપર કેટલી ચીજોનો આધાર છે તેની તમુને કાંઇજ ખબર નથી."

"ત્રીજી રાત્રે તે મેલ કોચ એકાએક અટકીને ઉભી! ચીચ્યારીના અવાજો, બંદુકના બાર અને બીજા ગભરાટના પુકારો સાંભળી હું જાગી ઉઠી—આગળ ચલાવું કે?"

"હા, હા, ખુદાને વાસ્તે ચલાવો, મને ના ટવળાતો!" તે આજીજી કરી બોલ્યો.

"તે કોચ ઉંધી વળી ગઇ અને ત્યાર પછી શું બન્યું તે મેં નહિ જાણ્યું. જે જાણ્યું તે ફક્ત એટલુંજ કે હું એકાદ ગોળીથી ઘાયલ થઇ એક કંગાળ ઝુંપડામાં બેશુદ્ધ હાલતે પડેલી હતી અને જરા સરખી હુશિયારી આવતાં મેં આંખ ઉઘાડીને જોયું તો મારી પાસેજ એક છોકરી મારી ઉપર વાંકી વળી મને જોતી બેઠી હતી, તેના કહેવા પ્રમાણે તેજ બીચારી મને ઝુંપડામાં ઘસડી લાવી અંદર સુવાડી મારી સારવાર કરતી તે બેઠી હતી. અમો બન્ને વાયજહાંન એકલાં હતાં, તોપણ ઘણી લાંબી મુદતે મને એક સહી મળેલી જોઇ હું ખુશી થઇ. આખી તે ભયંકર રાત મારી સારવાર કરતી તે છોકરી મારી આગળ બેસીજ રહી હતી, અને મને પછી એમ લાગ્યું કે આ જહાંનમાં મારો વખત હવે ભરાઇ ચુકયો હતો એટલે મેં તેણીની આગળ મારાં દીલની વાત ખુલી કીધી; તેણીને મેં એક ફરેસ્તોજ માની લીધો અને મને તેણીની ઉપર પ્યાર છુટયો. મેં મારી ઉપર વીતેલી બધી વાત તેણીને કહી અને મેં તે બધી નોંધ જે એક નાની બુકમાં સાચવી રાખેલી હતી—તે બુક હવે તો હું મરી જવસ એમ સમજી—મેં તેણીને હવાલે કીધી. તે પછી અમે એમ વાત કરતાં હતાં તેટલાં હું પાછી બેશુદ્ધ થઇ ગઇ હોવસ કેમ કે તે પછી મારાં તે ઝુંપડામાં લોકો દોડી આવ્યાં અને મને ત્યાંથી તેઓ ઉંચકી લઇ ગયાં, તે સીવાય તેની આગમજનું મને કશુંજ યાદ નથી. તેઓના કહેવા પ્રમાણે તેઓ અંદર આવ્યા તે વખતે હું એકલીજ પડેલી હતી અને પેલી છોકરી કે જેણે મારો જીવ બચાવ્યો હતો તે ત્યાં મારી આગળ હતી નહિ. તે જતી રહી હતી અને પોતાની સાથે પેલી મારી નોટ બુક પણ લેતી ગઇ હતી, જો તે ચોપડી મેં તેણીને ન આપી હતે તો એ બધું એક સ્વપ્ના મીસાલ હું સમજતે, પણ મારી પાસે પેલી મારી નોટ બુક નહિ હતી તે પરથી મેં માન્યું

કે તે બીજી છોકરીવાલો બનાવ ખરેજ હોવો જોઇયે. હજુબી તે બનાવ મારે ખરા તરીકે માનવો કે મેં જોયલાં એક સ્વપ્ના તરીકેજ લેવો તે બાબે મારૂં મન ડગમગ હતું, પણ હવે આજે તે હું તદ્દન ખરેજ માનુંછ કેમકે તે છોકરીની સબી આય મારી સામેજ છે" એમ બોલી તેણીએ તે પીકચર તરફ હાથ કરી તે બતાવ્યું. "એ તેજ છોકરીની સબી છે કે જેણે મારો જીવ બચાવ્યો હતો અને તે જંગલમાં તે રાત્રે મારી આગળ બેસી રહી જેણે મારી સારવાર કીધી હતી." તે હવે બોલતી બંધ પડી અને સ્લેડ તરફ જોતી બેઠી "મારી જીંદગીની કાંહાંણી તો મેં તમુને કહી, હવે મારા સવાલનો તમે જવાબ આપશો? એ છોકરીનું નામ શું છે ને એ કોણ છે?"

સ્લેડ ઘણો ઉસ્કેરાઇ ગયો હતો. કાંઇ અણુદીઠ લાગણીને મારે તેના હોઠ ફડતા હતા.

"એક—નહીં બે સવાલ વધુ મને પુછવા દેવો." તેણે માંગી લીધું. "પહેલો સવાલ એ કે તે રાત્રે તમે તેણીને તમારૂં નામ શું આપ્યું હતું?"

"મારાં માય જે નામે ઘણા ખરાં ઓલખાતાં હતાં તે નામ મેં તેણીને આપ્યું હતું. મેં તેણીને મારૂં નામ લીલ્યન લી કરીને આપ્યું હતું."

"લીલ્યન લી? ને તેણે તમુને પોતાનું નામ શું આપ્યું?"

"હીલ્ડા, અટક મને તેણીએ નહીં જણાવી." સ્લેડ ત્યાં ચોંકીને ઉભો થયો, પણ પાછો શાંત થઇને બેસી પડયો "હીલ્ડા! બસ? અટક—કાંઇજ નહીં?"

"નહીં અટક કાંઇજ નહીં, માત્ર હીલ્ડાજ. મને તેનું આખું નામ કહો કેમકે એજ છોકરીએ મને વગર ગોતે મરી જતી બચાવી

હતી અને તેણેજ તે અઘોર એકાંત રાત્રે મારી સારવાર કીધી હતી."

"તમે એ સબી પાછી ધ્યાનથી જુવો, તમારી ખાતરી છે કે એ તેજ છોકરી ?"

"મારી પક્કી પુરેપુરી ખાતરી છે. એવણુ કોણુ ?"

"એવણુ લીલ્યન ઉડલી, ઉડલી હોલના માતબર માલેક સર તેલબોટ ઉડલી બેરોનટની છોકરી, અને તેવણના બેતાબના વારેસ મી૦ હેરોલ્ડ ઉડલીની ભવીષ્યની મોહોરદાર, બોલો હજીબી એ બાબે તમારી ખાતરી છે કે ?"

"હા મારી ખાતરી છેજ" તે બોલી "પણ—પણ મને સમજ નહિ પડતી ! તેણીના કહેવા પ્રમાણે તેણીનું નામ તો હીલ્ડા હતું. મીસ ઉડલીનું નામ શું ત્યારે હીલ્ડા છે ?"

"નહિ હજી તમુને સમજ નથી પડી ?"

"તદન નહિ, મને જરાબી સમજ નથી પડતી કે એ શું ભેદ છે."

"નહિ ?" તેણે અજબ થઇ પૂછયું, પણ પછી પોતાનો સાદ ધીમો કરી નાંખી તે બોલ્યો "મીસ નોર્થ, તમે આટલે સુધી તો મારી ઉપર વીશ્વાસ મૂક્યો, હજી વધુ વીશ્વાસ મારી ઉપર મૂકશો ?"

"હા ખુશીથી, પણુ કાંય ?"

"તે તેને વખતે માલમ પડશે. મને વચન આપો કે આજે મને જે વાત તમે કહીછ તે તમો મારી રજા વગર કોઇને નહિ કહેશો. આય મારી અરજ છે, તમે તે કબુલ રાખશો ?"

"હા" અને સ્લેડે લાંબા કીધેલા હાથમાં તે છોકરીએ પોતાનો હાથ મુકી તેને પોતાની કબુલાતની ખાતરી આપી.

"તમારો ઉપકાર માનુંછ, મીસ ઇથલ, એવી કયી તકદીરે આપણો પેલા બગીચામાં પહેલો મેલાપ કરાવી આપ્યો ? એવી કયી તકદીરે

મ્ને તેજ વખત તમારૂં નામ ઠામ પુછતાં અટકાવ્યો? તમે આજે જે કાંઇ મને કહ્યું તે તે વખતેબી તમે મને કહેતે, ખરૂં કેની?"

"હા, તમને એ બધું હું કહેતે."

"ત્યારે તેજ વખતે તમને હું એ બાબે પુછતે તો કેવું સારૂં? તેથી કેટલી ખરાબી અટકતે?" પણ પછી તેણીને બારણાં તરફ જતાં જોઇ તે બોલ્યો "તમે જાઓછ? મારી ઉપર તમને વીશ્વાસ તો છેની? કેમકે બીજાં બધાં કરતાં મારી ઉપરના તમારા વીશ્વાસ ઉપર બધો આધાર છે, હવે મારે જીવવાની જરૂર છે અને તે જરૂર તમે પુરી પાડી છે. ખાતરી રાખજો કે તમારા વિશ્વાસનો ભંગ હું નહિ કરસ."

"હુ નહિ ધારતી કે તમે તેમ કરો." એટલું બોલી તે તેને સાહેબ સલામ કરીને ચાલી ગઇ.

"ઓ મારાં જીગર, મારાં જીગર!" તે બડબડયો "તુને હું કેમ બચાઉં?" કેમકે તેને ખબર હતી કે જેને તે ચાહતો હતો તે ખરી હીલ્ડા ફેનજ હતી અને ઠગારી હતી, તે એક **ખુબસુરત મક્કાર** હતી, અને ખરી લીલ્યન ઉડલી તો હમણાં તે ઓરડામાંથી જે છોકરી ગઇ તે હતી.

પ્રકરણ ૪૬ મું.

લીલ્યન અને હેરોલ્ડનાં લગ્નની તૈયારીઓ ખુબ જોશભેર ચાલતી હતી, લગ્નની અગાઉનો તે દીવસ હતો, અને જો કે લીલ્યને એ બધી ધધુખર અને ધામધુમને માટે પોતાના પપાને ઘણુંબી સમજાવ્યા પણ ઉમંગમાં આવેલા તે ડોસાજી એકના બે નહિ થયા! ભવીષ્યનો સર હેરોલ્ડ ઉડલી, હાલના માતબર અને માલેતુજાર સર તેલબોટ

ઉડલીની ખુબસુરત દીકરી લીલ્યન સાથે પરણે ને ધામધુમ નહિ ? શું તે કાંઇ ચોરીછુપીનાં લગ્ન હતાં ? હજી જે ખરી ધામધુમ તે ક્યાં હતી ? લગ્નનાં તેડાંઓ અગણીત કાઢવામાં આવ્યાં હતાં, અને તેઓ એટલી મોટી સંખ્યામાં કે લાગતી વળગતી પોસ્ટ ઓફીસોને માટે તે તેડાંના કાર્ડો પુગાડવાનું મોટું મુશ્કેલ કામ થઇ પડયું હતું. જ્યારે તે ડોસાજી ધર્યા નહિ ધરાયા ત્યારે હવે લીલ્યન અને હેરોલ્ડ બેઉએ તેમની લથડતી દેહની તેમને યાદ આપી, એ બધી હેપજેપ-માંથી દુર રહેવા તેમને વીનવ્યા પણ તે ડોસો સમજેજ શાનો ? તેણે તો ઉલટી તકરાર લીધી કે જ્યારથી તે બેઉ વ્હાલાંઓનાં લગ્ન ગોઠવાયાં ત્યારથી ઉલ્ટા તે ડોસાજી તો જોર પકડી જવાન બનતા ગયા હતા !

ઇંગ્રેજોમાં પરણતી વેળાએ વર રાજા આગળ તેના 'બેસ્ટ મેન' અને વર કન્યા પાસે તેની 'બ્રાઇડસ મેડ' હોવી જોઇએ અને તેઓની પસંદગી પરણતી છોકરીએજ કરવી જોઇએ, એટલે લીલ્યનને તેણીની 'બ્રાઇડસ મેડ' પસંદ કરી લેવાનું કહેવામાં આવ્યું, અને સાથે સાથે હેરોલ્ડે લુસી વોર્નરની ભલામણ કીધી.

લીલ્યન તુરત તેમ કરવા કબુલ થઇ. તેણીએ ફક્ત બેજ પસંદ કીધી; એક લુસી અને બીજી ડચેસની ભત્રીજી જે હાલ ડચેસને ત્યાં રહેવા આવી હતી. લુસીને તે બાબે તેણીએ અરજ કીધી. પહેલે તો લુસીએ નાજ કહી પણ પાછી લીલ્યને તેણીને બેહોસ કીધી એટલે તે કબુલ થઈ.

" હેરોલ્ડને ખબર છે કે લીલ્યન, તમે મને " બ્રાઇડસ મેડ' થવા પુછનાર છેઓ ? " .

" હા, હેરોલ્ડેજ મને તારે વાસ્તે સલાહ આપી. "

" એની ઘણી મહેરબાની. "

પણ લીસન તેની આગળથી ગયા પછી તે બડબડી.

"એની બ્રાઇડસ મેડ! ને તબી વરી તેણે બલામણ કીધી! એબી એક અપમાનજ કેની! ને હવે તો એ લોક પરણુશેજ! મારી તે બાબે ખાતરી છે ને પછી પેલો ગ્રીન શું કરશે? માથું ફોડશે? જરાવારમાં તો એ લેડી ઉડલી થવા પામશે ને અમે બેઉ ફ્લેત પેગલી! તે માણુસે મને ઠગી, પણ તેણે એમ શાને સારૂં કીધું?"

અને તેણીને એમ લાગ્યું કે તે શખ્સે એ બધી માથાકુટ નકામીજ કીધી હતી. પેલી સાંજ કે જે વખતે તેણે પેલાં કાગળો અને નોટબુક લુસી પાસેથી મેળવી હતી ત્યાર પછીનો તે કોઇની નજરે પડયોજ ન હતો. જેવો છુપાછુપ તે ત્યાં આવી વસ્યો હતો તેવોજ છુપાછુપ તે ગેબ થઇ ગયો હોય તેમ લાગતું હતું. પેલા જોન્સને ત્યાં જ્યાં તે ઉતર્યો હતો ત્યાં પોતાનો બેગ તે મુકી ગયો હતો એ ખરૂં, પણ કાંઇ વાતપરથી વાત નીકળતાં જોન્સને લેડી વેર્નરને કહેતાં લુસીએ સાંભળ્યો હતો કે મી. ગ્રીન બહારગામ કેથે ગયો છે જ્યાંથી પાછાં ફરતાં તેને કદાચ મહીનાઓબી લાગે. ત્યારે લુસીને તો એમજ લાગ્યું કે ગમે તેટલી તેણીની અફાળઝીક છતાં કાલે તો લીસ્યન પરણીજ જશે અને તે હાથ ઘસ્તી રહી ગઇ હતી.

સોમાં, તમો ધારી શકશો તેમ જેરાલ્ડની ધરપચ અને ધરપકડ બારી હતી.

"જેરાલ્ડ, પણ તું કાંય અમથો અમથો પટકાઇ ઝટકાઇ જાયછ?" ડુચેસે ખુશ ઢપે તેને ખખડાવી કાઢયો "કોઇ સમજે કે લીલ્યન સાથે તુંજ પરણુવાનો છે!"

"એમ છે આનટી કે લીલ્યન અને હું જાણે બાઇબ્હેન છીએ અને તેની જીંદગીમાં જે સોથી અગત્યનો દીન તે હું હાથ જોડી એક ખુણામાં બેસી રહીને કાઢું! તોબી એ બધી ખુશાલી વચ્ચે દલગીરીનો

એક નાનો કટકો એટલોજ છે કે એ બધી મજાહમાં સ્લેડની સામેલગીરી નથી. "

સ્લેડને પ્રથલે પેલી વાત કહ્યાને આજે દીવસ દશ થઇ ગયા હતા અને જો કે તેટલા અરસામાં સ્લેડ જરા વધુ બેહેતર થઇ તેને શક્તિ આવવા માંડી હતી છતાં પેલી ડેમ હેસ્ડરના કોટેજમાંજ હજી હતો. કોઈ કોઇવાર ત્યાંજ જરા બહાર તે લટાર મારતો તો મોટે ભાગે તે પોતાના રૂમમાં પડી રહેતો હતો. બહાર જે બનતું હતું તેથી તેનો લુઈ તેને વાકેફ કર્યા કરતો હતો; જેરાલ્ડ રોજ હજી તેની આગળ આવ્યા કરતો અને જ્યારે આવતો ત્યારે લગ્નની તૈયારીઓની તે કાંઇને કાંઈ વાતો લાવતો અને સ્લેડથી તે મઝામાં ભાગ નહીં લેવાતો હતો તે માટેની રોજ તે નવી નવી ઢપે દલગીરી જાહેર કરતો હતો. સ્લેડ તેને કોઈ કોઇવાર લીલ્યનની ખબર પુછતો રહેતો હતો.

એક સાંજે પોતાના એક વિચીત્ર સવાલથી તેણે જેરાલ્ડને ચોંકાવ્યો.

" તુંને જ્યારે પુછુંછ ત્યારે તું કહેછ કે લીલ્યન સારી પેઠે છે, જેરાલ્ડ, વારૂ તુંને એમ પુંછું કે તેં તેને હમણાં હસતી જોઇછ ? "

" હસ્તી જોઇછ એટલે ?" જેરાલ્ડે અજબ થઇ પૂછ્યું "એ તે કેવો સવાલ ? "

" હા, પણ હા કે ના કહે તેં જોઇછ ? "

" તે તો હું કહી શકતો નથી, પણ લીલ્યન કાંઇ એવી હસમુખી કે જરા જરામાં ખડખડ હસે તેવી તો હતીજ નહિ. તે ઘણી સુખી લાગેછ ને—ને અલબત હું તો ધારૂંછ કે—પણ સ્લેડ તુંબી એક વિચીત્ર આદમી છે ! એમ પૂછવામાં તારી મુતલબ શું છે ?"

" નહિ કાંઇ નહિ, અલબત સુખી તો તે હોવીજ જોઇયે. સુખી નહિ કાંય. હોય ? "

*   *   *   *

" લીલ્યનનો રૂમ તો જાણે લગનની સાજવારીને લગતા સામાનનું ગોડાઉનજ બની રહ્યું હતું. ત્યાં મુસાફરીને લગતો બધો સામાન રચી મુકવામાં આવ્યો હતો. આવતી કાલે લીલ્યન પરણીને પોતાના ધણી સાથે બહાર હનીમુનપર જનાર હતી એટલે લગનની તૈયારીમાં તેણીની મુસાફરીની પણ ગોઠવણો આમેજ કરવામાં આવી હતી. બે દાસીઓ ગુંઠણ મરડયે કલાકોના કલાકો બેસી રહી ટ્રંકોમાં કપડાં ગોઠવતી હતી, અને—લીલ્યનની પોતાની 'મેડ' (દાસી) જે જે ચીજો ટ્રંકમાં મુકાતી તેનું એક લીસ્ટ બનાવતી ઉભી હતી. અલબત ઓરત જાત એટલે કામ કરતાં કાંઇક ખી—ખી—ખા—ખા નો ત્યાં ખણખણાટ મચી રહ્યો હતો. પણ જેવું તે ઓરડાનું બારણું ઉઘાડવાનો અવાજ તેઓને કાને આવ્યો કે તે બધીઓ ચુપચાપ થઇ ગઇ. લીલ્યન તે ઓરડામાં દાખલ થઇ અને તે ચાલતું કામ નીહાળતી થોડીકવાર તે ઉભી.

"તમે લોક પૂરૂં કરી રહ્યાં ?" તેણીએ પૂછ્યું.

"હજુ બાકી છે, બાનુ, ને હું નહિ ધારતી કે આટલું બધું આય ટ્રંકોમાં માશે" તેઓમાંની એક બોલી.

"તમારી મદદે કોઇને બોલાવું ?"

"નહિજી, કાંઇ જરૂર નથી. એ કામ ખુશીનું છે એટલે અમને કશો કંટાળો આવતો નથી ને તેથી તેવી કાંઇ તકલીફ તમારે લેવાની કાંઇજ જરૂર નથી."

"ઠીક છે, ખાણાં પછી પાછી હું અહીં આવી જવસ." એટલું બોલી તે ઓરડામાંથી બહાર નીકળી તેણી નીચે ગઈ.

જે રીતનો મામલો ઉપર હતો તેવોજ નીચેબી હતો. નીચેના મોટા ડ્રોઇંગ રૂમ કાલને માટે તૈયાર કરવા ત્યાં બધા નોકરો લાગી ગયા હતા. ત્યાંથી તે બીજા અને નાના ડ્રોઇંગ રૂમમાં ગઈ તો ત્યાંની

ટેબલોપર લગ્નની બધી ભેટો રચી મુકવામાં આવી હતી. તેમાંની કેટલીક તેણીએ હાથમાં લઇ તપાસી અને પછી લાઇબ્રેરીવાળા રૂમમાં તે દાખલ થઇ.

"એ તું છે કે દીકરી લીલ્યન?" સર તેલબોટ જેવણ ત્યાંજ પોતાની માનીતી ખુરશીપર બેઠેલા હતા તેવણ બોલ્યા.

"હા પપાજી એ હુંજ છેઉં." તે બોલી.

"આવ દીકરી અહીં બેસ આટલો વખત તું ક્યાં હતી?"

"આટલો વખત? તમે તો મને બાવાજી જરાબી વહીલી નહિ મુકતા? શું કરૂં? તમે તો બધું એવું કરી મુક્યુંછ કે કેથે બેસવાનીબી જગ્યા નથી રહી! આયજ ઓરડામાં કોઇ નીરાંતે બેસવા માંગે તો બેસી શકે."

"દીકરી, આય તરફ કાંઇ દર અઠવાડિયે અકેકી લીલ્યન ઉડ્લીનાં લગ્ન થતાં નથીની!" સર તેલબોટ હસીને બોલ્યો "શું છે? ખુબ ધુમચકરી ત્યાં મચી રહીછ કે?"

"ઘણીજ, અને હું દુઃખી એમ થાઉંછ કે તમુને તેથી ઘણી અગવડમાં આવવું પડયુંછ."

"નહિ, નહિ, ઉલટું એ બધું મને ગમેછ. જો તમે લોક બજીદ થઈ મને રોકતાં નહિ હતે તો એ કરતાં દશ ગણી ધામધુમ હું કરતે ને કરાવતે. કાલનો દહાડો મારી જીંદગીનો સૌથી સુખી ગણાવો જોઇયે છે. હા, બસ મેં ખુદા પાસે કરગરીને માગી લીધુંછ કે કાંઇ નહિ તો કાલનો દહાડો જોવાને મને જીવતો રાખે-પછી, કાલ પછી મને ગમે ત્યારે પોતાની દરબારે તે બોલાવી લેય તેની મને જરાબી ચીંતા નથી, હેરોલ્ડ ક્યાં છે? આવ્યો કે?"

"લંડનથી એવણ તો સીધા ડયુકને ત્યાંજ જશે ને હવે ત્યાંજ રહેશે કેની?"

"હા, હા, બરાબર પણ એ આયો હોશે કે?"

"એવણુને તેડવા મોકલ્યું પપાજી?"

અને લીલ્યનના આ સવાલનો તેવણુ કાંઇ જવાબ આપે તેટલાં તો તે ઓરડાનું બારણું ઠોકાયું અને 'અંદર આવો' ના જવાબમાં હેરોલ્ડની ચીઠ્ઠી લઇ એક નોકર અંદર દાખલ થયો, અને તે સર તેલબોટને તેણે આપી.

"હા, લે દીકરી હેરોલ્ડ આવી પુગ્યોછ, ને એ શું? એ શાનો અવાજ?"

"એ તો બહાર પવન નીકળ્યોછ. પપા, પપા રાત ઘણી તોફાની છે."

"બીહી ના દીકરી, સવારે બધું ખુલ્લું થઈ જશે. બધું તૈયાર છે કેની?"

"હાજી."

"વાહ! બધું તૈયાર ને હેરોલ્ડબી આયોછ, મારી આગળ આંવ દીકરી. કાલે તો તુ અહીંથી સીધારતી રહેશે પણ હેરોલ્ડની પરણેતર તરીકે અહીં પાછી વહેલી આવજે; લીલ્યન, અહીં તુંને પાછું આવવા ગમશે કેની?"

"હાજતો પપાજી" અને એટલું બોલી તેવણુના ખભાં પર તેણે માથું મુક્યું અને તે માથું સર તેલબોટ હસ્તા હસ્તા પસવારતા બેઠા.

તેટલાં ઘંટ વાગ્યો. ડીનરની અગાઉ ડ્રેસ કરવાની ચેતવણીનો તે ઘંટ હતો. સર તેલબોટે ચોંકીને પુછ્યું—"ડીયર જમવાનો વખત થયો?"

"નહિ પપાજી, એતો ડ્રેસીંગનો ઘંટ છે, ચાલો હું હમણાં કપડાં બદલીને આઉંછ. આપણે આજે અહીંજ જમશું કેની?"

તેવણે ડોકના લ્હેકાથી "હા" કહી અને તેણીને બહાર જતી જોતાં ત્યાં તેવણ ખુરસીને અઢેલીને બેઠા.

પ્રકરણ ૪૭ મું.

પેલી દાસીઓ લીલ્યનના ઓરડામાં હજી કામેજ વળગેલી હતી અને જેવી લીલ્યન ઓરડામાં દાખલ થઇ તેવી તેણીની અંગત દાસી સીવાય બધીઓ ત્યાંથી વીદાય થઇ. જ્યારે લીલ્યન તૈયાર થઇ કે તે દાસીનેબી તેણીએ બહાર મોકલી દીધી અને ત્યાં બધું વેર વીખર જે પડયું હતું તે તરફ નજર કરતી એકલી તે ઉભી. કાલે તો તેણી પરણી જનાર હતી! આવતી કાલે તે હેરોલ્ડ ઉડલીની પરણેતર અને ભવીષ્યની લેડી થનાર હતી. ખરેખર! ઘણા મોટા જોખમના ભય—પોતાને માટે તેને ઉપજતા ધિક્કાર અને ખુદ તેની નાજુક છાંતીમાં ઉભરી રહેલા પ્યાર વચ્ચે પણ તેણીએ લીધેલા કસમ પાળવાને તે ફતેહમંદ થઈ હતી. જો તેણીની મરહુમ મા જીવતી હતે તો સર તેલબોટ ઉડલીને હાથે તેણીએ ખમેલા ગંભીર ગેરઇન્સાફના આય કરતાં બેહેતર બદલો હવે તે શું ચાહતે ને શું માંગતે? કાંઇજ નહિ! તે હીણાયલી હડધુત થયેલી હીલ્ડા ફેન આજે સર તેલબોટ ઉડલીની અચુક જાહેર થયેલી વારસ દીકરી હતી! "મમાં મેં તમુને આપેલું મારૂં વચન પાળ્યું છે, મારા સોગંદને હું સાચી રહી છેઉં" તે બબડી.

તેટલાં ડીનરનો ઘંટ થયો. તેણી તે માટે તૈયાર થઇને ઉભેલી તો હતીજ પણ તેણીની પાસેનાજ એક ફલાવર વાઝમાંથી ગુલાબનું એક ફુલ લઇ તેણીએ પોતાના વાળમાં ગોઠવ્યું. તે હાલ સ્વપ્નવશ હોય તેમ તેણીને લાગતું હતું. હમણા સુધી તેણીનું ધ્યાન ઠેકાણે હતું, પણ જેવો ડોસન સ્લોડનો ફીક્કો અને કરમાયલો ચ્હેરો તેની

સામે રજુ થયો કે તેણીએ પોતાનાં મનનું સમતોલપણું ખોઇ દીધું. ને એમને એમ તે ચ્હેરો તેણીની સન્મુખ કેટલી વખત દેખાયો હતો ! રાત્રે જ્યારે બધું શાંત હતું તે વખતે ઘડી ઘડી તે ચ્હેરો તેણીની નજરે આવતો અને ઘડી ઘડી તેનો અવાજ તેણીને સંભળાતો હતો. હા ! તેણી પોતે લીધેલા સોગંદને સાચીજ રહી હતી. તેણીને ખબર હતી—તેણીની ખાત્રી હતી કે ડોસન સ્લેડ તેણીને ઘણા જોરાવર પ્યારથી ચાહતો હતો, તેણી વળી એમબી જાણતી હતી કે તે પોતે ડોસન સ્લેડને ચાહતી હતી અને તેને પણ તેના જેટલાજ જોરાવર પ્યારથી તે ચાહતી હોવાથીજ તેણીએ તેની સાથે પરણવાનું નામુનાસેબ વીચાર્યું હતું, કેમકે તેણી હાલ જે કહેવાતી હતી તે તેણી ખરેખર હતી નહિ. તેણી ઠગારી હતી, તેણી એક **ખુબસુરત મક્કાર** હતી અને આયંદે તેનો ફેજ શું થશે તેથી ડરી જઇ પોતાની નામોશીમાં તેનાં નામને પોતાનાં નામની સાથે નામોશીમાં નહિજ ઘસડવાના કારણથી તેણીએ તેને કશીજ મચક ન આપી હતી. હેરોલ્ડની તો વાતજ જુદી હતી. હેરોલ્ડ ઉડલી ખાનદાનનો વારસ હતો અને તેની ઉપરનો કીનો લેવાનું તેણીએ પોતાની માને વચન આપ્યું હતું, અને એકવાર તેણી તેને પરણી કે પછી તેમાં જોખમ કશોજ નહતો.

તે હવે બહાર નીકળી અને તેણીનાં મનની તે વખતની હાલત એવી હતી કે બહાર ઘોંઘાટ મચાવી રહેલા પવનના સુસવાટાના અવાજે ચોકીને તે દાદર ઉપર એક પળ ચુપ ઉભી કે આગળ કરતાં વધુ જોરાવર પવનનો સપાટો આવ્યો અને તે તરફનાં બારી બારણાં ધ્રુજી ખડકી રહ્યાં અને તેજ વખતે સર તેલબોટ તેણીનું નામ દઇ તેણીને બોલાવતા હોય તેમ તેણીને કાંઈ લાગ્યું. તે અવાજ પેલી પીક્ચર ગેલરીમાંથી આવ્યો હતો. તે એટલી બધી બીધી અને જરા

સરખા અવાજે બીહીવા જેવીજ હાલ તેણીની હાલત હતી કે બીછ-રનો કઠેરો પકડી તે ઉભી. વળી પાછો તેણીનાં નામનો પુકાર તેણીને સંભળાયો અને તે હવે ગેલેરી તરફ ગઇ અને ત્યાં એક બળતી બત્તીના ઝાંખા ઉજાશે તેણીએ જોયું કે ત્યાં એક સબી આગળ કોઇનો આકાર ઢગલો પુંજો થઇને ત્યાં પડેલો હતો. તે સર લેલબોટનો આકાર હતો. અને તેવણુ પોતાની મરહુમ પરણેતરની પેલી સબી આગળ ગુંઠણુ મંડયે પડી તે તરફ ટીકતા બેઠેલા હતા. ધ્રુજતી લખ-લખતી તે તેવણુ આગળ ગઇ અને ખભાંપર પોતાનો હાથ મુકી તેણીએ પુછ્યું, "પપાજી, શું છે? તમે અહીં કાંય આયા?"

તે ડોસાએ તે પીકચરપરથી પોતાની નજર ખીસાડીજ નહિ પણ પોતાનો ધ્રુજતો એક હાથ તે તરફ લાંબો કરી તેવણુ બોલ્યા—

"ચુપ! જો તે બોલેછ, એ મારી પરણેતર છે. પોતાનાં બચ્ચાંનું મેં શું કીધું તે તે મને પુછેછ."

લીલ્યન તેની આગળ ગુંઠણુ મંડયે બેઠી અને તેને વળગી પડી. તેવણુ મેડ તો નહિ થઇ ગયા હોય? યા તો તેણીને માટે તેવણુને કાંઇ વ્હેમ તો નહિ પડયો હોય? તે તેવણુને ઠગતી હતી. તેનો કાંઇ તેવણુને ઇશારો તો નહીં થતો હોય?

"તેણીનું બચ્ચું" તેવણે પાછો પોતાનો બડબડાટ શરૂ કીધો. "એવણુ તુંને જોઇ શકતાં નથી. જો હેલીના, જો તે અહીં છે, આય તારી લીલ્યન દીકરી, એવણુ તુંને જાણે ઓળખતાંજ નહીં હોય તેમ કેમ જોયછ? નહિ, હેલીના, એની તરફ તું માયાથી જો. હું તારી, તરફ ઘણો ઘાતકી થયો, મેં તુંને ઘણો ગેરઇનસાફ કીધો, પણ મારાં તે પાપનો પસ્તાવો કરી મેં તેનો બદલો વાળી આપ્યોછ. પુછ એને, આય તારાં બચ્ચાંને પુછ કે મેં તેને કેવા અગાધ પ્યારથી ચાહીછ, લીલ્યન, વાત કર, તારાં આય માયજી સાથે તું વાત કર!

તેવણુને કહે કે આપણે બેઉ કેવાં એકમેકના પ્યારમાં સુખી છીએ!" આટલું સાંભળતાંજ તે ખુબસુરત મક્કાર એક ચીચીઆરી પાડી સર તેલબોટના પગ પાસે પડી અને પોતાના બન્ને હાથોએ પોતાની આંખો ઢાંકી નાંખી તે બોલી ઉઠી.

"ઓ ખુદા! ચાલો અહીંથી આપણે જતાં રહીએ. તેવણુ મારી સામે જોતાં નથી, મને ઓલખતાંજ નથી! કેમકે હું એવણુની દીકરીજ નથી!"

"એ શું બોલેછ, મારી દીકરી?" તેવણુ તેની તરફ ફરીને બોલ્યા "તું શું પરણીબી ચુકી? હેરોલ્ડ તુંને શોધી લાયો, તુંજ તેને મલી તો પછી તું પોતે તુંજ નહિ તો કોણુ?" એમ બોલી તેવણે તેનું માથું પોતાના હાથે પસવાર્યું. ત્યાં ચુપકીદી પથરાઇ રહી અને તે અરસામાં સર તેલબોટની શુદ્ધિ ઠેકાણે આવી. તે હવે હુશિયારીમાં આવ્યો અને તેથી લીલ્યનને ત્યાં પડેલી જોઇને તે ચોંકયો હોય તો તેમાં નવાઇ જેવું નહિ હતું.

"લીલ્યન! લીલ્યન! તું અહીં શું કરેછ! શું થયું? ચાલ આવ ડીયર, આપણે અહીં શું કરવા આયાં? અહીં શું કર્યેછ? ને તારી માયની સબી આગળ એ માહેતમ શું કામ જોઇએ? લીલ્યન તે રાત્રે મેં તેણીને ઘણો ગેરઇનસાફ કીધો હતો અને ઘણોજ ઘાતકીપણે તેણીની તરફ હું વરત્યો હતો; જે રાત્રે તેણી અહીંથી જતી રહી તેજ રાત્રે પોતાની સાથે તુંનેબી તે લેતી ગઇ; મેં મારૂં દીલ ઘણું કઠણુ કીધુ ને તુંનેબી મેં ભુલવાની તજવીજ કીધી અને લગભગ તેમાં ફતેહ પામવાનો જ્યારે વખત આવ્યો ત્યારે મને માલમ પડયું કે મેં ભુલમાં ગોથું ખાધું હતું, ને—પણુ હવે ગઇ ગુજરી યાદ કરવાનો આજે વખત નથી. ચાલ ડીયર જમવા જઇએ."

પણુ લીલ્યન ત્યાંથી ડગીજ નહિ. તેણીએ પોતે લાંબેલાં પોઝી-

શાનમાં જે ફેરફાર કીધો તે એટલોજ હતો કે સર તેલબોટના પગ આગળ તેણી પોતાનું માથું મુકી પડી અને બોલી.

"પપા, તમે ખમી શકશો ? ઓ ખુદા ! તમારા પગ પાસે પડેલી આ કમનસીબ કમીની જે કાંઇ કહે તે તમે સાંભળી શકશો ? સાંભળીને ખમી શકશો ? કેમકે મારે તે તમુને કહેવુંજ જોઇએ. મારાથી હવે એ બધું ખમાય તેમ નથીજ."

પેલો બુઢ્ઢો તો ટસટસ્તે ડોળે તેણીની તરફ ટીકતો ઉભોજ રેહ્યો. લીલ્યન એ શું કરતી અને શું બોલતી હતી તેની તેને ગુંચવણ ઘણીજ લાગી. તે હવે બે હાથે તેને પોતાની તરફ ખેંચવા લાગ્યો પણ તેણી કમકમી તેનીથી દુર હઠી ગઈ.

"પપા !" તે બોલી "મારી તરફ જુવો, મારી વાત સાંભળો. મેં જે એક અગાધ પાપ કીધું છે તેનો તમારી આગળ મારે યકરાર કરવાનો છે."

"તેં—મારી લીલ્યન તેં ?"

"હા, મેં—મેંજ, ને મારી તરફ માયાથી ના જુવો, નહિ તો મારૂં જીગર ફાટી જશે, મને લાત મારો—તમારી આગળથી મને હડસેલી કાઢો. કેમકે હું ઠગારી છેઉં. હું તમારી દીકરી લીલ્યન ઉડલી નથી. તમારી પરણેતરની હું દીકરીબી નથી, ને મારો અહીં કશોજ હક્ક નથી. ઓ ખુદા! મને મોત આપ કે—"

હવે તે ડોસો તરખાયો ખરો. તેણીના બોલવાનો મક્કમ અવાજ તેનાં ભેજાંનાં ઉંડાણમાં પેઠો. તેણી તરફ તેણે જોયું અને તેનો પોતાનો ચ્હેરો ઉજળો વાખુ થઇ ગયો.

"તું શું કહેછ ? હું દીવાનો છેઉં કે આય કંઇ સ્વપ્નું જોઉંછ ? લીલ્યન, દીકરી, મારી આગળ આવ કે હું તુને પસ્વારૂં."

"નહિ, ઓ નહિ ! મને તમે હાથ લગાડી અડકવા જેટલી

હું પાક કે સાફ નથી. તમારા વિશ્વાસનો–તમારા પ્યારનો મેં ભંગ કીધોછ. તમારી પરણેતરનું હું બચ્ચુંજ નથી. લેવો હવે તો મને મહેરબાની કરી તમે ઠોકરે મારો ?"

"એમ ? ત્યારે તેની દીકરી ક્યાં છે ?"

"ગુજરી ગેઈ." લીલ્યન બોલી.

"ગુજરી ગેઇ ? ગુજરી ગેઇ ! ત્યારે તું કોણ ? તું તો મને હમણા સુધી પપા કરીનેજ બોલાવતી'તી, ત્યારે તેબી જુઠ્ઠા ઢોંગજ હતા કે ?"

"નહિ, તમારી હું દીકરી છેઉં ખરી, પણ તે તમારી હીણા-ચલી–તમે તજી દીધેલી—"

"બસ, બસ" તેવણે તેને આગળ બોલતી અટકાવી, કેમકે હવે તેવણને બધી વાતની કાંઇક સમજણ પડેલી લાગી "ચાલ ઉઠ મારી દીકરી" તેવણ બોલ્યા "તું જે કહેશે તે સાંભળવાની હવે મારામાં શક્તિ છે. ચાલ, આવ."

એક ચીસ સમેટ તે તેને વળગી પડી "પપા મને હડસેલી ના કાઢતા, મને તજી ના દેતા."

"ચાલ આવ, અહીં બેસ" એમ કહીને તેવણે તેને પ્યારથી પસવારીને બેસાડી. એમ તેઓ બંને કોણ જાણે કેટલોક વખત બેશી રહેતે પણ તેટલાં ત્યાં એક નોકરે આવીને ખબર આપી કે "ડયુક સાહેબ લાઇબ્રેરીમાં સર તેલબોટને મળવા ખોટી છે."

"ડયુક ? ચાલ દીકરી આપણે તેવણ આગળ જઇયે" અને તેણીના જવાબની કશીબી રાહ જોયા વગર તેણીના હાથમાં પોતાનો હાથ ભેરવી તેઓ–બંને નીચે ઉતર્યાં. લાઇબ્રેરીવાલા ઓરડા આગળ આવી લીલ્યન અટકી ઉભી પણ સર તેલબોટે તેણીની તરફ એવી કાલાવાલાની ઢપે જોયું કે તે તેવણ સાથે બારણું ઉઘાડી અંદર દાખલ થઇ.

પ્રકરણ ૪૮ મું.

ડ્યુક તે ઓરડામાં સર તેલબોટની રાહ જોતો આમતેમ લટાર મારતો હતો. તેનો ચ્હેરો ઉશ્કેરાયલો અને ફીક્કો મારી ગયલો હતો.

"સર તેલબોટ—લીલ્યન" તે તેઓને અંદર આવતાં જોઈ ઉભો રહી બોલી ઉઠયો "જેવી મારે માથે આજે એક મુશ્કેલી આવી ઉભીછ તેવી મુશ્કેલી હું તમને ખાત્રી આપુંછ કે મેં કોઇ વખત અનુભવી નથી; ને લીલ્યન તેબી આવે વખતે? ને મને તો ખાત્રી-જ છે કે તે કાંઇ ભુલમાં ગોથું ખાયછ અને તેમ હોશે તો તે કાંઇ સજામાંથી છટકવાનો નથી. હવે મારે કરવું શું તેની મન સમજ પડતી નથી." ને તેનું આ બોલવું તે બન્ને બાપ દીકરીને કયાં સમજ પડતું હતું? કેમકે તેઓ રખે ડ્યુકનું કાંઇ મગજ જોખમાયું હોય તેની ધારતી કરતાં તેની તરફ ડાચું વકાસી ટીકીને જોતાં ઉભાં હતાં! "મારે તમોમાંથી એકનેજ એ વાત કહેવી છે, પણ તે કોણ એકને કેહું? સર તેલબોટ, એક ઘાતકી મશ્કરી ખમવા જેટલી તમારામાં કાયનાત છે?"

"પણ છે શું? તમે બેસો તો ખરા" સર તેલબોટ બોલ્યા "શું થયું?"

"ઘણું બુરૂં—પણ હું ઉપાય શું લેઉં?"

"પણ શું બુરૂં? શાનો ઉપાય?" બાદ લીલ્યન તરફ તેવણે ફરીને પુછ્યું "એ એવણ શું કહેછ?"

"જો લીલ્યન મહેરબાની કરી તું જરા બહાર જશે કેમકે—"

"નહિ, કદી નહિ." સર તેલબોટ લીલ્યનને બાજુમાંથી ચપ્પટ પકડી રાખી બોલ્યા "એને તો હું કદીબી બહાર જવા નહિ દેવાનો."

"પણ ત્યારે—લેવો સાંભળો, પણ જુવો તમુને બેઉને કહી મુકુંછ કે તે એક ખાલી મજાકજ હું સમજુંછ. જુવો એક કલાકની

વાત પર એક દીવાનો સખ્સ મારી આગળ આવ્યો ને આય આપણી લીલ્યને વાસ્તે મને કાંઇ ભલતું ભલતું કહેવા લાગ્યો. તે કહેછ કે—ચાલો હવે હશો જોઉં;—આય લીલ્યન તમારી દીકરીજ નથી ને—"

"તે રાસ્કલ જુઠો છે!" સર તેલબોટ બોલી પડયા અને એટલું તો જોશમાં તેવણુ બોલ્યા કે ડયુક ચોંકયો.

"હા, હા, અલબત્ત દીવાનાઓ ક્યારે સાચું બોલે? ને મેં તેને ખુલ્લું એમ મોંઢાપર કહી દીધું. પણ દીકરી! શું છે? એટલી ગભરાયછ શાની? એવું જાણતે તો એ વાત તમારી આગળ આજે કરતેજ નહિ!"

"પછી, પછી? આગળ ચલાવો." સર તેલબોટ બોલ્યા.

"ને તે બીચારાનાં મગજમાં કાંઇ એવોજ ધખારો છે કે દીકરી લીલ્યન એક ઠગારી છે; એ લેડી ઉડલીની છોકરી નથી પણ એક નાટકકાર—પણ નહિ, એવી વાહીયાત વાત કરી હું મારી પોતાની અક્કલને હીણું લગાડુંછ!"

"નહિ, નહિ. બોલો પછી તેણે શું કહ્યું?" સર તેલબોટે વળી બેહોંશ કીધી.

"તે કહેછ કે લીલ્યન તો હીલ્ડા ફ્રેન નામની એક નાટકકાર છે તેની તેની પાસે સાબેતી છે, પણ એ મજાકનો રસીલો ભાગતો ત્યારેજ આવેછ કે જ્યારે તે કહેછ કે લીલ્યને—આય ગરીબ ગાય જેવી દીકરીએ ખરી લીલ્યન ઉડલીને અમેરીકાના એકાંત જંગલમાં મારી નાંખી! જીંદગીમાં મગજનો આવો ધખારો તમોએ સાંભળેલો?"

"પણ તેથી તમુને તે કહેવા શું માંગેછ?"

"તે આય લીલ્યનને પકડવાનું મારી પાસે વારંટ માગતો આયોછ."

"ને તમે તે આપ્યું કે?"

"નહિરે, હું આપું? મેં તેને કહ્યું કે તુરત તે ત્યાંથી ચાલી

નહિ જશે તો તેને લાત મારીને હાંકી કહાડવામાં આવશે."

"પછી?"

"પછી તે બદમાશે—કેમકે મૂર્ખ કરતાં તે મને તો બદમાશ વધારે લાગેછ—તેણે પોતાના તે વાહીયાત બકબકારાની સાબેતીમાં એક નોંધ પોથી દેખાડવા માંગી ને—" પણ ડયુક અહીં આગળ બોલતો અટકી પડયો, કેમકે તેને કાને બાહાર કોઇનાં આવતાં પગલાંનો અવાજ આવ્યો. જરાવારમાં તે લાઇબ્રેરીનું બારણું ઉઘડયું અને અંદર હેરોલ્ડ, જેરાલ્ડ અને એક બીજો શખ્સ દાખલ થયા. પેલો છેલ્લો આવેલો શખ્સ હવે તે બધાંઓની સામે બરાબર આવીને ઉભો.

"લેવો સાહેબ આય નેકનામ અહીંજ આવી લગાછ." તેને જોઇને ડયુક બોલ્યા. તે શખ્સ—જે કોઇજ નહિ પણ પેલો મી. રોબર્ટ ગ્રીન હતો તે બધાંઓ તરફ જોઇને નમ્યો અને બોલ્યો,

"માફ કરજો સાહેબો, પણ ડયુક સાહેબ તમે આવીને બધું કહો તેના કરતાં તે હું પોતેજ તમને કહું તે બેહેતર સમજી મેં અત્રે આવવાની જરૂર વીચારી છે, ને તેથી મી. હેરોલ્ડ અને આય" જેરાલ્ડ તરફ ડોકીયું કરી બતાવીને "મારકીસ સાહેબને મારી સાથે આવવાની મેં તકલીફ આપી છે."

જેવો તે બોલી રહ્યો કે જેરાલ્ડ અને હેરોલ્ડ બંને લીલ્યન આગળ આવી ઉભા અને હેરોલ્ડે લીલ્યનનો હાથ પોતાના હાથમાં લીધો, પણ તેણીએ ઝટ તે પાછો ખેંચી લીધો.

પેલા મી. રોબર્ટ ગ્રીનની નજરથી આ ખેંચતાણ છુપી રહી ન હતી.

"મારે ગૃહસ્થો, જે ફરજ બજાવવાની છે તે બધાંને અણગમતી તો થઈ પડશેજ પણ મને આશા છે કે—નહિ, મને સંપુર્ણ ખાતરી છે કે તમો સાહેબો ખરા ગૃહસ્થ આશામીઓ છેવો અને

તમારી સન્મુખ પોતાની ફરજ બજાવવા ઉભેલા એકને—કોઇ રીતે તમો હેરાન કરશો નહિ."

"સર તેલબોટ, હું એક ડીટેકટીવ છેઉં, પણ હાલ પ્રાઇવેટ એજન્ટ તરીકે કામ કરૂં છું. તમારી ખોહોવાયલી દીકરી મીસ લીલ્યન ઉડલીને શોધી કાઢવાનું કામ તમારા વકીલો મારફતે મેં માથે લીધું હતું. હું અમેરીકા ગયો હતો, મેં લેડી ઉડલી અને તેવણની દીકરીનો પતો મેળવ્યો; લેડી ઉડલીનાં મરણની સર્ટીફીકેટ મેળવી અને તેની દીકરીની શોધમાં હું જનાર હતો તેટલાં મને ખબર મળી કે મી. હેરોલ્ડ ઉડલી અમેરીકા આવ્યા હતા અને તેવણને તે દીકરી મળી આવ્યાથી તેને લઇ ચાલતા થયા હતા. પછી તુરત હું ઇંગલાંડ આવ્યો નહિ, કેમકે એક મેલકોચ કું. એ મારા હાથમાં સોંપેલા કેસથી ત્યાંજ હું રોકાયો. તે કેસમાં ઘટતી તલાસ કરતાં મને માલમ પડયું કે જે મેલકોચ લુટવાનો કેસ મારા હાથમાં હતો તેજ મેલ-કોચમાં સર તેલબેટ ઉડલીની દીકરીબી મુસાફરી કરતી હતી અને તેજ મેલકોચમાં એક બીજીબી છોકરી હતી. તે બીજી છોકરી એક નાટકકાર હતી. જેણે પોતાની ખુબસુરતી અને ફક્કડ એકટીંગથી આખાં સેનફ્રાન્સીસ્કોને હલમલાવી મુકયું હતું, અને જે ત્યાંથી ભેદભરેલી રીતે એકાએક ગુમ થઇ ગઈ હતી. તેણીનું નામ હીલડા ફ્રેન હતું. હવે મને મેલકોચ લુટનારાઓમાંનો એક જણ મળ્યો ન હતે તો હું તે વાત ઉપર ઝાઝું ધ્યાન આપતે નહીં. મારાં પેલાં બીજાં કામના બાબદમાં મેં તેને મારો શાક્ષી બનવાને લલચાવ્યો હતો, અને તેણે મને કહ્યું કે એક કંગાલ ઝુંપડાંમાં બે છોકરીઓ હતી જેઓનું તેણે મને વર્ણન આપ્યું. તેઓમાંની એકને જખમ થવાથી મરવા પડી હતી અને તેજ, પેલાએ મને આપેલાં વર્ણન પરથી મેં માન્યું કે લેડી ઉડલીની દીકરી હોવી જોઇએ તેણીની સાથે

જે બીજી હતી તે મેં તેણીનાં મને મળેલાં વર્ણુન પરથી જાણ્યું કે હીલ્ડા ક્રેન હોવી જોઇએ. તે શખ્સ તે બંનેને એક ગમ ભરાઇને જોતો ઉભો હતો, કેમકે તેને પોતાને તે ઝપાઝપીમાં જખમ થયો હતો, અને તે પોતે તે ઝુંપડાંમાં આશરો લેવાને આતુર હતો. તેણે તેઓની હીલચાલ બારીકીથી તપાસતાં પેલી તેની આગળ બેઠેલીને એક ચોપડી જેવું કાંઈ આપેલું તેણે જોયું. બાદ તેને દુઃખની એક ચીચ્યારી સંભળાઇ અને પેલી બેઠેલી છોકરી ઝુંપડાંમાંથી બહાર દોડી ગઇ. તુરત તેથી તે ઝુંપડાંમાં દાખલ થયો અને પેલી મરવા સુતેલી છોકરી જે ખરી લીલ્યન ઉડલી હતી તે તેને મળી આવતાં મારા શાક્ષીએ આખી રાત ત્યાં રહેવાની દરકાર કીધી નહિ, અને તે તે ઝુંપડાંમાંથી બહાર આવ્યો, પણ તે અગાઉ તેણે તે છોકરીનો ચ્હેરો ઘણાજ ધ્યાનથી ધારી ધારીને જોઇ લીધો હતો, અને એકાદ પખવાડીયાં પછી તેણે તે ચ્હેરાનું વર્ણુન મારી આગળ કીધું, પણ મીસ ઉડલી મળ્યાની અને મી. હેરોલ્ડ સાથે તેવણુ જવાની વાત મારે કાને આવેલી હોવાથી મેં તેની વાત ઉપર ઝાઝું ધ્યાન આપ્યું નહિ અને તે છતાં મેં જોયું કે હવે જે છોકરીની મારી આગળ તે વાત કરતો હતો તે હવે મરીબી ગઇ હશે એટલે તેવી બાબદમાં મેં વધુ પછાડા માર્યા નહિ. ત્યારબાદ હું ઈંગ્લાંડ આવ્યો, અને કુદરતીજ મીસ લીલ્યન ઉડલીને નજરો નજર જોવાની મને જીજ્ઞાસા થઇ અને હું અહીં આવ્યો. મેં આય" લીલ્યન તરફ આંગળી કરી બતાવી તે બોલ્યો "છોકરીને જોઇ ને તુરતજ મારૂં માથું ઠણુક્યું કે તેણીનો દેખાવ અને ચ્હેરો મને લીલ્યન ઉડલીના ચ્હેરા અને દેખાવનાં મળેલાં વર્ણુન સાથે મળતો આવતો નહતો. મને વ્હેમ ગયો, બાદ ડયુકને ત્યાં પેલો નાટક થયો અને મેં આ ચોપડી મેળવી; આય ચોપડી ખરી લીલ્યન ઉડલી પાસે હોયજ નહીં, કેમકે, તે તો તેણીએ પેલી હીલ્ડા

ફ્રેનગે આપી હતી !" એમ કહી તે નોટબુક તેણે હાથમાં પકડી બધાંની નજર સામે ધરી. લીલ્યન તે જોઇને ચમકી અને તેણીનો ચ્હેરો જખમી થયેલી વાઘણના જેવો થઇ રહ્યો !

"એ નક્કી થયું એટલે હવે સર તેલબોટ તમારી પાસે બેઠેલી હીલ્ડા ફ્રેનને માટે હું વારંટ માંગતો અહીં આવ્યોછ."

"શું વાંકસર તમને વારંટ જોઇયેછ ?" સર તેલબોટે પોતાના મગજનું સમતોલપણું—ઘણું અજબ જેવું છે કે—સાચવી રાખીને તેને પુછયું.

"જાણી જોઇને ખૂન કરવાના વાંક માટે."

"જાણી જોઇને ખૂન ! એતો ઘણોજ ગંભીર વાંક કહેવાય ! તમારી પાસે કાંઇ શાક્ષી નથી. તમે કહોછ કે જે છોકરી જખમી થઇને પેલાં ઝુંપડાંમાં પડી હતી તે તો ગુજરી ગઇ, ખરૂં કેની ? ત્યારે મારીથી તમોને વારંટ ખૂનના વાંક માટે અપાયજ નહિ."

"ત્યારે ખોટી સહી કરવાનાં વાંકનું વારંટ મને આપો. આય હીલ્ડા ફ્રેને બેંકની બુકમાં લીલ્યન ડડલીની સહી કીધી છે."

"તેબી નહિ ચાલે, કેમકે મેં એને મારી કરી લીધેલી દીકરી તરીકે તે સહી કરવાની સત્તા આપી હતી. સાહેબ બધી બાબદમાં તમે ઘણું ગંભીર ગોટું ખાધું છે. આય જવાન છોકરી મારી પોતાની દીકરી છે. એવણને મેં લીલ્યન ડડલીનું નામ ધારણ કરવાની રજા આપી છે. બીજું શું કહેવુંછ, બોલો."

મી. ગ્રીન તદન ફીકકો મારી જઇ ત્યાં ઉભોજ રહ્યો, તે છતાં તે બોલ્યો.

"સર તેલબોટ, જો ઇન્સાફજ તમે કરવા બેઠા હોવ તો મને ઠગવાનું છોડી દઇ ઇન્સાફ કરો. જુવો, એ છોકરીનો ચ્હેરોજ જુવો, મેં ખૂનના વાંકથી હાથ ઉઠાવ્યો એમાં મારી ભુલ હતી. તે

વાંકસર જો તમે મને નહિ વારંટ આપશો તો મારે તેને લગતી અરજ ડયુક આગળ કરવી પડશે. ડયુક સાહેબ, લીલ્યન ઉડલીનાં ખૂનના વાંકસર હીલ્ડા ફેનને પકડવાનું મેહેરબાની કરીને મને વારંટ આપો. ”

ત્યાં એક ટાંચણીબી પડે તો તે સંભળાય તેવી ચુપકીદી પંથરાઈ રહી. અને ડયુક પેલાની માંગણીનો ઘટતો જવાબ કરે તેટલાં તો તે ઓરડાનું અળગું બંધ કીધેલું બારણું ઉઘડયું અને ડોસન સ્લેડ અંદર આવ્યો.

“ સર તેલબોટ, જે ઇનશાન હજી હૈયાત હોય તેનાં ખૂનના વાંકસર તમે વારંટ કેમ આપી શકો ? તમારી દીકરી લીલ્યન ઉડલી હજી હૈયાત છે. લેવો તેને ! ” એટલું બોલી તે જરા બાજુ હટયો અને તેની પછવાડે બ્હીતી ધ્રુજતી ઉભેલી ઇથલ નોર્થને તેણે આગળ ખેંચી બધાંઓ સન્મુખ રજુ કીધી.

પ્રકરણ ૪૯ મું.

ડોસન સ્લેડે ઇથલ નોર્થને આગળ હડસેલી તેને સર તેલબોટ ઉડલીની દીકરી તરીકે રજુ કીધી કે ત્યાં જમા થયલાં બધાંઓનાં ડાચાં જોવા લાયક થઇ રહ્યાં. ફીક્કાફચ ચ્હેરા સાથની અને આખે આંગે ધ્રુજી રહેલી ઇથલ પાછી બે કદમ પાછળ હઠી અને પછી આંખ ઠેરવીને જોતાં જેવી તેણીની નજર તેની જીંદગીએ હમણાં સુધી જીવેલી પેલી છોકરી ઉપર પડી કે તે તેની તરફ દોડી જઇ તેને ભેટી પડી.

“ ઓ, તમે મને નથી ઓળખતાં ? ” તે બોલી “ તમે મને ભુલીજ ગીયાં ? એવણે તો મારી જીંદગી બચાવી'તી ” આ છેલ્લા શબ્દો તેણી સર તેલબોટ તરફ જોઇને બોલી અને પછી ત્યાં ઉભેલા

બીજાં બધાંઓ તરફ પોતાની નજર ફેરવી તેણીએ ઉમેર્યું કે—

"એવણેજ મને બચાવી'તી. એવણ એકલાંજ કોઇનીબી મદદ વગર મને ત્યાં ઝુંપડામાં ઉંચકી લાયાં અને ત્યાં મારી પાસેજ મારી સારવાર કરતાં બેઠાં હતાં. હા, એવણેજ મારો જીવ બચાવ્યો કહેવાય." અને પછી બધાંઓને દીગમુઢ થઇ ઉભેલાં જોઇને તે બોલી "આજે બધાં તમે એમ ગભરાઇને કાંય ઉભાંછ ? શું છે ?" અને પછી સ્લેડ તરફ જોઇ તેણીએ પુછ્યું "તમે મને અહીં કાંય લઇ આયા ?"

લીલ્યન–યા તો તેણીને હવે આપણે ખરે નામે બોલાવીયે તો હીલ્ડા ફેન–નું તો મન એવું થયું કે ત્યાંથી સટકીને તે કયે જતી રહે, પણ ઇથલે તેણીને બગલગીરીમાં એવી મજબુત પકડી હતી કે તેનીથી તેમ બનવું મુસ્કેલ હતું.

ઇથલે સ્લેડ તરફ જોઇને પુછેલા સવાલના જવાબમાં સ્લેડ હવે બહાર આવ્યો. તેને તેમ કરવાને બને માટે હેરોલ્ડ અને જેરાલ્ડ જરા પાછળ હઠયા; સ્લેડે ઇથલનો હાથ પકડયો અને લીલ્યનને તેણીની બગલગીરીમાંથી છોડવી તેણીને સર તેલબોટ જયાં બેઠા હતા ત્યાં લઇ આવ્યો અને બોલ્યો—

"હું તમુને તમારા બાપ પીતાજી સાથે મેળવવા લઇ આયો–તેવણ આગળ તમે જાવો, તેવણને મળો."

ઇથલ નોર્થ–યાતો હવે–મીસ લીલ્યન ઉડલીએ આસપાસ ફરીને જોયું અને પછી એકદમ એકાએક તે જયાં ઉભી હતી ત્યાંથી ઉછલી એક ચીસ સમેત તે સર તેલબોટના પગ આગળ બેસી પડી.

તે બુઢ્ઢાએ તેણીને બેઉ હાથે બાજુમાંથી પકડી તેણીને પોતાની આગળ ખેંચી, જેમ કરતાં અલબત્ત તે બુઢ્ઢાને ઇનસાફ આપવા ખાતર કહેવું જોઇએ કે અણુજાણપણે તેણે હીલ્ડા ફેનને બાજુ કીધી.

"મારી દીકરી" તે બડબડયો "મારાં વહાલાં બચ્ચાં !"

અને બન્નાંઓ તે બાપ બેટીના મેળાપ તરફ એકી ટગરે જોતાં ઉભાં હતાં તે વખતે તે તકનો લાભ લઈ પાછલે પગે ચાલી હીલ્ડા ફેન બહાર નીકળી પડી, અને જેવું તેણીએ બારણું બંધ કીધું કે ફક્ત સ્લેડનું ધ્યાન તે ઉપર ખેંચાયું, અને તેબી પોતે બહાર નીકળી પડવા જતો હતો પણ તેને તેમ કરતાં જેરાલ્ડે પકડીને અટકાવ્યો.

"નહિ, તમે તેની પછવાડે ના જતા. તમે અહીંજ થોભો, કેમકે મારે કાંઈ કહેવું છે." જેરાલ્ડ બોલ્યો અને પછી સર તેલબોટ આગળ આવી તેવણના ખભાંપર હાથ મુકી તેણે પુછયું "સર તેલબોટ, તમે તેને ત્યારે વીસારી મેલી કે?"

"વીસારી મેલું? તેને? હું?" તે ડોસો બોલી ઉઠયો "કયાં છે? તે મારી લીલ્યન કયાં છે?"

"જરા બહાર હવામાં ગેઇછ તે થાકી ઘણી ગેઇ હોસે. હું જઇને હમણાં તેને લઇ આઉંછ, પણ તમે તમારો બોલ ભુલી તો નથી ગીયાની. સાહેબ?"

"ખચ્ચીતજ નહિ" તે ડોસો ઉશ્કેરાઇને બોલ્યો "હું ભુલી જાઉં? તે શું મારી દીકરી નથી? તમે બધા જાણોછ કે તે મારી દીકરી છે. આયબી મારીજ દીકરી થાય." એમ બોલી એક બીધેલી હરણીની અદાથી તેનાં પાસાંમાં ભરાયલી તે ઇથલનું માથું પસવારી બોલ્યો, "મારી દીકરી તુને તારો બાપ મળ્યોછ એટલુંજ નહિ પણ તુને તારી બેહેનબી મળીછ, વાસ્તે ખુશાથી જા, તું જા ને લઇ આવ તેને! ગૃહસ્થો એક ઘરડા માણુસની નબળાઇ તમો સાહેબો દરગુજર કરજો" એમ બોલી તે પોતાની ખુરસી પર અરડાઇને અઢેલી પડયો અને થોડોક વાર આંખે હાથ દેઇ એમ બેસી રહ્યો. "એ નબળાઈ નહિ તો બીજું શું? આજે મને ખુશી થવાનું ખરૂં કારણ છે. હેરોલ્ડ, જવાનીમાં હું એક ખરાબ આદમી

હતે, અને મારાં તે ખરાબ કામનો મને આવો બદલો મળે તે મને ઘટતો નથી. મેં એક નહિ પણ બન્ને નિર્દોષ અબલાઓને નુકશાન પહોંચાડયું હતું. તે બેઉ મારાં બચ્ચાંઓની માયો હતી. તેઓને મેં કીધેલા ગેરઇનસાફનો બદલો તેઓનાં બચ્ચાંઓ પ્રત્યેના મારા પ્યારથી હું વાળી આપસ—" એટલું બોલી તેણે ખુરસીની પછવાડેની બેઠક ઉપર પોતાની ડોક નાંખી દીધી.

"ઓ બાવાજી—મારા વહાલા બાવાજી" કરીને ચીસ પાડી ઇથલ તેને વળગી પડી. હેરોલ્ડે દોડી આવી ખુરસીપર અરડાઇ પડેલું તે હલકું ફુલ જેવું બદન પોતાના હાથમાં ઉંચકી બરાબર ગોઠવ્યું અને ગમનું એક ડચકું ખાઇ તે પોતાના બાપ તોલના કાકાની આગળ માથું નમાવી ગુંડણ મરડયે પડયો. ડયુકે એક તડાકે જોઈ લીધું કે તે સર તેલબોટ એવે જગ્યે ચાલી ગયા હતા કે જ્યાંથી કોઈદી પાછું ફરાતું નથી, તેથી દયાનું એક ડચકું ખાઇ તેણે હળવેથી ઇથલને તેના બાપનાં પાસાંમાંથી છુટી કીધી.

ડોસન સ્લેડ હવે ગુપચુપ ત્યાંથી બહાર નીકળી ચાલ્યો, જેવો તે હોલમાંથી પસાર થતો તેવોજ તેણે પેલા મી૦ રોબર્ટ ગ્રીનને પાછલે બારણેથી બહાર નીકળતો જોયો. એ બધી ધામધુમ શું હતી તેની ચિંતાથી આતુર બની નોકરો લાઇબ્રેરીવાળા ઓરડામાં એકઠા થયા હતા જેમાંથી લીલ્યનની દાસીને જોઇ કાઢી તેને પોતાની પાસે બોલાવી તેણે હુકમ કીધો.

"તારાં બાઈ પોતાના રૂમમાં ગીયાંછ, તું તેવણુ આગળ જા અને તેવણુને કહે કે મી૦ સ્લેડ તમુને એકલાંજ મળવા માંગેછ. જા જલદી, ને જવાબ મને કહી જા, હું અહીંજ ઉભોછ."

"પેલી દાસી રડમસ ચહેરે ઉપર દોડી ગઇ, અને સ્લેડ" હાથમાં ઘડીઆળ લઇને ત્યાં ઉભો. તેટલાં લાઇબ્રેરીનું બારણું ઉઘડયું અને

હેરોલ્ડે ત્યાં આવી એક ડાક્ટરને તેડી લાવવા નોકરને દોડાવ્યો. તે સ્લેડને દાદર આગળ ઉભેલો જોઇને ચોંકયો.

"લીલ્યન કયાં છે ?" તેણે તેને પુછયું. સ્લેડે આંખની ઇસારતથી તેને ઇસારો કરી જણાવ્યું કે તે ઉપર હતી; અને હેરોલ્ડ ઉપર દોડી જવા કરતો હતો પણ સ્લેડે તેનાં ખભાંપર હાથ મુકી તેણે અટકાવ્યો અને બોલ્યો—

"નહિ મી૦ ઉડલી, હમણાં નહિ. મારે જરા તેને એખલુંજ મલવુંછ."

હેરોલ્ડે ગુસ્સાથી હોઠ ફરડયા; જેને તે આવતી કાલે પરણવાનો હતો તેના સંબંધમાં સ્લેડ તેને સલાહ આપનાર કોણ, એમ તેણે વીચાર્યું.

"મી૦ ઉડલી, તમને જોઇને હાલ તુરત તે રાજી થશેજ નહિ. તમે તેનો સબબ સમજી નહિ શકતા ? તમારી પીત્રાઇ પેલા ઓરડામાં છે. તમારે તેની સંભાળ લેવાની છે. હું મીસ ફેનની બધી વાતે સંભાળ લેવસ."

"તમે ? ને તમે કાંય ?"

"કારણ કે હું તેને ચાહુંછ. કારણ કે તમે તેને જોઇ તેની આગમથીજ હું તેને ચાહતો હતો. તમે મારૂં માનો તો એ તકરાર છોડી દેવો મી૦ ઉડલી."

હેરોલ્ડ હજી સ્લેડે કહ્યું તેમ કરતાં અચકયો, પણ પછી લાયબ્રેરીવાળા ઓરડા આગળ ગયો અને તે ઉઘાડી અંદર જવા અગાઉ સ્લેડ તરફ તે જોઇને બોલ્યો. "મને ઘણી ગુંચવણ પેદા થાયછ, મને કાંઇ સુઝતું નથી. પણ—પણ મી૦ સ્લેડ તમે મેહેરબાની કરી તેવણુને કહેશો કે મેં આપેલો બોલ હું પાછો ફેરવનાર નથી, તેણીનો અદરાયલો ખાવીંદ હજીભી છેઉં."

"હા, તે હું એવણુને જરૂર કહેવશ."

તેટલાં લીલ્યનની મેડ નીચે સ્લેડ ઉભો હતો ત્યાં ઉતરી આવી અને બોલી—

"સાહેબ, મીસ લીલ્યન પોતાના રૂમમાં નથી. તેવણુ ઉપર કયે નથી. ને–ને–તેવણુનો કોટ અને ટોપીબી કયે નથી."

ડોસન સ્લેડ ત્યાંનાં હેટ સ્ટેડપરથી પોતાની ટોપી ઉચકી લઈ ઝટ બહાર દોડયો અને જરા વારમાં તબેલા તરફ આવી પહોંચ્યો, જ્યાં મી૦ ગ્રીન એક હાથમાં બત્તીનું ફાનસ પકડી ઉભેલો તેને મળ્યો. ડોસન સ્લેડને જોઇને તે કાંઇક ખીજવાયો.

"કેમ સાહેબ ?" તો પણુ તેણે સ્લેડને સવાલ કીધો. સ્લેડે કશોજ જવાબ તેને આપ્યો નહિ, પણુ એક ડોગકાર્ટ જે ત્યાં એક કાચ્ચમેન જોડવામાં રોકાયલો હતો તે તરફ આતુર નજરે જોતો તે જાણે તેને માટે તૈયાર થતી હોય તેમ ઉભો. તે ડોગકાર્ટ તૈયાર થઇ કે મી૦ ગ્રીન તેપર કુદી બેઠો. સ્લેડબી તુરત તેની પાસેની બેઠકપર કુદ્યો અને પેલા મી૦ ગ્રીને તે ગાડી જે ચાલવા માંડી હતી તે ઝટ ઉભી રાખી.

"તમે જાણોછ, મી૦ સ્લેડ કે આય મારી ગાડી છે ને હું જવાનો છેઉં."

"સ્ટેશનપર ? ને મારેબી ત્યાંજ જવુંછ, તમે હાંકો નહિ તો લગામ મને આપો, કેમકે, ખાલી વખત કાઢવાનો આ વખત નથી. લાવો ફાનસ હું પકડું, તમે બરાબર બે હાથે હાંકો." તે ડીટેકટીવે પોતાના હોઠ પીસ્યા પણુ કરે શું ?

"તમેબી સાહેબ ઠંડા પાણીનું માટલું છેઓ." તે સ્લેડ તરફ જોઇને જરા હસીને બોલ્યો "હું ધારૂંછ પેલી છોકરી નાહસી ગેઇ તે તમને માલમ પડયુંછ. મેં તો દશ મીનીટમાં તે વાત જાણી પણુ

તેણીને હું અટકાવી કેમ શકું ? કેમકે મારી પાસે કાંઈ વારંટ નથી, પણ તોબી હું તેણીને છોડનાર નથી. ગમે તે કામમાં મને મારો જાનબી આપવો પડે તો કાંઈ હરકત નથી. આવો કેસ જતો મેલવાનું મને કેમ પરવડે ? એ કેસથી તો મારૂં નામ નીકળશે. હા, બીચારા બુઢ્ઢાના જીવપર સીતમ ગુજર્યો, તે માટે હું દલગીર છેઉં. મને નહિ ખબર કે પેલીમાં તેનો એટલો બધો જીવ હતો, પણ દેખાતો'તોજ એવો કે જાણે ચાલીસ વરસનો તે પઠ્ઠો મરદ હોય ! ખરેખર, ઘણું બુરૂં થયું. પેપરોને એ કેસની છાપાછાપી કરવાની મજાહ પડશે. હેં મી૦ સ્લેડ ? "

" ચુપ ! " સ્લેડ ગુસ્સાથી બોલી ઉઠયો, પણ તેની નજર સામેજ ટીકેલી હતી, કેમકે તે તો પેલી તેની નહાસી ગયેલી પ્રીયાનો પતલો ઉંચો આકાર રસ્તામાં જોવાની દરેક પલે વકી રાખતો હતો. મી૦ ગ્રીનબી બધે ચોકસીથી જોતો બેઠો હતો.

" મારા ગીયા પછી ત્યાં કાંઇ બન્યું કે ? " તેણે પુછયું.

" નહિ, કાંઇજ નહિ. " સ્લેડે જવાબ દીધો.

" મને લાગેછ, સાહેબ, કે આપણે નકામાં ફાંફાં માર્યેછ. તે જો આય રસ્તે પગે ચાલતી નીકળી હોતે તો આપણે તેને કયારની પકડી પાડી હોતે. મારૂં માનવું છે કે તેણી સ્ટેશન તરફ ગેઇજ નથી. "

ડોસન સ્લેડ હવે વીચારમાં પડયો. તેને અંદરથી ઘણુંજ દુઃખ થતું હતું. એકાયક તેના મગજમાં કાંઇ વીચાર ધસી આવ્યો અને ઘોડાને ધ્યાનમાં ને ધ્યાનમાં ચાબુક ફટકાવી કાઢી તેણે પેલી "રાક્ષસની છાતીવાલો " રસ્તો લીધો.

" ખરેખર ! તમે એમ ધારોછ ?" ડોસન સ્લેડ કયી તરફ જતો હતો તે ચેતી જઈ મી. ગ્રીન બોલ્યો. " જો તેમજ હોય તો તે

છોકરીની સલામતીને ખાતર હું તમને અરજ કરૂંછ કે ઘોડાને હજી વધારે ચારે પગે છોડો."

તે ઘોડો દોડતાં ફીણુ ફીણુ થઇ ગયો પણ ડોસન સ્લેડનું ધ્યાન તેની સામેથી ધસ્યા આવતા રસ્તા સીવાય બીજે કયે હતું નહિ.

"હું નહીં—હું નહીં ધારતો કે તે એટલી બધી આગળ ચાલી જાય" મી. ગ્રીન ફરીથી બોલ્યો, અને તેના જવાબમાં સ્લેડે કસુંએ બોલ્યા વગર રસ્તાપર ગાડીનાં ચાકના પડેલા પાટા બતાવ્યા. "નહીં સાહેબ તબેલામાંથી આપણાં કરતાં વહેલી કોઇબી ગાડી જોડાઈ નથી."

જરાવારમાં તેઓ પેલાં નાનાં પહોંચખાના આગળ આવી લાગ્યા, અને તેના દરવાજા આગળ તે ડોગકાર્ટ આવીને થોભી. ચંદની ઠીક હતી અને તેના ઉજાસમાં જોઇ શકાતું હતું કે ઘોડાનાં આંગ ઉપરથી વરાળ નીકળતી હતી.

મી. ગ્રીન પહેલો ગાડીપરથી કુદી પડી અંદર દોડી ગયો જયાંથી જરાવારમાં પાછો આવ્યો "ઓ ખુદા! સાહેબ તમારી અટકળ ખરીજ પડી. અંદર એક જણ કહેછ કે તેની ગાડીમાં બેસીને એક અબળા આવી ખરી, પણ પછી તે કયાં ગઇ તેની તેને ખબર નથી. હવે શું કર્યું સાહેબ?"

ડોસન સ્લેડ ઘોડાની લગામ ઘોડાપરજ નાંખી પેલે રસ્તે દોડયો કે જયાંથી પેલાં ઉજાણીવાલાંઓ નીચે દરીઆને કીનારે ઉતરતાં ગયાં હતાં. ગ્રીનબી તેની પુઠે દોડયો. આસ્તે આસ્તે તેઓ બન્ને—ડોસન સ્લેડ આગળ અને ગ્રીન તેની પછવાડે એમ કદમ કદમ સંભાળીને ઉતર્યા, તે ઢલાણુપર એક સપાટ જગ્યાપર તેઓ આવ્યા, સ્લેડે ત્યાંથી નીચે ડોકાવીને જોયું, ગ્રીનેબી નીચે હેઠાણુમાં ડોકાવ્યું અને ઝટ તેણે સ્લેડનાં ખભાં ઉપર હાથ મુકયો. અને ખરેખર ત્યાં તે હેઠાણુ અને ઉંચાણુની વચ્ચે દરીયા તરફ મોંહ કરી બંને હાથ પોતાના ખોળા

ઉપર મુકી મોટા ઉંડા વિચારમાં એક અબળા બેઠી હતી.

ગ્રીન તે તરફ કુદી પડવા ગયો પણ તેને તેમ કરતો સ્લેડે અટકાવ્યો.

" થોભ ! "

" કેમ વારૂ ? "

" એક બોલબી ના બોલતો. " એમ કહી ડોસન સ્લેડે પોતાની પાકેટ બુક કાઢી તેમાંથી નોટનું એક બંડલ તેણે કાઢયું, અને પેલા મી. ગ્રીનને તે આપવા માંગતાં બોલ્યો. " લેવો આય ને બીજી ગાડી કરી અહીંથી સ્ટેશનપર તમો ચાલ્યા જાઓ ને તમારે ગમે તો લંડનનો રસ્તો લેવો. તમારે ગમે ત્યાં જાઓ, પણ એ બનાવ વીશે તમારે એક બોલબી કાઢવો નહીં. તમે સમજ્યા ? "

" હા, સાહેબ હું સમજ્યો, એક ઠગાઇ ઢાંકવાને માટે તમો મને લાંચ આપવા માંગોછ, પણ તે હું ધીક્કાર સાથે ના પાડુંછ. "

" તમે ના પાડોછ ? ને તેબી ધીક્કારથી ? "

" હા, તે બને તેમ નથી. એ અબળા મારી બંદીવાન જેવીજ છે, અને મારો કેસ ઘણો મજબુત છે માટે, મી. સ્લેડ તમને મારી મજબુત સલાહ છે કે તમે કાયદાની આડે આવશો નહિ. " અને એમ કહી તે પાછો આગળ વધવા ગયો, પણ સ્લેડના રાથોડી હાથે તેને તેમ કરતો અટકાવ્યો.

" કાયદો ? તમારી પાસે વારંટ ક્યાં છે ? તમારી હાજરી તે બાનુને અપમાન કરવા જેવી છે. તમે તેની પુઠે પુઠે જઇ તમને તેણીને પકડવાની સત્તા મળે તેટલાં તમે તેને તમારા ચોકી પહેરા હેઠળ રાખવા માંગોછ ? તો જુવો મારી તરફ જુવો, હું કોણ છેઉ ? "

મી. ગ્રીને સ્લેડના તે તતણખાર ઉભેલા આકાર તરફ જોયું, અને પછી તેણે સેં અઘોર ઉંડાણ તરફ નજર કીધી ને તે કાંઇક તડખાયો.

"બરાબર છે" ડોસન સ્લેડ તેને એમ બીધેલો જોઇ બોલ્યો. "આપણે બેઉ જીવપર આવેલા આદમીઓ છીએ. તમે તે બાનુની પુઠે લાગી તેણીને હેરાન કરવાને તડપેલા છેવો અને હું, તમે અહીંથી એક કદમ ઉંચકયું તો તમોને નીચે ગબડાવી દેવાને તૈયાર ઉભેલો છેઉં. જુવો, મારૂં કદ જુવો. હું ઘણોજ મજબુત બાંધાનો ને અડંગ કસરતબાજ છેઉં. તમારાં કદ કરતાં દોઢ ફુટ ઉંચો છેઉં અને આજની રાત ઇન્સાન કરતાં હું સેતાન વધારે છેઉં. તમે ત્યારે લંડન જઇ ચૂપ ત્યાં ગગડી રહેવાનો વિચાર કરશો તો તે તમારા લાભમાંજ કહેવાશે. લેવો આય હજાર પૌંડની રકમ, એ કાંઇ તમને તમારી ફરજ બજાવતાં અટકાવાની લાલચ નહિ કહેવાય, કેમકે અહીં તમારી ફરજ જેવું છેજ શું? પણ તમને પડેલી મહેનતનો એ બદલો છે. ચાલો, લેવો. કેમકે મારે હવે ઝાઝો વખત ખોહવો નથી."

ગ્રીન—અરે કયો પોલીસમેન—આવી વખતે શું બોલે?

"લાવો સાહેબ, જેમ તમારી મરજી. એ નોટ હું ગણુવા કયાં ઉભો રેહું, પણ તમોને એક ગૃહસ્થ સમજી તમારા વીશ્વાસપર હું એ બંડલ એમનું એમ લેઉંછ." એમ બોલી તે બાપડાએ તે બંડલ "એમનું એમ" પોતાના ગજવામાં સેરવી દીધું. "એ કેસ વીશે તમારે કાને કાંઇ વાત આવે તો તે મારી તરફથી આવેલી સમજતા ના મહેરબાન."

તે ડીટેકટીવે જતાં જતાં તેને જે બોલ કહી સંભળાવ્યા તે તદ્દન અર્થસુચક હતા અને તેથીજ તે બોલો તરફ સ્લેડનું ધ્યાન ખેંચાયુ હોય એ બનવાજોગ છે. તે બોલો સાંભળી તે ચોંકયો અને મી. ગ્રીન તરફ ફરી તે બોલ્યો—

"તમારી ઉપર મને ઇતબાર છે ખરો, પણ તમારાં એ નજીસ કામમાં તમને મદદ આપનાર પેલી મીઠી મસકલી લુસી વોર્નર સાથે

હજી મારે લેણદેણુ ચુકતે કરવાની છે."

"તે તમે કેમ જાણ્યું ?" મી૦ ગ્રીને હસ્તું મોંહ રાખી તેને પુછ્યું.

"તમે તમારે હવે ચાલ્યા જાઓ, કેમકે, હું નકામો ખોટી થાઉંછ."

તે ડીટેકટીવ સલામ કરીને ચાલતો થયો, અને કેટલેક દુર જઇ તેણે જોયું તો તે ઉંચો કદાવર આકાર હજી તેનીજ તરફ મોંહ ફેરવીને સીધો ટટાર ઉભો હતો.

પ્રકરણ ૫૦ મું.

હીલ્ડા ફેન પોતાની સામેના દરિયાનાં ચંદનીથી ચકચક થતાં ઉછાળા મારતાં પાણી તરફ એકી ટગરે નીહાલતી બેઠી હતી.

તેણીને આપણે હીલ્ડા ફેન તરીકે પહેલવહેલી જોઇ હતી અને જ્યારે જુદાજ સંજોગો વચ્ચે તેજ હીલ્ડા ફેનને પાછી આપણે જોઇયે છે તો તે બે હીલ્ડા ફેનો વચ્ચે કેટલો ફેરફાર—કેટલો ફરક ? પોતાની ગઇ ગુજરીમાંથી ન્હાસી આવી ભવીષ્યનાં બાત્તરમાં જે ભુસ્કો મારવા તેણી આવી હતી તેને બરાબર જવાબ કરતો આ બોહોળો દરીયાવ તેણીને લાગ્યો હતો. ઓહો હો ! તે ગઇ ગુજરીમાં તેણીએ શું શું કીધું હતું ? કેવી ડગબાજી તે રમી હતી ? અને આજે—આ પળે તે સઘળું તમામ થયું હતું ! તેણીએ પોતાનો યકરાર નોંધાવ્યો હતો, અને તેણીનું પાપ પકડાઇ આવ્યું હતું. જે હક્કદારનો હક તેણીએ લુંટયો હતો તે હંમેશ બરહક હોવાની તેણીને પુરવાળી મળી હતી અને તેણીએ ખાલી કીધેલી જગ્યામાં ખરી હક્કદાર બેટી બેઠી હતી, અને તે ? તે પોતેબી એક દીકરી છતાં પોતાનાં ભુંડા ભવિષ્યનો વીચાર કરતી એકલી અટુલી ત્યાં બેઠી હતી. તે ત્યાં બેઠી હતી તે

વખતે પોતાને મનસે જે બધું તેણી પાછળ છોડી આવી હતી તેને છેવટની સલામ કરી રહી હતી.

"સેવટની સલામ તે જઇફ બાપને, કે જેને જાનો જીગરથી ધીક્કારવાના કસમ લઇને હું આવી હતી, પણ જેને દીલથી ચાહતાં હું શીખી હતી! સેવટની સલામ તે જવાનને, કે જેને હું આવતી કાલે પરણનાર હતી! સેવટની સલામ તે બીજા જવાનને, કે જેને હું મારાં અંતઃકરણથી ચાહતી હતી અને હજીબી ચાહુંછ!"

તેણીને કોઇના તેની પુઠે પડવાની કે તેણી પકડાવાની તેણીને કશીજ બ્હીક ન હતી, કેમકે તેણીએ લીધેલા આશરાની તે જગ્યાજ એવી હતી કે તેણીને પોતાને હસ્તક લેવા આવનારનો જરા સરખો સનસારો સંભળાતાં તેણીને ખાતરજમા હતી કે સામે વહેતા દુખાં દીલના દરીયાવમાં ડુબકી મારતાં તેણીને કંઇ વાર નથી લાગવાની. તે ત્યાંજ કેમ આવી પુગી તે કહી શકાય તેમ ન હતું. જે વખતે ઉડલી હોલ છોડી તેણી બહાર પડી તે વખતે તેણીનો વિચાર સ્ટેશનપર નહાસવાનો હતો, પણ પેલી 'રાક્ષસની છાતી'પરની મુલાકાતની વખતે પેલા દર્યામાં ડોકાવતી ટેકરીપર હેરોલ્ડે તેણીને કહેલા બોલો ઝટ યાદ આવ્યા અને પોતાના પગોનું સુકાન તેણીએ તે તરફ ફેરવ્યું અને જો તેણીને ત્યાં લાવવામાં પેલી ગાડીની મદદ ન મળી હતે તો સ્લેડ અને ગ્રીન તેણીને જરૂરજ રસ્તામાં પકડી પાડતે.

હીલ્ડા ફેન જેમ તદન શાંત અને સ્થિર બેસી સામેના દરીઆ તરફ ટીકતી હતી, તેજ પ્રમાણે સ્લેડ તદન સ્થિર છતાં ઉશ્કેરાયલો ઉભો રહી તેણી તરફ એકી ટગરે જોતો હતો. તે ઝટ તેણીની આગળ પહોંચી ગયો નહિ, કેમકે જે આદમી તેણીને પરહેજ કરી પોતાને હસ્તક લેવા ત્યાં તેની સાથે આવ્યો હતો તે તમામ તેની નજરથી દુર જાય ત્યાં સુધી તેણે ત્યાંજ ઉભું રહેવાનું દુરસ્ત ધાર્યું હતું.

તેણીને એકલી અને એકાંતમાં મળવાને તેનો જીવ અધીર બની રહ્યો હતો, ત્યારે હવે તમોજ વીચાર કરો, કે તેણીને માટેનો તેનો પ્યાર કે જેને તેણીએ એકથી અનેક વખત ઠોકરે માર્યો હતો તે કેટલો અગાધ, અખંડ અને જોરાવર હોવો જોઇયે ?

"આહ ! તું કેવી ખુબસુરત આ ડરામણી રાત્રેબી લાગેછ !" તે બડબડયો. "કેવી સુંદર તું જાન ! જો કે બીજાંઓની નજરમાં તું આજે ગમે તેવી નીચ અને હલકી પુરવાર થઇ હોય પણ મારી નજરમાં તો તું મારાં દીલની રાણી અને મારાં જીગરની માલેક આજેબી છે. ઓ મારી દીલબર, તેજ રાત્રે તેં મારૂં માન્યું હોતે, તેજ રાત્રે તારાં કદમ આગળ મેં ગબડતો કીધેલો મારો પ્યાર તેં કબુલ રાખ્યો હોતે તો આજે તારી આ દશા નહિ થતે."

એટલું બોલી તેણે ધીમે ધીમે હવે નીચે ઉતરવા માંડયું. દરીઆના ઉછળતા મોજાઓના અવાજમાં તેનો કદમ કદમ ઉતારવાનો અવાજ મળી ગયાથી તેણી ઉપરાંત ત્યાં કોઇ બીજાનું હોવાનો જરાબી ભાસ તેણીને પહોંચ્યો નહિ, પણ જ્યારે તેણીની લગોલગ પહોંચી તે તેણીનાં કદમ પાસે સર નમાવી પડયો અને તેણીને નામ દઇને બોલાવી ત્યારેજ તેણીને તેની હાજરીની જાણ થઇ અને તે ચોંકીને બોલી ઉઠી.

"એ કોણ ? એ તમે–તમેજ છેવો કે ? તમે અહીં કાંય આયા ?"

"તું પોતે અહીં છે કેની ? પછી તારે પડખે–તારાં પાસાંમાં હું નહિ હોવું તો કાંહાં હોઉં ?"

"નહિ, મારાં પાસામાં આબરૂદાર મર્દનું કામ નથી. હું હવે લીલ્યન ઉડલી નથી. મારા ગુનાહની મને ઘટતી, સજામાંથી છટકી આવેલી હું–ને તમો મારાં પગ પાસે ?"

"ચુપ, ચુપ, વ્હાલી, તું એમ બોલેછ તે મારીથા નથી ખમાતું, મારી તરફ એમ બેદરકારીથી ના જો. તુંને તારે પોતાને

મારે દયા નથી તો મારી ઉપર દયા કર."

"મારે માટે દયા? મારા જેવી દયાની સજાવારબી હોય કે? તમે અહીંજ કાંય આયા? મને તે લોક પકડવા અને પકડીને પોતાને હવાલે લેવા આવેછ કે?"

"મારાં જીગર, તું ચુપ રહે, નહિ તો ઓ ખુદા! હું દીવાનો થઇ જવસ. તું મને મળ્યા વગર કેમ આવતી રેહી? મને મળવા કાંય નહિ થોભી? તું અહીં આવીજ શું કામ?"

તે હવે ઉઠીને ત્યાંથી નીચે ઉતરી જવા ગઇ પણ સ્લેડે તેણીના હાથની પતલી નાજુક કાંડી એવી મજબુત પકડી હતી કે તેણીથી એક ડગલું હઠાયું નહિ.

"હું અહીં કાંય આવી? જેમ બીજે કૈથે જતે તેમ અહીં આવી. કયાં જાઉં? તમે અહીંથી ચાલી જાવો, કેમકે તમને જોઇને મને વધારે નામોશી લાગેછ."

"હું શા માટે આયોછ તે તુંને હું કેહું? તારાં કદમ પાસે જીગર, મારો જાન હાજર કરવા—મારો પ્યાર એકવાર ફરીથી તને નજર કરવા—"

"પ્યાર! હજુ તમે મને ચાહોછ? ઓ!" એમ બોલીને તેણીએ પોતાના બે હાથ લાંબા કીધા જે પકડી પાડી સ્લેડે તેણીને પોતા પાસામાં ખેંચીને તેને ચુંમીઓથી ગુંગાળાવી નાંખી.

"ઓ મારાં જીગર, મારાં જીગર?" તે બોલ્યો.

"એ ખરૂં છે કે ખ્યાલી ખ્વાબ છે તેની મને ખાતરી નથી આવતી, તું મને એમ ચાહી શકે, તું મારી એમ થઇ શકે એ વાત જાણે મારા માન્યામાં નથી આવતી, બોલ, જારે મોંઢે મને કહે કે તું મને ચાહેછ કે?"

"હું તુંને ચાહુંછ એમ પુછેછ? હું તો તુંને આજે એમ

કહેની કે જમાનાઓ થયા ચાહતી આવીછ. પેલી રાત તુંને યાદ છે કેની ? ત્યારથી તુંને ચાહુંછ પણ-પણ-"

"જવા દે, ડીયર, ગઇ ગુજરીની વાત જવા દે. મારે મનસે તો તું મારાં દીલની રાણી હતી ને હજીબી છે."

તેઓ બંને એકમેકની કમરે હાથ દઇ ત્યાંજ એક માછીનું ઝુંપડું હતું ત્યાં ગયાં.

"તું જરા અહીંજ થોભજે-હું હમણા આઉંછ." એમ રસેડ બોલીને ત્યાંથી ગયો.

તેણે તે ઝુંપડાંના ધણી માછીને શોધી કાઢયો, તેના હાથમાં કાંઇ સોનાના તેણે સીક્કા શેરવી દીધા, જરાવારમાં તે માછીએ એક બોટ તૈયાર કરી દરીયામાં ઉતારી અને પા કલાકમાં તો તે બંને વહાલાંઓ ત્યાંથી ફ્રાન્સના કીનારા તરફ હંકરાઇ ગયાં.

પ્રકરણ પર મું અને છેલ્લું.

ઉડલી હોલ તરફની દુનીયા એકવાર ફરીથી વસંતરૂતુમાંથી પસાર થતી હતી. ઉડલીનાં જંગલોમાં ઝાડે ઝાડે ઉડી પક્ષીઓ કલા બકોર કરી રહ્યાં હતાં, જ્યારે ઉડલી હોલ બીચારો તેનો જઇફ માલેક સર તેલબોટ ઉડલી ત્યાંથી નીકળી તે જાગીરને લગતાં દેવળમાં આખેરી મટટી પામ્યા પછીનો ચુપચાપ અને એકાંત પડેલો હતો. તેનો હાલનો માલેક સર હેરોલ્ડ ઉડલી દુર દેશાવર રખડતો હતો જ્યાંથી તેનો ના કાંઇ પેગામ આવતો હતો કે ના તે હાલ કયાં હતો તેનો પત્તો હતો. સર તેલબોટ પોતાની માનીતી ને પ્યારી દીકરીને માટે ખાસ વસાવેલાં કીંમતી ફરનીચર ઉપર ધુળના ઢગલા ચઢીયા હતા.

જ્યારે તે હોલનો ધનાઢય માલેક તેને એમ નાશને હવાલે પડત મુકીને ચાલી ગયો હતો, ત્યારે ખરી લીલ્યન ઉડલી-હમણા સુધી

ઇથલ નોર્થના નામે જણાયેલી અસલ બાળા—બધું બોળી બાળી મુકીને ડેમ હેસ્તરના રૂમમાં જેને તેજ હાલે બેઠી હતી.

સર તેલબોટની જે દીને પાયદસ્ત કાઢવામાં આવી તેજ દહાડે વીલ વંચાયા પછી આશરે એક કલાકમાં હેરોલ્ડ પોતાની મુસાફરીએ નીકળી પડયો હતો. તેણે સર તેલબોટની વારસ ઇથલ નોર્થ, તે તેની પીત્રાઇ, જેને તે ચાહતો તેની સાથે બે વાત કર્યા વગર તેણે ત્યાંથી રૂખસદ લીધી હતી. જ્યારે તેણે શેકહેન્ડ કરતાં ત્યાંથી વીદાયગીરીની તેણીથી—ચાલતા આવેલા તરીકા મુજબ—રજા ચાહી ત્યારે તે એટલો બેદરકાર દેખાયો હતો કે હેરોલ્ડ એવો થવા માંગે તો થઇ શકે એમ કોઇનાજ ધ્યાનમાં વાત ઉતરે નહીં અને તેણીએબી તેટલીજ બેદરકારીથી તેને જવા દીધો એ એક આજ સુધીની નહીં સમજ પડે તેવી અજાયબી હતી.

"સાહેબજી મીસ ઉડલી, ફક્ત હોલ સીવાય બધી બાબદોનો બંદોબસ્ત કીધેલો છે અને હોલને માટે જો મારૂં માનવાની તમો મેહેરબાની કરો તો હું તમને અહીંજ તમારૂં ઘેર કરીને રહેવાની સલાહ આપી શકું અને—"

"તેમ બનવું મુશ્કેલ છે, સર હેરોલ્ડ." તે બોલી હતી અને તે આ જવાબ મેળવી તેણીને નમન કરી તે ચાલતો થયો હતો.

એક કલાક બાદ ડચેસની ગમે તેટલી સમજાવટ છતાં તેણી એકલી પગે ચાલીને ડેમ હેસ્તરને ઘેરે ગઈ અને તે માયાળુ બુઢ્ઢીની ગોદમાં દબાઇને ધસાંધસ રડી પડી.

તે જોશ નરમ પડતાંજ તે બોલી—

"મમી હેસ્ટર—" હવે તબી તે બુઢ્ઢીને મમી હેસ્તરજ, કહેવા લાગી હતી "મમી હેસ્તર, મેં મારૂં વચન પાળ્યું કેની? હું કેટલી જલદી પાછી આવી!"

"પાછી આવી! પણ કાંય તુ પાછી આવી? તારીથી, હવે અહીં રહેવાયજ નહિ. તારી પાસે ગણાય નહિ તેટલા પૈસા—તું સર તેલબોટની દીકરી એટલે મીસ લીલ્યન તમારાથી અહીં રહેવાય જ નહિ!"

"મમી, જો તમે મને રહેવા દેવો તો હું અહીંજ રહેવસ. ખુદા ખાતર મને હડસેલી ના કાઢતાં, કેમકે હું ઘણીજ ગુંચવાયલી, ગભરાયલી અને દુઃખી છેઉં!" આથી ડેમ હેસ્તરનું હૈયું ભરાઈ આવ્યું અને તે બેઉ અબલા એકમેકને ટોટે વળગી ડુસ્કે ડુસ્કે રડી પોતપોતાના જીવને તેઓએ ખલાસી આપી.

"ને પેલો મારો પોર્યો? તે બી ગીયો તે પાછો કયારે આવશે?"

આ સવાલનો ઇથલે કશો જવાબ કર્યો નહિ ને મુગી મુગી નીચે જમીન તરફ ટીકતી બેસી રહી, પણ બંધી હેસ્તરે બારે ડોળે જોયું અને જોઇને મનમાં ખુશી થઈ કે લીલ્યનના ચ્હેરાએ કાંઇક ગુલાબી રંગ પકડયો હતો!

અને જેરાલ્ડ? જેરાલ્ડ ખરેખર તે બોટી લીલ્યન માટે દુઃખી હતો અને "પણ હાલ તે કાંહાંછ?" એવો સવાલ જ્યારે ત્યારે તે સૌને પુછ્યા કરતો હતો. તેણી ચાલી ગયા પછી ચારેક દહાડે હેરોલ્ડને એક ટુંકું ને ટચ કાગળ મળ્યું હતું જેમાં થોડીજ લીટીઓમાં તેને જણાવવામાં આવ્યું હતું કેઃ—

"બે દહાડા થયા અમો પરણ્યાંછ—કશી તલાશ અમારે માટે કરતા ના, તે સીક છે પણ સુખી છે; ખુદા કરે ને તેને સુખી કરવાની મને નેક બુધી આપે."

સે કાગળ અમેરીકામાં આવેલાં એક નાનાં ગામડાંમાંથી લખેલું હતું.

બીજી એક ચીઠી જે પણ અમેરીકાથીજ લખાયલી હતી અને

ડૉસન રલેડેજ લખી હતી તે લુસી વોર્નરને મળી હતી જેમાં ફક્ત એટલુંજ લખેલું હતું કેઃ—

"જયાં સુધી તમો ચુપ રહેશો ત્યાં સુધી હું બી કાંઈજ બોલસ નહિ."

તેમાં જો કે એટલોજ મોઘમમાં ઇશારો હતો, તે છતાં તે સમજી ગઈ હતી કે પહેલી લીલ્યનના બાબમાં તેણીએ જે ભાગ ભજવ્યો હતો તેની વાત રલેડને માલમ પડી હોવી જોઇયે, જે તેણીની તરફના ફક્ત એકબી બોલનો બદલો લેવા થોબવાનો નહિ, એમ તેણીની ખાતરી હતી.

એક દહાડે જેરાલ્ડ ખોડાતો ખોડાતો બીચારો ડેમ હેસ્તરનાં મકાનમાં આવી ચડયો. ઇથલ એક ખુરસીપર બેઠેલી હતી અને તેણીના ખોળામાં ઉઘાડી પડેલી એક ચોપડી હતી.

"ઇથલ."

તે તેનો અવાજ સાંભળી ઝટ ઉઠીને ઉભી થઇ અને શેકહેન્ડમાં તેને પોતાનો હાથ તેણીએ આપ્યો.

તે હાથ તેણે લીધો અને તેની તરફ આંખ ફેરવીને જોતાં તેણીની આંખોમાં આંસું તેણે જોયાં.

"ઇથલ, મારી તરફ જોની."

તેણીએ તેની તરફ જોયું અને તેણીની આંખોમાંથી આંસુનાં બે ચાર ટીપાં નીકલી પડી તેના હાથપર પડયાં.

"ઇથલ."

"કેમ?"

"એ સારૂં નહીં, તું એટલી ફીકી કેમ? ને તુ રડેછ કાંય?"

"એ તો અમો અબલા જાતિનો હક્ક છે."

"કે જે હક્ક તું તારી સમજદારીમાં હોય તો કદી કબુલ રાખે

નહીં. તું દુઃખી છે, ઇથિલ તે તારીથીબી ના કહેવાશે નહિ. તુ મને કેમ નથી કહેતી ? તારી આગળ હું તો એક બચ્ચાં જેવો યા બુઢ્ઢી મમાઈ બપાઇ જેવો છેઉં ! ને હું તારો દોસ્ત નથી ? ઇથલ તુંને દુઃખી થતી મારીથી જોવાઇ શકાતી નથી. આજે તું નરી લીલ્યન જેવી લાગેછ. હવે—તેનું કારણ મને સમજાયું; તે ડોસન સ્લેડ સાથે પ્યારમાં હતી ને હેરોલ્ડ સાથે પરણવાની હતી !"

"પણ હું કયાં ડોસન સ્લેડનો વીચાર કરૂંછ ?"

"ને તુ કયાં હેરોલ્ડને પરણુવાની છે ?"

અને આ ટીકા કરી જેરાલ્ડને જે જાણવું હતું તે તેણે ઇથલના મ્હોડાપર એક નજર નાખતાંજ જાણી લીધું.

"હા, હું કાંહાં સર હેરોલ્ડ સાથે પરણુવાની છેઉં ?"

"નહીંજ તો, ગરીબ બીચારો !"

અને આ બોલો તેનાં મોંહમાંથી પડતાંજ તેણે વળી જોઇ લીધું કે ઇથલના ચ્હેરાપર ગભરાટ છાયી રહ્યો હતો.

"એટલે ? તમે એમ કાંય બોલોછ ?" તેણીએ તેની તરફ જોઇ પુછયું.

"તો ઘણા દહાડા થયા તેની તરફનાં કાંઇજ સમાચાર નથી ને મારી ઉપર કાંઇ નહીં તો બે બોલ લખ્યા વગર તે રહે નહીં ને તેથી મને બ્હીક લાગેછ કે—ને હેરોલ્ડ એવો ઉછાછળો ને ઝનુંની છે કે પોતાના જીવની દરકાર કરવાનો નહીં–ઇથલ, મને ખરૂં કહે, તેં તેને કાંઇબી આશા આપ્યા વગર જવા દીધોછ ?"

"એટલે, તમે મને શું પુછોછ ?"

"વ્હાલી ઇથલ, તુ મને ઠગશે તેમાં તુ ફાવવાની નથી. આગલી પાછલી બધી યાદ કરીને અહીં તહીંની જોડ જયારે હું મેળવુંછ ત્યારે મને માલુમ પડે છે કે હેરોલ્ડ તારીજ સાથે પ્યારમાં હતો. બીજી

કોઇ સાથે નહીં. સર તેલબોટે તેનાં લગ્ન પોતાની પેલી દીકરી લીલ્યન સાથે ગોઠવ્યાં ત્યાં સુધી રોજ તે અહીં આવજા કરતો હતો ખરૂં કેની? તે બીચારો સર તેલબોટને તે વખતની લીલ્યન સાથે પરણવાનું વચન આપી ચુકયો હતો, અને તેને વળગી રહેવાની તેની ફરજ હતી, એબી ખરૂં કેની? અને તેથીજ ત્યારે લગ્નની રાત અગાઉ તે એવો વિચિત્ર દેખાતો હતો! અને જ્યારે લીલ્યન ગઇ અને એ તારી સોડ સાંધતો આવે તો તું એમજ સમજે કેની કે એની મરજી માત્ર પૈસા સાથેજ પરણવાની હોસે, એબી ખરૂં કેની? એટલે કશુંબી બોલ્યા ચાલ્યા વગર તે બીચારો પોતાની છાતીમાંજ બધું દાબી રાખી કેયે દુરદરાજ નીકળી ગયો હોવો જોઇયે, એબી ખરૂં કેની? અરે ઇથલ, ઇથલ, તેં તેને જવાજ કાંય દીધો?"

"મેં જવા કાંય દીધો? તેને અટકાવનારી હું કોણ? હું એક કમીની–પઇ વગરની ગરીબ છોકરી, ને તેણે મારી તરફ જરા સરખી માયા બતાવી એટલે શું એમ ઠરેચ કે મારા હાથમાં દોલત આવી તેથી તેને તે દોલતને જોરે હું ખરીદી લેઉં? એમ તમે જેરાલ્ડ કેમ ધારોછ?"

"માફ કરજે ઇથલ, ને મારે વાસ્તે કશું તોછડું કે તરકડું ધારતી ના. હું તમો બન્નેને ખરાં દીલથી ચાહુંછ ને તમો બન્નેને સુખી થયલાં જોવાને આતુર છેઉં ને તેથીજ હું–આહ! હાલ કહેવામાં સાર નહીં, સાહેબજી!"

અને તે ખરેખરનીજ સાહેબજી હતી, કેમકે બારવનેજ ઉચેસે રડમસ ચ્હેરે ત્યાં આવીને ખબર આપી કે "જેરાલ્ડ પોતાની તબીયતના સુધારાને માટે બહાર ફરવા જવાની હઠ લઈ બેઠોછ, ને એની તબીયત આવીને આવી ત્હાં–એની જતન કોણ લેશે? એને કોણ સંભાળશે?"

ત્યારે ડચેસની ગમે તેટલી કાકલુદી અને ડયુકની ગમે તેટલી સમજાવટ છતાં જેરાલ્ડ તો આખરે ઉપડી ગયો. કોઇ કોઇવાર તેનાં મેહેરબાન વહાલાંઓને તેની તરફથી કાગળ મલતું રહેતું હતું, જેમાં તે જણાવતો રહ્યો હતો કે તેની તબીયત સુધરતી જતી હતી અને તેની આ સફર તેને માફક આવતી માલમ પડવાથી તે ફલાણે ફલાણે ઠેકાણે રહીને પાછો ફરશે એમ તેણે છેલ્લાં કાગળમાં ઉમેર્યું હતું.

એ બધા બનાવોને લગભગ એક વર્ષ વીતી ગયું હતું. ઇથલ ડેમ હેસ્તરનાજ મકાનના વરંડામાં કાંઇ ભરવા—ગુંથવાનું લઇને બેઠી હતી, પણ કોણ જાણે શું હતું તે આજે તેના જીવનું ઠેકાણું ન હતું. કોઇ વાર તેનીથી ટાંકો ખોટો લેવાતો તો કોઈ વાર તેની કુંમળા બીંડા જેવી આંગળીમાં સુઇયોજ ભોકાઇ જતો હતો. ડેમ હેસ્તર એ વખત તેણીને ચાહ તૈયાર હોવાનું કહી ગઇ પણ ત્યાંથી તેને ઉઠવા ગમ્યુંજ નહીં.

પણ તેટલાં કોઇના આવતાં પગલાનાં અવાજે પોતાની તે બેદરકાર સુસ્તીમાંથી સજાગરૂ થઇ; તેણીનું નામ કોઇ પુકારતું હોય તેમ તેણીને લાગ્યું અને તેથી ચોંકીને બહાર દરવાજા તરફ નજર કરતાં કોઇનો કદાવર આકાર ત્યાં ઉભેલો તેણીની નજરે પડયો.

તે હેરોલ્ડનો આકાર હતો—તે હેરોલ્ડનોજ અવાજ હતો. તે ઉઠી—તેણીની આંખે અંધારાં આવી ગયાં, તેણીનું જીગર જાણે કુદીને તેણીનાં ગળાંમાં આવ્યું અને તેણીની ચેતન શક્તિ ગોયા મંદ મારી ગઇ.

"ઇથલ હું અંદર આઉં?" તેણે પુછયું પણ જવાબની રાહ જોવા ન થોભતાં ઠડાક દેતો તે અળગો બંધ દરવાજો તેણે ઉઘાડી—ઉડાડી નાંખ્યો અને ઝટ તેણીની સામો આવી તે ઉભો રહ્યો; તે

બધો મુસાફરીની ધુળથી ભરાઇ ગયલો હતો અને તોબી તે કેવો ખુબસુરત લાગતો હતો !

"એક બોલ નહીં ? ઇથલ, તારે ખાતર હજારો માઇલ દુરથી હું અહીં આયોછ. બે બોલ તો ઇથલ મારી સાથે બોલ !"

એમ કહી તેણે બે હાથ પોહોળા કીધા, જેમાં એકબી બોલ બોલ્યા વગર તે નાજુક બદન તેમાં ઉછળી કુદીને પડયું અને એક કોડી: કોડી સુંધીને એકઠી કરનાર, એક ઓરડામાં કરોડો-અબજોની પોતાની દોલત મુકીને તેનાં બે બારણાં જેમ મજબુત બંધ કરે તેમ તે બન્ને હાથ સપાટામાં બંધ થઇ ગયા. અને હેરોલ્ડની પાછળ ભરાઇને ઉભેલા જેરાલ્ડને ઘડીભર બીહીકબી લાગી કે રખે તે ફુલ જેવું નાજુક બદન તે મોહબતમય બંધમાં કચડાઇ-ભચડાઇને ત્યાંજ તમામ થઇ જાય! પણ એમ કોઇ દહાડે બન્યુંછ ? કદી નહિ !

જેવી ઇથલ તે બંધમાંથી છુટી થઇ પોતાના વહાલા હેરોલ્ડને ટીકતી હસ્તે ચહેરે ઉભી કે હાથમાં ટોપી પકડી જેરાલ્ડ ખોડાતો ખોડાતો તે બન્ને સનમુખ આવીને હસ્તે ચહેરે ઉભો, ત્યારેજ ઇથલે જાણ્યું કે તેજ વહાલો દોસ્ત તેણીના હેરોલ્ડને કયેથી શોધી ખોળીને ત્યાં લઇ આવ્યો હતો !

પ્રીય વાંચક ! વધુ કાઇ લખવાની મારે માટે અગત્ય છે ? કાંઇજ નહિ; ફક્ત એટલુંજ કે જે ધીરજથી તમો મારી આ વારતા વાંચતાં રહ્યાં તેને માટે તમો વહાલાંનો મારે ઉપકાર માનવાની જરૂર છે, અને જો ખુદાની મરજી હશે તો વળી પાછી એકાદ બીજી વારતા મારફતે આપણુ બે એકમેકને મળ્યે તેટલાં

સાહેબજી !